Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ００૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# નોટિસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી સાથે સંકળાયેલ વાચકોને સરળતા રહે તે હેતુથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એકટ, સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સનું અંગ્રેજીમાંથી ગુજરાતી અનુવાદ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. જે એકટ, સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સનું ગુજરાતી અનુવાદ આ સાથે સામેલ છે. સદર ગુજરાતી અનુવાદમાં જરૂર જણાય ત્યાં આપના સૂચનો આવકાર્ય છે. આપના સૂચનો senatesyndicatesection@vnsgu.ac.in પર મોકલી શકાશે.

વધુમાં જણાવવાનું કે, સદર ગુજરાતી અનુવાદ માત્ર વાચકોની સરળતા હેતુ હોય તેનો કોઈ કાયદાકીય ઉપયોગ કરી શકાશે નહી. કાયદાકીય ઉપયોગ માટે અંગ્રેજીમાં પ્રસિધ્ધ કરેલ યુનિવર્સિટી એકટ, સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સ આખરી ગણાશે. જેની સૌ સંબંધિતોએ નોંધ લેવી.

ક્રમાંક: એસ/એકટ/ગુજ/૬૦૩૮/૨૦૨૨
તા.૨૬/૦૩/૨૦૨૨

ઈ.ચા.કુલસચિવ

# વીર નર્મદ
# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## અધિનિયમ, ધારાઓ, અને અધ્યાદેશો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫

સન ૧૯૬૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૮

**( તા.૩૧/૦૧/૨૦૨૨ સુધી સુધારેલ )**

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫

## સન ૧૯૬૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૮

**(VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY ACT, 1965)**

( તા.૩૧/૦૧/૨૦૨૨ સુધી સુધારેલ )

# સન ૧૯૬૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૮

## (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫)

### ગુજરાત રાજ્યમાં દક્ષિણ ગુજરાતની યુનિવર્સિટી નામની શિક્ષણ આપનારી અને જોડાણ કરનારી યુનિવર્સિટી સુરત ખાતે સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબતનો અધિનિયમ

આથી ભારતના ગણરાજ્યના સોળમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :

### પ્રકરણ ૧ લું

### પ્રસ્તાવિક

| | | |
|---|---|---|
| ટૂંકી સંજ્ઞા અને શરુઆત : | | |
| ૧ | ૧ | આ અધિનિયમને સન ૧૯૬૫નો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી બાબતનો અધિનિયમ કહેવો |
| | ૨ | આ કલમ તરત અમલમાં આવશે. |
| | ૩ | રાજ્ય સરકાર, સરકારી ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીને ફરમાવી શકશે કે આ અધિનિયમના સઘળા અથવા બાકીના કોઇપણ ઉપબંધો તે જાહેરનામામાં દર્શાવવામાં આવે તે તારીખ અથવા તારીખોથી અમલમાં આવશે |
| વ્યાખ્યા : | | |
| ૨ | આ અધિનિયમાં, સંદર્ભ પરથી અન્યથા અપેક્ષીત હોય તે સિવાય,– | |
| | ૧ | "જોડાયેલી" એટલે કલમ ૫ અથવા ૩૪ મુજબ જોડાયેલી. |
| | ૨ | "મંજૂર કરેલી સંસ્થા" એટલે કલમ ૩૭ મુજબ મંજૂર કરેલી સંસ્થા. |
| | ૩ | "કોલેજ" એટલે, પદવી કોલેજ અથવા પદવી માટેના અભ્યાસક્રમો શીખવતી કોલેજ (સંસ્થા). |
| | ૪ | "પદવી કોલેજ" એટલે, યુનિવર્સિટીની કોઇપણ પદવી માટેની લાયકાત આપનારી પરીક્ષામાં પોતાના વિદ્યાર્થીઓને મોકલવા અધિકૃત જોડાયેલી કોલેજ(સંસ્થા). |
| | ૫ | "મુખ્ય શિક્ષક" એટલે હાઇસ્કુલનો વડો. |
| | ૬ | "હાઇસ્કુલ" એટલે ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકે અથવા તેણે આ અર્થે અધિકૃત કરેલા કોઇપણ અધિકારીએ જેને પૂર્ણ વિકસીત હાઇસ્કૂલ તરીકે માન્ય કરેલી હોય તેવી હાઇસ્કૂલ. |
| | ૭ | "છાત્રાલય" એટલે આ અધિનિયમ મુજબ યુનિવર્સિટી નિભાવતી હોય અથવા તેને માન્ય કર્યુંહોય એવું વિદ્યાર્થીનું નિવાસ એકમ. |
| | ૮ | "આચાર્ય" એટલે કોલેજનો વડો. |
| | ૯ | "માન્ય કરેલી સંસ્થા" એટલે કલમ ૩૬ મુજબ માન્ય કરેલી કોઇ સંસ્થા. |

| | | |
|---|---|---|
| | ૧૦ | "રજિસ્ટર થયેલો સ્નાતક" એટલે, આ અધિનિયમના ઉપબંધો મુજબ રસ્ટિર થયેલ સ્નાતક. |
| | ૧૧ | "માધ્યમિક શાળાના શિક્ષકો" એટલે, ધારાથી માધ્યમિક શાળાના શિક્ષકો તરીકે જાહેર કરવામાં આવે તેવા હાઇસ્કુલમાં શિક્ષણ આપતા શિક્ષકોનો વર્ગ. |
| | ૧૨ | "ધારા", "અધ્યાદેશો", "વિનિમયો" અને "નિયમો" એટલે અનુક્રમે આ અધિનિયમ મુજબ કરેલા અને તે સમયે અમલમાં હોય તેવા ધારા, અધ્યાદેશો , વિનિયમો અને નિયમો. |
| | ૧૩ | "શિક્ષકો" એટલે પ્રોફેસર, રીડર, લેક્ચર અને યુનિવર્સિટીમાં જોડાયેલી કોલેજમાં અથવા માન્ય કરેલી સંસ્થામાં અથવા મંજુર કરેલી સંસ્થામાં શિક્ષણ આપતી હોય તેવી જે બીજી વ્યકિતઓને ધારાથી શિક્ષકો તરીકે જાહેર કરવામાં આવે તે વ્યકિતઓ. |
| | ૧૪ | "યુનિવર્સિટીના શિક્ષકો" એટલે, યુનિવર્સિટી તરફથી શિક્ષણ આપવા માટે યુનિવર્સિટીએ નીમેલા અથવા માન્ય રાખેલા શિક્ષકો. |
| | ૧૫ | "યુનિવર્સિટી" એટલે આ અધિનિયમ મુજબ રચવામાં આવેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. |
| | ૧૬ | " યુનિવર્સિટી વિસ્તાર" એટલે આ પરિશિષ્ટમાં નિર્દીષ્ટ કરેલા વિસ્તારો. |
| | ૧૭ | "યુનિવર્સિટી કેન્દ્ર" એટલે જ્યાં તે અર્થે કરેલા ધારા, અધ્યાદેશો અને વિનિયમોથી નકકી કર્યા પ્રમાણે અનુસ્નાતક અભ્યાસક્રમમાં શિક્ષણ આપવામાં આવતુ હોય તે કેન્દ્ર." |
| | ૧૮ | "યુનિવર્સિટી કોલેજ" એટલે આ અધિનિયમ મુજબ યુનિવર્સિટી જે કોલેજને સ્થાપે અથવા નિભાવે તે કોલેજ અથવા યુનિવર્સિટીને સોંપાયેલી અને તેના વડે નિભાવતી કોલેજ . |
| | ૧૯ | "યુનિવર્સિટી વિભાગ" એટલે યુનિવર્સિટી તરફથી નિભાવવામાં આવતી કોઇપણ અનુસ્નાતક અથવા સંશોધન કેન્દ્દ અથવા વિભાગ. |

| | | |
|---|---|---|
| **પ્રકરણ ૨ જું**<br>**યુનિવર્સિટી** | | |
| <u>**યુનિવર્સિટી સંસ્થાપીત કરવા બાબત :**</u> | | |
| ૧ | યુનિવર્સિટીના કુલાધિપતિ, પ્રથમ કુલપતિ તથા સદરહુ યુનિવર્સિટીની સેનેટના, સિન્ડિકેટના અને એકેડેમીક કાઉન્સીલના પ્રથમ સભ્યો તેમજ જે તે વ્યકિતઓ હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો થાય તે બધાનું, જયાં સુધી તેઓને હોદદો અથવા સભ્યપદ ધરાવતા રહે ત્યાં સુધી "ધી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી" એ નામનું સંસ્થાપીત મંડળ આથી રચવામાં આવે છે. | |
| ૨ | યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર રહેશે અને એક સામાન્ય સીલ રહેશે તથા સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે. | |
| ૩ | યુનિવર્સિટી જંગમ તથા સ્થાવર એ બન્ને પ્રકારની મિલ્કત સંપાદિત કરી ધરાવી શકશે તથા યુનિવર્સિટીના હેતુઓ સારુ તેને પ્રાપ્ત થયેલી અથવા તેણે સંપાદીત કરેલી કોઇપણ જંગમ તથા સ્થાવર મિલકત પટે આપી શકશે, વેચી શકશે અથવા બીજી કોઇ પણ રીતે તબદીલ કરી શકશે તથા તેની અસ્કયામતના તારણ પર લોન ઊભી કરી શકશે તથા કરાર કરી શકશે અને આ અધિનિયમના હેતુ સારુ જરુરી હોય તેવી બીજી સઘળી બાબતો કરી શકશે,<br>પરંતુ આવી કોઇપણ લોન ઊભી કરવાનો અધિકાર રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી મેળવ્યા પછી વાપરી શકાશે | |
| <u>**યુનિવર્સિટીની સત્તા :**</u> | | |
| ૪ | આ અધિનિયમની જોગવાઇ અથવા તે મુજબ ઠરાવવામાં આવે તેવી શરતોને આધીન રહીને સદરહુ યુનિવર્સિટીને નીચેની સત્તા રહેશે | |
| | ૧ | પોતાને યોગ્ય લાગે તેવી વિદ્યાની શાખાઓમાં તથા તેવા અભ્યાસક્રમોમાં શિક્ષણ, અધ્યાપન અને તાલીમ માટે જોગવાઇ કરવાની તથા સંશોધન માટે તથા જ્ઞાનના વિકાસ અને પ્રસાર માટે જોગવાઇ કરવાની. |
| | ૨ | જોડાયેલી કોલેજો, માન્ય કરેલી સંસ્થાઓ તથા મંજૂર કરેલી સંસ્થાઓ અભ્યાસનું વિશિષ્ટ જ્ઞાન આપી શકે તેવી જોગવાઇ કરવાની. |
| | ૩ | સહિયારી પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો, સંગ્રહાલયો અને અધ્યાપન અને સંશોધન માટે બીજા સાધન સામગ્રીની જોગવાઇ કરવાની. |
| | ૪ | સંશોધન અથવા વિશિષ્ટ અભ્યાસ માટેની કોલેજો, વિભાગો, કેન્દ્રો અને સંસ્થાઓ સ્થાપવાની તેનું કામ સંભાળવાની, નિભાવવાની અને તેની વ્યવસ્થા કરવાની. |
| | ૫ | યુનિવર્સિટીને જોઇતી પ્રોફેસરની, રીડરની, લેકચરની તથા શિક્ષકોની બીજી જગ્યાઓ કાઢવાની. |
| | ૬ | અમુક વ્યકિતઓને પ્રોફેસર, રીડર અથવા લેકચરર તરીકે અથવા બીજી કોઇપણ રીતે યુનિવર્સિટીના શિક્ષકો તરીકે નીમવાની અથવા તેમને તેવી રીતે માન્ય કરવાની. |

| | | |
|---|---|---|
| | ૭ | જુદીજુદી પરીક્ષાઓ માટે શિક્ષણના અભ્યાસક્રમો ઠરાવવાની. |
| | ૮ | કોલેજો, યુનિવર્સિટી વિભાગો, યુનિવર્સિટી કેન્દ્રો અથવા માન્ય કરેલી સંસ્થાઓમાંના અધ્યાપન અને સંશોધન કાર્યને દોરવાની. |
| | ૯ | પદવીઓ, ડિપ્લોમાં અને બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન શરુ કરવાની. |
| | ૧૦ | પરીક્ષાઓ લેવાના અને તેવી વ્યક્તિઓને પદવી, ડીપ્લોમા અને અન્ય શૈક્ષણિક વિશિષ્ટ માન આપવાની જેમણે – |
| | | એ — એ માટે તેમને મુક્તિ મળી ન હોય તો યુનિવર્સિટીમાં અથવા કોઇપણ જોડાયેલ કોલેજમાં મંજુર કરેલા અભ્યાસક્રમ પ્રમાણે ધારા, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો અનુસાર અભ્યાસ કર્યો હોય અને યુનિવર્સિટીએ ઠરાવેલી પરીક્ષાઓ પસાર કરી હોય અથવા |
| | | બી — અધ્યાદેશો, વિનિયમો અને નિયમોમાં ઠરાવેલી શરતો મુજબ સંશોધન કર્યું હોય. |
| | ૧૧ | ધારાથી ઠરાવેલી રીતે માનદ પદવીઓ અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન આપવાની. |
| | ૧૨ | યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે નામ નોંધાવ્યું ન હોય તેવી વ્યક્તિઓને ધારાથી, અધ્યાદેશોથી, વિનિયમોથી અને નિયમોથી ઠરાવવામાં આવે તેવા ડિપ્લોમાં આપવાની અને ઠરાવવામાં આવે તેવા વ્યાખ્યાનો, શિક્ષણ અને તાલીમની જોગવાઇ કરવાની. |
| | ૧૩ | શિક્ષણ સંસ્થાઓને યુનિવર્સિટીના વિશેષ અધિકારો આપવાની અને તેવા વિશેષ અધિકારો પરત ખેંચી લેવાની. |
| | ૧૪ | કોલેજો, માન્ય કરેલી સંસ્થાઓ અને મંજૂર કરેલી સંસ્થાઓની તપાસણી કરવાની તથા તેમાં શિક્ષણ, અધ્યાપન અથવા તાલીમના યોગ્ય ધોરણો જળવાય અને પુસ્તકાલય તથા પ્રયોગશાળાની પુરતી જોગવાઇ કરવામાં આવે તે જોવા માટે પગલા લેવાની. |
| | ૧૫ | જોડાયેલી કોલેજો, મંજૂર કરેલી સંસ્થાઓ અને માન્ય કરેલી સંસ્થાઓની પ્રવૃત્તીઓ ઉપર નિયંત્રણ રાખવાના અને તેવી પ્રવૃત્તિઓનું સંકલન કરવાની તથા તેમને નાંણાની મદદ આપવાની અને આવી કોલેજમાં વિદ્યાર્થીઓએ ભરવાની ફીનું નિયમન કરવાની. |
| | ૧૬ | ટ્રસ્ટો અને સંપત્તિ(દેણગી)થાપણદાનઓ ધરાવવાની તથા તેની વ્યવસ્થા કરવાની અને ફેલોશીપ, પ્રવાસી ફેલોશીપ, છાત્રવૃત્તીઓ, શિષ્યવૃત્તીઓ, વિદ્યાર્થી વેતનો, ચંદ્રકો અને પારિતોષકો સ્થાપીત કરવાની તથા એનાયત કરવાની. |
| | ૧૭ | શિક્ષણમાં પછાત હોય તેવા વર્ગો અને કોમોમાં યુનિવર્સિટી શિક્ષણ પ્રસાર માટે ખાસ જોગવાઇ કરવાની. |
| | ૧૮ | ગ્રામ્ય આયોજન, વિકાસ અને પુર્નરચના અંગેની જરુરીયતોને પહોંચી વળવા સારુ અભ્યાસક્રમો કરાવવાની અને આવા અભ્યાસક્રમો શિક્ષણ, અધ્યાપન અને તાલીમ માટે જોગવાઇ કરવાની. |

| | | | |
|---|---|---|---|
| | ૧૯ | જ્ઞાનપ્રસાર તથા કલા અને સંસ્કારની અભિવૃધ્ધી માટે ખાસ જોગવાઇ કરવાની | |
| | ૨૦ | અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેવી ફી અને તેવું બીજુ ખર્ચ નક્કી કરવાની, માંગવાની અને મેળવવાની અથવા વસૂલ કરવાની. | |
| | ૨૧ | છાત્રાલયો સ્થાપવાની, નિભાવવાની અને તેમનો વહીવટ કરવાની. | |
| | ૨૨ | યુનિવર્સિટી તરફથી નિભાવવામાં આવતા ન હોય તેવા છાત્રાલયો માન્ય કરવાની તેવા છાત્રાલયો તપાસવાની અને તેમની માન્યતા પરત ખેંચી લેવાની. | |
| | ૨૩ | યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નિવાસ, વર્તણુંક અને શિસ્તના સંકલન, દેખરેખ, નિયમન તથા નિયંત્રણની અને તેમનું આરોગ્ય અને સામાન્ય સુખાકારી વધારવા માટે ગોઠવણ કરવાની. | |
| | ૨૪ | જોડાયેલી કોલેજોમાં અને યુનિવર્સિટીએ માન્ય કરેલી અથવા મંજૂર કરેલી સંસ્થાઓમાં પૂર્વ સ્નાતક અધ્યાપન અને અનુસ્નાતક અને અન્ય બીજા સંશોધનના કાર્યના સંકલન, દેખરેખ, નિયમન અને નિયંત્રણની. | |
| | ૨૫ | અ | મુદ્રણ અને પ્રકાશન વિભાગ |
| | | બ | યુનિવર્સિટી વિસ્તરણ મડળો |
| | | ક | માહિતી બ્યુરો અને |
| | | ડ | રોજગાર બ્યૂરો<br>સ્થાપવા અને ચલાવવાની. |
| | ૨૬ | અ | અભ્યાસેતર અધ્યાપન અને અન્ય માન્ય પ્રવૃતીઓ માટે |
| | | બ | વ્યાયામ શિક્ષણ, નેશનલ કેડેટ કોર્પ્સ અને લશ્કરી તાલીમ માટે |
| | | ક | વિદ્યાર્થી મંડળો માટે અને |
| | | ડ | રમતગમત અને વ્યાયામ પ્રવૃતીઓ માટે જોગવાઇ કરવાની |
| | ૨૭ | યુનિવર્સિટી નક્કી કરે તેવી રીતે અને તેવા હેતુઓ સારુ બીજી યુનિવર્સિટીઓ અને સત્તામંડળો સાથે સહકાર કરવાની. | |
| | ૨૮ | ગુજરાતીના અને દેવનાગરી લિપીમાં હિંદી ભાષાના અભ્યાસના વિકાસને અને ગુજરાતીનો અથવા દેવનાગરી લિપીમાં હિંદી ભાષાનો અથવા એ બન્ને ભાષાનો શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ઉપયોગ કરવાને ઉત્તેજન આપવાની. | |
| | ૨૯ | સંઘ અને રાજ્ય સરકાર હેઠળની સેવાઓમાં ભરતી કરવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ સારુ તાલીમ આપવાની વ્યવસ્થા કરવાની. | |
| | ૩૦ | યુનિવર્સિટીના ઉદ્દેશ આગળ ધપાવવા માટે અને સામાન્યતઃ કલા,વિજ્ઞાન અને વિદ્યા તથા સંસ્કારની બીજી શાખાઓ ખીલવવા અને ઉત્તેજવા જરૂરી હોય તેવા બધા ઉપરની સત્તામાં આવતા કે ન આવતા કામો બજાવવાની. | |
| **અધિકારક્ષેત્ર બાબત અને વિશેષાધિકારો મળવા બાબત :** | | | |
| ૫ | ૧ | યુનિવર્સિટીની મંજૂરી વિના, યુનિવર્સિટીના વિસ્તારમાં આવેલી કોઇપણ શિક્ષણ સંસ્થાથી, કાયદાથી સ્થપાયેલી અન્ય કોઇ પણ યુનિવર્સિટી સાથે કોઇપણ રીતે જોડાઇ શકશે નહીં અથવા તેના કોઇપણ વિશેષ અધિકારો મેળવવાનો પ્રયત્ન કરી શકશે નહીં | |

| | | |
|---|---|---|
| | ૨ | યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી કોઇપણ શિક્ષણ સંસ્થા, આ કલમ જે તારીખે અમલમાં આવે તે તારીખ પહેલા ગુજરાત યુનિવર્સિટી તરફથી આવા જે કોઇપણ વિશેષાધિકારો ભોગવતી હોય તેવા વિશેષાધિકારો તે તારીખથી પરત ખેંચી લેવાયા ગણાશે. |
| | ૩ | જેને ગુજરાત યુનિવર્સિટીના વિશેષાધિકારો મળયા હોય અને જે યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી હોય તે સઘળી શિક્ષણ સંસ્થાઓને એવી તારીખથી આ યુનિવર્સિટીના વિશેષાધિકારો મળયા છે એમ ગણાશે અને એવી તારીખની તરત પહેલા એવી સંસ્થાને ગુજરાત યુનિવર્સિટી તરફથી જે વિશેષાધિકારો મળયા હોય તે તમામ વિશેષાધિકારો શકય તેટલા પ્રમાણમાં અને આ અધિનિયમને સુસંગત રહીને આ યુનિવર્સિટીને આપશે. |
| | ૪ | ગુજરાત રાજયમાં યુનિવર્સિટી વિસ્તારની બહાર આવેલી અથવા રાજયની બહાર આવેલા અન્ય પ્રદેશોમાં આવેલી કોઇપણ શિક્ષણ સંસ્થાને, યુનિવર્સિટી તથા રાજ્ય સરકારને જોડવાનું યોગ્ય લાગે તેવી શરતો અને મર્યાદાઓને આધીન રહીને, યુનિવર્સિટીના વિશેષ અધિકારો આપી શકાશે. |
| | ૫ | રાજ્ય સરકાર, સરકારી ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીને, ફરમાવી શકશે કે આ અધિનિયમ યુનિવર્સિટી વિસ્તારમાં સમાવીષ્ટ થયેલા કોઇપણ વિસ્તારને જાહેરનામામાં નિર્દીષ્ટ કરવામાં આવે તેવી તારીખે લાગુ પડતો બંધ થશે અને તે તારીખે અને તે તારીખથી સદરહુ વિસ્તારમાં આવેલી સઘળી શિક્ષણ સંસ્થાઓ આ યુનિવર્સિટી સાથે સંબંધ ધરાવતી અને તેના વિશેષાધિકારો ભોગવતી બંધ થશે |
| **<u>જાતિ, ધર્મ, વર્ગ, પંથ કે મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી છેઃ</u>** | | |
| ૬ | ૧ | જાતિ, જાત, પંથ, જ્ઞાતિ, વર્ગ, જન્મ-સ્થળ, ધાર્મિક માન્યતા કે રાજકીય અથવા બીજો અભિપ્રાય હોવાને લીધે જ કોઇપણ વ્યકિતને યુનિવર્સિટીનો કોઇપણ હોદ્દો મેળવતી અથવા યુનિવર્સિટીના કોઇપણ સત્તામંડળનું સભ્યપદ અથવા કોઇપણ પદવી, ડિપ્લોમાં અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટ માનથી અથવા કોઇપણ અભ્યાસક્રમના શિક્ષણથી બાકાત રાખી શકાશે નહીં.<br><br>પરંતુ રાજ્ય સરકારની અગાઉથી મંજૂરી લઇને યુનિવર્સિટી કોઇપણ કોલેજ અથવા સંસ્થા માત્ર સ્ત્રીઓ માટે નિભાવી શકશે, જોડી શકશે અથવા માન્ય કરી શકશે અથવા યુનિવર્સિટી નિભાવતી હોય તેવી કોઇપણ સંસ્થામાં વિદ્યાર્થી તરીકે દાખલ કરવાના હેતુ સારુ સ્ત્રીઓ અથવા શિક્ષણની દૃષ્ટીએ પછાત વર્ગો તથા કોમની વ્યકિતઓ માટે અમુક બેઠકો અનામત રાખી શકશે. |
| | ૨ | કોઇપણ વ્યકિતને યુનિવર્સિટીમાં શિક્ષક કે વિદ્યાર્થી તરીકે દાખલ થવાનો અથવા કોઇપણ હોદ્દો કે જગ્યા ધારણ કરવાનો અથવા કોઇપણ પદવી, ડિપ્લોમાં અથવા અન્ય શૈક્ષણિક વિશિષ્ટ માન માટે લાયકાત મેળવવાનો અથવા |

| | | |
|---|---|---|
| | | યુનિવર્સિટીનો કોઇપણ વિશેષાધીકાર ભોગવવાનો કે વાપરવાનો કે તેના લાભ મેળવવાનો હક મળી શકે તે મતે તે વ્યકિત સંબંધમાં યુનિવર્સિટી જાતી, જાત, પંથ, જ્ઞાતિ, વર્ગ જન્મસ્થળ, ધાર્મિક માન્યતા કે રાજકીય અથવા અન્ય કોઇ મંતવ્ય ધરાવવાને લગતી કોઇ પણ કસોટી રાખેતો તે કાયદેસર ગણાશે નહીં |
| **તપાસ તથા ચોકસી ઃ** | | |
| ૭ | ૧ | કુલાધિપતિ પોતે ફરમાવે તેવી વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા યુનિવર્સિટીની, તેના મકાનો, પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો, સંગ્રહાલયો, વર્કશોપ અને સાધન સામગ્રીની, યુનિવર્સિટી નિભાવતી હોય,તેણે માન્ય રાખેલ હોય અથવા મંજૂર કરેલ હોય અથવા તેની સાથે જોડાયેલી હોય એવી કોઇપણ સંસ્થા, કોલેજ કે છાત્રાલયની યુનિવર્સિટી તરફથી ચાલતા શિક્ષણ કે બીજા કામની અને યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓના સંચાલનની તપાસ કરાવવાનો અને યુનિવર્સિટી સાથે સંબંધ ધરાવતી કોઇપણ બાબતના સંબંધમાં ચોકસાઇ કરાવવાનો હક રહેશે. કુલાધિપતિ તપાસ કે ચોકસાઇ કરાવવાના પોતાના ઇરાદાની આવા દરેક પ્રસંગે યુનિવર્સિટીને નોટીસ આપવી જોઇશે અને યુનિવર્સિટીને તે તપાસ વખતે પોતાનો પ્રતિનિધી મોકલવાનો હક રહેશે. |
| | ૨ | આવી તપાસ કે ચોકસીના પરીણામના સંબંધમાં કુલાધિપતિએ પોતાના વિચારો સિન્ડિકેટને અને સેનેટને જણાવવા અને તે વિશે સિન્ડિકેટ અને સેનેટનો અભિપ્રાય જાણી લીધા બાદ તેણે લેવાના પગલા વિશે યુનિવર્સિટીને સલાહ આપવી. |
| | ૩ | તપાસ કે ચોકસીના પરીણામ ઉપરથી સિન્ડિકેટ પોતે કોઇ પગલા લીધા હોય તો પોતે કયા પગલા લીધા છે અથવા લેવા ધારે છે તે વિશે કુલાધિપતિને રિપોર્ટ કરવો આવો રિપોર્ટ તે વિશે સેનેટનો અભિપ્રાય લઇને કુલાધિપતિ ફરમાવે તે મુદતની અંદર સાદર કરવો. |
| | ૪ | જયારે સિન્ડિકેટ કુલાધિપતિને સંતોષ થાય તેવી રીતે વાજબી સમયની અંદર પગલા ન લે તો, કુલાધિપતિ સિન્ડિકેટે આપેલો કોઇપણ ખુલાસો અથવા કરેલી રજુઆત વિચારમાં લીધા પછી, પોતાને યોગ્ય લાગે તેવી સૂચનાઓ આપી શકશે અને સિન્ડિકેટે તેનું પાલન કરવાનું રહેશે. |
| | ૫ | રાજ્ય સરકાર,પોતાને યોગ્ય લાગે ત્યારે,ઉપરની પેટા કલમો ૧ થી ૩ માં વર્ણવેલી રીતે તેવી જ તપાસ કે ચોકસાઇ કરાવી શકશે અને ઉકત પેટા કલમો મુજબ આવી તપાસ કે ચોકસાઇના સંબંધમાં તેને કુલાધિપતિની તમામ સત્તાઓ રહેશે. |

## <u>પ્રકરણ ૩ જું</u>

## <u>યુનિવર્સિટીના અધિકારીઓ</u>

**<u>યુનિવર્સિટીના અધિકારીઓ</u>**

| | | | |
|---|---|---|---|
| ૮ | યુનિવર્સિટીના અધિકારીઓ નીચે મુજબ રહેશે ઃ | | |
| | ૧ | કુલાધિપતિ | |
| | ૨ | કુલપતિ | |
| | ૩ | ઉપકુલપતિ | |
| | ૪ | વિદ્યાશાખાના ડીન | |
| | ૫ | કુલસચિવ | |
| | ૬ | પરીક્ષા નિયામક અને | |
| | ૭ | ધારાથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાંના અન્ય અધિકારીઓ. | |
| ૮ એ | ૧ | આ અધિનિયમ, ધારા, અધ્યાદેશ, અધિનિયમો અને નિયમોમાં દર્શાવવામાં આવેલ હોય તેમ છતાં, કોઇપણ વ્યકિતની નિમણુંક નિયુકિત અથવા જે કેસ હોય તે અથવા તેની સહપસંદગી, | |
| | | ૧ | કલમ ૮ ના કલોઝ ૪, ૫, ૬ અને ૭ માં સંબોધવામાં આવેલ અધિકારીઓના હોદ્દા માટે કરવામાં આવશે નહીં. |
| | | ૨ | શિક્ષકના હોદ્દા માટે અથવા |
| | | ૩ | યુનિવર્સિટીના કોઇપણ સત્તામંડળના સભ્ય તરીકે, કોઇ સમિતિ અથવા અન્ય મંડળમાં તેના દ્વારા ૬૨ વર્ષની ઉંમર થયા બાદ કરવામાં આવશે નહીં, પરંતુ આ કલમમાં જણાવેલ કાઇપણ યુનિવર્સિટીના અધ્યક્ષ અથવા યુનિવર્સિટી સત્તાધીશના સભ્ય, સમિતિ અથવા અન્ય બોડીને લાગુ પાડી શકાશે નહીં કે જે તેમની ઓફીસ કુલાધિપતિ, કુલપતિના હોદદાની રુએ અધ્યક્ષતા અથવા સભ્યપદ ધરાવતા હોય અથવા જે કેસ હોય તે, ઉપકુલપતિ જો હોય તો તે. |
| | ૨ | કોઇ વ્યકિત પેટા કલમ ૧ ના કલોઝ ૧ અને ૨ ના સંદર્ભમાં હોદ્દા ઉપર નિમણુંક કરવામાં આવે અથવા નિયુકિત અથવા સહપસંદગી સભ્ય તરીકે યુનિવર્સિટીના કોઇપણ સત્તાધીશ અને સમિતી અથવા અન્ય કોઇ બોડીમાં કરવામાં આવે તો તેઓ તેમની ઓફીસ જે કેસ હોયતે સભ્ય તરીકે ધારણ કરી શકશે નહીં જ્યારે તેઓ ૬૨ વર્ષની ઉંમર ધારણ કરે. | |
| | | | |
| <u>કુલાધિપતિ</u> ઃ | | | |
| ૯ | ૧ | ગુજરાત રાજ્યના રાજ્યપાલ તે યુનિવર્સિટી કુલાધિપતિ થશે. | |
| | ૨ | કુલાધિપતિ પોતાના હોદદાની રુએ, યુનિવર્સિટીના વડા અને સેનેટના અધ્યક્ષ બનશે અને તે હાજર હોય ત્યારે, યુનિવર્સિટીની સેનેટની સભાઓનું તથા યુનિવર્સિટીના કોઇપણ પદવીદાન સમારંભનું અધ્યક્ષસ્થાન તેઓ લેશે. | |

| | | | |
|---|---|---|---|
| | ૩ | કુલાધિપતિને આ અધિનિયમથી અથવા ધારાથી આપવામાં આવે તેવી અન્ય સત્તાઓ રહેશે. | |
| <u>**કુલપતિ**</u> ઃ | | | |
| ૧૦ | ૧ | પેટા કલમ ૨ મુજબના હેતુ સારુ નીમાનારી સમિતિએ પેટા કલમ ૩ મુજબ ભલામણ કરેલી ત્રણ વ્યકિતઓમાંથી રાજ્ય સરકાર કુલપતિની નિમણુંક કરશે. | |
| | ૨અ | પેટા કલમ ૧ ના હેતુઓ સારુ, કુલાધિપતિ નીચેના સભ્યોની બનેલી એક સમિત નિયુકત કરશે ઃ | |
| | | ૧ | યુનિવર્સિટી અથવા કોઇ જોડાયેલી કોલેજ, માન્ય કરેલી સંસ્થા અથવા મંજૂર કરેલી સંસ્થા સાથે સંબંધ નહીં ધરાવતા હોય તેવા બે સભ્યો, જેમાનો એક સભ્ય સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સીલે સાથે મળીને, ધારાથી ઠરાવેલી રીતે નિમણુંક કરેલી વ્યકિત હશે અને બીજો સભ્ય ગુજરાત રાજયમાં કાયદાથી સ્થાપવામાં આવેલી તમામ યુનિવર્સિટી ઓના કુલપતિઓએ ધારાથી ઠરાવેલી રીતે નિમણુંક કરેલી વ્યકિત હશે. |
| | | ૨ | કુલાધિપતિ દ્વારા નિયુકત કરેલ એક સભ્ય |
| | બ | કુલાધિપતિ સમિતિના ત્રણ સભ્યો માંથી એકને તેના અધ્યક્ષ તરીકે નીમશે. | |
| | ૩ | તેવી રીતે નિયુકત કરેલી સમિતિ ધારાથી ઠરાવે તેવા સમયની અંદર અને તેવી રીતે કુલપતિ તરીકે નિમણુંક થવા માટે તેને યોગ્ય લાગે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને રાજ્ય સરકારને ધારાથી ઠરાવવામાં આવે તેવી અન્ય વિગતો સહ તેવી રીતે પસંદ કરેલી વ્યકિતઓના નામોની ભલામણ કરશે. | |
| | ૪ | કુલપતિ ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દા ઉપર રહેશે અને ફરી માત્ર ત્રણ વર્ષની વધુમુદત સુધી તે હોદદા ઉપર નિયુકત થવા માટે લાયક રહેશે. | |
| | ૫ | કુલપતિને ચુકવવામાં આવતુ વળતર અને જે શરતોને આધીન રહીને તે હોદદો ધારણ કરશે તે રાજ્ય સરકાર દ્વારા નકકી કરવામાં આવશે.<br>પરંતુ આવા વેતનમાં અથવા આવી શરતોમાં તે હોદ્દા ધરાવનારની મુદત ચાલુ હોય તે દરમ્યાન,તેની સંમતિ સિવાય તેને ગેરલાભ થાય તેવી રીતે ફેરફાર થઇ શકશે નહીં. | |
| | ૬[૨૨] | અ | કુલપતિની રજા અથવા ગેરહાજરી દરમિયાન અથવા |
| | | બ | કુલપતિના હોદદાની જગ્યા કાયમ માટે ખાલી પડે તે પ્રસંગે તે હોદદાની જગ્યા ઉપર પેટા કાલમ ૧ મુજબ નિયુકત કરવામાં ન આવે ત્યાં સુધી, ઉપકુલપતિ હોય તો તેણે અને ઉપકુલપતિની ગેરહાજરીમાં, તે હેતુ સારુ રાજ્ય સરાકારએ નીમેલા ડીનમાંથી કોઇપણ એક ડીન, કુલપતિના ચાલુ હોદદાની ફરજ બજાવશે. |
| | | | |

| કુલપતિની સત્તા ઃ | | | |
|---|---|---|---|
| ૧૧ | ૧ | કુલપતિ યુનિવર્સિટીના મુખ્ય વહીવટી અને શૈક્ષણિક અધિકારી રહેશે અને કુલાધિપતિની ગેરહાજરીમાં સેનેટની બેઠકોમાં અને યુનિવર્સિટીના કોઇપણ પદવીદાન સમારંભમાં તે અધ્યક્ષપદ લેશે. હોદ્દાની રુએ તે સિન્ડિકેટ અને એકેડેમીક કાઉન્સિલ અને કલમ ૪૮ મુજબ રચાયેલી સમિતિઓના સભ્ય અને અધ્યક્ષ બનશે. તેને યુનિવર્સિટીના બીજા કોઇ સત્તામંડળ અથવા બીજા કોઇ પણ મંડળની કોઇપણ સભામાં હાજર રહેવાનો તથા બોલવાનો હક રહેશે પણ તે સત્તામંડળ અથવા મંડળના સભ્ય ન હોય તો તેમને મત આપવાનો અધિકાર રહેશે નહીં. | |
| | ૨ | કુલપતિને સેનેટની, સિન્ડિકેટની, એકેડેમીક કાઉન્સીલની તથા યુનિવર્સિટીના બીજા જે સત્તામંડળોના તે અધ્યક્ષ હોય તેની સભાઓ બોલાવવાની સત્તા રહેશે. આ સત્તા તે યુનિવર્સિટીના બીજા કોઇપણ અધિકારીને સોંપી શકશે. | |
| | ૩ | આ અધિનિયમ, ધારા, અધ્યાદેશો, વિનિયમે અને નિયમોનું બરાબર પાલન થાય તે જોવાની કુલપતિની ફરજ રહેશે અને આ હેતુ માટે તેને બધી જ જરુરી સત્તા રહેશે. | |
| | ૪ | અ | જે કોઇપણ કટોકટી વખતે કુલપતિના અભિપ્રાય પ્રમાણે તાત્કાલીક પગલુ લેવાની જરુર હોય તે વખતે તેને જરુરી જણાય તેવું કંઇ પગલુ તે લેશે અને ત્યાર પછી વહેલામાં વહેલી તકે જે સત્તામંડળ અથવા મંડળે સામાન્ય રીતે તે બાબત હાથ ધરી હોય તેને તેના પર પોતે જે પગલા લીધા હોય તે વિશે રિપોર્ટ કરશે. |
| | | બ | જ્યારે કુલપતિએ આ પેટા કલમ મુજબ લીધેલા પગલાથી યુનિવર્સિટી ની નોકરીમાંની કોઇ વ્યકિતને અસર પડે તેમ હોય ત્યારે તેવી વ્યકિતને જે તારીખે તેને આવા પગલા વિશે જણાવવામાં આવે તે તારીખથી એક મહિનામાં સદરહુ અધિકારી, સત્તામંડળ કે મંડળ મારફત સિન્ડિકેટને અપીલ કરવાનો હકક રહેશે. |
| | ૫ | યુનિવર્સિટીની નોકરીમાં હોય તેવી વ્યકિતઓ કે યુનિવર્સિટીના શિક્ષકોને નીમવા, કાઢી મૂકવા, ફરજ મોકુફ કરવા અને શિક્ષા કરવાને લગતા અથવા એવા કોઇ શિક્ષકને માન્યતા આપવા કે તેવી માન્યતા પાછી ખેંચી લેવાને લગતા સિન્ડિકેટના હુકમોનો કુલપતિ અમલ કરશે અને યુનિવર્સિટીના કામકાજ ઉપર એકંદર નિયંત્રણ રાખશે. આ અધિનિયમ, ધારા અને અધ્યાદેશો અનુસાર યુનિવર્સિટીની શિસ્તને લગતી બાબતમાં જવાબદાર રહેશે. | |

| | | | |
|---|---|---|---|
| | | એ | પેટા કલમ ૪ માં કરવામાં આવેલ જોગવાઇને આધીન અને પેટાકલમ ૫ માં જણાવવામાં આવેલ હોવા છતાં જ્યારે કુલપતિ દ્વારા આવી તપાસ કરવામાં આવ્યા બાદ તેમના મતે યોગ્ય લાગે તો કે કોઇ કરવામાં આવેલ હુકમ અથવા સત્તામંડળનો ઠરાવ કે જે સ્પષ્ટ કરવામાં આવેલ છે અથવા કલમ ૧૫ હેઠળ જાહેર કરવામાં આવેલ હોય અથવા કરવામાં આવેલ કાંઇપણ કે જે કરવાનું જ હોય અથવા તે યુનિવર્સિટી દ્વારા અથવા તેના તરફે કરવામાં આવેલ હોય,<br>૧. તે આ કાયદાની જોગવાઇ સાથે અથવા ધારા/અધ્યાદેશ/નિયમ અથવા વિનિયમ સાથે સુસંગત ન હોય અથવા<br>૨. તે યુનિવર્સિટીના હિતમાં ન હોય અથવા<br>૩. જેનાથી શાંતી ભંગ થતો હોય તો તે તેવા હુકમ અથવા ઠરાવની નકલ જે કેસ હોય તે કરવાના કામનો સંદર્ભ આપીને તેમનું નિવેદન કારણ જણાવીને સત્તામંડળાને આપશે કે જેના દ્વારા હુકમ અથવા ઠરાવ કરવામાં આવેલ હોય અથવા તેને ફરી ધ્યાને લેવા સૂચન તે સત્તામંડળને કરશે કે સદર હુકમ અથવા ઠરાવ રદ ન થાય અથવા તેમાં ફેરફાર તેમના દ્વારા જણાંવ્યા મુજબ કરવામાં આવે અથવા તે કરવાના કાર્યને ટાળવામાં આવે. |
| | | બી | જ્યારે સત્તામંડળ તેને ફરી ધ્યાને લીધા બાદ હુકમ અથવા ઠરાવને કુલપતિ દ્વારા જણાવવામાં આવ્યા મુજબ સુધારે, ત્યારે કલોઝ (ઇ) માં જણાવવામાં આવેલ હોવા છતાં આવા સુધારેલ હુકમ અથવા ઠરાવ આવા ફેરફાર અથવા સુધારાની તારીખથી સજીવન થશે. |
| | | સી | જ્યારે સત્તામંડળ દ્વારા હુકમ અથવા ઠરાવને એ રીતે સુધારવામાં આવે કે જે કુલપતિ દ્વારા જણાવવામાં આવેલ રીત સાથે સુસંગત ન હોય તો કુલપતિ સદર બાબતને રાજ્ય સરકારને તેમના નિર્ણય માટે મોકલશે. |
| | | ડી | રાજ્ય સરકાર આવા સંબોધનથી ઠરાવ અથવા હુકમમાં ફેરફાર અથવા સુધારો કરશે અથવા ડાયરેક્ટ કરશે કે હુકમ અથવા ઠરાવનો અમલ સુધારા સાથે અથવા સુધારા વગર કાયમ ચાલુ રહેશે અથવા એવા સમય માટે કે જે તેમના દ્વારા સ્પષ્ટ કરવામાં આવે.<br>પરંતુ હુકમ અથવા ઠરાવમાં રાજ્ય સરકાર દ્વારા સુધારો અથવા તેને સંબંધીત સત્તામંડળને સદર હુકમ વિરુધ્ધ કારણ દર્શાવવા માટે યોગ્ય તક આપ્યા વગર ચાલુ રાખી શકાશે નહીં. |
| | | ઇ | રાજ્ય સરકારને કલોઝ ડી હેઠળ હુકમની નકલ અથવા ઠરાવ કલોઝ એ સંબોધન હેઠળ મોકલી આપ્યાની તારીખથી કુલપતિનો હુકમ, ઠરાવ અથવા જે કેસ હોય તે, કરવાના કાર્ય પાબંધીમાં રહેશે. |
| | ૬ | ધારા અધ્યાદેશો અને વિનિયમોની રુએ ઠરાવવામાં આવે તેવી બીજી કોઇ | |

| | | |
|---|---|---|
| | | સત્તાઓ કુલપતિ વાપરશે. |
| **<u>ઉપકુલપતિ ઃ</u>** | | |
| ૧૨ | ૧ | કુલપતિ દ્વારા ભલામણ કરવામાં આવેલ ૩ વ્યકિતઓમાંથી રાજ્ય સરકાર ઉપ-કુલપતિની નિમણુંક કરશે. |
| | ૨ | ઉપ-કુલપતિની અવધી ૩ વર્ષની મુદતની રહેશે અને તે ફરી નિમણુંકને પાત્ર ફકત વધુ ત્રણ વર્ષ માટે રહેશે પરંતુ કોઇપણ વ્યકિત કે જે ઉપ-કુલપતિ તરીકે નિમણુંક પામે તે ૬૫ વર્ષની ઉમર ધારણ કર્યા બાદ ચાલુ રહી શકાશે નહી. |
| | ૩ | ઉપ-કુલપતિ પૂર્ણકાલિક પગારદાર અધિકારી રહેશે અને તેના મળતર તથા નોકરીની શરતો રાજ્ય સરકાર દ્વારા નકકી કરવામાં આવશે પરંતુ મળતર તથા નોકરીની શરતો હોદદો ધરાવનારની ચાલુ મુદત દરમ્યાન તેમની સંમતિ વગર તેને ગેરલાભ થાય તે મુજબ બદલી શકાશે નહી. |
| | ૪ | ઉપ-કુલપતિ યુનિવર્સિટીના મુખ્ય તપાસનીશ અધિકારી તરીકે રહેશે અને તેના અધિકારો અને ફરજો સિન્ડિકેટની મંજૂરી સાથે કુલપતિ દવારા યા તો વિશિષ્ટ રીતે અથવા સામાન્ય રીતે તેમને સોપવામા આવે તો કુલપતિ તરીકે કુલપતિની ફરજો બજાવશે |
| | ૫ | ઉપ-કુલપતિ કુલપતિ સોંપે તેવી સત્તા પણ વાપરવી અને તેવી ફરજો પણ બજાવવી અને તેમણે કુલપતિની ગેરહાજરીમાં સઘળી સભાઓનું અધ્યક્ષપદ લેવું અને કુલપતિની સઘળી સત્તા વાપરવી અને તેની સઘળી ફરજો બજાવવી. |
| | ૬ | ઉપ-કુલપતિ એ,<br>એ. કુલાધિપતિ અને કુલપતિની ગેરહાજરીમાં સેનેટની સભામાં હાજરી આપવાની રહેશે અને<br>બી. કુલપતિની ગેરહાજરીમાં યુનિવર્સિટીના અન્ય સત્તામંડળની સભામાં અથવા સમિતિમાં હાજરી આપવાની રહેશે. |
| | | |
| **<u>કુલસચિવ ઃ</u>** | | |
| ૧૩ | કુલસચિવ પૂર્ણકાલીક પગારદાર અધિકારી રહેશે અને તેણે સેનેટ, સિન્ડિકેટ તથા એકેડેમીક કાઉન્સિલના મંત્રી તરીકે કામ કરવું .આ અર્થે ઘડેલા ધારા અનુસાર સિન્ડિકેટે તેની નિયુકિત કરવી અને તેના વેતન અને નોકરીની શરતો એવા ધારાથી નકકી કરવી. ધારા, અધ્યાદેશો અને વિનિયમોની રુએ ઠરાવવામાં આવે તેવી સત્તા તેણે વાપરવી અને તેવી ફરજો પણ બજાવવી. | |
| **<u>પરીક્ષા નિયામક અને અન્ય અધિકારીઓ અને તેમની સત્તાઓ ઃ</u>** | | |
| ૧૪ | ૧ | પરીક્ષા નિયામક પૂર્ણ કાલિક પગારદાર અધિકારી રહેશે આ અર્થે ઘડેલા ધારા અનુસાર સિન્ડિકેટ દ્વારા તેમની નિમણુંક કરવાની રહેશે |
| | ૨ | પરીક્ષા નિયામકની અને કલમ ૮ ના કલોઝ ૭ માં ઉલ્લેખ કરેલા યુનિવર્સિટીના અન્ય અધિકારીઓની સત્તા, ફરજો અને વેતન ધારા,અધ્યાદેશો અને વિનિયમોથી ઠરાવવામાં આવે તે મુજબ રહેશે. |
| **<u>પ્રકરણ ૪ થુ</u>** | | |

## યુનિવર્સિટીના સત્તામંડળો

| | | | |
|---|---|---|---|
| **યુનિવર્સિટીના સત્તામંડળો ઃ** | | | |
| ૧૫ | નીચે જણાવેલા મડળો યુનિવર્સિટીના અધિકારીમંડળો રહેશે ઃ | | |
| | ૧ | સેનેટ | |
| | ૨ | સિન્ડિકેટ | |
| | ૩ | એકેડેમિક કાઉન્સીલ | |
| | ૪ | વિદ્યાશાખા | |
| | ૫ | યુનિવર્સિટી અધ્યાપન મંડળ | |
| | ૬ | અભ્યાસ સમિતિઓ | |
| | ૭ | સ્થપાયેલ હોય તો, અભ્યાસેતર અભ્યાસ સમિતિ | |
| | ૮ | સ્થપાયેલ હોય તો, છાત્રાલય માટેનું મંડળ | |
| | ૯ | સ્થપાયેલ હોય તો, વિદ્યાર્થી કલ્યાણ મંડળ અને | |
| | ૧૦ | યુનિવર્સિટીના જે અન્ય મંડળો અને મંડળીઓને ધારાથી યુનિવર્સિટીના સત્તામંડળો તરીકે જાહેર કરવામાં આવે તે. | |
| **સેનેટ ઃ** | | | |
| ૧૬ | ૧ | સેનેટ નીચે જણાવેલા સભ્યોની બનશે એટલેકે, | |
| વર્ગ ૧ લો હોદદાની રુએ સભ્યો | | | |
| | એ | ૧ | કુલાધિપતિ |
| | | ૨ | કુલપતિ |
| | | ૩ | રાજ્યમાં રહેલા યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિઓ |
| | | ૪ | ઉપ-કુલપતિ |
| | | ૫ | કુલસચિવ |
| | બી | ૧ | સચિવ શિક્ષણ ખાતુ |
| | | ૨ | ઉચ્ચ શિક્ષણ નિયામક અથવા અધિકારી સંયુક્ત ઉચ્ચ શિક્ષણ નિયામકથી નીચા દરજ્જાના નહીં જેને આવા નિયામક દ્વારા હોદદો આપવામાં આવેલ હોય. |
| | | ૩ | ટેકનીકલ શિક્ષણ નિયામક અથવા અધિકારી જે નાયબ ટેકનીકલ શિક્ષણ નિયામકના હોદદા કરતા ઉતરતા દરજ્જાની ન હોય તેવી એવા નિયામક દ્વારા નિયુક્ત કરેલી વ્યકિત. |
| | | ૪ | આરોગ્ય અને તબિબી સેવા નિયામક અને તબીબી શિક્ષણ અથવા અધિકારી કે જે નાયબ આરોગ્ય અને તબિબી સેવા નિયામક અને તબીબી શિક્ષણના હોદદા કરતા ઉતરતા દરજ્જાની ન હોય તેવા તેણે નિયુક્ત કરેલ અધિકારી. |
| | | ૫ | કૃષિ નિયામક અથવા જો તે હાજર રહી શકે તેમ ન હોય તો નાયબ કૃષિ નિયામકના હોદદા કરતા ઉતરતા દરજ્જાની ન હોય તેવી તેણે નિયુક્ત કરેલી વ્યકિત. |
| | | ૬ | માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળના અધ્યક્ષ,ગુજરાત રાજ્ય. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૭ | ધારાથી નામ નિર્દીષ્ટ કરવામાં આવે તેવા બીજા ત્રણ કરતા વધારે ન હોય તેટલા હોદ્દાની રુએ સભ્યો. | | |
| | સી | ૧ | યુનિવર્સિટી વિભાગના વડાઓ | | |
| | | ૨ | સંલગ્ન પદવી કોલેજોના અચાર્યો | | |
| | | ૩ | માન્ય કરેલી સંસ્થાઓના વડાઓ | | |
| | | | | | |
| **વર્ગ ૨ જો સાધારણ સભ્યો** | | | | | |
| | એ | નીચે નિર્દીષ્ટ કર્યા પ્રમાણે ચૂટાયેલા ઃ | | | |
| | | ૧ | ધારાથી ઠરાવેલી રીતે, હાઇસ્કૂલોના મુખ્ય શિક્ષકો સિવાયના માધ્યમિક શિક્ષકોએ તેવા શિક્ષકોમાંથી ચૂટેલા બે સભ્યો. | | |
| | | ૨ | ધારાથી ઠરાવેલી રીતે, મુખ્ય શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટેલા બે સભ્યો | | |
| | | ૩ | આવી દરેક વિદ્યાશાખામાં નીચે પ્રમાણે નિર્દીષ્ટ કરેલ વિષય અથવા વિષયોના આચાર્યો, યુનિવર્સિટી વિભાગના વડાઓ અને માન્ય કરેલી સંસ્થાઓના વડાઓ અને માન્ય કરેલી સંસ્થાઓના વડાઓ સુધ્ધા શિક્ષકો દ્વારા દરેક વિદ્યાશાખા સામે નીચે નિર્દીષ્ટ કરેલ સંખ્યાના સભ્યોઃ | | |
| | | | એ | વિનયનના શિક્ષકો (પોતાનામાંથી) | ૨ |
| | | | બી | વિજ્ઞાનના શિક્ષકો (પોતાનામાંથી) | ૨ |
| | | | સી | ઇજનેરી સહિત ટેકનોલોજીના શિક્ષકો (પોતાનામાંથી) | ૨ |
| | | | ડી | કૃષિ શિક્ષકો (પોતાનામાંથી) | ૧ |
| | | | ઇ | કાયદાના શિક્ષકો (પોતાનામાંથી) | ૧ |
| | | | એફ | તબીબીના શિક્ષકો (પોતાનામાંથી) | ૨ |
| | | | જી | વાણિજ્યના શિક્ષકો (પોતાનામાંથી) | ૧ |
| | | | એચ | શિક્ષણશાસ્ત્રના શિક્ષકો (પોતાનામાંથી) | ૧ |
| | | | આઇ | ગ્રામશાસ્ત્રના શિક્ષકો (પોતાનામાંથી) | ૧ |
| | | | જે | ધારાથી ઠરાવવામાં આવે તેવા દરેક વધારાની વિદ્યા શાખાના શિક્ષકો (પોતાનામાંથી) | ૧ |
| | | | | | |
| | | ૪ | નીચે પ્રમાણે સાર્વજનિક સંસ્થાઓ કે મંડળોએ ચૂંટેલા ઃ | | |
| | | | એ | સૂરત બ્યૂરો મ્યુનીસીપાલીટીએ ચૂટેલો એક સભ્ય. | |
| | | | બી | યુનિવર્સિટી વિસ્તારમાં કાર્ય કરતી મ્યુનીસીપાલીટીઓના પ્રમુખે પોતાનામાંથી ચૂટેલો એક સભ્ય. | |
| | | | સી | યુનિવર્સિટી વિસ્તારમાં કાર્ય કરતી જિલ્લા પંચાયતોના પ્રમુખો માંથી ધારાથી ઠરાવવામાં આવે તે પ્રમાણે વારાફરતી ચૂટેલો એક પ્રમુખ. | |
| | | | ડી | ગુજરાત વિદ્યાનસભાએ પોતાના સભ્યોમાંથી ચૂટેલા બે સભ્યો. | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ઇ | નીચે નિર્દીષ્ટ કરેલી રીતે રજીસ્ટર થયેલા સ્નાતકોએ નીચે આપેલી સંખ્યામાં ચૂંટેલા સભ્યો, આવા સભ્યો, શિક્ષકો અથવા માધ્યમિક શિક્ષકો અથવા મુખ્ય શિક્ષકો ન હોવા જોઇએ ઃ | |
| | | | | ૧ | વિનયનના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય |
| | | | | ૨ | વિજ્ઞાનના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય |
| | | | | ૩ | ઇજનેરી સહિત ટેકનોલોજીના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય |
| | | | | ૪ | કૃષિ વિદ્યાના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય |
| | | | | ૫ | કાયદાના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય |
| | | | | ૬ | તબીબીના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય |
| | | | | ૭ | વાણિજ્યના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય |
| | | | | ૮ | શિક્ષણ શાસ્ત્રના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય |
| | | | | ૯ | ગ્રામશાસ્ત્રના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય |
| | | | | ૧૦ | ધારાથી ઠરાવવામાં આવે તેવા દરેક અન્ય વધારાની વિદ્યાશાખાના રજીસ્ટર થયેલા સ્નાતકોએ પોતાનામાંથી ચૂંટેલો એક સભ્ય,<br><br>પરંતુ એવું ઠરાવ્યું છેકે – |
| | | | | ૧ | કલોઝ ૧ થી ૩ અને કલોઝ ૪ ના પેટાકલોઝ એ થી ઇ મુજબ ચૂંટેલી દરેક વ્યકિતએ જ્યાં સુધી તે પ્રસંગ પ્રમાણે, માધ્યમિક શિક્ષક અથવા મુખ્ય શિક્ષક અથવા શિક્ષક અથવા તેની ચૂંટણી કરનાર મંડળ કેમંડળોને સભ્ય રહે ત્યાં સુધીજ સેનેટના સભ્યનો હોદદો ધારણકરી શકશે |
| | | | | ૨ | સાધારણ સભ્યોની ચૂટણીના હેતુઓ સારૂ, કલોઝ ૩ અને કલોઝ ૪ ના પેટા કલોઝ ઇ માં જણાવેલ એક કરતા વધુ મતદાર વિભાગમાં ઉમેદવાર તરીકે ઊભા રહેવાને અથવા મત આપવાને હકદાર હોય તેવી વ્યકિતએ, ધારાથી નકકી કરવામાં આવે તેવી તારીખ પહેલા, પોતેકયા મતદાર વિભાગમાં ઉમેદવાર તરીકે ઉભા રહેવાની ઇચ્છા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | રાખે છે અથવા ચૂટણીમાં મત આપવાની ઇચ્છા રાખે છે, તેની પસંદગી કરવી અને તેને એક કરતા વધુમતદાર વિભાગમાંથી ઉભા રહેવાનો અથવા મત આપવાનો હક્ક રહેશે નહીં. |
| | બી | વિશિષ્ટ કેળવણીકારો, સામાજીક કાર્યકર્તાઓ, કામદાર સંઘો, પછાત કોમોના પ્રતિનિધીઓ, સ્ત્રીઓ અને વ્યક્તિઓના તેવા અન્ય વર્ગ માંથી રાજ્ય સરકારે નિયુક્ત કરવાના ૮ સભ્યો. | | | |
| | સી | જે દાતાઓમાંનો દરેક દાતા ઓછામાં ઓછા એક લાખ રુપિયા અથવા તેટલી કિંમતની મિલક્ત યુનિવર્સિટીને અથવા યુનિવર્સિટીના હેતુ માટે, આપે તેવા દાતાઓએ પોતાનામાંથી નીચે નિર્દીષ્ટ કરવામાં આવેલી રીતે ચૂંટવાના બે સભ્યો . | | | |
| | | ૧ | જો દાતા કોઇ વ્યક્તિ હોય તો મત આપવાના હેતુમાટે એવા દરેક દાતાનું નામ યુનિવર્સિટીએ રાખવાના રજીસ્ટરમાં દાખલ કરવું. | | |
| | | ૨ | જો દાતા કોઇ અવિભક્ત હિન્દુ કુટુંબ,ટ્રસ્ટ,પેઢી,કંપની અથવા સંસ્થાપિત મંડળ હોય તો મત આપવાના હેતુ માટે, એવા દરેક અવિભક્ત કુટુંબ, ટ્રસ્ટ, પેઢી, કંપની અથવા સંસ્થાપિત મંડળ વખતોવખત નિયુક્ત કરે તેવા પ્રતિનિધીનું મંડળ યુનિવર્સિટીએ રાખવાના રજીસ્ટરમાં દાખલ કરવું. | | |
| | | ૩ | જ્યારે પેટા કલમ ૪ લાગુ પડતીન હોય તે વખતે જે વ્યક્તિઓના નામો પેટા કલોઝ ૧ અને ૨ મુજબ રજીસ્ટરમાં દાખલ કર્યા હોય તે વ્યક્તિઓએ સેનેટમાં બે સભ્યો ચૂટવા. | | |
| | | ૪ | જો સબક્લોઝ ૧ અને ૨ મુજબ રજીસ્ટરમાં દાખલ કરવામાં આવેલા નામોની સંખ્યા બે અથવા બે કરતા ઓછી હોય,તો જે વ્યક્તિનું નામ રજીસ્ટરમાં દાખલ કરવામાં આવ્યું હોય તે દરેક વ્યક્તિ ચૂંટાયેલી છે એમ ગણાશે,<br>પરંતુ સેનેટમાં સભ્યો ચૂંટવાનો હક્ક, સિન્ડિકેટ એવું દાન સ્વીકારે તે તારીખથી વીસ વર્ષની મુદત કરતા વધારે વખત સુધી ચાલુ રહેશે નહીં.<br>સ્પષ્ટીકરણ : પેરા સીના હેતુઓ સારુ, મિલકતની કીંમત એટલે, આ અધિનિયમ અમલમાં આવે તે તારીખ પહેલા અથવા તે તારીખ પછી દાન આપેલી મિલકતની બાબતમાં સ્વીકાર કરવાની તારીખે મિલ્કતની બજાર ભાવે થતી કિંમત સમજવી .બજારભાવે થતી કિંમત બાબતનો નિર્ણય સિન્ડિકેટે કરવો અને તે છેવટનો ગણાશે | | |
| | ૨ | ચૂંટાયેલા સભ્યોના અને વર્ગ ૨ ના પેરા બી માં જણાવેલા સભ્યોના હોદ્દાની મુદત પાંચ વર્ષની રહેશે. | | | |
| <u>સેનેટની બેઠકો :</u> | | | | | |
| ૧૭ | ૧ | સેનેટ કુલાધિપતિ ઠરાવે તેવી તારીખે વર્ષમાં એક વખત મળશે અને એ બેઠકને સેનેટની વાર્ષિક બેઠક કહેવામાં આવશે | | | |
| | ૨ | જ્યારે કુલપતિને પોતાને યોગ્ય લાગે ત્યારે સેનેટની ખાસ બેઠક સેનેટના | | | |

| | | | |
|---|---|---|---|
| | | આછામાં આછા વીસ સભ્યો દ્વારા સહી કરીને લેખીતમાં માંગણી કરેલ હોય ત્યારે તેવી બેઠક બોલાવવામાં આવશે. | |
| | | | |
| **સેનેટની સત્તા અને ફરજોઃ** | | | |
| ૧૮ | ૧ | આ અધિનિયમાં નિયત કરવામાં આવેલ અથવા જોગવાઇઓ હેઠળ એવી શરતોને આધીન રહીને, સેનેટે નીચેની સત્તાઓ વાપરવાની રહેશે અને નીચેની ફરજો બજાવવાની રહેશે. | |
| | | ૧ | પેતાને યોગ્ય લાગે તેવી વિદ્યાની શાખાઓ અને તેવા અભ્યાસક્રમોમાં શિક્ષણ, અધ્યાપન અને તાલીમમાટે,સંશોધન માટે અને જ્ઞાનની વૃધ્ધી અને પ્રસાર માટે જોગવાઇ કરવી. |
| | | ૨ | સંલગ્ન કોલેજો તથા માન્ય સંસ્થાઓ અમુક અભ્યાસક્રમોનું વિશિષ્ટ જ્ઞાન આપી શકે તેવી જોગવાઇ કરવી. |
| | | ૩ | શિક્ષણ અને સંશોધન માટે સહિયારી પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો, સંગ્રહાલયો અને સાધન સામગ્રી ઉભા કરવા અને તેને માટે જોગવાઇ કરવી. |
| | | ૪ | સંશોધન અને વિશિષ્ટ અભ્યાસ માટેના વિભાગો અને સંસ્થાઓ સ્થાપવી અને નિભાવવી. |
| | | ૫ | યુનિવર્સિટીને જુરૂ લાગે તેવી પ્રોફેસરોની, રીડર, લેક્ચરરોની અને શિક્ષકોની અન્ય કોઇપણ જગાઓ સ્થાપતિ કરવી. |
| | | ૬ | ફેલોશીપ, પ્રવાસી ફેલોશીપ, છાત્રવૃતીઓ, શિષ્યવૃત્તીઓ, વિદ્યાર્થી વેતનો, પ્રદર્શન, ચંદ્રકો અને પારિતોષકો શુરૂ કરવા. |
| | | ૭ | પદવી, કિતાબો, ડિપ્લોમા અને અન્ય શૈક્ષણિક વિશિષ્ટમાન શુરુ કરવા અને એનાયત કરવા. |
| | | ૮ | સિન્ડિકેટની ભલામણથી માનદ પદવી,ખિતાબો, અને અન્ય શૈક્ષણિક વિશિષ્ટમાન આપવા. |
| | | ૯ | ધારા ઘડવા, સુધારવા કે રદ કરવા. |
| | | ૧૦ | અધ્યાદેશો ઉપર વિચાર કરવો, તે રદ કરવા, પાછા મોકલવા પરંતુ તેમાં સુધારો કરવો નહીં. |
| | | ૧૧ | વાર્ષિક અહેવાલો, વાર્ષિક હિસાબો અને નાંણાકીય અંદાજો વિચારમાં લેવા તથા તે વિશે ઠરાવો કરવા. |
| | | ૧૨ | સિન્ડિકેટે તૈયાર કરેલા વાર્ષિક નાંણાકીય અંદાજો વિચારમાં લેવા તથા તેને લગતા ઠરાવો કરવા. |
| | | ૧૩ | અધિનિયમમાં અને ધારામાં ઠરાવ્યા પ્રમાણે હોદ્દેદારો અને અધિકારીઓ ચૂંટવા. |
| | | ૧૪ | શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી અથવા દેવનાગરી લીપીમાં હિન્દીનો અથવા એ બન્નેનો ઉપયોગ કરવાની જોગવાઇ કરવી. |
| | | ૧૫ | આ અધિનિયમથી અથવા ધારા, અધ્યાદેશો અને વિનિયમોથી તેને |

| | | | | |
|---|---|---|---|---|
| | | | આપવામાં આવે તેવી અન્ય સત્તાઓ વાપરવી અથવા તેના ઉપર નાંખવામાં આવે તેવી અન્ય કોઇપણ ફરજો બજાવવી. | |
| | ૨ | પેટા કલમ ૧ ના કલોઝ ૧ થી ૮ મુજબની સત્તા અને ફરજો સિન્ડિકેટ તથા એકેડેમીક કાઉન્સિલ ભલામણો કરે તે સિવાય વાપરવી નહીં તથા બજાવવી નહી. | | |
| <u>સિન્ડિકેટ</u> ઃ | | | | |
| ૧૯ | ૧ | સિન્ડિકેટ યુનિવર્સિટીનો કારભાર ચલાવનાર સત્તામંડળ ગણાશે અને તે નીચેની વ્યકિતઓની બનશે ઃ | | |
| | | ૧ | કુલપતિ હોદ્દાની રુએ સભાપતિ. | |
| | | ૨ | ઉપ-કુલપતિ | |
| | | ૩ | ઉચ્ચ શિક્ષણ નિયામક અને જો તેહાજર રહી શકે તેમ ન હોય તો કલમ ૧૬ ના કલોઝ ૨ ના વર્ગ ૧ નો પેરા બી ના પેટ ાકલોઝ ૧ મુજબ તેમણે નિમેલા અધિકારી ઃ | |
| | | | એ | ટેકનિકલ શિક્ષણ નિયામક અને જો તે હાજર રહી શકે તેમ ન હોય તો  કલમ ૧૬ ના કલોઝ ૩ ના વર્ગ ૧ નો પેરા બી ના પૈટા કલોઝ ૧ મુજબ તેમણે નિમેલા અધિકારી |
| | | | બી | આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામક અને જો તે હાજર રહી શકે તેમ ન હોય તો  કલમ ૧૬ ના કલોઝ ૪ ના વર્ગ ૧ નો પેરા બી ના પેટા કલોઝ ૧ મુજબ તેમણે નિમેલા અધિકારી. |
| | | ૪ | સંલગ્ન પદવી કોલેજોના આચાર્યોએ અને માન્ય સંસ્થાઓના વડાઓએ પોતાનામાંથી ચૂટંવાના બે સભ્યો. | |
| | | ૫ | કલમ ૧૬(૧) વર્ગ ૨(એ)(૩) હેઠળ  સેનેટમાં  ચૂંટાયેલા શિક્ષકોએ પોતાનામાંથી ચૂંટવાનો એક સભ્ય. | |
| | | ૬ | યુનિવર્સિટી વિભાગોના વડાઓએ પોતાનામાંથી ચૂંટવાનો એક સભ્ય. | |
| | | ૭ | સેનેટે તેના જે સભ્યો આચાર્યો, શિક્ષકો, યુનિવર્સિટી વિભાગના વડાઓ , મુખ્ય શિક્ષકો, માન્ય કરેલી સંસ્થાઓના વડાઓ અને માધ્યમિક શિક્ષકો ન હોય તેમનામાંથી ચૂંટેલા પાંચ સભ્યો. | |
| | | ૮ | એકેડેમીક કાઉન્સીલે પોતાના સભ્યોમાંથી ચૂંટેલી બે વ્યકિતઓ જેમાના એક ડીન રહેશે. | |
| | | ૯ | વિશિષ્ટ કેળવણીકારો, સામાજીક કાર્યકર્તાઓ, તેવા અન્ય વ્યકિતઓ માંથી રાજ્ય સરકારે નિયુકત કરવાના ૪ સભ્યો જે સેનેટના સભ્યો હોય કે ન હોય ,<br>પરંતુ સભ્ય કે જે કલોઝ ૪ થી ૮ હેઠળ ચૂંટવામાં આવે તે એવા સભ્ય તરીકે ઓફિસ ધારણ કરી શકશે નહીં જો તે સેનેટના સભ્ય, ડીન, શિક્ષક, યુનિવર્સિટી વિભાગના વડા અથવા આચાર્ય અથવા એકેડેમીક કાઉન્સીલના સભ્ય તરીકે બંધ થાય જે લાગુ પડતુ હોય તે. | |
| | ૨ | સિન્ડિકેટના ચૂંટાયેલા સભ્યોના હોદ્દાની મુદત ૩ વર્ષની રહેશે. | | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| **સિન્ડિકેટની સત્તા અને ફરજો :** | | | | |
| ૨૦ | ૧ | આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે મુજબ ઠરાવવામાં આવે તેવી શરતોને આધીન રહીને ,સિન્ડિકેટે નીચેની સત્તા વાપરવી અને નીચેની ફરજો બજાવવી, એટલે કે : | | |
| | | ૧ | યુનિવર્સિટીની મિલકત અને ફંડો ધરાવવા,તેનું નિયંત્રણ કરવું તથા તેનો વહિવટ કરવો. | |
| | | ૨ | સિન્ડિકેટે નિયુક્ત કરેલી નાંણા સમિતિ, જો હોય તો તે અને કાયદા સમિતિ હોયતો તેની સાથે વિચાર વિનિમય કરીને, આ અધિનિયમથી અને ધારાથી તેને મળેલી સત્તા વાપરીને તથા ફરજો બજાવીને યુનિવર્સિટી તરફથી કરારો કરવા,તેમાં ફેરફાર કરવા તે પૂર્ણ કરવા તથા રદ કરવા. | |
| | | ૩ | યુનિવર્સિટીનું સામાન્ય સીલ કેવું હોવું જોઇએ, કોના હવાલામાં રહેવું જોઇએ અને તેનો કયારે કયારે ઉપયોગ કરવો જોઇએ તે નકકી કરવા. | |
| | | ૪ | વિશિષ્ટ હેતુઓ માટે યુનિવર્સિટીને હસ્તક સોંપેલા ફંડોનો વહીવટ કરવો. | |
| | | ૫ | યુનિવર્સિટીના વાર્ષિક નાંણાકીય અંદાજો તૈયાર કરવા અને સેનેટ સમક્ષ રજુ કરવા. | |
| | | ૬ | નાંણાકીય અંદાજો સનેટ દ્વારા મંજૂર કર્યા બાદ, | |
| | | | એ | બજેટ ગ્રાન્ટની રકમ ઘટાડવી |
| | | | બી | બજેટ ગ્રાન્ટની કોઇ રકમ એક ગૌણ સદરમાંથી અન્ય ગૌણ સદરમાં અથવા એક ગૌણ સદર હેઠળના પેટા સદરમાંથી અન્ય ગૌણ સદરના પેટા સદરમાં વર્ગ કરવાની મંજૂરી આપવી,અથવા |
| | | | સી | ગૌણ સદર હેઠળની પાંચ હજાર રુપિયા કરતા વધારે ન હોય તેટલી કોઇપણ રકમ એક પેટા સદરમાંથી અન્ય પેટા સદરમાં અથવા એક મુખ્ય એકમમાંથી અન્ય મુખ્ય એકમમાં વર્ગ કરવાની મંજૂરી આપવી. |
| | | ૭ | યુનિવર્સિટીના સંચાલન માટે જુરી હોય તેવા મકાનો, જગ્યાઓ, ફર્નીચર, સામગ્રી અને અન્ય સાધનો માટે જોગવાઇ કરવી. | |
| | | ૮ | વિલથી મળેલુ કોઇ દાન,દેણગી અને યુનિવર્સિટીને તબદીલ કરેલી જંગમ કે સ્થાવર મિલકત યુનિવર્સિટી વતી સ્વીકારવી. | |
| | | ૯ | યુનિવર્સિટી વતી કોઇ જંગમ કે સ્થાવર મિલકત તબદીલ કરવી | |
| | | ૧૦ | યુનિવર્સિટીની અસ્કયામતોના તારણ ઉપર લોન ઉભી કરવી. | |
| | | ૧૧ | યુનિવર્સિટીના નાંણા,હિસાબો અને નાંણાકીય રોકાણોની વ્યવસ્થા કરવી તથા તેનું નિયમન કરવું. | |
| | | ૧૨ | એ | મુદ્રણ અને પ્રકાશન વિભાગ |
| | | | બી | યુનિવર્સિટી વિસ્તરણ મંડળો |
| | | | સી | માહિતી બ્યુરો અને |
| | | | ડી | રોજગાર બ્યુરો,શરુ કરવા અને ચલાવવા. |
| | | ૧૩ | એ | અભ્યાસેતર અધ્યાપન અને સંશોધન માટે |

| | | | |
|---|---|---|---|
| | | | બી વ્યાયામ શિક્ષણ, નેશનલ કેડેટ કોર્પસ અને લશ્કરી તાલીમ માટે જોગવાઇ કરવી. |
| | | ૧૪ | યુનિવર્સિટી નિભાવતી હોય તેવી કોલેજો, વિભાગો, સંશોધનની કે વિશિષ્ટ અભ્યાસની સંસ્થાઓ, પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો, સંગ્રહાલયો અને છાત્રાલયોનો વહીવટ કરવો. |
| | | ૧૫ | છાત્રાલયોને માન્યતા આપવી અને યુનિવર્સિટીના શિક્ષકો અને અન્ય નોકરો માટે રહેઠાણો પૂરા પાડવા. |
| | | ૧૬ | ગુજરાત રાજ્યની બહાર આવેલી હાઇસ્કૂલોને ધારામાં ઠરાવવામાં આવ્યા મુજબ નોંધવી. |
| | | ૧૭ | સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ, મંજૂર કરેલી સસ્થાઓ અને છાત્રાલયોની તપાસ કરવા માટે ગોઠવણ કરવી તથા તેની તપાસ કરવા કહેવું અને તે કાર્યક્ષમતા પૂર્વક નિભાવી શકાય અને તેના નોકર મંડળના માણસોને નોકરીની યોગ્ય શરતો મળે તે માટે સૂચનાઓ આપવી અને એવી સૂચનાઓના અનાદરના સમયે તેને જોડાણ આપવાની અથવા તેને માન્ય કરવાની શરતોમાં ફેરફાર કરવો, ભલામણ કરવી અથવા પોતાને યોગ્ય લાગે તેવા અન્ય પગલા લેવા. |
| | | ૧૮ | કોલેજો, માન્ય સંસ્થાઓ, મંજૂર કરેલી સસ્થાઓ અને છાત્રાલયો પાસેથી અહેવાલ, પત્રક તથા અન્ય માહીતી મંગાવવી. |
| | | ૧૯ | યુનિવર્સિટીના વિદ્યાર્થીના નિવાસ, વર્તણૂક અને શિસ્તની દેખરેખ રાખવી અને તેનું નિયંત્રણ કરવું અને તેમનું આરોગ્ય અને સામાન્ય સૂખાકારી વધારવા માટે ગોઠવણ કરવી. |
| | | ૨૦ | ધારામાં ઠરાવવામાં આવ્યા મુજબ માનદ પદવી અને શૈક્ષણિક વિશિષ્ટમાન આપવાની સેનેટને ભલામણ કરવી. |
| | | ૨૧ | ફેલોશીપ, પ્રવાસી ફેલોશીપ, છાત્રવૃતી, શિષ્યવૃતીઓ, વિદ્યાર્થીવેતનો, ચંદ્રકો અને પારિતોષકો આપવા . |
| | | ૨૨ | યુનિવર્સિટીના શિક્ષકો અને નોકરો નિમવા તેમનું વેતન કંઇ હોય તો તે નકકી કરવું અને તેમની ફરજો અને નોકરીની શરતો અને તેમણે કેવી રીતે શિસ્ત જાળવવી તે નકકી કરવું. |
| | | ૨૩ | સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ, મંજૂર કરેલી સસ્થાઓના કોઇ સભ્યને યુનિવર્સિટીના પ્રોફેસર, રીડર, લેકચરર કે શિક્ષક તરીકે માન્ય રાખવા તથા તેવી માન્યતા પાછી ખેંચી લેવી. |
| | | ૨૪ | પરીક્ષકો નિમવા તેમનું મહેનતાણું નકકી કરવા અને યુનિવર્સિટીની પરીક્ષાઓ અને બીજી કસોટીઓ લેવા માટે તેનું પરીણામ જાહેર કરવા માટે ગોઠવણ કરવી. |
| | | ૨૫ | અધ્યાદેશોમાં ઠરાવવામાં આવે તેવી ફી અને અન્ય ખર્ચ નકકી કરવા, માંગવા અને વસૂલ કરવા. |
| | | ૨૬ | અધ્યાદેશો ઘડવા, સુધારવા તથા રદ કરવા. |

| | | | |
|---|---|---|---|
| | | ૨૭ | આ અધિનિયમ, ધારા, અધ્યાદેશ અને વિનિયમોથી મળે તેવી અન્ય કોઇ પણ સત્તા વાપરવી તથા નાંખવામાં આવે તેવી અન્ય કોઇ ફરજો બજાવવી. |
| | | ૨૮ | આ અધિનિયમમાં અથવા ધારામાં અન્ય રીતે ઠરાવેલ નહોય તેવી યુનિવર્સિટીની તમામ સત્તા વાપરવી અને આ અધિનિયમના અથવા ધારાની જોગવાઇઓનો અમલ કરવા માટે જુરી હોય તેવી અન્ય સત્તા વાપરવી. |
| | ૨ | સિન્ડિકેટે પેટા કલમ ૧ ના ક્લોઝ ૮ માં ઉલ્લેખેલી મિલકતના તમામ સ્વીકાર વિશે સેનેટને અહેવાલ મોકલવો. | |
| | ૩ | સેનેટની પ્રથમ મંજૂરી લીધા સિવાય, સિન્ડિકેટે કોઇ પણ સ્થાવર મિલકત તબદીલ કરવી નહીં. | |
| | | એ | પેટા કાલમ ૧ ના ક્લોઝ ૨૨ હેઠળની સત્તા સિન્ડિકેટ દ્વારા વાપરતી વખતે કે જે યુનિવર્સિટીના શિક્ષકો અને નોકરોના પગાર ધોરણો અને ભથ્થાઓના નિયમન માટે છે જે રાજ્ય સરકારની મંજૂરીને આધીન રહેશે |
| | ૪ | સિન્ડિકેટ અધ્યાદેશો કરીને પોતાનું વહીવટી કાર્ય કરવા માટે સમિતિઓ નીમી શકશે અને તેની રચના, કાર્યો અને મુદત નક્કી કરી શકશે. | |
| | | | |
| **એકેડેમીક કાઉન્સીલ :** | | | |
| ૨૧ | ૧ | એકેડેમીક કાઉન્સીલ યુનિવર્સિટીનું શૈક્ષણિક મંડળ છે અને તે નીચેની વ્યક્તિઓનું બનેલું રહેશે : | |
| | | ૧ | કુલપતિ હોદ્દાની રુએ સભાપતિ |
| | | ૨ | ઉપ-કુલપતિ હોયતો |
| | | ૩ | વિદ્યાશાખાના અધ્યક્ષ |
| | | ૪ | દરેક વિદ્યાશાખાએ પોતાના સભ્યોમાંથી ચૂંટેલા અધ્યક્ષ સિવાયના એક સભ્ય |
| | | ૫ | સિન્ડિકેટ દ્વારા નિમવામાં આવેલ પોતાના સભ્યોમાંથી બે સભ્યો |
| | ૨ | હોદ્દાની રુએના સભ્યો સિવાયના એકેડમિક કાઉન્સિલના સભ્યોના હોદ્દાની મુદત ૩ વર્ષની રહેશે. | |
| **એકેડમિક કાઉન્સિલની સત્તા અને ફરજો :** | | | |
| ૨૨ | ૧ | એકેડમિક કાઉન્સિલને હસ્તક યુનિવર્સિટીના શિક્ષણ અને પરીક્ષાના ધોરણની જાળવણીનું નિયંત્રણ અને સામાન્ય નિયમન રહેશે અને તે માટે તે જવાબદાર રહેશે. | |
| | ૨ | ઉપર કરેલ જોગવાઇની સામન્યતાને બાધ ન આવે તેવી રીતે અને આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે મુજબ ઠરાવવામાં આવે તેવી શરતોને આધીન રહીને, એકેડમિક કાઉન્સિલને નીચેની સત્તાઓ વાપરવી અને નીચેની ફરજો બજાવવી. | |
| | | ૧ | સંબંધ ધરાવતી વિદ્યાશાખાએ કરેલા અભ્યાસક્રમો ઠરાવતા વિનિયમો |

| | | | |
|---|---|---|---|
| | | | મંજુર કરવાની. |
| | | ૨ | સંબંધ ધરાવતી વિદ્યાશાખાએ ખાસ અભ્યાસક્રમો સંબંધી કરેલા વિનિયમો મંજુર કરવાની. |
| | | ૩ | સંલગ્ન કોલેજો, માન્ય કરેલી સંસ્થાઓ તેમજ મંજૂર કરેલી સંસ્થાઓમાં અભ્યાસ અને અધ્યાપનના સંકલન માટે વ્યવસ્થા કરવી. |
| | | ૪ | યુનિવર્સિટીમાં સંશોધનને ઉત્તેજન આપવું. |
| | | ૫ | વિદ્યાશાખાએ વિષયો ફાળવવા માટે દરખાસ્તો કરવી. |
| | | ૬ | વિભાગો,સંશોધનની અને વિશિષ્ટ અભ્યાસની સંસ્થાઓ,પુસ્તકાલયો, પ્રયોગશાળાઓ અને સંગ્રહાલયો સ્થાપવા માટે દરખાસ્તો કરવી. |
| | | ૭ | યુનિવર્સિટી ને જુરૂ લાગે તેવી પ્રોફેસરની,રીડરની,લેક્ચરરની અને શિક્ષકોની બીજી કોઇ જગ્યાઓ સ્થાપિત કરવા માટે દરખાસ્તો મંજુર કરવી અને તે માટે સેનેટને ભલામણ કરવી અને એવી જગ્યાઓની ફરજો ઠરાવવી અને તેનું વેતન નકકી કરવું. |
| | | ૮ | ફેલોશીપ ,પ્રવાસી ફેલોશીપ ,છાત્રવૃત્તીઓ ,શિષ્યવૃત્તીઓ ,વિદ્યાર્થીવેતનો , ચંદ્રકો અને પારિતોષકો શુરુ કરવા માટે દરખાસ્તો મંજૂર કરવી અને તેને માટે સેનેટને ભલામણ કરવી. |
| | | ૯ | યુનિવર્સિટીની પરીક્ષાઓ સંબંધી અને એવી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને જે શરતોએ દાખલ કરવાના હોય તે શરતો સંબંધી વિનિયમો કરવા. |
| | | ૧૦ | પરીક્ષાઓની અરસપરસની સમકક્ષતા ઠરાવતા વિનિયમો કરવા. |
| | | ૧૧ | પદવીઓ,ડિપ્લોમાં અને અન્ય શૈક્ષણિક માનની પાત્રતા મેળવવા માટે, યુનિવર્સિટી અથવા જોડાયેલી કોલેજોમાના માન્ય અભ્યાસક્રમોમાંથી માફી આપવા માટેની રીત ઠરાવતા વિનિયમો કરવા. |
| | | ૧૨ | કોલેજના જોડાણો માટે સિન્ડિકેટને ભલામણ કરવી |
| | | ૧૩ | આ અધિનિયમ,ધારા,અધ્યાદેશ અને વિનિયમોથી તેને સોંપવામાં આવે તેવી અન્ય કોઇપણ સત્તા વાપરવી અને તેના ઉપર નાંખવામાં આવે તેવી અન્ય ફરજો પણ બજાવવી. |
| | | ૧૪ | સામાન્યતઃ સઘળી શૈક્ષણિક બાબતો સંબંધમાં યુનિવર્સિટીને સલાહ આપવી. |
| **વિદ્યાશાખાઓ અને તેના કાર્યો ઃ** | | | |
| ૨૩ | ૧ | યુનિવર્સિટીમાં વિનયનની,શિક્ષણની,વિજ્ઞાનની,ઇજનેરી સહીત ટેકનોલોજી, કૃષીવિદ્યાની , કાયદાશાસ્ત્રની ,વૈદ્યકની અને વ્યાપારની આયુર્વેદીક અને ગ્રામ જીવન વિષયક અભ્યાસક્રમોની વિદ્યાશાખાઓ અને ધારાથી ઠરાવવામાં આવે તેવી અન્ય વિદ્યાશાખાઓનો સમાવેશ થશે.દરેક વિદ્યાશાખામાં ધારાથી ઠરાવવામાં આવે તેવા વિષયોનો સમાવેશ કરવામાં આવશે. | |
| | ૨ | દરેક વિદ્યાશાખા નીચે મુજબની બનેલી રહેશે ઃ | |

| | | | |
|---|---|---|---|
| | | ૧ | સિન્ડિકેટે વિદ્યાશાખામાં નીમ્યા હોય તેવા સેનેટના સભ્યો. |
| | | ૨ | જે વિષયો સંબંધિત વિદ્યાશાખા હોય તે વિષયો માટે અભ્યાસ સમિતિના અધ્યક્ષો અને |
| | | ૩ | આવી દરેક અભ્યાસ સમિતિએ પોતાના સભ્યોમાંથી અધ્યક્ષ સિવાય ચૂંટેલો એક સભ્ય. પરંતુ સેનેટના કોઇપણ સભ્યને એક વિદ્યાશાખા કરતા વધારે વિદ્યાશાખામાં મૂકી શકાશે નહી. |
| | ૩ | એક કરતા વધારે વિદ્યાશાખાઓમાં સમાવિષ્ટ કરેલા વિષયમાના શિક્ષકે જે તારીખે તે સેનેટનો સભ્ય થાય તે તારીખથી એક માસમાં, કુલસચિવને લેખિત ખબર આપીને જે વિદ્યાશાખાઓમાં તે મૂકવાને ઇચ્છતો હોય તે વિદ્યાશાખાઓ માંથી કોઇપણ એક વિદ્યાશાખા પસંદ કરવી. જો તે આવી પસંદગી કરવામાં કસૂર કરે તો સિન્ડિકેટે તેને આવી વિદ્યાશાખામાંની કોઇ પણ એક વિદ્યાશાખામાં મૂકવો. તેવી રીતે કરેલી પસંદગી અથવા વરણી તેનાં સભ્યપદની સમગ્ર મુદત માટે રદ કરી શકાશે નહી. | |
| **<u>વિદ્યાશાખાની સત્તા અને ફરજો :</u>** | | | |
| ૨૪ | ૧ | વિદ્યાશાખાને સોંપેલા હોય તેવા વિષયો માટે યુનિવર્સિટીના શિક્ષણ અને પરીક્ષાનું ધોરણ જાળવી રાખવાને વિદ્યાશાખાને સામાન્ય નિયંત્રણ અને નિયમન કરવાની સત્તા રહેશે અને તેને માટે તે જવાબદાર રહેશે. | |
| | ૨ | ઉપર મુજબ સામાન્ય અધિકાર અપાયો હોય તેને બાધ આવ્યા સિવાય અને આ અધિનિયમની જોગવાઇથી અથવા તે મુજબ ઠરાવવામાં આવે તેવી શરતોને આધીન રહીને વિદ્યાશાખાએ નીચેની સત્તા વાપરવી અને નીચેની ફરજો બજાવવી, એટલેકે : | |
| | | ૧ | સંબંધીત અભ્યાસ સમિતિ સાથે વિચાર વિનિમય કરીને અભ્યાસક્રમ ઠરાવતા વિનિયમો કરવા. |
| | | ૨ | વિશિષ્ટ અભ્યાસક્રમ સંબંધી વિનિયમો કરવા. |
| | | ૩ | વિદ્યાશાખામાં સંબંધિત પરીક્ષાઓ પાસ કરવાના ધોરણો માટે અને પરીક્ષામાં શ્રેણી (Class)આપવા માટે વિનિયમો કરવા. |
| | | ૪ | યુનિવર્સિટીમાં સંશોધનને ઉત્તેજન આપવા માટે દરખાસ્તો કરવી. |
| | | ૫ | વિદ્યાશાખામાં વિષયો ફાળવવા માટે દરખાસ્તો કરવી. |
| | | ૬ | વિભાગો, સંશોધન અને વિશિષ્ટ અભ્યાસની સંસ્થાઓ, પુસ્તકાલયો, પ્રયોગશાળાઓ અને સંગ્રહાલયોની સ્થાપના માટે દરખાસ્તો કરવી. |
| | | ૭ | યુનિવર્સિટીને જરૂર પડે તેવી પ્રોફેસરની, રીડરની, લેકચરરની અને શિક્ષકની અન્ય કોઇપણ જગ્યાઓ સ્થાપિત કરવા માટે દરખાસ્તો કરવી અને જગ્યાઓની ફરજો ઠરાવવી અને તેનું વેતન નકકી કરવું. |
| | | ૮ | ફેલોશીપ, પ્રવાસી ફેલોશીપ, છાત્રવૃત્તીઓ, શિષ્યવૃત્તીઓ, વિદ્યાર્થી વેતનો, ચંદ્રકો અને પારિતોષકો શરૂ કરવા માટે દરખાસ્તો કરવી અને તે એનાયત કરવા માટે વિનિયમો કરવા. |
| | | ૯ | શિક્ષકો વધારેમાં વધારે કેટલું કામ કરે તેનું પ્રમાણ, દરેક વિષય માટે |

| | | | |
|---|---|---|---|
| | | | ઓછામાં ઓછું અધ્યાપન કામ અને કોઇપણ વિષય માટે વિદ્યાર્થીઓએ કરવાનું ઓછામાં ઓછું પ્રયોગશાળાનું કામ અને ઠરાવેલું અન્ય કંઇપણ કામ નકકી કરવા માટે વિનિયમો કરવા. |
| | | ૧૦ | પરીક્ષાઓની અરસપરસની સમકક્ષતા ઠરાવતા વિનિયમો કરવા. |
| | | ૧૧ | પદવીઓ,ડિપ્લોમાં અને અન્ય શૈક્ષણિક માનની પાત્રતા મેળવવા માટે, યુનિવર્સિટી અથવા જોડાયેલી કોલેજો માના માન્ય અભ્યાસક્રમોમાંથી માફી આપવા માટેની રીત ઠરાવતા વિનિયમો કરવા. |
| | | ૧૨ | આ અધિનિયમ,ધારા,અધ્યાદેશ અને વિનિયમોથી તેને સોંપવામાં આવે તેવી અન્ય કોઇપણ સત્તા વાપરવી અને તેના ઉપર નાંખવામાં આવે તેવી અન્ય ફરજો પણ બજાવવી. |
| | | ૧૩ | સામાન્યતઃ સંબંધ ધરાવતા અભ્યાસક્રમોને લગતી સઘળી શૈક્ષણિક બાબતો પર યુનિવર્સિટીને સલાહ આપવી. |
| **<u>વિદ્યાશાખાઓના અધ્યક્ષ ઃ</u>** | | | |
| ૨૫ | ૧ | દરેક વિદ્યાશાખા માટે પોતાના સભ્યોમાંથી ચૂંટી કાઢેલો એવે એક અધ્યક્ષ રહેશે, પરંતુ એવી રીતે ચૂંટી કાઢેલો અધ્યક્ષ સેનેટનો સભ્ય તેમજ શિક્ષક અથવા આચાર્ય હોવો જોઇએ. | |
| | ૨ | અધ્યક્ષ ત્રણ વર્ષની મુદત સુધીએ હોદ્દો ધારણ કરશે અને ફરી માત્ર ત્રણ વર્ષની મુદત સુધી હોદદા પએ ચૂટાવાને લાયક ગણાશે. | |
| | ૩ | અધ્યક્ષ વિદ્યાશાખાના મુખ્ય વહીવટી અધિકારી રહેશે અને તેમણે નીચેની સત્તા અને ફરજો બજાવવાની રહેશે. | |
| | | ૧ | તે વિદ્યાશાખાનો અધ્યક્ષ રહેશે તથા તેની સભાઓનું અધ્યક્ષસ્થાન લેશે |
| | | ૨ | વિદ્યાશાખામાંની કોઇપણ અભ્યાસ સમિતિની સભામાં તે હાજર રહી શકશે. |
| | | ૩ | તેમણે વિદ્યાશાખાની જુદી જુદી અભ્યાસ સમિતિઓના કામ પર દેખરેખ રાખશે અને તેનો સુમેળ સાધશે. |
| | | ૪ | તેમણે વિદ્યાશાખાના વિષયોને લગતા જ્ઞાનસત્રો,સ્વાધ્યાયસત્રો અને પ્રાત્યક્ષિક શિક્ષણ વર્ગ વગેરે યોજવા અને ગોઠવવા. |
| | | ૫ | તેમણે વિદ્યાશાખા નીચેના વિષયોના સંબંધમાં યુનિવર્સિટી વિભાગો, સંલગ્ન કોલેજો,માન્ય સંસ્થાઓ અને મંજૂર કરેલી સંસ્થાઓ તપાસવી અને તેને માર્ગદર્શન આપવું. |
| | | ૬ | વિદ્યાશાખાને લગતા ધારા,અધ્યાદેશો અને વિનિયમોનું યોગ્ય પાલન થાય તે માટે તે જ્વાબદાર રહેશે અને |
| | | ૭ | મુલાકાતી શિક્ષકોના કાર્યક્રમ માટે અને શિક્ષકોની ફેરબદલી માટે દરખાસ્તો મંજૂર કરવા માટે તેણે સિન્ડિકેટને ભલામણ કરવી. |
| | | | |
| **<u>અભ્યાસ સમિતિઓ ઃ</u>** | | | |

| | | | |
|---|---|---|---|
| ૨૬ | ૧ | ધારાથી ઠરાવવામાં આવે તે પ્રમાણે દરેક વિષય અથવા વિષયોના સમૂહ માટે એક અભ્યાસ સમિતિ રહેશે. | |
| | ૨ | પેટા કલમ ૩ ની જોગવાઇઓને આધીન રહીને દરેક મંડળ નીચેના સભ્યોનું બનેલું રહેશે : | |
| | | ૧ | વિષયનો યુનિવર્સિટી વિભાગનો વડો જો હોય તો તે |
| | | ૨ | કોલેજ અને માન્ય કરેલી સંસ્થાઓમાં પદવી કક્ષાએ શીખવવામાં આવતા ખાસ વિષયોના વિભાગોના વડાઓ. |
| | | ૩ | સમિતિના સભ્યોએ કો-ઓપ્ટ કરેલા વિષયના વધારેમાં વધારે ત્રણ નિષ્ણાંતો. |
| | ૩ | દરેક સમિતિ ઓછામાં ઓછા ચાર સભ્યોની બનશે.<br>પરંતુ સભ્યોની સંખ્યા ચાર કરતા ઓછી હોય તે વખતે કુલપતિ એ ખૂટતી સંખ્યા પૂરી કરવાને જરૂરી હોય તેટલી સંખ્યાના સભ્યોને એવી શરતને આધીન રહીને નિમવા કે કો-ઓપ્ટ કરેલા અને નીમેલા સભ્યોની કુલ સંખ્યા ત્રણ કરતા વધે નહી. | |
| | ૪ | સમિતિના સભ્યોએ પેટા કલમ ૨ ના કલોઝ ૧ અને ૨ માં નિર્દીષ્ટ કરેલા સભ્યામાંથી સમિતિનો અધ્યક્ષ ચૂંટવો, અધ્યક્ષ તરીકે ચૂંટવાની વ્યકિત શકય હોય તેટલે સુધી અનુસ્નાતક અભ્યાસક્રમો શીખવવાને લાયક હોય તેવી વ્યકિત હોવી જોઇએ. | |
| | ૫ | અભ્યાસ સમિતિની સત્તા અને ફરજો નીચે મુજબ રહેશે : | |
| | | ૧ | વિષય અંગે અભ્યાસક્રમોની ભલામણ કરવી |
| | | ૨ | વિષય અંગે અભ્યાસ માટે જરૂર હોય ત્યાં પુસ્તકો વિષે ભલામણ કરવી અને તે નકકી કરવા. |
| | | ૩ | વિસ્તરણસેવા માટે કાર્યક્રમોની અને વિષયમાં સંશોધન કરવાની ભલામણ કરવી |
| | | ૪ | જ્ઞાનસત્રો, સ્વાધ્યાયસત્રો અને પ્રાત્યક્ષિક શિક્ષણવર્ગો યોજવામાં તે વિદ્યાશાખાના ડીનને ભલામણ કરવી. |
| | | ૫ | વિષય અંગે ઠરાવેલા અભ્યાસક્રમોમાં પ્રયોગો અને સંશોધન માટેના કાર્ય ક્રમોની ભલામણ કરવી. |
| | | ૬ | વિષયના પુસ્તકો તૈયાર કરી તેનું ભાષાંતર તૈયાર કરવા માટેની યોજનાઓ વિષે ભલામણ કરવી અને અભ્યાસના પુસ્તકોનો ગ્રંથકોષ સુચવવો. |
| | | ૭ | વિષયના અભ્યાસક્રમો અને પરીક્ષાઓને લગતા વિનિયમો ઘડવા અને યોજવા |
| | | ૮ | વિષયમાં ચાલુ હોય તેવી પરિભાષાનું મુદતે મુદતે પુનર્વિલોકન કરવું અને |
| | | ૯ | ધારાથી ઠરાવવામાં આવે તેવી અન્ય સત્તા અને ફરજો |
| | ૬ | અભ્યાસ સમિતિ અધ્યાદેશથી નકકી કરવામાં આવે તેવી રીતે શિક્ષણના સત્ર ઓછામાં ઓછી બે વાર મલશે. | |
| | ૭ | અભ્યાસ સમિતિની મુદત ૩ વર્ષની રહેશે. | |

| | | |
|---|---|---|
| | | |
| **<u>યુનિવર્સિટી સમિતિ ઃ</u>** | | |
| ૨૭ | યુનિવર્સિટી અભ્યાસેતર શિક્ષણ બોર્ડ, વિદ્યાર્થીઓના કલ્યાણ માટેનું યુનિવર્સિટી બોર્ડ અને છાત્રાલયો માટેનું બોર્ડ અને ધારાથી ઠરાવવામાં આવે તેવા બોર્ડ અન્ય બોર્ડ સ્થાપી શકશે. | |
| | | |
| <u>બોર્ડનું બંધારણ,સત્તા વિગેરે</u> | | |
| ૨૮ | ૧ | આ અધિનિયમ મુજબ ધારાથી યુનિવર્સિટીના સત્તામંડળો બોર્ડની રચના તરીકે જાહેર કરવામાં આવે તેવા અન્ય બોર્ડ અને મંડળોની રચના,સત્તા વગેરે સત્તા અને ફરજો ધારાથી ઠરાવવામાં આવે તેવા રહેશે. |
| | ૨ | અન્ય બોર્ડોની રચના,સત્તા અને ફરજો અધ્યાદેશથી ઠરાવ્યા પ્રમાણે રહેશે. |

| | | |
|---|---|---|
| **પ્રકરણ ૫ મું<br>ધારા,અધ્યાદેશ અને વિનિયમો** | | |
| **ધારા :** | | |
| ૨૯ | આ અધિનિયમની જોગવાઇથી અથવા તે મુજબ ઠરાવવામાં આવે તેવી શરતોને આધીન રહીને ધારામાં નીચેની તમામ અથવા તેમાની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશે. | |
| | ૧ | માનદ પદવીઓ એનાયત કરવા બાબત |
| | ૨ | પદવીઓ એનાયત કરવા માટે પદવીદાન સમારંભ યોજવા બાબત. |
| | ૩ | યુનિવર્સિટીના અધિકારીઓની સત્તા અને ફરજો બાબત |
| | ૪ | આ અધિનિયમમાં ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય યુનિવર્સિટીના સત્તામંડળોની રચના, સત્તા અને ફરજો બાબત. |
| | ૫ | યુનિવર્સિટીએ વિભાગો,સંશોધનની અથવા વિશિષ્ટ અભ્યાસની સંસ્થાઓ અને છાત્રાલયો સ્થાપવા અને નિભાવવા બાબત. |
| | ૬ | વસીયતથી મળેલ દાન, દેણગી અને બક્ષિસો સ્વીકારવા અને તેની વ્યવસ્થા કરવા બાબત. |
| | ૭ | સ્નાતકોના રજીસ્ટ્રેશન અને રજિસ્ટર થયેલ સ્નાતકોના રજિસ્ટરની જાળવણી બાબત. |
| | ૮ | યુનિવર્સિટીના સત્તામંડળોની સભાઓની કાર્ય રીતિ અને તેમના કામકાજ ચલાવવા બાબત. |
| | ૯ | સંલગ્ન કોલેજો અને માન્ય કરેલી સંસ્થાઓના પ્રોફેસરો, રીડરો, લેક્ચરરો અને શિક્ષકોની લાયકાતો બાબત. |
| | ૧૦ | આ અધિનિયમની તમામ બાબતો ધારાથી ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તે બાબતો. |
| | | |
| **ધારા બનાવવા, સુધારવા તેનો અમલ કરવા અને તે રદ કરવા બાબત :** | | |
| ૩૦ | ૧ | સેનેટ ધારા બનાવી શકશે અથવા તેમાં સુધારા કરી શકશે,રદ કરી શકશે અથવા તેમાં ઉમેરો કરી શકશે. |
| | ૨ | સેનેટ ધારાના ખરડાને ધ્યાનમાં લઇ પોતાની જાતે અથવા સિન્ડિકેટની દરખાસ્ત ઉપરથી વિચારણા કરી શકશે. |
| | ૩ | સેનેટે પસાર કરવાના કોઇપણ ધારાના મુસદ્દાની દરખાસ્ત સિન્ડિકેટ સેનેટ સમક્ષ મૂકી શકશે. |
| | ૪ | આવા મુસદદા ઉપર સેનેટ પોતાની ત્યાર પછીની આવતી સભામાં વિચારણા કરી, સેનેટ એવો મુસદદો મંજૂર કરીને તે ધારો પસાર કરી શકશે અથવા તે નામંજૂર કરી શકશે અથવા સેનેટ સૂચવે તેવા કોઇપણ સુધારા સાથે તે મુસદ્દો આખો અથવા તેનો કોઇ ભાગ ફરી વિચારણા માટે સિન્ડિકેટને પરત મોકલી આપશે. સેનેટે સૂચવેલા કોઇપણ સુધારા સાથેના આવી રીતે પરત મોકલેલા |

| | | | |
|---|---|---|---|
| | | કોઇપણ મુસદ્દા ઉપર સિન્ડિકેટ વધુ વિચારણા કરી રહે, ત્યારબાદ તેના ઉપરના સિન્ડિકેટના અહેવાલ સાથે સેનેટને તે ફરી સાદર કરવો અને ત્યારબાદ સેનેટ તેને યોગ્ય લાગે તેવી કોઇપણ રીતે તે મુસદ્દાનો નિકાલ કરી શકશે. | |
| | ૫ | જ્યારે કોઇ ધારો કોઇ અધિકારી, સત્તામંડળની અથવા યુનિવર્સિટી મંડળની સત્તા અથવા ફરજોને સ્પર્શ કરતો હોય ત્યારે, | |
| | | ૧ | એવા ધારાના મુસદદાની દરખાસ્ત મૂકતા પહેલા સિન્ડિકેટે તે અધિકારી, સત્તામંડળની અથવા સંબંધીત મંડળના વિચારો જાણવા અને તેને ધ્યાનમાં લેવાના રહેશે અને |
| | | ૨ | સેનેટ પોતાની જ દરખાસ્તથી વિચારેલો આવો કોઇ ધારો પસાર કરતા પહેલા તે અધિકારીના, સત્તામંડળની અથવા સંબંધીત મંડળના વિચારો અને સિન્ડિકેટનો અભિપ્રાય જાણવો અને તેને ધ્યાનમાં લેવાના રહેશે. |
| | ૬ | સેનેટ દ્વારા પસાર કરવામાં આવેલ દરેક ધારો કુલાધિપતિને મોકલવામાં આવશે જેને તેઓ સંમતિ આપી શકશે યા આપવાની ના પાડી શકશે અથવા સેનેટને ફરીથી ધ્યાન ઉપર લેવા સંબોધી શકશે. | |
| | ૭ | કુલાધિપતિ મંજૂરી આપે નહીં ત્યાં સુધી સેનેટે પસાર કરેલો કોઇપણ ધારો કાયદેસર ગણાશે નહી. | |
| | | | |
| **<u>અધ્યાદેશ</u> ઃ** | | | |
| ૩૧ | આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ અથવા તે મુજબ ઠરાવવામાં આવે તેવી શરતોને આધીન રહીને સિન્ડિકેટ નીચેની તમામ અથવા કોઇપણ બાબત માટે જોગવાઇ કરવા માટે અધ્યાદેશ ઘડી શકશે ઃ | | |
| | ૧ | વિદ્યાર્થીઓને પદવીઓ, ડિપ્લોમા અને અન્ય શૈક્ષણિક અભ્યાસક્રમમાં દાખલ કરવાની શરતો. | |
| | ૨ | પરીક્ષકોની નિમણૂંક અને તેમની ફરજોની શરતો. | |
| | ૩ | પરીક્ષાઓનું સંચાલન | |
| | ૪ | યુનિવર્સિટીના શિક્ષકોને માન્યતા | |
| | ૫ | યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના રહેઠાણ,વર્તણૂંક અને શિસ્તની શરતો | |
| | ૬ | છાત્રાલયોની માન્યતા | |
| | ૭ | સંલગ્ન કોલેજો,માન્ય સંસ્થાઓ, મંજૂર કરેલી સંસ્થાઓ અને છાત્રાલયોની તપાસ બાબત. | |
| | ૮ | વિદ્યાર્થીઓ કોલેજ બદલે ત્યારે કોલેજોએ અને માન્ય કરેલી સંસ્થાઓએ અને મંજૂર કરેલી સંસ્થાઓએ પાલન કરવાના અને અમલમાં મૂકવાના નિયમો. | |
| | ૯ | યુનિવર્સિટી માટે અને તેના તરફે કરાર અથવા કબૂલાત કરી આપવાની રીત. | |
| | ૧૦ | આ અધિનિયમ અથવા ધારાથી જે બાબતો અધ્યાદેશની રુએ ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી તમામ બાબતો અને | |
| | ૧૧ | સામાન્ય રીતે તેવી તમામ બાબતો જે અંગે સિન્ડિકેટને આ અધિનિયમથી અથવા ધારાઓથી મળેલી સત્તાઓ વાપરવા તથા તેના ઉપર મૂકવામાં આવેલી ફરજો બજાવવા માટે સિન્ડિકેટના મતે જોગવાઇ કરવી જરુરી હોય. | |

| | | |
|---|---|---|
| **અધ્યાદેશ કરવા બાબતઃ** | | |
| ૩૨ | ૧ | સિન્ડિકેટ દ્વારા અધ્યાદેશો ઘડવામાં આવશે, પરંતુ કલમ ૩૧ ના ક્લોઝ ૧ થી ૪માં નિર્દીષ્ટ કરેલી બાબતો માટેનો અથવા યુનિવર્સિટીના શિક્ષણના અને પરીક્ષાના ધોરણો જાળવી રાખવા સાથે સંબંધ ધરાવતી અન્ય કોઇ બાબતો માટેનો ત્યાં કોઇ અધ્યાદેશ તેના મુસદ્દાની દરખાસ્ત જ્યાં સુધી એકેડેમીક કાઉન્સીલે કરી ન હોય ત્યાં સુધી કરી શકશે નહી. |
| | ૨ | પેટા કલમ ૧ મુજબ એકેડેમીક કાઉન્સીલે જેની દરખાસ્ત કરી હોય તેવા કોઇ પણ મુસદ્દામાં સુધારો કરવાની સત્તા સિન્ડિકેટને રહેશે નહીં, પરંતુ સિન્ડિકેટ તે નામંજૂર કરી શકશે અથવા તે આખો મુસદ્દો અથવા તેનો કોઇ ભાગ પોતે સૂચવે તેવા સુધારા સાથે ફરી વિચારણા માટે એકેડેમિક કાઉન્સીલને પરત મોકલી શકશે. |
| | ૩ | સિન્ડિકેટે કરેલા તમામ અધ્યાદેશો, આ અધિનિયમથી ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય, તે ફરમાવે તે તારીખથી અમલમાં આવશે પણ તે રીતે કરવામાં આવેલો દરેક અધ્યાદેશ સેનેટ સમક્ષ રજુ કરવો જોઇશે અને સેનેટે ત્યાર પછીની બીજી બેઠકમાં તેની ઉપર વિચારણા કરવાની રહેશે. |
| | ૪ | ઠરાવ કરીને એવો કોઇપણ અધ્યાદેશ રદ કરવાની અથવા પરત મોકલવાની સત્તા સેનેટને રહેશે પરંતુ તેને સુધારવાની સત્તા રહેશે નહીં. એવા કોઇ અધ્યાદેશને રદ કરવાનો ઠરાવ તેવી બેઠકમાં ગેરહાજર રહેલા સભ્યોની ઓછામાં ઓછી બે તૃતીયાંશ જેટલી બહુમતીથી પસાર થઇ શકશે પરંતુ તે બહુમતી સેનેટના ઓછામાં ઓછા અડધા સભ્યોની હોવી જોઇશે. |
| | ૫ | સેનેટના ઓછામાં ઓછા એક તૃતીયાંશ સભ્યોની અરજીથી, પેટા કલમ ૩ માં ઠરાવ્યા પ્રમાણે સેનેટ ધ્યાનમાં લે નહિં ત્યાં સુધી, આવા કોઇપણ અધ્યાદેશનો અમલ કુલપતિએ મોકૂફ રાખવાનો રહેશે. |
| | | |
| **વિનિયમો અને નિયમોઃ** | | |
| ૩૩ | ૧ | એકેડેમીક કાઉન્સીલ અથવા જે કેસ હોય તે, વિદ્યાશાખા એકેડેમીક કાઉન્સીલની સંમતિને આધીન રહીને આ અધિનિયમ, ધારા અને અધ્યાદેશોની રુએ જે બાબતો વિનિયમોથી ઠરાવવાની હોય તે તમામ બાબતો અને માત્ર પોતાને લગતી હોય તેવી અન્ય તમામ બાબતોની જોગવાઇ કરવા માટે આ અધિનિયમ, ધારા અને અધ્યાદેશને સુસંગત વિનિયમો કરી શકશે. |
| | ૨ | કલમ ૧૫ ના ક્લોઝ ૫ થી ૧૦માં નિર્દીષ્ટ કરેલુ યુનિવર્સિટીનું કોઇપણ સત્તામંડળ, સિન્ડિકેટની સંમતિને આધીન રહીને, માત્ર એવા સત્તામંડળને લગતી હોય તેવી તમામ બાબતોની જોગવાઇ કરવા માટે આ અધિનિયમ, ધારા, અધ્યાદેશો અને વિનિયમોને સુસંગત નિયમો ઘડી શકશે. |

## પ્રકરણ છઠ્ઠુ
## સંલગ્નતા, માન્યતા અને મંજૂરી

**સંલગ્નતા :**

| | | | |
|---|---|---|---|
| ૩૪ | ૧ | સંલગ્નતા માટે યુનિવર્સિટીમાં અરજી કરનારી કોલેજે કુલસચિવને અરજીનો પત્ર મોકલી સિન્ડિકેટ અને એકેડેમીક કાઉન્સીલને ખાતરી આપવાની રહેશે કે : | |
| | | એ | કોલેજમાં જે પ્રકારનું શિક્ષણ આપવાનું ધાર્યું હોય તે શિક્ષણ નજીકમાં આવેલી અન્ય કોલેજોમાં તેવા જ પ્રકારના શિક્ષણ માટે હાલમાં જે જોગવાઇ હોય અને જે સ્થળે કોલેજ સ્થાપવાની હોય તે સ્થળનો વિસ્તાર કોલેજને માટે લાયક છે તે લક્ષમાં લઇને કોલેજ તે સ્થાનિક વિસ્તારની જરુરીયાત પૂરી પાડશે તે બાબત. |
| | | બી | કોલેજનું સંચાલન વિધિસર રચાયેલ વ્યવસ્થાપક મંડળ કરશે |
| | | સી | શૈક્ષણિક સ્ટાફની સંખ્યા અને લાયકાતો અને તેમના હોદ્દાની મુદત દર્શાવતી શરતો એવી રખાશે કે કોલેજમાં અપાતા શિક્ષણ, અધ્યાપન અથવા તાલીમના અભ્યાસ માટે યોગ્ય જોગવાઇ થઇ શકશે. |
| | | ડી | કોલેજના વપરાશનું મકાન અનુકૂળ છે અને પોતાના મા બાપો અથવા વાલીઓ સાથે ન રહેતા વિદ્યાર્થીઓને કોલેજમાં રહેવા માટે અને કોલેજે મંજૂર કરેલા નિવાસગૃહમાં રહેવા માટે તથા વિદ્યાર્થીઓ ઉપર દેખરેખ રાખવા અને તેમની સુખાકારી માટે અધ્યાદેશો મુજબ જોગવાઇ કરવામાં આવશે. |
| | | ઇ | પુસ્તકાલય માટે યોગ્ય જોગવાઇ કરવામાં આવી છે અથવા કરવામાં આવશે . |
| | | એફ | પ્રયોગાત્મક વિજ્ઞાનની કોઇપણ શાખાના જોડાણ માટે અરજી કરવામાં આવી હોય ત્યારે યોગ્ય રીતે સાધન સજ્જ પ્રયોગશાળા અથવા સંગ્રહાલયમાં વિજ્ઞાનની તે શાખામાં શિક્ષણ આપવા માટે ધારા, અધ્યાદેશો અને વિનિયમોની જોગવાઇઓને અનુરુપ વ્યવસ્થા કરવામાં આવી છે અથવા કરવામાં આવશે. |
| | | જી | આચાર્ય અને શૈક્ષણિક સ્ટાફમાના કેટલાક શિક્ષકોને કોલેજમાં અથવા કોલેજની નજીક અથવા વિદ્યાર્થીઓના નિવાસ માટે પૂરી પાડવામાં આવેલી જગાની નજીક રહેવા માટે સંજોગો અનુકૂળ ન હોય ત્યાં સુધી યોગ્ય જોગવાઇ કરવામાં આવશે. |
| | | એચ | કોલેજ ના નાંણાકીય સ્ત્રોત એવા છે કે તેના ચાલુ નિભાવ માટે અને તેને કાર્યક્ષમતાથી ચલાવવા માટે યોગ્ય જોગવાઇ થઇ શકશે અને |
| | | આઇ | વિદ્યાર્થીઓ એ ચુકવવાની ફી ઠરાવતા કોલેજના નિયમો હોય તો તે , એવી રીતે ઘડવામાં નથી આવ્યા કે પાસેની બીજી કોઇ ચાલુ કોલેજની સાથે કેળવણીના હિતને નુકશાન થાય એવી હરીફાઇ ઊભી થાય. |

| | | | |
|---|---|---|---|
| | ૨ | તે અરજીમાં એવી ખાતરી હોવી જોઇએ કે કોલેજની સંલગ્નતા થયા બાદ, વહીવટની કોઇપણ ફેરબદલી બાબત અને શિક્ષક વર્ગમાના તમામ ફેરફારો બાબત અને અન્ય ફેરફારો ને લઇને અગાઉ જણાવેલી કોઇપણ જરુરીયાતો પરિપૂર્ણ થતી નહોય અથવા પરિપૂર્ણ થયાનું ચાલુ રહયું ન હોય તે તમામ ફેરફારો બાબત સિન્ડિકેટને તુરંત જાણ કરવામાં આવશે. | |
| | ૩ | પેટા કલમ ૧ મુજબ અરજી પત્ર મળયેથી સિન્ડિકેટ, | |
| | | એ | આ માટે સિન્ડિકેટે અધિકૃત કરેલી લાયક વ્યકિત અથવા વ્યકિતઓને પેટા કલમ ૧ મા નિર્દીષ્ટ કરેલી બાબતો અને અન્ય જરુરી અને યોગ્ય ગણાય તેવી બાબતો સંબંધમાં સ્થાનિક તપાસ કરવા ફરમાવવું. |
| | | બી | તેને જરુરી જણાંય તેવી અન્ય વધારાની તપાસ કરવી. |
| | | સી | અરજદારે પોતાને જણાવવામાં આવેલી શરતો પૈકી કોઇપણ શરતની પુનઃ વિચારણા માટે વિનંતી કરી હોય તો તે વિચારમાં લેવી. |
| | | ડી | પેટા કલમ ૧ ના કલોઝ એ,બી અને ડી મુજબ કોઇ તપાસનું પરિણામ જણાવીને,અરજી આખી અથવા અંશતઃ સ્વીકારવી કે નામંજૂર કરવી તે પ્રશ્ન ઉપર એકેડેમિક કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કરી પોતાનો મત નોંધવો. |
| | ૪ | કુલસચિવે તે અરજી અને તેને લગતી એકેડેમીક કાઉન્સિલની અને સિન્ડિકેટની તમામ કાર્યવાહીઓ થઇ હોય તે રાજય સરકારને સાદર કરવી અને રાજય સરકારે પોતાને જરુરી લાગે તેવી તપાસ પછી તે અરજી અથવા તેનો કોઇપણ ભાગ સ્વીકારવો અથવા નામંજૂર કરવો. | |
| | ૫ | જયારે અરજી અથવા તેનો કોઇપણ ભાગ સ્વીકારવામાં આવે ત્યારે રાજય સરકારના હુકમમાં જે શિક્ષણના અભ્યાસક્રમના સંબંધમાં કોલેજનું જોડાણ થયું હોય તેનો નિર્દેશ કરવો અને જયારે અરજી અથવા તેનો કોઇપણ ભાગ સ્વીકારવામાં ન આવે ત્યારે તે નામંજૂર કરવાના કારણો દર્શાવવાના રહેશે. | |
| | ૬ | રાજય સરકારના હુકમ થયા બાદ બનતી ત્વરાએ, કુલસચિવે તે અરજી સંબંધી, પેટા કલમ ૩ થી ૫ મુજબ તે અંગે લેવામાં આવેલા પગલા સંબંધી અરજીને લગતી તમામ કાર્યવાહીઓનો પૂરેપૂરો અહેવાલ સેનેટને સાદર કરવો. | |
| | ૭ | પેટા કલમ ૧ મુજબની અરજી,પેટા કલમ ૪ અન્વયે કોઇ હુકમ કરવામાં આવે તે પહેલા કોઇપણ સમેય પરત ખેંચી શકાશે. | |
| **<u>સંલગ્નતાની હદમાં વધારો :</u>** | | | |
| ૩૫ | કોઇ કોલેજ,શિક્ષણના જે અભ્યાસક્રમ માટે તેની સંલગ્નતા હોય તેમાં વધારો કરવા માંગે ત્યારે કલમ ૩૪ માં ઠરાવેલી રીતે શકય હોય ત્યાં સુધી અનુસરવી. | | |
| | | | |
| **<u>સંશોધન અને અમુક વિશિષ્ટ અભ્યાસની સંસ્થાઓને માન્ય કરવા બાબત :</u>** | | | |
| ૩૬ | ૧ | એકેડેમીક કાઉન્સીલ સાથે વિચાર વિનિમય કરીને સિન્ડિકેટને કોલેજ સિવાયની સંશોધન અને અમુક વિશિષ્ટ અભ્યાસની સંસ્થાઓને માન્ય કરેલી સંસ્થા તરીકે સ્વીકારવાનો અધિકાર રહેશે. | |

| | | | |
|---|---|---|---|
| | ૨ | આવી માન્યતા મેળવવા માંગતી સંસ્થાએ કુલસચિવને અરજી મોકલી નીચેની બાબતો અંગે તે અરજીમાં પૂરેપૂરી માહીતી આપવાની રહેશે : | |
| | | એ | વ્યવસ્થાપક મંડળની રચના અને તેના સભ્યો. |
| | | બી | માંગવામાં આવેલ માન્યતાના વિષયો અને અભ્યાસક્રમો. |
| | | સી | જગાની સગવડ, સાધનસામગ્રી, પુસ્તકાલયની સગવડ અને જોગવાઇ કરેલી અથવા કરવા ધારેલી વિદ્યાર્થીની સંખ્યા. |
| | | ડી | શિક્ષકોની સંખ્યા, તેમની લાયકાતો અને પગારો અણે તેમણે કરેલ સંશોધન કાર્ય |
| | | ઇ | રાખવામાં આવેલી ફી અથવા જે ફી રાખવાનું ધાર્યું હોય તે ફી અને મકાન તથા સાધનસામગ્રી માટેના મુળ ખર્ચ માટે અને સંસ્થાના ચાલુ નિભાવ અને કાર્યક્ષમતાના પાલન માટે કરવામાં આવેલ નાંણાકીય જોગવાઇ. |
| | ૩ | અરજીને ધ્યાનમાં લેતા પહેલા સિન્ડિકેટને જુરુરી લાગે તેવી કોઇ વધારાની માહીતી મંગાવી શકશે. | |
| | ૪ | જો સિન્ડિકેટ અરજીને ધ્યાનમાં લેવાનુ નકકી કરે તો તે આ અર્થે તેણે અધિકૃત કરેલ યોગ્ય વ્યકિત અથવા વ્યકિતઓને સ્થાનિક તપાસ કરવાનું ફરમાવી શકશે. એવી સ્થાનિક તપાસના પરિણામે કરવામાં આવેલ રીપોર્ટ ઉપર વિચાર કર્યા બાદ અને તેને જુરુરી લાગે તેવી વધુ તપાસ કર્યા બાદ, સિન્ડિકેટે, એકેડેમીક કાઉન્સીલનો અભિપ્રાય મેળવ્યા બાદ અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર અથવા નામંજૂર  કરવો. તે અરજી અથવા તેનો કોઇ ભાગ મંજૂર કરવામાં આવે ત્યારે, સિન્ડિકેટે જે વિષયો અને શિક્ષણના અભ્યાસક્રમ માટે સંસ્થાને માન્ય કરી હોય તેનો નિર્દેશ કરવો અને એકેડેમીક કાઉન્સિલ અને સેનેટને ત્યારબાદની તેમની સભામાં તે મતલબનો રીપોર્ટ કરવો. જ્યારે અરજી અથવા તેનો કોઇપણ ભાગ નામંજૂર કરવામાં આવે ત્યારે તે નામંજૂર કર્યાના કારણો જણાવવા. | |
| **<u>સંસ્થાઓને મંજૂરી આપવા બાબત :</u>** | | | |
| ૩૭ | ૧ | એકેડેમીક કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કર્યા બાદ, સિન્ડિકેટને કોઇ સંસ્થાને એક જ લાયકાત ધરાવતા શિક્ષકના માર્ગદર્શન હેઠળ અમુક વિશિષ્ટ અભ્યાસ , પ્રયોગશાળાના કામ , ઇન્ટર્નશીપ , સંશોધન અથવા અન્ય વિદ્યાવિષયક કામ માટે “મંજૂર કરેલી સંસ્થા” તરીકે મંજૂર કરવાનો અધિકાર રહેશે. | |
| | ૨ | આવી મંજૂરી મેળવવા માંગતી સંસ્થાએ કુલસચિવને અરજી મોકલી નીચેની બાબતો અંગે તે અરજીમાં પૂરેપૂરી માહીતી આપવાની રહેશે : | |
| | | એ | જે શિક્ષક હેઠળ મંજૂર કરેલું  કામ કરવાનું હોય તે શિક્ષકનું નામ, લાયકાતો, અનુભવ અને સંશોધન કામ. |
| | | બી | કામનો પ્રકાર અથવા જેના ઉપર કામ કરવાનું ધાર્યું હોય તે વિષયો |

| | | | |
|---|---|---|---|
| | | સી | જગાની સગવડ, સાધનસામગ્રી, પુસ્તકાલયની સગવડ અને જોગવાઇ કરેલી અથવા કરવા ધારેલી વિદ્યાર્થીની સંખ્યા. |
| | | ડી | રાખવામાં આવેલી ફી અથવા જે ફી રાખવાનું ધાર્યું હોય તે ફી અને મકાન તથા સાધનસામગ્રી માટેના મુળ ખર્ચ માટે અને સંસ્થાના ચાલુ નિભાવ અને કાર્યક્ષમતાના પાલન માટે કરવામાં આવેલ નાંણાકીય જોગવાઇ. |
| | ૩ | અરજીને ધ્યાનમાં લેતા પહેલા સિન્ડિકેટને જુરૂી લાગે તેવી કોઇ વધારાની માહીતી મંગાવી શકશે. | |
| | ૪ | જો સિન્ડિકેટ અરજીને ધ્યાનમાં લેવાનુ નકકી કરે તો તે આ અર્થે તેણે અધિકૃત કરેલ યોગ્ય વ્યકિત અથવા વ્યકિતઓને સ્થાનિક તપાસ કરવાનું ફરમાવી શકશે. એવી સ્થાનિક તપાસના પરિણામે કરવામાં આવેલ રીપોર્ટ ઉપર વિચાર કર્યા બાદ અને તેને જુરુી લાગે તેવી વધુ તપાસ કર્યા બાદ, સિન્ડિકેટે, એકેડેમીક કાઉન્સીલનો અભિપ્રાય મેળવ્યા બાદ અરજી અથવા તેનો કોઇપણ ભાગ મંજૂર અથવા નામંજૂર કરવો. તે અરજી અથવા તેનો કોઇ ભાગ મંજૂર કરવામાં આવે ત્યારે, સિન્ડિકેટે જે વિષયો અને શિક્ષણના અભ્યાસક્રમ માટે સંસ્થાને માન્ય કરી હોય તેનો નિર્દેશ કરવો અને એકેડેમીક કાઉન્સિલ અને સેનેટને ત્યારબાદની તેમની સભામાં તે મતલબનો રીપોર્ટ કરવો. જ્યારે અરજી અથવા તેનો કોઇપણ ભાગ નામંજૂર કરવામાં આવે ત્યારે તે નામંજૂર કર્યાના કારણો જણાવવા. | |
| **કોલેજની તપાસ અને અહેવાલો :** | | | |
| ૩૮ | ૧ | એકેડેમીક કાઉન્સીલ સાથે વિચાર વિનિમય કરીને સિન્ડિકેટ માંગે તેવા અહેવાલો, પત્રકો અને અન્ય માહિતી દરેક સંલગ્ન કોલેજ, માન્ય સંસ્થાએ અને મંજૂર કરેલી સંસ્થાએ પૂરી પાડવાની રહેશે જેથી સિન્ડિકેત તે કોલેજ અથવા સંસ્થાની કાર્યક્ષમતા વિષે નિર્ણય કરી શકે. | |
| | ૨ | સિન્ડિકેટે આ માટે અધિકૃત કરેલી લાયકાત ધરાવતી એક અથવા વધારે વ્યકિતઓ પાસે આવી દરેક કોલેજની અથવા સંસ્થાની વખતો વખત તપાસ કરાવવી. | |
| | ૩ | આ મુજબ તપાસાયેલી કોઇપણ કોલેજ અથવા સંસ્થાને સિન્ડિકેટે નિર્દીષ્ટ કરેલા સમયમાં કલમ ૩૪ ની પેટા કલમ ૧ અને કલમ ૩૬ ની પેટા કલમ ૨ અથવા જે કેસ હોય તે કલમ ૩૭ ની પેટા કલમ ૨ મા નિર્દીષ્ટ કરેલી કોઇ બાબત સંબંધમાં તેને જુરુી જણાંય એવું પગલું લેવા ફરમાવી શકશે. | |
| | | | |
| **સંલગ્નતા પરત ખેંચવા બાબત :** | | | |
| ૩૯ | ૧ | જો કોલેજ કલમ ૩૪ ની પેટા કલમ ૧ ની જોગવાઇઓની કોઇપણ જોગવાઇનો અમલ ન કરે અથવા તેની સંલગ્નતાની શરતોનું પાલન ન કરે અથવા શિક્ષણના હિતને બાધ આવે તેવી રીતે તે કોલેજ ચલાવવામાં આવતી હોય તો સદરહુ સંલગ્નતાથી કોલેજને આપવામાં આવેલ તમામ અથવા થોડા હકકો પરત લેવામાં આવશે અથવ તેમાં ફેરફાર કરી શકાશે. | |

| | | |
|---|---|---|
| | ૨ | ફક્ત સિન્ડિકેટમાં જ આવા હકો પરત લેવા અથવા તેમાં ફેરફાર કરવા બાબતની દરખાસ્ત લાવી શકાશે. આવી દરખાસ્ત લાવવા માંગતા સિન્ડિકેટના સભ્યે તે બાબતની નોટીસ આપવી જોઇશે અને જે કારણસર તે દરખાસ્ત લાવવામાં આવી હોય તેના કારણો લખી જણાવવા પડશે. |
| | ૩ | સદરહુ દરખાસ્તને ધ્યાનમાં લેતા પહેલા, સિન્ડિકેટે સંબંધ ધરાવતી કોલેજના આચાર્યને પેટા કલમ ૨ માં જણાવેલી નોટીસ અને લેખિત નિવેદનની નકલ મોકલી આપવી અને તે સાથે એવી સૂચના મોકલવી કે તે સૂચનામાં નિર્દીષ્ટ કરેલા સમયની અંદર કોલેજ તરફથી રજુ કરવામાં આવેલ કોઇપણ લેખિત રજુઆત સિન્ડિકેટ ધ્યાનમાં લેશે,<br>પરંતુ સિન્ડિકેટ એ મુજબ નિર્દીષ્ટ કરેલી મુદત જરૂર જણાંય તો વધારી શકશે. |
| | ૪ | રજુઆત મળયેથી અથવા પેટા કલમ ૩ માં નિર્દીષ્ટ કરેલી મુદત પૂર્ણ થયેથી, સિન્ડિકેટે દરખાસ્તની નોટીસ, નિવેદન અને રજુઆત ઉપર વિચાર કરીને અને આ અર્થે સિન્ડિકેટે અધિકાર આપેલી લાયકાત ધરાવતી કોઇપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓએ આવી તપાસ કાર્યા બાદ તેને જુરૂી લાગે તેવી વધારાની તપાસ કર્યા પછી અને એકેડેમીક કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કર્યા પછી સેનેટને રિપોર્ટ કરવો. |
| | ૫ | પેટા કલમ ૪ હેઠળ રિપોર્ટ મળયેથી સનેટ તેને જુરૂી લાગે તેવી વધારાની તપાસ જો કાંઇપણ હોયતો તે કરીને તે બાબતમાં પોતાનો અભિપ્રાય નોંધશે,<br>પરંતુ આપેલી સંલગ્નતા પરત ખેંચી લેવાની ભલામણ કરતા કોઇ ઠરાવને સેનેટે પસાર કરેલો ગણાશે નહીં, સિવાય કે સેનેટની બેઠકમાં હાજર સભ્યોના નિદાન બે તૃતીયાંશ ભાગનો ટેકો મળયો હોય અને આવી બહુમતી સેનેટના સભ્યોની સંખ્યાના અડધા ભાગથી ઓછી નહીં હોય. |
| | ૬ | કુલસચિવે તે અરજી અને તેને લગતી એકેડેમીક કાઉન્સિલની અને સિન્ડિકેટની તમામ કાર્યવાહીઓ થઇ હોય તે રાજ્ય સરકારને સાદર કરવી અને રાજ્ય સરકારે પોતાને જુરૂી લાગે તેવી વધારાની તપાસ કરવી હોય તો તે કરીને પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો અને તેની સેનેટને જાણ કરવી. |
| | ૭ | જ્યારે સંલગ્નતાથી આપવામાં આવેલ હકકો, પેટા કલમ ૬ મુજબ હુકમથી અથવા થોડા લઇ લેવામાં આવે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યારે એવી રીતે લઇ લેવા માટે અથવા ફેરફાર કરવા માટેના કારણો હુકમમાં જણાવવાના રહેશે. |
| **<u>માન્યતા પરત ખેંચવા બાબત</u>** ઃ | | |
| ૪૦ | ૧ | જો કોઇ સંસ્થા માન્યતાની કોઇપણ શરતનું પાલન ન કરે અથવા શિક્ષણના હિતને બાધ આવે તેવી રીતે તે સંસ્થા ચલાવવામાં આવતી હોય તો સદરહુ માન્યતાને લીધે તે સંસ્થાને આપવામાં આવેલ તમામ અથવા થોડા હકકો પરત ખેંચી લેવામાં આવશે અથવા કોઇપણ મુદત માટે મોકૂફ રાખી શકાશે. |
| | ૨ | ફક્ત સિન્ડિકેટમાં જ આવી રીતે માન્યતા પરત ખેંચી લેવા અથવા મોકૂફ રાખવા બાબતની દરખાસ્ત લાવી શકાશે. આવી દરખાસ્ત લાવવા માંગતા |

| | | |
|---|---|---|
| | | સિન્ડિકેટના સભ્યે તે બાબતની નોટીસ આપવી જોઇશે અને જે કારણસર તે દરખાસ્ત લાવવામાં આવી હોય તેના કારણો લખી જણાવવા પડશે. |
| | ૩ | સદરહુ દરખાસ્તને ધ્યાનમાં લેતા પહેલા, સિન્ડિકેટે સંબંધ ધરાવતી કોલેજના આચાર્યને પેટા કલમ ૨ માં જણાવેલી નોટીસ અને લેખીત નિવેદનની નકલ મોકલી આપવી અને તે સાથે એવી સૂચના મોકલવી કે તે સૂચનામાં નિર્દીષ્ટ કરેલા સમયની અંદર કોલેજ તરફથી રજુ કરવામાં આવેલ કોઇપણ લેખિત રજુઆત સિન્ડિકેટ ધ્યાનમાં લેશે,<br>પરંતુ સિન્ડિકેટ એ મુજબ નિર્દીષ્ટ કરેલી મુદત જુરુ જણાંય તો વધારી શકશે. |
| | ૪ | રજુઆત મળયેથી અથવા પેટા કલમ ૩ માં નિર્દીષ્ટ કરેલી મુદત પૂર્ણ થયેથી, સિન્ડિકેટે દરખાસ્તની નોટીસ, નિવેદન અને રજુઆત ઉપર વિચાર કરીને અને આ અર્થે સિન્ડિકેટે અધિકાર આપેલી લાયકાત ધરાવતી કોઇપણ વ્યકિત અથવા વ્યકિતઓએ આવી તપાસ કર્યા બાદ તેને જુરુી લાગે તેવી વધારાની તપાસ કર્યા પછી અને એકેડેમીક કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કર્યા પછી જો સિન્ડિકેટ એમ નકકી કરે કે માન્યતા પરત ખેંચી લેવી જોઇએ અથવા મોકૂફ રાખવી જોઇએ તો સેનેટને તેવો રીપોર્ટ કરવો. માન્યતા પરત ખેંચી લેવા માટે અથવા મોકૂફ રાખવા માટેનો આવો કોઇ રીપોર્ટ તે પ્રમાણેના ઠરાવને સિન્ડિકેટની બેઠક વખતે હાજર રહેલા સભ્યોના ઓછામાં ઓછા બે તૃતીયાંશ ભાગનો ટેકો મળયો ન હોય તો કરવામાં આવશે નહી. |
| | ૫ | પેટા કલમ ૪ હેઠળ રીપોર્ટ મળયેથી સનેટ તેને જુરુી લાગે તેવી વધારાની તપાસ કરવી હોય તો તે કરીને જે કેસ હોય તે મુજબ માન્યતા પરત ખેંચી લેવી કે મોકૂફ રાખવી તે નકકી કરવું ,<br>પરંતુ સેનેટની માન્યતા પરત ખેંચી લેવા અથવા મોકૂફ રાખવાના ઠરાવને સેનેટની બેઠકમાં હાજર સભ્યોના ઓછામાં ઓછા બે તૃતીયાંશ ભાગનો ટેકો મળયો ન હોય અને આવી બહુમતી સેનેટના સભ્યોની સંખ્યાના અડધા ભાગથી ઓછી હોય તો માન્યતા પરત ખેંચી લેવામાં અથવા મોકૂફ રાખવામાં આવશે નહીં |
| **<u>મંજૂરી પરત ખેંચવા બાબત :</u>** | | |
| ૪૧ | ૧ | જો કોઇ સંસ્થા મંજૂરીની કોઇપણ શરતનું પાલન ન કરે અથવા શિક્ષણના હિતને બાધ આવે તેવી રીતે તેને સોંપવામાં આવેલ કામ ચલાવવામાં આવે અથવા યુનિવર્સિટીએ માન્ય રાખેલ શિક્ષક સંસ્થા છોડી જાય તો સિન્ડિકેટ મંજૂરીને લીધે તે સંસ્થાને આપવામાં આવેલ હકકો પરત ખેંચી લેવામાં આવશે અથવા કોઇપણ મુદત માટે મોકૂફ રાખી શકાશે. |
| | ૨ | કોઇપણ મંજૂર કરેલી સંસ્થા સંબંધમાં પેટા કલમ ૧ મુજબ કોઇ હુકમ કરતા પહેલા સિન્ડિકેટે લેખીત નોટીસ આપીને સંસ્થાને આવો હુકમ શા માટે ન કરવો તેનું કારણ નોટીસ મળયાની તારીખથી એક માસની અંદર જણાવવા ફરમાવવાનું રહેશે. કારણ દર્શાવવા માટે તેવી રીતે આપેલી મુદત જુરુ જણાંય તો સિન્ડિકેટ વધારી શકશે. |

| | | |
|---|---|---|
| | ૩ | નોટીસના જવાબ રુપે સંસ્થાએ કોઇ ખુલાસો આપેલો હોય તો તે મળયેથી અને આવો જવાબ ન મળયો હોય ત્યારે પેટા કલમ ૨ માં નિર્દીષ્ટ કરેલી મુદત પુરી થયેથી, સિન્ડિકેટ એકેડેમીક કાઉન્સિલ સાથે વિચાર વિનિમય કર્યા બાદ અને જરુરી જણાંય તેવી તપાસ કર્યા બાદ મંજૂરી પરત ખેંચી લેવી કે મોકૂફ રાખવી તે નક્કી કરવું અને તદનુસાર હુકમ કરવો. |

| | | |
|---|---|---|
| **પ્રકરણ ૭મું**<br>**અનુસ્નાતક શિક્ષણ** | | |
| **અનુસ્નાતક શિક્ષણ :** | | |
| ૪૨ | ૧ | યુનિવર્સિટી વિસ્તારની અંદર તમામ અનુસ્નાતક શિક્ષણ,અધ્યાપન અને તાલીમ યુનિવર્સિટીએ અથવા ધારાથી ઠરાવવામાં આવે તેવી સંલગ્ન કોલેજો અથવા સંસ્થાઓએ ધારાથી ઠરાવવામાં આવે તેવા વિષયોમાં આપવી. |
| | ૨ | યુનિવર્સિટી વિસ્તારની અંદર તમામ અનુસ્નાતક શિક્ષણ ,અધ્યાપન અને તાલીમની વ્યવસ્થા અને સંકલન કરવા યુનિવર્સિટી શિક્ષણ મંડળ નામનું એક મંડળ રચવું મંડળની રચના, સત્તા અને ફરજો ધારાથી ઠરાવવામાં આવશે. |
| | ૩ | તમામ અનુસ્નાતક વિભાગો, સામાન્ય રીતે યુનિવર્સિટીના મુખ્ય મથક ખાતે રાખવા તેમ છતાં યુનિવર્સિટી કોઇ પણ યુનિવર્સિટી વિભાગ તેના મુખ્ય મથક બહારના કોઇ સ્થળ અથવા સ્થળોએ સ્થાપી શકશે. |
| | ૪ | યુનિવર્સિટી , યુનિવર્સિટીના મુખ્ય મથક સિવાયના સ્થળોએ ધારા અને અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તે શરતોએ યુનિવર્સિટી કેન્દ્રો રાખી શકશે. |
| | | |

## <u>પ્રકરણ ૮મું</u>

## <u>દાખલ કરવા બાબત અને પદવીઓ</u>

**<u>યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે પ્રવેશ માટેની લાયકાતો</u> ઃ**

| | | | |
|---|---|---|---|
| ૪૩ | ૧ | | કોઇ વિદ્યાર્થીને યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે પ્રવેશ મળશે નહીં જ્યાં સુધી તેના દ્વારા નીચે જણાવેલ પરીક્ષાઓ પાસ કરવામાં આવેલ ન હોય, |
| | | ૧ | ધારાથી ઠરાવવામાં આવે તેવા વિષયોમાં અને અગીયારમાં ધોરણમાં માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અથવા ઉચ્ચ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા કે જે માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા મંડળ તરફથી લેવામાં આવતી પસાર કરી હોય અથવા |
| | | ૨ | રાજ્ય સરકારની સંમતિથી યુનિવર્સિટીએ યોજેલી અને ધારાથી ઠરાવવામાં આવે તેવા વિષયોમાં અને તેવી રીતે લેવામાં આવેલી પ્રવેશ પરીક્ષા, હોય તો તે પસાર કરી હોય અથવા |
| | | ૩ | ક્લોઝ ૧ અને ૨ માં જણાવેલી પરીક્ષાઓની સમાન કક્ષાની પરીક્ષા તરીકે ઠરાવવામાં આવે તેવી અન્ય કોઇ પરીક્ષા પાસ કરી હોય અને વધુ લાયકાત ધરાવતા હોય કે જે ધારા દ્વારા ઠરાવવામાં આવેલ હોય,<br>પરંતુ વિદ્યાર્થી કે જેણે માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ૧૦ માં ધોરણમાં પાસ કરેલ હોય કે જે ગુજરાત માધ્યમિક શિક્ષણ મંડળ દ્વારા લેવામાં આવેલ હોય એવા વિષયમાં અને એવા ધોરણમાં કે જેને ધારા દ્વારા નિયત કરવામાં આવેલ હોય અથવા અન્ય પરીક્ષા જેને સમાન પરીક્ષા તરીકે ઉપર જણાંવ્યા મુજબ પાસ કરી હોય તેને યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે પ્રવેશ તેવા ડીપ્લોમા અભ્યાસક્રમના હેતુ માટે આપવામાં આવશે જેને ધારા દ્વારા નિયત કરવામાં આવેલ હોય.<br><br>**સ્પષ્ટતા** ઃ આ કલમમાં ઉચ્ચ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા એટલે ૧૨ માં ધોરણની વિદ્યાર્થીઓની પરીક્ષા. |

**<u>વિદ્યાર્થીઓનો નિવાસ</u> ઃ**

| | |
|---|---|
| ૪૪ | યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાર્થીએ છાત્રાલય અથવા અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેવી રીતે નિવાસ કરવાનો રહેશે. |

**<u>પદવીઓ, ડિપ્લોમાં અને અન્ય શૈક્ષણિક વિશિષ્ટમાન</u> ઃ**

| | |
|---|---|
| ૪૫ | ધારાથી ઠરાવવામાં આવે તેવી પદવીઓ, ડિપ્લોમાં અને અન્ય શૈક્ષણિક વિશિષ્ટમાન સેનેટ ઊભા કરી શકશે અને આપી શકશે. |

| માનદ પદવી ઃ | | |
|---|---|---|
| ૪૬ | સિન્ડિકેટના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યો ભલામણ કરે કે કોઇ શખસ તેના ઉચ્ચ સ્થાન અને સિધ્ધિઓના કારણે,તેમના અભિગમ પ્રમાણે કોઇ માન પદવી અથવા અથવા અન્ય શૈક્ષણિક વિશિષ્ટમાન મેળવવાને યોગ્ય અને લાયક વ્યક્તિ છે અને તેમની ભલામણને સેનેટની બેઠકમાં હાજર રહેલા સેનેટ સભ્યોની બે તૃતીયાંશ અને સેનેટના ઓછામાં ઓછા અડધા સભ્યોની બનેલી બહુમતી ટેકો આપે અને તે ભલામણને કુલાધિપતિ મંજૂર કરે,તો સેનેટ એવી વ્યક્તિને કોઇ પરીક્ષા આપવાનું ફરમાવ્યા સિવાય તેને એવી ભલામણ કરેલી માનદ પદવી અથવા અન્ય શૈક્ષણિક વિશિષ્ટમાન આપી શકશે. | |
| **યુનિવર્સિટીના સભ્યપદેથી ખસેડવા અને પદવી અથવા ડિપ્લોમાં પરત ખેંચી લેવા બાબતઃ** | | |
| ૪૭ | ૧ | જો કોઇ વ્યક્તિ ઉપર કોર્ટ દ્વારા એવો ગુનો સાબિત કરવામાં આવ્યો હોય કે જે ગુનો સિન્ડિકેટ અને સેનેટના અભિપ્રાય મુજબ નૈતીક અધઃપતન જેવો ગંભીર ગુનો ગણાય અથવા તે વ્યક્તિ નાલેશીભર્યા વર્તન માટે ગુનેગાર ઠરી હોય, તો કુલાધિપતિ સિન્ડિકેટની અને સેનેટની જે ભલામણને તે દરેક મંડળની સભામાં હાજર રહેલા સભ્યોની ઓછામાં ઓછી બે તૃતીયાંશ અને દરેક મંડળના સભ્યોના ઓછામાં ઓછા અડધા સભ્યોની બનેલી બહુમતી ટેકો આપ્યો હોય તે ભલામણ ઉપરથી, તે વ્યક્તિનું નામ સ્નાતકોના રજીસ્ટરમાંથી કાઢી નાંખી શકશે અથવા તેના ડિપ્લોમાં અથવા પદવી પરત ખેંચી લઇ શકશે. |
| | ૨ | સંબંધીત વ્યક્તિને પોતાના બચાવમાં સાંભળવાની તક ધારાથી ઠરાવેલી રીતે આપ્યા સિવાય આ કલમ મુજબ કોઇ પગલુ લઇ શકાશે નહીં. |
| | | |

| | | |
|---|---|---|
| **પ્રકરણ ૯ મું**<br>**સમિતિઓ** | | |
| **પરીક્ષક સમિતિઓ ઃ** | | |
| ૪૭ એ | ૧ | દર વર્ષે દરેક વિદ્યાશાખાની એક સમિતિ યુનિવર્સિટીના પરીક્ષકની નિમણૂંકની યાદી ના હેતુ માટે રચવામાં આવશે જેમાં નીચેના સભ્યો રહેશે.<br>૧. ઉપ-કુલપતિ જો હોય તો અધ્યક્ષ હોદદાની રુએ<br>૨ સંબંધિત વિદ્યાશાખાના ડીન<br>૩. અભ્યાસ મંડળના અધ્યક્ષ<br>૪. અભ્યાસ મંડળના બે સભ્યો જેને કુલપતિ દ્વારા તે વર્ષ માટે નિયુક્ત કરવામાં આવેલ હોય. |
| | ૨ | સમિતી દ્વારા તૈયાર કરવામાં આવેલ પરીક્ષકોની યાદી એકેડેમીક કાઉન્સીલ થકી કુલપતિ સમક્ષ તેમની મંજૂરી માટે રજુ કરવામાં આવશે જે તેને યા તો મંજૂર કરશે અથવા તેના કારણો લેખીતમાં જણાવીને તેમાં ફેરફાર કરશે. |
| | ૩ | સમિતી દ્વારા એવી કાર્યવાહી અનુસરવામાં આવશે જેને ધારા દ્વારા ઠરાવવામાં આવેલ હશે. |
| ૪૮ | યુનિવર્સિટીના તમામ સત્તામંડળને સમિતિઓ નીમવાની સત્તા છે. સમિતી નીમનાર સત્તામંડળના સભ્ય ન હોય તવી વ્યક્તિઓને તેવી સમિતિઓમાં લઇ શકાશે. | |

| | | | |
|---|---|---|---|
| **<u>પ્રકરણ ૧૦ મું</u>**<br>**<u>નાંણા</u>** | | | |
| **<u>યુનિવર્સિટી ફંડ ઃ</u>** | | | |
| ૪૯ | ૧ | યુનિવર્સિટીએ યુનિવર્સિટી ફંડ નામનું એક ફંડ સ્થાપવાનું રહેશે. | |
| | ૨ | યુનિવર્સિટી ફંડ નીચેનાનું બનશે અથવા નીચેની વસ્તુઓ તે ફંડમાં આપી શકાશે. | |
| | | એ | રાજ્ય સરકાર/સંઘ સરકાર અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન તરફથી મળેલો ફાળો કે ગ્રાન્ટ. |
| | | બી | તમામ સ્ત્રોતથી થતી યુનિવર્સિટીની આવક જેમાં ફી અને ચાર્જ સમાવિષ્ટ છે. |
| | | સી | વારસાઇથી મળેલ દાન/દેણગી/બક્ષિસ અને અન્ય દાન હોય તો તે |
| | ૩ | યુનિવર્સિટી ફંડ/સિન્ડિકેટની મુનસફીથી/સને ૧૯૩૪ ના ભારતની રીઝર્વ બેંક બાબતના અધિનિયમમાં વ્યાખ્યા આપ્યા પ્રમાણેની કોઇ અનુસૂચીત બેંક અથવા તે હેતુ માટે રાજ્ય સરકારે મંજૂર કરેલી કોઇ સહકારી બેંકમાં રાખવું અથવા સન ૧૮૮૨ ના ભારતના ટ્રસ્ટો બાબતના અધિનિયમમાં અધિકૃત ગણેલી જામીનગીરીમાં રોકવું | |
| **<u>વાર્ષિક હિસાબો અને નાંણાકીય અંદાજો ઃ</u>** | | | |
| ૫૦ | ૧ | યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો સિન્ડિકેટની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવશે અને તે રાજ્ય સકરાર આગળ ઓડીટ કરવા માટે રજુ કરવામાં આવશે. | |
| | ૨ | સિન્ડિકેટે/હિસાબો ઓડીટ થયા બાદ તેની એક નકલ ઓડીટ રીપોર્ટ સાથે સેનેટને તથા રાજ્ય સરકારને સાદર કરવાની રહેશે. | |
| | ૩ | સિન્ડિકેટે ધારાથી ઠરાવવામાં આવે તે તારીખ પહેલા આગામી વર્ષ માટેના નાંણાકીય અંદાજો પણ તૈયાર કરવાના રહેશે . | |
| | ૪ | સેનેટ દ્વારા વાર્ષિક સભામાં વાર્ષિક હિસાબો અને નાંણાકીય અંદાજો ઉપર વિચાર કરવામાં આવશે અને સેનેટ તે સંબંધે ઠરાવ પસાર કરી શકશે અને સિન્ડિકેટ ને તે ઠરાવ મોકલી શકશે. સિન્ડિકેટે તે બાબત ઉપર વિચાર કરીને પોતાને યોગ્ય લાગે તેવા પગલા લેવાના રહેશે અને છેવટે હિસાબો તથા નાંણાકીય અંદાજો સ્વીકારવાના રહેશે. સિન્ડિકેટ સેનેટની અન્ય સભા વખતે પોતે શું પગલા લીધા છે તેની જાણ સેનેટને કરશે અથવા કોઇ પગલા ન લેવા માટે શુ કારણ હતા તે જણાવશે. | |
| | | | |

| | |
|---|---|
| **વાર્ષિક અહેવાલ ઃ** | |
| ૫૧ | યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ સિન્ડિકેટની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવશે અને ધારાથી ઠરાવવામાં આવે તે તારીખે અથવા તે પહેલા સેનેટને મોકલી આપવામાં આવશે અને સનેટ દ્વારા વાર્ષિક સભા વખતે તેને ધ્યાનમાં લેવામાં આવશે. સનેટ તે વિશે ઠરાવ કરી શકશે અને તે ઠરાવ સિન્ડિકેટને મોકલી શકશે. સિન્ડિકેટ પોતાને યોગ્ય લાગે તેવા પગલા લઇ શકશે અને સિન્ડિકેટે સેનેટની બીજી બેઠક વખતે પોતે શું પગલા લીધા છે તેની જાણ સેનેટને કરશે અથવા કોઇ પગલા ન લેવા માટે શુ કારણ હતા તે જણાવશે. |
| **પ્રકરણ ૧૧ મું**<br>**પૂરક જોગવાઇઓ** | |
| **નોકરીની શરતો ઃ** | |
| ૫૨ | આ અધિનિયમ અથવા આ અધિનિયમ મુજબ અન્ય રીતે ઠરાવ્યું હોય તે સિવાય યુનિવર્સિટીના દરેક પગારદાર અધિકારી તથા શિક્ષકની નિમણૂંક લેખીત કરાર હેઠળ કરવામાં આવશે. સદર કરારને યુનિવર્સિટીના કુલસચિવ પાસે જમા કરાવવામાં આવશે અને તેની નકલ સંબંધીત અધિકારી અથવા શિક્ષકને આપવામાં આવશે. |
| | |
| **કર્મચારીઓ અને અધિકારીઓ જાહેર સેવક ઃ** | |
| ૫૨ એ | યુનિવર્સિટીના દરેક અધિકારી તથા કર્મચારીઓ ને જાહેર સેવક તરીકે ગણવાના રહેશે જે ઇન્ડીયન પીનલ કોડની કલમ ૨૧ માં આપવામાં આવેલ વ્યાખ્યા મુજબ રહેશે.<br>સ્પષ્ટતા ઃ આ કલમના હેતુ માટે કોઇપણ વ્યકિત જેને યુનિવર્સિટી દ્વારા નિમણૂંક કરવામાં આવે વિશિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના વિશિષ્ટ કામ માટે, અથવા જેને મહેનતાણું વળતર ભથ્થા તરીકે અથવા કોઇ કામની ફી તરીકે કોઇ કામ યુનિવર્સિટી ફંડમાંથી કરવામાં આવે જ્યારે તેઓ તે કામ કરતા હોય ત્યારે અને તેવી ફરજ, કાર્ય કે જે આવી નિમણુંક અથવા કામ સાથે સંકળાયેલ હોય તે સંબંધમાં તેને યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી તરીકે ગણવાના રહેશે. |
| | |
| **લવાદી પંચ ઃ** | |
| ૫૩ | ગુજરાત યુનિવર્સિટી સર્વિસીઝ ટ્રીબ્યુનલ એક્ટ, ૧૯૮૩ મુજબ રદ કરવામાં આવેલ છે ૧૯૪૦નો દસમો |
| | |
| **પેંશન, વિમો અને પ્રોવીડન્ડ ફંડ ઃ ઃ** | |
| ૫૪ | યુનિવર્સિટીએ પોતાના અધિકારીઓ, શિક્ષકો અને અન્ય નોકરોના લાભ માટે વીમા, પેંશન અને પ્રોવીડન્ટ ફંડ જેવી બાબતો સંબંધમાં અથવા પોતાને ઠીક લાગે તેવા અન્ય લાભો માટે ધારાથી ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોએ યોગ્ય તજવીજ કરવાની રહેશે. |
| | |

| | | |
|---|---|---|
| **પ્રમાણસર પ્રતિનિધીત્વની પધ્ધતીથી ચૂંટણી કરવી ઃ** | | |
| ૫૫ | આ અધિનિયમ મુજબ કરેલી યુનિવર્સિટીના કોઇપણ સત્તામંડળની દરેક ચૂંટણી ધારાથી ઠરાવવામાં આવે તેવી રીતે મતપત્ર દ્વારા એક જ સંક્રમણીય મતથી પ્રમાણસર પ્રતિનિધીત્વની પધ્ધતી અનુસાર કરવાની રહેશે. | |
| | | |
| **પદત્યાગ ઃ હોદદો છોડવો ઃ** | | |
| ૫૬ | ૧ | યુનિવર્સિટીના કોઇ સત્તામંડળ કે મંડળનો કોઇ સભ્ય કુલસચિવ થકી કુલપતિને પત્ર લખીને પોતાના હોદ્દાનું રાજીનામુ આપી શકશે. અને કુલપતિ તે રાજીનામુ સ્વીકારે એટલે અથવા કુલપતિને પત્ર મળયાની તારીખથી ત્રીસ દિવસ પૂર્ણ થાય એટલે, બેમાંથી જે પ્રસંગ વહેલો બને ત્યારે, તેવા રાજીનામાનો અમલ કરવાનો રહેશે. |
| | ૨ | યુનિવર્સિટીના કોઇ સત્તામંડળ કે મંડળનો કોઇ સભ્ય સિન્ડિકેટના અભિપ્રાય મુજબ નૈતીક અધઃપતનના કોઇ ગુના માટે દોષીત ઠરે તો તે સભ્ય તરીકે ગણાતો બંધ થશે. |
| | | |
| **પ્રસંગોપાત ખાલી પડેલી જગ્યા પૂરવા બાબત ઃ** | | |
| ૫૭ | યુનિવર્સિટીના કોઇ સત્તામંડળ કે અન્ય કોઇ મંડળના (હોદદાની રુએ હોય તેવા સભ્ય સિવાયના અન્ય) સભ્યનો હોદ્દો તે સભ્યના હોદદાની મુદત પૂર્ણ થાય તે પહેલા, ખાલી પડે, તો તેવી જગા જેમ બને તેમ ત્વરીત પ્રસંગ પ્રમાણે, એક સભ્ય ચૂંટીને, નીમીને નિયુકત કરીને અથવા તેને કો-ઓપ્ટ કરીને પૂરવામાં આવશે અને તે સભ્યે પોતે જે સભ્યને બદલે ચૂંટાયેલ, નીમાયેલ, નિયુકત થયેલો અથવા કા-ઓપ્ટ કરે હોય તે સભ્ય તે જગા ખાલી પડી ન હોત તો જેટલો વખત તે હોદદો ધારણ કરતે તેટલો વખત જ તેણે તે હોદદો ધારણ કરવાનો રહેશે,<br><br>પરંતુ તે ખાલી પડેલ જગ્યા સેનેટના કોઇ ચૂટાંયેલા સભ્યની હોય અને તેવા સભ્યના હોદદાની મુદત પૂરી થવાની તારીખ પહેલાના છ માસની અંદર ખાલી પડે તો તે ખાલી જગ્યા પૂરવાની રહેશે નહી. | |
| | | |
| **જગ્યા ખાલી પડવાને લીધે કાર્યવાહીઓ ગેરકાયદેસર ગણાતી નથી ઃ** | | |
| ૫૮ | યુનિવર્સિટીના કોઇ સત્તામંડળ કે મંડળનું કોઇ કૃત્ય કે કાર્યવાહીઓ તેના કોઇ સભ્યની જગ્યા ખાલી પડી હોવાના કારણે જ ગેરકાયેદસર ગણાશે નહીં. | |
| | | |
| **યુનિવર્સિટીના સત્તામંડળ કે મંડળના બંધારણ ને લગતી તકરાર ઃ** | | |
| ૫૯ | જ્યારે કોઇ પ્રશ્ન, | |
| | ૧ | આ અધિનિયમની જોગવાઇના અર્થઘટન અથવા કોઇ ધારા, અધ્યાદેશ, વિનિયમ અથવા નિયમ અથવા |
| | ૨ | કોઇ વ્યકિતને યોગ્ય રીતે ચૂંટવામાં અથવા નીમવામાં આવી છે કે કેમ અથવા |

| | | |
|---|---|---|
| | | તે યુનિવર્સિટીના કોઇપણ સત્તામંડળ કે અન્ય મંડળના તેવા સભ્ય બનવા હકદાર છે કે હકદાર હોતા બંધ થયેલ છે કે કેમ,<br><br>એ. તો તેને રાજ્ય સરકારને સંબોધવામાં આવશે જો તે બાબત કલોઝ ૧ માં દર્શાવવામાં આવેલ હોય અને<br>બી તેને રાજ્ય સરકારને સંબોધવાની રહેશે, જો<br>૧। તે બાબત કલોઝ ૨ માં સંબોધવામાં આવેલ બાબત સાથ સંબંધીત હોય,<br>૨। જો સેનેટના ૨૦ સભ્યોને જુરૂી લાગે તેમ છતાં પણ કે તે બાબત કલોઝ ૧ માં અથવા ૨ માં સંબોધવામાં આવેલ છે અને રાજ્ય સરકાર એવી તપાસ કર્યા બાદ તેને યોગ્ય લાગે જેમાં જ્યાં જુરી હોય યા સાંભળવાની તક આપીને પ્રશ્ન નકકી કરશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે. |
| **કૃત્યો અને હુકમોનું રક્ષણ ઃ** | | |
| ૬૦ | યુનિવર્સિટીએ અથવા તેના કોઇ સત્તામંડળ, મંડળ કે અધિકારીએ શુધ્ધબુધ્ધીથી કરેલા તમામ કૃત્યો તથા હુકમો છવટના ગણાશે અને આ અધિનિયમ ઉપરથી અને તે મુજબ પડેલા ધારા,અધ્યાદેશો,વિનિયમો અને નિયમો ઉપરથી કરેલું દેખાતુ હોય તેવા કોઇપણ કૃત્ય માટે યુનિવર્સિટી વિરુધ્ધ કે તેના સત્તામંડળ, મંડળ કે અધિકારી વિરુધ્ધ કોઇ દાવો માંડી શકાશે નહીં અથવા તેમની પાસેથી કશી નુકશાની માંગી શકાશે નહી. | |
| | એ ૧ | ગુજરાત યુનિવર્સિટી લોઝ (સેકન્ડ એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૩ (જેને હવે પછી સદર અધિનિયમ તરીકે સંબોધવામાં આવેલ છે) તેમાં કોઇ સંબોધન હયાત અધિનિયમમાં અથવા દસ્તાવેજમાં,<br>એ. શબ્દ “દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ ૧૯૬૫” તેને “ધ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એકટ ૧૯૬૫” તરીકે ગણવાનો રહેશે અને<br>બી. શબ્દ “ધી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી” ને “વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી” તરીકે ગણવાનો રહેશે. |
| | ૨ | સદર અધિનિયમના અમલ પહેલા કોઇ કૃત્ય અથવા કોઇ દાવો અથવા અન્ય પ્રકરણો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિરુધ્ધ અથવા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા દાખલ કરવામાં આવેલ હોય તેને જે પ્રસંગ હોય તે મુજબ તેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિરુધ્ધ યા તેના દ્વારા કરવામાં આવેલ છે તેમ ગણવાના રહેશે.<br>સ્પષ્ટતા ઃ આ કલમના હેતુ માટે “હયાત કાયદો” એટલે કોઇપણ કાયદો અન્ય કોઇ સક્ષમ સત્તાધીશનો કે જે ભારતના બંધારણના ૭ માં પરિશિષ્ટની યાદી ૨ અને ૩ માં જે બાબતો નિર્દીષ્ટ કરવામાં આવેલ છે કે જે ગુજરાત રાજ્યના કોઇપણ ભાગમાં અમલમાં હોય અધિનિયમના અમલમાં આવ્યાના તુરંત પહેલા અને જેમાં કોઇ ધારો, અધ્યાદેશ, નિયમ, બાયલોઝ, વિનિયમ, |

| | | |
|---|---|---|
| | | હુકમ, જાહેરનામુ, યોજના અન્ય દસ્તાવેજ થકી જેને અમલ કાયદા મુજબ થતો હોય તેને આવા કોઇ કાયદા હેઠળ નિયત કરવામાં આવેલ છે અથવા બહાર પાડવામાં આવેલ છે. |
| | | |
| | બી ૧ | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુધારા અધિનિયમ, ૨૦૧૨ ના અમલમાં આવ્યેથી (જેને હવે પછી સદર અધિનિયમ તરીકે સંબોધવામાં આવેલ છે) હયાત અધિનિયમમાં કોઇ સંબોધન અથવા દસ્તાવેજ અથવા માધ્યમ,<br>એ. શબ્દ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ ૧૯૬૫ તેને "ધ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એકટ ૧૯૬૫" તરીકે ગણવાનો રહેશે અને<br>બી. શબ્દ "ધી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી" ને "વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી" તરીકે ગણવાનો રહેશે. |
| | ૨ | સદર અધિનિયમના અમલ પહેલા કોઇ કૃત્ય અથવા કોઇ દાવો અથવા અન્ય પ્રકરણો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિરુધ્ધ અથવા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા દાખલ કરવામાં આવેલ હોય તેને જે પ્રસંગ હોય તે મુજબ તેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિરુધ્ધ યા તેના દ્વારા કરવામાં આવેલ છે તેમ ગણવાના રહેશે.<br>સ્પષ્ટતા : આ કલમના હેતુ માટે "હયાત કાયદો" એટલે કોઇપણ કાયદો અન્ય કોઇ સક્ષમ સત્તાધીશનો કે જે ભારતના બંધારણના ૭માં પરીશીષ્ટની યાદી ૨ અને ૩ માં જે બાબતો નિર્દીષ્ટ કરવામાં આવેલ છે કે જે ગુજરાત રાજ્યના કોઇપણ ભાગમાં અમલમાં હોય અધિનિયમના અમલમાં આવ્યાના તુરંત પહેલા અને જેમાં કોઇ ધારો, અધ્યાદેશ, નિયમ, બાયલોઝ, વિનિયમ, હુકમ, જાહેરનામુ, યોજના અન્ય દસ્તાવેજ થકી જેને અમલ કાયદા મુજબ થતો હોય તેને આવા કોઇ કાયદા હેઠળ નિયત કરવામાં આવેલ છે અથવા બહાર પાડવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| **પ્રકરણ ૧૨ મું**<br>**વચગાળાની જોગવાઇઓ** | | |
| | | |
| **ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન કોલેજોમાં વિદ્યાર્થીઓના અભ્યાસક્રમો પૂરા કરવા બાબત ઃ** | | |
| ૬૧ | આ અધિનિયમ અથવા તે મુજબ કરેલા ધારા, અધ્યાદેશો અને વિનિયમોમાં ગમે તે હોય તે છતાં, યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી અને ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજનો જે કોઇપણ વિદ્યાર્થી જે તારીખે કલમ ૫ અમલમાં આવે તે તારીખની તરતજ અગાઉ ગુજરાતમાં કોઇપણ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા માટે ભણતો હોય અથવા લાયક હોય તેને તે માટેની તૈયારી રુપે પોતાનો અભ્યાસક્રમ પૂરો કરવાની પરવાનગી આપવી અને યુનિવર્સિટીએ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણના અભ્યાસક્રમ પ્રમાણે એવા વિદ્યાર્થીઓના શિક્ષણ,અધ્યપન,તાલીમ અને પરીક્ષા માટે ધારાથી ઠરાવવામાં આવે તેટલી મુદત સુધી અને તેવી રીતે વ્યવસ્થા કરવી. | |
| **પ્રથમ કુલપતિની નિમણૂંક ઃ** | | |
| ૬૨ | કલમ ૧૦ માં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રથમ કુલપતિની નિમણૂંક આ અધિનિયમ પસાર થયા બાદ વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે તેમ જ પોતાને યોગ્ય લાગે તેવી શરતોએ રાજ્ય સરકારે જેમ બને તેમ ત્વરીત કરવાની રહેશે. | |
| | | |
| **પ્રથમ ઉપ-કુલપતિની નિમણૂંક ઃ** | | |
| ૬૩ | કલમ ૧૨ માં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રથમ ઉપ-કુલપતિની નિમણુંક આ અધિનિયમ પસાર થયા બાદ વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે તેમ જ પોતાને યોગ્ય લાગે તેવી શરતોએ રાજ્ય સરકારે જેમ બને તેમ ત્વરીત કરવાની રહેશે. | |
| | | |
| **પ્રથમ કુલસચિવની નિમણૂંક ઃ** | | |
| ૬૪ | કલમ ૧૩ માં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રથમ કુલસચિવની નિમણૂંક આ અધિનિયમ પસાર થયા બાદ વધુમાં વધુ ચાર દિવસની મુદત માટે તેમ જ પોતાને યોગ્ય લાગે તેવી શરતોએ રાજ્ય સરકારે જેમ બને તેમ ત્વરીત કરવાની રહેશે. | |
| | | |
| **પ્રથમ કુલપતિના વચગાળાના અધિકારો ઃ** | | |
| ૬૫ | ૧ | તે પ્રથમ કુલપતિની ફરજ રહેશે કે,<br>એ. સંસ્થાને માન્યતા,જો કોઇ હોય તો, શકય હોય ત્યાં સુધી કલમ ૩૬ ની જોગવાઇને સુસંગત આપવી અને<br>બી. પોતાની નિમણૂંકની તારીખ પછી છ માસની અંદર અથવા રાજ્ય સરકાર, સરકારી ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીને ફરમાવે તેવી વધુમાં વધુ એક વર્ષની મુદતની અંદર સેનેટ, સિન્ડિકેટ, એકેડેમીક કાઉન્સીલ અને યુનિવર્સિટીના અન્ય સત્તામંડળો રચવા માટે ગોઠવણ કરવી. |

| | | |
|---|---|---|
| | ૨ | પ્રથમ કુલપતિની,રાજ્ય સરકાર દ્વારા નીમવામાં આવેલ વધુમાં વધુ ૧૫ જેટલા સભ્યોની સલાહકાર સમિતિની મદદથી,<br>એ. આ અધિનિયમની જોગવાઇઓ અને કુલાધિપતિની સંમતિને આધીન રહીને,<br>૧। ઉપર જણાવેલ સત્તામંડળોની રચના અને તેમની સભામાં કાર્ય રીતિનું નિયમન કરવા અને તેનું કામકાજ ચલાવવા માટે જરૂરી કામચલાઉ ધારા કરવા.<br>૨। ઉપર જણાવેલ સત્તામંડળોની ચૂંટણી પધ્ધતી માટે જરૂરી નિયમો ઘડી કાઢવા.<br>બી. આ અધિનિયમ હેઠળ ધારા, અધ્યાદેશો અને વિનિયમો ઘડવા અને જ્યારે સંબંધ ધરાવતા અધિકર મંડળો તેમના કાર્યો બજાવવાની શરુઆત કરે ત્યારે તેમને તે બહાલી માટે સાદર કરવા. |
| | ૩ | પેટા કલમ ૧ મુજબ રચાયેલા સત્તામંડળોએ રાજ્ય સરકાર,સરકારી ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીને, ફરમાવે તેવી તારીખ અથવા તારીખોએ તેમના કાર્યો બજાવવાની શરુઆત કરવી. |
| | ૪ | પ્રથમ કુલપતિએ ઘડેલા ધારા, અધ્યાદેશો અને વિનિયમોને સંબંધ ધરાવતા સત્તામંડળો બહાલી આપે ત્યારે તે સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા. |
| | | |
| | | |
| **યુનિવર્સિટીના અધિકારીઓ અને શિક્ષકોની પ્રથમ નિમણૂંક ઃ** | | |
| ૬૬ | ૧ | આ અધિનિયમ પસાર થયા બાદ કોઇપણ સમયે યુનિવર્સિટીના સત્તામંડળો તેમના કાર્યો બજાવવાની શરુઆત કરે નહીં તે સમય સુધી ,<br>એ. અગાઉથી કુલાધિપતિની મંજૂરી મેળવીને કુલપતિ યુનિવર્સિટીનો કોઇપણ અધિકારી નીમી શકશે.<br>બી. કુલપતિ, શિક્ષણ નિયામક અને કુલાધિપતિને તેમની સાથે જોડવી યોગ્ય લાગે તેવી અન્ય વ્યક્તિ અથવા વ્યક્તિઓની બનેલી સલાહકાર સમિતિની ભલામણો પર વિચાર ચલાવીને કુલાધિપતિ યુનિવર્સિટીના શિક્ષકો નીમી શકશે. |
| | ૨ | પેટા કલમ ૧ મુજબ કરેલી કોઇપણ નિમણૂંક વધુમાં વધુ ચાર વર્ષ માટે અને નિમણૂંક કરનાર અધિકારીમંડળને યોગ્ય લાગે તે શરતોએ થશે ,<br>પરંતુ આવી કોઇનિમણૂંક તેને માટે આર્થીક જોગવાઇ કરવામાં ન આવે ત્યાં સુધી કરી શકાશે નહીં. |
| | | |
| **પ્રથમ કુલપતિના અસાધારણ અધિકારો ઃ** | | |
| ૬૭ | | સિન્ડિકેટ પોતાની ફરજો બજાવવી શરુ કરે નહીં ત્યાં સુધી કલમ ૬૨ મુજબ નીમેલા કુલપતિને નીચેના અધિકારો રહેશે. |

| | | |
|---|---|---|
| | અ | કુલાધિપતિની અગાઉથી મંજૂરી લઇને પહેલા ધારામાં જેને માટે જોગવાઇ કરવામાં ન આવી હોય તેવી કોઇપણ બાબતની જોગવાઇ કરવા માટે વધારાના ધારા બનાવવા. |
| | બી | કામચલાઉ સત્તામંડળો રચવા અને તેમની ભલામણ ઉપરથી યુનિવર્સિટીના કાર્યના સંચાલન માટે જોગવાઇ કરતા નિયમો કરવા. |
| | સી | રાજ્ય સરકારના નિયંત્રણને આધીન રહીને, આ અધિનિયમ અથવા તેના કોઇપણ ભાગને અમલમાં મૂકવા જુરૂરી હોય તેવી આર્થિક વ્યવસ્થા કરવી. |
| | ડી | કુલાધિપતિની મંજૂરી લઇને આ અધિનિયમ અથવા તેના કોઇપણ ભાગને અમલમાં મૂક્વા જુરૂરી નિમણૂંકો વધુમાં વધુ ચાર વર્ષ માટે કરવી. |
| | ઇ | તે ફરમાવે તેવા તેના કાર્યો બજાવવા, તેને યોગ્ય લાગે તેવી સમિતિ નીમવી અને |
| | એફ | સામાન્યતઃ આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે મુજબ સિન્ડિકેટને સોંપેલી સત્તામાંની સઘળી અથવા કોઇ સત્તા વાપરવી. |
| | | |
| **<u>અધિનિયમની શરુઆત વખતે રાજ્ય સરકારે મુશ્કેલીઓ દૂર કરવા બાબત ઃ</u>** | | |
| ૬૮ | આ અધિનિયમ અમલમાં આવ્યા બાદ યુનિવર્સિટીના કોઇ સત્તામંડળ પહેલી વાર રચવા અથવા ફરી રચવા સંબંધમાં અથવા આ અધિનિયમની જોગવાઇઓનો પ્રથમ અમલ કરવામાં અન્ય રીતે જો કોઇપણ મુશ્કેલી નડે તો રાજ્ય સરકાર જેમ જેમ પ્રસંગ ઉપસ્થિત થાય તેમ તેમ હુકમ કરીને તે મુશ્કેલી દૂર કરવા પોતાને યોગ્ય લાગે તેવું પગલુ ભરી શકશે | |
| **<u>સને ૧૯૪૯ નો મુંબઇનો ૫૦ મો અધિનિયમ સુધારવા બાબત ઃ</u>** | | |
| ૬૯ | સન ૧૯૪૯ ના ગુજરાત યુનિવર્સિટી બાબતના અધિનિયમમાં, પરિશિષ્ટમાં અનુક્રમ નં.૪ અને ૫ ની નોંધો કાઢી નાંખવી . | |

**પરીશીષ્ટ**

**જુઓ કલમ ૨(૧૬)**

૧। સુરત જિલ્લો

૨। વલસાડ જિલ્લો

૩। ભરુચ જિલ્લો

૪। ડાંગ જિલ્લો

| | |
|---|---|
| **આખરી નોંધ ઃ** | |
| ૧ | “વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી” શબ્દને બદલે “વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી “ ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૧૩ તા.૧૫.૦૩.૨૦૧૨ના રોજ. |
| ૨ | કલમ ૨ મા કલોઝ ૩ માં શબ્દ “પદવીને લગતા” ને બદલે શબ્દો “ડિપ્લોમા અથવા પદવીને લગતા” ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૩૫ તા.૨૧.૦૨.૧૯૯૪ ના રોજ થી બદલવા |
| ૩ | શબ્દ રેકટરને બદલે શબ્દ “ઉપકુલપતિ” ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૧.૦૨.૧૯૯૪ ના રોજ થી બદલવા. |
| ૪ | મુખ્ય અધિનિયમમાં કલમ ૮ પછી ૮ એ નવી કલમ ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૬૪ તા.૨૬.૦૬.૨૦૦૩ ના રોજ થી બદલવા દાખલ કરવી |
| ૫ | કલમ ૧૦ પેટા કલમ ૫ માં “રાજય સરકાર દ્વારા નકકી કરવામાં” ને બદલે શબ્દ “ધારા દ્વારા નિયત” ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૪.૨.૧૯૮૨ ના રોજ થી બદલવા. |
| ૬ | કલમ ૧૧ પેટા કલમ ૪ એ માં શબ્દ “ત્યાર બાદ તેમના પગલાનો અહેવાલ” ને બદલે શબ્દ “ત્યાર બાદ તેમના પગલાની માહિતી આપશે” ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજ થી બદલવા. |
| ૭ | કલમ ૧૧ પેટા કલમ ૫ એ ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજ થી નવો ઉમેરવામાં આવેલ. |
| ૮ | કલમ ૧૨ મથાળુ અને પેટા કલમ ૧ થી ૬ માં સુધારો, ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજથી કરવો. |
| ૯ | કલમ ૧૬ (૧) મથાળુ “વર્ગ ૧ હોદદાની રુએ સભ્યો” પેરા એ માં કલોઝ ૩ માટે શબ્દ “અગાઉના યુનિવર્સિટીના ઉપકુલપતિ રાજ્યમાં રહેતા હોય, ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૬૪ તા.૨૬.૦૬.૨૦૦૩ ના રોજ થી દાખલ કરવા. |
| ૧૦ | કલમ ૧૬ (૧) બી  પેટા કલમ ૨ થી ૪ માં ફેરફાર ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજ થી દાખલ કરવા. |
| ૧૧ | કલમ ૧૯(૧) પેટા કલમ ૨ થી ૩ બી માં ફેરફાર ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ  ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજ થી દાખલ કરવા. |
| ૧૨ | ધારા ૧૯ (૧) પેટા કલમ ૯ ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ  ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજ થી દાખલ કરવા. |
| ૧૩ | કલમ ૨૦ પેટા કલમ ૧ કલોઝ ૨૪ માં શબ્દ “પરિક્ષકને નીમી તેમનુ મહેનતાણૂં નકકી કરવું” ને બદલે શબ્દ “પરક્ષિકોનું મહેનતાણું નકકી કરવું” ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજ થી દાખલ કરવા. |

| | |
|---|---|
| ૧૪ | કલમ ૨૦ પેટા કલમ ૩એ ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજ થી દાખલ કરવા. |
| ૧૫ | કલમ ૪૩ ગુજરાત માધ્યમિક શિક્ષણ સુધારા અધિનિયમ ૧૯૭૮ થી સુધારો કરવામાં આવ્યો જેને સિન્ડિકેટ દ્વારા તા.૨૧.૦૬.૧૯૭૮ ની સભામાં ઠરાવ નં.૬૩ થી નોંધવામાં આવ્યો અને સેનેટ દ્વારા તેમની વિશિષ્ટ સભા ૨૧, તા.૨૨.૦૧.૧૯૭૯ ઠરાવ નં.૬ થી નોંધવામાં આવ્યા. |
| ૧૬ | પ્રકરણ ૯માં મથાળુ “સમિતીઓ” શબ્દ “સમિતી” થી ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજ થી દાખલ કરવા. |
| ૧૭ | કલમ ૪૭એ દાખલ ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૩ તા.૨૪.૦૨.૧૯૮૨ ના રોજ થી દાખલ કરવા. |
| ૧૮ | કલમ ૫૨એ દાખલ ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૧ તા.૧૬.૧૦.૧૯૮૦ ના રોજ થી દાખલ કરવા. |
| ૧૯ | કલમ ૫૯ માં સુધારો ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૨૪ તા.૩૧.૩.૧૯૮૩ ના રોજ થી દાખલ કરવા. |
| ૨૦ | કલમ ૬૦ માં કલમ ૬૦એ નવી કલમ ઉમેરવી ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૬૫ તા.૨૭.૦૨ ૨૦૦૪ ના રોજથી દાખલ કરવા. |
| ૨૧ | કલમ ૬૦ માં કલમ ૬૦બી નવી કલમ ઉમેરવી ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૫૩ તા.૧૫.૦૩.૨૦૧૨ ના રોજ થી દાખલ કરવા. |
| ૨૨ | કલમ ૧૦ પેટા કલમ ૬ કલોઝ બી માં શબ્દ “કુલાધિપતિ” ને બદલે શબ્દ “રાજ્ય સરકાર” ગુજરાત સરકાર ગેઝેટ વોલ્યુમ ૫૬ તા.૦૮.૦૪.૨૦૧૫ ના રોજ થી દાખલ કરવા. |

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## ધારાઓ

**(STATUTES)**

( તા.૩૧/૦૧/૨૦૨૨ સુધી સુધારેલ ધારાઓ )

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

## ધારા (STATUTES)

# યુનિવર્સિટીના સત્તામંડળો

# અધિનિયમનું પ્રકરણ ૪

| | | |
|---|---|---|
| **પ્રકરણ ૧ લુ સેનેટ**<br>**(એ) સેનેટની ચૂટણીઓ** | | |
| ધારા ૧ | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ ૧૯૬૫ની કલમ ૫૫માં સૂચવ્યા મુજબ યુનિવર્સિટીમાંની બધી ચૂટણીઓ પ્રમાણસર પ્રતિનિધીત્વની પદ્ધિતિ મુજબ એક તબદીલપાત્ર મત દ્વારા ગુપ્ત મતદાનથી થશે. | |
| ધારા ૨ | ૧ | કલમ ૧૬ (૧) વર્ગ ૨ (એ) કલોઝ (૩) અને કલોઝ (૪) ના પેટા કલોઝ (૬) હેઠળ એક મતદાર વિભાગ કરતા વધારે મતદાર વિભાગમાંથી ઉભા રહેવાનો કે તેમાં મત આપવાનો અધિકાર ધરાવતી વ્યકિતએ ચૂંટણીની નિયત તારીખના ઓછામાં ઓછા છપ્પન સ્પષ્ટ દિવસો પહેલા ચૂંટણીમાં પોતે કયા મતદારવિભાગ માંથી ઉમેદવાર તરીકે ઉભા રહેવા માંગે છે તે અથવા કયા મતદાર વિભાગમાં મત આપવા માંગે છે તે પસંદ કરવું પડશે અને તેને એક કરતા વધારે મતદાર વિભાગમાંથી ઉમેદવાર તરીકે ઉભા રહેવાનો કે મત આપવાનો અધિકાર રહેશે નહી. |
| | ૨ | આ બાબતમાં જો મતદાર કુલસચિવને પોતાનો ઈરાદો જણાંવવામાં ચૂક કરે તો કુલપતિ કુલસચિવને તેવા મતદારનું નામ ગમે તે એક વિદ્યાશાખા ના મતદાર વિભાગમાં રાખવાનો આદેશ આપશે અને તેમનો નિર્ણય છેવટનો ગણાશે.<br><br>* સ્પષ્ટ દિવસો એટલે કે જે દિવસે નોટીસ કુલસચિવને મળે અને સભાનો દિવસ બાદ કરી ને. આમ, જો સભા બુધવારે નકી થયેલ હોય અને પાંચ સ્પષ્ટ દિવસની નોટીસની જરુર હોય, તો નોટીસ કુલસચિવને અગાઉના ગુરુવારે મળી જ જવી જોઈએ, જો ગુરુવાર હોય તો નોટીસ તેમને અગાઉના શુક્રવારે મળી જ જવી જોઈએ. |
| ધારા ૩ | ૧ | ૧૯૬૬ ના વર્ષ દરમ્યાન આ યુનિવર્સિટીના નોંધાયેલા સ્નાતકો તરીકે નોંધાઈ ચૂકેલી વ્યકિતઓને ૧૯૭૧ ના ડિસેમ્બર માસની ૩૧ મી તારીખ સુધી નોંધાયેલી ગણવામાં આવશે. |

| | | | |
|---|---|---|---|
| | ૨ | આ યુનિવર્સિટીમાં પ્રથમવાર સ્નાતક પદવી પ્રાપ્ત કરનાર આ યુનિવર્સિટીના તમામ સ્નાતકોના નામ નોંધાયેલા રજીસ્ટરમાં દાખલ કરવામાં આવશે અને આવી નોંધણી માટે પ્રત્યેક સ્નાતકે રુપીયા વીસનું રોકડ શુલ્ક આપવાનું રહેશે. સ્નાતકોએ જે વર્ષમાં પદવી પ્રાપ્ત કરી હોય તેના અનુગામી વર્ષની પહેલી જાન્યુઆરીથી પાંચ વર્ષ સુધી આ નોંધણી અમલી ગણાશે. | |
| | ૩ | વધુમાં, નીચેની વ્યક્તિઓને રુ. વીસ ભરપાઇ કર્યેથી પાંચ વર્ષની મુદત માટે નોંધાયેલા સ્નાતકો તરીકે નોંધવામાં આવશે. | |
| | | એ | કાયદા અન્વયે સ્થપાયેલી કોઇપણ ભારતીય યુનિવર્સિટીના તમામ સ્નાતકો જેઓ સામાન્ય રીતે યુનિવર્સિટી વિસ્તારમાં વસવાટ કરતા હોય. |
| | | બી | નીચે જણાંવેલી સંસ્થાના સ્નાતકો જેઓ સામાન્ય રીતે આ યુનિવર્સિટી વિસ્તારમાં વસવાટ કરતા હોય.<br>૧। ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ<br>૨। મહારાષ્ટ્ર તિલક વિદ્યાપીઠ, પૂના<br>૩। બિહાર વિદ્યાપીઠ, પટના<br>૪। વિશ્વભારતી, શાંતિનિકેતન<br>૫। જામિયા મિલીયા, દીલ્હી<br>૬। ગુરૂકુળ વિશ્વ વિદ્યાલય, કાંગડી<br>૭। કાશી વિદ્યાપીઠ, બનારસ<br>૮। એસ. એન. ડી. ટી. વુમન્સ યુનિવર્સિટી, મુંબઇ (યુનિવર્સિટી તરીકે કાયદા દ્વારા સ્થપાયા પહેલાના) અને<br>૯। કોલેજ ઓફફિઝીશીયન્સ એન્ડ સર્જન્સ, મુંબઇના લાયસેન્સીએટ તરીકેનું પ્રમાણપત્ર ધરાવનારાઓ. |
| | | સી | જેમને સિન્ડિકેટે માન્યતા આપી હોય તેવા પરદેશની કોઇપણ યુનિવર્સિટીના તમામ સ્નાતકો જેઓ સામાન્ય રીતે આ યુનિવર્સિટી વિસ્તારમાં વસવાટ કરતા હોય. |
| ધારા ૪ | ૧ | એ | રજીસ્ટરમાં પોતાના નામો નોંધાવવાની ઇચ્છા ધરાવનાર ધારા ૩ ના પેટા કલોઝ એ, બી અને સી માં નિર્દીષ્ટ તમામ વ્યક્તિઓએ આ માટે કુલસચિવને નિયતપત્રકમાં અરજી કરવાની રહેશે. |
| | | બી | પોતાના નામો નેંધાવવાની ઇચ્છા ધરાવનાર કોઇપણ વ્યક્તિ જરુરી ફીઝ સાથે પોતાની અરજી આ યુનિવર્સિટીના કુલસચિવને વર્ષ દરમ્યાન ૧લી ડિસેમ્બર પહેલા ગમે ત્યારે મોકલી શકશે અને ત્યારબાદ તેવી વ્યક્તિનું નામ નોંધયેલા સ્નાતકોની યાદીમાં અનુગામી વર્ષના જાન્યુઆરીની પહેલીએ દાખલ કરાશે. |

| | | | |
|---|---|---|---|
| | ૨ | પેટા કલોઝ ૩ એ, બી અને સી માં નિર્દીષ્ટ તમામ વ્યક્તિઓએ તેમની અરજી સાથે પોતે પદવી પ્રાપ્ત કરી છે તે અંગેના પુરાવાઓ કુલસચિવને સંતોષ થાય એ રીતે રજુ કરવા પડશે અને મેજીસ્ટ્રેટ સમક્ષ અથવા તો જે. પી. સમક્ષ અથવા યુનિવર્સિટીની સેનેટના તત્કાલીન કોઇપણ એક સભ્ય સમક્ષ પોતાની પોતે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારમાં સામાન્ય રીતે વસવાટ કરે છે, એમાંથી જે લાગુ પડતુ હોય તે બાબત અંગે કરેલું જાહેરનામુ રજુ કરવું પડશે. | |
| | ૩ | એ | પ્રત્યેક વર્ષની ડિસેમ્બરની ૩૧ મી તારીખે જ્યારે મતદાર યાદી સુધારવામાં આવે ત્યારે કુલપતિએ પસંદ કરેલા વર્તમાનપત્રોમાં જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં જાહેરાત કરવામાં આવશે કે નોંધાયેલા સ્નાતકોની મતદાર યાદીઓ સુધરાઇ રહી છે અને જો કોઇ સુધારાઓ, કોઇ વિલુપ્તીઓ અથવા ખોટી નોંધો કુલપતિના ધ્યાન ઉપર ૩૧ મી જાન્યુઆરી પહેલા લાવવામાં આવશે તો કુલપતિને તે પ્રમાણે યાદીઓ સુધારવાનો અધિકાર રહેશે અને તે બાબતમાં તેમનો નિણર્ય છેવટનો ગણાંશે. |
| | | બી | ૩૧ મી જાન્યુઆરી સુધી એ રીતે સુધારાયેલી યાદીઓ તે કેલેન્ડર વર્ષ દરમ્યાન થનાર પેટા ચૂંટણી માટે ઉપયોગમાં લેવાશે અને તે જ યાદી તે વર્ષ દરમ્યાન થનાર પેટા ચૂંટણી માટે ધારા ૯(૨) પ્રમાણે યાદી તરીકે પ્રગટ થશે. |
| | ૪ | નોંધાયેલા સ્નાતકોએ પોતાના સરનામામાં થયેલો પ્રત્યેક ફેરફાર લેખિત સ્વરુપે કુલસચિવને જણાંવવાનો રહેશે. | |
| | ૫ | ઉપર દર્શાવેલું સ્નાતકોનું રજીસ્ટર પ્રત્યેક વર્ષે ૩૧ મી ડિસેમ્બરે સુધારવામાં આવશે અને પ્રત્યેક પાંચ વર્ષે પ્રસિધ્ધ કરવામાં આવશે. | |
| | ૬ | જેમના નામો નોંધાયેલા સ્નાતકોના ઉપર્યુક્ત રજીસ્ટરમાં દાખલ કરવામાં આવ્યા હોય તે તમામ વ્યક્તિઓને કાયદાની જોગવાઇઓને આધીન રહી નોંધયેલા સ્નાતકોના સેનેટ ઉપરના પ્રતિનિધીઓની ચૂટણી માટે ઘડવામાં આવેલા ધારા પ્રમાણે થનારી ચૂંટણીમાં મત આપવાનો કે ઉમેદવાર તરીકે ઉભા રહેવાનો હક રહેશે. | |
| | ૭ | પાંચ વર્ષની મુદતને અંતે પૂરીથતી નોંધણીને નિયત પત્રકમાં અરજી કરીને અને માત્ર રુપીયા ૫ ની ફી ભરીને, બીજા પાંચ વર્ષ માટે તાજી કરાવી શકાશે. જે વર્ષમાં નોંધણી પૂરી થતી હોય તેવર્ષના ડિસેમ્બરની પંદરમી તારીખ પહેલા નોંધ તાજી કરાવવા માટેની ફી આપવાની રહેશે. | |

| | | |
|---|---|---|
| ધારા ૫ | | અધિનિયમના કાયદાની કલમ ૧૬(૧) વર્ગ II (એ) કલોઝ (૩) અને કલોઝ (૪) ના પેટા કલોઝ (ઇ) માં નિર્દીષ્ટ આવશ્યકતા અનુસાર જે વ્યક્તિ નોંધાવાની ઇચ્છા રાખતી હોય તે વ્યકિતએ ધારા ૧૦ અને ૧૩ માં સૂચવ્યા મુજબ મતદાર યાદી નકકી થયેલી તારીખના ઓછામાં ઓછા ૨૮ દિવસ પહેલા જે મતદાર વિભાગમાં પોતે નોંધાવા માંગે છે અને જેમાંથી એ ઉમેદવાર તરીકે ઊભો રહેવા માંગે છે અથવા ચૂંટણીમાં મત આપવા માંગે છે તે વિદ્યાશાખાની પસંદગી કરી લેવાની રહેશે અને તેમને એક કરતા વધારે વિદ્યાશાખામાંથી ઉમેદવારી કરવાનો કે મત આપવાનો અધિકાર રહેશે નહીં. |
| ધારા ૬ | | ધારા ૫ હેઠળ નોંધાવાની ઇચ્છા રાખનાર વ્યકિતએ, ચંટણીમાં પોતે કઇ વિદ્યાશાખામાંથી ઊભા રહેવાનું અથવા તો મત આપવાનું પસંદ કર્યું છે તે ધારા ૫ હેઠળ નકકી કરવામાં આવેલ તારીખ પહેલા યુનિવર્સિટીના કુલસચિવને જણાવશે નહીં તો તેવી વ્યકિતને કઇ વિદ્યાશાખામાં સમાવિષ્ટ કરવી તે અંગેનો નિર્ણય પોતાને યોગ્ય લાગે તે રીતે કુલપતિ લેશે અને તેમનો એ નિર્ણય છેવટનો ગણાશે. |
| ધારા ૭ | | સેનેટ, સિન્ડિકેટ, વિદ્યાસભા અને યુનિવર્સિટીના અન્ય સત્તાધીશો માટેની ચૂંટણીના હેતુ માટે, |
| | એ | યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી સંલગ્ન ડીગ્રી કોલેજના આચાર્યો અને માન્ય સંસ્થાઓના વડાઓને આચાર્યો અને શિક્ષકો ગણવામાં આવશે અને |
| | બી | યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી સંલગ્ન કોલેજોના શિક્ષકો અને આચાર્યો શિક્ષકો ગણાશે. |
| ધારા ૮ | | કલમ ૧૬(૧) વર્ગ II (એ) અનુસાર જેમાં ચૂંટણીઓ કરવાની હશે તેવી તમામ વિદ્યાશાખાઓમાં તથા મતદાર વિભાગોમાં,મતદાર થવાની યોગ્યતા ધરાવતી સર્વ વ્યકિતઓને અને નોંધણી માટે જેમણે અરજી કરી હોય તેવી વ્યકિતઓને સમાવતી મતદાર યાદીની ફેરતપાસ પ્રત્યેક વર્ષે ડિસેમ્બરની ૩૧ તારીખે કરવામાં આવશે. |
| ધારા ૯ | ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ પહેલા જે છેલ્લી મતદાર યાદી પ્રસિધ્ધ થઇ હશે તે સેનેટની પ્રત્યેક ચૂંટણી માટે મતદાર યાદી ગણાશે. |
| | ૨ | સેનેટની ચૂંટણીમાં જેમને મત આપવાનો અધિકાર મળયો હોય તે સર્વ વ્યકિતઓની, જાહેર સંસ્થાઓ અથવા મંડળોની મતદાર યાદીઓ અન્ય કોઇ રીતેની ચોકકસ સ્પષ્ટતા કરવામાં આવી હોય તો તે સિવાય, ચૂંટણીની નિયત તારીખના ચોખ્ખા ૪૨ દિવસ પહેલા યુનિવર્સિટી મથકે પ્રસિધ્ધ કરવામાં આવશે. કુલપતિએ નકકી કરેલા વર્તમાનપત્રોમાં ચૂટણીની નિયત તારીખના ૩૫ દિવસ પહેલા આવી યાદીઓ તૈયાર થઇ ગઇ હોવાનો નિર્દેશ કરતી જાહેરાત કરવામાં આવશે. |

| | | | |
|---|---|---|---|
| | | એ | મતદાર યાદીઓ કે જે ધારા ૪ (૫) અને ધારા ૯(૧) હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તે મંજૂર મતદાન કેન્દ્ર મુજબ રહેશે. શકય હોય ત્યાં સુધી કુલસચિવ દરેક નોંધાયેલા સ્નાતક મતદારને મતદાન કેન્દ્ર તેમના સરનામાની નજીક કે જે તેમની અરજીમાં જાહેર કરવામાં આવેલ હોય તે ફાળવશે અને બાકીના મતદારોને મતદાનકેન્દ્ર સંસ્થાના સરનામાની નજીક કે જ્યાં તેઓ કામ કરતા હોય ત્યાં ફાળવવામાં આવશે. સંબંધિત મતદાર મતદાન કેન્દ્ર પર કે જે તેમને ફાળવવામાં આવેલ હોય ત્યાં મત આપવાનો રહેશે. |
| | | બી | તેમ છતાં, જો કોઇ નોંધાયેલા સ્નાતક મતદાર કલમ ૧૬(૧) વર્ગ II(એ) (૪)(૬) હેઠળ અન્ય સ્થળે કે તેમને ફાળવવામાં આવેલ ન હોય તે મતદાન કેન્દ્ર ઉપર મત આપવાની ઇચ્છા ધરાવતો હોય તો તેણે કુલસચિવને સંતોષકારક કારણસહ ઓછામાં ઓછા ચૂંટણીની તારીખ પહેલા સ્પષ્ટ ૨૫ દિવસ પહેલા અરજી કરવાની રહેશે. કુલપતિને તે બાબતમાં નકકી કરવાની સત્તા રહેશે અને તેમનો નિર્ણય છેવટનો રહેશે. તો આવા મતદારે બદલાયેલા મતદાન કેન્દ્ર ઉપર મતદાન કરવાનું રહેશે. |
| | ૩ | જો ચૂંટણીની નિયત તારીખના ઓછામાં ઓછા ૨૫ દિવસ પહેલા આ યાદીઓમાં થયેલી કોઇપણ ખામી અથવા ખોટી નોંધ અંગેની માહિતી કુલપતિના ધ્યાન ઉપર લાવવામાં આવશે તો કુલપતિને એ મતદાર યાદી સુધારવાનો અધિકાર રહેશે.આ બાબતમાં કુલપતિનો નિર્ણય છેવટનો ગણાંશે. | |
| | ૪ | સેનેટમાં જ્યારે જ્યારે જગ્યા ખાલી પડશે ત્યારે ત્યારે અન્ય કોઇ રીતની ચોકકસ સ્પષ્ટતા કરવામાં આવી હોય તે સિવાય ચૂંટણીની નિયત તારીખના ઓછામાં ઓછા ૨૧ દિવસ પહેલા તમામ મતદારોને ચૂંટણી અંગેની સૂચના આપવામાં આવશે અને તે સૂચનામાં ઉમેદવારી પત્રકો સ્વીકારવા માટે નકકી કરેલી છેલ્લી તારીખ અને ચૂંટણીની તારીખ નિશ્ચિત રીતે જણાંવવામાં આવશે અને ખાલી પડેલી જગ્યા બાબતની સંબંધક માહિતી આપવામાં આવશે. | |
| ધારા ૧૦ | કલમ ૧૬(૧) વર્ગ II (એ) (૧) અને (૨) હેઠળ સેનેટની ચૂંટણી બાબતમાં ચૂંટણીની તારીખના પુરોગામી ડિસેમ્બરની ૩૧ મીએ તે ચૂટણીમાં જેમને જેમને મત આપવાનો અધિકાર છે તેવા તમામની મતદાર યાદી કુલસચિવ તૈયાર કરાવશે તથા ચૂંટણીની નિયત તારીખના ૨૧ દિવસથી ઓછા નહીં હોય તેટલા દિવસો પહેલા સંબંધક મતદાર યાદીઓમાં જેમના નામો નોંધાયા હોય તે તમામને સાદી ટપાલ દ્વારા ધારા ૨૬૬ માં નિયત કરેલી ચૂંટણી પદ્ધતિ અનુસાર થનાર ચૂટણીની સૂચના મોકલશે. માધ્યમિક શિક્ષકોની મતદાર યાદી તૈયાર કરતી વખતે ફકત તે જ શિક્ષકોના નામોએ યાદીમાં સમાવવામાં આવશે જેઓ મતદાર યાદી તૈયાર | | |

| | |
|---|---|
| | થયાની તારીખે કલમ ૨ ના કલોઝ ૬ માં સ્પષ્ટતા કર્યા પ્રમાણેની માધ્યમિક શાળાના શિક્ષકજૂથના સભ્યો હોય અને માધ્યમિક શિક્ષકો તરીકેનુ શિક્ષણ કાર્ય સક્રીય રીતે કરતા હોય અને જેમના નામો સંબંધિત માધ્યમિક શાળાઓએ ધારા ૨૪૫બી ની જોગવાઇ અનુસાર પૂરા પાડયા હોય મુખ્ય શિક્ષકોની બાબતમાં કલમ ૨ ના કલોઝ ૫ માં સ્પષ્ટ થયા પ્રમાણેના અને ધારા ૨૪૫ (સી) ના અર્થઘટન પ્રમાણેના મુખ્ય શિક્ષકોના અથવા અજમાયશી ધોરણે નિમાયેલા મુખ્ય શિક્ષકોના નામો મતદાર યાદીમાં દાખલ કરવામાં આવશે. મતાધિકાર પ્રાપ્ત કરનાર વ્યકિતઓના નામો મતદાર યાદીમાં માત્ર એક જ વાર આમેજ કરવામાં આવશે. |
| ધારા ૧૧ | કલમ ૧૬(૧) વર્ગ II (એ) (૩) હેઠળ થનારી સેનેટ માટેની શિક્ષકોની ચૂંટણી બાબતમાં તારીખના પુરોગામી ડિસેમ્બર માસની ૩૧ તારીખે કુલસચિવ જુદી જુદી વિદ્યાશાખાઓ હેઠળ આવતા શિક્ષકોની મતદાર યાદી તૈયાર કરાવશે અને ચૂટણીની તારીખથી ૨૧ દિવસથી ઓછા નહીં હોય તેટલા દિવસો પહેલા જેમના નામો સંબંધિત મતદાર યાદીઓમાં નોંધાયા હોય તે સર્વેને ધારા ૨૬૬ માં નિયત કરેલી પધ્ધતી અનુસાર ગ્રુપ મતદાન પદ્ધતિથી થનાર ચૂટણીની સૂચના મોકલશે. આ મતદાર વિભાગમાં થનારી ચૂટણી કુલપતિએ માન્ય કરેલા સ્થળોએ થશે અને સૂચનામાં ચૂંટણીના સ્થળો જણાંવવામાં આવશે. જ્યાં મતદારોને મત આપવા જાતે જવાનું આવશ્યક ગણાંશે. ચૂંટણીના પ્રત્યેક કેન્દ્ર માટે ચૂંટણીનું એક મથક નકકી કરવામાં આવશે અને એક ચૂટણી અધિકારી નિમવામાં આવશે જે ચૂંટણીના નિયમો પ્રમાણે અને તેમને આપેલી સૂચના પ્રમાણે ચૂંટણીનું કામકાજ ચલાવવા માટે જવાબદાર રહેશે. મત આપવાનો અધિકાર પામેલા શિક્ષકનું નામ યાદીમાં એક જ વખત આમેજ કરવામાં આવશે. |
| ધારા ૧૨ | કલમ ૧૬ (૧) વર્ગ ૨ (એ) કલોઝ (૪) ના પેટા કલોઝ એ, બી અને ડીમાં નિર્દીષ્ટ જાહેરમંડળો તથા સંસ્થાઓના સામાન્ય સભ્યોની ચૂટણી અનુક્રમે ધારા ૨૬૭ અને ૨૬૮ માં નિયત થયેલી પદ્ધતિ પ્રમાણે કરવામાં આવશે. ચૂટણીની તારીખના પુરોગામી ડિસેમ્બર માસની ૩૧મી તારીખે કુલસચિવ ચૂંટણીમાં મત આપવાનો અધિકાર પ્રાપ્ત કરનાર જાહેર સંસ્થાઓ અને મંડળોની મતદાર યાદી તૈયાર કરશે અને ચૂંટણીની તારીખથી એકવીસ દિવસથી ઓછા નહીં હોય તેટલા દિવસો પહેલા જેમના નામો સંબંધિત મતદાર યાદીઓમાં દાખલ કરાયા હોય તેવા સંબંધ ધરાવનાર જાહેર સંસ્થાઓ અને મંડળોને જણાંવશેકે તેમના સેનેટ ઉપરના પ્રતિનિધીઓની ચૂંટણી થનાર છે અને ચૂટણીના પરિણામો કઇ તારીખ સુધીમાં યુનિવર્સિટીને મોકલી આપવાના રહેશે તે પણ તે સાથે જણાંવવામાં આવશે. |
| ધારા ૧૨ એ | કલમ ૧૬ (૧) વર્ગ ૨ (એ) કલોઝ (૪) ના પેટા કલોઝ ઇ હેઠળ યુનિવર્સિટી વિસ્તારમાં કાર્ય કરતી જીલ્લા પંચાયતોના પ્રમુખો તા. ૨૩.૫.૧૯૬૭ થી નીચે દર્શાવ્યા પ્રમાણે સેનેટના ક્રમાનુવર્તી સભ્ય થશે. |

| | | | |
|---|---|---|---|
| | ૧. પ્રમુખ, જીલ્લા પંચાયત ભરુચ<br>૨. પ્રમુખ, જીલ્લા પંચાયત વલસાડ<br>૩. પ્રમુખ, જીલ્લા પંચાયત સુરત<br>૪. પ્રમુખ, જીલ્લા પંચાયત ડાંગ | | |
| ધારા ૧૩ | કલમ ૧૬ (૧) વર્ગ ૨ (એ) કલોઝ (૪) ના પેટા કલોઝ ઇ હેઠળ આવતા નોંધયેલા સ્નાતકો દ્વારા ચૂંટાતા સભ્યોની બાબતમાં યુનિવર્સિટીના કુલસચિવ પ્રત્યેક વર્ષને અંતે ૩૧ મી ડિસેમ્બરે નોંધાયેલા સ્નાતકોની વિદ્યાશાખાવાર મતદાર યાદીઓ તૈયાર કરશે અને દર પાંચ વર્ષે તે પ્રગટ કરશે. કુલપતિએ પસંદ કરેલા વર્તમાનપત્રોમાં ચૂંટણીની સૂચના ઉમેદવારી પત્રકો સ્વીકારવાની નકકી કરાયેલી છેલ્લી તારીખના ઓછામાં ઓછા ૨૮ દિવસ પહેલા પ્રગટ થશે. | | |
| ધારા ૧૪ | નોંધયેલા સ્નાતકોના મતદારવિભાગની પ્રત્યેક વિદ્યાશાખામાં કોઇપણ એક શૈક્ષણિક વર્ષ દરમ્યાન એક કરતા વધારે પેટા ચૂંટણી યોજવામાં આવશે નહીં. | | |
| ધારા ૧૫ | ૧ | નોંધયેલા સ્નાતકોના મતદાર વિભાગમાંથી સેનેટની ચૂંટણી માટે ઉમેદવારી કરનાર પ્રત્યેક ઉમેદવારે નિયુકિત પહેલા કુલસચિવ સમક્ષ રુા.૫૦૦૦/- અંકે રુપીયા પાંચ હજાર રોકડા અનામત તરીકે મૂકવાની રહેશે. ઉપર્યુકત અનામતની રકમ જ્યાં સુધી મૂકવામાં આવશે નહીં ત્યાં સુધી ઉમેદવાર કાયદેસર રીતે નિયુકત થયેલો ગણાંશે નહી. | |
| | ૨ | જો ઉમેદવાર ચૂંટણીમાં નિષ્ફળ જાય અને ગણતરીમાંથી નીકળી જાય તે પહેલાની છેલ્લી ગણતરીમાં તેને ખાતે નોંધાયેલા મતો અથવા છેલ્લો ઉમેદવાર ચૂંટાય તે વખતે તેને ખાતે નોંધાયેલા મતો ચૂંટાવા માટે નકકી થયેલી ઇષ્ટસંખ્યા /કવોટા ના ૧/૮ કરતા ઓછી હોય તો ઉપર્યુકત અનામત જપ્ત થશે. | |
| | ૩ | એ | જો ઉમેદવાર ચૂંટાશે અથવા |
| | | બી | જો તે વિધિસર પોતાનું ઉમેદવારીપત્રક પરત ખેંચી લેશે અથવા |
| | | સી | જો તે ઉમેદવારીપત્રક અસ્વીકાર્ય ઠરશે અથવા |
| | | ડી | જો ચૂંટણીની નિયત તારીખ પહેલા એનું અવસાન થશે અથવા |
| | | ઇ | જો ઉમેદવાર નહીં ચૂંટાય અને ઉપર્યુકત કલોઝ ૨ હેઠળ અનામત જપ્ત થવા પાત્ર નહીં હોય તો,<br>ઉપર્યુકત અનામત પરત કરવામાં આવશે |
| ધારા ૧૫ એ | ૧ | સેનેટની દરેક ચૂંટણી માટે મતદાર વિભાગ કે જે નીચે દર્શાવવામાં આવ્યા છે તેમાંથી ફોટો ઓળખકાર્ડ ભારતના ચૂંટણી આયોગ દ્વારા કાયદેસર તરીકે ગણવામાં આવશે. કુલસચિવે ચકાસણી બાદ તરત જ અને | |

| | | |
|---|---|---|
| | | નિયુક્તિ પરત ખેંચી લેવાનું પૂર્ણ થાય એટલે યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર મતદાર યાદી ઉપર દરેક મતદારના જણાંવેલ સરનામા, તારીખ અને ચૂંટણીના મતદાર વિભાગ તેમજ સંબંધિત મતદાર યાદીના મતદારોની સંખ્યા જાહેર કરવાની છે.<br>મતદાર વિભાગ કે જેમાં કાયદેસર ફોટો ઓળખ કાર્ડ મતદાન માટે જરૂરી છે તે,<br>૧। કલમ ૧૬ (૧) વર્ગ ૨ (એ) (૧) હેઠળના માધ્યમિક શિક્ષકો.<br>૨। કલમ ૧૬ (૧) વર્ગ ૨ (એ) (૧) હેઠળના આચાર્ય.<br>૩। શિક્ષકોસાથે સંલગ્ન કોલેજના આચાર્ય,યુનિવર્સિટી વિભાગના વડા અને માન્ય સંસ્થાઓના વડા કલમ ૧૬ (૧) વર્ગ ૨ (એ) (૩) હેઠળ સામેલ છે<br>૪। જુદીજુદી વિદ્યાશાખાઓના નોંધાયેલા સ્નાતકો કલમ ૧૬ (૧) વર્ગ ૨(એ) (૪) (૬) હેઠળ. |
| | ૨ | સેનેટની ચૂંટણીના કોઇપણ મતદાર ઉપરના કોઇપણ મતદાર વિભાગમાં ચૂટણીમા મત આપી શકશે નહીં જ્યાં સુધી તે કે તેણી પોલીંગ સેંટર ઉપર કાયદેસર ફોટો ઓળખ કાર્ડ ઉપર જણાંવ્યા મુજબ રજુ કરશે નહી . |
| ધારા ૧૬ | રદ કરવામાં આવેલ છે | |
| ધારા ૧૭ | પ્રત્યેક વર્ષને અંતે ૩૧મી ડિસેમ્બરે કુલસચિવ કલમ ૧૬ (૧) વર્ગ ૨ (સી) માં જણાંવ્યા મુજબ યુનિવર્સિટીના હેતુ માટે રોકડા નાંણા અથવા ચાલુ બજાર ભાવે એક લાખ રુપીયાથી ઓછી કિંમતની નહીં હોય તેટલી કિંમતની મિલકતનું દાન આપનાર દાતાઓનું રજીસ્ટર તૈયાર કરશે. | |
| | ૧ | જો દાતા અવિભક્ત હિન્દુ કુટુંબ હોય,ટ્રસ્ટ, પેઢી,કંપની કે સંસ્થાપિત મંડળ હોય તો મતદાનના હેતુ માટે તેવા અવિભકત કુટુંબ, ટ્રસ્ટ, પેઢી,કંપની કે સંસ્થાપિત મંડળે વખતોવખત નિયુક્ત કરેલા પ્રતિનિધિનું નામ યુનિવર્સિટી દ્વારા જાળવાતા રજીસ્ટરમાં દાખલ કરવામાં આવશે |
| | ૨ | બે કે વધારે વ્યક્તિઓના સંયુક્ત નામો હેઠળ અપાતા દાનોની બાબતમાં જો અન્ય શરતો પળાતી હશે તો એ દાન અંગે એક જ પ્રતિનિધિનું નામ દાખલ કરવામાં આવશે. |
| | ૩ | હપ્તા દ્વારા અપાતા દાનોની બાબતમાં જો તે દાનની કુલ રકમ એક લાખ કે તેનાથી વધારે થતી હોય તો પહેલા હપ્તાની સ્વીકૃતીની તારીખ નોંધ માટેની તારીખ તરીકે ગણી લેવામાં આવશે. તેમ છતાં આવી રીતે નોંધાયેલી વ્યક્તિ જ્યાં સુધી રુપીયા ૧,૦૦,૦૦૦/- કે તેથી વધુ રકમના દાનની રકમ પૂરેપૂરી ચુકવાય નહીં ત્યાં સુધી મત આપવા માટે કે ઉમેદવાર તરીકે ઊભા રહેવાને પાત્ર બનશે નહી. |

| | | |
|---|---|---|
| | ૪ | કલમ ૧૬ (૧) વર્ગ ૨ (સી) ના પેટા કલોઝ ૧ અને ૨ હેઠળ નોંધાયેલા નામાની  સંખ્યા જો બે કે બે કરતા ઓછી હોય તો જેનું નામ રજીસ્ટરમાં એ રીતે નોંધાયુ છે તે પ્રત્યેક વ્યકિત સેનેટ ઉપર બે સભ્યો ચૂંટી મોકલશે. |
| ધારા ૧૮ | કુલસચિવ અવિભક્ત હિંદુ કુટુંબના કર્તા ને ટ્રસ્ટના ટ્રસ્ટીને,કંપનીના ડિરેકટરોને , સંયુક્ત દાતાઓને અથવા તો ઉપર્યુક્ત ધારામાં જણાંવેલા સંસ્થાપિત મંડળના પ્રતિનિધિને કુલસચિવે કરેલી વિનંતીના ૨૧ દિવસ સુધીમાં મળી જાય તે પ્રમાણે મતદાનના હેતુ માટે પ્રતિનિધિના નામ,તેમની પદવી કે પદવીઓ જો હોય તો અને તેમના સરનામા મોકલી આપવાનું સૂચવશે.આવા પ્રતિનિધિઓના નામ રજીસ્ટરમાં દાખલ કરવામાં આવશે | |
| ધારા ૧૯ | એ | કલમ ૧૬ (૧) વર્ગ ૨ (સી) હેઠળ દાતાઓની ચુટણી માટે કુલસચિવ તેમાં જણાંવેલી યોગ્યતા પૂરી કરતી હોય તેવા મતાધિકાર પ્રાપ્ત કરનાર વ્યક્તિઓની મતદાર યાદી રાખશે. |
| | બી | ચૂંટણી તારીખના ૨૧ દિવસથી ઓછી નહીં હોય તેટલા દિવસો પહેલા કુલસચિવ ઉપર (એ) માં જણાંવેલા દાતાઓની મતદાર યાદીમાં જેમના નામો હોય તેવા તમામ દાતાઓને ચૂટણીની સૂચના મોકલશે |
| | સી | ચૂટણીના પૂરોગામી ડિસેમ્બર માસની ૩૧મી તારીખે તૈયાર કરવામાં આવેલી મતદાર યાદી તે ચૂટણીના કાર્ય માટે ઉપયોગમાં લેવામાં આવશે |
| | **બી – યુનિવર્સિટીની અધિકૃત ભાષા** | |
| ધારા ૨૦ | આ યુનિવર્સિટીની અધિકૃત ભાષા ગુજરાતી રહેશે અને તેનો તમામપત્ર વ્યવહાર, યુનિવર્સિટીના જુદાજુદા અધિકારમંડળોની કાર્યનોંધ અને હિસાબો અંદાજપત્ર સહિત ગુજરાતીમાં રાખવામાં અને જાળવવામાં આવશે. આમ છતાં ધારાઓ,અધ્યાદેશો અને નિયમોના પાઠની તેમજ તે સાથે સંકળાયેલા કાર્યની અધિકૃત ભાષા તરીકે અંગ્રેજી ચાલુ રહી શકશે એવી જોગવાઇ કરવામાં આવે છે આમ હોવા  છતાં કુલપતિને પોતાને યોગ્ય લાગે તેમ આ યુનિવર્સિટીનો બીજા મંડળો સાથેનો અને વ્યક્તિઓ સાથેનો પત્રવ્યવહાર હિન્દીમાં અથવા અંગ્રેજીમાં કરવાની સૂચના આપવાનો અવકાશ રહેશે એવી જોગવાઇ પણ કરવામાં આવે છે | |
| ધારા ૨૧ | ધારા ૨૦ માં  કરવામાં આવેલી જોગવાઇ છતાં પણ સેનેટના કેયુનિવર્સિટીના અધિકાર મંડળના સભ્યને અંગ્રેજીમાં કે હિન્દીમાં  સભાગૃહને સંબોધવાનો હક રહેશે. | |
| | **સી – સેનેટની સભાઓ**<br>**અધિનિયમની કલમ ૨૮ (૮) મુજબ** | |
| ધારા ૨૨ | પદવીદાન સમારંભ સભાને નામે ઓળખાતી સેનેટની એક સભા ધારા ૨૨૮ (૧) અને (૨) માં નિયત કર્યા મુજબ દર વર્ષે ભરવામાં આવશે. | |

| | |
|---|---|
| ધારા ૨૩ | જ્યાં સુધી કુલપતિ અથવા એમની અનુપસ્થિતિમાં કુલનાયક બીજી સૂચના આપે નહીં ત્યાં સુધી સેનેટની સભાઓ યુનિવર્સિટીના મથકે જ મળશે |
| ધારા ૨૪ | પ્રત્યેક સભ્ય પોતાની બેઠક લેતા પહેલા સભાખંડના પ્રવેશદ્વાર આગળ હાજરી નોંધવા માટે મુકાયેલા હાજરી પત્રકમાં પોતાની હાજરી નોંધશે. |
| ધારા ૨૫ | ખુલાધિપતિ અથવા તેમની અનુપસ્થિતિમાં કુલપતિ અથવા બન્નેની અનુપસ્થિતીમાં કુલનાયક અથવા તેમની અનુપસ્થિતિમાં સભાએ ચૂંટેલા સભ્ય સભાનું પ્રમુખ સ્થાન લેશે. આ હેતુ માટે અને આ ચૂટણી પૂરતા વિદ્યાશાખાના અધ્યક્ષો/ ડીન્સમાના શ્રેષ્ઠ અધ્યક્ષ પ્રમુખપદ સંભાળશે |
| ધારા ૨૬ | સેનેટના ૨૦ સભ્યો સભાની કાર્યસાધક (કોરમ) ગણાશે અને આ તમામ પ્રશ્નોનો નિર્ણય સભામાં હાજર રહેલા સભ્યોના મતોની બહુમતીથી લેવાશે સરખા મતો થાય ત્યારે સભાના અધ્યક્ષને બીજો અથવા નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે. |
| ધારા ૨૬ એ | કોઇપણ સમયે જ્યારે તે ધ્યાન ઉપર આવે કે હાજર સભ્યોની સંખ્યા સેનેટની સભામા નિયત કરેલા ક્વોરમથી ઓછી છે તો ચેરમન પોતાની જાતે અથવા કોઇ સભ્યના દૃષ્ટાંતથી ક્વોરમ બેલ વગાડવા માટે કહેશે જે સભાના સ્થળે બહાર રાખવામાં આવશે અને ક્વોરમની અછત જાહે રરકશે ક્વોરમ બેલ વાગી ગયા બાદ, તો અધ્યક્ષ દસ મીનીટ સુધી ક્વોરમ થવા માટે રાહ જોશે. જો દસ મીનીટ બાદ ક્વોરમ બેલ વાગ્યા બાદ પણ કોઇ ક્વોરમ થશે નહીં તો અધ્યક્ષ સેનેટની સભાનો તે દિવસ માટે અંત લાવશે. સેનેટ જો કે પછીના દિવસે અથવા દિવસોએ મળશે જેને માટે નોટીસ ધારા ૨૦૯ હેઠળ આપવામાં આવશે. |
| ધારા ૨૭ | સભાના આરંભે જો કાર્યસાધક સંખ્યા નહીં હોય તો પા કલાક વિત્યા બાદ સભાધ્યક્ષ કાર્યસાધક સંખ્યા માટે જરુરી સભ્યો હાજર છે કે નહીં ? તેની નોંધ લેશે અને જો તેટલા સભ્યો હાજર નહીં હોય તો તરત જ સભાધ્યક્ષ નકકી કરે તે તારીખ સુધી સભા મુલતવી રખાશે અને સભા માટે નકકી થયેલી તે તારીખના ઓછામાં ઓછા સાત દિવસ પહેલા કુલસચિવ તે અંગેની સૂચના તમામ સભ્યોને મોકલી આપશે. સભાધ્યક્ષની સહી સાથેની આવી સભા મોકૂફીની નોંધ કુલસચિવ રાખશે. કાર્યસાધક સંખ્યાના અભાવે મુલતવી રહેલી સભા મળે ત્યારે કાર્યસાધક સંખ્યાની આવશ્યકતા રહેશે નહીં. |
| ધારા ૨૮ | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલા હોય અને એના કાયદા સાથે સુસંગત હોય એવા જ પ્રસ્તાવો તથા સુધારાઓ સેનેટમાં સ્વીકારાશે અને ચર્ચાશે. |
| ધારા ૨૯ | સેનેટની સંભવિત તારીખ અંગેની સૂચના કુલસચિવ તે તારીખના ચોખ્ખા ૪૨ દિવસ અગાઉ આપશે. ઠરાવ કે ઠરાવો રજુ કરવાનો ઇરાદો રાખનાર સેનેટના સભ્યે કુલસચિવે આપેલી સૂચનાની તારીખથી દસ દિવસની અંદર તે અંગેની જાણ કુલસચિવને કરવી પડશે. |
| ધારા ૩૦ | સેનેટની સભાની નિયત તારીખના ચોખ્ખા એકવીસ દિવસ પહેલા તેસભા સમક્ષ રજુ થનાર કાર્યોની તથા એમને અગાઉથી લેખિત સ્વરુપે મળેલા તમામ ઠરાવો, રજુ કરનાર સભ્યોના નામો સાથે કુલસચિવ સેનેટના પ્રત્યેક સભ્યને મોકલશે સેનેટની કોઇ સમિતિના કાર્યસૂચી ઉપરના અહેવાલને સ્વીકૃતી માટે રજુ થયેલી દરખાસ્ત સમાન ગણવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ધારા ૩૧ | જ્યારે સેનેટના સભ્યે પ્રસ્તુત કરેલી દરખાસ્ત સેનેટ સિન્ડિકેટને પોતાનો અહેવાલ આપવા મોકલી આપે અને તેના ઉપરનો સિન્ડિકેટનો અહેવાલ સનેટની ત્યારપછીની સભા સમક્ષ વિચરણા માટે રજુ થાય ત્યારે સિન્ડિકેટનો અહેવાલ મૂળ દરખાસ્તનું સ્થાન લેશે. અને સિન્ડિકેટની ભલામણ અનુસાર તેની સ્વીકૃતી માટેની દરખાસ્ત રજૂ કરાશે. ધારાઓમાં કરાયેલી જોગવાઇઓ છતાં મૂળ દરખાસ્તના પ્રસ્તાવક અથવા અન્ય કોઇ સભ્ય એવો સુધારો રજુ કરી શકશે કે અહેવાલની નોંધ લેવામાં આવે અને મૂળ દરખાસ્ત તે ઉપર રજુ થતા સુધારા સહિત કે તે સિવાય સ્વીકારવામાં આવશે. | |
| ધારા ૩૨ | સૂચિત સુધારાઓની અને તેમાંની શરતોની અને નિવેદનમાં દર્શાવ્યા પ્રમાણેની કાર્યસૂચીના ક્રમમાં ફેરફાર સૂચવતી લેખિત સૂચના સભાની નિયત તારીખના ચોખ્ખા દસ દિવસ પહેલા મળી જવી જોઇએ. | |
| ધારા ૩૩ | કુલસચિવ સભાના ૭ દિવસ પહેલા સેનેટના પ્રત્યેક સભ્યને તમામ દરખાસ્તો અને સુધારાઓ પાઠવશે. ધારા મુજબ નોટીસ અપાયેલ નહીં હોય તેવી કોઇ દરખાસ્ત કે સુધારા સભા સમક્ષ રજુ કરાશે નહીં. દરખાસ્ત સભા વિસર્જનની, સભાને સ્થગિત કરવાની, નિવેદન ઉપર અન્ય ધંધા તરફ પાસ કરવા, સિન્ડીકેટના નિર્ણયને રીવ્યુ કરવા માર્ગદર્શન આપવા, સિન્ડિકેટના ધ્યાન હેઠળની બાબતો સ્થગિત કરવા, શૈક્ષણિક કાઉન્સીલ અથવા વિદ્યાશાખા અહેવાલ માટે અથવા સુધારો કે જેને અધ્યક્ષ દ્વારા ઔપચારીકપણે સ્વીકારવામાં આવેલ હોય. | |
| ધારા ૩૪ | સેનેટે નિર્દીષ્ટ કરેલી બાબતને તેના નિકાલ થયાના ૬ માસના ગાળામાં તેને પુનર્વિચારણા માટે જ્યાં સુધી ૩/૪ સભ્યોની બહુમતી સભામાં હાજર હોય અને તેમની તરફેણમાં મત આપેલ હોય. ઉપરોક્ત જોગવાઇ તે બાબતને લાગુ પડશે નહીં જેને અગાઉ નિયમ બહારની સભાના અધ્યક્ષ દ્વારા જાહેર કરવામાં આવેલ હોય. | |
| | **(ડી) કાર્યવાહીનો ક્રમ** | |
| ધારા ૩૫ | દરેક સભામાં જે કાર્ય કરવામાં આવે જ્યાં સુધી વિશિષ્ટ મત થી સભા કરવામાં આવે અન્યથા નિર્ણીત કરવામાં આવે તેને નીચે પ્રમાણે ક્રમમાં રહેશે | |
| | ૧ | સભા માટે સ્વીકારાયેલા કાર્યના એક ભાગ તરીકે હોય તો અધ્યક્ષની ચૂંટણી |
| | ૨ | આગલી સભાની અથવા મોકૂફ રહેલી સભાની કાર્ય નોંધને મંજૂરી. |
| | ૩ | સભા માટે સ્વીકારાયેલા કાર્યના એક ભાગ તરીકે હોય તો કોઇ અધિકારમંડળના અથવા યુનિવર્સિટીના મંડળના સભ્યની ચૂંટણી. |
| | ૪ | ત્રીસ દિવસથી ઓછા નહીં એટલા દિવસ અગાઉ યુનિવર્સિટીને લગતી માહિતી મેળવવાના હેતુસર સેનેટના કોઇપણ સભ્યે પૂછેલા કોઇપણ પ્રશ્નોના કુલપતિએ અથવા તે હેતુ માટે કુલપતિએ નિયુક્ત કરેલા સિન્ડિકેટના સભ્યે અથવા કુલસચિવને જે લાગુ પડે તે, આપેલો ઉતારો. |
| | ૫ | સ્વીકારાયેલા કાર્યના એક ભાગ તરીકે હોય તો વાર્ષિક અહેવાલની વિચારણા, વાર્ષિક હિસાબો, વાર્ષિક અંદાજપત્ર તથા તે અંગેના ઠરાવો. |
| | ૬ | અધ્યાદેશોની વિચારણા, ધારાઓને સુધારવાની અને રદ કરવા માટેની દરખાસ્તો તથા અધિનિયમમાં સુધારા કરવા માટેની દરખાસ્તો. |

| | | | | |
|---|---|---|---|---|
| | ૭ | ઉપર નિર્દેશાયેલા ક્રમને બાધારુપ ન હોય તેવી અથવા એક થી સાત સુધીના ક્રમમાં આવતી બાબતોની ઉપર અગ્રતા આપવા અંગેની ન હોય એવી અથવા તેમાંથી એકને પણ અસર થતી ન હોય તેવા કાર્યના ક્રમમાં ફેરફાર સૂચવતી દરખાસ્ત. | | |
| | ૮ | કોઇપણ કાર્ય અથવા દરખાસ્ત જેને માટે યોગ્ય નોટીસ આપવામાં આવેલ હોય તે ક્રમમાં કે જેમાં આવા કાર્ય અને દરખાસ્ત કાર્યના નિવેદનમાં દાખલ કરવામાં આવેલ હોય અન દરખાસ્ત કે જેને આ ધારાની જોગવાઇને આધીન અને ધારા ૪૩ને આધીન આગળ લાવવામાં આવેલ હોય. | | |
| ધારા ૩૬ | ૧ | સેનેટની સભાના પ્રથમ દિવસે પ્રથમ ૬૦ મીનીટ કરતા વધુ નહીંને સવાલોના જ્વાબ આપવા માટે અને વધારાના સવાલોના જ્વાબ આપવા માટે નિયત કરી શકાશે તે સમય દરમ્યાન કોઇપણ સવાલ કે જેનો જ્વાબ આપવામાં આવેલ ન હોય તે ચૂકી જ્વાય પરંતુ સવાલ કરનાર તેને નાવા સવાલ તરીકે સેનેટની પછીની સભામાં ૩૦ દિવસ કરતા ઓછી નહીં તે નોટીશ આપીને જીવિત કરી શકશે. | | |
| | ૨ | નીચેની શરતો પુરી કરવામાં નહીં આવે તો કોઇપણ પ્રશ્ન સ્વીકારી શકાશે નહી. | | |
| | | ૧ | એ | માહિતી માટે કરવામાં આવેલ વિનંતી સ્વરુપે ઘડવામાં આવેલ હોવો જોઇશે |
| | | | બી | એમાં દલીલો, અનુમાનો, વ્યક્તિઓ અથવા બદનક્ષીના વિધાનોનો સમાવેશ થવો જોઇએ નહી. |
| | | | સી | તેમાં મત વર્ણવવા માટે અથવા અનુમાનીત પ્રસ્તાવ અથવા તારણવાળા કાયદાના સવાલનો ઉકેલ પૂછવામાં આવવો જોઇએ નહીં |
| | | | ડી | અધિકારી તરીકેની હેસીયત સાથે સંબંધ હોય તેસિવાય તેકોઇ વ્યક્તિના ચારિત્ર્યની, ક્ષમતાની કે તેની વર્તણૂકની બાબતને સ્પર્શતો હોવો જોઇએ નહીં |
| | | | ઇ | ગોપનીય બાબતને સ્પર્શતો હોવો જોઇએ નહીં |
| | | | એફ | પ્રશ્નને સુગમ બનાવવા માટે જ આવશ્યક ન હોય તો એમાં કોઇ નામ અથવા વિધાનનો સમાવેશ થવો જોઇએ નહીં. |
| | | | જી | તે અતિશ્રમસિધ્ધ નિવેદનો,આંકડાઓ અથવા સમય અને શ્રમનો અતિવ્યય સંડોવતો ન હોવો જોઇએ. |
| | | | એચ | યુનિવર્સિટીના હિતો સાથે સુસંગત રહીને જેનો ઉત્તર આપી શકાય નહીં તેવો ન હોવો જોઇએ. |
| | | ૨ | પ્રશ્નની સ્વીકૃતી અંગેનો નિર્ણય કુલપતિ કરશે. જે પ્રશ્ન એમના અભિપ્રાય પ્રમાણે ઉપલા નિયમનું ઉલ્લંઘન કરતો લાગશે તેને તેઓ નામંજૂર કરી શકશે અને એમનો નિર્ણય છેવટનો ગણાંશે. | |
| | | ૩ | તમામ પ્રશ્નો અને તેના તૈયાર થયેલા ઉત્તરો સંશોધિત કાર્યસૂચી સાથે તમામ સભ્યોને મોકલવામાં આવશે. | |

| | | | |
|---|---|---|---|
| | | ૪ | જે પ્રશ્નનો ઉત્તર અપાાઇ ગયો હોય તે પ્રશ્ન અંગે અપાયેલી માહિતીની સ્પષ્ટતા કરવાના હેતુસર કોઇપણ સભ્ય પૂરક પ્રશ્ન પૂછીશકશે. સભાના અધ્યક્ષ, જો તેમના અભિપ્રાય મુજબ કોઇપણ પૂરક પ્રશ્ન, પ્રશ્નો અંગેના નિયમોનું ઉલ્લંઘન કરતો લાગે તો, તેવા પ્રશ્નને નામંજૂર કરી શકશે અને તેમનો નિર્ણય છેવટનો ગણાંશે |
| | | ૫ | જે પૂરક પ્રશ્નનો ઉત્તર આપવાની પોતાની તૈયારી નહોય તે પૂરક પ્રશ્ન અંગે સભાધ્યક્ષ સમય માંગી શકશે. |
| | | ૬ | પ્રશ્નો કે પૂરક પ્રશ્નોના ઉત્તરો કુલપતિ અથવા આ હેતુ માટે કુલપતિએ નિયુક્ત કરેલા સિન્ડિકેટના કોઇ સભ્ય અથવા કુલસચિવ આપશે |
| | **(ઇ) ચર્ચાના નિયમો** | | |
| ધારા ૩૭ | જેમના નામ સાથે દરખાસ્ત રજુ થઇ હોય તેસભ્યે દરખાસ્ત વિધિસર રજુ કરવી પડશે અથવા જો તે હાજર ન હોય અથવા રજુ કરવાની અનિચ્છા દર્શાવે તો અન્ય કોઇ સભ્ય તે રજૂ કરી શકશે. આમ છતાં રજુ કરનાર પોતે દરખાસ્ત અધ્યક્ષ સ્થાનેથી નિવેદીત થાય નહીં ત્યાં સુધી પોતાનું વકતવ્ય અનામત રાખી શકશે (ધારા ૩૯ અનુસાર) | | |
| ધારા ૩૮ | સભામાં રજુ થનારી પ્રત્યેક દરખાસ્તને અનુમોદનની આવશ્યકતા રહેશે. અનુમોદન ન પામેલી દરખાસ્તો પડતી મુકાશે. અનુમોદન આપનાર પોતાના વકતવ્યનો અધિકાર અનામત રાખી શકશે | | |
| ધારા ૩૯ | દરખાસ્તને અનુમોદન મળયા પછી અધ્યક્ષ સ્થાનેથી તે નિવેદીત થશે | | |
| ધારા ૪૦ | દરખાસ્ત આ પ્રમાણે નિવેદીત થયા પછી તેની માત્ર હકાર કે નકારમાં નિર્ણય કરવા અથવા સુધારા રુપે તેમાં ફેરફાર કરવાની દરખાસ્ત તરીકે ચર્ચા થશે જ્યારે પહેલા કે ચર્ચા બાદ કોઇ સભ્ય દરખાસ્ત ઉપર બોલવા ઉભા નહીં થાય તો અધ્યક્ષ પ્રસ્તાવને હવે પછી જણાંવેલી રીત અનુસાર મત ઉપર મૂકવાનું પગલુ લેશે | | |
| ધારા ૪૧ | એક નકકર પ્રસ્તાવ એક વખત રજુ કરાયા બાદ તેજ સભા સમક્ષ કે તે સભા મોકૂફ રહયા પછીની સભા સમક્ષ બીજી વાર લાવી શકાશે નહીં. એક વખત નિકાલ પામી ચૂકેલો હોય એવા પ્રસ્તાવના અમુક ભાગ સાથે નકકર રીતે સમરુપ હોય એવો કોઇ પ્રસ્તાવ તેજ સભામાં અથવા તે સભા મોકૂફ રહયા પછીની સભામાં એટલા ભાગના લોપ સાથે લાવી શકશે. | | |
| ધારા ૪૨ | ૧ | એક જ સમયે એક જ પ્રસ્તાવ અને એક જ સુધારો સભા સમક્ષ રજુ કરવામાં આવશે. આમ છતાં એવી જોગવાઇ કરવામાં આવે છે કે અધ્યક્ષ એક પ્રસ્તાવ ઉપરના એક કરતા વધારે સુધારાઓ પ્રશ્નની સમગ્રતયા ચર્ચા કરવાની દ્રષ્ટી એક સાથે હાથ ઉપર લઇ શકશે | |
| | ૨ | તેના અનુવર્તી સુધારો મત ઉપર મુકાય તે પહેલા પ્રત્યેક સુધારાનો નિકાલ કરાશે. | |
| | 3 | પરત નહીં ખેંચાયેલા તમામ સુધારાઓ ધ્યાનમાં લઇ મત ઉપર મુકવામાં આવશે. | |

| | | |
|---|---|---|
| | ૪ | જે બાબતમાં સુધારાની નોટીસ નહીં અપાઇ હોય તેના મૂળ પ્રસ્તાવ ઉપર સેનેટ સત્વરે ચર્ચાનો પ્રારંભ કરશે અને તેના ઉપર મતદાન કરશે. |
| ધારા ૪૩ | પ્રશ્ન હવે સભા સમક્ષ મૂકાય એવી દરખાસ્ત કોઇપણ ચર્ચામાં સભ્ય મૂકે (પણ તે ઉપર ભાષણ આપી નહીં શકે) અને સભાધ્યક્ષને એવી દરખાસ્ત સયુક્તિક ચર્ચાના અધિકારનું ઉલ્લંઘન કરનારી ન લાગે તો પ્રશ્ન હવે સભા સમક્ષ મૂકાય એ દરખાસ્ત મત ઉપર તરતજ મુકાશે અને કશાપણ સુધારા કે ચર્ચા વગર તેનો નિકાલ થશે | |
| ધારા ૪૪ | પ્રશ્ન હવે સભા સમક્ષ મૂકાય વાળી દરખાસ્ત પસાર થઇ ગયા બાદ સભાધ્યક્ષ ચર્ચા હેઠળના પ્રસ્તાવ કે સુધારો રજૂ કરનાર સભ્યને ઉત્તર આપવા જણાંવશે | |
| ધારા ૪૫ | કાર્યસૂચી ઉપરની દરખાસ્ત રજુ કરતી વખતે કોઇપણ સભ્ય પંદર મીનીટથી વધારે અથવા સુધારો રજુ કરતી વખતે કે અનુમોદન આપતી વખતે કે દરખાસ્ત કેસુધારા ઉપર ચર્ચા કરતી વખતે અથવા ચર્ચાનો ઉત્તર વાળતી વખતે સાત મીનીટથી વધારે બોલી શકશે નહીં આમ છતાં એવી જોગવાઇ કરવામાં આવે છે કે આ સમયમર્યાદા જ્યારે સભાધ્યક્ષ પોતાની મેળે અથવા સેનેટના સભ્યના કહેવાથી નિર્ણય આપે કે બોલનારે એનો નિયત સમય પૂરો કર્યો છે ત્યારે જ અમલી બનશે. | |
| | **(એફ) સુધારાઓ** | |
| ધારા ૪૬ | જે દરખાસ્તના અનુસંધાનમાં સુધારો રજુ થયો હોય તેને સુસંગત તેમ જ દરખાસ્તના ક્ષેત્ર વિસ્તારમાં સમાતો જ હોવો જોઇએ. | |
| ધારા ૪૭ | વિકલ્પે સુધારો રજુ કરી શકાશે નહીં. | |
| ધારા ૪૮ | મૂળ પ્રસ્તાવને નકારાત્મક બનાવી દે એવો કોઇ સુધારો રજુ કરી શકાશે નહીં. | |
| ધારા ૪૯ | જે પ્રશ્નોનો સભા દ્વારા નિકાલ કરવામાં આવેલ હોય તે પ્રશ્નને ઉખેડતો હોય અથવા સભાએ પસાર કરેલા કોઇપણ ઠરાવ સાથે વિસંગત હોય એવો સુધારો રજુ કરી શકાશે નહીં. | |
| ધારા ૫૦ | પ્રત્યેક સુધારો એવા સ્વરુપમાં હોવો જોઇશે કે જેથી મુળ દરખાસ્તને નીચે જણાંવેલી રીતો માંથી કોઇ એક વડે અથવા તમામ વડે સુધારે.<br>૧। શબ્દો ઉમેરીને<br>૨। શબ્દો કાઢી નાંખીને<br>૩। શબ્દો બદલીને અને સુધારો રજુ કરનાર દરખાસ્તનું અથવા તેના ભાગનો સુધારો થયા બાદ પછી તે કેવું રુપ ધારશે તેનો નિર્દેશ કરે. | |
| ધારા ૫૧ | જે ક્રમમાં દરખાસ્ત ઉપરના સુધારાઓ સભા સમક્ષ રજુ થશે તે ક્રમ સભાધ્યક્ષ સુધારાઓની સંખ્યા તથા તેમનો પારસ્પરિક સંબંધ ધ્યાનમાં લઇ નક્કી કરશે. | |

| | | |
|---|---|---|
| ધારા ૫૨ | જેના અમૂક ભાગનો નિકાલ થઇ ચૂકયો હોય તેવા સુધારાના બાકીના ભાગો રાખી શકાય તેટલા પૂરતો ફેરફાર એના પ્રસ્તાવક કરી શકશે. | |
| ધારા ૫૩ | સુધારો રજુ થાય અને તેને અનુમોદન મળે એટલે તેનું નિવેદન અધ્યક્ષ સ્થાને થી ધશે અને ત્યાર પછી મુળ દરખાસ્ત અને તેના ઉપરના સુધારાની ચર્ચા એકી સાથે હાથ ધરાશે. પણ જ્યાં સુધી સુધારાએ ઉભા કરેલા પ્રશ્ન ઉપર સભ્ય બોલ્યા ન હોય તો તેના ઉપર સભ્ય બોલી શકશે પછી ભલે તે મુળ પ્રશ્ન ઉપર અથવા આગળ હાથ ધરાયેલા સુધારા ઉપર તે બોલી ચૂકયા હોય. | |
| ધારા ૫૪ | જો કોઇ સુધારો પસાર થઇ જાય તો તે સનેટ સમક્ષની મુળ દરખાસ્તનો ભાગ બનશે અને તદનુસાર દરખાસ્તમાં ફેરફાર કરવામાં આવશે. | |
| ધારા ૫૫ | જેની વિધીસરની સૂચના અપાઇ ગઇ હોય તેવા તમામ સુધારાઓ ચર્ચાઇ જાય તે પછી મુળ દરખાસ્ત અથવા ચર્ચા દરમ્યાન સુધારવામાં આવેલી મુળ દરખાસ્ત કોઇપણ પ્રકારની વધુ ચર્ચા વિના સભા સમક્ષ મત માટે મૂકાશે. | |
| | **(જી) પ્રશ્નાપનયન** | |
| ધારા ૫૬ | કોઇપણ પ્રશ્ન સેનેટના નિર્ણયમાંથી તેમની સંમતિ સિવાય પરત ખેંચી શકાશે નહી. જો પ્રસ્તાવ રજુ કરનાર જણાંવેકે એની ઇચ્છા પ્રસ્તાવ અથવા સુધારો પરત ખેંચી લેવાની છે અને સભાધ્યક્ષે આ હેતુ માટે આપેલા સમય દરમિયાન તે વિશે કોઇ વિરોધ વ્યકત કરવામાં નહીં આવે તો સભાધ્યક્ષ જાહેર કરશે કે સેનેટની સંમતિથી પ્રશ્ન પરત ખેંચી લેવાયો છે | |
| | **(એચ) સેનેટનું સમિતિમાં રુપાંતરનો ઠરાવ** | |
| ધારા ૫૭ | એ | સનેટ પોતાને જ્યારે યોગ્ય લાગે ત્યારે કાર્યસૂચી ઉપર હોય તે બાબત અંગે વિચાર કરવા સમિતિના રુપમાં ફેરવાઇ જશે. |
| | બી | સભાનું સમિતીમાં રુપાન્તર કરવા માટેની દરખાસ્ત કોઇપણ સભ્ય ગમે ત્યારે પણ ચાલુ ભાષણમાં ખલેલ પહોંચે એ રીતે નહીં ) ધારા ૨૯માં સૂચવેલી આવશ્યક નોટીસ વિના લાવી શકશે. પરંતુ સભાધ્યક્ષ કામ કરવાની અનુજ્ઞા આપે તો જ સભા સમક્ષ તે રજુ કરી શકાશે. |
| | સી | આવી દરખાસ્ત કરતી વખતે ભાષણ કરવા દેવામાં આવશે નહીં. |
| | ડી | જ્યાં સુધી દસ સભ્યો એના અનુમોદન માટે ઉભા થાય નહીં ત્યાં સુધી આવી દરખાસ્ત વિચારણામાં લઇ શકાશે નહી. |
| | ઇ | આવી રીતે વિધિસર અનુમોદન પામ્યા બાદ દરખાસ્ત વધુ ચર્ચા વિના સભા સમક્ષ રજુ થશે અને હાજર રહેલા સભ્યોની ૨/૩ બહુમતીથી તે પસાર થયેલી ગણાંશે. |
| ધારા ૫૮ | એ | જ્યારે સેનેટ આ રીતે સમિતીના સ્વરુપમાં ફેરવાઇ જવાનું નકકી કરે ત્યારે સભાના અધ્યક્ષ જ સમિતીના અધ્યક્ષ રહેશે અને સેનેટની સભા માટેની કાર્યસાધક સંખ્યા સમિતિની કાર્યસાધક રહેશે. |

| | | |
|---|---|---|
| | બી | જે પદ્ધતી દ્વારા વિચારણા હેઠળની બાબતની ચર્ચા ચલાવાશે તે સભાધ્યક્ષની મુનસફી પ્રમાણે નક્કી થશે .જ્યારે સભાધ્યક્ષની ન્યાયબુધ્ધી અનુસાર બાબત પૂરેપૂરી ચર્ચાયેલી જણાંશે ત્યારે સમિતિ પોતાની તારવણીને અહેવાલનું રુપ આપશે અને તેના ઉપર સભાધ્યક્ષ સહી કરશે. |
| | સી | જેટલા સમય દરમ્યાન સેનેટની સભા સમિતિ રુપે બેસતી હશે તેટલા સમય દરમિયાન સેનેટની સભા સ્થગિત થયેલી ગણાંશે અને સમિતિનો સમય પૂરો થતા તરત જ સભ્યાધ્યક્ષ સેનેટની સભા ભરશે અને તેની સમક્ષ સમિતિની વિચારણાનો અહેવાલ કુલસચિવ રજુ કરશે. |
| | ડી | સમિતિના ઠરાવોમાનો કોઇપણ ઠરાવ મૂળ દરખાસ્ત અને તેના ઉપરના સુધારાઓ દ્વારા નહીં આવરી લેવાઇ હોય એવી બાબતો ધરાવતો હોય તો સેનેટ તે અંગે જ્યાં સુધી ધારા ૨૯ ની જોગવાઇ પ્રમાણેની નોટીસ અપાય નહીં ત્યાં સુધી વિચારણા કરશે નહીં. |
| | ઇ | આવી સમિતિની ચર્ચા વિચારણાના પરિણામ રુપે ઘડાયેલી દરખાસ્ત સિન્ડિકેટમાં અગાઉથી વિચારાયા વિના સનેટ સમક્ષ લાવી શકાશે. |
| **(આઇ) સભા વિસર્જન/સભામોકૂફી વિગેરે** | | |
| ધારા ૫૯ | “આ સભા હવે બરખાસ્ત કરો” એવો પ્રસ્તાવ એક અલગ પ્રશ્ન તરીકે ગમે ત્યારે રજુકરી શકાશે પરંતુ તે સુધારા તરીકે ભાષણમાં અવરોધ કરે એ રીતે રજુ કરી શકાશે નહીં જો દરખાસ્ત પસાર થાય તો સભા સમક્ષનું કામકાજ પડતુ મુકાશે. | |
| ધારા ૬૦ | “આ સભા કોઇ ચોક્કસ સમય સુધી મોકૂફ રાખો” એવો એક અલગ પશ્ન તરીકે ગમે તે સમયે રજુ કરી શકાશે પણ તે સુધારા તરીકે અથવા તે સભાધ્યક્ષની દરખાસ્ત સિવાય પણ ચાલુ ભાષણમાં અવરોધ કરે એ રીતે રજુ કરી શકાશે નહીં .જો તેને નકારવામાં આવે તો ચર્ચા આગળ ચાલશે. આજ નિયમ સેનેટની સમિતિ સ્વરુપની સભાને પણ લાગુ પડશે. | |
| ધારા ૬૧ | ધારા ૫૯ અને ૬૦ હેઠળ રજુ થતા પ્રસ્તાવ ઉપર સુધારો રજુ કરી શકાશે નહીં સિવાય કે જે સમય ઉપર તે મોકૂફ રાખવાની સૂચના હોય તેને બદલે બીજો સમય સૂચવવા બાબતનો હોય. | |
| ધારા ૬૨ | મોકૂફ રખાયા પછી સભા ફરી ચાલુ કરાય અથવા આગળ ચલાવાય તો તે સભા મોકૂફ રખાયા પહેલાની જ સભા તરીકેની સભા ગણાશે. આમ છતાં એવી તારીખ ઉપર સભા મુલતવી રખાયેલી હોય કે જે માટે ધારા ૨૯ હેઠળની નોટીસ આપી શકાય તો ગમે તે સુધારો બીજી રીતે કાનૂનસર હશે તો અને વિધિસરની આવશ્યક નોટીસ આપી હશે તો મોકૂફ રહેલી સભા સમક્ષ લાવી શકાશે. | |
| ધારા ૬૩ | “સભા કાર્યસૂચી ઉપરનું અન્ય કાર્ય હાથ ઉપર લે” એવી દરખાસ્ત ગમે તે સમયે એક અલાયદી દરખાસ્ત તરીકે લાવી શકાશે પણ તે સુધારા તરીકે ચાલુ ભાષણમાં ખલેલ પહોંચાડે એ રીતે લાવી શકાશે નહીં .જો આવી દરખાસ્ત પસાર થાય તો વિચારણા હેઠળનો પ્રસ્તાવ અને તેના ઉપરના સુધારા તે સભામાં ચર્ચાશે નહીં. | |
| ધારા ૬૪ | જે સભ્ય સભામાં અગાઉ બોલ્યા હોય તે સભ્ય સભા વિસર્જનની કે સભા મોકૂફીની કે બેઠક સ્થગિત કરવાની કે બીજો પ્રશ્ન હાથ ઉપર લેવાની દરખાસ્ત | |

| | |
|---|---|
| | રજુ કરી શકશે કે તેના પર બોલી શકશે નહીં. આવી કોઇ દરખાસ્ત સભા સમક્ષ હોય તેવા પ્રશ્નનું સ્થાન લેશે અને જો તે પરત નહીં ખેંચાઇ હોય તો તેવો પ્રશ્ન આગળ ચર્ચાય તે પહેલા આવી દરખાસ્તનો નિકાલ કરવામાં આવશે. |
| ધારા ૬૫ | આગળના છેલ્લા ધારામાં વિચારાયેલા પ્રકારની દરખાસ્ત રજુ કરવામાં આવી હોય અને તેને નકારવામાં આવી હોય તો તેવા પ્રકારની દરખાસ્ત યોગ્ય સમય વીતી ગયો છે એમ જ્યાં સુધી સભાધ્યક્ષને લાગે નહીં ત્યાં સુધી લાવી શકાશે નહીં તેમજ એક પ્રશ્ન તરીકે ચર્ચાતા અથવા તેજ પ્રશ્ન અને તેના ઉપરના સુધારા તરીકે ચર્ચાતા પ્રશ્નની ચર્ચા દરમિયાન આવા અન્ય અથવા પછીના પ્રસ્તાવ ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહીં. |
| **(જે) બોલવાનો અને જવાબ આપવાનો અધિકાર** | |
| ધારા ૬૬ | પ્રત્યેક પ્રસ્તાવ ઉપર અથવા પ્રસ્તાવ અને તેના સુધારા ઉપર ચર્ચામાં કોઇપણ સભ્ય ધારા ૫૩ અને ૬૪ ને આધીન રહીને એક વાર બોલી શકશે. |
| ધારા ૬૭ | દરખાસ્ત કે સુધારો રજુ કરનાર બોલી રહે ત્યારબાદ અન્ય સભ્યો દરખાસ્ત કે સુધારા ઉપર સભાધ્યક્ષ નકકી કરે તે ક્રમમાં બોલશે, સિવાય કે કોઇ અન્ય પ્રકારની જોગવાઇ કરવામાં આવી હોય. |
| ધારા ૬૮ | ઉત્તર આપવાના પોતાના અધિકાર ભોગવટા સિવાય અથવા બીજા પ્રકારની જોગવાઇ કરી હોય તે સિવાય કોઇપણ સભ્ય એક કરતા વધારે વાર બોલી શકશે નહીં સિવાયકે સભાધ્યક્ષની પરવાનગી સાથે અંગત ચોખવટ કરવાના હેતુસર એમનુ બોલવું હોય પણ એવી બાબતોમાં કોઇ ચર્ચાસ્પદ બાબતો રજુ કરી શકાશે નહીં |
| ધારા ૬૯ | દરખાસ્ત રજુ કરનાર સભ્ય ચર્ચા પૂર્ણ થયા બાદ ઉત્તર આપવા માટે બીજી વાર બોલી શકશે. |
| ધારા ૭૦ | સુધારો રજુ કરનાર અથવા જ્યારે સુધારો ન હોય ત્યારે મૂળ ઠરાવ રજુ કરનાર સભ્ય પ્રત્યેકવાર મત લેવાય તે પહેલા ચર્ચાનો ઉત્તર વાળી શકશે. પણ સભા વિસર્જનની અથવા સભા મોકૂફીની અથવા બેઠક પૂરી થઇ હોવાનું જાહેર કરવાની અથવા કાર્યસૂચી પરની અન્ય બાબત હાથ ધરવા અંગેની દરખાસ્ત રજુ કરનાર સભ્યને ઉત્તર આપવાનો અધિકાર રહેશે નહીં |
| ધારા ૭૧ | દરખાસ્ત રજુ કરનારે ઉત્તર આપવાની શરુઆત કરી દીધા બાદ કોઇપણ સમયે બોલી શકશે નહી. |
| ધારા ૭૨ | સભાધ્યક્ષને અન્ય સભ્ય જેટલો જ દરખાસ્ત રજુ કરવાનો, દરખાસ્તને અનુમોદન આપવાનો અથવા સુધારા સૂચવવાનો કે અન્ય રીતે ચર્ચામાં ભાગ લેવાનો અધિકાર છે પરંતુ જ્યારે સભાધ્યક્ષ ચર્ચામાં ભાગ લે ત્યારે અને સભાને સંબોધતા હોય ત્યારે અધ્યક્ષ સ્થાન ખાલી કરશે અને તેટલા સમય પૂરતુ અધ્યક્ષસ્થાન કુલનાયક અથવા એમની અનુપસ્થિતિમાં અધ્યક્ષ સિવાયના અન્ય કોઇ વરીષ્ઠ સભ્ય લેશે. |

| (કે) કાનૂની મુદદાઓ | |
|---|---|
| ધારા ૭૩ | અન્ય સભ્ય પોતાનું વ્યકતવ્ય રજુ કરતા હોય ત્યારે કોઇપણ સભ્ય સભાધ્યક્ષનું ધ્યાન કાનૂની મુદદા ઉપર દોરી શકશે; પરંતુ ઉઠાવવામાં આવેલા કાનુની મુદદાને સ્પષ્ટતાથી રજુ કરવા ઉપરાંત તે ભાષણ કરી શકશે નહીં. આવા ઉદબોધને સભાધ્યક્ષ જો વિક્ષેપકારી, ખલેલકર્તા કે સેનેટ સમક્ષના કાર્યની ગતિમાં અવરોધક જાહેર કરે તો તે સભાની વ્યવસ્થાનો ભંગ કરનારુ ગણાંશે. |
| ધારા ૭૪ | પ્રત્યેક કાનુની મુદદાના એક માત્ર નિર્ણાયક સભાધ્યક્ષજ ગણાંશે અને તેનો કોઇ પણ સભ્યને વ્યવસ્થા જાળવવાનો આદેશ આપી શકશે. આવો આદેશ પામેલા સભ્ય આદેશની અવગણના કરી બોલવાનું ચાલુ રાખશે તો સભાધ્યક્ષ એમને બેસી જ્વા માટે ફરમાવી શકશે અને ત્યાર બાદ અન્ય સભ્ય બોલી શકશે. |
| ધારા ૭૫ | સભાધ્યક્ષના નિર્ણયની અથવા વ્યવસ્થા જાળવવાના આદેશની જકકી અવગણના કરવા માટે ક્ષતિપાત્ર બનેલા સભ્યને સભાગૃહ છોડી જ્વાની વિનંતી કરી શકશે અને આવી વિનંતી પછી સભ્યને તે સભા દરમિયાનની તેમની સભ્ય તરીકેની કામગીરીમાંથી સ્થગિત કરવામાં આવે ત્યારે તેમણે તરત જ સભાગૃહ છાડી જ્વાનું રહેશે. |
| (એલ) મતદાન | |
| ધારા ૭૬ | કોઇપણ પ્રશ્ન મત ઉપર મૂકાતા સભાધ્યક્ષ સભ્યોને તેની તરફેણમાં કે વિરુધ્ધમાં પોતાનો મત હાથ ઉંચો કરીને અથવા ઊભા થઇને જણાંવવાનું રહેશે અને પોતાના અભિપ્રાય પ્રમાણેનું પરિણામ જાહેર કરશે. જો મતની ચોકકસ ગણતરી કરવામાં આવે તો કાર્યનોંધમાં બન્ને પક્ષે પડેલા મતોની નોંધ કરવામાં આવશે. |
| ધારા ૭૭ | મોકૂફી અંગેની દરખાસ્ત સિવાયની તમામ દરખાસ્તો અમગે કોઇપણ સભ્ય વિભાજન અંગે માંગણી કરી શકશે અને આવા તમામ વિભાજનો વખતે મતદાન ગુપ્ત મતદાન પધ્ધતિ દ્વારા થશે. |
| ધારા ૭૮ | ત્યાર બાદ સભાધ્યક્ષ બન્ને તરફથી પ્રત્યેકના બે લેખે ચાર મતગણતરી અધિકારીઓ નીમશે અને વિભાજનને અમલી બનાવવા માટે પોતાને જરુરી લાગે તેવી સૂચનાઓ આપશે |
| ધારા ૭૯ | પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવેલ હોય તેવા પ્રત્યેક વિભાજન વખતે હાજર રહેલા સભ્યો જ મત આપી શકશે. સભામાં કુલસચિવે આપેલ મતપત્ર ઉપર સભ્યે પોતાનો મત દર્શાવવાનો રહેશે અને પ્રત્યેક મતપત્ર મત આપીને કે તે આપ્યા વગર પરત કરવાનું રહેશે. |
| ધારા ૮૦ | સભાધ્યક્ષ વિભાજન પૂર્ણ થયેલું જાહેર કરે પછી મતગણતરી અધિકારીઓ પ્રત્યેક બાજુએ પડેલા મતની સંખ્યા લેખિત નિવેદનમાં જણાંવી તે ઉપર સહી કરશે અને તે સભાધ્યક્ષને મતપત્રક સાથે (બે અલગ થોકડીમાં બાંધેલા) સોંપશે, ત્યારબાદ સભાધ્યક્ષ મતદાનનું પરિણામ સભા સમક્ષ જાહેર કરશે અને તે પરિણામ કાર્યનોંધમાં નોધવામાં આવશે. |
| ધારા ૮૧ | વિભાજન થઇ ગયા બાદ પાંચ હાજર રહેલા સભ્યો પુનર્ગણતરીની માંગણી કરે તો સભાધ્યક્ષ બે કે વધારે સભ્યોની તેવી ગણતરી માટે નિયુકિત કરશે. એ સભ્યો તેમને જણાંયેલી હકીકતનો અહેવાલ સભાધ્યક્ષને આપશે. સભાધ્યક્ષ ત્યારબાદ સભા સમક્ષ પરિણામ જાહેર કરશે જે છેવટનું ગણાશે. |

| | |
|---|---|
| ધારા ૮૨ | મતની પુનર્ગણતરી ચાલતી હોય ત્યારે સભાધ્યક્ષ પોતાની મરજી પ્રમાણે બેઠક સ્થગિત કરી શકશે અથવા પોતાના અભિપ્રાય મુજબ સરળતાથી હાથ ઉપર લઇ શકાય તેવા કાર્યને હાથ ઉપર લેવાનો આદેશ આપશે આ રીતે હાથ ઉપર લેવાયેલું કાર્ય આગળ ચાલશે પણ તેનો નિકાલ થતાં જ કાર્યસૂચીના કામમાં જો કોઇ ફેરફાર થયો હશે તો નિયમિત ક્રમ પ્રમાણેના કામો હાથ ઉપર લેવાશે. |
| **(એમ) કાર્ય બીજી સભા પર લઇ જવું** | |
| ધારા ૮૩ | સેનેટની સભાની કાર્યસૂચી ઉપરની તમામ દરખાસ્તો અને તેની ઉપરના સુધારાઓ, જો હોય તો, જે સભા સાથે તે સંબધ્ધ હોય તે સભામાં સમયના અભાવે કે અન્ય કોઇ કારણસર રજુ ન કરી શકાયા હોય અથવા તેના ઉપર મતદાન ન થઇ શક્યુ હોય તે તમામ વિસર્જીત થયેલા ગણાંશે. |
| **(એન) કાર્યનોંધ** | |
| ધારા ૮૪ | સેનેટની પ્રત્યેક સભા અથવા મોકૂફ થયેલી સભા પછી કુલસચિવ બને તેટલી જલ્દી પરંતુ કોઇપણ સંજોગોમાં સભા પછીના છ અઠવાડીયાથી મોડી નહીં, સેનેટના પ્રત્યેક સભ્યના સરનામે તે સભાની કાર્યનોંધનો ખરડો મોકલશે પરિપત્રિત કાર્યનોંધની યોગ્યતા વિશે વાંધો ઉઠાવવા જેવું લાગે ત્યારે તેવા મુદદા તરફ સભાધ્યક્ષનું ધ્યાન તેઓ કાર્યનોંધ ઉપર સહી કરે તે પહેલા લેખિત સ્વરુપે દોરવાનું રહેશે અને તઓ પોતાને યોગ્ય અને આવશ્યક લાગે તેવા ફેરફારો કાર્ય નોંધના ખરડામાં કરશે |

# પ્રકરણ ૨ સિન્ડિકેટ

## ૧ - બંધારણ

## અધિનિયમની કલમ ૧૯ પ્રમાણે

| | | |
|---|---|---|
| ધારા ૮૫ | ૧ | અધિનિયમની કલમ ૧૯ (૧) (૪) ની આવશ્યક્તા અનુસાર કોલેજોના આચાર્યો અને માન્ય સંસ્થાઓના વડાઓ પોતાનામાંથી બે ની સિન્ડિકેટના સભ્યો તરીકે ચૂંટણી કરે એ હેતુ માટે કુલસચિવ ધારા ૭ (એ) માં સૂચવ્યા પ્રમાણેના આચાર્યોની મતદાર યાદી રાખશે અને સેનેટની સભાને દિવસે સંબંધિત ધારા અનુસાર ચૂંટણી કરવામાં આવશે |
| | ૨ | અધિનિયમની કલમ ૧૯ (૧) (૪) ની આવશ્યક્તા અનુસાર શિક્ષકો પોતાનામાંથી એકની સિન્ડીકેટના સભ્ય તરીકે ચૂંટણી કરે એ હેતુ માટે કુલસચિવ શિક્ષકોની  મતદાર યાદી રાખશે અને સેનેટની સભાને સંબંધિત ધારાઓ અનુસાર ચૂંટણી કરવામાં આવશે. |
| | ૩ | અધિનિયમની કલમ ૧૯ (૧) (૪) ની આવશ્યક્તા અનુસાર યુનિવર્સિટી વિભાગોના વડાઓ પોતાનામાંથી  એકની સિન્ડિકેટના સભ્ય તરીકે ચૂટણી કરે એ હેતુ માટે કુલસચિવ યુનિવર્સિટી વિભાગોના વડાઓની મતદાર યાદી રાખશે અને સેનેટની સભાને દિવસે સંબંધિત ધારાઓ અનુસાર ચૂટણી કરવામાં આવશે. |
| | ૪ | અધિનિયમની કલમ ૧૯ (૧) (૭) માં જણાંવ્યા પ્રમાણે સેનેટ પોતાના સભ્યોમાંથી જેઓ આચાર્યો, શિક્ષકો, માધ્યમિક શાળાઓના આચાર્યો, માન્ય સંસ્થાઓના વડાઓ અને માધ્યમિક શિક્ષકો ન હોય એવા પાંચ સભ્યોની સિન્ડિકેટના સભ્યો તરીકે ચૂંટણી કરવાના હેતુ માટે કુલસચિવ સેનેટના સભ્યોની મતદાર યાદી રાખશે અને સેનેટની સભાને દિવસે સંબંધીત કાનૂનો અનુસાર ચૂટણી કરવામાં આવશે. |
| | ૫ | અધિનિયમની કલમ ૧૯ (૧) (૭) ની આવશ્યક્તા અનુસાર વિદ્યાસભા પોતાના બે સભ્યોની ચૂંટણી સિન્ડિકેટના સભ્યપદ માટે કરે એ હેતુ માટે કુલસચિવ કુલપતિએ નક્કી કરેલી તારીખે વિદ્યાસભાની એક સભા બોલાવશે અને સંબંધિત ધારાઓ અનુસાર ચૂંટણી કરવામાં આવશે. |

## ૨ - કાર્યપધ્ધતી

| | |
|---|---|
| ધારા ૮૬ | સિન્ડિકેટ સામાન્ય રીતે મહિનામાં એક વાર મળશે અને બીજા સમય એ જ્યારે કુલપતિઓ અથવા એમની ગેરહાજરીમાં કુલનાયક અથવા બન્નેની ગેરહાજરીમાં સિન્ડિકેટના સભ્યોમાંથી વરીષ્ઠ સભ્ય બોલાવે ત્યારે મળશે. |
| ધારા ૮૭ | કુલસચિવ સિન્ડિકેટની તમામ સામાન્ય સભાઓ માટે સાત ચોખ્ખા દિવસોથી ઓછા નહીં એટલા દિવસોની નોટીસ કાર્યસૂચી સાથે આપશે આમ છતાં કુલપતિશ્રીની મંજૂરીથી સિન્ડિકેટની તાકીદની સભા ચોવીસ કલાકની નોટીસથી બોલાવી શકાય એવી જોગવાઇ રાખવામાં આવે છે |

| | |
|---|---|
| | [નોંધ : તમામ સંબંધિત કાગળો અને કાર્યસૂચીના કાગળો ઉપરની ઓફીસ નોંધ શક્ય હોય ત્યાં સુધી નોટીસ સાથે પરિપત્રિત કરવા પણ શક્ય હોય ત્યાં સુધી સભાના ચેખ્ખા ત્રણ દિવસથી મોડા નહીં એવી રીતે પરીપત્રિત કરવા.] |
| ધારા ૮૮ | સિન્ડિકેટનું સભ્યપદ સભ્યના અવસાનને કારણે,રાજીનામાને કારણે અથવા અનુક્રમે ચાર સામાન્ય સભામાંની એક ધારી ગેરહાજરીને કારણે અથવા યુનિવર્સિટીના અધિકાર મંડળના અથવા જે વિભાગમાંથી વ્યકિત ચૂંટાઇ હોય તે વિભાગના સભ્ય મટી જવાને કારણે સમાપ્ત થયેલું ગણાંશે અને જગ્યા ખાલી પડેલી ગણાંશે.જો કે જ્યારે સભ્યને યુનિવર્સિટીના કામ માટે યુનિવર્સિટીની બહારના વિસ્તારમાં ૬ માસ કરતા વધુ નહી તેવા સમય માટે મૂકવામાં આવે તો ગેરલાયક ઠરાવવાનો કલોઝ તેમને લાગુ પડશે નહી. |
| ધારા ૮૯ | સિન્ડીકેટની સભા માટે પાંચ સભ્યો કાર્યસાધક સંખ્યા ગણાંશે અને તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા સભ્યોની બહુમતી દ્વારા લેવાશે |
| ધારા ૯૦ | કુલપતિ અથવા તેમની ગેરહાજરીમાં કુલનાયક અનવા એ બન્નેની ગેરહાજરીમાં સિન્ડિકેટના વરીષ્ઠ સભ્ય સિન્ડિકેટની તમામ સભાઓમાં અધ્યક્ષ સ્થાને રહેશે. આવી સભાઓમાં અધ્યક્ષને મત આપવાનો અધિકાર રહેશે અને સરખા મત થવાના પ્રસંગો એ બીજો અથવા નિર્ણાયક મત આપવાનો પણ અધિકાર રહેશે. |
| ધારા ૯૧ | સેનેટ સિવાયના યુનિવર્સિટીના તમામ અધિકારમંડળો સિન્ડિકેટ સુપરત કરે તે બાબત સિન્ડિકેટને પોતાનો અહેવાલ આપશે. |
| ધારા ૯૨ | કોઇપણ અધિકાર મંડળ અથવા સેનેટના કોઇપણ સભ્ય સિન્ડિકેટને ભલામણ કરી શકશે તેમજ કોઇપણ ધારા અંગે અથવા અધ્યાદેશ માટે પ્રસ્તાવ મૂકવાનું સૂચવી શકશે |
| ધારા ૯૩ | અધ્યાદેશ હેઠળ નિયુકત કરાયેલી સમિતિઓ ઉપરાંત વધારાનું કોઇ પણ મંડળ અથવા કોઇપણ સમિતી તેના કાર્યક્ષેત્ર હેઠળની વહીવટી ફરજો બજાવવા માટે સિન્ડિકેટ નીમી શકશે. |

## ૩ - અધિકારો અને ફરજો

**એ છાત્રાલયોની સ્થાપના**

**અધિનિયમની કલમ ૨૦ (૧૫) મુજબ**

| | |
|---|---|
| ધારા ૯૪ | રદ કરવામાં આવેલ છે. |
| ધારા ૯૫ | રદ કરવામાં આવેલ છે. |
| ધારા ૯૬ | રદ કરવામાં આવેલ છે. |
| **બી નાંણાકીય અંદાજપત્રો તૈયાર કરવા**<br>**અધિનિયમની કલમ ૫૦ (૩) મુજબ** | |
| ધારા ૯૭ | સેનેટની વાર્ષિક સભાની નકકી થયેલી તારીખના ઓછામાં ઓછા છ અઠવાડીયા પહેલા સિન્ડિકેટ આગામી વર્ષના નાંણાકીય અંદાજો તૈયાર કરશે અને સિન્ડિકેટે તૈયાર કરેલા તે નાંણાકીય અંદાજોની નકલ સેનેટના પ્રત્યેક સભ્યને પ્રત્યેક વર્ષે સેનેટની વાર્ષિક સભાના છ અઠવાડીયા પહેલા મળી જાય એ રીતે મોકલશે અને સેનેટની વાર્ષિક સભાની કાર્યસૂચી ઉપર અંદાજપત્રની વિચારણા એક બાબત રહેશે. |
| **સી વાર્ષિક અહેવાલો તૈયાર કરવા**<br>**અધિનિયમની કલમ ૫૧ મુજબ** | |
| ધારા ૯૮ | સેનેટની વાર્ષિક સભાના ઓછામાં ઓછા છ અઠવાડિયા પહેલા સેનેટ સમક્ષ રજુ કરવા માટેનો વાર્ષિક અહેવાલ પોતાની દોરવણી નીચે તૈયાર કરાવવા માટેના તમામ પગલા સિન્ડિકેટ લેશે. |

# પ્રકરણ ૩ વિદ્યાસભા

## અધિનિયમની કલમ ૨૧ હેઠળ

## ૧ બંધારણ

## અધિનિયમની કલમ ૨૧(૧) હેઠળ

| | | |
|---|---|---|
| ધારા ૯૯ | અધિનિયમની કલમ ૨૧ (૧) (૪) ની આવશ્યકતા અનુસાર પ્રત્યેક વિદ્યાશાખા માટેના એક પ્રતિનિધીની ચૂટણીના હેતુ માટે અને કલમ ૨૧ (૧) (૫) ની આવશ્યકતા અનુસાર સિન્ડિકેટના બે સભ્યોની વિદ્યાસભા ઉપર નિયુક્તિ માટે કુલસચિવ સંબંધિત અધિકાર મંડળોની સભા તે અધિકાર મંડળો જે તારીખે હોદદા ઉપર આવ્યા હોય તે તારીખના દસ દિવસની અંદર બોલાવશે અને સંબંધીત ધારાઓ અનુસાર ચૂટણી કરવાની ગોઠવણ કરશે. | |
| **૨ સભા અંગેની કાર્યપધ્ધતિ** | | |
| ધારા ૧૦૦ | એ | વિદ્યાસભા સામાન્ય રીતે ત્રણમહિને એક વખત મળશે અને બીજા સભ્યોએ જ્યારે કુલપતિશ્રી અથવા એમની ગેરહાજરીમાં કુલનાયક અથવા એ બન્નેની ગેરહાજરીમાં વિદ્યાસભામાના સૌથી વિદ્યાશાખાના વરીષ્ઠ અધ્યક્ષ જરુર લાગતા બોલાવે ત્યારે મળશે. કુલપતિશ્રી, એમની ગેરહાજરીમાં કુલનાયક અથવા એ બન્નેની ગેરહાજરીમાં સૌથી વરીષ્ઠ અધ્યક્ષ વિદ્યાસભાની તમામ સભાઓમાં અધ્યક્ષ સ્થાને રહેશે. |
| | બી | વિદ્યાસભાની સભા બોલાવવા માટે કુલસચિવ કાર્યસૂચી સહિત સાત દિવસની નોટીશ સભ્યોને આપશે આમ છતાં કુલપતિશ્રીની સૂચના હેઠળ વિદ્યાસભાની તાકીદની સભા ત્રણ દિવસથી ઓછા નહીં હોય એટલા દિવસની નોટીસથી બોલાવી શકાશે.<br>(નોંધ : સંબંધીત કાગળો અને કાર્યસૂચી ઉપરની કાર્યાલયની નોંધ સભાની તારીખથી પાંચ દિવસથી મોડી નહીં હોય તેમ સભ્યોને પ્રતિપત્રિત કરવામાં આવશે.) |
| ધારા ૧૦૧ | વિદ્યાસભાની સભા બોલાવવા માટે નવ સભ્યો કાર્યસાધક સંખ્યા ગણાંશે અને તમામ પ્રશ્નોનોનિર્ણય સભામાં હાજર રહેલા સભ્યોની બહુમતી દ્વારા લેવાશે. આવી સભાઓમાં સભાના અધ્યક્ષને મત આપવાનો અધિકાર રહેશે અનેસરખા મતો થવાના પ્રસંગોએ બીજો અથવા નિર્ણાયક મત આપવાનો અધિકાર પણ અધ્યક્ષને રહેશે. | |
| ધારા ૧૦૨ | વિદ્યાશાખાનું સભ્યપદ સભ્યના અવસાનને કારણે, રાજીનામાને કારણે અથવા અનુક્રમે ચાર સામાન્ય સભામાંની એક ધારી ગેરહાજરીને કારણે અથવા યુનિવર્સિટીના અધિકાર મંડળના અથવા જે વિભાગમાંથી વ્યકિત ચૂંટાઇ હોય તે વિભાગના સભ્ય મટી જવાને કારણે સમાપ્ત થયેલું ગણાંશે અને જગ્યા ખાલી પડેલી ગણાંશે. જોકે જ્યારે સભ્યને યુનિવર્સિટીના કામ માટે યુનિવર્સિટીની | |

| | |
|---|---|
| | બહારના વિસ્તારમાં ૬ માસ કરતા વધુ નહી તેવા સમય માટે મૂકવામાં આવે તો ગેરલાયક ઠરાવવાનો કલોઝ તેમને લાગુ પડશે નહી. |
| **૩ - અધિકારો અને ફરજો<br>અધિનિયમની કલમ ૨૨ હેઠળ** | |
| ધારા ૧૦૩ | ભવનો ,કોલેજો ,સંશોધનની અથવા વિશિષ્ટ અભ્યાસની સંસ્થાઓ ,ગ્રંથાલયો પ્રયોગશાળાઓ, સંગ્રહસ્થાનોની યુનિવર્સિટી દ્વારા કરવાની રચના કરવા અંગેના યુનિવર્સિટીના પ્રસ્તાવો વિદ્યાસભામાંથી સૌપ્રથમ ઉદભવશે અને તે અંગેના સિન્ડિકેટના અને વિદ્યાસભાના અહેવાલો સહીત સેનેટ સમક્ષ તેની મંજૂરી માટે રજુ કરવામાં આવશે |
| ધારા ૧૦૪ | આવા ભવનો, કોલેજો, સંશોધનની અથવા વિશિષ્ટ અભ્યાસની સંસ્થાઓનું સામયિક નિરીક્ષણ સિન્ડિકેટે વિદ્યાસભાની સલાહ લઇ નીમેલી સમિતિ દ્વારા કરવામાં આવશે અને તેવો અહેવાલ વિદ્યાસભા સમક્ષ તેના અભિપ્રાય માટે રજુ કરવામાં આવશે અને ત્યાર પછી સિન્ડિકેટ સમક્ષ તે અંગેનો ઠરાવ કરવા માટે રજુ કરવામાં આવશે આ સમિતીનો અહેવાલ તેના ઉપરના વિદ્યાસભાના અભિપ્રાય અને તે અંગેના સિન્ડિકેટના ઠરાવ સહિત નિરીક્ષણની તારીખના બાર માસમાં સનેટ સમક્ષ તેની જાણ માટે રજુ  કરવામાં આવશે |

# પ્રકરણ ૪ વિદ્યાશાખાઓ

## ૧ બંધારણ

## અધિનિયમની કલમ ૨૩ હેઠળ

| | | | |
|---|---|---|---|
| ધારા ૧૦૫ | ૨દ કરવામાં આવેલ છે. | | |
| ધારા ૧૦૬ | ઉપરોક્ત વિદ્યાશાખાઓમાંની પ્રત્યેકમાં નીચે પ્રમાણેના વિષયો રહેશે | | |
| | ૧ | વિનયન વિદ્યાશાખા : | |
| | | એ | આધુનિક ભારતીય ભાષાઓઃ<br>ગુજરાતી<br>હિન્દી<br>ઉર્દૂ<br>મરાઠી<br>સીંધી<br>બંગાળી<br>તામીલ<br>તેલુગુ<br>મલયાલમ<br>કન્નડ |
| | | બી | અન્ય આધુનીક ભાષાઓ :<br>અંગ્રેજી<br>જર્મન<br>ફ્રેન્ચ<br>રશીયન<br>જાપાનીઝ<br>ચાઇનીઝ |
| | | સી | પ્રશિષ્ટ ભાષાઓ :<br>સંસ્કૃત<br>પ્રાકૃત અર્ધમાગધી  પાલી<br>અવેસ્તા અને પહેલવી<br>ફારસી અને અરબી<br>ભાષાકીય |
| | | ડી | માનવિદ્યાને લગતા અન્ય વિષયો :<br>ઇતિહાસ<br>પુરાત્વવિદ્યા<br>અભિલેખવિદ્યા અને સિક્કાશાસ્ત્ર<br>દર્શનશાસ્ત્ર અને તર્કવિદ્યા<br>ભારતીય અને પૌરરૂય સંસ્કૃતિ |

| | | | |
|---|---|---|---|
| | | | પાશ્ચાત્ય સંસ્કૃતિ<br>નગરનિયોજન અને વાસ્તુવિદ્યા<br>ગણિતશાસ્ત્ર<br>આંકડાશાસ્ત્ર<br>લલિત કળાઓ<br>પત્રકારત્વ<br>ગ્રંથાલય વિજ્ઞાન<br>આંતરીક ડીઝાઇન<br>માસ કોમ્યુનીકેશન<br>તુલનાત્મક સાહિત્ય |
| | | ઇ | સમાજવિદ્યાઓ ઃ<br>રાજ્યશાસ્ત્ર જાહેર વહીવટ સહીત<br>નાગરીકશાસ્ત્ર<br>અર્થશાસ્ત્ર<br>માનસશાસ્ત્ર<br>સમાજશાસ્ત્ર<br>નૃવંશવિદ્યા શાસ્ત્ર<br>ધંધાકીય અર્થશાસ્ત્ર |
| | | એફ | સમાજવિદ્યાના અન્ય વિષયોઃ<br>ભૂગોળ<br>ગૃહવિજ્ઞાન<br>કામદારકલ્યાણ<br>સહકાર<br>સમાજસેવા<br>માનવીય સ્ત્રોતવિકાશ |
| | | જી | સામાન્ય શિક્ષણ<br>કલાપ્રદર્શન<br>એ. હીન્દુસ્તાની સંગીત<br>ગાયન/વાદન<br>બી ભારતીય પ્રશિષ્ટ નૃત્ય<br>સી. નાટકો |
| | ૨ | વિજ્ઞાન વિદ્યાશાખા ઃ<br><br>ભૌતિકશાસ્ત્ર<br>રસાયણવિજ્ઞાન<br>વનસ્પતિવિજ્ઞાન | |

| | | |
|---|---|---|
| | | પ્રાણીવિજ્ઞાન<br>માઇક્રોબાયોલોજી<br>બાયોકેમેસ્ટ્રી<br>બાયોસાયન્સ<br>ફાર્મસી<br>ભૂસ્તરવિજ્ઞાન<br>ગણિતશાસ્ત્ર<br>આંકડાશાસ્ત્ર<br>ગૃહવિજ્ઞાન<br>ગુજરાતી<br>હિન્દી<br>અંગ્રેજી<br>ઇલેક્ટ્રોનીક્સ<br>એપ્લાઇડ કેમેસ્ટ્રી<br>ઇલેક્ટ્રોનીક સાયન્સ<br>ટેક્ષટાઇલ કેમેસ્ટ્રી<br>મેડીકલ ટેકનોલોજી<br>અર્ધશાસ્ત્ર<br>એક્વેટીક બાયોલોજી<br>મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી<br>એપ્લાઇડ ફીઝીક્સ<br>ઇન્સ્ટ્રુમેન્ટેશન<br>ડાયગનોસ્ટીક મેડીકલ લેબોરેટરી સાયન્સ<br>ઔદ્યોગીક રસાયણશાસ્ત્ર<br>બાયો ટેકનોલોજી<br>એપ્લાઇડ મેથેમેટીક્સ<br>ફાર્માસ્યુટીકલ કેમેસ્ટ્રી<br>એન્વાયરનમેન્ટલ કેમેસ્ટ્રી |
| | ૩ | વાણિજ્ય વિદ્યાશાખા ઃ<br>વાણીજ્ય સાથે બીઝનેસ એડમીનીસ્ટ્રેશન<br>અર્થશાસ્ત્ર<br>નગર વિકાસ<br>આંકડાશાસ્ત્ર<br>એકાઉન્ટીંગ ઇન્કલ્યુડીંગ કોસ્ટીંગ<br>સહકાર<br>મર્કેન્ટાઇલ લો<br>કામદાર કલ્યાણ |

| | | |
|---|---|---|
| | | એક્ચ્યુરીયલ સાયન્સ<br>વાણિજ્ય અને આર્થિક ભૂગોળ<br>રાજ્ય શાસ્ત્ર  જાહેર વહીવટ સહિત<br>ગણિતશાસ્ત્ર<br>જનરલ એજ્યુકેશન<br>ગુજરાતી<br>હિન્દી<br>અંગ્રેજી |
| | ૪ | અધ્યાપન વિદ્યાશાખા ઃ<br>અધ્યાપનની ફિલસૂફી<br>અધ્યાપનનો ઇતિહાસ અને ભારતીય અધ્યાપનની સળગતી સમસ્યાઓ<br>તુલનાત્મક અધ્યાપન<br>શૈક્ષણિક માનસશાસ્ત્ર<br>શાળા અને શિક્ષણ વહીવટ<br>સંશોધન પધ્ધતી<br>ગાઇડન્સ એન્ડ કાઉન્સેલીંગ<br>સાઇકોલોજીકલ ટેસ્ટીંગ અને આંકડાશાસ્ત્ર<br>એજ્યુકેશન ટેકનોલોજી<br>શારીરિક શિક્ષણ |
| | ૫ | ટેકનોલોજી વિદ્યાશાખા એન્જીનીયરીંગ સહીત<br>એ .સીવીલ એન્જીનીયરીંગ<br>૧. કન્સ્ટ્રકશન , ફાઉન્ડેશન એન્જીનીયરીંગ એન્ડ સીવીલ એન્જીનીયરીંગ મેનેજમેન્ટ. સર્વેયીંગ<br>૨. સેનીટરી એન્જીનીયરીંગ<br>૩. ટાઉન પ્લાનીંગ એન્ડ વેલ્યુએશન<br>૪. ટ્રાન્સપોર્ટેશન એન્જીનીયરીંગ<br>૫. ઇરીગેશન એન્ડ હાઇડ્રોલીક્સ<br>૬. બ્રીજ એન્જીનીયરીંગ<br>૭. એસ્ટીમેટીંગ કોસ્ટીંગ એન્ડ વેલ્યુએશન<br><br>બી. મીકેનીકલ એન્જીનીયરીંગ<br>૧. આઇ સી એન્જીનીયરીંગ<br>૨. રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ<br>૩. સ્ટીમ એન્જીનીયરીંગ<br>૪. હાઇડ્રોલીક મશીન્સ<br>૫. વર્કશોપ ટેકનોલોજી એન્ડ પ્રેકટીસ |

| | | |
|---|---|---|
| | | ૬. થીઅરી ઓફ મશીન |
| | | ૭. મશીન ડીઝાઇન |
| | | |
| | | સી. ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગ |
| | | ૧. પાવર સીસ્ટમ એન્જીનીયરીંગ |
| | | ૨. ઇલેકટ્રીકલ મશીન ડીઝાઇન |
| | | ૩. ઇલેકટ્રીકલ ટ્રાન્ઝેકશન એન્ડ પાવર ડીઝાઇન |
| | | ૪. એપ્લાઇડ ઇલેકટ્રોનીકસ |
| | | ૫. ઇલેકટ્રીકલ સરકીટ, મેઝરમેન્ટ એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટ |
| | | ૬. હાઇવોલ્ટેજ એન્જીનીયરીંગ |
| | | |
| | | ડી. એપ્લાઇડ મીકેનીકસ |
| | | ૧. એન્જીનીયરીંગ મીકેનીકસ |
| | | ૨. સ્ટ્રકચર એનાલીસીસ |
| | | ૩. સોઇલ મીકેનીકસ |
| | | ૪. કોન્ક્રીટ ટેકનોલોજી એન્ડ કોન્ક્રીટ સ્ટકચર |
| | | ૫. મેટલ ટેકનોલોજી, મેટલ સ્ટ્રકચર અને અન્ય સ્ટ્રકચરો |
| | | ૬. એક્ષપેરીમેન્ટલ સ્ટ્રેસ એનાલીસીસ |
| | | |
| | | ઇ. ટેલીકોમ્યુનીકેશન એન્જીનીયરીંગ |
| | | ૧. રેડીયો એન્જીનીયરીંગ |
| | | ૨. લાઇન કોમ્યુનીકેશન |
| | | ૩. માઇક્રોવેવ ટેલીકોમ્યુનીકેશન |
| | | |
| | | એફ. કેમીકલ એન્જીનીયરીંગ |
| | | જી. એરોનોટીકલ એન્જીનીયરીંગ |
| | | એચ. ટેક્ષટાઇલ એન્જીનીયરીંગ |
| | | આઇ. આર્કીટેકચરલ એન્જીનીયરીંગ |
| | | જે. મેટોલર્જીકલ એન્જીનીયરીંગ |
| | | કે. એન્જીનીયરીંગ જીઓલોજી એન્ડ માઇનીંગ એન્જીનીયરીંગ |
| | | એલ. ઇલેકટ્રોનીકસ |
| | | એમ. મરનિ એન્જીનીયરીંગ |
| | | એન. એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ એન્ડ ન્યુકલીઆર એન્જીનીયરીંગ |
| | | ઓ. ગણિતશાસ્ત્ર |
| | | પી. ભૌતિક શાસ્ત્ર |
| | | ક્યુ. રસાયણશાસ્ત્ર |
| | | આર. અંગ્રેજી |
| | | એસ. એન્જીનીયરીંગ ઇકોનોમીક્સ |
| | | ટી. જનરલ એજ્યુકેશન હ્યુમાનીટીઝ |

| | | |
|---|---|---|
| | | યુ. મેનેજમેન્ટ<br>વી. ઇલેક્ટ્રોનીક્સ એન્જીનીયરીંગ<br>ડબ્લ્યુ. કોમ્પ્યુટર એન્જીનીયરીંગ |
| | ૬ | કાયદા વિદ્યાશાખા<br>Law & Jurisprudence<br>International Law (Private & Public)<br>Constitution Law<br>Crimes<br>Law of Obligations (i.e. Torts, Contracts & Labour Laws)<br>Procedural Laws<br>Law of property & Personal Laws |
| | ૭ | FACULTY OF MEDICINE<br><br>Anatomy<br>Physiology<br>Bio- Chemistry<br>Pharmacology<br>Pathology<br>Microbiolog<br>Community<br>Medicine<br>Surgery/ ENT/ Ophthalmology/ Orthopedics<br>Obstetrics &<br>Gynecology<br>Medicine including<br>pediatrics Skin<br>V.D. / Psychiatry<br>Anesthesiology<br>Radiology<br>Optometry<br>Clinical Psychology<br><br>KULLIYAT INCLUDING TASHREEN, FUNDAMENTALS OF UNANI MEDICINE<br>HIFZANESEHAT i.e. (INCLUDING ANATOMY, PHYSIOLO<br>ILMULADVIA i.e. PHARMACOLOGY<br>OALIJAT INCLUDING i.e. MEDICINE INCLUDING<br>NISWAN WALATFAL i.e GYNACOLOGY & PEDIATRICS<br>JARAHIYAT i.e. SURGERY<br>PHYSIOTHERAPY<br>NURSING |

| | | |
|---|---|---|
| | ૮ | FACULTY OF RURAL STUDIES<br>Rural Studies |
| | ૯ | FACULTY OF MANAGEMENT STUDIES<br>Business and Industrial Management |
| | ૧૦ | FACULTY OF HOMEOPATHIC<br><br>(1) Preclinical Subject including Anatomy, Physiology & Biochemistry and Homeopathic Pharmacy & other subject of self & social development i.e. yoga etc.<br>(2) Para clinical subject including Pathology & Microbiology, Forensic Medicine & Toxicology, Community Medicine, Organon of Medicine.<br>(3) Clincial subject including Practice of Medicine, Surgery, Obstetric & Gyanecology, Case Taking & Repertory, Homoeopathic Materia Medica.<br>(4) Post Graduation Paraclinical including organon of Medicine.<br>(5) Post Graduation clinical including Materia Medica, Case Taking & Repertory, Practice of Medicine, Paediatric and Psychiatry. |
| | ૧૧ | FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY<br>(1) Computer Science<br>(2) Information Technology<br>(3) Information & Communication Technology<br>(4) Bio-Informatics |
| | ૧૨ | FACULTY OF ARCHITECTURE & DESIGN<br>(1) Architecture<br>(2) Interior Design |
| ધારા ૧૦૭ | ૧ | વિદ્યાસભા વિદ્યાશાખાની અંદર આવતા વિયયોની સ્પષ્ટતા સહિત નવી વિદ્યાશાખા રચીને તેની સ્થાપના કરવા માટેના પ્રસ્તાવની ભલામણ સિન્ડિકેટને કરી શકશે. |
| | ૨ | આવા પ્રસ્તાવને પોતાની ભલામણ સહિત સેનેટ સમક્ષ તેની મંજુરી માટે સિન્ડિકેટ રજુ કરશે |
| | ૩ | સેનેટના આ પ્રસ્તાવને મંજૂરી મળે કે તરત જ વિદ્યાસભા અને સિન્ડિકેટ નવી વિદ્યાશાખાને કાર્ય કરતી બનાવવા માટેની તમામ કાર્ય વાહી હાથ ધરશે |
| ધારા ૧૦૮ | ૧ | અધિનિયમની કલમ ૨૩ (૨) (૧) અનુસાર સિન્ડિકેટ સેનેટના સભ્યોની વિવિધ વિદ્યાશાખાઓમાં ફાળવણી કરે એ હેતુ માટે સેનેટના નવા સભ્યોના નામો અધિકારની રુએ આવતા ⁄ ચૂંટાયેલા |

| | | |
|---|---|---|
| | | અથવા નિયુક્ત થયેલા જાહેર થતા વાર કુલસચિવ પ્રત્યેક સભ્યને તે કઇ વિદ્યાશાખામાં જવા ઇચ્છે છે તે ત્રીસ દિવસમાં લખીને જણાંવવાનું કહેશે. |
| | ૨ | સભ્યોની ઇચ્છા કુલસચિવને જણાંવવા માટે નિયત થયેલો સમય પૂરો થતાં , સિન્ડિકેટ ,તેનો અહેવાલ મળતાં સભ્યોને વિવિધ વિદ્યાશાખાઓમાં ફાળવી આપશે |
| | ૩ | પ્રત્યેક વિદ્યાશાખાની સંપૂર્ણ રચના થઇ ગયાના દસ દિવસમાં કુલસચિવ પ્રત્યેક વિદ્યાશાખાની સભા અધિનિયમની કલમ ૨૫ (૨) કલમ ૨૫ (૧) હેઠળ અધ્યક્ષની ચૂટણી કરવા માટે (૨) કલમ (૨૧) (૧) (૪) હેઠળ વિદ્યાશાખાના એક સભ્યની ચૂંટણી વિદ્યાસભા ઉપર કરવા માટે બોલાવશે. |
| ધારા ૧૦૯ | વિદ્યાશાખાના સભ્યોની મુદત ૫ વર્ષની રહેશે જો કે વિદ્યાશાખાના સભ્ય તરીકે ચાલુ ન રહેતા અથવા જે અભ્યાસ સમિતીનું સભ્યપદ બંધ પડી જતા વિદ્યાશાખાના સભ્ય રહી શકશે નહી. | |
| **<u>૨ સભાની કાર્યપધ્ધતી</u>** | | |
| ધારા ૧૧૦ | પ્રત્યેક વિદ્યાશાખા સામાન્ય રીતે વર્ષમાં એક વાર મળશે અને બીજા સભ્યોએ જ્યારે અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં વિદ્યાશાખામાં ઉપરના સેનેટના સભ્યોમાના વરીષ્ઠ સભ્ય બોલાવે ત્યારે મળશે. | |
| ધારા ૧૧૧ | વિદ્યાશાખાના કુલ સભ્યોના ૧/૬ સભ્યો અથવા તે વિદ્યાશાખાના ૩ સભ્યો એ બેમાંથી જે સંખ્યા વધારે હોય તે સંખ્યાના સભ્યો સભા બોલાવવાની માંગણી કરે ત્યારે પણ અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં વિદ્યાશાખા ઉપરના સેનેટના સભ્યોમાંના વરીષ્ઠ સભ્ય વિદ્યાશાખાની સભા બોલાવશે | |
| ધારા ૧૧૨ | અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં વિદ્યાશાખા ઉપરના સેનેટના સભ્યોમાના વરીષ્ઠ સભ્ય વિદ્યાશાખાની સભાઓમાં અધ્યક્ષનુ સ્થાન લેશે | |
| ધારા ૧૧૩ | વિદ્યાશાખાની સભાની કાર્યસાધક સંખ્યા નીચે મુજબ રહેશે.<br>૧. વિદ્યાશાખાના કુલ સભ્યોના ૧/૫ જેટલી સંખ્યા અથવા ૩ સભ્યો એ બે માંથી જે વધારે હોય તે જો કુલ સભ્યોની સંખ્યા ૩ કરતા વધારે હોય.<br>૨. તમામ સભ્યો જો વિદ્યાશાખાના સભ્યોની સંખ્યા ૩ અથવા ઓછી હોય. | |
| ધારા ૧૧૪ | વિદ્યાશાખાની સભામાં તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા સભ્યોની બહુમતી દ્વારા લેવામાં આવશે અધ્યક્ષને મત આપવાનો અધિકાર રહેશે અને મતો સરખા થવાના પ્રસંગે બીજો મત અથવા નિર્ણાયક મત આપવાનો પણ અધિકાર રહેશે. | |

| | |
|---|---|
| | **<u>૩ અધિકારો અને ફરજો</u>** |
| ધારા ૧૧૫ | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમની કલમ ૨૪ માં સૂચવ્યા પ્રમાણેના અધિકારો અને ફરજો ઉપરાંત વિદ્યાશાખા<br>૧. અધ્યક્ષની ચૂંટણી કરશે.<br>૨. વિદ્યાસભાએ અને સિન્ડિકેટે સોંપેલી બાબત અંગે વિચારણા કરી તેનો અહેવાલ રજુ કરશે.<br>૩. વિદ્યાશાખાની હકુમત હેઠળના અભ્યાસ સમિતિને કોઇપણ બાબત વિચારણા માટે તેમજ તે અંગેનો અહેવાલ રજુ કરવા સોંપશે<br>૪. અભ્યાસ મંડળે સોંપેલા કોઇપણ અહેવાલ અથવા ભલામણ અને વિચારણા કરશે.<br>૫. વિદ્યાશાખાની સમિતિ નિમણુંક કોઇપણ હેતુ માટે કરશે કે જે તેમના કાર્યક્ષેત્ર હેઠળ આવતા હોય.<br>૬. વિદ્યાશાખાની અથવા વિદ્યાશાખાની સમિતિની અન્ય કોઇ વિદ્યાશાખા સાથે અથવા તેની સમિતિની સાથે સમાન હેતુઓ વાળી બાબતોની ચર્ચા માટે સંયુક્ત સભાઓ યોજશે |

# પ્રકરણ ૫

## વિદ્યાશાખાના અધ્યક્ષો

## નિમણૂંક અને મુદત

## અધિનિયમની કલમ ૨૫ હેઠળ

| | | |
|---|---|---|
| ધારા ૧૧૬ | | કુલસચિવ પ્રત્યેક વિદ્યાશાખાની સભા દર ત્રણ વર્ષે ૩૧ મી જુલાઇથી મોડી નહીં એ રીતે અથવા શક્ય હોય ત્યાં સુધી જગ્યા ખાલી પડે ત્યારે નીચેના હેતુઓ માટે બોલાવશે. (૧) અધિનિયમની કલમ ૨૫ (૧) હેઠળ અધ્યક્ષની ચૂંટણી કરવા અને અથવા (૨) અધિનિયમની કલમ ૨૧ (૧) હેઠળ એના પ્રતિનિધિની વિદ્યાસભા ઉપર ચૂંટણી કરવા. ચૂંટણી ધારા ૨૬૪ ૨૬૭ માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર કરવામાં આવશે. |
| ધારા ૧૧૭ | એ | અધ્યક્ષ ૧ લી ઓગષ્ટથી ત્રણ વર્ષ માટે હોદદો ધરાવશે. આમ છતાં (૧) કાર્યકારી ધારાઓ હેઠળ ચૂંટાયેલા પ્રથમ અધ્યક્ષ પોતાની ચૂંટણીની તારીખથી ૧૯૭૦ ના જુલાઇની ૩૧ મી સુધી હોદદો ધરાવશે. (૨) ત્રિવાર્ષિક મુદત દરમ્યાન ખાલી પડેલી જગ્યા ઉપર ચૂંટાયેલા અધ્યક્ષ, પથમ તો ત્રિ વાર્ષિક મુદતના બાકી રહેલા સમય પૂરતો હોદ્દો ધરાવશે. |
| | બી | અધ્યક્ષની જગ્યા અવસાનને કારણે, રાજીનામાને કારણે, સેનેટના સભ્ય તરીકે ચાલુ ન રહેવાથી અથવા વિદ્યાસભાની અનુક્રમે ચાર સભાઓમાં એકધારા ગેરહાજર રહેવાથી ખાલી પડેલી ગણાંશે. અધ્યક્ષ જો ત્રણ આખા અંગ્રેજી માસથી વધુ સમય કુલપતિની અનુમતિ વગર યુનિવર્સિટી વિસ્તારની બહાર રહે તો, અધ્યક્ષ તરીકેનો હોદ્દો ધરાવતા બંધ થઇ જશે |
| ધારા ૧૧૮ | | સિન્ડિકેટ વિદ્યાશાખા અને વિદ્યાશાખાની ભલામણ અનુસાર યોગ્ય અને જરુરી લાગે તેટલી રકમ, અધ્યક્ષ તરીકેની અધિનિયમ ૨૫(૩) માં સૂચવેલી ફરજો બજાવવા માટેના કારકુની કામની મદદ માટે અધ્યક્ષને આપવા માટે મંજૂર કરી શકશે. |
| ધારા ૧૧૯ | | જ્યારે અધ્યક્ષ યુનિવર્સિટીના કાર્યો માટે પોતાના સદર મુકામથી બહાર જાય ત્યારે અધ્યાદેશ ૧૩૦-૧૩૧ માં કરેલી જોગવાઇ અનુસાર મુસાફરી ભથ્થુ અને રોકાણ ભથ્થુ મેળવવાને પાત્ર બનશે. |
| ધારા ૧૨૦ | | કલમ ૨૬ (૧) હેઠળની જોગવાઇ અનુસાર નીચેની અભ્યાસ સમિતી ઓ રચી શકાશે. |
| | ૧ | વિનયન શાખા :<br>૧. ગુજરાતી<br>૨. મરાઠી<br>૩. હિન્દી<br>૪. સીન્ધી<br>૫. બંગાળી |

| | | |
|---|---|---|
| | | ૬. અંગ્રેજી<br>૭. આધુનીક યુરોપીઅન ભાષાઓ જર્મન, ફ્રેન્ચ અને રશીયન<br>૮. આધુનીક એશીયાયી ભાષાઓ બચીની, જાપાની<br>૯. સંસ્કૃત<br>૧૦. પ્રાકૃત- અર્ધમાગધી<br>૧૧. પાલી<br>૧૨. ફારસી, અરબી અને ઉર્દુ<br>૧૩ ભાષાક્યિ<br>૧૪. તુલનાત્મક સાહિત્ય<br>૧૫. અવેસ્તા અને પહેલવી<br>૧૬. ઇતિહાસ, પુરાત્વવિદ્યા, અભિલેખવિદ્યા અને સિક્કાશાસ્ત્ર<br>૧૭. રાજ્યશાસ્ત્ર જેમાં રાજ્યત્વજ્ઞાન સહિત અને નાગરીકશાસ્ત્ર અને જાહેર વહીવટ<br>૧૮. સમાજશાસ્ત્ર અને નૃવંશવિદ્યા<br>૧૯. સમાજ કામ<br>૨૦. તત્વજ્ઞાન અને તર્કશાસ્ત્ર<br>૨૧. માનસશાસ્ત્ર<br>૨૨. ભારતીય અને પૌરસ્ત્ય સંસ્કૃતીઓ<br>૨૩. ગૃહવિજ્ઞાન<br>૨૪. પત્રકારતત્વ<br>૨૫. માસ કોમ્યુનીકેશન<br>૨૬. લલીતકળાઓ<br>૨૭. ઇન્ટીરીયર ડીઝાઇન<br>૨૮. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન<br>૨૯. કલાપ્રદર્શન<br>એ. હીન્દુસ્તાની સંગીત<br>ગાયન, વાદન<br>બી ભારતીય પ્રશિષ્ટ નૃત્ય<br>સી. નાટકો |
| | ૨ | અધ્યાપન વિદ્યાશાખા ઃ<br>30. Philosophical, Sociological and Psychological Foundation in education.<br>31. Educational Administration and Comparative Education<br>32. Technology of Teaching Evaluation and Innovative Practices in Education.<br>33. Physical Education. |
| | 3 | વિજ્ઞાન વિદ્યાશાખા ઃ<br>34. Physics including Energy, Electronics, Material Science, Energy Resources, Modern Optics Radiation, Applied Physics – Instrumentation. |

| | | |
|---|---|---|
| | | 35. Chemistry including Agro-Chemical including Fertilizers, Pesticides, Chemical Instrumentation Polymers, Heavy Chemical Drugs, Dyes, Textile Chemistry, Chemistry of Fuels, Ceramics, Industrial Electro – Chemistry, Petro-Chemicals.<br>36. Botany including Environment, Horticulare, Plant Protection, Forest resources.<br>37. Zoology including Marine Science, Fisheries.<br>38. Microbiology – Medical Technology – Medical Laboratory Technology - Diagnostic Medical Laboratory Science<br>39. Bio-Science<br>40. Pharmacy<br>41. Medical Technology<br>42. Bio-Technology<br>43. Aquatic Biology |
| | ૪ | FACULTY OF TECHNOLOGY INCLUDING ENGINEERING<br>44. Applied Mechanics and Structural Engineering<br>45. Civil Engineering<br>46. Mechanical Engineering<br>47. Electrical Engineering<br>48. Electronics & Communication Engineering<br>49. Production Engineering<br>50. Computer Engineering<br>51. Chemical Engineering<br>52. Architectural Engineering<br>53. Textile Engineering & Textile Chemistry/ Textile Processing<br>54. Information Technology Engineering<br>55. Instrumentations & Control Engineering |
| | ૫ | FACULTY OF LAW<br>56. Jurisprudence, International Law, Private, Public and Constitutional Law.<br>57. Crimes, Law of Obligations<br>58. Law of Property and Personal and Taxation Laws. |
| | ૬ | FACULTY OF MEDICINE<br>59. Pre-Clinical subject including Anatomy, Physiology and Bio-Chemistry.<br>60. Pera-Clinical subjects including Pharmacology Pathology, Microbiology and Forensic Medicine.<br>61. GENERAL MEDICINE AND RELATED SUBJECT:-<br>1.General Medicine<br>2.Skin & VD<br>3.Psychhiatry<br>4.Radiology<br>5.Nursing |

| | | |
|---|---|---|
| | | 62. GENERAL SURGERY AND RELATED SUBJECT:-<br>1.General Surgery<br>2.E.N.T.<br>3.Orthopedics<br>4 .Anesthesiology<br>5.Ophthalmology<br>63.MATERNITY AND CHILDHEALTH:<br>1. Community Medicine<br>2. Pediatrics<br>3. Obstetrics & Gynecology<br>4. Clinical Psychology<br>64. Unani Medicine<br>65. Physiotherapy<br>66. Optometry |
| | ૭ | FACULTY OF COMMERCE<br>67. Commerce including Business Administration<br>68. Accounting including Costing |
| | ૮ | FACULTY OF RURAL STUDIES<br>69. Rural Studies |
| | ૯ | FACULTY OF ARTS AND SCIENCE<br>70. Mathematics<br>71. Home Science<br>72. Futurology |
| | ૧૦ | FACULTY OF ARTS AND COMMERCE<br>73. Economics Including Business Economics<br>74. Co-Operation<br>75. Labor Welfare<br>76. Human Resource Development |
| | ૧૧ | FACULTES OF ARTS, SCIENCE AND COMMERCE:<br>77. Geography<br>78. Statistics<br>79. Actuarial Science<br>80. Population Education |
| | ૧૨ | FACULTES OF SCIENCE AND TECHNOLOGY INCLUDING ENGINEERING :<br>81. Geology |
| | ૧૩ | FACULTIES OF SCIENCE & MEDICAL<br>82. Bio-Chemistry |

| | | |
|---|---|---|
| | ૧૪ | FACULTIES OF TECHNOLOGY INCLUDING ENGINEERING AND COMMERCE<br>83. Town Planning and Urban Development |
| | ૧૫ | FACULTY OF MANAGEMENT STUDIES<br>84. Business & Industrial Management |
| | ૧૬ | FACULTY OF HOMEOPATHY :<br>85. Preclinical Subject including Anatomy, Physiology & Biochemistry and Homeopathic Pharmacy & other subject of self & social development i.e. yoga etc.<br>86. Para clinical subject including Pathology & Microbiology, Forensic Medicine & Toxicology, Community Medicine, Organon of Medicine.<br>87. Clinical subject including Practice of Medicine, Surgery, Obstetric & Gynecology, Case Taking & Repertory, Homoeopathic Materia Medica.<br>88. Post-Graduation Paraclinical including organ on of Medicine.<br>89. Post-Graduation clinical including Materia Medica, Case Taking & Repertory, Practice of Medicine, Pediatric and Psychiatry. |
| | ૧૭ | FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY<br>90. Computer Science<br>91. Information Technology<br>92. Information & Communication Technology<br>93. Bio-Informatics |
| | ૧૮ | FACULTY OF ARCHITECTURE & DESIGN<br>94. Architecture<br>95. Interior Design |
| ધારા ૧૨૧ | ૧ | ધારા ૧૨૦ માં જણાંવેલી અભ્યાસ સમિતિઓ અધિનિયમની કલમ ૨૬ હેઠળ નિયત થયા મુજબ યુનિવર્સિટીમાં અથવા તેની સાથેની સંલગ્ન કોલેજોમાં અથવા માન્ય સંસ્થાઓમાં શીખવતા વિષયો માટે રચવામાં આવશે. |
| | ૨ | અધિનિયમની કલમ ૨૬ (૨) (૨) હેઠળ યુનિવર્સિટી વિભાગના અધ્યક્ષનો અર્થ સંબંધિત વિષયના વિભાગના પ્રોફેસર અથવા રીડર નિમવામાં આવેલા જો કે તે કુલપતિ માટે પરવાનગીપાત્ર રહેશે કે તે કોઇપણ વધારાના શિક્ષકને કે જે રીદર અથવા યુનિવર્સિટી વિભાગના વડાથી નીચેના ન હોય કલમ ૨૬ ના હેતુ માટે જ્યારે એક કરતા વધુ અભ્યાસ સમિતિઓ વિષયમાં અથવા વિષયોમાં કે જેમાં વિભાગ સૂચના આપતુ હોય. |
| | 3 | અધિનિયમની કલમ ૨૬ (૨) (૨) હેઠળ ડીગ્રી કક્ષાએ સંલ્ગન કોલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં વિભાગોના વડાઓમાં નીચેનાનો સમાવેશ થશે. |

| | | |
|---|---|---|
| | | એ. વિષય કે જે વિશિષ્ટ હોદ્દાના વિષય તરીકે શિખવવામાં આવતો હોય અથવા મુખ્ય અથવા મહત્વના અથવા વૈકલ્પિક વિષય (વાણીજ્ય વિદ્યાશાખામાં છે તેમ)ડીગ્રી કલાસમાં વિભાગીય વડા એ રીતે .<br>બી. તબીબી ,કાનૂની અને ગ્રામલક્ષી અભ્યાસની વિદ્યાશાખાઓમાં ફરજીયાત વિષય તરીકે શીખવાતા વિષયના વિભાગીય વડા એરીતે<br>સી. વિનયન ,વિજ્ઞાન ,વાણીજ્ય અને એન્જીનીયરીંગની વિદ્યાશાખામાં ડીગ્રી અભ્યાસના છેલ્લા વર્ષમાં ફરજીયાત વિષય તરીકે શીખવતા વિષયના વિભાગીય વડા એ રીતે.<br><br>નોંધ ઃકલોઝ ૩ ના હેતુ માટે ફકત એવી વ્યકિતઓ કે જે સૌથી વરીષ્ઠ શિક્ષક કોલેજના સ્ટાફમાં વિષયમાં છે અને જેને શિક્ષણનો ડીગ્રી કલાસમાં અનુભવ ઓછામાં ઓછે ૫ વર્ષનો છે તેને સંબંધીત વિષય માટે વિભાગીય વડા તરીકે સંલગ્ન કોલેજમાં નિયુકત કરવામાં આવશે |
| | ૪ | જયારે વિષય ફરજીયાત વિષય તરીકે કે આખરી ડીગ્રી કક્ષાએ મુખ્ય વિષય તરીકે નહીં શીખવાતો હોય ત્યારે સિન્ડિકેટ આવા વિષય માટે અથવા તેવા સરખા જૂથના વિષયો માટે તદર્થ સમિતિ જે તે વિદ્યાશાખાના અધ્યક્ષની ભલામણથી નિમશે. |
| ધારા ૧૨૨ | ૧ | દર ૩ વર્ષે ૫હેલી જુનથી મોડી નહીં એ રીતે કુલસચિવ(૧) યુનિવર્સિટી વિભાગોના વડાઓને (૨) સંલગ્ન કોલેજોના આચાર્યો ને અને (૩) યુનિવર્સિટી વિસ્તારમાંની માન્ય સંસ્થાઓના વડાઓને કાગળ મળયાની તારીખથી દસ દિવસની અંદર પોતાના વિભાગમાં અથવા સંસ્થામાં વિભાગન ાવડાના નામ અને હોદ્દા સાથે જો કોઇ હોયતો ખાસ વિષય અને અથવા ફરજીયાત વિષયો કે જે ડીગ્રી કક્ષાએ અથવા અનુસ્નાતક કક્ષાએ શીખવાતા હોય જે લાગુ ૫ડતુ હોય તે મોકલવાની વિનંતી કરશે. |
| | ૨ | ત્રણ વર્ષ દરમિયાન જો કોઇ ફેરફાર થાય તો યુનિવર્સિટી વિભાગના વડા અથવા કોલેજના આચાર્ય અથવા માન્ય સંસ્થાના વડા આ ફેરફાર અંગેની જાણ તરત કુલસચિવને કરશે અને કુલસચિવ આ જાણ થતા સંબંધિત મંડળના અધ્યક્ષને તેમના મંડળના સભાસદમાં થયેલા ફેરફાર અંગેની જાણ કરશે અને આ ફેરફારને કારણે ઉભી થતી કોઇ૫ણ ખાલી જગ્યા પૂરવા માટે આનુષાંગીક ૫ગલા લેશે. |

| | | |
|---|---|---|
| ધારા ૧૨૩ | ધારા ૧૨૦ હેઠળ માહિતી મેળવવાની તારીખ નક્કી થયા પછીના ચૌદ દિવસમાં કુલસચિવ પ્રત્યેક અભ્યાસ સમિતિની સભા અધિનિયમની કલમ ૨૬ (૨) (૩) હેઠળ નિષ્ણાંતો કો-ઓપ્ટ કરવા માટે બોલાવશે | |
| ધારા ૧૨૪ | કુલસચિવ પ્રત્યેક અભ્યાસ સમિતીની બીજી સભા/પહેલી સભા થઇ ગયાના દસ દિવસમાં નીચેના કાર્યો માટે બોલાવશે ૧. સમિતિના અધ્યક્ષની ચૂટણી કરવા ૨. જે વિદ્યાશાખાની અભ્યાસસમિતી હોય તે વિદ્યાશાખા ઉપરના સમિતિના પ્રતિનિધિની ચૂંટણી કરવા. | |
| ધારા ૧૨૫ | ધારા ૧૨૦ અને ૧૨૧ માં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર બધી અભ્યાસસમિતીઓ દર ત્રણ વર્ષે રચાશે. | |
| ધારા ૧૨૬ | અભ્યાસસમિતીના સભ્યનો હોદદો અવસાનને કારણે/રાજીનામાનેકારણે અથવા અનુક્રમે એકધારી ચારસભાઓમાં ગેરહાજર રહેવાને કારણે અથવા તે વિષયના શિક્ષક મટી જવાને કારણે બંધ પડેલો ગણાંશે. | |
| | **સભાની કાર્યપધ્ધતી** | |
| ધારા ૧૨૭ | ૧ | પ્રત્યેક સમિતીની સભા શૈક્ષણિક સત્ર દરમિયાન ઓછામાં ઓછી બે વખત મળશે જેમાંની એકસભા સેનેટની નક્કી થયેલી તારીખના ઓછામાં ઓછા છ અઠવાડીયામાં પહેલા મળશે. |
| | ૨ | આ બે સભાઓ ઉપરાંત અધ્યક્ષ જ્યારે યોગ્ય લાગે ત્યારે સભા બોલાવી શકશે અને સમિતીના કુલ સભ્યોની અડધી સંખ્યા જેટલા સભ્યોની સહી સાથે સભા બોલાવવાની માંગણી થાય ત્યારે પોતાની અભ્યાસસમિતીની ખાસ સભા બોલાવશે. |
| | ૩ | અભ્યાસસમિતીના અધ્યક્ષ તરફથી સભાની તારીખ અંગે તથા કાર્યસૂચીની બાબતો અંગેની ખબર મળતાં કુલસચિવ સભાની તારીખના ઓછામાં ઓછા સાત દિવસ પહેલા બધા સભ્યોને જરૂરી નોટીસ મોકલશે |
| | ૪ | જ્યારે તાકીદનું કામ હોય ત્યારે કુલસચિવ પોતાની મેળે સમિતિની સભા બોલાવી શકશે અને તે બાબત અંગેની જાણ તરતજ અધ્યક્ષને કરશે. |
| | ૫ | બધી અભ્યાસસમિતિઓની કાર્યવાહીની નોંધ રાખવાની વ્યવસ્થા કુલસચિવ કરશે. |
| ધારા ૧૨૮ | /પ્રત્યેક સભામાં અધ્યક્ષ અથવા એમની ગેરહાજરીમાં સમિતિના સૌથી વરીષ્ઠ સભ્ય અધ્યક્ષસ્થાને રહેશે. | |
| ધારા ૧૨૯ | ત્રણ સભ્યો કાર્યસાધક સંખ્યા ગણાશે આમ છતાં જે સમિતિમાં ચાર જ સભ્યો હશે ત્યાં બે સભ્યો કાર્યસાધક સંખ્યા ગણાંશે.સભાનો નક્કી કરી હોય તે સમયના અડધા કલાક પછી પણ જો કાર્યસાધક સંખ્યા નહિ હોય તો અધ્યક્ષ નક્કી કરે તે તારીખ સુધી સભા મોકૂફ રખાશે. કાર્યસાધક સંખ્યાને અભાવે મોકૂફ રહેલી સભા ફરી મળે ત્યારે કાર્ય સાધક સંખ્યાની આવશ્યકતા રહેશે નહી. | |

| | |
|---|---|
| ધારા ૧૩૦ | અધ્યક્ષ પોતાની વિવેકબુદ્ધિ વડે, કોઇપણ બાબતઅંગે તેનેલગતા કાગળો તથા ઠરાવનો ખરડો પરિપત્રિત કરી તેમનો અભિપ્રાય જાણી, તેનો નિકાલ કરી શકશે. આમ છતાં ઓછામાં ઓછા બે સભ્યો સમિતિના અધ્યક્ષને જણાંવે કે તે બાબત સમિતિની સભા સમક્ષ ચર્ચા માટે રજુ કરવી તો તે હેતુ માટે અધ્યક્ષ અનુકૂળ તારીખે સમિતિની સભા બોલાવશે |
| **<u>વધારાની ફરજો</u>** | |
| ધારા ૧૩૧ | જુદી જુદી પરીક્ષાઓ માટેના વિવિધ વિષયો માટેની પરીક્ષકોની યાદી વર્ષમાં એક વાર જે તે અભ્યાસ સમિતિ તૈયાર કરશે. આ યાદી તૈયાર કરતી વખતે પરીક્ષકોની નિમણૂંક માટે વિદ્યાસભાએ નક્કી કરેલી યોગ્યતાનું પાલન કરતા હોય એવા બધા અરજદારોને યાદી ઉપર મૂકવામાં આવશે. કોઇ વિષયની ચોકકસ શાખા માટે અથવા પ્રશ્નપત્ર વિશે કોણ વધારે યોગ્ય છે તે સમિતિ સૂચવશે. |
| ધારા ૧૩૨ | અભ્યાસસમિતિ યુનિવર્સિટીના સંબંધિત અધિકાર મંડળોના ધ્યાન ઉપર પોતાના ખાસ વિષય અથવા વિષયોની પરીક્ષા સાથે સંકળાયેલી મહત્વની બાબત લાવી શકશે. પોતાના ક્ષેત્ર હેઠળના વિષય અથવા અભ્યાસક્રમોની સુધારણા માટે સંબંધિત વિદ્યાશાખાને લખી શકશે. |
| ધારા ૧૩૩ | ગમે તે બે અથવા વધારે અભ્યાસસમિતિઓ વિદ્યાસભાની અથવા સિન્ડિકેટની અથવા વિદ્યાશાખાના અધ્યક્ષની વિનંતીથી મળી સાથે કાર્ય કરી શકશે અને બન્નેના કાર્યક્ષેત્રમાં આવતી હોય તે બાબત અંગે સંયુક્ત અહેવાલ રજુ કરી શકશે. આવા પ્રસંગોએ સંયુક્ત સભા પોતાના અધ્યક્ષ ચૂંટી કાઢશે. સંયુક્ત સભાની કાર્યસાધક સંખ્યાનો સમાવેશ કરવામાં આવશે. કાર્યસાધક સંખ્યા નક્કી કરવા માટે હાજર રહેલા સભ્યો એક થી વધારે વાર ગણતરીમાં લેવાશે નહી. |

# પ્રકરણ ૬

## યુનિવર્સિટી શિક્ષણમંડળ

## વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમની કલમ ૪૨ (૨) હેઠળ

## ૧ બંધારણ

| | | |
|---|---|---|
| ધારા ૧૩૪ | એ | યુનિવર્સિટી શિક્ષણમંડળ નીચેના સભ્યોનું બનશે.<br>૧.કુલપતિ<br>૨.કુલનાયક જો હોયતો<br>૩. તમામ વિદ્યાશાખાઓના અધ્યક્ષો<br>૪. યુનિવર્સિટી વિભાગના વડાઓ જો હોય તો<br>૫ .પ્રત્યેક વિદ્યાશાખાના વિદ્યાસભાએ નિયુકત કરેલા એક માન્ય અનુસ્નાતક શિક્ષક.<br>૬.સિન્ડિકેટે પોતાના સભ્યોમાંથી નિયુકત કરેલા એક સભ્ય.<br>૭.સિન્ડિકેટે અનુસ્નાતક કેન્દ્રોના નિયુકત કરેલા બે અધ્યાપક સંચાલકો બી. મંડળ તેની રચના અથવા પુનઃરચના બાદ પોતાની પ્રથમ સભા વખતે ૩ કરતા વધુ નહીં તેવા નિષ્ણાંત આમાંથી અથવા અન્ય કોઇ યુનિવર્સિટીમાંથી કો-ઓપ્ટ કરી શકે છે |
| ધારા ૧૩૫ | મંડળના સભ્યોના હોદ્દાની મુદત ૩ વર્ષની રહેશે આમ છતાં જે હોદદાની હેસીયતથી મંડળના સભ્ય થયા હોય તે હોદદો ધરાવવાનું બંધ થતા મંડળના સભ્યનું સભ્ય પદ બંધ પડશે | |
| ધારા ૧૩૬ | યુનિવર્સિટી શિક્ષણમંડળની પુનઃરચના એવી સરખી મુદતવાળા બીજા અધિકાર મંડળોની સાથે દર ત્રણ વર્ષે કરવામાં આવશે | |
| ધારા ૧૩૭ | ૧ | ત્રિવાર્ષિક મુદત દરમ્યાન ખાલી પડેલી જગ્યા પૂરવા માટે મંડળ જ્યારે પહેલીવાર રચાયુ હોય તે વખતની પધ્ધતી અનુસારની વ્યવસ્થા કુલસચિવ કરશે |
| | ૨ | આ રીતે પ્રાપ્ત થયેલું મંડળનું સભ્યપદ ત્રિવાર્ષિક મુદતની બાકી રહેલી મુદત પૂરતું જ રહેશે. |
| ધારા ૧૩૮ | યુનિવર્સિટી શિક્ષણમંડળ સામાન્ય રીતે દર ત્રણ મહિના દરમિયાન એક વાર મળશે અને અન્ય સમયે જ્યારે કુલપતિ બોલાવે ત્યારે મળશે. | |
| **કાર્યપધ્ધતી** | | |
| ધારા ૧૩૯ | કુલપતિ અથવા તેમની ગેરહાજરીમાં કુલનાયક અથવા તે બન્નેની ગેરહાજરીમાં વરીષ્ઠ સભ્ય મંડળની તમામ સભાઓમાં અધ્યક્ષસ્થાને રહેશે .આવી તમામ | |

| | | |
|---|---|---|
| | | સભાઓમાં અધ્યક્ષને મત આપવાનો અધિકાર રહેશે અને સરખામત થવાના પ્રસંગોમાં બીજો અથવા નિર્ણાયક મત આપવાનો પણ અધિકાર રહેશે. |
| ધારા ૧૪૦ | | મંડળની કાર્યસાધક સંખ્યા ૯ ની રહેશે અને તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા સભ્યોની બહુમતી દ્વારા લેવાશે. |
| | | **<u>અધિકારો અને ફરજો</u>** |
| ધારા ૧૪૧ | | યુનિવર્સિટી શિક્ષણમંડળ વિદ્યાસભા અને સિન્ડિકેટની સામાન્ય મંજૂરીની અપેક્ષાએ યુનિવર્સિટી વિસ્તારમાં અનુસ્નાતક શિક્ષણની તાલીમ અને વિતરણની વ્યવસ્થા કરવા માટે તેમ જ તેનું સંકલન કરવા માટે મુખ્યત્વે જવાબદાર રહેશે. |
| ધારા ૧૪૨ | | રદ કરવામાં આવેલ છે. |
| ધારા ૧૪૩ | | મંડળને પોતાના કાર્યના વિવિધ અંગો અંગે કામ લેવા માટે અથવા અનુસ્નાતક શિક્ષણ અને અથવા સંશોધનને લગતી કોઇપણ યોજના અથવા પ્રસ્તાવની વિચારણા કરવા માટે અથવા અનુસ્નાતક કેન્દ્રમાં એ અંગે થયેલા કામના મૂળયાંકન માટે પેટા સમિતિઓ રચવાનો અધિકાર રહેશે. |
| ધારા ૧૪૪ | | કુલપતિની પૂર્વ મંજૂરી સાથે સ્થાયી સમીતીને અથવા પેટા સમીતીને મંડળની સભ્ય ન હોય એવી વ્યકિતઓની સલાહ સૂચના મેળવવાનો અધિકાર રહેશે. |
| ધારા ૧૪૫ | | મંડળ વિદ્યાસભા દ્વારા સિન્ડિકેટ સમક્ષ મંજૂરી માટે ૧. અનુસ્નાતક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેના ૨. વિદ્યાર્થી પાસે લેવાના શિક્ષણના લવાજમના/પ્રયોગશાળા અને અથવા પુસ્તકાલયના લવાજમના દરો અંગેના નિયમો ઘડશે અને રજૂ કરશે. |
| ધારા ૧૪૬ | એ | મંડળ નીચેની બાબતો અંગેના નિયમો અને અથવા શરતો ઘડશે અને વિદ્યાસભા દ્વારા સિન્ડિકેટ સમક્ષ તેની મંજૂરી માટે રજુ કરશે.<br>૧. યુનિવર્સિટી વિસ્તારમાં યોગ્ય સ્થળોએ અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા.<br>૨. આવા કેન્દ્રોનુ નિરીક્ષણ કરવું અને તેની માન્યતા ચાલુ રાખવી.<br>૩. આ કેન્દ્રોમાં કરવાના કામની સામાન્ય પધ્ધતિ નકકી કરવી.<br>૪. કોઇપણ વિષયમાં જુદાજુદા કેન્દ્રોમાં થતા કામનું સંકલન. |
| | બી | અનુસ્નાતક શિક્ષકો/મદદનીશ શિક્ષકો અને ઇન્સ્ટ્રકટરો માટેના પરિસંવાદો અને વર્કશોપ વગેરે માટેની ગોઠવણ કરશે અને વિદ્યાસભા દ્વારા સિન્ડિકેટની મંજૂરી માટે મોકલી આપશે |
| ધારા ૧૪૭ | | મંડળ નીચેની બાબતો નિયત કરી વિદ્યાસભા દ્વારા સિન્ડિકેટની મંજૂરી માટે મોકલી આપશે<br>૧. અનુસ્નાતક શિક્ષકો, મદદનીશ શિક્ષકો અને ઇન્સ્ટ્રકટરોની લઘુત્તમ લાયકાત તેમજ પસંદગી કરી માન્યતા આપવાની કાર્યવાહીના નિયમો<br>૨. આવા શિક્ષકો/મદદનીશ શિક્ષકોના પૂર્વસ્નાતક અને અનુસ્નાતક એમ બન્ને કક્ષાઓએ કરવાના કામના મહત્તમ કાર્યભાર અંગેના તેમજ તેમના વેતન અંગેના નિયમો. |

| | | |
|---|---|---|
| ધારા ૧૪૮ | યુનિવર્સિટી વિસ્તારના કોઇપણ માન્ય અનુસ્નાતક શિક્ષકની કે શિક્ષકોની સેવાનો લાભ/અભ્યાસના કોઇપણ ક્ષેત્રમાં સમગ્ર બુધ્ધીમત્તાનો સંપૂર્ણ ઉપયોગ કરી શકાય એ દ્રષ્ટિએ લેવાની ભલામણ મંડળ અનુસ્નાતક કેન્દ્રોના વ્યવસ્થાપકોને કરી શકશે. | |
| ધારા ૧૪૯ | એ | મંડળ વિદ્યાશાખા દીઠ ડોક્ટરેટના અભ્યાસ માટે તેમજ સંશોધન માટે યોજનાઓ ઘડીને ૧. વિદ્યાર્થીઓની પસંદગી અને પ્રવેશ ૨. અને જે શિક્ષકની સાથે વિદ્યાર્થી કામ કરવાનું પસંદ કરે તે શિક્ષકની પસંદગી અને માન્યતા માટેના નિયમો નક્કી કરશે. |
| | બી | મંડળ એવી જ રીતે વિદ્યાર્થીને યુનિવર્સિટીમાંથી ડોક્ટરોની પદવી મેળવી શકે તે માટે ઓછામાં ઓછું કેટલું કાર્ય કરવું આવશ્યક છે તે વિદ્યાશાખા દીઠ નક્કી કરશે. |
| | સી | મંડળે આ રીતે ઘડેલી યોજનાઓ અને નક્કી કરેલા નિયમો વિદ્યાસભા અને સિન્ડિકેટ મંજૂર કરે પછી જ અમલમાં આવી શકશે. |
| ધારા ૧૫૦ | ૧ | મંડળ અનુસ્નાતક કેન્દ્રે પ્રત્યેક વર્ષે ઓછામાં ઓછે કેટલો ખર્ચ પુસ્તકો, સામાયીકો અને અન્ય જરુરી લાગે તે શૈક્ષણિક સાધનો ખરીદવા પાછળ કરવો જોઇએ તે નક્કી કરી તે અંગેની ભલામણ વિદ્યાશાખા દ્વારા સિન્ડિકેટને કરશે. |
| | ૨ | મંડળ અનુસ્નાતક કેન્દ્રો પાસે વાર્ષિક અંદાજપત્રો મંગાવશે અને મંડળે તેમાં કરેલા ફેરફારો અનુસ્નાતક કેન્દ્રોએ સ્વીકારવા પડશે અને તેનું પાલન કરવું પડશે. |
| ધારા ૧૫૧ | અનુસ્નાતક શિક્ષણ માટે સંલગ્ન કોલેજો તથા માન્ય સંસ્થાઓએ અનુસ્નાતક કેન્દ્રના કાર્ય માટે વ્યાખ્યાન ખંડો/પ્રયોગશાળાઓ/પુસ્તકાલય અને બીજી સગવડો પૂરી પાડવાનું અને આ સગવડોનો અસરકારક ઉપયોગ થઇ શકે એ રીતે નિભાવવાનું અને જરુરી સ્ટાફ પૂરો પાડવાનું ફરજિયાત રહેશે. | |
| ધારા ૧૫૨ | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારમાં બધું જ અનુસ્નાતક શિક્ષણ યુનિવર્સિટી દ્વારા અથવા સિન્ડિકેટે નક્કી કરેલા કેન્દ્રોમાં યુનિવર્સિટી વતી અપાશે એની સીધી જવાબદારી યુનિવર્સિટીની રહેશે શિક્ષણ મંડળના સીધા અંકુશ અને નિરીક્ષણ હેઠળ રહેશે. | |
| ધારા ૧૫૩ | ધારા ૧૦૬ માં સૂચવ્યા પ્રમાણે પ્રત્યેક વિદ્યાશાખામાં સમાવિષ્ટ કરાયેલા વિષયો યુનિવર્સિટીના વિભાગો દ્વારા અથવા તે માટે માન્યતા પામેલી તેની સંલગ્ન કોલેજો દ્વારા અથવા માન્ય સંસ્થાઓ દ્વારા અપાતા અનુસ્નાતક શિક્ષણ અને તાલીમ માટેના વિષયો રહેશે. | |

## પ્રકરણ ૭

## ઇતર શિક્ષણમંડળ

## વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૫ (૭) હેઠળ

| | | |
|---|---|---|
| ધારા ૧૫૪ | એ | ઇતર શિક્ષણ માટેનું એક મંડળ રહેશે જે નીચે પ્રમાણેની વ્યક્તિઓનું બનેલું રહેશે .<br>૧. કુલપતિ<br>૨. કુલનાયક જો હોય તો<br>૩. વિદ્યાશાખાએ નિયુકત કરેલા બે વિદ્યાશાખાના અધ્યક્ષો<br>૪. જો હોય તો યુનિવર્સિટી વિભાગોના સિન્ડિકેટે નિયુકત કરેલા બે વડાઓ<br>૫. વિદ્યાશાખાના અધ્યક્ષ ન હોય તેવા સંલગ્ન કોલેજોના આચાર્યો અને માન્ય સંસ્થાઓના વડાઓમાંથી સન્ડિકેટે નિયુકત કરેલા સેનેટના ચાર સભ્યો.<br>૬. વિદ્યાશાખાના અધ્યક્ષ ન હોય તેવા શિક્ષકોમાંથી સિન્ડિકેટે નિયુકત કરેલા ચાર સભ્યો.<br>૭ .સેનેટના સભ્યો હોય તેવા માધ્યમિક શાળાઓના આચાર્યો અને માધ્યમિક શાળઅઓના શિક્ષકોમાંથી સિન્ડિકેટે નિયુકત કરેલા પ્રત્યેકના એક એક સભ્ય.<br>૮ .જાહેર મંડળોના સેનેટના સભ્યોમાંથી સિન્ડિકેટે નિયુકત કરેલા બે સભ્યો.<br>૯ .વિભાગ ૧૬ (૧) વર્ગ ૧ /બી,વર્ગ ૨ /બી અને વર્ગ ૨ (૪) (ડી)ના સેનેટના સભ્યોમાંથી અનુક્રમે સિન્ડિકેટે નિયુકત કરેલા પ્રત્યેકના એક એક સભ્ય.<br>૧૦. યુનિવર્સિટી શિક્ષણમંડળના બે પ્રતિનિધિઓ.<br>૧૧. કુલસચિવ (મંત્રી સભ્ય) |
| | બી | ઇતર શિક્ષણની પ્રવૃતીઓનો વિશાળ અનુભવ હોય એવા નિષ્ણાંતોમાંથી વધારે નહીં એટલા સભ્યોને મંડળ કો-ઓપ્ટ કરી શકશે. |
| ધારા ૧૫૫ | મંડળના હોદ્દાની મુદત ૩ વર્ષની રહેશે. | |

| | |
|---|---|
| ધારા ૧૫૬ | મંડળની સભા માટે કાર્યસાધક સંખ્યા ૭ ની રહેશે. |
| ધારા ૧૫૭ | મંડળ  વર્ષમાં બે વાર સેનેટની સભા પહેલા મળશે અને બીજા સમયોએ જ્યારે કુલપતિશ્રીને જરુરી લાગે ત્યારે બોલાવશે અથવા ઓછામાં ઓછા ૭ સભ્યો સભા બોલાવવાની લેખિત માંગણી કરે ત્યારે બોલાવશે. |
| ધારા ૧૫૮ | મંડળની સભાઓમાં કુલપતિ અધ્યક્ષસ્થાને બેસસે અથવા એમની ગેરહાજરીમાં કુલનાયક અથવા એ બન્નેની ગેરહાજરીમાં સેનેટના વરીષ્ઠ  સભ્ય અધ્યક્ષસ્થાને બેસસે. |
| ધારા ૧૫૯ | તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા સભ્યોની બહુમતીથી લેવામાં આવશે. અધ્યક્ષને સભ્ય તરીકેના પોતાના મત ઉપરાંત વધારાનો અથવા નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે |
| ધારા ૧૬૦ | વિદ્યાસભાની સંમતીને આધીન રહીને ઉતર શિક્ષણ મંડળ નીચે જણાવેલા કાર્યો કરશે.<br>૧. સમાજલક્ષી અને પ્રૌઢ શિક્ષણની યોજનાઓ ઘડવી અને તેને અમલી બનાવવી.<br>૨. યુનિવર્સિટી વિસ્તારમાં જાણીતા વ્યાખ્યાનો જુદા જુદા સ્તરે યોજના કરી તે ગોઠવવા<br>૩.૧. સમાજલક્ષી અને વિશેષ શિક્ષણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે ૨. જો હોય તો વેતન આપવા માટે ૩. પ્રમાણપત્રો આપવા માટે નિયમો ઘડવા.<br>૪. સર્વ સામાન્ય હિતના મુદ્દાઓ ઉપર પુસ્તકો લખાવવાની /સંપાદન કરાવવાની અને અથવા અનુવાદ કરાવવાની અને તેનું પ્રકાશન કરવાની ગોઠવણ કરવી .આમાં સમાયેલી નાણાકીય જવાબદારી ધારા ૧૬૦ અને ૧૬૧ અને તે અનુસાર સિન્ડિકેટની મંજૂરી મળે તેને આધીન રહેશે. |
| ધારા ૧૬૧ | યુનિવર્સિટી પદવી માટેના તેમજ અનુસ્નાતક ડિપ્લોમાઓ માટેના નિયમિત અભ્યાસક્રમો ઉપરાંત યુનિવર્સિટી, ૧.ગ્રીષ્મ શાળાઓ ૨.પરિસંવાદો અને વર્કશોપ ૩.સપ્તાહાન્તવર્ગો/સંધ્યાવર્ગો અને રાત્રીવર્ગો ૪. પત્રવ્યવહારમાર્ગી અભ્યાસક્રમ/ શિક્ષક વિનિમયના કાર્યક્રમો અને એવા અન્ય જરુરી જણાંય તેવા સાધનો દ્વારા ઈતરશિક્ષણની પ્રવૃત્તિઓ યોજવાની વ્યવસ્થા કરી શકાશે. |

# <u>પ્રકરણ ૮</u>

## છાત્રાલય મંડળ

## નિમણૂંક અને મુદત

## (અધિનિયમની કલમ ૧૫ (૮)હેઠળ)

| | | |
|---|---|---|
| ધારા ૧૬૨ | છાત્રાલયો માટેનું એક મંડળ રહેશે જે નીચે પ્રમાણેની વ્યક્તિઓનું બનેલું રહેશે .<br>૧. કુલપતિ<br>૨. કુલનાયક જો હોય તો<br>૩. સિન્ડિકેટે નિયુક્ત કરેલા સંલગ્ન કોલેજોના આચાર્યા એક સૂરત શહેર માંથી અને બીજા યુનિવર્સિટી વિસ્તારના પ્રત્યેક જિલ્લા માંથી.<br>૪. ૫૦ થી ઓછા નહીં હોય એવા નિવાસી વિદ્યાર્થીઓ વાળા સંલગ્ન કોલેજોના છાત્રાલયોના સિન્ડિકેટ નિયુક્ત કરેલા ત્રણ હોસ્ટેલ સુપ્રીન્ટેન્ડન્ટો અથવા છાત્રપતિઓ રેકટરો જેમાંથી એક લેડી સુપ્રીન્ટેન્ડન્ટ હશે. આ નિયુકિત ઉપર ૩ માં જણાવ્યા પ્રમાણેની રીતે થશે<br>૫. છાત્રાલયોના ૩ છાત્રો છાત્રાલયના વિદ્યાર્થી સુપ્રીન્ટેન્ડન્ટો પ્રથમ પસંદગી પામશે જેની નિયુકિત કુલપતિ ઉપર ૩ માં જણાવ્યા પ્રમાણેની રીતે કરશે આમાંથી એક કુલપતિએ નિયુકત કરેલા વિદ્યાર્થીની હશે.<br>૬. કુલપતિએ નિયુકત કરેલા યુનિવર્સિટી છાત્રાલયના બે વિદ્યાર્થીઓ જેમાંથી એક વિદ્યાર્થીની હશે.<br>૭. સિન્ડિકેટ નિયુકત કરે તે સિન્ડિકેટ સભ્ય.<br>૮. જે તે વિદ્યાશાખાના અધ્યક્ષ દ્વારા નિયુકત કરનારા તબીબી વિદ્યાશાખાના એક પ્રતિનિધિ અને બીજા ટેકનોલોજીની વિદ્યાશાખાના પ્રતિનિધિ શકય હોયતો જાહેર આરોગ્ય ઇજનેર.<br>૯. જો હોય તો યુનિવર્સિટીના આરોગ્ય અધિકારી.<br>૧૦. યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગના નિયામક.<br>૧૧. વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિના અધ્યક્ષ અથવા યુનિવર્સિટી છાત્રાલયના સિનિયર સુપ્રીન્ટેન્ડન્ટ અથવા છાત્રપતિ રેકટર સભ્ય સચિવ. | |
| ધારા ૧૬૩ | ૧ | મંડળના હોદ્દાની મુદત ૩ વર્ષની રહેશે સિવાય કે હોસ્ટેલના વિદ્યાર્થીઓના કેસમાં કે જે ફકત એક વર્ષ માટે નોમીનેટ થયેલા હોય જો કે સભ્ય જે હોદદાની હેસીયત દ્વારા મંડળના સભ્ય થયા હોય તે હોદ્દો બંધ પડતા સભ્ય મંડળના સભ્ય તરીકે ચાલુ રહેશે નહી. |

| | | |
|---|---|---|
| | ૨ | અવસાન,રાજીનામુ કે બીજા કારણોથી ખાલી પડેલી જગ્યા મંડળની રચના અથવા પુર્નરચના કરતી વખતે જે રીતે પુરાઇ હોય તે રીતે પૂરવામાં આવશે. |
| ધારા ૧૬૪ | મંડળની સભાની કાર્યસાધક સંખ્યા ૭ સભ્યોની રહેશે.જો અડધા કલાક બાદ સભાના નિયત સમય બાદ જો કાર્યસાધક સંખ્યા ન થાય તો સભા ભવિષ્યની અન્ય તારીખે મોકૂફ રાખવામાં આવશે અને તે સભાને કાર્યસાધક સંખ્યાના અભાવે મુલતવી રાખેલી સભા તરીકે ગણવામાં આવશે આવી મોકૂફ રાખેલી સભા માટે કાર્યસાધક સંખ્યાની આવશ્યકતા રહેશે નહીં | |
| ધારા ૧૬૫ | ૧. મંડળ કોઇપણ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ઓછામાં ઓછું ચાર વાર મળશે. પહેલી સભા જુલાઇમાં રાખવામાં આવશે.<br>૨.અધ્યક્ષને આવશ્યક લાગે તો મંડળની વધારાની સભાઓ પણ મળશે અથવા ઓછામાં ઓછા સાત સભ્યોની સભા મેળવવાની લેખિત માંગણી મળતા સભા બોલાવવામાં આવશે. | |
| ધારા ૧૬૬ | કુલપતિ જો હાજર હોય તો મંડળની સભાઓમાં અધ્યક્ષસ્થાને બેસશે. અથવા તેમની ગેરહાજરીમાં કુલનાયક અથવા એ બન્નેની ગેરહાજરીમાં સેનેટના સિનીયર સભ્ય અધ્યક્ષ સ્થાને બેસશે. | |
| ધારા ૧૬૭ | તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા સભ્યોની બહુમતીથી લેવામાં આવશે. અધ્યક્ષને સભ્ય તરીકેના પોતાના મત ઉપરાંત વધારાનો અથવા નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે | |
| ધારા ૧૬૮ | મંડળના કાર્યો નીચે પ્રમાણેના રહેશે. | |
| | ૧। યુનિવર્સિટી તેમજ સંલગ્ન કોલેજોના છાત્રાલયોની વિચારણા અને સ્વીકૃતિ માટે સામુહિક જીવનની પારિપાટી તેના હેતુઓ,ધ્યેયો અને પ્રવૃત્તિઓ સહિત ઘડી કાઢવી.<br>૨। વિદ્યાર્થીઓ છાત્રાલયોની વ્યવસ્થામાં વધારેમાં વધારે ભાગ લઇ શકે અને યુનિવર્સિટીના તેમજ સંલગ્ન કોલેજોના છાત્રાલયોમાં સામૂહિક અને સહકારલક્ષી જીવનપ્રણાલી વિકસાવે એવી જોગવાઇવાળુ છાત્રાલયોના મંડળનું નમૂના રુપ બંધારણ ઘડીને સિન્ડિકેટને તેની ભલામણ કરવી.<br>૩। યુનિવર્સિટી વિસ્તારમાંના છાત્રાલયોની માન્યતા અને નિભાવ માટે શરતો નકકી કરી સિન્ડિકેટને તેની સ્વીકૃતિ માટે ભલામણ કરવી.<br>૪। યુનિવર્સિટીએ માન્ય કરેલા છાત્રાલયમાં નિવાસના,સગવડો અને સેવાઓ અંગેના મૂળભૂત સિધ્ધાંતો તૈયાર કરી સિન્ડિકેટની મંજૂરી માટે રજુ કરવા અને તેના અધારે કેટલીક રુપરેખાઓ તૈયાર કરવી.<br>૫। માન્યતા પામેલા પ્રત્યેક છાત્રાલયમાં વિદ્યાર્થીઓનું આરોગ્ય જાળવવાની ખાતરીવાળી,સારી સ્વચ્છતા અને આરોગ્યપ્રદ પરિસ્થિતી જાળવવાની ખાતરીવાળી તબીબી સેવાનું આયોજન કરી તે અંગે ભલામણ કરવી.<br>૬। નિવાસી છાત્રોને સમતોલ આહાર મળે એ હેતુથી માન્ય છાત્રાલયોમાં આહાર નિષ્ણાંતની સેવાની જોગવાઇ કરવી. | |

| | |
|---|---|
| | ૭। વિદ્યાર્થીઓને તેમના અંગત પ્રશ્નો ઉકેલવા માટે માર્ગદર્શન મળે અને તેમને શિક્ષણલક્ષી અને વ્યવસાયલક્ષી દોરવણી આપી શકાય એ હેતુ થી માન્ય છાત્રાલયોને એક સલાહકારની સેવા પૂરી પાડવાની જોગવાઇ કરવી .આ સલાહકાર વર્ષમાં બે વાર અથવા જ્યારે જ્યારે છાત્રપતિ(રેકટર) માંગણી કરે ત્યારે માન્ય છાત્રાલયોની મુલાકાત લેશે.<br>૮। યુનિવર્સિટી વિસ્તારમાં આવેલા એક અથવા વધારે છાત્રાલયો માટે મુલાકાતી સમિતિ અથવા સમિતિઓ નીમવી .આ સમિતિના સભ્યોમાં એક તબીબ રહેશે.<br>૯। મુલાકાતી સમિતીઓ તરફથી પ્રાપ્ત થયેલા અહેવાલની વિચારણા કરી સંબંધીત છાત્રાલયોના અધિકારીઓને વ્યવસ્થા અંગે સૂચનો આપવા.<br>૧૦। પ્રત્યેક શૈક્ષણિક વર્ષને અંતે યુનિવર્સિટી વિસ્તારમાં આવેલા તમામ છાત્રાલયોના કાર્યોનું મૂલ્યાંકન કરી તેનો અહેવાલ સિન્ડિકેટને સુપરત કરવો.<br>૧૧। વોર્ડના રેકટરો અને છાત્રાલયોના અન્ય અધિકારીઓ માટે ક્ષેત્રસજ્જતા અને ઓપ અભ્યાસક્રમોની વ્યવસ્થા કરવી.<br>૧૨। એ. વિદ્યાર્થીઓમાં સંઘભાવના વિકસે અને તેમનામાં સમાનતા, આત્મશ્રધ્ધા, સહકાર અને સામાજીક ન્યાયના પાયા ઉપર રચાયેલા સાંધિક જીવન તરફ સાચુ વલણ કેળવાય એ હેતુથી વિદ્યાથીઓના લાભ માટે વ્યાખ્યાનો ગોઠવવા પરિસંવાદો યોજવા અને યોગ્ય સાહિત્ય પ્રસિધ્ધ કરવુ.<br>બી. પ્રદર્શનો, ચર્ચાસભાઓ, સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સેવા અને શ્રમની શિબિરની ગોઠવણ દ્વારા નિવાસી વિદ્યાર્થીઓને આત્માભિવ્યકિતની સંપૂર્ણ તકો પૂરી પાડવી.<br>સી. મર્યાદિત આર્થીક સાધનવાળા વિદ્યાર્થીઓ નોકરોની મદદ વિના આત્મનિર્ભર રીતે રહી શકે એવા નાના એકમો પ્રત્યેક છાત્રાલયમાં ઊભા કરવા અંગેના પ્રસ્તાવો ઘડવા .આ પ્રસ્તાવો અને તે અંગેની નાંણાકીય જવાબદારીને સિન્ડિકેટની મંજૂરી મળે તેને આધીન આ પ્રસ્તાવો રહેશે. |

## પ્રકરણ ૯

## વિદ્યાર્થી કલ્યાણ મંડળ

**(અધિનિયમની કલમ ૧૫ (૯)હેઠળ)**

| | | |
|---|---|---|
| ધારા ૧૬૯ એ | વિદ્યાર્થી કલ્યાણ મંડળ જે નીચે પ્રમાણેની વ્યક્તિઓનું બનેલું રહેશે .<br>૧. કુલપતિ<br>૨. કુલનાયક જો હોયતો<br>૩. રમતગમત મંડળના ઉપાધ્યક્ષ<br>૪. શારીરિક શિક્ષણ વિભાગના નિયામક<br>૫. યુનિવર્સિટીના મુખ્ય આરોગ્ય અધિકારી<br>૬. તબીબી વિદ્યાશાખાએ ચૂંટેલા એક સભ્ય.<br>૭. યુનિવર્સિટી વિસ્તારના સૌથી વધારે સીનીયર એનસીસીના કમાન્ડીંગ ઓફીસર.<br>૮. સિન્ડિકેટે નિયુક્ત કરેલા સેનેટના ચાર સભ્યો જેમાંથી સંલગ્ન કોલેજના ઓછામાં ઓછા એક આચાર્ય,સંલગ્ન કોલેજના ઓછામાં ઓછા એક શિક્ષક અને એક સિન્ડિકેટના સભ્ય હશે<br>૯. યુનિવર્સિટી વિસ્તારમાંના માન્ય વિદ્યાર્થીમંડળોના કુલપતિએ નિયુક્ત કરેલા છ સભ્યો જેમાંથી બે વિદ્યાર્થિનીઓ હશે.<br>૧૦. યુનિવર્સિટી વિસ્તારમાંની યુવકકલ્યાણ પ્રવૃત્તિમાં કાર્યશીલ રીતે પ્રવૃત્ત એવી બેથી વધારે નહીં એવી કુલપતિએ નિયુક્ત કરેલી વ્યક્તિઓ.<br>૧૧. વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતીના અધ્યક્ષ (સભ્ય સચિવ) | |
| બી | વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિમાં સક્રીય રીતે રોકાયેલા વિદ્યાર્થીઓમાંથી ૫ વિદ્યાર્થીઓ ને મંડળ કો-ઓપ્ટ કરી શકશે. | |
| ધારા ૧૭૦ | ૧ | મંડળના હોદ્દાની મુદત ૩ વર્ષની રહેશે જો કે સભ્ય જે હોદ્દાની હેસીયત દ્વારા મંડળના સભ્ય થયા હોય તે હોદ્દો બંધ પડતા સભ્ય મંડળના સભ્ય તરીકે ચાલુ રહેશે નહી. |
| | ૨ | અવસાન, રાજીનામુ કે બીજા કારણોથી ખાલી પડેલી જગ્યા મંડળની રચના અથવા પુર્નરચના કરતી વખતે જે રીતે પુરાઇ હોય તે રીતે પૂરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ધારા ૧૭૧ | મંડળની સભાની કાર્યસાધક સંખ્યા ૭ સભ્યોની રહેશે. જો અડધા કલાક બાદ સભાના નિયત સમય બાદ જો કાર્યસાધક સંખ્યા ન થાય તો સભા ભવિષ્યની અન્ય તારીખે મોકૂફ રાખવામાં આવશે અને તે સભાને કાર્યસાધક સંધ્યાના અભાવે મુલતવી રાખેલી સભા તરીકે ગણવામાં આવશે આવી મોકૂફ રાખેલી સભા માટે કાર્યસાધક સંખ્યાની આવશ્યકતા રહેશે નહીં | |
| ધારા ૧૭૨ | મંડળ સામાન્ય રીતે વર્ષમાં ૨ વાર સેનેટની સભા પહેલા મળશે અને અન્ય સમયેએ કુલપતિને યોગ્ય લાગે ત્યારે મળશે અથવા ઓછામાં ઓછા સાત સભ્યોની સભા મેળવવા માટે લેખિત માંગણી મળતા સભા મળશે | |
| ધારા ૧૭૩ | તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા સભ્યોની બહુમતીથી લેવામાં આવશે. અધ્યક્ષને સભ્ય તરીકેના પોતાના મત ઉપરાંત વધારાનો અથવા નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે | |
| ધારા ૧૭૪ | મંડળના કાર્યો નીચે પ્રમાણે રહેશે | |
| | ૧ | સિન્ડીકેટને નીચેના મુદ્દાઓ ઉપર સલાહ આપવી.<br>એ. વિદ્યાર્થીઓની તબીબી તપાસ<br>બી. વિદ્યાર્થીઓનુ આરોગ્ય અને તદવિષયક સ્વચ્છતા.<br>સી. સમાજલક્ષી સેવા શિબિરો<br>ડી. યુવકકલ્યાણની ઇતર પ્રવૃત્તિઓ |
| | ૨ | ઉપર નિર્દેશેલા વિભાગ એકમાં આવતી બાબતો માટે અનુગામી વર્ષ માટે અંદાજો તૈયાર કરવા અને સિન્ડિકેટની વિચારણા માટે દર વર્ષે પહેલી જાન્યુઆરી પહેલા કુલસચિવને સુપરત કરવા . |
| | ૩ | યુનિવર્સિટી યુવકમહોત્સવ યોજવાની વ્યવસ્થા કરવી અને આંતર યુનિવર્સિટી યુવકમહોત્સવ માટે પ્રવેશપત્રો મોકલવા . |
| | ૪ | રાજ્ય સરકાર પાસેથી અને અથવા કેન્દ્ર સરકાર પાસેથી અનુદાન મેળવવા માટે યુવક કલ્યાણની યોજનાઓ તૈયાર કરવી, તપાસવી અને તેમની ભલામણ કરવી. |
| | ૫ | વિદ્યાર્થીઓ માટે પ્રવાસો, પગપાળા પ્રવાસો, પર્વતારોહણ વગેરે અંગેના કાર્યક્રમો યોજવા. |
| | ૬ | યુવકકલ્યાણ પ્રવૃત્તિના કાર્યકરો તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમા કાર્યકરોની તાલીમ માટે કાર્યશાળાઓ, પરિસંવાદો અને શિબિરો યોજવા અથવા યોજવામાં મદદ કરવી. |

| | | |
|---|---|---|
| | ૭ | હોબી કેન્દ્રો ,નાટયક્લબો અને ઉદ્યોગ તાલીમ માટેના વર્ગો યોજવા અથવા યોજવામાં મદદ કરવી. |
| | ૮ | વિદ્યાર્થીઓને તેમના લાભ માટે દોરવણી મળે એવી સેવા તૈયાર કરવી અને  તે અંગે વ્યવસ્થા કરવી. |
| | ૯ | પોતાની જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવવા માટે સમિતિઓ નીમવી અથવા જરુરી લાગે તેવા પગલા લેવા. |
| | ૧૦ | મંડળે સોંપેલા કાર્યો સમિતિ બજાવી શકે એ માટે તે સમિતિ નીમીને જરુરી લાગે તે અધિકારો તેને સોંપવા. |

<u>પ્રકરણ ૧૦</u>

## રમતગમત અને શારીરિક શિક્ષણ મંડળ

**(અધિનિયમની કલમ ૧૫ (૧૦)હેઠળ)**

| | |
|---|---|
| ધારા ૧૭૫ | યુનિવર્સિટી વિસ્તારમાં આંતરકોલેજ રમતગમતોની વ્યવસ્થા કરવા, તેનું નિયમન કરવા, તેનું નિરિક્ષણ કરવા અને આંતરયુનિવર્સિટી સ્પર્ધાઓનુ સંવર્ધન કરવા યોજવા અને ચલાવવા માટે "રમતગમત અને શારીરિક શિક્ષણ મંડળ" (યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસ, ફીઝીકલ એન્જ્યુકેશન રીક્રીએશન) નામક એક અધિકાર મંડળ રહેશે આ અધિકાર મંડળનું ટૂંકુ નામ BUSPER રહેશે. |
| ધારા ૧૭૬ એ | આ મંડળ નીચેની વ્યક્તિઓનું બનશે.<br>૧। પ્રત્યેક જિલ્લામાંથી એક એવા સિન્ડિકેટે નિયુક્ત કરેલા એવા ત્રણ આચાર્યો.<br>૨। આચાર્ય ન હોય પરંતુ કોલેજની રમતો અને શારિરીક શિક્ષણની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા પ્રત્યેક જિલ્લામાંથી એક એવા સિન્ડિકેટે નિયુક્ત કરેલા બીજા ત્રણ પ્રતિનિધિ.<br>૩। યુનિવર્સિટી વિસ્તારના સૌથી સિનીયર એન.સી.સી. અધિકારી.<br>૪। યુનિવર્સિટીની તબીબી વિદ્યાશાખા દ્વારા નિયુક્ત થયેલ એક સભ્ય.<br>૫। સિન્ડિકેટ દ્વારા નિયુક્ત કરેલા શારીરિક શિક્ષણ પ્રવૃત્તિના ત્રણ નિષ્ણાંતો.<br>૬। સિન્ડિકેટે નિયુક્ત કરેલા પ્રત્યેક જિલ્લામાંથી એક એવા ત્રણ વિદ્યાર્થી પ્રતિનિધિઓ.<br>૭। શારીરિક શિક્ષણના નિયામક અથવા તેમની ગેરહાજરીમાં નાયબ નિયામક.<br>૮। સિન્ડિકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ સેનેટના ત્રણ સભ્યો જેમાથી ઓછામાં ઓછો એક સિન્ડિકેટનો સભ્ય હોવો જોઇએ. |
| બી | વિદ્યાર્થીઓ કે જેમણે તેઓની સરખામણી આંતરકોલેજ અથવા આંતરયુનિવર્સિટી અથવા અન્ય માન્ય રમતગમતના ફીક્ષ્ચર્સના સાથે કરી હોય તેમાથી મંડળ ત્રણ સભ્યો કો-ઓપ્ટ કરી શકશે.<br>સમજૂતી ઃ ઉપરના ધારાને અનુલક્ષીને નીચેના જિલ્લાઓ ગણવામાં આવશે.<br>૧. ભરુચ ૨ .સુરત અને ૩ વલસાડ ડાંગ ને દાદરા નગરહવેલી દમણના મધ્યસ્થ સરકારની હકુમત હેઠળના વિસ્તારો. |
| ધારા ૧૭૭ | ૧। મંડળની પ્રથમ સભામાં સભ્યો દ્વારા ચૂંટાયેલા મંડળના પ્રમુખ મંડળની પ્રત્યેક સભાનું અધ્યક્ષપદ લેશે.<br>૨। ડીએસસીના અધ્યક્ષ જેમને વાર્ષિક યુનિવર્સિટીની રમતગમતો વર્ષ દરમ્યાન વ્યવસ્થા કરવા માટેનું કામ સોંપવામાં આવેલ હોય તે તેમના ઉપઅધ્યક્ષ રહેશે. |

| | |
|---|---|
| ધારા ૧૭૮ | ૧। મંડળના હોદ્દાનો સમયગાળો ત્રણ વર્ષનો રહેશે. જે હોદ્દાની હેસીયતમાં વ્યકિત આ મંડળની સભ્યની હોય તે હેસીયત બંધ થતા તે વ્યકિત આ મંડળના સભ્ય તરીકે પણ બંધ થશે.<br>૨। અવસાન/રાજીનામુ અથવા અન્ય કોઇ રીતે આકસ્મિક રીતે જગ્યા ખાલી પડે તો તે જગ્યા અધિકાર મંડળની રચના અથવા પુનર્રચનાને સમયે જે રીતે પૂરવામાં આવી હોય તે રીતે પૂરાશે. |
| ધારા ૧૭૯ | મંડળની સભાની કાર્યસાધક સંખ્યા ચાર સભ્યોની રહેશે આમ છતાં સભા મોકૂફ રાખી હોય તે સંજોગોમાં કાર્યસાધક સંખ્યા આવશ્યક ગણાશે નહીં. |
| ધારા ૧૮૦ | દર છ માસે એક વાર મંડળની સભા મળશે અને જ્યારે જુરુ હોય ત્યારે પ્રમુખ નકકી કરે તે તારીખે સભા મળશે. |
| ધારા ૧૮૧ | તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા સભ્યોની બહુમતીથી લેવામાં આવશે. અધ્યક્ષને સભ્ય તરીકેના પોતાના મત ઉપરાંત વધારાનો અથવા નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે |
| ધારા ૧૮૨ | મંડળની સત્તા અને ફરજો નીચે મુજબ રહેશે |
| | ૧। યુનિવર્સિટી વિસ્તારની કોલેજોમાં ફરજિયાત શારીરિક શિક્ષણ અને આનુષાંગીક મરજિયાત પ્રવૃત્તિઓની યોજનાઓનો અમલ થઇ શકે તે અંગે વિચારણા કરવી અને તેની સિન્ડિકેટને ભલામણ કરવી.<br>૨। શારીરિક શિક્ષણના કાર્યક્રમનું જુદાજુદા કેન્દ્રોમાં વખતોવખત નિરીક્ષણ કરવાની વ્યવસ્થા કરવી અને મુલાકાતીઓના અહેવાલ પર વિચારણા કરવી.<br>૩। શારીરિક શિક્ષણની યોજના અને કાર્યક્રમોનું વખતોવખત મૂલ્યાંકન અને પુનર્વિલોકન કરવું અને આગામી શૈક્ષણિક વર્ષ માતે તેમાં સુધારા અંગેના સૂચનો કરવા.<br>૪। યુનિવર્સિટીની સ્પર્ધાઓ અને રમતોના નિયમો નકકી કરવા.<br>૫। સિન્ડિકેટ સમક્ષ રજુ કરવા અંદાજપત્ર તૈયાર કરવું.<br>૬। આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓમાં યુનિવર્સિટીએ ભાગ લેવો કે કેમ તેની ભલામણ કરવી અને આવી સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે થનારા ખર્ચની આર્થિક ફાળવણી કરવી. |

| | |
|---|---|
| | ૭। આંતર યુનિવર્સિટી રમતમંડળ તરફથી યુનિવર્સિટીને જ્યારે સમિતિઓ નીમવાનું, યુનિવર્સિટી ટીમ પસંદ કરવાનું અને આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓનું આયોજન કરવાનું કહેવામાં આવે ત્યારે તે કાર્ય હાથ ધરવું.<br>૮। રેફરીના નિર્ણયની બાબત અંગે કોઇ અપીલ હોય તો તેનો ન્યાય નિર્ણય કરવો.<br>૯। વ્યાયામ, પર્વતારોહણ અને વિવિધ રમતો માટે તાલીમી અભ્યાસક્રમોનું આયોજન કરવું જેથી સંલગ્ન કોલેજોને સંપૂર્ણ લાયકાતવાળા યોગ્ય ફિઝીકલ ઇન્સ્ટ્રકટરો, કોચ, સ્ટુડન્ટ ઇન્સ્ટ્રકટરો, અંપાયર વગેરે મળી શકે.<br>૧૦। યુનિવર્સિટી વિસ્તારની સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓના લાભાર્થે રમાતોત્સવ, પર્વતારોહણ, પગપાળા પ્રવાસો, શિબિર ઇત્યાદીનું આયોજન કરવું.<br>૧૧। વિદ્યાર્થીઓની તબીબી તપાસ અને આરોગ્ય તેમજ સ્વચ્છતા અંગે સિન્ડિકેટને સૂચનો કરવા.<br>૧૨। ખાસ મહત્વના કાર્યો અને જવાબદારીઓ સંભાળવામાં આવશ્યક લાગે એવાં પગલા લેવા માટે પેટા સમિતિઓ નીમવી.<br>૧૩। રમતગમત અને શારીરિક શિક્ષણમંડળે (બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજ્યુકેશન અને રીક્રીએશન) પેટા સમિતિને સોંપેલી ફરજો અદા કરવા માટે જરૂરી સત્તા આપવી. |
| ધારા ૧૮૩ થી ૧૮૭ | રદ કરવામાં આવેલ છે. |

# પ્રકરણ ૧૧

## યુનિવર્સિટી પ્રકાશનમંડળ

(અધિનિયમની કલમ ૧૫ (૧૦)હેઠળ)

| | | |
|---|---|---|
| ધારા ૧૮૮ | યુનિવર્સિટી પ્રકાશનમંડળ માટેનું મંડળ યુનિવર્સિટીનું એક અધિકાર મંડળ ગણાંશે જેનો ઉલ્લેખ આ પ્રકરણમાં મંડળ તરીકે થયો છે | |
| ધારા ૧૮૯ | ૧. મંડળ નીચેની વ્યકિતઓનું બનશે.<br>૧. કુલપતિ<br>૨. કુલનાયક જો હોયતો<br>૩. વિદ્યાશાખાઓના અધ્યક્ષો<br>૪. યુનિવર્સિટી વિભાગોના બેમાંથી વધારે નહીં એવા સિન્ડિકેટે નિયુકત કરેલા વહીવટી વડાઓ..<br>૫. વિદ્યાશાખાઓના અધ્યક્ષો નહીં હોય એવા સંલગ્ન કોલેજોના સિન્ડિકેટે નિયુકત કરેલા બે આચાર્યો જેઓ અનુસ્નાતક શિક્ષકો હોય તે વિશેષ પસંદગીપાત્ર રહેશે ૬. સિન્ડિકેટે નિયુકત કરેલા વિદ્યાસભાના યુનિવર્સિટી વિભાગના વડા અથવા માન્ય સંસ્થાના વડા અથવા સંલગ્ન કોલેજના આચાર્ય ન હોય એવા બે પ્રતિનિધિઓ જેઓ અનુસ્નાતક શિક્ષકો હોય તે વિશેષ પસંદગીપાત્ર રહેશે.<br>૭. મંડળ ઉપર જેનું પુરતુ પ્રતિનિધીત્વ ન હોય તેવી વિદ્યાશાખાઓના સભ્યો માંથી સિન્ડિકેટે નિયુકત કરેલા બે સભ્યો.<br>૮. સિન્ડિકેટ પોતાના સભ્યોમાંથી નિયુકત કરેલા બે સભ્ય.<br>૯. સભ્ય કે જે યુનિવર્સિટી જરનલના એકઝીકયુટીવ એડીટર હોય જેને સિન્ડિકેટ દ્વારા નિયુકત કરવામાં આવેલ હોય. | |
| | ૨. યુનિવર્સિટી વિસ્તાર કે તેની બહારથી મંડળ બે થી વધારે નહીં એવા વિદ્વાનો કે નિષ્ણાંતને સિન્ડિકેટે નિયુકત કરેલા બે સભ્યો. | |
| ધારા ૧૯૦ | મંડળની સભાઓમાં જો કુલપતિ હાજર હોય તો અધ્યક્ષસ્થાને રહેશે, તેમની ગેરહાજરીમાં કુલનાયક અને બન્નેની ગેરહાજરીમાં સભાએ પોતાનામાંથી ચૂંટી કાઢેલા સભ્ય અધ્યક્ષ સ્થાને રહેશે. હાજર રહેલાઓમાંથી જે વરીષ્ઠ હોય તે આ ચૂંટણી માટે તે પૂરતા અધ્યક્ષસ્થાને રહેશે. | |
| ધારા ૧૯૧ | ૧ | મંડળના હોદ્દાની મુદત ૩ વર્ષની રહેશે આમ છતાં સભ્ય જે હોદ્દાની હેસીયતથી મંડળના સભ્ય થયા હોય તે હોદ્દો બંધ પડતા સભ્ય મંડળના સભ્ય તરીકે ચાલુ રહેશે નહી. |

| | | |
|---|---|---|
| | ૨ | અવસાન, રાજીનામું કે બીજા કારણોથી આકસ્મિક રીતે ખાલી પડેલી જગ્યા મંડળની રચના અથવા પુર્નરચના કરતી વખતે જે રીતે પુરાઇ હોય તે રીતે પૂરવામાં આવશે. |
| ધારા ૧૯૨ | મંડળની સભાની કાર્યસાધક સંખ્યા ૭ સભ્યોની રહેશે. | |
| ધારા ૧૯૩ | વર્ષમાં ઓછામાં ઓછી બે વાર પ્રત્યેક સત્રના પહેલા માસમાં મંડળની સભા મળશે અથવા બીજા સભ્યોએ જ્યારે કુલપતિ બોલાવે ત્યારે અથવા ઓછામાં ઓછા સાત સભ્યો તરફથી સભા બોલાવવાની લેખિત માંગણી મળતા મંડળની સભા મળશે | |
| ધારા ૧૯૪ | તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા સભ્યોની બહુમતીથી લેવામાં આવશે .અધ્યક્ષને સભ્ય તરીકેના પોતાના મત ઉપરાંત વધારાનો અથવા નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે. | |
| ધારા ૧૯૫ | મંડળના કાર્યો તથા અધિકારો નીચે પ્રમાણેના રહેશે. | |
| | ૧ | યુનિવર્સિટી પ્રકાશનો માટે સર્વગ્રાહી યોજના તૈયાર કરવી.<br>૧। ગુજરાતીમાં અને જુદાજુદા વિષયોમાં પણ પુસ્તકો .<br>૨। બીજી ભાષાઓમાં લખાયેલા પુસ્તકોનું ગુજરાતીમાં રુપાંતર<br>૩। વિદ્યાશાખા દીઠ સાદી અંગ્રેજી ભાષામાં પૂરત વાંચન સામગ્રી.<br>૪। અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષામાં પૂરક વાંચન સામગ્રી.<br>૫। જુદાજુદા મુદદાઓ ઉપર પેમ્પલેટો, બ્રોશરો સિન્ડિકેટ સમક્ષ પ્રકાશનનો તબકકાવાર કાર્યક્રમ મૂકવો. |
| | ૨ | આગામી શૈક્ષણિક વર્ષ દરમ્યાન પુસ્તકોનાં લખાણ, અનુવાદ અને સંપાદન અને તેના પ્રકાશન અંગેના પ્રસ્તાવો જાન્યુઆરી માસના અંત પહેલા સિન્ડિકેટ સમક્ષ તેની મંજૂરી માટે રજુ કરવા. |
| | ૩ | યુનિવર્સિટી પ્રકાશન બ્યુરોની સ્થાપના અંગે તેના વાર્ષિક આવર્તક ખર્ચ ના અંદાજપત્ર સહિત યોજના તૈયાર કરવી. |
| | ૪ | મંડળની ભલામણ ઉપરથી સિન્ડિકેટે પસંદ કરેલા પુસ્તકોનાં લખાણ ,અનુવાદ અને સંપાદન માટે તે યોગ્યતાવાળી વ્યકિત દ્વારા કરાવવા માટેની કોઇ શરતો સાથે તે હાથ ઉપર લઇ શકાય તે અંગેની વૈકલ્પિક યોજના તૈયાર કરવી. |
| | ૫ | યુનિવર્સિટીને મળેલા પ્રકાશન અનુદાનના યોગ્ય ઉપયોગ માટેના સૂચનો સિન્ડિકેટને કરવા . |

| | | | |
|---|---|---|---|
| | ૬ | સિન્ડિકેટની મંજૂરી મેળવી નીચેની બાબતો અંગેનું પ્રકાશન હાથ પર લેવું : | |
| | | ૧ | યુનિવર્સિટીનું સામાયિક અથવા સામાયિકો. |
| | | ૨ | મંડળને મૌલિકતાની દ્રષ્ટીએ મહત્ત્વની લાગે તે સાહિત્યિક કે વિજ્ઞાનલક્ષી કૃતિ. |
| | | ૩ | જુદાજુદા અભ્યાસક્રમોને લગતા પૂરતા ઉચ્ચ શૈક્ષણિક મૂલ્યોવાળા પાઠ્યપુસ્તકો. |
| | | ૪ | યુનિવર્સિટી વિસ્તરણ વ્યાખ્યાનો |
| | | ૫ | ધારા ૧૬૦ (૪) હેઠળ ઇતર શિક્ષણ મંડળોના સૂચનથી સામાન્ય રચના વિષય પર ખાસ લખાયેલા અથવા અનુવાદિત થયેલા લોકપ્રિય પુસ્તકોનું પ્રકાશન. |
| | | ૬ | ગ્રંથાલયની ભાષા તરીકે અંગ્રેજીને ખીલવવાના હેતુથી સંપાદન કરેલા અંગ્રેજી ભાષામાં લખાયેલા પુસ્તકો. |
| | | ૭ | યુનિવર્સિટી શિક્ષણમંડળે કરેલી ભલામણવાળા યુનિવર્સિટીના વિભાગો અથવા યુનિવર્સિટી વિસ્તારમાં આવેલા કેન્દ્રોના આશ્રયે થયેલા સંશોધનમાંથી ઉદ્દભવતી સામગ્રી. |
| | ૭ | સિન્ડિકેટ મારફતે સેનેટને મોકલવાનો યુનિવર્સિટી પ્રકાશન અંગેનો અહેવાલ તૈયાર કરવો. | |

## પ્રકરણ ૧૨

## હિસાબ અંગેનું મંડળ

(અધિનિયમની કલમ ૧૫ (૧૦)હેઠળ)

| | |
|---|---|
| ધારા ૧૯૬ | હિસાબ અંગેનું મંડળ યુનિવર્સિટીનું એક અધિકારમંડળ બનશે. જેનો ઉલ્લેખ આ પ્રકરણમાં મંડળ તરીકે થયો છે |
| ધારા ૧૯૭ | સિન્ડિકેટના સભ્યો નહીં હોય એવા યુનિવર્સિટીના પાંચ સામાન્ય સભ્યોનું આ મંડળ રચાયેલું રહેશે તે મને સનેટ દ્વારા દર વર્ષે ૩૧ મી માર્ચથી મોડા નહીં એ રીતે ચૂંટવામાં આવશે. |
| ધારા ૧૯૮ | મંડળ સામાન્ય રીતે દર ત્રણ માસે એક વાર મળશે અને બીજી વખત જ્યારે તેના અધ્યક્ષ બોલાવે ત્યારે મળશે. |
| ધારા ૧૯૯ | મંડળની નિમણૂંક પહેલાના એપ્રિલ માસથી શરુ થતા નાંણાકીય વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના હિસાબો, થાપણદાન અંગેના હિસાબો તેમજ ટ્રસ્ટ ભંડોળના હિસાબોનું ઓડીટ મંડળ કરશે અને તેનો વાર્ષિક અહેવાલ સનેટ સમક્ષ રજુ કરશે |
| ધારા ૨૦૦ | યુનિવર્સિટીના હિસાબોને લગતી બધી જ બાબતો અંગે મંડળ સિન્ડિકેટને પોતાની મેળે અથવા તેમને બાબત સોંપવામાં આવે ત્યારે ભલામણ કરશે અને સલાહ આપશે. |
| ધારા ૨૦૧ | યુનિવર્સિટીનું નાંણાકીય વર્ષ પહેલી એપ્રિલથી એકત્રીસમી માર્ચ સુધીનું રહેશે. |
| ધારા ૨૦૨ | એ. મંડળના સભ્યો તેમની ચૂંટણી થઇ ગયા બાદ તરતના અનુગામી નાંણાકીય વર્ષ દરમ્યાન હોદ્દો ધરાવશે.<br>બી. તેમના હોદ્દાની મુદત પૂરી થતા તઓ બીજી વાર ચૂંટાવાપાત્ર રહેશે.<br>સી. બે વાર્ષિક ચૂટણીઓના વચગાળા દરમ્યાન ખાલી પડેલી જગ્યા સિન્ડિકેટથી નિમેલી વ્યક્તિઓથી પૂરાશે |

# પ્રકરણ ૧૩

## યુનિવર્સિટીના અધિકારીઓ

### ૧.કુલાધિપતી

| | |
|---|---|
| ૧ | નિયુક્તિ (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અધિનિયમની કલમ ૯ (૧) મુજબ). |
| ૨ | સત્તાઓ ઃ<br>કલમ ૭ (૧) (૨) અને (૪) મુજબ<br>કલમ ૯(૨) અને (૩) મુજબ<br>કલમ ૧૦ (૨)(એ) અને (બી) અને ૬(બી)<br>કલમ ૧૨ (૧)(બી)<br>કલમ ૧૬(૧) વર્ગ ૧ (એ)(૧)<br>કલમ ૧૭(૧)<br>કલમ ૩૦ (૬) અને (૭)<br>કલમ ૪૬<br>કલમ ૪૭<br>કલમ ૫૩(બી)<br>કલમ ૫૯<br>કલમ ૬૫ (૨) (એ) અને (બી)<br>કલમ ૬૭ (એ) અને (બી) |

### ૨ કુલપતિ
### ૧ નિમણૂંક
(અધિનિયમની કલમ ૧૦ (૧) (૨) અને (૩) હેઠળ)

| | | |
|---|---|---|
| ધારા ૨૦૩ | ૧ | કુલપતિના હોદ્દાની મુદત પુરી થવાના ઓછામાં ઓછા છ માસ પહેલા કુલસચિવ અધિનિયમની કલમ ૧૦ (૧) (૨) (એ)(૧) ની આવશ્યકતા પ્રમાણે કુલપતિપદ માટેના નામોની ભલામણ કરવા માટેની સમિતીના એક સભ્યની નિયુકિત કરવાના ઉદ્દેશ માટે સિન્ડિકેટ અને વિદ્યાસભાની સંયુક્ત સભા બોલાવશે |
| | ૨ | ઉપર ૧ માં નિર્દેશેલી મંડળની બેઠકની તારીખના પંદર દિવસમાં કુલસચિવ અધિનિયમની કલમ ૧૦ (૧) (૨) (એ)(૧) ની આવશ્યકતા પ્રમાણે કુલપતિપદ માટેના નામોની ભલામણ કરવા માટેની સમિતીના એક સભ્યની નિયુકિત કરવાના ઉદ્દેશ માટે ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થપાયેલી યુનિવર્સિટીઓના કુલપતિઓની સભા બોલાવશે |

| | | | |
|---|---|---|---|
| | ૩ | ઉપર ૨ માં જણાંવેલી સભાની તારીખના દસ દિવસમાં કુલસચિવ ઉપર ૧ અને ૨ માં જણાવ્યા પ્રમાણે નિયુક્ત થયેલી વ્યક્તિઓના નામ કુલાધિપતીને મોકલી આપશે અને બીજી વ્યક્તિને નિયુક્ત કરવા માટે તથા તે માંથી એક સમિતિના અધ્યક્ષ તરીકે નીમવા માટે તથા તેની જાણ સમિતિના સભ્યોને કરવા માટે વિનંતી કરશે. | |
| | ૪ | ઉપર ૩ માં જણાંવ્યા પ્રમાણેની સમિતિની કુલાધિપતિએ નિમણૂંક કર્યાના ત્રીસ દિવસની અંદર કુલસચિવ અધ્યક્ષની સલાહ લઇ નકકી કરેલા સ્થળે અને સમયે સમિતિની સભા બોલાવશે. | |
| | ૫ | કુલસચિવ સભાની કાર્યવાહીની નોંધ રાખશે.સમિતિના અધ્યક્ષની મંજૂરી મેળવીને કુલસચિવ સમિતિએ ભલામણ કરેલા નામો નીચે પ્રમાણેની વિગતો સહિત રાજ્ય સરકારને મોકલી આપશે અને રાજ્ય સરકાર કુલપતિની મુદત પૂરી થાય તેના ઓછામાં ઓછા બે માસ પહેલા કુલપતિની નિમણુંકની જાહેરાત કરશે. | |
| | ૬ | જેમની ભલામણ થઇ હોય તે વ્યક્તિઓની વિગતોમાં નીચેની બાબતોનો સમાવેશ થશે. | |
| | | ૧ | નામ અને તે સાથે ડિગ્રીઓની વિગતો જો હોય તો અને બીજી શૈક્ષણિક સિધ્ધીઓ |
| | | ૨ | રહેઠાણ સ્થળ |
| | | ૩ | જન્મતારીખ |
| | | ૪ | પ્રકાશનો જો હોય તો |
| | | ૫ | વહીવટી અથવા અધ્યાપનનો અનુભવ જો હોય તો |
| | | ૬ | અન્ય વિગતો જો હોયતો એટલે કે જાહેર સેવા/જાહેર સંસ્થાઓનું સભ્યપદ અને શિક્ષણ વિષયક પ્રવૃત્તીઓ. |
| ૨ નિમણૂંકની શરતો<br>(દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અધિનિયમની કલમ ૧૦ (૫) મુજબ) | | | |
| ધારા ૨૦૪ | રદ થયેલ છે. | | |
| ધારા ૨૦૫ | રદ થયેલ છે. | | |

| | |
|---|---|
| **૩ સત્તાઓ અધિકારો** | |
| | કલમ ૧૧ (૧) થી (૬) (એફ) મુજબ<br>કલમ ૧૨ (બી)<br>કલમ ૧૬ (૧) વર્ગ ૧ (એ)(૨)<br>કલમ ૧૭(૨)<br>કલમ ૧૯ (૧)(૧) કલમ ૩૨(૫)<br>કલમ ૨૧(૧)(૧) કલમ ૫૬ (૧)<br>કલમ ૫૯,૬૨,૬૬ અને ૬૭ |
| **૩ કુલનાયક (અધિનિયમની કલમ ૧૨ હેઠળ)** | |
| ધારા ૨૦૬ | રદ થયેલ છે. |
| ધારા ૨૦૭ | રદ થયેલ છે. |
| ધારા ૨૦૮ | રદ થયેલ છે. |
| ધારા ૨૦૯ | રદ થયેલ છે. |
| ધારા ૨૧૦ | રદ થયેલ છે. |
| **૪ કુલસચિવ ૧ નિમણૂંક (દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અધિનિયમની કલમ ૧૩ મુજબ)** | |
| ધારા ૨૧૧ | અધિનિયમની કલમ ૬૨ હેઠળ નિમાયેલા પ્રથમ કુલસચિવના હોદ્દાની મુદત પૂરી થયા પછી પાછળની બધી નિમણૂંકો સિન્ડિકેટ કરશે અને તેએ અંગેની લાયકાત પણ નક્કી કરશે.આવશ્યકતા ઊભી થાય ત્યારે કુલસચિવની ફરજો બજાવવા માટેની જોગવાઇ કરવાનો કુલપતિને અધિકાર રહેશે. |
| ધારા ૨૧૨ | કુલસચિવની નિમણૂંક સામાન્ય રીતે એક વર્ષના સમયના ધોરણે કરવામાં આવશે.આ સમય પૂર્ણ થતા જો તેમનું કામ સંતોષકારક હશે જેનો નિર્ણય લેવાને કુલમુખત્યાર સિન્ડિકેટ રહેશે,તો ૬૦ વર્ષની વય મર્યાદાને આધીન રહીને નિમણુંક કાયમી કરવામાં આવશે.આમ છતાં સિન્ડિકેટ અને કુલસચિવ અજમાયશી સમય દરમ્યાન ગમે ત્યારે અથવા ત્યારબાદ ગમે ત્યારે બન્ને પક્ષોમાંથી ગમે તે એક પણ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણેના છ માસથી ઓછી નહીં હોય એવી લેખિત નોટીસ એક યા બીજાને આપી અથવા પરસ્પરની સમજૂતીથી તેના હોદ્દાની મુદત પૂરી કરવાનો અખત્યાર ધરાવશે. |

| | | |
|---|---|---|
| **૨ નિમણૂંકની શરતો** | | |
| ધારા ૨૧૩ | ૧ | કુલસચિવના પગારનું ધોરણ રુ. ૧૬૦૦ -૮૦ -૨૦૦૦ રહેશે અને તે વધારામાં યુનિવર્સિટીના પૂર્ણ સમયના બીજા કર્મચારીઓને વખતોવખત જે દરે ભથ્થાઓ મળતા હોય તે દરે ભથ્થાઓ મેળવવાના હકદાર રહેશે. |
| | ૨ | વધારામાં તેમને પાણી અને ટેલીફોનની સગવડો સહિત ભાડામુક્ત નિવાસસ્થાન આપવામાં આવશે. |
| | ૩ | તેમને યા તો પ્રોવીડન્ટ ફંડ/ગ્રેચ્યુટી અને એવા અન્ય લાભો એવા દરે મળવાપાત્ર રહેશે જે નિયત કરવામાં આવેલ હોય અથવા પેન્શન આપવામાં આવશે. મરણોત્તર કમ નિવૃત્તિ ગ્રેચ્યુટી અને અન્ય લાભો કે જે રાજ્ય સરકારના કર્મચારીઓને વખતોવખત લાગુ પડતા હોય તે લાગુ પડશે. |
| | ૪ | આ ધારાની જોગવાઈઓ ૧.૧.૧૯૭૩ થી અમલમાં આવેલી ગણાશે જો કે પગારમાં થયેલા રીવીઝનના કારણે કોઇ એરીયર્સ કુલસચિવને ૧.૧.૧૯૭૩ થી ૩૧.૧૨.૧૯૭૩ સુધીના સમય માટે ચુકવવાપાત્ર થશે નહીં. |
| ધારા ૨૧૪ | ૧ | સિન્ડિકેટ દ્વારા યુનિવર્સિટીના શિક્ષકેતર કર્મચારીઓ માટે પ્રસંગે પ્રસંગે નક્કી કરેલા નિયમો પ્રમાણે રજાઓ ભોગવવાપાત્ર રહેશે. |
| | ૨ | યુનિવર્સિટીની સેવામાં કામ કરતી કોઇ વ્યક્તિની કુલસચિવ તરીકે નિમણૂંક કરવામાં આવે ત્યારે તેની નિમણૂંક સમયે જે ગેરહાજરી રજા તેમને ખાતે નીકળતી હોય તે મેળવવા હકદાર રહેશે. |
| ૩ અધિકારો અને ફરજો | | |
| ધારા ૨૧૫ | કુલસચિવ યુનિવર્સિટી કાર્યાલયમા વડા ગણાશે અને નીચેના અધિકારો ધરાવશે. | |
| | ૧ | યુનિવર્સિટીની ઓફીસના કર્મચારીઓના કાર્યોની સ્પષ્ટતા કરી નક્કી કરવા. |
| | ૨ | યુનિવર્સિટી કાર્યાલય કાર્યક્ષમ રીતે કામ કરે એ માટે કુલપતિની મંજૂરીને આધીન પગલા લેવા. |
| | ૩ | યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓનુ નિયમન કરી વર્તણૂંક અને શિસ્ત અંગેના યુનિવર્સિટીના નિયમો અનુસાર તેમનામાં શિસ્તબધ્ધતા લાવવી. |
| ધારા ૨૧૬ | કુલસચિવની ફરજો નીચે પ્રમાણેની હશે. | |
| | એ | યુનિવર્સિટીની સર્વસામાન્ય મુદ્રાઓ/મકાનો/બગીચાઓ/દફતરો/ ગ્રંથાલય અને સિન્ડિકેટ જેનો અખત્યાર એમને સોંપે એવી બીજી યુનિવર્સિટીની મિલકતોના કબજેદાર થવું. |
| | બી | સનેટ/સિન્ડિકેટ/વિદ્યાસભા/વિદ્યાશાખાઓ તથા યુનિવર્સિટી શિક્ષણમંડળ તથા યુનિવર્સિટી સેવા કમીશન/પરીક્ષકોની નિમણૂંક કરનાર સમિતીના તેમ જ આ અને આવા વારંવાર નિમાતા મંડળો અને સમિતિઓના સચિવ તરીકે કામ કરવું અને તેની કાર્યવાહીની નોંધ રાખવી. |

| | | |
|---|---|---|
| | સી | સિન્ડિકેટ અને સેનેટનો સત્તાવાર પત્રવ્યવહાર કરવો. |
| | ડી | યુનિવર્સિટીના અધિકાર મંડળો, મંડળો તથા સમિતીઓની સભાઓ અંગેની નોટીસ કાઢી તે અંગેની સઘળી વ્યવસ્થા કરવી. |
| | ઇ | સિન્ડિકેટ વારંવાર નિયત કરે તેવી અન્ય ફરજો બજાવવી અને કુલપતિને તેમની સત્તાવાર ફરજ બજાવવા માટે કુલપતિની ઇચ્છા પ્રમાણે મદદ કરવી. |
| | એફ | સિન્ડિકેટની દોરવણી અનુસાર યુનિવર્સિટી વતી કરારો અને દાનપત્રો સહી કરવા. |
| | જી | પરીક્ષાસંચાલન ઉપર દેખરેખ રાખવી. |
| | | |

**૫ પરીક્ષા નિયામક**

**૧ નિમણૂંક**

**(અધિનિયમની કલમ ૧૪ (૧) હેઠળ)**

| | | |
|---|---|---|
| ધારા ૨૧૭ | પરિક્ષા નિયામકની જગ્યા માટે નિયુક્તિ મેળવનાર વ્યક્તિની યોગ્યતા સિન્ડિકેટે નક્કી કર્યા મુજબની રહેશે | |
| | | |

**૨ નિમણૂંકની શરતો**

| | | |
|---|---|---|
| ધારા ૨૧૮ | પરિક્ષા નિયામકનું પગાર ધોરણ રુ ૭૫૦- ૪૦ - ૯૫૦ -૫૦ -૧૨૫૦નું રહેશે અને તે વધારામાં યુનિવર્સિટીના પૂર્ણ સમયના બીજા કર્મચારીઓને વખતોવખત જે દરે ભથ્થાઓ મળતા હોય તે દરે ભથ્થાઓ મેળવવાના હકદાર રહેશે. | |
| ધારા ૨૧૯ | પરિક્ષા નિયામકને નિવાસ સ્થાન આપવામાં આવશે અને તે અંગે તેના માસિક મૂળ પગારના દસ ટકા પ્રમાણે ભાડુ લેવામાં આવશે અને તેમને ટેલીફોનની સગવડ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. | |
| ધારા ૨૨૦ | ૧ | તેમને પ્રોવીડન્ટ ફંડ, ગ્રેચ્યુટી અને એવા અન્ય લાભો એવા દરે મળવાપાત્ર રહેશે જે નિયત કરવામાં આવેલ હોય કે જે યુનિવર્સિટીના ફુલ ટાઇમ કર્મચારીઓને વખતોવખત લાગુ પડતા હોય તે લાગુ પડશે. |
| | ૨ | સિન્ડિકેટ દ્વારા યુનિવર્સિટીના બિનશિક્ષકેતર કર્મચારીઓ માટે પ્રસંગે પ્રસંગે નક્કી કરેલા નિયમો પ્રમાણે રજાઓ પરીક્ષા નિયામક ભોગવવાપાત્ર રહેશે. |
| | 3 | યુનિવર્સિટીની સેવામાં કામ કરતી કોઇ વ્યક્તિની પરિક્ષાનિયામક તરીકે નિમણૂંક કરવામાં આવે ત્યારે તેની નિમણૂંક સમયે જે ગેરહાજરી રજા તેમને ખાતે નીકળતી હોય તે મેળવવા હકદાર રહેશે. |
| ધારા ૨૨૧ | ક્રમ નં. ૨૨૧ ઉપર કોઇ ધારો નથી. | |

| | | | |
|---|---|---|---|
| **૩ અધિકારો અને ફરજો** | | | |
| | પરિક્ષા નિયામકની ફરજો નીચે પ્રમાણેની હશે. | | |
| | ૧ | એ | તે પ્રત્યેક વર્ષે પરીક્ષકો તરીકેની નિમણૂંકમાટે આ યુનિવર્સિટી તેમજ બીજી યુનિવર્સિટીના કામ કરતા અધ્યાપકો પાસેથી અરજીઓ મંગાવશે. |
| | | બી | યુનિવર્સિટીની જુદીજુદી પરીક્ષાઓમાં અંદરના તેમજ બહારના પરીક્ષકો તરીકેની નિમણુંક કરવા માટે એ વિષયવાર સિનિયોરીટીના ક્રમ પ્રમાણે સુયોગ્ય વ્યક્તિઓની યાદી તૈયાર કરશે |
| | | સી | એ સંબંધીત અભ્યાસ સમિતિઓ સમક્ષ તેમની મંજૂરી માટે રજુ કરશે. |
| | ૨ | તે નીચેના કામો માટે જવાબદાર રહેશે. | |
| | | એ | પ્રશ્નપત્રો કઢાવવાની ગોઠવણ કરવામાટે |
| | | બી | પરીક્ષાનો કાર્યક્રમ તૈયાર કરવા માટે |
| | | સી | સિન્ડિકેટે નકકી કરેલા કેન્દ્રોમાં પ્રશ્નપત્રો છપાવવા સહિતના પરીક્ષાઓના સંચાલન માટે. |
| | ૩ | કુલસચિવની દોરવણી અને નિરીક્ષણ હેઠળ તે યુનિવર્સિટીની પરીક્ષાઓના પરિણામ તૈયાર કરી તે જાહેર કરશે. | |
| | ૪ | તમામ પ્રશ્નપત્રો, ગુણપત્રકો, પરિણામપત્રકો અને યુનિવર્સિટીની પરીક્ષાઓ સાથે સંકળાયેલા તમામ ગોપનીય રેકર્ડના કબજેદાર રહેશે. | |
| | ૫ | વિદ્યાસભા અને સિન્ડિકેટે મંજૂર કરેલા પરીક્ષા સંશોધન અને પરીક્ષા સુધારણાની યોજનાઓ અમલી બનાવશે. | |
| | ૬ | પદવીદાન સમારંભ માટે તથા ડિગ્રીઓ, ડિપ્લોમાં, ચંદ્રકો અને ઇનામો એનાયત કરવા અંગેની તમામ જુરુી ગોઠવણો એ કરશે | |
| | ૭ | સિન્ડિકેટ અથવા કુલપતિ અથવા કુલસચિવ તરફથી સોંપવામાં આવે તે તમામ ફરજો એ અદા કરશે. | |

# પ્રકરણ ૧૪

## યુનિવર્સિટીમાં પ્રવેશ

| | | | | |
|---|---|---|---|---|
| ધારા ૨૨૩ | જે વિદ્યાર્થીએ ગુજરાત રાજ્યના માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક શાળાંત પરીક્ષા મંડળ ગાંધીનગર દ્વારા સંચાલીત ઉચ્ચ માધ્યમિક શાળાંત પરીક્ષા પાસ કરી હોય અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરી હોય તે નીચે પ્રમાણે પ્રવેશપાત્ર ગણાંશે. | | | |
| | ૧ | વિનયન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ ડીગ્રી કોર્ષ | | |
| | ૨ | વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ ડીગ્રી કોર્ષ | | |
| | | ૧ | એ | જો તેણે ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન શાખા વિષયમાં જેમાં ગણિતશાસ્ત્ર સામેલ છે એક વિજ્ઞાનનો વિષય તરીકે તે ગણિતશાસ્ત્રને F.Y.B.Sc. Class ના એક વિષય તરીકે ઓફર કરી શકશે અને ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર અથવા ભૌતિકશાસ્ત્ર અથવા કોમ્પ્યુટર સાયન્સને મુખ્ય વિષય તરીકે S.Y.B.Sc. Class માં ઓફર કરી શકશે. |
| | | | બી | જો તેણે ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન શાખા વિષયમાં અન્ય વિજ્ઞાનના વિષયો વચ્ચે જીવશાસ્ત્ર એક વિષય તરીકે સાથે પાસ કરી હોય તે જીવશાસ્ત્રને F.Y.B.Sc. Class ના એક વિષય તરીકે ઓફર કરી શકશે અને જીવશાસ્ત્ર અથવા માઇક્રોબાયોલોજી અથવા મેડીકલ ટેકનોલોજી ને મુખ્ય વિષય તરીકે S.Y.B.Sc. Class માં ઓફર કરી શકશે. |
| | | ૨ | એ | પ્રથમ વર્ષ BCA Degree Course જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન શાખા વિષયમાં અથવા સામાન્ય પ્રવાહ વાણિજ્ય પ્રવાહમાં અંગ્રેજી અને ગણિત અથવા બીઝનેસ મેથેમેટીક્સ અથવા સ્ટેટીસ્ટીક વિષય સાથે પાસ કરી હોય. |
| | ૩ | ૧ | વાણીજ્ય શાખામાં પ્રથમવર્ષ ડીગ્રી કોર્ષ હેઠળ જો તેના દ્વારાઉચ્ચ માધ્યમીક અથવા તેની સમકક્ષ પરીક્ષા સામાન્યપ્રવાહમાં અથવા જો તેણેપ સમકક્ષ પરીક્ષા વોકેશનલ શાખા વિષય અથવા વિજ્ઞાન શાખામાં એ ગ્રુપ સાથે પાસ કરી હોય. | |
| | | ૨ | વાણીજ્ય વિદ્યાશાખા હેઠળ પ્રથમવર્ષ ડીગ્રી કોર્ષ માં જો તેના દ્વારાઉચ્ચ માધ્યમીક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન અથવા સામાન્ય વાણીજ્ય પ્રવાહમાં અંગ્રેજી વિષય સાથે પાસ કરી હોય. | |

| | | |
|---|---|---|
| | ૪ | મેડીસીન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ ડીગ્રીકોર્સમાં જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન શાખા હેઠળ અંગ્રેજી ,ફીઝીક્સ,કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષય સાથે પાસ કરી હોય.<br>૧. મેડીસીન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ ડીગ્રી કોર્સ નર્સીંગમાં જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન શાખા હેઠળ ,ફીઝીક્સ,કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષય સાથે પાસ કરી હોય. |
| | ૫ | ટેકનોલોજી વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ ડીગ્રી કોર્સમાં જેમાં એન્જીનીયરીંગ સામેલ છે તેમાં જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન શાખા હેઠળ,મેથેમેટીક્સ,ફીઝીક્સ,કેમેસ્ટ્રી વિષય સાથે પાસ કરી હોય. |
| | ૬ | એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ ડીગ્રી કોર્સ માં જેમાં આર્કીટેક્ચર સામેલ છે તેમાં જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન શાખા હેઠળ,મેથેમેટીક્સ,ફીઝીક્સ ,કેમેસ્ટ્રી વિષય સાથે પાસ કરી હોય. |
| | ૭ | કાયદાશાસ્ત્ર વિદ્યાશાખા હેઠળ બે વર્ષનો લો પ્રીપેરેટરી કોર્સનું પ્રથમ વર્ષ જે એલએલ.બી.તરફ જાય ૫ વર્ષનો ઇન્ટીગ્રેટેડ પ્રોફેશનલ ડીગ્રી કોર્ષમાં જો તેના દ્વારા ઓછામાં ઓછા ૪૫ % માર્કસ અને એસસી અને એસટી ઉમેદવારો માટે ૪૦ % માર્કસ ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષામાં મેળવવામાં આવેલ હોય. |
| | ૮ | શિક્ષણ વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ ડીગ્રી કોર્ષમાં શારીરિક શિક્ષણમાં |
| | ૯ | ગ્રામીણ અભ્યાસક્રમ વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ ડીગ્રી કોર્ષમાં |
| | ૧૦ | વિનયન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ B.S.W.ડીગ્રી કોર્ષમાં |
| | ૧૧ | વિનયન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ B.Sc. હોમસાયન્સ ડીગ્રી કોર્ષમાં |
| | ૧૨ | વિનયન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ ફાઇન આર્ટસ એન્ડ ઇન્ટીરીયર ડીઝાઇનર કોર્ષમાં ઓછામાં ઓછા ૪૫ ટકા માર્કસ સાથે ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા. |
| | ૧૩ | વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ M.Sc.(IT - 5 years Integrated Course) જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન અથવા સામાન્યપ્રવાહ વાણિજ્ય પ્રવાહ હેઠળ અંગ્રેજી અને મેથેમેટીક્સ અથવા બીઝનેસ મેથેમેટીક્સ અથવા સ્ટેટીસ્ટીક્સ સાથે પાસ કરી હોય. |

| | | |
|---|---|---|
| | ૧૪ | વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ M.Sc. Biotechnology (5 years Integrated Course) જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમીક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ હેઠળ બાયોલોજી એક વિષય સાથે પાસ કરી હોય. |
| | ૧૫ | વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ M.Sc. Bio-Informatics (5 year Integrated Course) જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ હેઠળ મેથેમેટીક્સ એક વિષય સાથે પાસ કરી હોય . |
| | ૧૬ | વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ ડીગ્રી/ડીપ્લોમા કોર્ષ ફાર્મસીમાં જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા ફીઝીક્સ ,કેમેસ્ટ્રી અને બાયોલોજી અથવા ફીઝીક્સ,કેમેસ્ટ્રી અને મેથેમેટીક્સ અથવા ફીઝીક્સ,કેમેસ્ટ્રી , મેથેમેટીક્સ અને બાયોલોજી સાથે પાસ કરી હોય. |
| | ૧૭ | તબીબી વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ B.H.M.S.માં જો તેના દ્વારા ઉચ્ચ માધ્યમિક અથવા તેની સમકક્ષ પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ હેઠળ પાસ કરી હોય. |

# પ્રકરણ ૧૫

## અગ્રતાક્રમ

| | |
|---|---|
| ધારા ૨૨૪ | કુલાધિપતી ,કુલપતિ ,રાજ્યમાં રહેતા હોય તેવા યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિઓ તેમની પ્રથમ નિમણૂંકના અનુક્રમે કુલનાયક જો હોય તો વિનયન, વિજ્ઞાન,વાણિજ્ય,શિક્ષણ,એન્જીનીયરીંગ સહિતની ટેકનોલોજી, કૃષિ, કાનૂન, તબીબી અને ગ્રામલક્ષી વિદ્યાશાખાના અને વારંવાર સ્થપાય તો તે વિદ્યાશાખાઓના અધ્યક્ષો,સિન્ડિકેટના સભ્યો તેમના સિનીયોરીટીના અનુક્રમે,કુલસચિવ,શિક્ષણ ખાતાના સચિવ,શિક્ષણ નિયામક,ટેકનીકલ શિક્ષણના નિયામક,આરોગ્ય અને તબીબી સેવાના નિયામક,કૃષીખાતાના નિયામક,એસ.એસ.સી. પરીક્ષા બોર્ડના અધ્યક્ષ,સેનેટમાં હોદ્દાની રુએ આવતા અન્ય સભ્યો,સામાન્ય અને નિયુકત સભ્યો તેમની મૂળ નિમણૂંક અથવા ચૂંટણીના ક્રમમાં અને જે સભ્યો એકજ તારીખે નિમાયા હોય કે ચૂંટાયા હોય તે સભ્યો તેમની અટકની ટકાવારીના ક્રમમાં |

# પ્રકરણ ૧૬

## પદવી પ્રદાન

| | | |
|---|---|---|
| ધારા ૨૨૫ | પ્રત્યેક વ્યક્તિ જો ડીગ્રી કે ડિપ્લોમાં માટેની યુનિવર્સિટીની પરીક્ષા પાસ કરે તે વ્યક્તિ નિયત ફી આપે એટલે તેને સંબંધિત ડિગ્રી કે ડિપ્લોમાં માટે તે જે પસંદ કરે તે રીતે તેની ઉપસ્થિતિમાં કે અનુપસ્થિતિમાં પ્રવેશ આપવામાં આવશે | |
| ધારા ૨૨૬ | ૧ | યુનિવર્સિટી દ્વારા જે ડિગ્રીઓ અને ડિપ્લોમાઓના પ્રદાન માટે પાત્ર ઠેરવતી પરીક્ષાઓ જુદે જુદે સમયે લીધી હોય તે પરીક્ષાઓ પાસ કરનાર અને ડિગ્રી/ડિપ્લોમાં મેળવવાને પાત્ર જાહેર થનાર વિદ્યાર્થીઓને ડિગ્રી આપવાનો સનેટને અધિકાર રહેશે |
| | ૨ | ઉપર નિર્દેશેલી વ્યક્તિઓને ધારાઓમાં કરેલી જોગવાઇ અનુસાર સેનેટ પદવીદાન સમારંભમાં તેઓ પસંદ કરે તે રીતે ઉપસ્થિતીમાં કે અનુપસ્થિતીમાં ડિગ્રી આપવાનો સેનેટને અધિકાર રહેશે. |
| ધારા ૨૨૭ | અધિનિયમની કલમ ૪૬ હેઠળ જે વ્યક્તિને માનદ પદવી એનાયત કરવાની ભલામણ થઇ હોય તેને પદવીદાન સમારંભ વખતની પ્રદાન કાર્યવાહી ધારા ૨૨૬ની જોગવાઇ મુજબ સંબંધિત પરીક્ષા પાસ કરવાને કારણે ડિગ્રી કે ડિપ્લોમાં પ્રાપ્ત કરવાને પાત્ર બનતા હોય તે વ્યક્તિને એનાયત કરવાની કાર્યવાહી મુજબની રહેશે | |
| ધારા ૨૨૮ | ૧ | ડિગ્રી કે ડિપ્લોમાં એનાયત કરવાનો પદવીદાન સમારંભ સામાન્ય રીતે ફેબ્રુઆરી માસમાં શકય હોય ત્યાં સુધી દર વર્ષે ૨૬ મી ફેબ્રુઆરીએ રાખવામાં આવશે અથવા અન્ય ફેબ્રુઆરી માસની તારીખે કુલપતિ નકકી કરે તે તારીખે રાખવામાં આવશે. આવા પદવીદાન સમારંભમાં પ્રત્યેક વિદ્યાશાખાના અધ્યક્ષ અથવા એમની ગેરહાજરીમાં વિદ્યાશાખાના સીનીયર સભ્ય સૌપ્રથમ સેનેટને આશીર્વચન આપવા વિનંતી કરશે અને ત્યારબાદ સંબંધીત ડિગ્રી/ડિપ્લોમાં માટે પ્રવેશપ્રાપ્ત કર્યો હોય તેમને કુલાધિપતિ સમક્ષ કે કુલપતિ સમક્ષ રજૂ કરશે આ પ્રકારની રજુઆત કુલપતિ નકકી કરે તેવા ક્રમમાં થશે |
| | ૨ | વિશિષ્ટ પદવીદાન સમારંભ દર વર્ષે ૨૪ ઓગષ્ટના રોજ પણ કરવામાં આવશે અથવા અન્ય ઓગષ્ટ માસની તારીખે કુલપતિ નકકી કરે તે તારીખે રાખવામાં આવશે. આવા પદવીદાન સમારંભમાં પ્રત્યેક વિદ્યાશાખાના અધ્યક્ષ અથવા એમની ગેરહાજરીમાં વિદ્યાશાખાના સીનીયર સભ્ય સૌપ્રથમ સેનેટને આશીર્વચન આપવા વિનંતી કરશે અને ત્યારબાદ સંબંધીત ડિગ્રી /ડિપ્લોમાં માટે પ્રવેશપ્રાપ્ત કર્યો હોય તેમને કુલાધિપતિ સમક્ષ કે કુલપતિ સમક્ષ રજૂ કરશે આ પ્રકારની રજુઆત કુલપતિ નકકી કરે તેવા ક્રમમાં થશે. |

| | | |
|---|---|---|
| ધારા ૨૨૯ | જે વ્યક્તિઓએ નિયત કરેલો અભ્યાસક્રમ કોઇ સંલગ્ન કોલેજમાં અથવા કોલેજોમાં અથવા માન્ય સંસ્થા કે સંસ્થાઓમાં અથવા સંમતિત સંસ્થા ઓમાં અથવા યુનિવર્સિટી વિભાગમાં પૂરો કોર્સ હોય અને તે અંગેની યોગ્ય ઠેરવતી પરીક્ષા અધ્યાદેશો અને નિયમો અનુસાર પાસ કરી હોય તેમને યુનિવર્સિટી નીચે પ્રમાણેની ડિગ્રીઓ એનાયત કરશે. | |
| | ૧ | વિનયનવિદ્યાશાખા ઃ<br>1. Bachelor of Arts (Hons) (BA) (Hons)<br>2. Bachelor of Arts (Special) (BA) (Sp.)<br>3. Bachelor of Arts (General) (BA) (Gen.)<br>4. Bachelor of Arts (Shastri) (B. A.)(Shastri)<br>5. Bachelor of Library Science (B.Lib.Sc.)<br>6. Bachelor of Library & Information Science(B.Lib.Isc)<br>7. Bachelor of Performing Arts (BPA)<br>8. Bachelor of Fine Arts (BFA)<br>9. Bachelor of Interior Designing (B.I.D)<br>10. Bachelor of Social Work (BSW)<br>11. Master of Library Science (M.Lib.Sc)<br>12. Master of Library & Information Science(M.Lib.I.Sc.)<br>13. Master of Arts (MA)<br>Note1: Nomenclatures of above degrees { (M. B. E.), (M. H. R. D.), (M. P. A.)} are restructured in accordance with the UGC regulation NO.F.5-1/2013 (CPP-II) dated 5/7/2014, as follows:<br>13. Master of Arts (MA)<br>However the above degrees { (M. B. E.), (M. H. R. D.), (M. P. A.)} will be conferred according to the old nomenclatures to the candidates who have passed the respective examination before the commencement of revised statute 229.<br>14. Master of Arts (Acharya) (M. A.) (Acharya)<br>15. Master of Social Work (MSW)<br>16. Master of Labor welfare (M. L. W.)<br>17. Master of Philosophy (M. Phil)<br>18. Master of Performing Arts (MPA)<br>19. Doctor of Philosophy (Ph. D.)<br>20. Doctor of Literature (D. Litt.)<br>21. P. G. Diploma Corporate Legal Management (P.G. Dip.C.L.M.)<br>22. P. G. Diploma in Human Resource Management (P.G. Dip.H.R.M.) |

| | | | |
|---|---|---|---|
| | | 23. P. G. Diploma in Training & Development (P.G. Dip.T.D.)<br>24. P. G. Diploma in Corporate Governance (P.G. Dip.C.G.)<br>25. P. G. Diploma in Journalism (P.G. Dip.J.)<br>26. P. G. Diploma in Mass Communication (P.G. Dip.T.D.) | |
| | | 27.P. G. Diploma in English (P.G.Dip.Eng.) | |
| | | 28. P. G. Diploma in Linguistics (P.G.Dip.Ling.) | |
| | | 29.P. G. Diploma in Human Resource Development (P.G.Dip.H.R.D.) | |
| | | 30.P.G. Diploma in Public Systems Management (P.G.Dip.P.S.M.) | |
| | | 31.P.G. Diploma in Public Administration (P.G.Dip.P.A.) | |
| | | 32.P.G. Diploma in Research Methodology in Social Sciences (P.G.Dip.RMSS) | |
| | | 33.P.G. Diploma in Gender Studies (P.G.Dip. G.S.) | |
| | | 34.P. G. Diploma in Geographical Information Sciences ( P. G. Dip. G. I. S.) | |
| | | 35.P. G. Diploma in Creative Writing (P.G.Dip.C.W.) | |
| | | 36.P. G. Diploma in Disaster Management (P.G.Dip.D.M.) | |
| | | 37.P. G. Diploma in Translation (P. G. Dip.T.) | |
| | | 38.P. G. Diploma in Office Automation (P.G.Dip.O.A.) | |
| | | 39.P. G. Diploma in Applied Economics (P.G.Dip.A.Eco) | |
| | | 40.P. G. Diploma in Financial Economic (P.G.Dip.F.E.) | |
| | | 41.P. G. Diploma in Applied Psychology (P.G.Dip.A.P.) | |
| | | 42.P. G. Diploma in Applied Econometrics (p.G.Dip.A.Econom..) | |
| | | 43.P. G. Diploma in Governance (P.G.Dip.G.) | |
| | | 44.P. G. Diploma in Public Health (P.G.Dip.P.H.) | |
| | | 45.P. G. Diploma in Financial Econometrics(P.G.Dip.F.Econom.) | |
| | | 46.P. G. Diploma in Marketing Research (P.G.Dip.M.R.) | |
| | | 47.P. G. Diploma in Nutrition & Child Care (P.G.Dip.N.C.C.) | |
| | | 48.P. G. Diploma in Clinical Psychology(P.G.Dip.C.P.) | |
| | | 49.P. G. Diploma in Foreign Trade(P.G.Dip.F.T.) | |
| | | 50.P. G. Diploma in Exports Management(P.G.Dip.E.M.) | |
| | | 51.P. G. Diploma in Corporate Social Responsibility(P.G.Dip.C.S.R.) | |
| | ૨ | **અધ્યાપન વિદ્યાશાખા ઃ** | |
| | | 1.Bachelor of Education | (B.Ed) |
| | | 2.Bachelor of Education (Basic Education) | (B.Ed) (Basic Education) |
| | | 3.Bachelor of Physical Education | (BPEd) |
| | | 4.Bachelor of Physical Education (One year) | (BPEd) (One year) |

| | | | |
|---|---|---|---|
| | | 5.Bachelor of Education (Special Education- Visual Impairment ) | (B,Ed) (Spl.Edu-V.I.) |
| | | 6.Master of Physical Education | (MPEd) |
| | | 7.Master of Education | (M.Ed.) |
| | | 8.Master of Philosophy | (M.Phil) |
| | | 9.Doctor of Philosophy | (Ph.D.) |
| | | 10.P.G. Diploma in Physical Education | (P.G. Dip.P.Ed.) |
| | | 11.P.G.Diploma in Guidance & Counseling | (P.G.Dip. G.C.) |
| | | 12.P.G.Diploma in Audio Visual Education | (P.G.Dip. A.V. Ed) |
| | | 13.P.G.Diploma in Educational Technology | (P.G.Dip.Ed. Tech.) |
| | 3 | વિજ્ઞાન વિદ્યાશાખા | |
| | 1. | Bachelor of Science (Hons.) | (B.Sc.) (Hons.) |
| | 2. | Bachelor of Science (Special) | (B.Sc.) (Sp.) |
| | 3. | Bachelor of Science (General) | (B.Sc.)(Gen.) |
| | 4. | Bachelor of Science (Tech.) | (B.Sc.) (Tech.) |
| | 5. | Bachelor of Pharmacy | (B. Pharm.) |
| | 6. | Bachelor of Science ( Bio-Technology) | (B.Sc.)(Bio - Tech.) |
| | 7. | Bachelor of Science ( Medical Technology ) | (B.Sc.)(M.Tech.) |
| | 8. | Master of Science | (M.Sc.) |
| | 9. | Master of Science | (T ech.) (M.Sc.) (Tech.) |
| | 10. | Master of Science (Medical Technology) | (M.Sc.)(M.Tech.) |
| | 11. | Master of Science ( Bio-Technology) | (M.Sc.) (Bio - Tech.) |
| | 12. | Master of Science (Environmental Science) | (M.Sc.)(Ens.) |
| | 13. | Master of Pharmacy | (M. Pharm.) |
| | 14. | Master of Philosophy | (M.Phil.) |
| | 15. | Doctor of Philosophy | (Ph.D.) |
| | 16. | Doctor of Science | (D.Sc.) |
| | 17. | Diploma in Quantative & Computer Management | (Dip.Q.C.M.) |
| | 18. | Diploma in Applied Chemistry | (Dip. App.) |
| | 19. | Diploma in Statistics | (Dip. Stat.) |
| | 20. | Diploma in Pharmacy | (Dip. Pharm.) |
| | 21. | Diploma in Medical Technology | (Dip. M.Tech.) |
| | 22. | Advanced P. G. Diploma in Medicinal Plants | (A.P.G.Dip.M P.) |
| | 23. | P.G. Diploma in Medical Laboratory Technology | (P. G.Dip.M.L.T. ) |

| | | | |
|---|---|---|---|
| | 24. | P.G. Diploma in Instrumentation | (P.G.Dip.I.) |
| | 25. | P. G. Diploma in Embedded System Design | (P. G. Dip.E.S.D.) |
| | 26. | P. G. Diploma in CAD/CAM/CAE | (P.G. Dip. CAD/CAM/CAE) |
| | 27. | P. G. Diploma in Energy Audit & Management | (P.G. Dip. E.A.M.) |
| | 28. | P. G. Diploma in Industrial Automation | (P.G. Dip. I. A. ) |
| | 29. | P. G. Diploma in Cosmeticology | (P. G. Dip.C.) |
| | 30. | Post Graduate Diploma in Early Childhood Education | (P.G.Dip.E.C.E.) |
| | 31. | Post Graduate Diploma in Learning Disability | (P.G.Dip.L.D.) |
| | 32. | Post Graduate Diploma in Dietetics | (P.G.Dip.D.) |
| | ૪ | એન્જીનીયરીંગ સહીતની ટેકનોલોજી વિદ્યાશાખા | |
| | 1 | Bachelor of Engineering | (BE)<br>(Civil)<br>(Mechanical)<br>(Electrical)<br>(Electronics)<br>(Production & Industrial)<br>(Computer)<br>(Chemical)<br>(Textile Technology)<br>(Textile Processing)<br>(Instrumentation and Contol. Engg.)<br>(Electronics & Communication)<br>(Information Technology) |
| | 2. | Master of Engineering | (ME)<br>(Civil)<br>(Mech.)<br>(Electrical or Structural) |
| | 3. | Master of Town and Regional Planning | (M.T.R.P.) |
| | 4. | Doctor of Philosophy | (Ph.D.) |
| | 5. | Post Graduate Diploma in Engineering | (P.G. D. Engg.) |
| | 6. | Diploma in Electronics Instrumentation | (D. Electro. Inst.) |
| | ૫ | કાનૂન વિદ્યાશાખા | |
| | 1 | Bachelor of Laws (General) | (LLB) (Gen.) |
| | 2 | Bachelor of Laws (Special) | (LLB) (Sp.) |

| | | | |
|---|---|---|---|
| | 3 | Bachelor of Commerce Bachelor of Law (Honours) | B.Com LLB (Hons.) |
| | 4 | Bachelor of Arts Bachelor of Law (Honours) | BA LLB (Hons.) |
| | 5 | Bachelor of Science Bachelor of Law (Honours) | B.Sc. LLB (Hons.) |
| | 6 | Bachelor of Business Administration Bachelor of Law(Honours) | BBA LLB (Hons.) |
| | 7 | Master of Laws | (LLM) |
| | 8. | Master of Philosophy | (M. Phil) |
| | 9. | Doctor of Philosophy | (Ph.D.) |
| | 10. | Doctor of Laws | (LL.D.) |
| | 11. | Diploma in Taxation Law & Practice | (Dip.T.P.) |
| | 12. | Diploma in Labor Law & Practice | (Dip.L.P.) |
| | ૬ | તબીબી વિદ્યાશાખા | |
| | 1.<br>2.<br>3.<br>4.<br>5.<br>6.<br>7.<br>8.<br>9.<br>10<br>11 | Bachelor of Medicine & Bachelor of Surgery<br>Bachelor of Uanani Medicine & Surgery<br>Bachelor of Physiotherapy<br>Bachelor of Optometry<br>Bachelor of Science (Medical)<br>Bachelor of Science (Nursing)<br>Post Basic Bachelor of Science (Nursing )<br>Master of Science (Nursing)<br>Master of Physiotherapy<br>Master of Surgery<br>Master of Science (Medical) | (MBBS)<br>(B.U.M.S.)<br>(BPT)<br>(B. Optom)<br>(B.Sc.) (MED.)<br>(B.Sc.)(Nursing)<br>P. B. B. Sc. (Nursing)<br>M.Sc. (Nursing<br>MPT<br>(MS)<br>(General Surgery)<br>(Ophthalmology)<br>(Orthopedics)<br>(Otorhinolaryngology)<br>(M.Sc.)(Medical) |
| | 12. | Doctor of Medicine | (MD)<br>(Anaesthesiology)<br>(Bio – Chemistry)<br>(Dermatology, Venreology & |

| | | | |
|---|---|---|---|
| | | | Leprosy)<br>(Forensic Medicine)<br>(General Medicine)<br>(Pathology)<br>(Paediatrics)<br>(Pharmacology)<br>(Physiology)<br>(Psychiatry)<br>(Community Medicine)<br>(Anatomy)<br>(Radio-Diagnosis)<br>(Microbiology)<br>(Respiratory Medicine)<br>(Immuno Hematology and Blood Transfusion)<br>(Emergency Medicine) |
| | 13 | Master of Optometry | (M.Optom) |
| | 14 | Doctor of Philosophy | (Ph.D.) (Med.) |
| | 15 | Doctor of Science | (D.Sc.) (Med.) |
| | 16 | Diploma in Anaesthesiology | (D.A.) |
| | 17 | Diploma in Obstetrics & Gynaecology | (D.G.O.) |
| | 18 | Diploma in Ophthalmology | (D.O.) |
| | 19 | Diploma in Oto-Rhino & Laryngology | (D.L.O.) |
| | 20 | Diploma in Paediatrics | (D.C.H.) |
| | 21 | Diploma in Radio-Diagnosis | (D.M.R.D.) |
| | 22 | Diploma in Public Health | (D.P.H.) |
| | 23 | Diploma in Dermatology, Venereology & Leprosy | (D.D.V.L.) |
| | 24 | Diploma in Tuberculosis and Chest Diseases | (D.T.C.D.) |
| | 25 | Diploma in Clinical Pathology | (D.C.P.) |
| | 26 | Diploma in Psychiatry | (D.P.M.) |
| | 27 | Diploma in Community Medicine | (D.C.M.) |
| | ૭ | હોમીઓપેથીક વિદ્યાશાખા | |
| | 1 | Bachelor of Homeopathic Medicine and Surgery | (BHMS) |
| | 2 | Doctor of Medicine (Homeo) | (MD)(Hom) |
| | ૮ | વાણીજ્ય વિદ્યાશાખા | |

| | | | |
|---|---|---|---|
| | 1 | Bachelor of Commerce (Hons.) | (B. Com) (Hons) |
| | 2 | Bachelor of Commerce (Special.) | (B. Com) (Sp.) |
| | 3 | Bachelor of Commerce (General) | (B. Com) (Gen.) |
| | 4 | Bachelor of Business Administration | (BBA) |
| | 5 | Master of Commerce (Integrated) | M. Com(Integrated) |
| | 6 | Master of Commerce | (M. Com) |
| | 7 | Master of Philosophy | (M. Phil) |
| | 8 | Doctor of Philosophy | (Ph.D.) |
| | 9 | P.G.Diploma in Banking | (P.G.Dip. B) |
| | 10 | P.G.Diploma in Costing | (P.G.Dip. C) |
| | 11 | P.G.Diploma in Co-Operative Management | (P.G.Dip. C. M.) |
| | 12 | P. G. Diploma in Marketing Management | (P.G.Dip. M. M.) |
| | 13 | P. G. Diploma in Tax Management | (P. G. Dip. Tax. M.) |
| | 14 | P.G.Diploma in Labour Welfare | (P.G. Dip. L. W.) |
| | 15 | P.G.Diploma in Personal Management | (P.G.Dip. P. M. ) |
| | 16 | P.G.Diploma in Materials Management | (P.G.Dip. M. M.) |
| | 17 | P.G.Diploma in Internal Audit | (P.G.Dip.I.A.) |
| | 18 | P.G.Diploma in Financial Management | (P.G. Dip. F. M) |
| | 19 | P.G. Diploma in Industrial Management | (P.G.Dip.I.M) |
| | 20 | P.G.Diploma in Management & Marketing (Textile & Allied Industries | PGDMM(Textile & Allied Industries) |
| | 21 | P. G. Diploma in Insurance Business | ( P. G. Dip. I. B. ) |
| | 22 | P. G. Diploma in Computer Based Accounting | ( P. G. Dip. C. B. A. ) |
| | 23 | P. G. Diploma in Business Statistics & Computer Application | (P. G. Dip. B.S.C.A.) |
| | 24 | P. G. Diploma in Inventory & Store Accounting | ( P. G. Dip. I . S. A. ) |
| | 25 | P. G. Diploma in Banking & Finance | ( P. G. Dip. B. F.) |
| | 26 | P. G. Diploma in International Business | (P. G. Dip. I.N.B.) |
| | 27 | P. G. Diploma in Financial Services | ( P. G. Dip. F. S. ) |

| | | | |
|---|---|---|---|
| | 28 | Diploma in International Business | (Dip.I.N.B.) |
| | 29 | Diploma in Financial Management | (Dip.F.M.) |
| | ૯ | ગ્રામલક્ષી વિદ્યાશાખા | |
| | 1 | Bachelor of Rural Studies | (BRS) |
| | 2 | Master of Rural Studies | (MRS) |
| | 3 | Master of Philosophy | (M. Phil.) |
| | 4 | Doctor of Philosophy | (Ph.D.) |
| | 5 | P.G. Diploma in Co-Operative Business Management | (P.G.Dip.C.B.M.) |
| | 6 | P. G. Diploma in Development & Management of Rural Organizations | (P.G.Dip.D.M.R.O.) |
| | ૧૦ | મેનેજમેન્ટ વિદ્યાશાખા | |
| | 1 | Master of Business Administration | (MBA) |
| | 2 | Master of Business Administration (Tourism & Hospitality Management) | (MBA) (T.H.M.) |
| | 3 | Master of Philosophy | (M. Phil ) |
| | 4 | Doctor of Philosophy | (Ph. D. ) |
| | 5 | P.G. Diploma in Business Industrial Management | (P.G.D.B.I.M.) |
| | 6 | P.G. Diploma in Entrepreneurship and Small Business | (P. G. Dip.E.S.B.) |
| | 7 | P.G. Diploma in Tourism & Hotel Management | (P. G. Dip. T.H.M.) |
| | 8 | P.G. Diploma in Hospitality Management | (P. G. Dip. H.M.) |
| | 9 | P.G. Diploma in Business Research Methodology | (P. G. Dip. B.R.M.) |
| | 10 | P.G. Diploma in Banking | (P. G. Dip. B.) |
| | 11 | Diploma in International Business Management | (Dip. I.B.M.) |
| | ૧૧ | કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી વિદ્યાશાખા | |
| | 1 | Bachelor of Computer Application | (BCA) |
| | 2 | Bachelor of Science (Information Technology) | (B.Sc.)(I.T.) |
| | 3 | Bachelor of Computer Science | (B.Sc.)(Comp.) |
| | 4 | Master of Computer Application | (MCA) |

| | | | |
|---|---|---|---|
| | | | |
| | 5<br><br>6 | Master of Science (Computer Application)<br><br>Master of Science (Information Technology) | (M.Sc.) (C.A.)<br><br>(M.Sc.) (I.T.) |
| | 7 | Master of Science (Information & Communication Technology) | (M.Sc.) (I.C.T.) |
| | 8 | Master of Science (Bio- Informatics) | (M.Sc.) (B.I.) |
| | 9 | P.G. Diploma in Computer Application | (P. G. Dip.C.A.) |
| | 10 | Master of Philosophy | (M.Phil.) |
| | 11 | Doctor of Philosophy | (Ph.D.) |
| | ૧૨ | આર્કીટેક્ચર એન્ડ ડીઝાઇન વિદ્યાશાખા | |
| | 1 | Bachelor of Architecture | (B.Arch) |
| | 2 | Master of Architecture | (M.Arch) |
| ધારા ૨૨૯ એ | જે વિદ્યાર્થીઓને એ નિયત કરેલો અભ્યાસક્રમ કોઇ સંલગ્ન કોલેજમાં અથવા કોલેજોમાં અથવા માન્ય સંસ્થા કે સંસ્થાઓમાં અથવા યુનિવર્સિટી વિભાગમાંથી મુકિત આપવામાં આવેલ હોય અને જેમણે તે અંગેની યોગ્ય ઠેરવતી પરીક્ષા જે તે ડિગ્રી માટે પાસ કરી હોય તેમને યુનિવર્સિટી નીચે પ્રમાણેની ડિગ્રીઓ એનાયત કરશે. | | |
| | (1.) FACULTY OF ARTS<br>1. Bachelor of Arts ( External ) — BA (External) ]<br>2. Master of Arts ( External ) — MA ( External)]<br>(2.) FACULTY OF COMMERCE<br>1. Bachelor of Commerce ( External ) — B.Com (External)]<br>2. Master of Commerce ( External ) — M.Com ( External)] | | |

# પ્રકરણ ૧૭ પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેચ્યુઇટી

## (અધિનિયમની કલમ ૧૫ હેઠળ)

## ૧. ફંડમાં પ્રવેશ

| | | |
|---|---|---|
| ધારા ૨૩૦ | એ | જેની નોકરી સરકાર તરફથી ધીરવામાં આવી હોય તે સિવાયના, યુનિવર્સિટીના પ્રત્યેક પૂર્ણસમયના અધિકારી, શિક્ષક કે અન્ય કર્મચારી જેની નિમણૂંક અધિનિયમની કલમ ૫ અમલમાં આવી તે દિવસે અથવા તેપછીથી કાયમની જગ્યાએ અજમાયશી ધોરણે કે અન્ય રીતે કરવામાં આવી હોય અને માસિક રુ. ૩૦/-થી વધારે પગારની હોય તેઓ નોકરીની એક શરત રુપે યુનિવર્સિટી પ્રોવીડન્ટ ફન્ડમાં ફાળો આપશે. |
| | બી | ,યુનિવર્સિટીના પૂર્ણ સમયના અધિકારી, શિક્ષક કે અન્ય કર્મચારી શરુઆતમાં હંગામી તરીકે નિમાયા હોય અને પાછળથી જેમને તે નિમણૂંક ઉપર કાયમી કરવામાં આવ્યા હોય તેઓને સિન્ડિકેટ ઠરાવ દ્વારા તેની કાયમી નિમણૂંકની તારીખથી પ્રોવીડન્ટ ફંડનો , જો હંગામી નિમણૂંક થઇ હોય તે અને કાયમી નિમણૂંક શરુ થઇ હોય તે વચ્ચે નોકરીનું સાતત્ય તૂટ્યું ન હોય અથવા ગાળો ન પડતો હોય તે શરતને આધીન રહી, નોકરી અજમાયશી હોય કે અન્ય રીતની હોય, તેથી નિરપેક્ષ લાભ આપી શકશે |
| ધારા ૨૩૦ એ | યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારી ને પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે જેમાં ફેમીલી પેંશન, ગ્રેચ્યુઇટી અને જનરલ પ્રોવીડન્ટ ફંડ સમાવિષ્ટ છે જે ગુજરાત રાજ્ય સરકારના નિયમો મુજબ રહેશે કે જે તેમના કર્મચારીઓને વખતોવખત લાગુ પડતા હોય તે મુજબ રહેશે<br>અહીં ઉપર ધારાઓમાં ગમે ત્યાં જણાંવવામાં આવેલ છે તેમ છતાં, યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારી કે જે આ યુનિવર્સિટીની સેવામાં તે સમયે હોય કે જ્યારે આ ધારા અમલમાં આવેલ હોય, તેમને તેમનો વિકલ્પ વાપરવા હક્કદાર રહેશે કે તે યા તો ઉપરોક્ત પેંશન યોજનાની જોગવાઇ લેશે અથવા પ્રોવીડન્ટ ફંડના લાભ અને ગ્રેચ્યુઇટી કે જે ધારા ૨૩૦ થી ૨૪૪ હેઠળ ઉપલબ્ધ છે જેમાં વખતોવખત કરવામાં આવેલ સુધારા સાથે, જો કે આવા વિકલ્પ એક વર્ષની અંદર આ ધારો અમલમાં આવે તે તારીખથી વાપરવાના રહેશે<br>જો કર્મચારી પેંશન યોજનાનો વિકલ્પ પસંદ કરે તો યુનિવર્સિટીનો પ્રોવીડન્ટ | |

| | |
|---|---|
| | ફંડનો ફાળો વ્યાજ સાથે સરકારમાં જમાં કરવામાં આવશે. <br> વધુમાં ધારાની જોગવાઈનો અમલ ૧.૪.૧૯૭૭થી પાશ્ચાત્ય અસરથી કરવામાં આવશે. |
| ધારા ૨૩૦ બી | યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીને પેન્શન યોજનાનો લાભ જેમાં ફેમીલી પેન્શન, ગ્રેચ્યુઈટી અને જનરલ પ્રોવીડન્ટ ફંડ સમાવીષ્ટ છે જે G. R. NGC - 1582 / 9505 ( 84 ) - KH, dated : 15-10-'84, જોગવાઈઓ હેઠળ તેમાં થયેલ વખતોવખતના સુધારા મુજબ મળવાપાત્ર રહેશે. <br> અહીં ઉપર ધારાઓમાં ગમે ત્યાં જણાંવવામાં આવેલ છે તેમ છતાં, યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારી કે જે આ યુનિવર્સિટીની સેવામાં તા. ૧.૪.૧૯૮૨ પહેલાથી હોય,તે તેમનો વિકલ્પ વાપરવા હકદાર રહેશે કે તે યા તો ઉપરોક્ત પેન્શન યોજનાની જોગવાઈનો લાભ લેશે અથવા પ્રોવીડન્ટ ફંડના લાભ અને ગ્રેચ્યુઈટી કે જે ધારા ૨૩૦ થી ૨૪૪ હેઠળ ઉપલબ્ધ છે જેમાં વખતોવખત કરવામાં આવેલ સુધારા સાથે, જોકે આવા વિકલ્પ તા ૧૫.૧૦.૧૯૮૫ ના રોજ યા તે પહેલા વાપરવાના રહેશે જો કર્મચારી પેન્શન યોજનાનો વિકલ્પ પસંદ કરે તો યુનિવર્સિટીનો પ્રોવીડન્ટ ફંડનો ફાળો વ્યાજ સાથે સરકારમાં જમાં કરવામાં આવશે. <br> વધુમાં ધારાની જોગવાઈનો અમલ ૧.૪.૧૯૭૭થી પાશ્ચાત્ય અસરથી કરવામાં આવશે. |
| **<u>૨ ફંડમાં આપવાનો ફાળો</u>** | |
| ધારા ૨૩૧ | પગારદારના પગારના ૧/૧૨ જેટલા એકસરખા દરે ફાળો આપવાનો રહેશે યુનિવર્સિટીના કોઈ કર્મચારી ખાસ કરાર હેઠળ નિમાયા હશે તો એ દર કરારનામામાં સ્પષ્ટ કરવામાં આવશે અને તે પગારના ૬ ૧/૪ અથવા ૮. ૩૩ ટકાથી વધારે હશે નહીં અને તે ફાળો ભરનારના પગારમાંથી આટલો ફાળો પ્રતિમાસે કાપી લેવામાં આવશે અને આ રીતે કાપી લેવામાં આવેલી રકમ યુનિવર્સિટી પ્રોવીડન્ટફંડમાં ફાળો ભરનારને ખાતે જમા આપવામાં આવશે. <br> વધુમાં, જ્યારે પણ પગારમાં વધારો ડીઅરનેસ ભથ્થા અથવા અન્ય બાકી કોઈ કર્મચારીને ચુકવવાપાત્ર તે શરતે હોય કે આવા કોઈ ચુકવણા અથવા તેનો ભાગ રોકડમાં આપવામાં નહીં આવે પરંતુ તેને જે તે કર્મચારીના પ્રોવીડન્ટ ફંડ માં જમા કરવામાં આવશે. અને તેને એ રીતે જમાં કરવામાં આવશે અને એવા |

| | |
|---|---|
| | સમય માટે કે જે રાજ્ય સરકાર અને અથવા યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન આપવામાં આવે એ રીતે જમા કરવામાં આવશે કોઇ અધિકારી/શિક્ષક અથવા અન્ય કર્મચારી જ્યારે ગમે તે પ્રકારની રજા ઉપર હોય ત્યારે સિન્ડિકેટની રજાથી પ્રોવીડન્ટ ફંડમાં ફાળો આપવાનું બંધ કરી શકાશે અથવા તેમને એક સરખા દરથી વધારેનહીં હોય એવા સિન્ડિકેટે નક્કી કરેલા દરે ચૂકવી આપશે |
| ધારા ૨૩૨ | યુનિવર્સિટીનો પોતાનો ફાળો ભરનારના ફાળા જેટલોજ હશે અને દર મહિને ભરવામાં આવશે જોકે તેટલોજ ફાળો યુનિવર્સિટી દ્વારા કોઇપણ રકમ માટે કે જે કર્મચારીને ચુકવવા પાત્ર હોય કે જે ડીએ/પગાર/એડીએ/આઇઆર વિગેરેમાં થયેલ વધારા તે શરતે ચુકવવામાં આવશે કે જે તેમના પ્રોવીડન્ટ ફંડમાં સરકાર દ્વારા વખતોવખત તેમના કર્મચારીઓ માટે નિયત કરવામાં આવેલ મુદત માટે પગારદારના પીએફ ખાતામાં જમા કરવામાં આવશે |
| **<u>૩ ફંડમાથી કપાત</u>** | |
| ધારા ૨૩૩ | યુનિવર્સિટીની સેવામાંથી ગેરવર્તણૂંકને માટે બરતરફ થયેલા કર્મચારીને ખાતે નીકળતી પ્રોવીડન્ટ ફંડની રકમ આપવાનો વખત આવે ત્યારે સિન્ડિકેટ યુનિવર્સિટીના ફાળાની તમામ અથવા તેનો અમુક ભાગ જેટલી રકમ અને તેના ઉપર ચઢેલું વ્યાજ ફાળો ભરનારના ખાતામાંથી કાપી લઇ યુનિવર્સિટીને ચૂકવવાની સૂચના આપી શકશે. |
| ધારા ૨૩૪ | જ્યારે ફાળો આપનારને ખાતે નીકળતી રકમ ચૂકવવાની થાય ત્યારે સિન્ડિકેટ ફાળો ભરનારે યુનિવર્સિટી માટે ઊભી કરેલી જવાબદારી હેઠળ લહેણી નીકળતી રકમ જેટલી રકમ ફાળો ભરનારના ખાતામાંથી કાપીને યુનિવર્સિટીને ચૂકવી દેવાની સૂચના આપી શકશે. આ રકમ યુનિવર્સિટીના ફાળાની અને તેના ઉપર ચઢેલા વ્યાજની રકમ જેટલી જ હશે |
| ધારા ૨૩૫ | યુનિવર્સિટીની નોકરીમાંથી ત્રણ વર્ષ પૂરા થાય તે પહેલા રાજીનામુ આપનાર વ્યક્તિના ખાતામાં નીકળતી રકમ ચૂકવવાની આવે ત્યારે યુનિવર્સિટીના ફાળાની આખી અગર અમૂક ભાગ જેટલી રકમ અને તેના ઉપર ચઢેલું વ્યાજ ફાળો ભરનારના ખાતામાંથી કાપી લઇ યુનિવર્સિટીને ચૂકવી આપવાની સૂચના આપી શકાશે. |

| ૪ ફંડમાથી ચૂક્વણી | |
|---|---|
| ધારા ૨૩૬ | ધારા ૨૩૩ થી ૨૩૫ હેઠળની કપાતને આધીન રહી ફાળો ભરનારને ખાતે નીકળતી રકમ નીચેના સંજોગોમાં ચૂકવવાપાત્ર બનશે.<br>એ.નોકરી છોડતા પહેલા ફાળો ભરનારનું અવસાન થાય અથવા<br>બી.ફાળો ભરનાર યુનિવર્સિટીની સર્વિસમાં ચાલુ ન રહે તો.<br>આ ધારા માટે એવું ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કોઇ અધિકારી ,શિક્ષક અથવા અન્ય કર્મચારી જે નકકી કરેલી ચોકકસ મુદત માટે હોદ્દો ધરાવતા હોય તે તેમની નિમણૂંક પૂર્ણ થતા તરત જ યુનિવર્સિટીના તે જ કે અન્ય હોદ્દા ઉપર નિમાય તો તેમની પ્રથમ નિમણૂંકની તારીખથી સતત યુનિવર્સિટીની સેવામાં ચાલુ છે એમ ગણી લેવામાં આવશે. |
| ધારા ૨૩૭ | ફાળો ભરનારનું ખાતુ નીચે પ્રમાણે બંધ કરી દેવામાં આવશે.<br>એ.તેમના અવસાનની તારીખ પછીના તરતના બીજા દિવસની તારીખે.<br>બી. જે દિવસે તે યુનિવર્સિટીની સેવામાંથી છૂટા થાય તે દિવસે.જે તારીખથી ખાતુ બંધ કરવામાં આવ્યું હોય તે તારીખની પછીના સમય માટેનો કોઇ ફાળો કે વ્યાજ જમા કરવામાં આવશે નહી. |
| ૫ ફાળો ભરનાર માટે લોન યોજના | |
| ધારા ૨૩૮ | નીચેની શરતોને આધીન રહી કુલપતિ પોતાની વિવેકબુદ્ધીથી ફાળો ભરનારના ખાતામાં જમા થયેલી રકમમાંથી ઉપાડ કરવા દેશે. |

| | | |
|---|---|---|
| | ૧ | જ્યાં સુધી કુલપતિશ્રીને અરજદારના આર્થિક સંજોગો ઉપાડ માટે જરૂરી છે એવી અને નીચેના હેતુઓ માટે જ વાપરવામાં આવશે એવી ખાતરી થાય નહીં ત્યાં સુધી ઉપાડ કરવા દેશે નહી.<br>એ.અરજદારની અથવા તેના આશ્રિતની લાંબી અથવા ગંભીર માંદગીનો ખર્ચ આપવા માટે.<br>બી. .અરજદારની અથવા તેના આશ્રિતની તબિયત અથવા શિક્ષણના કારણોસર દરિયાપારની મુસાફરીના ટિકીટ ખર્ચ માટે.<br>સી. .અરજદારની અથવા તેના આશ્રિતના શિક્ષણ અંગેનો ખર્ચ ચૂકવવા માટે.<br>ડી.અરજદારના મોભાને અનુરૂપ હોય તેવા લગ્ન/અંત્યેષ્ટી અથવા બીજી સામાજીક ક્રીયાઓ સાથે સંકળાયેલા અનિવાર્ય ખર્ચ ચૂકવવા માટે. |

| | | | |
|---|---|---|---|
| | | ઇ. પોતાને માટે ઘર મેળવવા અથવા બાંધવા અથવા ઘર માટે જમીન લેવાના અથવા પોતાના ઘરમાં પાંચ વર્ષમાં એક વાર મોટી દુરસ્તીના ખર્ચા માટે.<br>એફ. પોતાના વપરાશ માટે વાહન ખરીદવા માટે. | |
| | ૨ | આ ઉપાડ/ચોક્કસ કારણો સિવાય છ માસના પગાર કરતા વધવો ન જોઇએ  અને કોઇપણ સંજોગોમાં ફાળો ભરનારના ખાતામાં ફાળાની રકમ અને તેના ઉપર જમા થયેલા વ્યાજ કરતા વધારે ન હોવો જોઇએ.<br>નોંધ : આ નિયમના હેતુ માટે પગારમાં મોંઘવારી ભથ્થાનો અથવા ખાસ પગારનો સમાવેશ કરવામાં આવતો નથી. | |
| | ૩ | આ ઉપાડ ખાસ કારણો સિવાય આગલા ઉપાડના વ્યાજ સાથેની ચૂકવણીના છેલ્લા હપ્તા પછીના ઓછામાં ઓછા ૩ મહીના વીત્યા ન હોય ત્યાં સુધી આપવામાં આવશે નહીં. | |
| | ૪ | મંજૂર કરનાર અધિકાર મંડળ જે રીતે સૂચના આપે તેટલા માસિક સરખા હપ્તાઓ દ્વારા ખાતેદારને અપાયેલો એડવાન્સ પરત લેવામાં આવશે પરંતુ આવા હપ્તાઓની સંખ્યા કુલ ૨૪ થી વધશે નહીં. ખાતેદાર પોતાના વિકલ્પે ઓછી સંખ્યાઓના હપ્તાઓમાં નાંણા પરત કરી શકશે | |
| | ૫ | જે માસમાં ઉપાડ લેવામાં આવ્યો હોય તે માસ પછીના માસના પગારની ચૂકવણીની સાથે નાંણા પરત લેવાનું શુરુ થશે જેખાતેદાર નોકરીમાંથી સ્થગિત કરાયા હોય તેની પાસેથી નાંણા પરત લેવાશે નહીં.આવી રીતે પરત લેવાયેલા નાંણા ખાતેદારના ફંડના ખાતામાં જમા કરાશે | |
| | | | |
| | ૬ | નીચેના સંજોગોમાં આખરી ઉપાડ મંજૂર કરવામાં આવશે. | |
| | | ૧ | ખાતેદારની નોકરીના ૨૦ વર્ષ પૂરા થયા બાદ અથવા તેમની નિવૃત્તિની તારીખ પહેલાના ૧૦ વર્ષની અંદર, એ બેમાંથી જે વહેલુ હોય તે અને તે નીચેના એક અથવા વધારે હેતુઓ માટે.<br>એ. ખાતેદારના પુત્ર અથવા પુત્રીના લગ્ન અંગેના ખર્ચને પહોંચી વળવા.<br>બી. પોતાના વસવાટ માટે સુયોગ્ય ઘર બાંધવા અથવા પ્રાપ્ત કરવા જેમાં જમીન અંગેની કિંમતનો પણ સમાવેશ થશે અથવા ખાતેદારની |

<table>
<tr><td></td><td></td><td></td><td>હોય એવી માલીકીનું અથવા પ્રાપ્ત કરેલા ઘરને નવેસરથી બાંધવાનુ અથવા તેમાં સુધારા વધારા કરવા.<br>સી. જે ખાતેદારે પોતે Ministry of Works, Housing and Supplyની યોજના હેઠળ એડવાન્સ મેળવેલ હોય તે પણ આખરી ઉપાડ મેળવવા લાયક ગણાશે અને ઉપર્યુક્ત યોજના હેઠળ લેવાયેલી પોતાની ચૂકવણી માટે પણ એ મેળવી શકાશે.</td></tr>
<tr><td></td><td></td><td>૨</td><td>ઉપર જણાંવેલા એક અથવા વધારે હેતુઓ માટે કોઇ એક સમયે ખોતદારે ઉપાડેલી રકમ સામાન્ય રીતે એને ખાતે જમા હોય તે રકમના અડધા જેટલી રકમથી વધવી ન જોઇએ અથવા ૧૨ મહિનાના પગારથી વધવી ન હોઇએ, તેમાંથી જે ઓછું હોય તે મંજુર કરનારુ અધિકાર મંડળ આમ છતાં જે હેતુ માટે એક રકમ ઉપાડવા ધારી હોય તે ઉપાડ માટેનો હેતુ ખાતેદારનો મોભો અને તેના ખાતામાં જમા રહેલી રકમ ધ્યાનમાં લઇને ફંડમાં તેમને ખાતે જમા હોય તે બેલેન્સના ૩/૪ જેટલી રકમ સુધી ઉપર્યુક્ત મર્યાદા કરતા વધારે રકમ ઉપાડવાની મંજૂરી આપી શકશે.</td></tr>
<tr><td></td><td></td><td>૩</td><td>જે ખાતેદારને ફંડમાંથી રકમ ઉપાડવાની પરવાનગી આપી હોય તે ખાતેદારે મંજૂર કરનારા અધિકારમંડળને એ મંડળ નિયત કરે તે સુયોગ્ય સમયગાળામાં એ રકમ જે હેતુઓ માટે ઉપાડવામાં આવી છે તે માટે જ વપરાઇ છે એવી ખાતરી કરાવવી પડશે</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td colspan="4">૬ ઉપાડ અંગેની જાહેરાત</td></tr>
<tr><td>ધારા ૨૩૯</td><td colspan="3">ફંડમાં જોડાનાર પ્રત્યેક વ્યક્તિએ નીચે પ્રમાણેના ફોર્મ એ માં પોતાનું અવસાન થાય તે સંજોગોમાં જો એનું કુટુંબ હોય તો અથવા નોકરીમાં જોડાયા પછી કુટુંબ પ્રાપ્ત કરે તો આ ફંડમાં એને ખાતે નીકળતી રકમનો તે કેવી રીતે નિકાલ કરવા માંગે છે તેની નિયુક્તિ દર્શાવવી પડશે તેના કુટુંબના સભ્ય નહીં હોય એવી વ્યક્તિની નિયુક્તિ કરતા તેમને અટકાવવામાં આવશે. આવી નિયુક્તિ ફાળો ભરનાર કોઇપણ સમયે રદ કરી શકશે અને અથવા નવી નિયુક્તિ તેને બદલે કરી શકશે. નિયુક્તિ યુનિવર્સિટીને મળે પછી જ અમલી બનશે.</td></tr>
</table>

**ફોર્મ એ**

હું આથી જાહેર કરું છું કે મારા અવસાનના સંજોગોમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પ્રોવીડન્ટ ફંડમાં મારે ખાતે નીકળતી જમા રકમ નીચે જણાંવેલી વ્યક્તિઓ વચ્ચે તેમના નામ સામે જણાંવ્યા પ્રમાણે વહેંચી આપવામાં આવે એવી મારી ઇચ્છા છે

| નિયુક્ત થયેલી વ્યક્તિ કે વ્યક્તિઓના નામ | ફાળો ભરનાર સાથેનું સગપણ જો હોય તો | ઉમરલાયક કે સગીર સગીર હોયતો ઉમર જણાવવી | પ્રેવીડન્ટ ફંડની રકમનો આંકડો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | | |

| | |
|---|---|
| સ્થળ : | સહીના બે સાક્ષીઓ |
| તારીખ : | ફાળો ભરનારની સહી |

| | | | |
|---|---|---|---|
| ધારા ૨૪૦ | નોકરી છોડયા પહેલા ફાળો ભરનારનું અવસાન થાય તો ધારા ૨૩૩ થી ૨૩૫ હેઠળની કપાતને આધીન રહી : | | |
| | ૧ | જ્યારે ફાળો ભરનાર પોતાની પાછળ કુટુંબ મૂકી જાય તો : | |
| | | એ | ફાળો ભરનારે જો ધારા ૨૩૯ અનુસાર પોતાના કુટુંબી જન કે કુટુંબીજનોની તરફેણમાં કરેલી નિયુક્તિ અસ્તિત્વમાં હોય તો ફંડમાં તેને ખાતે નીકળતી રકમ અથવા નિયુક્તિ પત્રમાં નિર્દીષ્ટ રકમનો અમુક ભાગ નિયુક્તિપત્રમાં દર્શાવ્યા પ્રમાણે નિયુક્ત વ્યક્તિને કે વ્યક્તિઓને ચૂકવી અપાશે |
| | | બી | જો ફાળો ભરનારનું તેના કુટુંબીજન કે કુટુંબીજનોની તરફેણમાં કરેલી નિયુક્તિ અસ્તિત્વમાં ન હોય અથવા આવા નિયુક્તિપત્ર ખાતે જમા નીકળતી રકમના કેવળ અમુક ભાગને જ લગતુ હોય તો આખી રકમ અથવા રકમનો જે ભાગ જેનો ઉલ્લેખ નિયુક્તિપત્રમાં ન હોય તે તેના કુટુંબીજનોમાં સરખે હિસ્સે ચુકવવા યોગ્ય બનશે .નિયુક્તિપત્રમાં તેના કુટુંબીજન કે કુટુંબીજનો સિવાયની બીજી ગમે તે વ્યક્તિ અંગે નિયુક્તિનો હેતુ હોવા છતાં. |

| | | |
|---|---|---|
| | | નોંધ ઃ આ નિયમો હેઠળ ફાળો ભરનારના કુટુંબીજનોને ચુકવવાપાત્ર બનતી ગમે તેટલી રકમ ૧૯૨૫ ના પ્રોવીડન્ટ ફંડના અધિનિયમની કલમ ૩ ની પેટા કલમ ૨ માં સૂચવ્યા પ્રમાણેના કુટુંબીજનોને સુપરત કરવામાં આવે છે |
| | ૨ | જ્યારે ફાળો ભરનાર પોતાની પાછળ કુટુંબ મૂકી ન જતો હોય ત્યારે ધારા ૨૩૯ અનુસાર ગમે તે વ્યકિત કે વ્યકિતઓની તરફેણમાં કરેલી નિયુકિત અસ્તિત્વ ધરાવતી હોય તો ફંડમાં તેને ખાતે જમા નીકળતી રકમ અથવા તેનો અમુક ભાગ જેનો ઉલ્લેખ નિયુકિતપત્રમાં હોય તેમાં જણાંવ્યા પ્રમાણે નિયુકત વ્યકિતને ચૂકવવાપાત્ર બનશે |
| | | નોંધ ઃ ૧. ૧૯૨૫ ના પ્રોવીડન્ટ ફંડના અધિનિયમની કલમ ૨ ની પેટા કલમ સી માં સ્પષ્ટ કર્યા પ્રમાણે જો નિયુકત ફાળો ભરનારને આશ્રિત હોય તો રકમ અધિનિયમની કલમ ૩ ની પેટા કલમ ૩ ની પેટા કલમ ૨ હેઠળ તેવા નિયુકત વ્યકિતને સુપરત કરવામાં આવે છે<br>૨. જ્યારે ફાળો ભરનાર પોતાની પાછળ કુટુંબ મૂકી ન જતો હોય ત્યારે ધારા ૨૩૯ અનુસાર કોઇ નિયુકિત અસ્તિત્વમાં હોતી નથી અથવા એવી નિયુકિત કેવળ ફંડમાં તેને ખાતે નીકળતી રકમના અમુક ભાગને જ લાગુ પડતી હોય છે ત્યારે ૧૯૨૫ ના પ્રોવીડન્ટ ફંડના અધિનિયમની કલમ ૪ ની પેટા કલમ ૧ ના ખંડ બી અને સી ના ઉપખંડ ૨ આખી રકમને અથવા નિયુકિત રકમના જે ભાગનો ઉલ્લેખ નહીં કરતી હોય તેને લાગુ પડે છે |
| ધારા ૨૪૧ | ધારા ૨૩૦ અને ૨૪૦ ના હેતુ માટે માત્ર નીચે જણાંવેલી વ્યકિતઓ ફાળો ભરનારના કુટુંબીજનો ગણાંશે એટલે કે તેની પત્ની અથવા પત્નીઓ અને બાળકો અને મરહુમ પુત્રની વિઘવા અથવા વિઘવાઓ અથવા તેના બાળકો અને જો ફાળો ભરનાર પરિણીત સ્ત્રી હોય તો તેના પતિ . | |
| ધારા ૨૪૨ | પ્રત્યેક ફાળો ભરનારને આ નિયમો બંધનકર્તા રહેશે અને ધારા ૨૪૩ નીચે આપેલા ફોર્મ બીમાં કરારનામું સહી કરી આપવું પડશે. | |
| ધારા ૨૪૩ | સિન્ડિકેટ વખતોવખત નીચે જણાંવેલી બાબતો અંગે ઉપરોકત ધારાઓને સુસંગત એવા વટહુકમો ઘડી શકશે અથવા ખાસ સૂચનાઓ આપી શકશે.<br>એ. ફંડનો વહીવટ ચલાવવો. | |

<table>
<tr><td></td><td colspan="4">બી.ફંડને લગતી કોઇ બાબત અથવા તેની વ્યવસ્થા અથવા ફંડની મૂડીનું રોકાણ અથવા અહીં સ્પષ્ટ રીતે નહીં સૂચવાયા હોય એવા ફાળો ભરનારના હક્કો અથવા તેમણે કરેલા નિયમો અથવા આપેલી સૂચનાઓમાં ફેરફાર કરી શકશે અથવા તેને રદ કરી શકશે.</td></tr>
<tr><td></td><td colspan="4">ફોર્મ બી<br>કરારનો નમૂનો<br>હું આથી જાહેર કરું છું કે મે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પ્રોવીડન્ટ ફંડના નિયમો વાંચ્યા છે અને તેનાથી બંધાવા હું સહમત છું.</td></tr>
<tr><td></td><td>તારીખ</td><td>દિવસ</td><td>૧૯</td><td>સ્થળ</td></tr>
<tr><td></td><td colspan="4">પૂરું નામ ઃ<br>જન્મ તારીખ ઃ<br>નોકરીમાં જોડાયા તારીખ ઃ<br>નિમણૂંક ઃ<br>નિમણૂંકનું સ્વરુપઃ<br>માસિક પગાર રુપિયા ઃ<br>સહી ઃ<br>સાક્ષી ઃ નામ ઃ સરનામુંઃ<br>ધંધો ઃ<br>સાક્ષી ઃ નામ ઃ સરનામુંઃ<br>ધંધો ઃ</td></tr>
<tr><td colspan="5">૭ ગ્રેચ્યુઇટીને લગતા નિયમો</td></tr>
<tr><td>ધારા ૨૪૪</td><td colspan="4">યુનિવર્સિટીના કર્મચારીઓ બન્ને શિક્ષકો અને શિક્ષકેતર કે જે પ્રોવીડન્ટ ફાળા હેઠળ રહેવાનો વિકલ્પ અને યુનિવર્સિટીની ગ્રેચ્યુઇટી યોજના સ્વીકાર જ્યારે ધારા ૨૩૦ એ અમલમાં આવેલ હોય તેમને નીચેના નિયમો હેઠળ ગ્રેચ્યુટી આપવામાં આવશે.</td></tr>
<tr><td></td><td>૧</td><td colspan="3">ગેરવર્તણૂંકને કારણે બરતરફ કરાયેલા કર્મચારીને ગ્રેચ્યુઇટી આપવામાં આવશે નહી.</td></tr>
<tr><td></td><td>૨</td><td colspan="3">સાત વર્ષની નોકરી પૂરી થતા ,અવસાન ,નિવૃત્તિ ,રાજીનામુ અથવા નોકરીમાંથી છૂટા થવાને કારણે નોકરીના પ્રત્યેક પુરા વર્ષ માટે અડધા માસના પાયાના પગાર (ભથ્થા સિવાયના) ના દરે ગ્રેચ્યુઇટી આપવામાં આવશે.બાર વર્ષની નોકરી પૂરી થતાં પ્રત્યેક પૂરા વર્ષ માટે ૩/૪ માસના પાયાના પગાર (ભથ્થા સિવાયના) ના દરે ગ્રેચ્યુઇટી આપવામાં આવશે અને પંદર વર્ષની નોકરી પૂરી થતા પ્રત્યેક પૂરા વર્ષ માટે ગ્રેચ્યુઇટીનો દર</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | | એક માસના પાયાના પગાર (ભથ્થા સિવાયના)જેટલો વધારવામાં આવશે .ગ્રેચ્યુઇટીની કુલ રકમ વધારેમાં વધારે ૨૦ માસનો પગાર અથવા રુ. ૩૦૦૦૦/- જે આંકડો ઓછો હોય તે જેટલી રહેશે .ઉપરના નિયમની જોગવાઇ હોવા છતાં જો ચાલુ નોકરી દરમ્યાન કોઇ કર્મચારીનું અવસાન થાય તો તેવા પ્રસંગે વધારેમાં વધારે ૨૦ માસનો પગાર અથવા રુ. ૩૦૦૦૦/- જે આંકડો ઓછો હોય તેટલી એ શરતને આધીન રહી નોકરીના પ્રત્યેક પૂરા વર્ષ માટે એક માસના પાયાના પગારના દરે ગ્રેચ્યુઇટી આપવામાં આવશે. |
| | ૩ | ગ્રેચ્યુઇટીના હેતુ માટે પગારનો અર્થ કર્મચારીએ અવસાન, નિવૃત્તિ, રાજીનામુ કે નોકરીમાંથી છૂટાં થતા પહેલાના તરતના બાર માસ દરમિયાન પ્રાપ્ત કરેલા પાયાના પગાર જે કેસ હોય તે અને ભથ્થાનો ભાગ અને અથવા વધારાના ભથ્થા કે જેને પગાર તરીકે ગુજરાત સરકાર દ્વારા વખતો વખત તેમના કર્મચારીના પેંશન નકકી કરવાના હેતુ માટે સ્વીકારવામાં આવેલ હોય. |
| | ૪ | યુનિવર્સિટી પ્રત્યેક નાંણાકીય વર્ષ દરમિયાન તેના કર્મચારીઓને અપાતા પાયાના પગારના પાંચ ટકા રકમથી વધુ નહીં હોય એટલી રકમની જોગવાઇ આવર્તક ખર્ચમાંથી કરી ગ્રેચ્યુઇટીના હેતુ માટે ગ્રેચ્યુઇટી ફંડની રચના કરશે અને સિન્ડિકેટ પોતાને યોગ્ય લાગે તેમ તેનું રોકાણ તથા નિયમન કરશે .આ ફંડનું રોકાણ સરકારી અથવા બીજી સીકયોરીટીઓમાં અથવા જીવીકો દ્વારા ગ્રુપ ગ્રેચ્યુઇટી પોલીસી જીવન વીમા નિગમ સાથે કઢાવીને કરવામાં આવશે અને તેમાં યુનિવર્સિટીની આ જવાબદારીઓ અદા કરવાનો હેતુ રાખવામાં આવશે અને ગ્રુપ ગ્રેચ્યુઇટી ઇન્સ્યુરન્સ પોલીસી કઢાવવાના કિસ્સાઓમાં ઉપર જે કાંઇ કહેવાયુ હોય તે છતાં નોકરીના સમયગાળા દરમ્યાન અવસાન પામનાર કર્મચારીના વારસ કે વારસોને જો એ કર્મચારી જીવ્યો હોત અને નિવૃત્તિ વયે પહોંચે એટલા વર્ષ નોકરી કરી હોત તેટલા વર્ષોનો પ્રત્યેક પૂરા વર્ષ માટે એકમાસના પાયાના પગારના દરે તમામ ભથ્થાઓ સિવાય વધારેમાં વધારે ૨૦ માસનો પગાર અથવા રુ. ૩૦૦૦૦/- જે રકમ ઓછી હોય તે શરતને આધીન રહી ગ્રેચ્યુઇટી તરીકે આપવામાં આવશે. |
| | ૫ | રદ કરવામાં આવેલ છે |

# પ્રકરણ ૧૮

# યુનિવર્સિટીના અધિકાર મંડળોની ચૂંટણી

## (એ) અર્થઘટન

| | | | |
|---|---|---|---|
| ધારા ૨૪૫ | અધિનિયમના તમામ હેતુઓ માટે ઃ | | |
| | એ | કલમ ૨ (૧૩) ના અર્થમાં શબ્દ "શિક્ષક" માં નીચેનાનો સમાવેશ થશે. | |
| | | ૧ | પ્રોફેસરો/રીડરો/લેક્ચરરો/જુનીયર લેક્ચરરો/પૂર્ણ સમયના ડેમોનસ્ટ્રેટરો અને ટયુટરો કે જેઓ માન્ય સંસ્થામાં અથવા સંલગ્ન કોલેજ અથવા યુનિવર્સિટી વિભાગમાં સૂચના આપતા હોય. |
| | | ૨ | કલમ ૨ (૧૩) માં સ્પષ્ટ કર્યા મુજબ યુનિવર્સિટીના શિક્ષક તરીકે નિમણૂંક મેળવનાર અથવા માન્યતા પામનાર પ્રત્યેક વ્યકિત. |
| | | ૩ | શારીરિક શિક્ષણના ઈન્સ્ટ્રકટરો જેઓ સ્નાતકો હોય અને શારીરિક શિક્ષણ અંગેનો ડિપ્લોમાં ધરાવતા હોય કોલેજના કાયમી સ્ટાફ ઉપર નિમાયા હોય તે શરતને આધીન. |
| | | ૪ | એ. તબીબી કોલેજમાં ટયુટર તરીકે કામ કરતા માનદ અથવા મદદનીશ માનદ શિક્ષકો.<br>બી. તબીબી કોલેજ અથવા માન્ય સંસ્થામાં કામ કરતા માનદ કન્સલટન્ટ તબીબો પણ તેઓ અઠવાડીયાના ઓછામાં ઓછા ચાર કલાકનું શિક્ષણ અથવા અનુસ્નાતક વિદ્યાર્થીઓને સંશોધનમાં દોરવણી આપવાનું કામ કરતા હોય તે શરતને આધીન.<br><br>ઉપર ૧, ૨ અને ૩ માં સમાવાયેલી બાબતો છતાં કોઇપણ ખંડ સમયના શિક્ષકનું નામ તે અઠવાડીયાના ચાર કલાક જેટલુ કામ નહીં કરતા હોય અથવા જે શિક્ષક કોઇપણ સંલગ્ન કોલેજ/માન્ય સંસ્થા અથવા યુનિવર્સિટી વિભાગમાં અઠવાડીયામાં ચાર કલાક કેવળ અનુસ્નાતક સંશોધન અંગેની દોરવણી જ આપવાનું કામ કરતા હોય તે બાબતમાં તેમનું નામ કોઇપણ વિદ્યાશાખાની શિક્ષકોની મતદાર યાદીમાં સમાવવામાં આવશે નહી. |

| | | |
|---|---|---|
| | બી | જે શિક્ષકો યુનિવર્સિટી વિસ્તારની માધ્યમિક શાળામાં અઠવાડીયાના બાર કલાકથી અથવા ૧૮ પીરીયડથી ઓછા નહીં એ બે માંથી જે ઓછા હોય તે સમય માટે શિક્ષણનું કામ કરતા હોય તેમને કલમ ૨(૧૧) હેઠળ માધ્યમિક શિક્ષક તરીકે જાહેર કરવામાં આવશે |
| | સી | હેડ માસ્ટર શબ્દનો અર્થ માધ્યમિક શાળાના વડા એવો થશે. ફકત એક વડા શિક્ષક તરીકે માન્ય રહેશે જો શાળાના સંયુકત અથવા અન્ય વડા હોય તો. |
| ધારા ૨૪૬ | જ્યાં જુદીજુદી રીતની જોગવાઇ કરવામાં આવી હોય ત્યાં ત`સિવાય બધે જ યુનિવર્સિટીના અધિકારમંડળોની ચૂટણી આ પ્રકરણ અનુસાર થશે.<br>આ પ્રકરણમાં જ્યાં સુધી વિષય અથવા સંદર્ભમાં વિસંગત ન હોય ત્યાં સુધી. | |
| | ૧ | કોઇપણ મંડળની ચૂંટણીના સંબંધમાં શબ્દ મતદાર એટલે તે ચૂંટણીમાં મત આપવાને અધિકાર એવી વ્યકિત જાહેર સંઘના અથવા મંડળના પ્રતિનિધિ. |
| | ૨ | ચાલુ રહેતા ઉમેદવાર એટલે કોઇપણ ઉમેદવારને નિશ્ચિત સમય મર્યાદાએ ચૂંટાયા નહીં હોય તેમ જ મત ગણતરીમાંથી નીકળી નહીં ગયા હોય. |
| | ૩ | ,પ્રથમ પસંદગી એટલે ઉમેદવારના નામ સામે કાઢવામાં આવેલા એકલા"૧" નો આંક,બીજી પસંદગી એટલે આંક ૧ ના અનુક્રમમાં કાઢવામાં આવેલો કોઇ પણ ઉમેદવારના નામ સામે એકલા "૨" નો આંક,ત્રીજી પસંદગી એટલે "૧" "૨" ના ક્રમમાં કોઇપણ ઉમેદવારના નામ સામે કાઢવામાં આવેલો ૩ નો આંક. |
| | ૪ | 'બીજી પ્રાપ્ય પસંદગી' શબ્દપ્રયોગ એટલે ચાલુ રહેતા ઉમેદવારની તરફેણમાં નોંધાયેલો બીજી અથવા તે પછીની નોંધાયેલી ક્રમિક સંખ્યાની પસંદગીનો મત જે ઉમેદવારો કયારના ચૂંટાઇ ગયા હોય અથવા ગણતરીમાંથી નીકળી ગયા હોય તેમને માટે મતપત્રકમાં નોંધવામાં આવેલી અનુક્રમની તરતની પસંદગી ગણતરીમાં લેવામાં નહીં આવતાં. |
| | ૫ | ' સંક્રામ્ય મતપત્રક' એટલે એવું મતપત્રક તેના ઉપર પ્રથમ પસંદગી પછી બીજી અથવા ક્રમિક પસંદગી ચાલુ રહેતા ઉમેદવાર માટે આનુક્રમિક આંકડાઓમાં નોંધવામાં આવી હોય. |
| | ૬ | ' અસંક્રામ્ય મતપત્રક' એટલે એવું મતપત્રક તેના ઉપર ચાલુ રહેતા ઉમેદવાર માટે બીજો અથવા કોઇપણ ક્રમિક પસંદગીનો મત દર્શાવવામાં આવ્યો નહીં હોય આમ છતાં ઉમેદવારી પત્રક અસંક્રામ્ય ગણવાને પાત્ર બનશે જ્યારે જ્યારે, |

| | | |
|---|---|---|
| | | એ. બે કે તેથી વધારે ઉમેદવારોના નામ સામે (ચાલુ રહેતા હોય કે નહીં) એક જ આંકડો કાઢવામાં આવ્યો હોય અને પસંદગીના ક્રમમાં તે તરત જ આવતો હોય.<br>બી. પસંદગીના ક્રમમાં તરત જ આવતા ઉમેદવાર (ચાલુ રહેતા હોય કે નહીં) ના નામ સામે,<br>૧. મતપત્રક ઉપર કોઇ આંક પછી તરત જ આવતા ક્રમિક આંક કાઢવામાં આવ્યો નહીં હોય અથવા<br>૨. બે અથવા વધુ આંક કાઢવામાં આવ્યા હોય અથવા<br>સી. અન્ય કોઇ કારણસર ચાલુ રહેતા ઉમેદવારોમાંથી કોને મતદારની તરતની પસંદગીનો ક્રમ આપવામાં આવ્યો છે તે નકકી નહીં થઇ શકતુ હોય. |
| | ૭ | કોઇપણ ઉમેદવારના સંદર્ભમાં મૂળ મત શબ્દપ્રયોગ એટલે તે ઉમેદવાર માટે જે મતપત્રક ઉપર પહેલી પસંદગીનો મત નોંધાયો હોય તે મતપત્રકમાંથી પ્રાપ્ત થતો મત. |
| | ૮ | કોઇપણ ઉમેદવારના સંદર્ભમાં સંક્રામ્ય મત એટલે તે ઉમેદવાર માટેજે મતપત્રક ઉપર બીજી પસંદગી કે તે પછીની ક્રમિક પસંદગીનો મત નોંધાયો હોય તે મતપત્રકમાંથી પ્રાપ્ત થતો મત. |
| | ૯ | 'પુરાંત' શબ્દપ્રયોગ એટલે ઉમેદવારને ખાતે જમા થયેલા મૂળ અને સંક્રામ્ય મતોની કુલ સંખ્યા નિયત સંખ્યા કરતા જેટલી સંખ્યાથી વધતી હોય તેટલી સંખ્યા. |
| | ૧૦ | 'ગણતરી' શબ્દપ્રયોગ એટલે<br>એ. ઉમેદવાર માટે નોંધાયેલા પ્રથમ પસંદગીના બધા જ મતોની ગણતરીમાં સમાયેલી બધી પ્રકિયા<br>અથવા<br>બી. ચૂંટાયેલા ઉમેદવારના પુરાંત મતોના સંક્રમણમાં સમાયેલી તમામ પ્રક્રિયા.<br>અથવા<br>સી. ગણતરીમાંથી નીકળી ગયેલા ઉમેદવારના અથવા બે કે તેથી વધારે સાથે નીકળી ગયેલા ઉમેદવારોના મતના સંક્રમણમાં સમાયેલી બધી જ પ્રક્રિયા. |

| | | |
|---|---|---|
| **(બી) તારીખ અને ચૂંટણી સંચાલન** | | |
| ધારા ૨૪૭ | | અધિનિયમની કલમ ૫૭ને આધીન રહીને કુલપતિને નીચેના અધિકારો રહેશે. <br> એ. ચૂંટણીની તારીખ નક્કી કરવાનો. <br> બી . નોંધાયેલા મત અંગે શંકા ઉભી થતા મતના ખરાપણા કે ખોટાપણા અંગે નિર્ણય લેવાનો અને પ્રત્યેક ચૂંટણીનું પરિણામ જાહેર કરવાનો અધિકાર કુલપતિને રહેશે. |
| ધારા ૨૪૮ | | સમયના વહેવા સાથે ઊભી થનારી ખાલી જગ્યાઓની અપેક્ષાએ ચૂંટણી કરવાનો અધિકાર કુલપતિને રહેશે |
| ધારા ૨૪૯ | | જુદા પ્રકારની જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય બધી જ ચૂંટણીઓ માટે કુલસચિવ જવાબદાર રહેશે. |
| **(સી) ચૂંટણી પધ્ધતી** | | |
| ધારા ૨૫૦ | એ | જુદા પ્રકારની જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય સેનેટની કલમ ૧૬ (૧) વર્ગ ૨ (એ) હેઠળ થનારી તમામ ચૂંટણીઓ ગુપ્ત મતદાન પદ્ધતી દ્વારા જાહેરસંઘની અથવા મંડળની સભામાં અથવા કુલપતિ નક્કી કરે તે મતદાન મથકોએ કરવામાં આવશે. |
| | બી | અધ્યક્ષોની ચૂંટણી અને યુનિવર્સિટીના કોઇ અધિકારમંડળે તેના અન્ય મંડળ માટે કરવાની ચૂંટણી સંબંધિત ધારાઓ અનુસાર મળેલી એ મંડળની સભામાં કરવામાં આવશે. |
| **(ડી) મતદાર યાદી** | | |
| ધારા ૨૫૧ | એ | યુનિવર્સિટીના અધિકારમંડળોના સભ્યો ચૂંટવાનો અધિકાર ધરાવતી બધી વ્યક્તિઓના અથવા જાહેર સંઘોની અથવા મંડળની તમામ વ્યક્તિઓના અથવા જાહેરસંઘોના અથવા મંડળોના નામ તથા સરનામાં જણાંવતી યાદી કુલસચિવ રાખશે. આમ છતાં આવી વ્યક્તિઓ કે જે મત આપવાના અધિકારને પાત્ર છે તે સામાન્ય રીતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં રહેતા હોવા જોઇશે. |
| | બી | કોઇસભામાં ચૂંટણી કરવાની હોય તે સિવાય યુનિવર્સિટીના કોઇપણ અધિકારમંડળની ચૂંટણી માટે મત આપવાના અધિકારવાળી વ્યક્તિઓ ,જાહેર સંઘો કે મંડળો જેમના નામો સંબંધિત યાદીઓ ઉપર સમાવવામાં આવ્યા હોય તે અનુક્રમે વ્યક્તિઓ,જાહેર સંઘો કે મંડળો હશે. |

| | | |
|---|---|---|
| | સી | રાજ્ય સરકાર દ્વારા નિયત કરેલી વય મર્યાદા કરતા વધુ  વય થયેથી વ્યક્તિ મંડળના અથવા યુનિવર્સિટીની ક્યેરીના સભ્ય તરીકે બંધ થશે અને તેમનું નામ જે તે ચૂંટણી યાદીમાંથી દૂર કરવામાં આવશે. |
| ધારા ૨૫૨ | એ | સેનેટની ચૂંટણીમાં મતઆપવાના અધિકારવાળી વ્યક્તિઓ, જાહેર સંઘો કે મંડળોની મતદાર યાદી બીજી રીતે જોગવાઇ કરાઇ હોય તે સિવાય ચૂંટણીની તારીખથી ઓછામાં ઓછા ૪૨ દિવસ પહેલા પ્રસિધ્ધ કરવામાં આવશે ચૂંટણીની તારીખથી ઓછામાં ઓછા ૩૫ દિવસ પહેલા યાદીએ તૈયાર થઇ ગઇ છે એવા અર્થવાળી જાહેરાત કુલપતિ નક્કી કરે તે વર્ત માનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. |
| | બી | મતદાર યાદીની નક્લ તેના, જો હોય તો, સુધારાઓ સહિત સિન્ડિકેટ વારંવાર નક્કી કરે તે શુલ્ક આપવામાં આવતા ગમે તે વ્યક્તિને આપવામાં આવશે. |
| ધારા ૨૫૩ | ચૂંટણીથી  ઓછામાં ઓછા ૨૧ દિવસ પહેલા જો કોઇ અવગણના પામેલી અથવા પ્રવેશ પામેલી ખોટી યાદી કુલપતિના ધ્યાન ઉપર લાવવામાં આવશે તો મતયાદી સુધારવાનો કુલપતિને અધિકાર રહેશે .આ બાબત અંગે કુલપતિનો નિર્ણય આખરી ગણાશે. | |
| **(ઇ) ચૂંટણીની નોટીસ** | | |
| ધારા ૨૫૪ | સેનેટ સિવાયના યુનિવર્સિટીના કોઇપણ અધિકાર મંડળમાં જ્યારે જ્યારે જગ્યા ખાલી પડે ત્યારે તે ચૂંટણીને લગતી નોટીસ ચૂંટણી પહેલાના ડિસેમ્બર માસની ૩૧ મી તારીખે જેમના નામો મતદાર યાદી ઉપર હશે તે તમામ મતદારોને અન્ય જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય ચૂંટણીની તારીખથી ઓછામાં ઓછા ૨૧દિવસ પહેલા આપવામાં આવશે  અને તે નોટીસમાં ઉમેદવારીપત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ અને ચૂંટણીની તારીખ સ્પષ્ટતાથી જણાવવામાં આવશે અને ખાલી પડેલી જગ્યા અંગેની સંબંધકર્તા માહિતી પણ આપવામાં આવશે. | |

| (એફ) ઉમેદવારીપત્રકો | |
|---|---|
| ધારા ૨૫૫ | અધિનિયમની કલમ ૧૬ની જોગવાઇઓને આધીન કુલસચિવ તરફથી માંગવામાં આવેલા ઉમેદવારી પત્રકોના તમામ પ્રસંગોએ  જે કોઇ બે મતદારો જેમના નામો મતદાર વિભાગની મતદાર યાદી ઉપર હોય અથવા જાહેરસંઘ અથવા મંડળના મત આપવાને અધિકારી હોય એવા ગમે તે બે સભ્યો નોટીસ આપ્યા પછી સંબંધિત મતદાર વિભાગમાં ઉમેદવારી નોંધાવવાનો અધિકાર ધરાવતી હોય એવી કોઇપણ વ્યક્તિને ઉમેદવારીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખે સાંજે ચાર વાગ્યે અથવા તે પહેલા ઉમેદવારી પત્રક કુલસચિવને યુનિવર્સિટી કાર્યાલયમાં હાથોહાથ આપી નિયુક્ત કરી શકશે. |
| ધારા ૨૫૬ | યુનિવર્સિટી સેનેટ સિવાયના કોઇપણ જાહેરસંઘ/અધિકારમંડળ અથવા મંડળની સભામાં ચૂંટણી કરવાની હોય તેવી બાબતોમાં ઉમેદવારીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સભાની તારીખથી ઓછામાં ઓછા ચોખ્ખા સાત દિવસ પહેલાની હશે. |
| ધારા ૨૫૭ | સિન્ડિકેટે તે હેતુ માટે નક્કી કરેલા નિયત ફોર્મમાં ઉમેદવારી પત્રક ભરવાનું રહેશે અને તેના ઉપર તારીખ નંખાયેલી તથા મત આપવાનો અધિકાર ધરાવતા બે મતદારોની અથવા જાહેર સંઘ અથવા મંડળના મત આપવાનો અધિકાર ધરાવતા બે સભ્યોની સહી કરાયેલી હોવી જોઇએ અને તેમાં સહી કરનારાઓના તથા નિયુક્ત ઉમેદવારના પૂરા નામ/સરનામ અને જો હોય તો પદવી અથવા પદવીઓ તથા હોદ્દો સમાવિષ્ટ થવા જોઇશે. કોઇપણ ઉમેદવાર જ્યાં સુધી ઉમેદવારીપત્રક ઉપર પોતાની સંમતિ સૂચવે નહીં અને ફોર્મમાં નિયત કરેલા જાહેરનામા ઉપર સહી કરે નહીં ત્યાં સુધી નિયુક્ત થયેલા ગણાશે નહીં. સંબંધિત ધારાઓની આવશ્યકતાઓ પૂરી નહીં કરતા હોય એવા ઉમેદવારીપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |
| ધારા ૨૫૮ | ઉમેદવારીપત્રકોની ચકાસણી માટે નિયત થાય તે દિવસ અને તે સમય પહેલા ગમે તે સમયે અથવા ઉમેદવારીપત્રકોની ચકાસણીના પરિણામની જાહેરાત ૪૮કલાક દરમ્યાન ગમે ત્યારે, કુલસચિવને લેખિત રીતે ઉપર નક્કી કરેલા દિવસ અને સમય પહેલા ઉમેદવારને પોતાનું ઉમેદવારીપત્રક પાછું ખેંચી લીધા અંગેનો યોગ્ય રીતે સહી કરેલો કાગળ મોકલવાની શરતને આધીન પોતાનું ઉમેદવારીપત્રક પરત  ખેંચવાનો અવકાશ રહેશે. |

| | | |
|---|---|---|
| ધારા ૨૫૯ | એ | ઉમેદવારીપત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય પછી જેમ બને તેમ જલદી પણ ચોવીસ કલાકથી વહેલા નહીં એ રીતે કુલપતિએ ચૂંટણીની નોટીસમાં સ્પષ્ટ કર્યા મુજબ નક્કી કરેલા સમયે અને સ્થળે કુલપતિ પોતે અથવા તેમણે નિયુક્ત કરેલી વ્યક્તિ અથવા વ્યક્તિઓ ઉમેદવારીપત્રકોની ચકાસણી તેનો સ્વીકાર કે અસ્વીકાર કરશે. ઉમેદવાર પોતે અથવા એ અંગેનો લેખિત અધિકારપત્ર ધરાવનાર એનો નિયુક્ત પ્રતિનિધિ આવી ચકાસણી વખતે હાજર રહેવાને અધિકારી ગણાશે. |
| | બી | જો કોઇ પક્ષ ચકાસણી કરનારાઓના નિર્ણયથી નારાજ થાય તો તેણે, ચકાસણી કરનારાઓએ આપેલા નિર્ણયના ચોવીસ કલાકમાં જ કુલપતિ સમક્ષ અપીલ નોંધાવવાની રહેશે. કુલપતિ જેમ બને તેમ જલ્દી પણ તેમને અપીલ મળયાના ૪૮ કલાકથી મોડો નહીં હોય એમ પોતાનો નિર્ણય આપશે અને તેમનો નિર્ણય છેવટનો ગણાશે. |
| | સી | આવી કાયદેસરની નિયુક્તિની યાદી ઓછામાં ઓછા ૨ નામાંકીત વર્તમાનપત્રોમાં પ્રકાશિત કરવાની રહેશે. |
| ધારા ૨૬૦ | જેટલી જગ્યાઓ ભરવાની હોય તેનાથી સાચી રીતે નિયુક્ત થયેલા ઉમેદવારોની સંખ્યા વધતી ન હોય તો એ રીતે નિયુક્ત થયેલા ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે. | |
| **(જી) સભામાં ગુપ્તમતદાન પધ્ધતિ દ્વારા ચૂટણીની કાર્યવાહી.** | | |
| ધારા ૨૬૧ | આ ધારાઓ યુનિવર્સિટીના અધિકાર મંડળો દ્વારા થનાર ચૂંટણીનેજ લાગુ પડશે. | |
| ધારા ૨૬૨ | જે સમયગાળા દરમ્યાન મતપત્રકો સ્વીકારવા માટે મતપેટી ખુલ્લી રાખવામાં આવશે તે કુલપતિ અથવા તે સભા બોલાવનાર સિનિયર સભ્ય નક્કી કરશે અને ચૂંટણીની નોટીસમાં તે સ્પષ્ટતાપૂર્વક જણાંવવામાં આવશે. | |
| ધારા ૨૬૩ | ચૂંટણીને માટે બોલાવવામાં આવેલી સભામાં યોગ્ય રીતે નિયુક્ત થયેલી વ્યક્તિઓના નામવાળા છાપેલા અથવા ટાઇપ કરેલા મતપત્રકો પૂરા પાડવામાં આવશે. સભામાં હાજર રહેલા તમામ સભ્યોને મત આપવાનો અધિકાર રહેશે. | |
| ધારા ૨૬૪ | સભાના ચાર દિવસ પહેલા યોગ્ય રીતે નિયુક્ત થયેલી વ્યક્તિઓના નામ સભામાં હાજર રહેવાનો અને મત આપવાનો અધિકાર ધરાવનાર તમામ વ્યક્તિઓને પહોંચાડવામાં આવશે. | |
| ધારા ૨૬૫ | ધારાઓમાં સમાવિષ્ટ ગમે તે બાબતો હોય છતાં સેનેટ સિન્ડિકેટને માટે | |

| | | |
|---|---|---|
| | અધિનિયમની કલમ ૧૯ (૧ )(૫) હેઠળ કરેલી ચૂંટણી એટલે કે પોતાના સભ્યોમાંથી જેઓ આચાર્યો ,શિક્ષકો ,હેડમાસ્તરો ,માન્ય સંસ્થાઓના વડાઓ અથવા માધ્યમિક શિક્ષકો ન હોય તેવા પાંચ સભ્યોની સિન્ડિકેટ માટેની ચૂંટણી નીચે જણાંવ્યા પ્રમાણે કરવામાં આવશે | |
| | ૧ | ઉપર જણાંવેલી ચૂંટણી માટે કુલપતિએ નકકીકરેલી તારીખની જાણ કુલસચિવ સેનેટના પ્રત્યેક સભ્યને કરશે અને ચૂંટણી ની નિયત થયેલી તારીખના ઓછામાં ઓછા પંદર દિવસ પહેલા પહોંચે એ રીતે સેનેટના સભ્યોની યાદી અને ધારા ૨૫૫-૨૫૭ માં નિયત કર્યા પ્રમાણેના ઉમેદવારી પત્રકો કુલસચિવ ચૂંટણીની તારીખના ૯ દિવસથી મોડી નહીં હોય એ તારીખે સાંજે ચાર વાગ્યા સુધીમાં સ્વીકારશે એ જાતની જાણ કરતો પત્ર મોકલશે. |
| | ૨ | આ ઉમેદવારીપત્રકો ધારા ૨૫૭ અનુસાર જે લાગુ પડે તે પ્રમાણેના હોવા જોઇએ. |
| | ૩ | ચૂંટણીની તારીખના ઓછામાં ઓછા પાંચ દિવસ પહેલા કાયદેસરના ઉમેદવારીપત્રકોની યાદી સેનેટના પ્રત્યેક સભ્યને મોકલી આપવામાં આવશે |
| | ૪ | ચૂંટણીની કાર્યવાહી ધારા ૨૬૨-૨૬૪માં નિયતકર્યા પ્રમાણેની રહેશે. |
| | ૫ | ઉમેદવારીપત્રકોની ચકાસણી પૂર્ણ થયા બાદ કુલસચિવ ચકાસણીના પરિણામની જાણ કુલપતિને કરશે અને યુનિવર્સિટીના નોટીસ બોર્ડ ઉપર પણ તેની જાહેરાત કરશે. |
| **(એચ) મતદાનકેન્દ્ર ઉપર ગુપ્ત મતદાન પધ્ધતી દ્વારા ચૂટણીની કાર્યવાહી** | | |
| ધારા ૨૬૬ | જે ચૂટણીમાં મતદાન મથકો ઉપર મતો નોંધવાના હોય તે તમામ ચૂંટણી પ્રસંગો વખતે ગુપ્ત મતદાન પદ્ધતિ દ્વારા મત નોંધાવવાની કાર્યવાહી નીચે પ્રમાણે રહેશે | |
| | ૧ | યુનિવર્સિટીના સત્તાધીશો ચૂંટણી મથકોની જોગવાઇ કરશે અને જે સ્થળોએ કોલેજ અથવા માન્ય સંસ્થા હોય તે સ્થળોએ અને બીજે ઠેકાણે કુલપતિ નકકી કરે તે મથકોએ ચૂંટણી અધિકારીની નિમણૂંક કરવામાં આવશે |
| | ૨ | ચૂંટણીના કેન્દ્રોમાં મતદાનના કલાકો આગળથી નકકી કરવામાં આવશે અને તેની જાહેરાત ચૂંટણીની નોટીશ માં કરવામાં આવશે. |
| | ૩ | ઉમેદવારીપત્રકોની ચકાસણી પૂર્ણ થયા બાદ જેમ બને તેમ જલ્દી યોગ્ય રીતે નિયુકત થયેલી વ્યકિતઓના નામની જાહેરાત મતદારોને કરવામાં આવશે |

| | | |
|---|---|---|
| | ૪ | મતદાર મથકોએ ચૂંટણી અધિકારી વ્યવસ્થા જાળવશે .મતદાર સિવાયની કોઇ વ્યકિતને મતદાન મથકમાં દાખલ થવા દેવામાં આવશે નહી . |
| | ૫ | ચૂંટણીના હેતુ માટે મતદાનની શરુઆત માટે નકકી થયેલા સમયની પહેલા અથવા મતદાન માટેનો સમય પૂર્ણ થઇ ગયા બાદ કોઇપણ મતદારને ચૂંટણીમથકમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં |
| | ૬ | પ્રત્યેક મતદાનમથકે પ્રત્યેક મતદાર અદષ્ટ રહી પોતાનો મત નોંધાવી શકે એ માટે ચૂંટણી અધિકારી પોતાને જરુરી જણાંય એટલી કુટીરો રાખશે. |
| | ૭ | મતદાન શરુ થાય તે પહેલા તરત ચૂંટણી અધિકારી હાજર રહેલા ઉમેદવારને અથવા તેના અધિકૃત પ્રતિનિધિને મતપેટી ખાલી છે તે બતાવશે અને ત્યારબાદ તેને તાળું મારી સીલ કરશે. |
| | ૮ | મતદારને મતપત્રક આપતાં પહેલાં તરત મતદારનો ક્રમાંક કાઉન્ટર ફોઇલ ઉપર નોંધવામાં આવશે અને મતપત્રક આપનાર અધિકારી તેની પાસેથી મતદાર યાદીમાં જેને મતપત્રક આપવામાં આવ્યું હોય તે મતદારના ક્રમાંક આગળ નિશાની કરશે. |
| | ૯ | મતદાર મતદારપત્રક મળતા તરત જ એક કુટીરમાં જશે જ્યાં મતપત્રક ઉપર એ મતની નોંધ કરશે અને મતપત્રકને પેટીમાં નાંખશે. |
| | ૧૦ | પ્રત્યેક મતદાર ખોટી ઢીલ કર્યા વગર મત આપશે અને પોતાનું મતપત્રક પેટીમાં નાંખે કે તરત જ મતદાનમથક છોડી જશે. |
| | ૧૧ | જો મતદાર નિષ્કાળજીથી મતપત્રક બગાડે તો તેમને બીજુ મતપત્રક આપવામાં આવે અને બગડેલું મતપત્રક અને તેનું અડધીયુ કાઉન્ટર ફોઇલ ચૂંટણી અધિકારી રદ કરશે. |
| ધારા ૨૬૬ એ | જો કુલપતિને મતદાન માટે કોઇપણ મતદાન મથકે થયેલ ગેરરીતિની ખાસ મતવિસ્તાર માટે ફરીયાદ મળે તો તે તેની મુનસફીએ ફરીયાદ મળયાના બે દિવસમાં કુલસચિવને વિશિષ્ટ મતદાનમથકમાં ખાસ મતવિસ્તાર માટે ફરી મતદાન માટે હુકમ ફરીયાદ ચકાસ્યા બાદ અને તેમને ગેરરીતિ થયાના બાબતે સંતોષ થાય તો તે કરશે. તે સંબંધિત મતદાનમથકે ફરી મતદાનની તારીખ અગાઉના મતદાનના ૨૧ દિવસ કરતા મોડુ નહીં તે નકકી કરશે અને ઓછામાં ઓછી ૧૦ દિવસની નોટીસ જેતે કેન્દ્રના મતદારોને આપશે અને નવા ઓળખપત્રો ટપાલથી ચૂંટણીની નોટીસ સાથે મોકલશે .આ મતવિસ્તારની | |

| | | |
|---|---|---|
| | ગણતરી ફરી મતદાન થયા બાદ જ શરુ કરવામાં આવશે. મતવિસ્તારના મતપત્રકો કે જેમાં ફરી મતદાનનો હુકમ કરવામાં આવ્યો હોય તેને મતદાન કેન્દ્ર મુજબ સીલ કરેલા કવરમાં રાખવામાં આવશે જ્યાં સુધી આ મતવિસ્તારની ગણતરી શરુ કરવામાં આવે નહીં ત્યાં સુધી. આ પ્રક્રિયા દરમ્યાન ઉમેદવાર અથવા તેમના પ્રતિનિધિને હાજર રહેવા માટે મંજૂરી આપવામાં આવશે અને તે સીલ કરેલા કવર ઉપર તેમની સહી કરશે. | |
| ધારા ૨૬૭ | ૧ | અધિનિયમની કલમ ૧૬ (૧ )વર્ગ ૨ (એ) ખંડ (૪) ના ઉપખંડો એ અને ડી માં ઉલ્લેખાયેલા જાહેર સંઘો અને મંડળોના પ્રતિનિધિઓની ચૂંટણીના ઉદ્દેશ માટે જાહેર સંઘ અથવા મંડળ ચૂંટણીકરવા માટેની જરુરી વ્યવસ્થા કરશે જેથી ચૂંટણીનું પરિણામ યોગ્ય સમયમાં જાણી શકાય, આવી ચૂંટણી જાહેર સંઘની અથવા મંડળની સભામાં ગુપ્તમતદાન પદ્ધતિ દ્વારા એક સંક્રામ્ય મત વડે પ્રમાણવાર પ્રતિનિધિની યોજના અનુસાર અધિનિયમની કલમ ૫૫ માં નિયત કર્યા મુજબ કરવામાં આવશે. |
| | ૨ | કુલપતિ જાહેરસંઘ અથવા મંડળના પ્રમુખને અથવા સચિવને ચૂંટણી કરવાના હેતુ માટે ચૂટણી અધિકારી તરીકે નિમશે. ચૂંટણી અધિકારી આ ચૂંટણીના હેતુ માટે બને ત્યાં સુધી નિયમો હેઠળના કુલસચિવના અધિકારો વાપરશે. |
| | ૩ | આવી ચૂંટણીનું પરીણામ જણાંતા ઉપર્યુક્ત સંઘ અથવા મંડળ પોતે ચૂંટેલી વ્યક્તિઓના નામ, સરનામા અને પદવીઓ જણાવતું સંબંધકર્તા પ્રમુખે સહી કરેલું નિયતપત્રક યુનિવર્સિટીને મોકલશે અને ગુજરાત વિદ્યાનસભાની બાબતમાં ગુજરાત વિદ્યાનસભાના મંત્રાલયના સચિવની સહીવાળુ નિયતપત્રક મોકલશે. |
| ધારા ૨૬૮ | અધિનિયમની કલમ ૧૬ (૧ )વર્ગ ૨ (એ) ખંડ (૪) ના ઉપખંડ (બી) હેઠળના તેમના પ્રતિનિધિઓની ચૂંટણીના હેતુ માટેની ચૂંટણી યુનિવર્સિટીના કાર્યાલયમાં અથવા કુલપતિએ નકકી કરેલા મથકે અધિનિયમની કલમ ૫૫ માં નિયત કરેલી પધ્ધતી પ્રમાણે એક સંક્રામ્ય મતની ગુપ્તદાન પદ્ધતિ મુજબ કરવામાં આવશે. | |

<table>
<tr><th colspan="4">(આઇ) ટપાલ દ્વારા ચૂંટણીની કાર્યવાહી</th></tr>
<tr><td>ધારા ૨૬૯</td><td colspan="3">રદ કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td>ધારા ૨૭૦</td><td colspan="3">રદ કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td>ધારા ૨૭૧</td><td colspan="3">રદ કરવામાં આવેલ છે.</td></tr>
<tr><th colspan="4">(જે) મતપત્રક અને મતદાન</th></tr>
<tr><td>ધારા ૨૭૨</td><td colspan="3">મતપત્રક બને ત્યાં સુધી નીચેના ફોર્મમાં રહેશે.<br>વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત<br>મતપત્રક<br>ચૂંટણી .......... થી.......... . .<table>
<tr><th>ચૂંટણી ઉમેદવારના નામ</th><th>પસંદગી ક્રમ પ્રમાણે નીચેની જગામા નિશાની કરો</th></tr>
<tr><td></td><td></td></tr>
</table></td></tr>
<tr><td>ધારા ૨૭૩</td><td>૧</td><td colspan="2">પ્રત્યેક મતદારને એક સંક્રામ્ય મત આપવાનો રહેશે.</td></tr>
<tr><td></td><td>૨</td><td>એ</td><td>જેની તરફેણમાં એ મત નોંધાવે તેના નામ સામે પોતાના મતપત્રકમાં ‘૧ ‘નો અંક અવશ્ય મૂકશે.</td></tr>
<tr><td></td><td></td><td>બી</td><td>એ ઉપરાંત પોતાની પસંદગીના ક્રમાનુસાર બીજા ગમે તેટલા ઉમેદવારોના નામોની સામે અનુક્રમે ‘૨’, ’૩ ,‘’૪’, ’૫’ અને એમ આગળ સંખ્યાની ક્રમિક વ્યવસ્થામાં અંકો મૂકી શકશે.</td></tr>
<tr><td>ધારા ૨૭૪</td><td colspan="3">મતપત્રક રદ ગણાશે જો,</td></tr>
<tr><td></td><td>એ</td><td colspan="2">પ્રથમ પસંદગી સૂચવતો અંક ‘૧’ એકલો ન મૂકાયોહોય તો<br>અથવા</td></tr>
<tr><td></td><td>બી</td><td colspan="2">પ્રથમ પસંદગી સૂચવતો અંક ‘૧’ એકલો એક કરતા વધારે ઉમેદવારના નામ સામે મૂકાયો હોય<br>અથવા</td></tr>
<tr><td></td><td>સી</td><td colspan="2">પ્રથમ પસંદગી સૂચવતો અંક ‘૧’ અને બીજા અંકો અને અથવા નિશાનીઓ તે જ ઉમેદવારના નામ સામે મૂકાયા હોય.<br>અથવા</td></tr>
<tr><td></td><td>ડી</td><td colspan="2">કયા ઉમેદવાર માટે પ્રથમ પસંદગીનો મત નોંધાયો છે તે નકકી કરી શકાતુ ન હોય.<br>અથવા</td></tr>
<tr><td></td><td>ઇ</td><td colspan="2">કોઇપણ નિશાની મતપત્રક ઉપર મતદારે મૂકી હોય જેના વડે પાછળથી તેની ઓળખ કરી શકાય.<br>અથવા</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | એફ | મતદારની પસંદગી દર્શાવતા અંકોમાં છેકછાક અથવા ફેરફારો થયા હોય. |
| | જી | મતપત્રકમાં પસંદગી દર્શક અંકો તેને માટે આપવામાં આવેલી જગામાં નહીં નોંધાયા હોય તો. |
| **(કે) મતપત્રકની ચકાસણી અને ગણતરી** | | |
| ધારા ૨૭૫ | ૧ | તમામ મતપત્રકોની ચકાસણી કુલસચિવ અને કુલપતિ નીમે તે વ્યકિત દ્વારા કરવામાં આવશે |
| | ૨ | જ્યારે એક કરતા વધારે ચૂંટણી કેન્દ્રો હોય ત્યારે તેમામ કેન્દ્રોના મતપત્રકો પહેલા ભેગા કરી દેવામાં આવશે અને ત્યારબાદ કુલસચિવ અથવા કુલપતિએ નિયુકત કરેલી વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા તેની ચકાસણી કરાશે. ઉમેદવાર પોતે અથવા યોગ્ય રીતે અધિકાર ધરાવતો ઉમેદવારનો એજન્ટ તેના વતી ચકાસણી અને ગણતરી વખતે હાજર રહેવાને પાત્ર ગણાશે. મતપત્રકના ખરાંપણાં વિશે વિવાદ કે શંકા ઉદભવે તે પ્રસંગે ચકાસણી કરનારાઓની બહુમતીનો નિર્ણય અને બન્ને પક્ષે સરખા અભિપ્રાયો થાય તે કિસ્સામાં કુલપતિનો નિર્ણય છેવટનો ગણાંશે. |
| ધારા ૨૭૬ | એ | ચૂંટણીમંડળના મતપત્રકો ગણાઇ ગયા બાદ કુલસચિવ મતપત્રકોની તપાસ કરશે, ખોટા હોય તો તેમનો અસ્વીકાર રકશે અને ખરાં તથા ખોટાં મતોની નોંધ કરશે |
| | બી | પ્રત્યેક મતદારને મળેલા પ્રથમ પસંદગીના મત પ્રમાણે તેને જુદાજુદા જૂથમાં તારવશે. |
| | સી | દરેક મતપત્રકોની મૂળ કીંમત ૧૦૦ મતોની રહેશે. કુલસચિવ પ્રત્યેક જૂથમાંના મતપત્રકની ગણતરી કરશે અને તે ઉમેદવારને ખાતે જે ખરા મતપત્રકો ઉપર તે ઉમેદવાર માટે પ્રથમ પસંદગીના મતો નોંધાયા હોય તેના જેટલા મતો જમા કરશે. અને તમામ ઉમેદવારોને ખાતે નોંધાયેલા આવા મતોની કુલ સંખ્યાને ધારા ૨૭૬ (એ) અનુસાર નોંધાયેલા ખરા મતપત્રકોની કુલ સંખ્યા સાથે મેળવી જોશે. |
| ધારા ૨૭૭ | ત્યારબાદ કુલસચિવ ભરવાની ખાલી જગ્યાઓની સંખ્યામાં ખાલી જગ્યાઓની સંખ્યા કરતા એક વધારેનો ઉમેરો કરી તે સંખ્યા વડે ખરા મતપત્રકોની કુલ સંખ્યાને ભાગશે. જે ભાગાકાર આવે (જે અપૂર્ણ શેષ વધે તેની અવગણના કરવામાં આવશે) તેમાં ૧ ઉમેરતા જે સંખ્યા થાય તેટલા મતોની સંખ્યા | |

| | | | |
|---|---|---|---|
| | ઉમેદવારની ચૂંટણીને માટે પૂરતી ગણાશે. આ આંકને હવે પછી નિયત સંખ્યા તરીકે ઓળખવામાં આવશે. | | |
| ધારા ૨૭૮ | જો કોઇપણ ગણતરીને અંતે ઉમેદવારને ખાતે જમા થયેલા મતોની સંખ્યા નિયત સંખ્યા જેટલી અથવા તેનાથી વધારે હશે તો ઉમેદવાર તરત જ ચૂંટાયેલા ગણાંશે. | | |
| ધારા ૨૭૯ | ૧ | જો કોઇપણ ગણતરીને અંતે ઉમેદવારને ખાતે જમા થયેલા મતોની સંખ્યા નિયત સંખ્યા કરતા વધારે હશે તો વધારાના આ ધારામાં કરવામાં આવેલી જોગવાઇ અનુસાર ચૂંટાયેલા ઉમેદવારે છેલ્લા પ્રાપ્ત કરેલા જૂથ કે ગૌણ જૂથમાના મતપત્રકો ઉપર નોંધાયા અનુસાર જેમને તરતની જ અન્ય પસંદગીનો મત મતપત્રકો ઉપર મળયો છે એવા ચાલુ રહેતા ઉમેદવારોના ખાતામાં સંક્રમિત કરવામાં આવશે | |
| | ૨ | એ | જો એક કરતા વધારે ઉમેદવાર પાસે પુરાંત હોય તો જેની પુરાંતની સંખ્યા વધારે હશે તેનો નિકાલ પહેલા કરવામાં આવશે. |
| | | બી | જો બે કે વધારે ઉમેદવારોમાંથી પ્રત્યેકની સરખી પુરાંત હોય તો જે ગણતરી વખતે સંબંધિત ઉમેદવારોની મતસંખ્યા અણસરખી હતી તે પ્રથમ ગણતરી વખતે સૌથી વધારે સંખ્યાના મત મેળવનાર ઉમેદવારની પુરાંતનો પહેલા નિકાલ થશે. જો આવા ઉમેદવારોને ખાતે જમા થયેલા મતો તમામ વખતની ગણતરી વખતે સરખા થાય તો કુલસચિવ ચિઠ્ઠી નાંખીને કોની પુરાંતનો નિકાલ પહેલા કરવો તે નકકી કરશે |
| | ૩ | જે પુરાંત સંક્રમિત નહીં થઇ હોય તેવી પુરાંત સહિતની પુરાંત નીચે પ્રમાણે ઓછી હોય તો કુલસચિવે તેને સંક્રમિત કરવાની જુરુ નથી જો, | |
| | | એ | મતગણતરીમાં સૌથી છેલ્લા મતદારના મતોની સંખ્યા અને તેનાથી તરતના ઉપરના મતો મેળવનાર ઉમેદવારના મતોની સંખ્યા વચ્ચેના તફાવત કરતા,<br>અથવા |
| | | બી | મતગણતરીમાં સૌથી છેલ્લા બે કે વધારે ઉમેદવારોના મતોની કુલસંખ્યા અને તેનાથી તરતના ઉપરના મતો મેળવનાર ઉમેદવારના મતોની સંખ્યા વચ્ચેના તફાવત કરતા, છતાં મતગણતરીમાંથી ઉપર |

| | | | |
|---|---|---|---|
| | | | જણાંવેલા બે કે વધારે  ઉમેદવારોને કાઢી નાંખતા પૂરવાની બાકી રહેલી ખાલી જગ્યાની સંખ્યા કરતા ચાલુ રહેતા ઉમેદવારોની સંખ્યા ઘટવી જોઇએ નહીં. |
| | ૪ | એ | જો ચૂંટાયેલા ઉમેદવાર ખાતે જમા થેયલા મતો મુળ મતો જ હોયતો કુલસચિવ જેની પુરાંત સંક્રમિત કરવાની હોય તે ચૂંટાયેલા ઉમેદવારના જૂથમાં સમાવાયેલા મતપત્રકોની ચકાસણી કરશે. |
| | | બી | જો ચૂંટાયેલા ઉમેદવાર ખાતે જમા થેયલા મતો મુળ અને સંક્રમિત મતો હોય તો અથવા કેવળ સંક્રમિત મતો હોય તો કુલસચિવ જેની પુરાંત સંક્રમિત કરવાની હોય તો ચૂંટાયેલા ઉમેદવારને છેલ્લા મળેલા ગૌણ જૂથમાંના મતપત્રકોની ચકાસણી કરશે. |
| | | સી | બન્ને કિસ્સાઓમાં કુલસચિવ સંક્રામ્ય મતપત્રકોને તેના ઉપર નોંધાયેલી તરતની પ્રાપ્ય પસંદગીના ક્રમાનુસાર ગૌણ જુથોમાં તારવશે અને અસંક્રામ્ય મતપત્રકોનું અલગ ગૌણ જૂથ બનાવશે અને અસંક્રામ્ય મતપત્રકોના પ્રત્યેક ગૌણ જૂથમાંના મતપત્રકોની સંખ્યાની ખાત્રી કરશે. |
| | ૫ | કુલસચિવ સંક્રામ્ય મતપત્રકોનું આખુ પ્રત્યેક ગૌણ જૂથ મતપત્રક ઉપર નિર્દેશાયેલી તરતની ઉમેદવારને પ્રાપ્ય બીજી પસંદગીના ક્રમ પ્રમાણે ચાલુ રહેતા ઉમેદવારને ખાતે સંક્રમિત કરશે અને ચૂંટાયેલા ઉમેદવારના મતોની નિયત સંખ્યાને માટે આવશ્યક નહીં હોય એટલા અસંક્રામ્ય મતપત્રકોનું જૂથ બનાવી અલગ રાખશે. | |
| | ૬ | એ | જો સંક્રામ્ય મતપત્રકોની કુલ સંખ્યા પુરાંત કરતા ઓછી અથવા સરખી હોય તો દરેક સંક્રમિત મતપત્રક તેની છેલ્લી કિંમત સ્વીકાર કરશે. |
| | | બી | જો સંક્રામ્ય મતપત્રકોની કુલસંખ્યા પુરાંત કરતા વધારે હોય તો દરેક સંક્રમિત મતપત્રક પુરાંતના રેશિયોની સરખી કીંમત સંક્રમિત મતપત્રકો જેટલી સ્વીકારશે. અપૂર્ણાંક જો કોઇ હોય આવી નકકી કરવામાં આવેલી કિંમતમા તો તેને અવગણવામાં આવશે. |
| | | સી | પ્રત્યેક ગોણ જૂથ માંથી સંક્રમીત થયેલા ચૌકકસ મતપત્રકો તે ગૌણ જુથમાં છેલ્લા સમાવીષ્ટ કરાયેલા મતપત્રકો હશે અને આ રીતે સંક્રમિત થયેલા પ્રત્યેક મતપત્રક ઉપર એ સંક્રમણ કઇ ગણતરી |

| | | | |
|---|---|---|---|
| | | | વખતે કરવામાં આવ્યું છે તે દર્શાવી શકાય એ રીતની નિશાની કરવામાં આવશે. |
| ધારા ૨૮૦ | ૧ | જો કોઇપણ વખતની મતગણતરીને અંતે કોઇપણ ઉમેદવારને ખાતે પુરાંત હોય નહીં અથવા જો હોય તો તે પુરાંત સંક્રમિત કરવાની આવશ્યકતા હોય નહીં અને સંક્રમિત કરવામાં આવે નહીં અને એક અથવા વધારે ખાલી જગ્યા પૂરવાની રહી જાય તો, કુલસચિવ મતગણતરીમાં સૌથી છેલ્લે હોય તે ઉમેદવારને કાઢી નાંખશે. | |
| | ૨ | જો ગણતરીમાં સૌથી છેલ્લા બે કે તેથી વધારે ઉમેદવારોના મતોની સંખ્યાનો સરવાળો અસંક્રમિત પુરાંત સહિત તરતના ઉપરના ઉમેદવારને ખાતે જમા થયેલા મતોની સંખ્યા કરતા ઓછો હોય તો કુલસચિવ તેજ ગણતરીમાં ઉપર કહેલા મતગણતરીમાં છેલ્લા બે કે તેથી વધારે ઉમેદવારોને કાઢી નાંખશે અને જ્યારે મતોની સંખ્યા ઉમેદવારને ખાતે જમા થયેલા મતોની સંખ્યા જેટલી સરખી હોય તો કુલસચિવ લોટથી નક્કી કરશે કે કોને કાઢી નાંખવા. | |
| | ૩ | કોઇપણ ઉમેદવારને કાઢી નાંખ્યા પછી કુલસચિવ હવે પછી અહીં જોગવાઇ કરવામાં આવે તે સિવાય તે ઉમેદવારને ખાતે જમા કરાયેલા તમામ મતોની ચકાસણી કરશે. ચાલુ રહેતા ઉમેદવારોની તરફેણમાં તે મતપત્રકો ઉપર નોંધાયેલી તરતની બીજી પ્રાપ્ય પસંદગીના ક્રમાનુસાર સંક્રામ્ય મતપત્રકોને ગૌણ જૂથોમાં તારવશે અને જે ઉમેદવારની તરફેણમાં મત નોંધાયો હોય તે ઉમેદવારને ખાતે પ્રત્યેક ગૌણ જૂથ સંક્રમિત કરશે અને અસંક્રામ્ય મતપત્રકોને ગૌણ જૂથમાં અલગ રાખશે. | |
| | ૪ | એ | ઉમેદવારને ખાતે જમા થયેલા પત્રકો ફક્ત મૂળ પત્રકો હોય તો કુલસચિવે જૂથમાંના તમામ પત્રકોની ચકાસણી કરવાની રહેશે અને સંક્રમિત પત્રકોને પેટા જૂથોમાં અન્ય ઉપલબ્ધ પસંદગી કે જે તેના ઉપર ચાલુ ઉમેદવાર માટે તેને દરેક પેટા જૂથને તે ઉમેદવારને તબદીલ કરવાના રહેશે કે જેને માટે તે પસંદગી નોંધવામાં આવેલ હોય અને તેને વિશિષ્ટ પેટા જૂથ તરીકે બિનસંક્રમિત પત્રકો તરીકે બાજુએ મૂકવાના રહેશે આ રીતે તમામ પત્રકો ચાલુ ઉમેદવારને તબદીલ કરવામાં આવે તેની મૂળ કીંમત ૧૦૦ મતોની રહેશે. |
| | | બી | ઉમેદવારને ખાતે જમા થયેલા પત્રકો મૂળ પત્રકો તેમજ સંક્રમિત પત્રકો હોય તો કુલસચિવ પ્રથમ મૂળપત્રકોની વ્યવસ્થા આ કલાઝના પેટા કલોઝ(એ) માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ કરશે સંક્રમિત પત્રકોના પેટા જૂથોને ત્યારબાદ એક પછી એક ક્રમમાં કે જેમાં તે સંક્રમિત થયેલ હોય તેને બહાર નીકળી ગયેલા ઉમેદવારને કરવામાં આવશે |
| | | સી | નીકળી ગયેલા ઉમેદવારના સંક્રમિત થયેલા પેટા જૂથો સાથે વ્યવસ્થા કરતા કુલસચિવે આ જૂથોના તમામ પત્રકોની ચકાસણી કરવાની રહેશે અને સંક્રમિત પત્રકોને પેટાજૂથમાં અન્ય ઉપલબ્ધ પસંદગી કે |

| | | | |
|---|---|---|---|
| | | | જે તેના ઉપર ચાલુ ઉમેદવાર માટે તેને દરેક પેટાજૂથને તે ઉમેદવારને તબદીલ કરવાના રહેશે કે જેને માટે તે પસંદગી નોંધવામાં આવેલ હોય અને તેને વિશિષ્ટ પેટા જુથ તરીકે બિનસંક્રમિત પત્રકો તરીકે બાજુએ મૂકવાના રહેશે આ રીતે તમામ પત્રકો ચાલુ ઉમેદવારને તબદીલ કરવામાં આવે તેની છેલ્લી કીંમત રહેશે . |
| | | ડી | ધારા ૨૮૦ (૪) હેઠળ સંક્રમિત થયેલ દરેક પેટાજુથો ને દરેક પત્રની કીંમત મુજબ નિશાની કરવામાં આવશે અને તેને તે દર્શાવવા માટે પણ નિશાની કરવામાં આવશે જે દર્શાવે કે કયૉ સંખ્યા ઉપર સંક્રમણ થયેલ છે. |
| ધારા ૨૮૧ | ૧ | જો કોઇપણ વખતની ગણતરીને અંતે ચુંટાયેલા ઉમેદવારોની સંખ્યા પૂરવાની ખાલી જગ્યાની સંખ્યા જેટલી થશે તો મતોનું આગળ વધુ સંક્રમણ કરવામાં આવશે નહી. | |
| | ૨ | જો કોઇ ઉમેદવાર કે ઉમેદવારોના નીકળી જવાથી ચાલુ રહેતા ઉમેદવારોની સંખ્યા વણપુરાયેલી ખાલી જગ્યાની સંખ્યા જેટલી જ થાય તો ચાલુ રહેતા ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે અને મતોનું આગળ વધુ સંક્રમણ કરવામાં આવશે નહી . | |
| ધારા ૨૮૨ | જે ક્રમમાં તેઓ છૂટા છુટા ચૂંટાયા હોય તે ક્રમ ચૂંટાયેલા સભ્યોની ચૂંટણીની અગ્રતાનો ક્રમ રહેશે. જો કોઇપણ વખતની ગણતરીને અંતે બે કે વધારે ઉમેદવારો ચૂંટાય ત્યારે અગ્રતાનો ક્રમ આવા ઉમેદવારોને ખાતે જમા થયેલા મતોની સંખ્યા અનુસાર સૌથી મોટી સંખ્યાથી આરંભાતો રહેશે. | | |
| ધારા ૨૮૩ | ૧ | જ્યારે જ્યારે કોઇપણ પ્રકારનું સંક્રમણ કરવામાં આવે ત્યારે ત્યારે સંક્રમિત કરેલા તમામ મતપત્રકોનું ગોણ જૂથ જેતે વખતે સંક્રમિત થયા હોય તે ઉમેદવારોના મતપત્રકોના જૂથ જો હોય તો મથાળા ઉપર મૂકવામાં આવશે અને જેટલા મતપત્રકો તેમને ખાતે સંક્રમિત થયા હોય તેટલી મત સંખ્યા તેને ખાતે જમા કરવામાં આવશે. | |
| | ૨ | અસંક્રામ્ય મતપત્રકો જુદા જુથ તરીકે કોઇપણ બિનસંક્રમિત મતપત્રકો સાથે અલગ રાખવામાં આવશે | |
| ધારા ૨૮૪ | કોઇપણ ચૂંટણીમાં મતોની સંખ્યા સરખી થવાના પ્રસંગોએ કુલસચિવ ચકાસણી સમિતિની હાજરીમાં ચિઠ્ઠી નાંખીને તે દ્વારા પરિણામ નક્કી કરશે | | |
| ધારા ૨૮૫ | ચકાસણી પૂરી થતા કુલસચિવ તરત જ કુલપતિને ચકાસણીનું પરિણામ સુપ્રત | | |

| | | |
|---|---|---|
| | કરશે અને તેમની પરવાનગીથી તેની જાહેરાત કરશે. | |
| ધારા ૨૮૬ | કુલસચિવ મતપત્રકો સીલ કરીને પોતાના કબજામાં રાખશે અને ચૂંટણીના પરિણામની જાહેરાત પછીના ત્રીસ દિવસો પૂરા થતાં તેનો નાશ કરશે | |
| ધારા ૨૮૭ | એ | જો ઉમેદવાર એક કરતા વધારે મતદાર વિભાગમાંથી સેનેટમાં ચૂંટાય તો આવી છેલ્લી ચૂંટણીઓમાંની છેલ્લી ચૂંટણીનું પરીણામ ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખના સાત દિવસની અંદર પોતાની સહીવાળી લેખિત નોટીસ કુલસચિવને આપીને આ મતવિભાગોમાંથી કયા મતદારવિભાગનું પ્રતિનિધિત્વ તેને ધરાવવું છે તેની પસંદગી કરશે અને એક વખત કરેલી આ પસંદગી છેવટની રહેશે. |
| | બી | જો ઉમેદવાર અહીં ઉલ્લેખાયેલી પસંદગી નિયત સમયગાળા દરમ્યાન નહીં કરે તો કુલસચિવ કયા મતદારવિભાગનું તે પ્રતિનિધિત્વ ધરાવશે તેઅંગે નિર્ણય કરશે અને તેમનો નિર્ણય છેવટનો રહેશે. |
| | સી | જ્યારે ઉમેદવાર પોતે આવી પસંદગી કરે અથવા કુલપતિ નિર્ણય આપે ત્યારબાદ તરત કુલપતિ આવી પસંદગી અથવા નિર્ણયને કારણે જે મતદાર વિભાગમાં જગ્યા ખાલી પડી હોય તે જગ્યા અંગે ચૂંટણી કરવાની સૂચના કુલસચિવને આપશે. |
| | ડી | આવી જગ્યા નહીં પૂરાઇ હોય તેમ છતાં સેનેટ સંબંધિત ધારા અનુસાર ચૂંટણીઓ કરવાનું કાર્ય આગળ ચલાવશે. |

# પ્રકરણ ૧૯

## પરચૂરણ

## ૧.યુનિવર્સિટીના સભ્યપદ ઉપરથી બરતરફી અથવા ડિગ્રી અથવા ડિપ્લોમા પરત ખેંચી લેવા બાબત

| | | |
|---|---|---|
| ધારા ૨૮૮ | કલમ ૪૭ (૧) માં વિચારાયેલા પગલા લેતા પહેલા સંબંધિત વ્યકિતને તેની સામે વિચારાયેલા પગલા અને જાણ કરવાનું અને તેને આવી નોટીશ કાઢયાની તારીખથી એકવીસ દિવસની અંદર તેને જે બચાવ રજુ કરવો હોય તે બચાવ જાતે હાજર રહી અથવા લેખિત નિવેદન રુપે રજુ કરવાની તક આપવાનું સિન્ડિકેટ માટે ફરજીયાત છે આ રીતે રજુ થયેલા વિચારને ધ્યાનમાં લીધા પછી પણ જો સિન્ડિકેટ તેની સામે પગલા લેવાની ભલામણ સનેટને કરે તો તેવી ભલામણની નકલ સેનેટની જે સભા સમક્ષ તેનો કેસ વિચારણામાટે રજુ થવાનો છે તેસભાની જાણ કરતી તારીખના પત્ર સહિત તેને મોકલવામાં આવશે અને તેને ખબરઆપવામાં આવશે કે તેને જો વધારાનું લેખિત નિવેદન કરવું હોય તો તે સભાની તારીખના છ અઠવાડીયા પહેલા સિન્ડિકેટને મોકલવું.જો આવું કોઇ નિવેદન મળે તો તે નિવેદન સિન્ડિકેટની તેને લગતી ભલામણ સહિત તથા તે કેસને લગતી સંબંધિત વિગતો સેનેટ સમક્ષ રજુ કરવામાં આવશે. | |
| **૨.ફેલોશીપ/શિષ્યવૃત્તિ/ઇનામો/ચંદ્રકો અને અન્ય એવોર્ડો અંગેના દાનોની સ્વિકૃતિ** | | |
| ધારા ૨૮૯ | ૧ | વસિયતો,દાનો અને દેણગી અંગેની ઓફરો જેની વ્યવસ્થા કરવાનો અધિકાર યુનિવર્સિટીને મળતો હોય તે તેની વાર્ષિક ઉપજમાંથી પાંચ ટકા જેટલી રકમ વ્યવસ્થા ફી તરીકે બાદ કરવાને પાત્ર બનશે એ શરતને આધીન રહી સ્વીકારવી અને દર વર્ષે આ પ્રકારે બાદ કરવાને કારણે ઉપજતી રકમ પ્રત્યેક નાંણાકીય વર્ષના આરંભે આ શરતમાંથી યુનિવસિટીના જનરલ ફંડમાં જમા કરાવવી. જો કે તે સિન્ડિકેટ માટે સક્ષમ રહેશે કે અમુક દાનો ૫ ટકા આવકમાંથી વ્યવસ્થા ફી તરીકે બાદ કરવામાંથી મુકિત આપવાની રહેશે. |
| | ૨ | જે કોઇ દેણગીનો લાભ કોઇપણ ન્યાત/ધર્મ અથવા કોમ પૂરતો મર્યાદીત હોય અથવા જેની વાર્ષિક ઉપજ શિષ્યવૃત્તી આપવાના હેતુ માટે રુ ૨૪૦૦/- |

| | | |
|---|---|---|
| | | થી ઓછી હોય અને ઇનામ આપવાના હેતુ માટે રુ. ૬૦૦/- થી ઓછી હોય અને ચંદ્રક આપવાના હેતુ માટે રુ.૧૫૦૦/-થી ઓછી હોય તે દેણગી યુનિવર્સિટી સ્વીકારશે નહીં |
| **શિક્ષણનું માધ્યમ** | | |
| ધારા ૨૯૦ | ૧ | ગુજરાતી ભાષા શિક્ષણના અને પરીક્ષણના માધ્યમ તરીકે રહેશે. |
| | ૨ | ઉપર ૧ માં જે જણાવવામાં આવ્યું હોય તેમ છતાં કોઇપણ સંલગ્ન કોલેજ, માન્ય સંસ્થા અથવા યુનિવર્સિટી વિભાગને અંગ્રેજી અથવા હિન્દીનો શિક્ષણના માધ્યમ માટે ઉપયોગ કરવાની અને કોઇપણ વિદ્યાર્થીને પરીક્ષાના માધ્યમ તરીકે અંગ્રેજી અથવા હિન્દીનો ઉપયોગ કરવાની છૂટ રહેશે. |
| | ૩ | ઉપર ૧ માં જે જણાવવામાં આવ્યું હોય તેમ છતાં સંશોધન કરનાર કોઇપણ વિદ્યાર્થીને પોતાની થીસીસ ગુજરાતી અથવા અંગ્રેજી અથવા હિન્દીમાં સુપ્રત કરવાની છૂટ રહેશે. |
| | ૪ | ઉપર ૧ માં જે જણાંવવામાં આવ્યું હોય તેમ છતાં આધુનિક ભારતીય ભાષાઓમાં શિક્ષણ અને પરીક્ષણ માટેનું માધ્યમ તે તે ભાષા જ રહેશે. |
| ધારા ૨૯૧ | શિક્ષણ અને સંશોધન માટે નીચેના વિભાગો રહેશે અને આ વિભાગો નીચેના વિષયોમાં અનુસ્નાતક શિક્ષણ, માર્ગદર્શન અને સંશોધનનું કાર્ય કરશે | |
| | 1. Department of Economics<br>2. Department of Public Administration<br>3. Department of Sociology<br>4. Department of Psychology<br>5. Department of Human Resource Development<br>(The Syndicate may organize these Departments into a University School of Social Sciences for administrative purpose.)<br>6. Department of Gujarati<br>7. Department of English<br>8. Department of Linguistics<br>9. Department of Comparative literature<br>(The Syndicate may organize the Departments into a University School of languages for administrative purpose provided that the Department of English may be required to participate in teaching English to other Classes as may be determined by the Syndicate.) | |

| | |
|---|---|
| | 10. Department of Mathematics<br>11. Department of Statistics<br>12. Department of Physics<br>13. Department of Chemistry<br>14. Department of Bio - Science<br>15. Department of Electronics Science<br>16. Department of Aquatic Biology.<br>(The Syndicate may organize these Departments into a University School of Sciences for administrative purpose.)<br>17. Department of Computer Science<br>18. Department of Information & Communication Technology<br>19. Department of Biotechnology<br>20. Mahatma Gandhi Department of Rural Studies<br>21. Department of Business and industrial Management<br>22 Department of Law<br>23. Department of Education<br>24. Department of Library and Information Science<br>25. Department of Continuing Education and Extension Work.<br>26. Department of Journalism and Mass Communication<br>27. Department of Commerce |
| ધારા ૨૯૩ | દરેક વિભાગના સિન્ડિકેટે નીમેલા વડા હશે. સિન્ડિકેટ વિભાગના અધ્યાપકગણમાંથી રીડરના હોદ્દાથી ઊતરતા ન હોય એવા પૂર્ણ સમયના શ્રેયાન શિક્ષકને વિભાગના વડા તરીકે કામ કરવાને નીમશે. કાયમી ઇસમ રજા ઉપર ગયા હોય તેને સ્થાને યુનિવર્સિટી વિભાગના વડા તરીકે કામચલાઉ નિમાયેલા પૂર્ણ સમયના શિક્ષક કલમ ૧૬ (૧) વર્ગ ૧ (સી) (૧) વિભાગ ૧૯ (૧) (૬) કલમ ૧૬ (૨) (૧) ના હેતુઓ માટે યુનિવર્સિટી વિભાગના વડાનો ઓધ્ધો ધરાવતા ગણાંશે નહીં તેમજ ધારાઓ અને અધ્યાદેશોમાં જ્યાં જ્યાં વિભાગના વડાઓના હોદ્દાનો ઉલ્લેખ આવે ત્યાં ત્યાં તે તે હેતુઓ માટે પણ ગણાંશે નહીં. ઉપર જણાંવેલી હકીકત હોવા છતાં જો અવસાન, નિવૃત્તિ, રાજીનામુ અથવા નોકરીમાંથી છૂટા કરવાના અથવા એવા અન્ય કોઇ કારણસર ખાલી પડેલી જગ્યામાં વિભાગમાં રીડરના હોદ્દાથી નીચેના ન હોય એવા પૂર્ણ સમયના શ્રેયાન શિક્ષક વિભાગના કાર્યકારી વડા તરીકે નિમાયા હોય તો તેઓ ઉપર જણાવેલા હેતુઓ માટે હોદ્દો ધરાવતા ગણાંશે. |

| કોલેજ વિકાસ કાઉન્સીલ બંધારણ | | |
|---|---|---|
| ધારા ૨૯૪ | કોલેજ વિકાસ કાઉન્સીલમાં નીચેનાઓની બનેલી રહેશે<br>૧। કુલપતિ<br>૨। કાઉન્સીલના વડા<br>૩। ઉચ્ચ શિક્ષણ ગુજરાત રાજ્યના નિયમક અથવા તેમના પ્રતિનિધિ<br>૪। યુનિવર્સિટી શિક્ષણ વિભાગના વરીષ્ઠ ૫ શિક્ષકો જેમને સિન્ડિકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ હોય.<br>૫। સંલગ્ન કોલેજના ૯ આચાર્યો જેમને સિન્ડિકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ હોય.<br>૬। સંલગ્ન કોલેજના ૯ શિક્ષકો જેમને સિન્ડિકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ હોય | |
| **કાઉન્સીલના વડા** | | |
| ધારા ૨૯૫ | ૧ | કોલેજ વિકાસ કાઉન્સીલના વડાની નિમણૂંક સિન્ડિકેટ દ્વારા પસંદગી સમિતિની ભલામણથી કરવામાં આવશે તેમની નિમણુંક યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશનની વખતોવખત કરવામાં આવેલ ભલામણથી તે પગારમાં કરવામાં આવશે .જે વ્યકિત પ્રતિનિયુકિત ઉપર હોય તે અન્ય પરવાનગી યુક્ત ભથ્થા અને પ્રતિનિયુકિતને પાત્ર રહેશે. |
| | ૨ | કોલેજ વિકાસ કાઉન્સીલના વડાની મુદત ૩ વર્ષની રહેશે તેમને અન્ય ૩ વર્ષ માટે નિમણૂંક આપી શકાશે. |
| | ૩ | વડાનું કાર્યાલય અવસાન,રાજીનામું અથવા તેમણે ૬૫ વર્ષની વય ધારણ કર્યેથી ખાલી કરવામાં આવશે અને તે ડીન તરીકે પણ બંધ થશે જો તે યુનિવર્સિટી વિસ્તારની બહાર ૬ કરતાં વધુ માસ માટે કુલપતિની પરવાનગી અગાઉથી લીધા વગર ગયા હશે તો. (સભાની કાર્યવાહી ) |
| ધારા ૨૯૬ | કુલસચિવ દ્વારા ૭ દિવસની નોટીસ સભ્યોને કોલેજ વિકાસ કાઉન્સીલની સભા માટે આપવામાં આવશે. | |
| ધારા ૨૯૭ | કાઉન્સીલ સામાન્ય શેતે ઓછામાં ઓછી બે વખત શૈક્ષણિક વર્ષમાં મળશે અથવા અન્ય સમયે જ્યારે કુલપતિ દ્વારા કરવામાં આવે ત્યારે અથવા તેમની ગેરહાજરીમાં કાઉન્સીલના વડા દ્વારા અથવા બન્નેની ગેરહાજરીમાં કાઉન્સીલના સભ્યોમાં વરીષ્ઠ આચાર્ય દ્વારા મળશે. | |

| | | |
|---|---|---|
| ધારા ૨૯૮ | કાઉન્સીલની ઓફીસની મુદત ૩ વર્ષની રહેશે જો કે વ્યકિત કાઉન્સીલના સભ્ય તરીકે ત્યારે બંધ ધશે જો તે શિક્ષક અથવા આચાર્ય તરીકે બંધ થશે અથવા તે કાઉન્સીલની ચાર સભામાં સતત ગેરહાજર રહે. અવસાન, રાજીનામુ અથવા અન્ય રીતે ખાલી પડેલી જગ્યા તેવીજ રીતે ધારા ૨૦૪માં જણાંવ્યા મુજબ ભરવામ઼ાં આવશે. | |
| ધારા ૨૯૯ | કુલપતિ અથવા તેમની ગેરહાજરીમાં કાઉન્સીલના ડીન કાઉન્સીલનું સ્થાન લેશે. કુલપતિની ગેરહાજરીમાં સભા પોતાના અધ્યક્ષ ધંધો ચલાવવા માટે જાતે જ ચૂંટશે. | |
| ધારા ૩૦૦ | આવી કાઉન્સીલની સભાની કાર્યસાધક સંખ્યા ૭ સભ્યોની રહેશે. જો કાર્ય સાધક સંખ્યા સભાની શરુઆતના સમયના અડધા કલાક બાદ ' ન થાય તો સભા તુરંત મુલતવી એવી તારીખે રાખવામાં આવશે કે જે કુલપતિ દ્વારા નિયુક્ત કરવામાં આવશે. આવી મુલતવી રહેલી સભા માટે કાર્યસાધક સંખ્યાની જરુર રહેશે નહીં. | |
| ધારા ૩૦૧ | કાઉન્સીલની સભામાં તમામ મુદ્દાઓ હાજર રહેલા સભ્યોની બહુમતીથી નકકી કરવામાં આવશે. અધ્યક્ષને મત આપવાનો અધિકાર રહેશે અને સરખા મતો પડે તો બીજો વધારાનો મત આપવાનો અધિકાર રહેશે. | |
| ધારા ૩૦૨ | જ્યારે કાઉન્સીલના વડા મથક બહાર કાઉન્સીલના કામ માટે જાય અને અથવા યુનિવર્સિટીના કામ માટે તો તેઓ મુસાફરી અને રહેવાના ભથ્થા યુનિવર્સિટીના નિયમો મુજબ મેળવવા હકદાર રહેશે. | |
| | સત્તા અને ફરજો | |
| ધારા ૩૦૩ | કોલેજ વિકાસ કાઉન્સીલ યુનિવર્સિટી સાથે અથવા સંબંધિત અન્ય મંડળો સાથે પરામર્શ કરી ભલામણ કરશે કે આવા તમામ પગલાઓ કે જે તેને યોગ્ય લાગે તે મુજબ બઢતી, સહકાર અને કોલેજમાં શિક્ષણનું ધોરણ ઊંચુ લાવવા અને તેના કાર્યો કરવાના હેતુ માટે તે, | |
| | ૧ | પોલીસી બનાવવાના મંડળ તરીકે કોલેજના યોગ્ય પ્લાનીંગ અને સંકલિત વિકાસ માટે કાર્ય કરશે. |
| | ૨ | તમામ સંલગ્ન કોલેજોનો જીલ્લા વાઇસ સર્વે કરાવશે કે જેથી દરેક કોલેજો ઉપર સંપૂર્ણ પ્રોફાઇલ તૈયાર કરી યુનિવર્સિટી હેઠળ જાળવી શકાય, હયાત સગવડોને ફેરવિચાર કરશે અને કોલેજના વિકાસ માટેની |

| | | |
|---|---|---|
| | | જુરીયાત ઓળખશે અને આવી માહિતી યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અને સંબંધિત અન્ય મંડળો માટે ઉપલબ્ધ કરશે. |
| | ૩ | યુનિવર્સિટીને સંલગ્ન કોલેજોના વિકાસની તમામ બાબતો ઉપર સલાહ આપશે જેવી કે પૂરતી સગવડો શૈક્ષણિક અને શારીરિક શિક્ષણ, સંશોધનનું ધોરણ ઊંચુ લાવવા તેમ જ તેનો પખવાડીક મૂલ્યાંકન કરશે કે જેથી યુનિવર્સિટી યોગ્ય પોલીસીઓ કોલેજના વિકાસ માટેની ચાલુ રાખી શકે. |
| | ૪ | નવી કોલેજો ખોલવા અને તેને વિકસાવવા પ્રતિપ્રેક્ષ્ય પ્લાન તૈયાર કરશે જેથી યુનિવર્સિટી અને રાજ્ય શિક્ષણ સત્તાધીશો કોલેજની યોજના અને વિકાસ માટે લાંબાગાળાના નિર્ણય કરી શકે અને યુનિવર્સિટીને જુદા જુદા શિસ્તની બાબતો કે જે કોલેજોમાં જુદાજુદા યુનિવર્સિટી શિક્ષણના સ્તરે શિખવાડવામાં આવે તે માટે સલાહ આપશે. |
| | ૫ | યુનિવર્સિટીની સંલગ્ન કોલેજો ઉપરની પોલીસીના અમલ અને તર્ક સંગતીકરણ માટે યુનિવર્સિટીને સલાહ આપશે. |
| | ૬ | કોલેજો સાથે નજીકના સંપર્ક કે તેમને તેમના વિકાસમાં મદદ કરવા, શિક્ષકોની પસંદગી, વિદ્યાર્થીઓની સવલતોના વિકાસ, અનુદાનનો યોગ્ય ઉપયોગ અને યુનિવર્સિટીના અનુદાન કમીશનના મંજૂર પ્રોજેક્ટ અને સુધારાનો કાર્યવાહક અમલ કરશે એટલે કે પરીક્ષા સુધારા, અભ્યાસક્રમો , COSIP ,COSHIP ,અભ્યાસક્રમની પુનઃ રચના ફક્ત વિદ્યાર્થીઓ માટે જ નોંધનીય નહી પરંતુ આખા પ્રદેશમાં જુરીયાતની આકારણી સામાજીક પરિવર્તન અને પ્રાદેશિક વિકાસ માટે કરવામાં આવશે |
| | ૭ | કોલેજના અનુસ્નાતક ખાતાની સગવડો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન દ્વારા નક્કી કરવામાં આવેલ નિયમોની ફેર વિચારણા કરશે અને તેઓને થોડા વર્ષોમાં તે નિયમો સુધી પહોંચવા તેવી ક્ષમતા ધરાવનારાઓને સહાય કરશે |
| | ૮ | અમૂક કોલેજોના પસંદગીના વિકાસ માટે પ્રાદેશિક અવ્યવસ્થા દૂર કરવા મદદ કરશે અને કોલેજોને મદદ કરશે તેઓની ક્ષમતાનું ધ્યાન દોરવામાં મદદ કરશે અને કોલેજના સંતોષમાં સ્વાયત્ત કોલેજનું સ્ટેટસ આપશે. |

| | | |
|---|---|---|
| | ૯ | યુનિવર્સિટી અનુદાન કમીશનના અનુદાનની અસરનું મૂલ્યાંકન અને આકારણી કોલેજ ઉપર જુદાજુદા વિકાસના પ્રોજેક્ટોના અમલ માટે કરશે. |
| | ૧૦ | યુનિવર્સિટી અનુદાન કમીશનનુ અનુદાન કે જે યુનિવર્સિટીને કોલેજોને આપવા કરવામાં આવે તેને લોકડઅપ કરવામાં આવેલ નથી અથવા તેનો ઉપયોગ જે હેતુ માટે અનુદાન મંજૂર કરવામાં આવેલ હોય તેના કરતા અન્ય હેતુ માટે કરવામાં આવે કે કેમ તેની ખાતરી કરશે. અને તે પણ ખાતરી કરશે આ અનુદાનો યોગ્ય અને ઝડપથી કોલેજોને કમીશન દ્વારા બનાવવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ આપવામાં આવે. |
| | ૧૧ | કમિશનને વાપરવાના પ્રમાણપત્રો અને પુર્ણ દસ્તાવેજો કોલેજમાંથી મેળવીને યુનિવર્સિટી અનુદાન કમિશનના અનુદાન બાબતના કે જે કોલેજમાં યુનિવર્સિટી થકી આપવામા આવે અને યુનિવર્સિટી અનુદાન કમીશનના કાર્યક્રમો કે જે સંલગ્ન કોલેજો દ્વારા અમલ કરવામાં આવે તેને મોનીટર કરવામાં મદદ કરશે. |
| | ૧૨ | યુનિવર્સિટીના શૈક્ષણીક સત્તાધીશ/અનુસ્નાતક વિભાગો અને કોલેજો વચ્ચે નજીકનો સંપર્ક અને ક્રિયા પ્રતિક્રિયાની ખાતરી કરશે. |
| | ૧૩ | કોલેજોના ચકાસણી અહેવાલોની ફેર તપાસ કરશે અને ખામીઓ અને અનિયમિતતાઓ કે જે નોંધવામાં આવેલ હોય તે માટે ઉપાયનું સૂચન કરશે. |
| | ૧૪ | એવા અન્ય કાર્યો કે જે નિયત કરવામાં આવેલ હોય અથવા જે કોલેજના શિક્ષણ માટે જરુરી હોય અને એવી ફરજો બજાવશે કે જે ઉપરોક્ત કાર્યો કરવા માટે પ્રાસંગિક કે વાહક હોય. |

END NOTES:

1. "Veer Narmad South Gujarat University" words were substituted for the words "Vir Narmad South Gujarat University" by vide Gujarat Government Gazatte VOL LIII, on the 15th March, 2012.
2. Under section 30 (6) The Chancellor has given assent to the amended Statute - 22 as passed by the Senate at its Annual Meeting held on Dt.25-03-2014, Vide letter No. UNI - 1414 - U - 515 - GS - 1200, Dt. 18-2-2015.
3. The words "Rector" the words "Pro-Vice-Chancellor" shall be substituted vide Gujarat Government Gazette Vol [XXIII] on the 24 February 1982.
4. Under section 30 (6) the Chancellor has given assent to the amended Statute 106, as passed by the Senate at its Annual Meeting held on Dt.25-03-2010, Vide letter No. UNI - 1415 - U - UOR- 102 - GS, Dt.: 19/10/2015.
5 Under section 30 (6) the Chancellor has given assent to the amended Statute 120, as passed by the Senate at its Annual Meeting held on 26-03-2010, vide letter No. UNI - 1415 - U - UOR-102 - GS, Dt.: 19/10/2015.
6. Under section 30(6) The Chancellor has given assent to the amended Statute - 228 as passed by the Senate at its Annual Meeting held on Dt.25-3-2014, Vide letter No. UNI - 1414 - U - 515 - GS - 1200, Dt. 18-2-2015.
7. Under section 30 (6) The Chancellor has given assent to the amended Statute 291, as passed by the Senate at its Annual Meeting held on Dt.25-03-2008, Dt. 29-03-2012, Dt.25-3-2014, Dt.26-03-2015, vide letter No. UNI– 1415– U– 4581- 65, Dt.: 19-09-2015

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

અધ્યાદેશો

(ORDINANCES)

( તા.૩૧/૦૧/૨૦૨૨ સુધી સુધારેલ અધ્યાદેશો )

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી[1]

## અધ્યાદેશો (ORDINANCES)

## તા.૩૧. ૦૧. ૨૦૨૨ સુધીના સુધારેલ

## (૧) ગ્રંથાલય સમિતિ

| | | |
|---|---|---|
| અ.૧ | ગ્રંથાલય સમિતિનું માળખું ઃ | |
| | ૧ | કુલપતિ |
| | ૨ | ઉપકુલપતિ[2] |
| | ૩ | કુલસચિવ |
| | ૪ | વિદ્યાશાખાના અધ્યક્ષો |
| | ૫ | યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના વડાઓ |
| | ૬ | મંજૂર માન્યતાપ્રાપ્ત સંસ્થાના વડા/નિયામક |
| | ૭ | સિન્ડિકેટ દ્વારા નિયુક્ત એવા ત્રણ સભ્યો |
| | ૮ | સિન્ડિકેટ દ્વારા નિયુક્ત એવા અનુસ્નાતક કેન્દ્રના એક પ્રભારી પ્રાધ્યાપક |
| | ૯ | કુલપતિ દ્વારા નિયુક્ત પીએચ.ડી. કરતા એક સંશોધક |
| | ૧૦ | ગ્રંથપાલ (સચિવ) ( સભ્ય સચિવ) |
| અ.૨ | કુલપતિ અને એમની ગેરહાજરીમાં કુલનાયકશ્રી અથવા એ બન્નેની ગેરહાજરીમાં સભાએ ચૂંટેલા સભ્યશ્રી સમિતીની સભાના પ્રમુખ તરીકે સંચાલન કરશે. આ ચૂંટણી થાય તેટલા સમય પૂરતા હાજર રહેલા વિદ્યાશાખાઓના અધ્યક્ષોમાંથી જે શ્રેયાન હોય તે અધ્યક્ષ સ્થાને બિરાજશે | |
| અ.૩ | સમિતિના સભ્યો ત્રણ વર્ષ સુધી હોદ્દો ધરાવશે અને તેમની ફરી નિમણૂંક કરી શકાશે. ગ્રંથાલય સમિતિના સભ્યનો હોદ્દો અવસાનને કારણે, રાજીનામાના કારણે અથવા તો અનુક્રમે ચાર લાગલગાટ સભાઓમાં ની સભ્યોની ગેરહાજરીના કારણે ખાલી પડેલું ગણાશે.સમિતિમાં પડેલી કોઇપણ ખાલી જગ્યા સિન્ડિકેટ પૂરશે | |
| અ.૪ | સમિતિ દરેક સત્રમાં બે વાર મળશે - જુલાઇ,ઓકટોબર,ડિસેમ્બર અને માર્ચ માસમાં કોઇક સમયે અને બીજા સમયે જ્યારે અધ્યક્ષ અથવા એમની ગેરહાજરીમાં સમિતિના સૌથી વધારે શ્રેયાન સભ્ય બોલાવે ત્યારે મળશે. પરંતુ સમિતિના છ થી ઓછા નહિ હોય એટલા સભ્યો સભા બોલાવવાની માંગણી કરે ત્યારે સભા બોલાવવા વિનંતીપત્રની પ્રાપ્તિના | |

| | | |
|---|---|---|
| | પંદર દિવસના ગાળાની અંદર અધ્યક્ષ સમિતિની સભા બોલાવશે | |
| અ.૫ | સમિતિના સાત સભ્યો કાર્યસાધક સંખ્યા ગણાશે. | |
| અ.૬ | હાજર રહેલા સભ્યોની બહુમતીથી દરેક પ્રશ્નનું નિરાકરણ થશે.અધ્યક્ષ એક મત આપી શકશે પણ જે કિસ્સામાં સરખા મતો પડે તે કિસ્સામાં અધ્યક્ષને વધારાનો મત આપવાનો અધિકાર રહેશે. | |
| અ.૭ | ૧ | ગ્રંથાલય સમિતિ સિન્ડિકેટના અંકુશને આધીન રહી ગ્રંથાલયનો વહીવટ કરશે અને ગ્રંથાલય સાથે સંકળાયેલી કોઇપણ બાબત જે સિન્ડિકેટે એમને સોંપી હોય તે વિશે સિન્ડિકેટને સલાહ આપશે. સવિશેષે અને ઉપર જણાંવેલા સામાન્ય અધિકારને અવરોધ્યા વિના સમિતિને નીચેની બાબતો અંગે સલાહ આપવાનો અધિકાર રહેશેઃ<br>અ ગ્રંથાલય અંગે જુદા રાખેલા નાણાંકીય ભંડોળનો વહીવટ.<br>બ. ગ્રંથાલય સાથે સંકળાયેલી કોઇપણ બાબત. |
| | ૨ | સમિતિ સિન્ડિકેટને જાણ ખાતર પુસ્તકોની ખરીદી વિશે અને સમિતિના અભિપ્રાય મુજબ જે પુસ્તકો નફામાં હોય,વિનિમય કરી શકાય એવા ન હોય અથવા બીજી કોઇરીતે બિન ઉપયોગી હોય તેના નિકાલ અંગે અહેવાલ આપશે. આ અધ્યાદેશના હેતુમાં પુસ્તકોમાં હસ્તપત્રો અને સામાયિકો પણ સામેલ થઇ જાય છે |
| | ૩ | ગ્રંથાલય સમિતિને વખતોવખત ગ્રંથાલયને લગતા નિયમો ઘડવાની અને તેમાં સુધારો કરવાની સત્તા રહેશે .આવા નિયમો અને તેમાં કરાયેલા સુધારાની જાણ સિન્ડિકેટને કરવાની રહેશે. |
| અ.૮ | ગ્રંથાલય માટે બધાં ભંડોળનો હિસાબ ગ્રંથાલય સમિતિ રાખશે અને દર ત્રણ મહિને સિન્ડિકેટમાં આ હિસાબ રજુ થાય તે માટે કુલસચિવને હિસાબની વિગતો મોકલશે । | |
| અ.૯ | "ગ્રંથાલય હિસાબ" ના લિખિતરુપે નામે એક અલગ ખાતુ બેંકમાં રાખવામાં આવશે. | |
| અ.૧૦ | ગ્રંથાલય માટે ખરીદવામાં આવેલા પુસ્તકોનાં બીલની ચકાસણી ગ્રંથાપાલે કરવાની રહેશે. | |
| અ.૧૧ | ચેકમાં દર્શાવેલી રકમ બીલમાં જણાવ્યા પ્રમાણેની છે એની ખાતરી કુલસચિવને થયા બાદ ચેક પર તેઓ સહી કરશે. | |

| (૨) યુનિવર્સિટી મકાનોનો વિકાસ | | |
|---|---|---|
| અ.૧૨ | યુનિવર્સિટી પ્રતિષ્ઠાન વિકાસ અને મકાન સમિતિ નીચેના સભ્યોની બનશે : | |
| | ૧ | કુલપતિ |
| | ૨ | ઉપકુલપતિ જો હોય તો |
| | ૩ | સિન્ડિકેટ દ્વારા નિમાયેલા સિવિલ અથવા સ્ટ્રક્ચરલ એન્જિનિયરીંગના પ્રાધ્યાપક |
| | ૪ | સુપ્રીન્ટેન્ડન્ટ ઇજનેર (રસ્તો અને બાંધકામ) સુરત. |
| | ૫ | સિન્ડિકેટે નિયુક્ત કરેલા ત્રણ કે એથી વધુ સભ્યો |
| | ૬ | કુલસચિવ, (સભ્ય સચિવ) |
| અ.૧૩ | વાર્ષિક પદવીદાન સમારંભ પહેલા સમિતિ એક વાર મળશે અને બીજા સમયે જ્યારે કુલપતિશ્રી બોલાવે ત્યારે મળશે. | |
| અ.૧૪ | સમિતીની સભાનું અધ્યક્ષપદ કુલપતિશ્રી અથવા એમની ગેરહાજરીમાં ઉપકુલપતિશ્રી લેશે. એ બન્નેની ગેરહાજરીમાં સભ્યો અધ્યક્ષને ચૂંટી કાઢશે . | |
| અ.૧૪.અ | સમિતિના ચાર સભ્યોની હાજરી કાર્યસાધક સંખ્યા ગણાશે. | |
| અ.૧૫ | સમિતિને હસ્તક યુનિવર્સિટી મકાનોનો અખત્યાર રહેશે અને હોય તે મકાનોમાં દુરસ્તી, ફેરફારો અથવા વધારાઓ જે અને જરુરી અને તાકીદના લાગે તે અંગે સિન્ડિકેટને ભલામણ કરશે. સમિતી સિન્ડિકેટને યુનિવર્સિટીના મકાનોને લગતી બધી બાબતો અંગે સલાહ આપશે . | |
| (૩) અનુદાન ઉપયોગ સમિતિ | | |
| અ.૧૬ | અનુદાન ઉપયોગ સમિતી નીચેના સભ્યોની બનશે : | |
| | ૧ | કુલપતિ |
| | ૨<br>૩ | ઉપકુલપતિ જો હોય તો,<br>ત્રણ વર્ષના સમયગાળા માટે સિન્ડિકેટે નિયુક્ત કરેલા પાંચ સભ્યો. |
| અ.૧૭ | વર્ષમાં એક વાર વાર્ષિક પદવીદાન સમારંભ પછી સમિતિ મળશે અને બીજા સમયે કુલપતિશ્રી અથવા ઉપકુલપતિશ્રી અને એમની ગેરહાજરીમાં સમિતિના શ્રેયાન સભ્ય બોલાવે ત્યારે મળશે. | |
| અ.૧૮ | કુલપતિ અથવા એમની ગેરહાજરીમાં ઉપકુલપતિશ્રી સમિતિની સભાનું અધ્યક્ષ પદ લેશે. બન્નેની ગેરહાજરીમાં સમિતીના સૌથી વધુ શ્રેયાન સભ્ય અધયક્ષપદ લેશે. | |
| અ.૧૯ | સમિતિના ત્રણ સભ્યોની હાજરી કાર્યસાધક સંખ્યા ગણાશે. | |
| અ ૨૦ | " પ્રકાશન અનુદાન" હેઠળ આવતા અનુદાન સીવાય અનુદાન માટેની બધી અરજીઓ ઉપર સમિતિ વિચાર કરશે ને સિન્ડિકેટ ને તે ભલામણ | |

| | | | |
|---|---|---|---|
| | કરશે. | | |
| (૪) **યુનિવર્સિટી માહીતી બ્યુરો સમિતિ**<br>૨૧ થી ૨૭ અધ્યાદેશો રદ કરાયેલા છે | | | |
| (૫) **યુનિવર્સિટી રોજગાર સમિતિ**<br>૨૮ થી ૩૨ અધ્યાદેશો રદ કરાયેલા છે | | | |
| (૬) **નાણાં સમિતિ** | | | |
| અ.૩૩[૧૮] | નાણાં સમિતી નીચેના સભ્યોની બનશે : | | |
| | ૧ | કુલપતિ (અધ્યક્ષ) | |
| | ૨ | ઉપકુલપતિ , | |
| | ૩ | સિન્ડિકેટ તેના સભ્યોમાંથી છ કરતા વધુ નહિ તેટલા નીમેલા વ્યકિતઓ | |
| અ.૩૪ | નાંણા સમિતિનું કાર્ય નીચે મુજબનું રહેશે : | | |
| | ૧ | સિન્ડિકેટ વતી રુ.૧૦,૦૦૦ સુધીના કોઇપણ ખર્ચને મંજુરી આપવી. | |
| | ૨ | સાધન સામગ્રી અને અસબાબ અંગેની ખરીદી માટે મળેલા ભાવપત્રકો અને ટેન્ડરોનો નિકાલ કરવો, કામકાજનો અમલ કરવો તે સિવાય યુનિવર્સિટીના મકાનોને લગતી રુ.૪૦,૦૦૦ સુધી અને યુનિવર્સિટી મકાનોના કામો માટે અને આવી બીજી કેટલીક બાબતો એસ્ટેટને લગતી રુ.૫૦,૦૦૦ અને સિન્ડિકેટને ભલામણ કરવાની કે તમામ ભાવપત્રકો અને ટેન્ડરો કે જે જે તે ખર્ચા કરવા માટેના હોય જે રુ.૪૦,૦૦૦ અને રુ.૫૦,૦૦૦ કરતા વધારે હોય તેનો નિકાલ કરવો. | |
| અ.૩૫ | સિન્ડિકેટ ઉપર જણાવેલી સમિતિમાં ચુંટાયેલા, નીમાયેલા કે નિયુક્ત થયેલા સભ્ય જો અનુક્રમે સમિતિની લાગલગાટ ત્રણ સભામાં હાજરી નહીં આપે તો સમિતિનું સભ્યપદ ધરાવી શકશે નહીં. | | |
| અ.૩૬[૧૬] | નીચે જણાવ્યા પ્રમાણેની એક સભ્યની સમિતિ રચવામાં આવશે અને તેમની સામે દર્શાવેલી નાણાંકીય મર્યાદા સુધીના તમામ ખર્ચને સિન્ડિકેટ વતી મંજૂરી આપવાની સત્તા તેમને આપવામાં આવશે. | | |
| | ૧ | કુલપતિ/ ઉપકુલપતિ | યુનિવર્સીટી વહીવટના તમામ વિભાગો, ગ્રંથાલય અને ખાતાઓને રુ.૫૦,૦૦૦ સુધીના ખર્ચા માટે મંજૂરી છે તેમને તે પણ સત્તા આપવામાં |

| | | | |
|---|---|---|---|
| | | | આવે છે કે તે રુા.૫,૦૦,૦૦૦/- સુધીના ભાવપત્રક યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ મંગાવી શકશે. |
| | ૨ | કુલસચિવ/ પરીક્ષા નિયામક | યુનિવર્સિટી વહીવટના તમામ વિભાગો, ગ્રંથાલય અને ખાતાઓને રુ.૩૫,૦૦૦ સુધીના ખર્ચા માટે મંજૂરી (સ્ટેશનરી અને ફર્નીચર વિગેરે) છે. તેમને તે પણ સત્તા આપવામાં આવે છે કે તે રુ.૨,૦૦,૦૦૦/- સુધીના ભાવપત્રક યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ મંગાવી શકશે. |
| | ૩ | સીડીસી અધ્યક્ષ, , મુખ્ય હિસાબનીશ અધિકારી, નાયબ કુલસચિવ, ગ્રંથપાલ, યુનિવર્સિટીના ઇજનેર | યુનિવર્સિટી વહીવટના તમામ વિભાગો, અને ગ્રંથાલયને. રુ.૧૦૦૦/- સુધીના ખર્ચા ફર્નીચર અને ફીક્ષ્ચર સિવાય મંજુરી આપી શકશે. તેમને તે પણ સત્તા આપવામાં આવે છે કે તે રુા.૫,૦૦૦/- સુધી ભાવપત્રક મંગાવ્યા સિવાય મંજૂર કરી શકશે અને રુા.૧૫,૦૦૦ સુધી ભાવપત્રક યુનિવર્સિટીના ધોરણ મુજબ મંગાવી શકશે. |
| | ૪ | મદદનિશ કુલસચિવ/ એનએસએસ સંયોજક | યુનિવર્સીટી વહીવટના તમામ વિભાગો, રુ.૫૦૦/- સુધીના ખર્ચા સ્ટેશનરી અને પરચુરણ વસ્તુઓ માટે મંજુરી આપી શકશે. તેમને તે પણ સત્તા આપવામાં આવે છે કે તે રુા.૧૦૦૦/-સુધી ખર્ચા ભાવપત્રક મંગાવ્યા સિવાય મંજૂર કરી શકશે (સિવાય કે ફર્નીચર અને ફીક્ષ્ચરર્સ) |
| | ૫ | યુનિવર્સિટી વિભાગના વડા | રુા.૧૦,૦૦૦/- સુધી ખર્ચા ભાવપત્રક મંગાવ્યા સિવાય મંજૂર કરી શકશે અને રુ.૫૦,૦૦૦/- સુધી ભાવપત્રક યુનિવર્સિટીના ધોરણ મુજબ મંગાવી શકશે. |
| | ૬ | મુખ્ય અન્વેષક (સંશોધન કાર્ય) | રુા.૪,૦૦૦/- સુધી ખર્ચા ભાવપત્રક મંગાવ્યા સિવાય મંજૂર કરી શકશે અને રુ ૧૦,૦૦૦/- સુધી ભાવપત્રક યુનિવર્સિટીના ધોરણ મુજબ મંગાવી શકશે. |
| | ૭ | સંકલનકાર સેલ્ફ ફાયનાન્સ કોર્સ | રુા.૫,૦૦૦/-સુધી કોર્સ સંબંધિત ખર્ચા ભાવપત્રક મંગાવ્યા સિવાય મંજૂર કરી શકશે અને રુા.૧૦,૦૦૦/- સુધી ભાવપત્રક યુનિવર્સિટીના |

| | | | |
|---|---|---|---|
| | | | ધોરણ મુજબ મંગાવી શકશે. |
| | ૮ | શારીરિક શિક્ષણ નિયામક | તે રુા.૧૦૦૦/-સુધીની રકમ શારીરીક કેળવણી વિભાગ સંબંધી ખર્ચા મંજૂર કરી શકશે (સિવાય કે સ્ટેશનરી) |
| | ૯ | રેકટર યુનિવર્સિટી છાત્રાલય | તે રુા.૧૫૦૦૦/- સુધીની રકમ છાત્રાલય સંબંધી જરુરી ખર્ચા મંજૂર કરી શકશે. |
| | ૧૦ | નાંણા સમિતિ અને બાંધકામ સમિતિ | ઉપરોક્ત કમિટીને રુા.૫,૦૦,૦૦૦/- થી રુા.૧૦,૦૦,૦૦૦/- સુધી ભાવપત્રક મંગાવીને મંજૂર કરવાની સત્તા છે. જો કે જે તે સમિતિ દ્વારા ટેન્ડર માટે ભલામણ કરવામાં આવેલ હોય તેને રુા.૫,૦૦,૦૦૦/- થી ઉપરની રકમ માટે જાહેરાત આપીને મંગાવવાના છે અને ટેન્ડરોને સિન્ડિકેટ સમક્ષ તેમની આખરી મંજૂરી માટે મૂકવાના છે |
| નોંધ ઃ | ૧ | રુ.૫,૦૦,૦૦૦/- થી વધુનો ખર્ચ ટેન્ડર અથવા ઇ ટેન્ડર દ્વારા જ કરવો. | |
| | ૨ | પ્રથમ વખતના ટેન્ડરીંગમાં જો માત્ર એક જ પાર્ટીએ ભાગ લીધો હોય તો તે બાબતનુ રીટેન્ડરીંગ કરવું. | |
| | ૩ | જ્યાં જ્યાં ભાવપત્રકો મંગાવીને ખર્ચ કરવાનો થાય ત્યા ઓછામાં ઓછી ત્રણ પાર્ટીઓ પાસેથી ભાવપત્રકો મંગાવવા. | |
| | ૪ | રુ.૧૦,૦૦,૦૦૦/- થી વધુ રકમની ખરીદી, બાંધકામ, કામગીરી કરવા માટે, ઓનલાઇન, યુનિવર્સીટી વેબસાઇટ, વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી નાણાં સમિતિ, બાંધકામ સમિતિ ભલામણ કરે ત્યારબાદ સિન્ડિકેટ સભામાં મંજૂરી માટે રજુ કરવું. | |
| | ૫ | જો કોઇ સંજોગામાં મેન્યુફેક્ચરર કે ઓથોરાઇઝ્ડ ડીલર રીન્યુએબલ ચીજોનો એક જ હોય તેમજ વૈજ્ઞાનિક સાધનો આયાત કરવાના હોય તો તે કિસ્સામાં ઉપર મુજબ ઓર્ડિ.૩૬ પ્રમાણે મંજૂરી અંગેની કાર્યવાહી કરવી. | |

<table>
<tr><td></td><td colspan="2"><u>ખાતાવહીમાં નોંધણી :</u><br>જૂના નકામા બિનવપરાશી, અતિરિક્ત, ડેડ સ્ટોક સાધનો, (જૂના ફાટેલા) ચોપડા કે વૈજ્ઞાનિક ઉપકરણો, જૂનું વધુ ચુકવણું અથવા જૂની બાકી રહેતી લેણી રકમનું લેણું તમામ વસ્તુ કે જેની કીંમત રોકડમાં થતી હોય તે બાબતની રજૂઆત કુલસચિવને કરવાની રહેશે ત્યારબાદ કુલસચિવે નક્કી કરેલ બે સભ્યશ્રીઓની સમિતિ જે પૈકી એક સભ્ય ટેકનિકલ નિષ્ણાંત મારફતે તે વસ્તુનો (વાર્ષિક રુ.૩,૦૦,૦૦૦/- સુધીની કિંમતની વસ્તુ) નિકાલ કરવાની સત્તા રહેશે અને છેવટે કુલપતિ સમક્ષ ભલામણ કરવાની રહેશે.<br><br>વધુમાં જે વસ્તુની કિંમત આંકી શકાય તેમ ન હોય અથવા તે જે રીતે પ્રાપ્ત થયેલ હોય તેનો ઇતિહાસ સ્પષ્ટ ના હોય કે માહીતિ ઉપલબ્ધ ના હોય તેવા સંજોગોમાં તે જે હાલતમાં છે, તે વસ્તુના નિકાલ માટે પણ ઉપર જણાંવ્યા મુજબ કાર્યવાહી કરવી.</td></tr>
<tr><td colspan="3" align="center">(૭). યુનિવર્સિટી સેવા કમિશન</td></tr>
<tr><td>અ.૩૭</td><td colspan="2">પસંદગી સમિતિ :</td></tr>
<tr><td></td><td>૧</td><td>યુનિવર્સિટી વિભાગના શિક્ષકો માટે :<br>સમિતિના સભ્યો નીચે પ્રમાણે રહેશે :<br>૧। કુલપતિ હોદ્દાના રુએ અધ્યક્ષ<br>૨। ઉપકુલપતિ જો હોય તો<br>૩। સંબંધિત વિદ્યાશાખાના અધ્યક્ષ<br>૪। યુનિવર્સિટી વિભાગના તે વિષયના વડા, આમ પણ જો તે પસંદગી પોતે જે હોદ્દો ધરાવે છે તેનાથી ઊચા હોદ્દા માટેની ન હોય તો જ.<br>૫। સિન્ડિકેટ તરફથી નિયુક્ત કરનારા ત્રણ નિષ્ણાંતો<br>૬। શૈક્ષણિક કે જે કુલાધિપતિના નિમેલ વ્યક્તિ હોય.<br>૭। અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિ, મહિલા અને શારિરિક અપંગ પસંદગી સમિતિમાં રહેશે, જ્યારે પણ કોઇ પોસ્ટ ઉપરોક્ત કોઇપણ વર્ગ માટે અનામત રાખવામાં આવે (અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિ, મહિલા અને શારિરિક અપંગ) વ્યક્તિ સિન્ડિકેટ દ્વારા નિયુક્ત કરવાના રહેશે. મહત્તમ ચાર સભ્યો જેમાં ૨ બહારના નિષ્ણાંત સામેલ હોય તે કાર્યસાધક સંખ્યા ગણાશે. વાચક અને પ્રાધ્યાપકની</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | | પોસ્ટ માટે ઉમેદવારના ત્રણ મુખ્ય પ્રકાશનની પુનરાવૃતી તેમના ઇન્ટરવ્યુ પહેલા તેજ ત્રણ બહારના નિષ્ણાંતો કે જેઓને ઉમેદવારના ઇન્ટરવ્યુ માટે આમંત્રિત કરવામાં આવેલ હોય તેમણે આકારેલી હોવી જોઇએ. પ્રાધ્યાપક, વાચકની બઢતી માટેની પસંદગી સમિતિ (કારકિર્દી પ્રગતિ) સરખી જ રહેશે જેમ કે પ્રાધ્યાપક અને વાંચકની પ્રત્યક્ષ નિમણૂંક ઉપર આપવામાં આવેલ છે. |
| | ૨ | કોલેજ શિક્ષકો માટે ઃ<br>સમિતિના સભ્યો નીચેપ્રમાણે રહેશે ઃ<br>૧। નિયામક મંડળના અધ્યક્ષ અથવા તેના તેણીના નિયુક્ત કરેલા હોદદાની રુએ અધ્યક્ષ.<br>૨। કોલેજના આચાર્ય.<br>૩। સંબંધિત વિષયના વિભાગના વડા<br>૪। કુલપતિના બે નિયુક્ત કેરલા જે માંથી એક વિષયના નિષ્ણાંત રહેશે.<br>૫। બે વિષય નિષ્ણાંત કોલેજ સાથે સંકળાયેલ ન હોય નિયામક મંડળના અધ્યક્ષ દ્વારા કુલપતિ દ્વારા મંજુર કરેલ પેનલના નામોમાંથી નિયુક્ત કરેલ હોય .સભાની કાર્ય સાધક સંખ્યા પાંચ રહેશે જેમાંથી બે વિષય નિષ્ણાંત હોવા જોઇએ. |
| | ૩ | કોલેજના આચાર્ય માટેઃ<br>પસંદગી સમિતીના સભ્યો નીચેમુજબ રહેશેઃ<br>૧। નિયામક મંડળના અધ્યક્ષ હોદદાની રુએ અધ્યક્ષ.<br>૨। એક નિયામકમંડળના સભ્ય જેનેઅધયક્ષ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ હોય.<br>૩। કુલપતિના બે નિયુક્ત કેરલા જેમાંથી એક વિષયના નિષ્ણાંત રહેશે<br>૪। ત્રણ નિષ્ણાંતો જેમાં કોલેજના આચાર્ય ,પધ્યાપક અને સફળશિક્ષણશાસ્ત્રી કે જે પ્રાધ્યાપક કરતા નીચા હોદદાના ન હોય જેને નિયામકમંડળ દ્વારા કુલપતિ દ્વારા મંજુર કરેલ પેનલના નામોમાંથી નિયુક્ત કરવામાં આવેલ હોય . સભાની કાર્યસાધક સંખ્યા ચાર રહેશે જેમાંથી બે વિષય નિષ્ણાંત સામેલ હોવા જોઇએ. |

| | | |
|---|---|---|
| | | |
| | ૪ | યુનિવર્સિટીમાં વહીવટી હોદદા માટેઃ<br>નિયામક,નાયબ નિયામક,શારીરિક શિક્ષણના સહાયક નિયામક , કુલસચિવ,નાયબ કુલસચિવ, મદદનિશ કુલસચિવ, ગ્રંથપાલ, નાયબ ગ્રંથપાલ, મદદનિશ ગ્રંથપાલ માટે પસંદગી સમિતિ સરખી જ રહેશે જેવી કે પ્રાધ્યાપક,વાંચક અને વ્યાખ્યાદાતા અનુક્રમે કે જે આપવામાં આવેલ છે (૧) સિવાય કે સભ્યો કે જે ૩ અને ૪ માં દર્શાવવામા આવેલ છે અને તે સંબંધિત નિષ્ણાંતો શારિરિક કેળવણી અથવા વહીવટી અથવા ગ્રંથાલય વિજ્ઞાન જે કેસ હોય તે , તે પસંદગી સમિતિ સાથે સંકળાયેલા હોવા જોઇશે. |
| અ.૩૭.એ | યુનિવર્સિટીના અનુસ્નાતક શાળાઓ /વિભાગો માટેના જુદાજુદા હોદ્દાઓ માટેના પગારના ધોરણ નીચે મુજબ રહેશેઃ<br>૧.નિયામક ....... .<br>૨.પ્રાધ્યાપક રુા.૧૬૪૦૦-૪૫૦-૨૦૯૦૦-૫૦૦-૨૨૪૦૦<br>૩.વાંચક રુા.૧૨૦૦૦-૪૨૦-૧૮૩૦૦<br>૪.વ્યાખ્યાતા રુા.૮૦૦૦-૨૭૫-૧૩૫૦૦<br><br>પુનરાવર્તિત પગારના ધોરણોમાં મોંઘવારી ભથ્થા સામેલ છે, મોંઘવારી અને વચગાળાની રાહત શિક્ષકોને તા.૩૧.૧૨.૯૫ ના રોજ મંજૂર થયેલા દરો મુજબ સ્વીકાર્ય છે, શિક્ષકો મોંઘવારી ભથ્થા જે રાજ્ય સરકાર દ્વારા તેમના કર્મચારીઓ માટે જીસીએસ (આર ઓફ પી) નિયમો, ૧૯૭૫ તા.૦૧.૦૧.૧૯૯૬ થી મંજૂર કરેલા દરો મુજબ મેળવવા હકદાર રહેશે. તેઓ ઘર ભાડા ભથ્થા અને સી.એલ.એ. કે જે સરકારી કર્મચારીઓ કે જે સુરતમાં હોય તેને સ્વીકાર્ય છે તે મેળવવા હકદાર રહેશે. તેઓને પ્રોવીડન્ટ ફંડ, રજા, ગ્રેજ્યુટી અને એવા અન્ય લાભો કે જે યુનિવર્સિટી દ્વારા સમય સમયે નિયત કરવામાં આવેલ હોય તે મેળવવાપાત્ર રહેશે.<br><br>“જો કે તે યુનિવર્સિટી માટે સક્ષમ રહેશે કે તે કોઇ પગાર અથવા ભથ્થાના બાકી ચઢેલા કે જે શિક્ષકોને અનુસ્નાતક શાળાઓ /વિભાગોના શિક્ષકોના બાકી હોય તે ચુકવે કે જેથી ઉપરોકત પગારના ધોરણો અને ભથ્થાઓનો અમલ યુનિવર્સિટી પાશ્ચાદવર્તી અસર સાથે તા.૦૧.૦૧.૧૯૯૬ થી કરી શકે. | |
| **અ.૩૭ બી** | **લાયકાત અને ભરતીઃ** | |

| | | |
|---|---|---|
| | ૧ | વ્યાખ્યાદાતા, વાચક પ્રાધ્યાપક, આચાર્ય, નિયામક, નાયબ નિયામક અને શારીરિક શિક્ષણના સહાયક નિયામક, ગ્રંથપાલ, નાયબ ગ્રંથપાલ અને મદદનિશ ગ્રંથપાલ, કુલસચિવ, નાયબ કુલસચિવ અને મદદનિશ કુલસચિવના હોદદા માટે મહત્તમ લાયકાત તે છે કે જે યુનિવર્સિટી અનુદાન કમીશન દ્વારા નિયત કરવામાં આવેલ હોય અને રાજ્ય સરકાર દ્વારા વખતોવખત મંજૂર કરવામાં આવેલ હોય. |
| | ૨ | સારા શૈક્ષણિક રેકોર્ડ માટે મહત્તમ જુરીયાત, ૫૫ ટકા માર્કસ માસ્ટર્સ સ્તરે અને નેટ અથવા સેટ લાયકાત વ્યાખ્યાદાતાની નિમણૂંક માટે રહેશે. નેટ અથચા સેટની લાયકાત માટે જોગવાઇ ગુજરાત રાજ્યની સેટની પરીક્ષાના પ્રથમ પરિણામ બાદ લાગુ પડશે. જો કે પી.એચ.ડી. ધારકોને નેટ અને સેટમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. ૫૫ ટકામાંથી ૫૦ ટકા, ૫ ટકાની રાહત અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ વર્ગ માટે માન્ય છે. વર્ગ "બી" ૭ માં પગારધોરણ એ, બી, સી, ડી, ઇ અને એફ ને ૫૫ ટકા સાથે સરખા ગણવામાં આવેલ છે જ્યાં શ્રેણી વ્યવસ્થા અનુસરવામાં આવે છે. આ શ્રેણી વ્યવસ્થામાંથી ટકાવારી વ્યવસ્થામાં રુપાંતર યુ.જી.સી. રુપાંતર ટેબલ એપેન્ડીક્ષ ૧ મુજબ કરવાનું છે. ૫ ટકાની રાહત પી.એચ.ડી. પદવીધારકને ૫૫ ટકા માંથી ૫૦ ટકા માર્કસના કે જેમણે માસ્ટર્સ પદવી ૧૯.૦૯.૧૯૯૧ પહેલા પાસ કરેલ હોય તેને આપવામાં આવશે. |
| | ૩ | અધ્યેતાના હોદ્દા માટે પી.એચ.ડી. ફરજીયાત જુરીયાત છે જો કે, કુલસચિવ, ગ્રંથપાલ અને શારીરીક કેળવણી નિયામકો માટે પી.એચ.ડી. ઇચ્છનીય રહેશે. પરંતુ આવશ્યક લાયકાત નથી. |
| | ૪ | કારકિર્દી ઉન્નતિ લાયકાત માટે, લાંબી સર્વિસ અને અન્ય કાર્ય વાહીઓ તે છે કે જે યુનિવર્સિટી અનુદાન કમિશન દ્વારા નિયત કરવામા આવેલ હોય અને રાજ્ય સરકાર દ્વારા વખતો વખત મંજૂર કરવામાં આવેલ હોય. |
| **અ.૩૭ સી[3]** | ૧ | દરેક વિભાગ માટે વિભાગીય વડા રહેશે કે જેમને સિન્ડિકેટ દ્વારા સ્ટેચ્યુટ ૨૯૩ માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ નિમણૂંક કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| | | |
| | ૨ | નિમણૂંકના હેતુ માટે, પ્રવરતા રીડર અથવા પ્રાધ્યાપક તરીકે જોડાયાની તારીખના આધારે ગણવાની રહેશે, જે કેસ હોય તે, અસંબધ્ધ જો નિમણુંક પ્રત્યક્ષ ભરતી હેઠળ કારકિર્દી ઉન્નતિ યોજના માં કરવામાં આવેલ હોય. |
| | ૩ | આ અધ્યાદેશ તુરંત લાગુ પડશે. સિન્ડિકેટ આ જોગવાઇની અસર આપવા માટે જુરૂી ફેરફાર, સુધારા અગાઉ કરવામાં આવેલ નિમણૂંક માં કરશે. |
| અ.૩૭ ડીજ | **<u>જોડાયેલ કોલેજમાં પ્રભારી આચાર્યની નિમણૂંક :</u>**<br>દરેક કોલેજમાં પૂરા સમય માટે લાયકાત ધરાવનાર મંજૂર થયેલા આચાર્ય કોલેજના વડા તરીકે હોવા જોઇએ કાયમી આચાર્યની ખાલી જગ્યા કે જે અવસાન, નિવૃત્તિ, રાજીનામુ, સેવાનો અંત અથવા અન્ય કોઇ કારણસર હોય તો કોલેજ સંચાલન એ પ્રવર આચાર્ય મંજૂર થયેલા શિક્ષકો માંથી નિમવાના રહેશે જે નીચેની શરતોને આધીન રહેશે.<br>૧। આવી નિમણુંક ત્રણ પ્રવર મંજૂર થયેલા શિક્ષકોમાંથી કરવાની રહેશે કે જેમની પાસે આચાર્યના હોદદા માટે જુરૂી લાયકાત હોય.<br>૨। જો કોઇ શિક્ષક આચાર્યના હોદદા માટે જુરૂી લાયકાત ધરાવતા ન હોય ત્યારે પ્રથમ ત્રણ પ્રવર શિક્ષકોમાંથી મંજૂર થયેલ શિક્ષકની નિમણૂંક કરવામાં આવશે .<br>૩। આ અધ્યાદેશનો અમલ તમામ કોલેજોમાં/સંસ્થાઓમાં તુરંત લાગુ કરવામાં આવશે જ્યાં આચાર્યનો હોદદો ખાલી છે<br>૪। કોલેજ તંત્રએ યુનિવર્સિટીની મંજૂરી એવા શિક્ષકની નિમણૂંક માટે લેવાની રહેશે.<br>૫। યુનિવર્સિટી, રાજ્ય સરકાર, યુજીસી, એઆઇસીટીઇ, એનસીટીઇ સાથે તમામ પ્રકારના વ્યવહારમાં ફક્ત આવા મંજૂર થયેલા પ્રભારી આચાર્યની સત્તા કાયદેસર ગણવાની રહેશે. | |
| અ.૩૮ | ૧ | યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ યુનિવર્સિટી પરીક્ષામાં પ્રાશ્નિકો અને અથવા પરક્ષિકોની નિમણૂંક માટેની યાદીની ભલામણ કરવાના હેતુ માટે દરેક વર્ષે પરીક્ષકોની નિમણૂંક સમિતિના નામથી ઓળખાનારી એક સમિતિની રચના કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| | ૨ | સમિતિના સભ્યો નીચે પ્રમાણે હશેઃ<br>૧। કુલપતી અધ્યક્ષ<br>૨। ઉપકુલપતી જો હોય તો<br>૩। સંબંધિત વિદ્યાશાખાના વડા અથવા વડાઓ<br>૪। વિદ્યાસભાએ નીમેલા સંબંધિત વિદ્યાશાખાના એક સભ્ય<br>૫। સિન્ડિકેટે પોતાના સભ્યોમાંથી નિયુક્ત કરેલા એક સભ્ય<br>૬। અભ્યાસ સમિતિ ના અધ્યક્ષ અથવા એડ હોક સમિતિના કન્વીનર જેમને વિષયની નિમણૂંક કરતીવખતે આમંત્રીત કરવામાં આવે જે મંડળ અથવા સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા હોય તેધ્યાનમાં લેવાના છે |
| | ૩ | જુદી જુદી અભ્યાસ સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલી અને ભલામણ કરવામાં આવેલી પેનલોમાં સમાવેશ કરવામાં આવેલી વ્યક્તિઓમાંથી સમિતિઓ યાદી તૈયાર કરશે. બહારના પરક્ષિકોની નિમણૂંકની બાબતમાં સમિતિ પેનલમાંની યાદીની ઉપરવટ જઇ શકશે. આ યાદીમાં,<br>એ. કોઇ પરીક્ષા માટે જુરી અને જેમની પ્રાશ્રિકો અને પરીક્ષકો તરીકેની નિમણૂંક માટેની ભલામણ થઇ હોય એવી વ્યક્તિઓના નામો,<br>બી. ઉપર (એ) માં જણાંવેલા નામોના ૩૦ ટકાથી વધે નહિ એ રીતે સંબંધિત પેનલમાંથી પસંદ કરેલી વ્યક્તિઓ અથવા બહારના પરીક્ષકોની બાબતમાં પસંદગીના ક્રમાનુસાર કોઇ ચોકકસ પરીક્ષા માટે વૈકલ્પિક પરીક્ષકો તરીકે ભલામણ થઇ હોય એવી વ્યક્તિઓના નામોનો સમાવેશ કરતી વધારાની યાદી તૈયાર કરશે. |
| | ૪ | પરીક્ષકોની નિમણૂંક અંગેની સમિતીએ તૈયાર કરેલી યાદીઓ વિદ્યાસભા સમક્ષ રજુ કરવામાં આવશે અને ત્યારપછી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવામા આવશે જે નિમણૂંકો કરશે અને સમિતિઓએ સુપરત કરેલી વૈકલ્પિક પરીક્ષકોની યાદીને અનુમતિ આપશે. |
| | ૫ | જો કોઇ પરીક્ષક નિમણૂંક સ્વીકારી શકે તો કુલપતિ શકય હોય ત્યાં સુધી પસંદગીના ક્રમાનુસાર તૈયાર કરેલી વૈકલ્પિક પરીક્ષકોની યાદીમાંથી બીજી વ્યક્તિની નિમણૂંક કરીને ખાલી જગ્યા પૂરશે. |

| | | |
|---|---|---|
| | | યાદી ખલાસ થઇ ગઇ હોય તો તેવા કિસ્સામાં અથવા તાકીદની બાબતમાં કુલપતિશ્રી સંબંધિત વિદ્યાશાખાના અધ્યક્ષ સાથે ચર્ચા કરીને બીજી વ્યિકિતની નિમણૂંક ખાલી જગ્યા પૂરવા માટે કરશે. તેઓ આવી બધી નિમણૂંકો અંગેનો અહેવાલ સિન્ડિકેટની બીજી સભા સમક્ષ રજુ કરશે |
| | **(૮) પરિક્ષકોની નિમણૂંક અંગેની સમિતી** | |
| અ.૩૮ | ૧ | પરીક્ષકોની નિમણૂંક અંગેની સમિતિના કોઇ સભ્યની અથવા સિન્ડિકેટના કોઇ સભ્યની પ્રાશ્રિક અને અથવા પરીક્ષક તરીકેની નિમણૂંક માટે ભલામણ કરશે નહીં પણ સિન્ડિકેટને જો યોગ્ય લાગે તો અથવા કોઇ સભ્યને પ્રાશ્રિક અને અથવા પરીક્ષક તરીકે નિમંત્રશે. આવા સભ્યને અપાનારું વળતર કોઇ એક પરીક્ષાના સમયગાળામાં બધા વિષયો અને બધી પરીક્ષાઓ જેને માટે એને નિમંત્રવામાં આવ્યા હોય તે તમામ મળીને વધારેમાં વધારે રુ.૨૫૦/- સુધી મર્યાદિત રહેશે. |
| | ૨ | કોઇપણ પરીક્ષા માટે પ્રાશ્રિક અને અથવા પરીક્ષક તરીકેની નિમણુંક માટે વિદ્યાસભાના સભ્યોના નામો ભલામણ કરવાને પસંદગી સમિતિ મુકત રહેશે. વિદ્યાસભાના સભ્યને અપાનારું વળતર જેમાં જેમાં નિમણૂંક થઇ હોય તે બધી પરીક્ષાઓ અને બધા વિષયો ભેગા મળીને વધારેમાં વધારે રુા.૫૦૦/- સુધી મર્યાદિત રહેશે. |
| | **અ.૩૯ એ થી અ.૩૦ ઇ રદ કરવામાં આવેલ છે.** | |
| અ.૪૦ | ૧ | યુનિવર્સિટી શિક્ષણ મંડળની ભલામણ પરથી સિન્ડિકેટે અનુમતિ આપી હોય તેવા ખાસ કિસ્સાઓના અપવાદ સિવાય અનુસ્નાતક ડિગ્રી (મહાનિબંધ દ્વારા) માટેના બધાજ ઉમેદવારોએ યુનિવર્સિટી પ્રાધ્યાપક, પૂર્ણ સમયના યુનિવર્સિટી શિક્ષક અથવા માન્ય શિક્ષકના માર્ગદર્શન અથવા દોરવણી હેઠળ કામ કરવું પડશે. |
| | ૨ | ઉમેદવાર તેના સંશોધનકાર્યનું માર્ગદર્શન કરનાર યનિવર્સિટી શિક્ષકના સગા હોય તો એકેડેમિક કાઉન્સીલ ઉમેદવારના કાર્યની દોરવણી આપનાર શિક્ષક સિવાયના તે વિષયમાં માન્ય યુનિવર્સિટી શિક્ષકોમાંથી જે ડિગ્રી માટે મહાનિબંધ સુપરત થયો હોય તે ડીગ્રી માટેના યુનિવર્સિટી અપેક્ષિત ધોરણોથી પરિચિત હોય એવા અંદરના પરીક્ષકના નામની પણ ભલામણ બહારના પરીક્ષકના નામની ભલામણ સાથે સિન્ડિકેટને કરશે |

| | | |
|---|---|---|
| | ૩ | પીએચ ડી ડીગ્રી માટે સુપરત થયેલા મહાનિબંધના અદંરના પરીક્ષકની નિમણૂંકના હેતુ માટે સગા શબ્દમાં નીચેનાનો સમાવેશ થશે. "પત્ની, પતિ, પુત્ર, પુત્રી, પૌત્ર , પૌત્રી, ભાઇ, બહેન, ભત્રીજો, ભત્રીજી, પ્રભત્રીજી, કાકા, કાકી, પિતરાઇ, જમાઇ, પુત્રવધુ, સાળા, સાળી". |

૨

## યુનિવર્સિટીમાં પ્રવેશ

| | |
|---|---|
| અ.૪૧.૧ | સંલગ્ન કોલેજના આચાર્ય પ્રત્યેક વર્ષે મોડામાં મોડી ૩૧મી ઓગષ્ટ સુધીમા ગુજરાત સેકન્ડરી સ્કૂલ સર્ટીફીકેટ એક્ઝામીનેશન બોર્ડ સંચાલિત સેકન્ડરી સ્કૂલ સર્ટીફીકેટ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓની અથવા સમકક્ષ પરીક્ષા પાસ કરી ધારા ૨૨૩ હેઠળ આ યુનિવર્સિટીમાં પ્રવેશ પાત્ર બનનાર વિદ્યાર્થીઓની બધી અરજીઓ નોંધણી માટે આ યુનિવર્સિટીના કુલસચિવને મોકલશે, અને તેજ વખતે અરજી દીઠ રુ.૧૦૦/-ની ફી આપશે. યુનિવર્સિટીની અનુમતિને આધીન રહીને પ્રવેશ આપતા પહેલા કોલેજના આચાર્ય પ્રત્યેક વિદ્યાર્થીઓની નોંધણી માટેની અરજી કાળજીપૂર્વક ચકાસણી કરશે. આ પ્રવેશને અનુમતિ મળે ત્યાં સુધી આ પ્રવેશ સંબંધિત ઉમેદવારના જોખમે અને હિસાબે મળશે.<br><br>ઉપરોક્ત જણાવવામાં આવેલ છે તેમ છતાં કુલપતિને ખાસ સંજોગોમાં છેલ્લી તારીખમાં વધારો કરવાની સત્તા રહેશે. યુનિવર્સિટી નોંધણી માટે મોડી અરજીઓનો સ્વીકાર શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રના અંત સુધી કરી શકશે જો કે મોડી ફી તરીકે રુા.૨૫૦/- અરજી દીઠ તે અરજીઓ માટે ચાર્જ કરવામાં આવશે કે જે ૧લી સપ્ટેમ્બર થી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં રજુ કરવામાં આવેલ હોય અને મોડી ફી તરીકે રુ.૫૦૦/- એવી અરજીઓ માટે અરજી દીઠ ચાર્જ કરવામાં આવશે જે તા.૧૬ સપ્ટેમ્બર બાદ દરેક શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રના છેલ્લા કામકાજના દિવસ સુધીમાં રજુ કરવામાં આવશે. જો કે અરજી મોડી જમા કરવાના કારણો યુનિવર્સિટીને સ્વીકાર્ય છે. નોંધણી માટેની કોઇ અરજી કોઇ કેસમાં જો કે યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે નહીં જે શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રના અંતે કે જેમાં પ્રવેશ કરવામાં આવેલ હોય અને હાજરી અથવા સત્ર વિદ્યાર્થી દ્વારા રાખવામાં આવેલ હોય કે જેની અરજી નિયત તારીખ પહેલા મળેલ ન હોય અથવા અરજી સુપરત કરવામાં આવેલ ઢીલને |

| | |
|---|---|
| | દરગુજર કરવામાં આવેલ ન હોય તેને રદ થયેલ ગણવાની રહેશે. |
| ૨ | કોઇ કારણસર નોંધણી માટેની અરજી ઉમેદવાર સમયસર સુપરત ન કરી શકે તો કોલેજના આચાર્ય દરેક વર્ષના સપ્ટેમ્બરની દસમી સુધીમાં આવા વિદ્યાર્થીઓના નામ અંગે તેમજ સંબંધિત ઉમેદવારે એસ.એસ.સી / એચ.એસ.એસ.સી. અથવા સમકક્ષ પરીક્ષામાં જે લાગુ પડતુ હોય તે લીધેલા વિષયો અને મેળવેલા ગુણની માહિતી સહિતનો અહેવાલ યુનિવર્સિટીને મોકલશે. |
| ૩ | અપાત્ર ઉમેદવારોની બાબતમાં અડધી નોંધણી ફી પરત કરી શકાશે. |
| ૪ | કોઇ વિદ્યાર્થીની નોંધણી સાથે સંકળાયેલી બાબતમાંથી ઉદ્‌ભવતી શંકા તકરાર અંગે કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ રહેશે. |
| | બી | જે કોલજમાં વિદ્યાર્થીની કુલ સંખ્યા ૬૦ કે એથી વધારે હોય ત્યાં એક વધારાના લેકચરર દરેક ૧૨ વધારાના વિદ્યાર્થીઓ માટે રહેશે કે જેથી વિધાર્થી શિક્ષકનો રેશીયો કોલેજમાં જાળવી શકાય , જોકે કોઇ વધારાના શિક્ષક નિયુકત કરવાની જરુરીયાત નથી જયારે ૧૦ ટકા વિદ્યાર્થીને કોલેજમાં પ્રવેશ ખાસ વર્ષમાં કુલપતિની પરવાનગીથી તે ખાસ વર્ષમાં આપવામાં આવેલ હશે. |
| એચ | કાનુની વિદ્યાશાખામાં ઃ | |

| | | | |
|---|---|---|---|
| | ૧ | કોલેજ અસ્તિત્વમાં આવે તે પ્રથમ વર્ષમાં જ બે પૂર્ણ સમયના લેક્ચરર જેમાના એક કોલેજના આચાર્ય હશે. | |
| | ૨ | બીજા વર્ષમાં પૂર્ણ સમયના એક વધારાના લેક્ચરર નિમવામાં આવશે. | |
| | ૩ | ત્રીજા વર્ષમાં વધારાના પાર્ટ ટાઇમ લેક્ચરર નીમી શકાશે જો જરુરીયાત હોય તો. | |
| અ.૬૯ | કાર્યભાર : | | |
| | એ | કોલેજ અને યુનિવર્સિટી ખાતામાં પૂર્ણ સમયના શિક્ષકોનો અઠવાડિયા દીઠ કાર્યભાર નીચે પ્રમાણેનો રહેશે.<br><br>પૂર્ણ સમયના શિક્ષકોનો અઠવાડિયા દીઠ કાર્યભાર ૪૦ કલાક કરતા ઓછો રહેશે નહીં ૩૦ કામકાજના અઠવાડિયા માટે ૧૮૦ શિક્ષણના દિવસો એટલ`કે ૯૦ શિક્ષણના દિવસો એક સેમીસ્ટર દીઠ શૈક્ષણિક વર્ષમા, તે શિક્ષકો માટે જરુરી છે કે તેઓ દરરોજ ૫ કલાક માટે યુનિવર્સિટી કોલેજમાં ઉપલબ્ધ રહે કે જેને માટે જરુરી જગ્યા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર યુનિવર્સિટી કોલેજ દ્વારા આપવામાં આવશે. | |
| | | પ્રત્યક્ષ શિક્ષણના કલાકો નીચે મુજબ રહેશે :<br>લેક્ચરર /વરિષ્ઠ લેક્ચરર. | |
| | લેક્ચરર (પસંદગી ગ્રેડ) | ૧૬ કલાક | દરેક એક કલાકના ૧૬ પીરીયડ, ૧૮ પીરીયડ દરેક ૫૫ મીનીટના, ૩ પીરીયડ પેપર, અઠવાડિયુ પૂર્વ સ્નાતક સ્તરે |
| | વાચકો , પ્રાધ્યાપક | ૧૪ કલાક | દરેક એક કલાકના ૧૪ પીરીયડ |
| | યુનિવર્સિટી ખાતાના વડા, કોલેજના આચાર્ય | ૮ કલાક | દરેક એક કલાકના ૮ પીરીયડ, ૯ પીરીયડ ૫૫ મીનીટસના |
| | જો કે, કાર્યભારમાં ૨ કલાકની રાહત પ્રાધ્યાપકોને આપવામાં આવશે કે જેઓ સંશોધન, વિસ્તરણ અને વહીવટી પ્રવૃત્તિમાં સંકળાયેલા છે.<br><br>કોલેજના શિક્ષકો માટે ઉપરોક્ત કાર્યભારમાં અનુસ્નાતક કામ સામેલ છે જો કોઇ હોય તો. | | |

| | | | |
|---|---|---|---|
| નોંધ : ૧ | પાર્ટ ટાઇમ શિક્ષકો માટે કાર્યભાર પૂર્ણ સમયના શિક્ષકના ૫૦ ટકાના કાર્ય ભાર કરતા વધુ રહેશે નહી. | | |
| ૨ | પાર્ટ ટાઇમ શિક્ષકો બે કરતા વધુ કોલેજોમા કાર્ય કરી શકશે નહી. | | |
| ૩ | આચાર્ય, સરકાર પ્રમુખ તરીકે દ્વારા નિયુકત કરેલા શિક્ષકો, ઉપપ્રમુખ, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ બોર્ડ કોર્પોરેશનના કેસમાં કાર્યભાર ને દિવસદીઠ ૪ કલાક ના દરે ઘટાડવાનો રહેશે જે તેવા દિવસોની સંખ્યા માટે કે જે દિવસે તેમના દ્વારા આવી ફરજ નિભાવવામાં આવેલ હોય | | |
| | બી | તબીબી અને એન્જીનીયરીંગ અને ટેકનોલોજી વિદ્યાશાખામાં કાર્યભાર ઇન્ડીયન મેડીકલ કાઉન્સીલ અને ઓલ ઇન્ડીયા કાઉન્સીલ ઓફ ટેકનોલોજી એજ્યુકેશન અનુક્રમે દ્વારા વખતો વખત નકકી કરેલ સિધ્ધાંતો અનુસાર રહેશે. | |
| | સી | અભ્યાસક્રમો કે જેમાં પ્રયોગશાળા, ફીલ્ડ, પ્રોજેક્ટ કાર્ય ફરજીયાત અને આંતરીક અભ્યાસક્રમના ઘટક હોય કે જેમાં દેખરેખ, પ્રદર્શન અને શિક્ષક દ્વારા પરામર્શ જરુરી હોય, આવા શિક્ષકોના સામેલને તેમના અઠવાડીક કાર્યબારમાં ગણવામાં આવશે, જ્યાં પણ જે તે અભ્યાસ બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલ હોય અને તેને શૈક્ષણિક કાઉન્સીલ અને ફેકલ્ટી દ્વારા મંજૂર કરવામા આવેલ હોય. | |
| **યુનિવર્સિટીના વિભાગોમાં અથવા શાળા, સંલગ્ન કોલેજો, મન્ય સંસ્થાઓમાં કામ કરતાં શિક્ષકોની નોકરીની શરતો અને આચારસંહિતા. (ગ્રાન્ટ ઇન એઇડ અને સેલ્ફ ફાઇનાન્સ)** | | | |
| અ. ૬૯[૧૫] | એ | | |
| | ૧ | આ અધ્યાદેશના હેતુ માટે જ્યાં સુધી વિષય અથવા પ્રસંગમાં જરુરી ન હોય અન્યથા : | |
| | | એ | સંસ્થામાં યુનિવર્સિટીના વિભાગો અથવા શાળાઓ, સંલગ્ન કોલેજો, માન્ય સસ્થાઓ સામેલ છે |
| | | બી | વડામાં યુનીવર્સીટીના વિભાગોના વડા અથવાશાળાઓ શાળા નાં આચાર્ય, સંલ્ગ્ન કોલેજના નિયામક, માન્ય સંસ્થા , મજુર સંસ્થાના વડા સામેલ છે |
| | | સી | સંચાલનમાં સંલગ્ન કોલેજનું સંચાલન , યનિવર્સિટીનું સિન્ડિકેટ, માન્ય સંસ્થા, મંજૂ સંસ્થા સામેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | | ડી | શિક્ષકમાં યુનિવર્સિટી વિભાગ અથવા શાળાના વડા ,આચાર્ય ,સંલગ્ન કોલેજ ,માન્ય સંસ્થા ,મંજૂર સંસ્થાના નિયામક સામેલ છે |
| | | ઈ | યુનિવર્સિટી એટલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી. |
| | | એફ | કુલપતિ ,કુલસચિવ એટલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ અને કુલપતિ. |
| | | જી | રાજ્ય સરકાર એટલે ગુજરાત રાજ્યની સરકાર |
| | ૨ | તે દરેક શિક્ષકની ફરજ છે કે તે તેમની શૈક્ષણિક ફરજો જેવી કે લેક્ચરની તૈયારી, વર્ગમા લેક્ચર, ટ્યુટોરીયલ, એસાઇનમેન્ટ, પ્રદર્શન ,જૂથ ચર્ચા, ગ્રંથાલય એસાઇનમેન્ટસ, માર્ગદર્શન વિગેરે નિભાવે. તે શિક્ષકની જવાબદારી છે કે કે તે તમામ કાર્યો કે જે વધારાના અભ્યાસુપુરક પ્રવૃત્તિઓ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ કે જે તેને સંસ્થાના વડા દ્વારા સોંપવામાં આવે તે કરશે. શિક્ષકની એ પણ જવાબદારી છે કે તે પરીક્ષા સાથે સંકળાયેલ તમામ કાર્યો જેવા કે પેપર સેટ કરવા, જવાબ બુકની આકારણી અને ફરી આકારણી જેમાં સમધારણકાર્ય, પરિણામ તૈયાર કરવા, પરીક્ષા કેન્દ્રના અધ્યક્ષ નિરીક્ષક ,સ્કવોડ ટીમના સભ્ય તરીકે કામગીરી ,જવાબબુકના કોડીંગ ડીકોડીંગ, મધ્યસ્થ આકારણીમાં સહકાર કાર્ય વિગેરે કે જે તેમને યુનિવર્સિટીના કુલસચિવ દ્વારા સોંપવામાં આવે અથવા સંસ્થાના વડા દ્વારા સોંપવામાં આવે તે કરશે. શિક્ષકની એ પણ જવાબદારી છે કે તે પોતે તમામ ટેકનોલોજીકલ એડવાન્સમેન્ટના પ્રચલનની તાલીમ લે કે તેને તેમની ફરજ બજાવવા માટે જુરી છે. આવી કોઇ ફરજ બજાવવામાં નિષ્ફળતાને શિક્ષક તરફે દાખવવામાં આવેલ ગેરવર્તણૂંક તરીકે ગણવામાં આવશે અને આવા શિક્ષક શિક્ષાત્મક પગલા માટે જવાબદાર ઠરશે. | |
| | ૩ | **નિમણૂંક પત્ર ઃ** દરેક સંચાલક સંસ્થા માટે પ્રત્યેક શિક્ષકને પૂર્ણ સમય માટે કે ખંડ સમય માટે લેખીત નિમણુંક પત્ર આપવાનું આવશ્યક રહેશે જેમાં હોદદો, પગાર ધોરણ, ભથ્થાઓ સહિત પાયાનો પગાર, નિમણૂંકનો પ્રકાર એટલે કે અજમાયશી, હંગામી અથવા કાયમી અનિવાર્ય રીતે જણાવવાનું જુરી લેખાશે. જે શિક્ષકની નિમણૂંક હંગામી હોય પણ ચોકકસ સમય માટે કરવામાં ન આવી હોય તો તે શિક્ષક નિમણૂંકની તારીખ થી અજમાયશી શિક્ષક તરીકે ગણી લેવામાં આવશે. સંચાલક સંસ્થાએ દરેક શિક્ષકને તેના નિમણૂંકપત્ર સાથે નોકરીની શરતોના નિયમોની નકલ અનિવાર્ય રીતે આપવી પડશે. શિક્ષકે નિમણૂંક પત્રમાં સૂચવેલા સમયગાળા | |

| | | |
|---|---|---|
| | | દરમિયાન યોગય રીતે સહી કરેલો સ્વીકૃતી પત્ર સંસ્થાને પહોંચાડવો પડશે અને નોકરીના નિયમોની નકલ મળયાની પહોંચ આપવી પડશે.<br>જે શિક્ષક સત્રની શરુઆત પહેલા નિમણૂંક સ્વીકારે તે શિક્ષકે સત્ર દરમિયાન સમયસર કોલેજમાં જોડાવુ પડશે. જો એ કોઇ વ્યાજબી કારણ સિવાય એમ કરવામાં નિષ્ફળ જાય અને એ હકીકત જો સંચાલક સંસ્થા યુનિવર્સિટીને જણાંવે તો કુલસચિવ યોગ્ય તપાસ પછી એનું નામ આ યુનિવર્સિટી સાથે તમામ સંલગ્ન કોલેજો અને સંસ્થઓને જાહેર કરશે અને એને તે શૈક્ષણિક વર્ષ માટે કોઇપણ કોલેજમાં અથવા સંસ્થામાં કુલપતિની પરવાનગી વગર નીમી શકાશે નહી. |
| | ૪ | **અજમાયશી સમય ઃ** |
| | | એ — કોઇપણ કોલેજ અથવા સંસ્થામાં પૂર્ણ સમય અથવા ખંડ સમય માટે નિમાયેલા શિક્ષકને તે કાયમ થાય એ પહેલા એક વર્ષથી વધારે અજમાયશી સમય ઉપર રાખી શકાશે નહીં .એનો અજમાયશી સમય પૂરો થાય તેના ઓછામાં ઓછા એક માસ પહેલા એને કાયમ કર્યા અંગેનો પત્ર આપવો પડશે<br>કોઇ સંજોગોમાં અહીં દર્શાવ્યા પ્રમાણે સંચાલક સંસ્થા કાયમ કર્યા અંગેનો પત્ર એને આપે નહીં તો એને નોકરીમાં કાયમ થઇ ગયેલા ગણવામાં આવશે. |
| | ૫ | તમામ કોલેજોમાં કામ કરતા શિક્ષકોના લઘુત્તમ પગાર અને પગાર ધોરણો સરખા જ રહેશે જે યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન, કેન્દ્ર યુનીયન સરકાર અને રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત, પુનરાવર્તિત, સ્વીકાર કરવામાં આવશે.<br><br>પગાર ઉપરાંત શિક્ષકોને મોંઘવારી ભથ્થા કે જે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવે વખતો વખત તે ચૂકવવામાં આવશે. શિક્ષકોને ઘર ભાડા ભથ્થા અને સ્થાનિક ક્ષતિપુરક ભથ્થા કે જે સરકારી કર્મચારીઓના વખતો વખત મંજૂર થયેલા દરે ચુકવવામાં આવશે.<br><br>વધુમાં આચાર્યને ઘર ભાડા ભથ્થા રાજ્ય સરકારના નિયમ મુજબ કે જે વખતો વખત અમલમાં હોય અથવા રુ. ૨૦૦૦/- જે વધારે હોય તે ચુકવવામાં આવશે. |

| | | | |
|---|---|---|---|
| | | ઉપરોક્ત સુધારાની અસર તા.૦૧.૦૧.૧૯૯૬ પાશ્ચાત્ય અસરથી આપવાની રહેશે. | |
| | ૬ | **વેકેશનનો પગાર :**<br>નીચે દર્શાવેલી જોગવાઇને આધીન રહીને કોલેજમાં પુર્ણ સમય અથવા ખંડ સમય માટે કામ કરતા શિક્ષકો તે સંસ્થાના પહેલા અથવા બીજા સત્ર, સેશનના અંતથી અમલી બને એ રીતે કાર્ય કરતા બંધ થાય સિવાય કે તેઓ કે જેમને નોકરી માંથી આ અધ્યાદેશના કલોઝ ૯ હેઠળ દૂર કરવામાં આવે તેમને નીચે પ્રમાણેનો વેકેશનનો પગાર આપવાનો રહેશે. | |
| | | એ | જો તેમણે આખા શૈક્ષણિક વર્ષના મોટા ભાગની નોકરી કરી હોય તો બીજા સત્રને અંતે આવતા વેકેશના પૂરા સમયનો પગાર આપવાનો રહેશે. |
| | | બી | જો તેમણે પહેલા અથવા બીજા સત્રના મોટાભાગની નોકરી કરી હોય તો તેમને સંબંધિત સત્રના છેલ્લા દિવસ પછી પંદર દિવસનો પગાર આપવાનો રહેશે.આમ છતાં આવા શિક્ષક નીચે કલોઝ ૭ માં દર્શાવેલ આવશ્યકતા અનુસાર નોટિસ આપ્યા વિના છૂટા થતા હોવા ન જોઇએ અને નિમણૂંક કોઇની રજા દરમિયાનની જગ્યા માટેની અથવા કોઇ ચોકકસ સમય પૂરતી ન હોવી જોઇએ.<br><br>સમજૂતી : આ કલોઝના હેતુ માટે પગારનો અર્થ પાયાનો પગાર અને બધા ભથ્થા થશે.મોટા ભાગનો અર્થ આખા સમયના ૨/૩ અથવા વધારે એવો થશે.શૈક્ષણિક વર્ષ એટલે સંબંધિત વિદ્યાશાખાઓ માટે અધ્યાદેશ ૫૬ માં કરેલી જોગવાઇ પ્રમાણેના પહેલા સત્રનો પહેલો દિવસ અને બીજા સત્રના છેલ્લા દિવસ વચ્ચેનો સમયગાળો. |
| | ૭ | **શિક્ષકનું રાજીનામુ :** | |
| | | એ | જો શિક્ષક હંગામી નોકરીમાં હોય અથવા અજમાયશી ધોરણે નિમાયો હોય તો તે એક માસની નોટિસ આપીને અને જો કાયમ થયો હોય તો ત્રણ માસની નોટિસ આપીને કોલેજની નોકરીમાંથી રાજીનામુ આપી શકશે.આવી નોટિસ |

| | | | |
|---|---|---|---|
| | | | તે આપ્યા પછીનું બીજુ સત્ર શરુ થાય તેના ઓછામાં ઓછા એક દિવસ પહેલા પૂરી થતી હોવી જોઇએ. |
| | | બી | જો નોટિસ આવશ્યક સમય કરતા ઓછા સમયની હોય તો સંચાલક સંસ્થાને એ નોટિસ આપી નથી એમ કહેવાનો અથવા તો એ નોટિસ ખરી નથી એમ કહેવાનો અથવા તો આવશ્યક સમયથી જેટલા સમયગાળા સુધી એ નોટિસ ઓછી હોય તેટલા સમયગાળા પૂરાતે શિક્ષક પાસેથી પગાર અને ભથ્થા લઇને એટલી ઉણપ માફ કરવાનો વિકલ્પ રહેશે સંચાલક સંસ્થાએ શિક્ષક પાસેથી નોટિસ મળે તે દિવસથી પછીના દસ દિવસના સમયગાળા દરમિયાન આ વિકલ્પનો અમલ કરવો પડશે .જો સંચાલક સંસ્થા ઉપર નિર્દીષ્ટ સમયગાળા દરમિયાન વિકલ્પનો અમલ કરવાનું ચૂકી જાય તો એ નોટિસના સમયગાળામાં રહેલી ઉણપ સંચાલક સંસ્થાએ માફ કરી દીધી છે એમ ગણી લેવામાં આવશે અને સંચાલક સંસ્થાને ઉપર જણાવેલી રકમ માત્ર માંગવાનો અધિકાર રહેશે. |
| | | સી | આ કલોઝના પેટાકલોઝ એ અને બી ની જોગવાઇઓ હોવા છતાં પણ નીચે પેટા કલોઝ ડી ની જોગવાઇને આધીન રહીને શિક્ષક જો સંચાલક સંસ્થાની લેખિત સંમતિ મેળવે તો નોટિસ આપ્યા વિના રાજીનામુ આપી શકશે. |
| | | ડી | એ સ્પષ્ટ કરવામાં આવે છે કે કોઇપણ શિક્ષક સત્રના સમાપનથી અમલી ન બનતુ હોય એ રીતે રાજીનામુ આપી શકશે નહીં. જો કે વિશિષ્ટ સંજોગોમાં શિક્ષક સત્ર દરમ્યાન વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષની અગાઉથી પરવાનગી લઇ રાજીનામુ આપી શકશે. |
| | | ઇ | જો શિક્ષક રાજીનામુ આપવા ઇચ્છુક હોય તો તેમણે તેને વ્યકિતગત રીતે કુલસચિવને આપવાનું રહેશે અને શિક્ષકનું રાજીનામુ સંચાલક દ્વારા સ્વીકારવામાં ન આવે જ્યાં સુધી તેને કુલસચિવ દ્વારા સંચાલકને કાયદેસર સમર્થિત કરીને મોકલવામાં ન આવે. આ કલોઝના ભંગ થયેથી કોઇપણ રાજીનામાનો સ્વીકાર તે બિન અસરકારક રહેશે. |
| | ૮ | **સંચાલક સંસ્થા દ્વારા નોકરીમાંથી છૂટા કરવા અંગે ઃ** | |
| | એ | ૧ | હંગામી અથવા અજમાયશી ધોરણે નિમાયેલા શિક્ષકને સંચાલક સંસ્થા નોટિસ આપીને છૂટા કરી શકશે .શિક્ષકને |

| | | | |
|---|---|---|---|
| | | | નોટિસ જે તારીખે મળે તે તારીખથી તે એક માસના સમયગાળા કરતા ઓછી ન હોવી જોઇએ.આવી નોટિસ જે સત્રમાં તે અપાઇ હોય તે સત્રના છેલ્લા દિવસે જ પૂરી થતી હોવી જોઇએ. |
| | | ૨ | આવશ્યક સમયગાળા કરતા જો એ નોટિસનો સમયગાળો ઓછો હોય તા એ નોટિસ ખરી નથી એમ કહેવાનો અથવા તો આવશ્યક સમયગાળાથી જેટલો ઓછો સમયગાળો એ નોટિસનો હોય તેટલા સમયગાળા પુરતો પગાર તથા ભથ્થા સંચાલક સંસ્થા પાસેથી મેળવવાનો વિકલ્પ શિક્ષકને રહેશે. સંચાલક સંસ્થા તરફથી નોટિસ મળે એના પછીના દસ દિવસના સમયગાળાની અંદર શિક્ષકે આ વિકલ્પને અમલી બનાવવાનો રહેશે ઉપર નિર્દેશેલા સમયગાળા દરમ્યિાન જો શિક્ષક પોતાનો વિકલ્પ અમલી નહીં બનાવે તો શિક્ષકે નોટિસનો ઓછો સમયગાળો માફ કર્યો છે એમ માની લેવામાં આવશે અને શિક્ષકને ઉપર જણાવેલી રકમ મેળવવાનો અધિકાર રહેશે. |
| | | ૩ | અજમાયસ શિક્ષકની નોકરીના અંતની નોટિસ કુલપતિની મંજુરીથી અમલમાં આવશે . જો તે સમય દરમ્યાન અજમાયશી સમય પૂરો થાય અને કુલપતિ દ્વારા નિર્ણય લેવામાં આવેલ ન હોય તો શિક્ષકની નોકરીને કુલસચિવ જ્યાં સુધી નિર્ણય ન લે ત્યાં સુધી કાયમી ગણી શકાશે નહી. |
| | | ૪ | કુલપતિ એ સંચાલકને તેમની નોટિસની મંજુરી અથવા ના મંજુરીની જાણ લેખીતમાં નોટિસ મળયાની તારીખથી ૪૫ દિવસના સમય દરમ્યાન કરવાની રહેશે. |
| | | ૫ | કુલપતિ વ્યવહારુ રીતે જેટલી વહેલી બની શકે તેટલી આ બાબતમાં એમને યોગ્ય લાગે એ રીતે તપાસ કરશે જેમાં સંબધિત શિક્ષકને સામ્ભળવાનો પણ સમાવેશ થશે. ત્યાર પછી કુલપતિશ્રી સંચાલક સંસ્થાએ આપેલી નોટિસ મંજૂર કરશે અથવા નામંજૂર કરશે . જો કુલિપતિશ્રી સંચાલક સંસ્થાએ આપેલી નોટિસ નામંજૂર કરશે તો સંચાલક સંસ્થાએ એ આ નોટિસ પાછી ખેંચી લીધી છે એમ ગણી |

| | | | |
|---|---|---|---|
| | | | લેવામાં આવશે અને સંબંધિત શિક્ષક છુટા કરવાની નોટિસ એને આપવામાં આવી જ નથી એ રીતે નોકરીમાં ચાલુ રહેશે .આવા કેસમાં સંબંધિત શિક્ષકની નોકરી કાયમી તરીકે આ અધ્યાદેશના સુસંગત ક્લોઝ હેઠળ ગણવામાં આવશે. |
| | | ૬ | જો કુલપતિ તેમની નોટિસની મંજુરી અથવા નામંજુરીની જાણ લેખિતમાં નોટિસ મળયાની તારીખથી ૪૫ દિવસના સમય દરમ્યાન ન કરે તો નોટીશને કુલપતિ દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે તેમ ગણવામાં આવશે અને સંબધિત શિક્ષકની નોકરી કાયમી તરીકે આ અધ્યાદેશના સુસંગત ક્લોઝ હેઠળ ગણવામાં આવશે. |
| | ૯ | **નોકરીમાંથી દૂર કરવા અંગે :** | |
| | | ૧ | કોઇપણ કર્મચારી જેમાં વડા, આચાર્ય, નિયામક સામેલ છે તેને સંચાલન દ્વારા નીચે દર્શાવેલા એક અથવા વધારે કારણો સિવાય અને નીચે પ્રમાણે, નિયત કરેલી પધ્ધતીને અનુસર્યા સિવાય નોકરીમાંથી દૂર કરી શકાશે નહીં.<br>૧. ગેરવર્તણૂંક અથવા ફરજ પ્રત્યે ઘોર બેદરકારી<br>૨. બિનકાર્યક્ષમતા<br>૩. નૈતિક દુરાચાર<br>૪. ખાનગી ટ્યુશનમાં રોકાણ<br>૫ .યુનિવર્સિટી અથવા કોલેજની પરીક્ષામાં અયોગ્ય સાધનનો વપરાશ. |
| | | ૨ | સંચાલન દ્વારા સંબંધિત કર્મચારીને (જેમાં વડા, આચાર્ય, નિયામક સામેલ છે )ચાર્જશીટની જાણ કરવામાં આવશે સાથે આરોપનામાનું નિવેદન, એ માટે સામેલ કરવામાં આવેલ તમામ દસ્તાવેજોની નકલોવાળી ચાર્જશીટની નકલ દવારા જાણ કરવામાં આવશે. એના પર લાગેલા આરોપો આરોપનામાનું નિવેદન આધારીત છે અને સાથે દસ્તાવેજોની નકલો કે જે આવા આરોપ તેના સમર્થનમાં |

| | | | |
|---|---|---|---|
| | | | આધારીત હોય અને ઘડવામાં આવેલ હોય. |
| | | ૩ | કર્મચારીને આરોપનામુ પહોંચ્યાની તારીખથી તે પોતાના બચાવમાં લેખિત રજુઆત કરવા માંગે છે કે નહીં અને રુબરુમાં પોતાને સાંભળવાની ઇચ્છા રાખે છે કે નહીં તે માટે એક પખવાડીયાથી ઓછો નહીં એટલો સમય આપવો પડશે. આવા લેખીત નિવેદન કે જે સંબંધિત કર્મ ચારી દ્વારા રજુ કરવામાં આવે તેને ધ્યાનમાં લીધા બાદ ,જો સંચાલન એ નિર્ણય ઉપર આવે કે કર્મચારી દ્વારા આપવામાં આવેલ સ્પષ્ટતા સંતોષકારક છે અને તેનું લેખિત નિવેદન સંચાલનને સ્વીકાર્ય છે તો સંબંધિત કર્મ ચારીને આપવામાં આવેલ આરોપનામુ સંચાલન દ્વારા પરત લેવામાં આવશે. |
| | | ૪ | આવા લેખીત નિવેદન કે જે સંબંધિત કર્મચારી દ્વારા રજૂ કરવામાં આવે તેને ધ્યાનમાં લીધા બાદ,જો સંચાલન એ નિર્ણય ઉપર આવે કે કર્મચારી દ્વારા આપવામાં આવેલ સ્પષ્ટતા સંતોષકારક નથી અને તેનું લેખિત નિવેદન સંચાલનને સ્વીકાર્ય નથી અથવા તેના દ્વારા લેખિત નિવેદન સંચાલન દ્વારા મંજૂર કરવામાં આવેલ સમય મર્યાદામાં રજુ કરવામાં ન આવે અને સંચાલન સદર કર્મચારી વિરુધ્ધ તપાસ કરવાનું ઠરાવે તો સંચાલન દ્વારા નિયુક્ત કરવામાં આવેલ સેનેટના સભ્ય દ્વારા તપાસ કરવામાં આવશે. તપાસ કરનાર અધિકારી સંચાલનનો સભ્ય ન હોવો જોઇએ અથવા તે કોઇપણ રીતે સંચાલક સાથે જોડાયેલ ન હોવો જોઇએ અને તે કર્મચારીના હોદ્દાથી નીચેના હોદ્દા પર ન હોવો જોઇએ. (જેમાં વડા ,આચાર્ય,નિયામક સામેલ છે ) |
| | | ૫ | સંચાલકના મતે આરોપ અથવા આરોપો એવા પ્રકારના હોય કે આ કર્મચારીની હાજરી જેમાં વડા ,આચાર્ય |

| | | | |
|---|---|---|---|
| | | | ,નિયામક સામેલ છે અને યુનિવર્સિટી વિભાગ,કોલેજ ,સંસ્થા તે તપાસની કામગીરીમાં બાધ કરશે તો સંચાલક તેને સસ્પેંશન હેઠળ તપાસ પડતર હોય ત્યારથી આખરી હુકમ કરવામાં આવે ત્યાં સુધી રાખશે જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિની અગાઉથી પરવાનગી સાથે કરવામાં આવશે પરવાનગી માંગતી અરજીઅને આવા સૂચિત સસ્પેન્શનની હકીકતો તેના મુદ્દાઓ સાથે સંચાલક દ્વારા કુલપતિને રજુ કરવામાં આવશે સદર અરજી ઉપર નિર્ણય કુલપતિ દ્વારા સંચાલકને જણાંવવામાં આવશે અને સંબંધિત કર્મચારી આવી અરજી કુલપતિને મળયાના ૧૫ દિવસના સમયની અંદર સસ્પેન્ડ કરવામાં આવશે આવા સૂચિત સસ્પેંશનની પરવાનગી કર્મ ચારી વિરુધ્ધ જેમાં વડા,આચાર્ય,નિયામક સામેલ છે આપવામાં આવશે નહી જ્યાં સુધી આવા કર્મચારીને સાંભળવાની યોગ્ય તક આપવામાં ન આવે . જ્યારે કુલપતિ તેમનો નિર્ણય અરજી મળયાની તારીખથી ૧૫ દિવસના સમયમાં જણાંવવામાં નિષ્ફળ જાય તો આવા સૂચિત સસ્પેંશનના પગલાની અરજી કુલપતિ દ્વારા રદ કરવામાં આવેલ છે તેમ ગણવામાં આવશે,જો કુલપતિ દ્વારા સસ્પેંશનની પરવાનગી મંજૂર કરવામાં આવે તો સંચાલક સંબંધિત કોલેજ,સંસ્થાના કર્મચારી જેમાં વડા ,આચાર્ય,નિયામક સામેલ છે તેને સસ્પેન્ડ કરવાનો હુકમ પસાર કરશે કે તેની વિરુધ્ધની તપાસ પડતર હોય ત્યારે કરવામાં આવશે |
| | | ૬ | આ સ્થગિતતા સમયગાળા દરમ્યાન કર્મચારી જેમાં વડા ,આચાર્ય,નિયામક સામેલ છે એને મળતા છેલ્લા પગારના અડધા પગારના દરે નિભાવભથ્થુ મેળવવાને હકદાર રહેશે .નિભાવ ભથ્થાની રકમ બરાબરના પગાર ઉપર મળી શકે |

| | | | |
|---|---|---|---|
| | | | બીજા ભથ્થા પણ તેને ચુકવવાના રહેશે. |
| | | ૭ | તપાસ અધિકારી યોગ્ય ત્વરાથી તપાસ કરશે અને કર્મચારી તરફથી લેખિત અહેવાલ મળયોની તારીખથી ત્રણ મહિનાના સમયગાળાની અંદર અથવા તો સંચાલક સંસ્થા જેટલો વધારે સમય આપે તો સમયગાળા દરમિયાન પોતાનો અહેવાલ સંચાલક સંસ્થાને આપશે પરંતુ આ સમયમર્યાદા ત્રણ માસ કરતાં વધુ વધારવામાં આવશે નહી . |
| | | ૮ | આ તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર કરવામાં આવશે. |
| | | ૯ | સંચાલક તપાસના પ્રકરણમાં રજૂઆત કરનાર અધિકારીની નિમણૂંક કરશે. રજૂઆત કરનાર અધિકારી તપાસમાં એક કારકુનની મદદ લઇ શકશે. સંબંધિત કર્મચારી એક વ્યકિતની નિમણુંક " મિત્ર મદદનીશ " તરીકે પોતાના કેસની રજુઆત કરી શકશે કે જે સંબંધિત કર્મચારીનો બચાવ રજુ કરી શકે અને તમામ કાર્ય સંબંધિત કર્મચારી તરફે તપાસ કરશે. કોઇપણ પક્ષકાર વકીલ દ્વારા રજૂઆત કરી શકશે નહીં પરંતુ જયારે જટિલ હકીકતોનો પ્રશ્ન સંડોવાયેલ હોય ત્યારે કુલપતિ સંબંધિત કર્મચારીને વકીલ થકી રજુઆત કરવા પરવાનગી આપશે. તપાસ કરનાર અધિકારીને એક કારકુન/કોમ્પ્યુટર ઓપરેટર/સ્ટેનોગ્રાફર અને એક પટાવાળાની મદદ આપી શકશે. ઉપરોકત વ્યકિતઓ સિવાય/કોઇ અનઅધિકૃત વ્યકિતને સદર તપાસમાં હાજર રહેવાની પરવાનગી આપવામાં આવશે નહીં. |
| | | ૧૦ | આ તપાસ સમયે સંચાલક સંસ્થા સંબંધિત કર્મચારી વિરુધ્ધ ઘડેલા આક્ષેપોના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજૂ કરી શકશે. એ સંજોગોમાં દસ્તાવેજીની નકલો પુરાવાઓ |

| | | | |
|---|---|---|---|
| | | | નોંધવાની શરુઆત થાય તે પહેલા સંબંધિત કર્મચારીને આપવામાં આવશે. |
| | | ૧૧ | તપાસ વખતે સંચાલક સંસ્થા મૌખિક પુરાવા રજૂ કરી શકશે અને સાક્ષીઓને બોલાવી શકશે. કર્મચારીને સાક્ષીઓની ઉલટ તપાસ તેમના પ્રતિનિધી મિત્ર મદદનીશ અથવા તેમના વકીલ થકી કરવાનો હક રહેશે .જો તેમની નિયુક્તિ કુલપતિ દ્વારા પરવાનગી આપ્યેથી કરવામાં આવેલ હોય. |
| | | ૧૨ | તપાસ વખતે ,સંચાલકના પુરાવા બાદ કર્મચારીને તે ઇચ્છતા હોય તો દસ્તાવેજી પુરાવા રજુ કરવાનો હક રહેશે. જો તેમના દ્વારા તપાસ કરનાર અધિકારીને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવે તો સદર દસ્તાવેજોની નકલો સંચાલકની રજુઆત કરનાર અધિકારીને આપવાની રહેશે .તપાસ વખતે કર્મચારીને સાક્ષી બોલાવવાનો હક રહેશે અને મૌખિક પુરાવો લઇ શકશે .સંચાલકના રજુઆત કરનાર અધિકારીને તેમની ઉલટતપાસ કરવાનો હક રહેશે . |
| | | ૧૩ | તપાસ વખતે પક્ષકારોના પુરાવા પૂર્ણ થયાબાદ બન્ને પક્ષકારો લેખિત અને મૌખિક દલીલો રજુકરવા હકદાર રહેશે. |
| | | ૧૪ | તપાસ સમયે દરેક સુનવણીના દિવસે રોજ કામની નોંધ કરવામાં આવશે અને તેને તપાસ કરનાર અધિકારી દ્વારા સહી કરવામાં આવશે અને બન્ને પક્ષકારો દ્વારા તેમાં કાઉન્ટર સહી કરવામાં આવશે. પક્ષકારો દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મૌખિક વાંધાઓને રોજ કામમાં નોંધવામાં આવશે અને તમામ લેખિત અરજીઓ અને લેખિત વાંધાઓ કે જે પક્ષકારો દ્વારા રજુ કરવામાં આવ્યા હોય અને તેના ઉપર તપાસ કરનાર અધિકારીનો નિર્ણ |

| | | | |
|---|---|---|---|
| | | | યને રોજ કામમાં નોંધવામાં આવશે અને તે તપાસના રેકોર્ડ નો એક ભાગ ગણાશે. અરજીઓની નકલો અને લેખિત વાંધાઓ અને અન્ય કોઇ દસ્તાવેજ કે જે તપાસણી અધિકારી ને રજુ કરવામાં આવે તે અન્ય પક્ષકારને આપવાના રહેશે. અને દરેક દિવસે સુનાવણીના અંતે રોજ કામની નકલ સાથે સદર દિવસે સાક્ષીઓના નોંધવામાં આવેલા નિવેદનોની નકલો બન્ને પક્ષકારોને આપવામાં આવશે. |
| | | ૧૫ | તપાસના અંતે, તપાસણી અધિકારી સંચાલકને અહેવાલ રજુ કરશે અને તે કર્મચારીને પણ આપવામાં આવશે. |
| | | ૧૬ | તપાસ અધિકારીએ તૈયાર કરેલા અહેવાલ અને તારણો જે નોંધવામાં આવેલ હોય તેને ધ્યાનમાં લઇને, જો સંચાલક સંસ્થા નિર્ણય ઉપર આવે કે આક્ષેપો પુરવાર થયેલ નથી અથવા તે કર્મચારીને સેવામાંથી દૂર કરવાની જરૂર નથી, તો સ્થગિતતાનો કોઇ હુકમ થયો હોય તો તે રદ થયપેલો ગણાંશે અને શિક્ષકને કોલેજમાં ફરજ ઉપર હાજર થવાનું કહેવામાં આવશે. અને ભથ્થાઓ સહિતનો પૂરો પગાર જે એને સ્થગિત કરવામાં ન આવ્યા હોત તો મળતો હોત તે પગારની અને એને નિભાવ ભથ્થા તરીકે ચૂકવવામાં આવેલા પગારની અને ભથ્થાની રકમ વચ્ચેનો તફાવત ચૂકવવામાં આવશે. |
| | | ૧૭ | તપાસ અધિકારીએ તૈયાર કરેલા અહેવાલ અને તારણો જે નોંધવામાં આવેલ હોય તેને ધ્યાનમાં લઇને, જો સંચાલક સંસ્થા કામચલાઉ નિર્ણય ઉપર આવે કે સંબંધિત કર્મ ચારી ને નોકરીમાંથી દૂર કરવો જોઇએ તો સંચાલક સંસ્થા સંબંધિત શિક્ષકને ઉપર્યુક્ત અહેવાલની નકલ આપશે અને તેને નોકરીમાંથી દૂર કરવાના ઇરાદા અંગે ૧૫ દિવસથી વધારે નહીં એટલા સમયગાળા દરમ્યાન અથવા |

| | | | |
|---|---|---|---|
| | | | સંચાલક સંસ્થા પરવાનગી આપે એટલા વધારેના સમયગાળા દરમ્યાન જવાબ આપવાનું જણાવતી કારણદર્શક નોટીસ આપશે. |
| | | ૧૮ | ઉપરની નોટીસના જવાબમાં સંબંધિત કર્મચારીએ કરેલી રજૂઆત સંચાલક સંસ્થાએ વિચારણામાં લેવી પડશે અને જો કર્મચારી દ્વારા જવાબ સુપ્રત કરવાની છેલ્લી તારીખ સુધીમાં અથવા સંચાલક સંસ્થાએ આપેલા વધારાના સમયગાળા દરમ્યાન કોઇ રજૂઆત સુપ્રત ન થાય તો સંબંધિત સંચાલક સંસ્થા તપાસ અધિકારીનો અહેવાલ વિચારવાની કાર્યવાહી કરશે. અહેવાલ અને રજૂઆત જો કર્મચારી દ્વારા રજુ કરવામાં આવે તેને ધ્યાનમાં લઇને જો સંચાલકએ આખરી નિર્ણય ઉપર આવેકે સંબંધિત કર્મચારીને ડિસમિસ કરવા જોઇએ અથવા દૂર કરવા જોઇએ અથવા તેની સેવાના હોદ્દા ઉપરથી નીચે ઉતારવા જોઇએ અથવા દૂર કરવામાં આવે, તો સંચાલકે સંબંધિત કર્મચારી વિરુધ્ધના સૂચિત પગલાનો પ્રસ્તાવ કુલપતિને તેમની મંજૂરી અથવા નામંજુરી માટે સદર રજુઆત સંબંધિત કર્મચારી દ્વારા રજુ કરવામાં આવ્યાના ૧૪ દિવસમાં રજુ કરશે. |
| | | ૧૯ | કુલપતિ શક્ય હોય ત્યાં સુધી ત્વરીત ત્યારબાદ તે બાબતે એ રીતે તપાસ કરશે જે તેમને યોગ્ય લાગશે. કુલપતિએ સંબંધિત કર્મચારીને હુકમ કરતા પહેલા સંભળવાના રહેશે. કુલપતિ દ્વારા લેખિતમાં પ્રસ્તાવની મંજૂરી અથવા નામંજૂરી નિયત ૪૫ દિવસના સમયમાં આ પ્રસ્તાવ મળયેથી સંચાલકને સૂચિત પગલાની જાણ કરવાની રહેશે. |
| | | ૨૦ | જો કુલપતિ દ્વારા પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવે, તો સંબંધિત કર્મચારી સેવામાં ચાલુ રહેશે. જો કુલપતિ દ્વારા સૂચિત પગલાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવે તો સંચાલક |

| | | | |
|---|---|---|---|
| | | | પ્રસ્તાવ મુજબ હુકમ કરશે અને જો કુલપતિ દ્વારા પ્રસ્તાવની મંજૂરી અથવા નામંજૂરી ૪૫ દિવસના નિયત સમયમાં જણાંવવામાં ન આવે તો પ્રસ્તાવ ને કુલપતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે તે મ માનવામાં આવશે અને તેઓ દ્વારા કરવામાં આવેલ પ્રસ્તાવ મુજબ હુકમ કરવામાં આવશે |
| | | ૨૧ | કુલપતિ/સિન્ડિકેટ અને સંચાલકના નિર્ણયથી નારાજ થઇ કર્મચારી સેવા પંચમાં અપીલ દાખલ કરી શકશે અથવા તેને હાઇકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટમાં પડકારી શકશે |
| | ૧૦ | **ફરજીયાત નિવૃત્તિ :**<br>જો શિક્ષક શારીરીક ઇજા અથવા માનસીક ખામીથી કાયમી અશક્ત બની જાય તો સંચાલકને મુનસફી રહેશે કે આ અધ્યાદેશ હેઠળ નિવૃત્તિની ઉમરની જોગવાઇ હોવા છતા પણ તેમને ફરજીયાત નિવૃત્ત કરે. આ કલોઝ હેઠળ નિવૃત્ત થતા શિક્ષક માટે જીલ્લાના સીવીલ સર્જનનું પ્રમાણપત્ર તે જણાવતુ કે સંબંધિત શિક્ષક કાયમી અશક્ત થયેલ છે અથવા સક્રીય જીવન જીવવામાં કાયમી અશક્ત થયેલ છે તે મેળવવાનું રહેશે. જે શિક્ષક આ જોગવાઇ હેઠળ ફરજીયાત નિવૃત્ત થાય તેમને પ્રોવીડન્ટ ફંડના તમામ લાભો/ગ્રેચ્યુઇટી વિગેરે મળવાપાત્ર રહેશે કે જેને માટે આ અધ્યાદેશની જોગવાઇ હેઠળ નિવૃત્ત શિક્ષકને મળવાપાત્ર હોય. | |
| | ૧૧ | જો કોઇ શિક્ષકને રાજ્ય/કેન્દ્ર સરકાર દ્વારા મીસા હેઠળ (મેઇન્ટેનન્સ ઓફ ઇન્ટરનલ સીક્યુરીટી એક્ટ) અથવા દેશની સુરક્ષા માટે બનાવેલ કોઇ નિયમ હેઠળ અટકાયત કરવામાં આવે ત્યારે આવા શિક્ષકને કોલેજની નોકરીમાંથી જે તારીખે તેમની અટકાયત કરવામાં આવેલ હોય તે તારીખથી સ્થગીત કરવાના રહેશે અને તે શિક્ષકને નિભાવ ભથ્થા આ અધ્યાદેશના કલોઝ ૯ ના કલોઝ ૧૩ મુજબ આવી અટકાયત દરમ્યાન ચુકવવાપાત્ર રહેશે. | |
| | ૧૨ | **કરાર પ્રમાણે નોકરી :**<br>જ્યાં શિક્ષકને વિશિષ્ટ કરાર પ્રમાણે નોકરી આપવામાં આવેલ હોય ત્યારે કરારમાં જણાવેલ શરતે અહીં રજુ કરવામાં આવેલી શરતો સાથે વિસંગત હોવી જોઇએ નહીં. અને અગાઉથી સ્પષ્ટપણે વ્યાખયાત થયેલ હોવી જોઇએ. કરારના અંત આવ્યેથી પક્ષકારો ફરીથી કરાર કરે અથવા શિક્ષક અરસપરસના કરારથી સેવામાં | |

| | | |
|---|---|---|
| | | વિશિષ્ટ સંવર્ગમાં પ્રવેશશે. |
| | ૧૩ | **આજીવન સભ્યો :**<br>જે કોલેજમાં આ જીવન સેવકોની પધ્ધતી હોય ત્યાં તેમની નોકરીની શરતો યુનિવર્સિટી પાસે મંજૂર કરાવવાની રહેશે. |
| | ૧૪ | **લઘુત્તમ નોકરી :**<br>તે શિક્ષક માટે ફરજિયાત રહેશે કે જે સત્ર દરમ્યાન તે નોકરીમાં નિમાયા હોય તે પૂર્ણ થાય ત્યાં સુધી તે સંબંધિત સંસ્થામાં નોકરી કરવાની રહેશે. તેવી જ રીતે સંચાલક સંસ્થા માટે શિક્ષક જે સત્ર માટે નિમાયા હોય તે સત્રના અંત સુધી તેને ચાલુ રાખવાનું ફરજીયાત રહેશે. |
| | ૧૫ | **અજમાયશી સિક્ષકની બઢતી :**<br>જે શિક્ષકને ઉપલા સંવર્ગમાં નીચલા સંવર્ગનો અજમાયશી સમયગાળો પૂર્ણ થાય તે પહેલા બઢતી આપવામાં આવે તે શિક્ષકને સૌપ્રથમ નીચલા સંવર્ગમાં કાયમી થયેલા ગણી લેવામાં આવશે. જો ઉપલા સંવર્ગની નિમણૂંક કેવળ કામચલાઉ ન હોય તો ઉપલા સંવર્ગમાં તેમને કાયમી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહી. |
| | ૧૬ | **સુપરએન્યુએશનની વય :**<br>શિક્ષક સુપર એન્યુએશનની વય કે નિયત કરવામાં આવેલ હોય અને યુજીસી દ્વારા સ્વીકારવામાં આવેલ હોય તેમજ રાજ્ય અથવા કેન્દ્ર સરકાર જે કેસ હોય તેમણે વખતો વખત જોગવાઇ કરવામાં આવેલ હોય ત્યારે નિવૃત્ત થશે. જોકે શિક્ષક સત્રના છેલ્લા દિવસ સુધી ચાલુ રહેશે કે જેમાં તેમની સુપરએન્યુએશનની તારીખ પડતી હોય અને તે સંચાલક માટે સ્વતંત્ર રહેશે કે તે સુપરએન્યુએટ થયેલા શિક્ષકને ૬૫ વર્ષની ઉમર સુધી યુજીસીની ગાઇડ લાઇન્સ મુજબ તેમજ રાજ્ય સરકાર દ્વારા વખતો વખત સ્વીકારવામાં આવ્યા મુજબ ફરી નિયુક્ત કરી શકશે. |
| | ૧૭ | **પ્રોવિડન્ટ ફંડ :**<br>સંસ્થામાં કાર્ય કરતા શૈક્ષણિક સ્ટાફના સભ્યો કે જેઓ નોકરીમાં કાયમ હોય તેમને વર્ધિત પ્રોવીડન્ટ ફંડની યોજનાનો લાભ અથવા જીપીએફનો લાભ મળવો જોઇએ. સંચાલક સંસ્થા આ ફંડ અંગેની યોજના ઘડશે જેમાં વખતો વખત કરવામાં આવેલ સુધારા ૧૯૨૫ ના પ્રોવીડન્ટ ફંડ કાયદાની લઘુત્તમ આવશ્યકતાઓની જોગવાઇ સમાવિષ્ટ રહેશે. સંચાલક સંસ્થાને આ યોજના પ્રત્યક્ષ રીતે સરકાર પાસેથી મેળવશે અને સરકારની મંજૂરી ની જાણ યુનિવર્સિટીને |

| | | | |
|---|---|---|---|
| | | કરશે. | |
| | | એ | દરેક શિક્ષકે પ્રોવીડન્ટ ફંડના સભ્ય બનવાનું રહેશે.ભરવાનો ફાળો મહિનાના મૂળ પગારના એક બારાંશ એક સરખા દરે રહેશે. પાર્ટ ટાઇમ શિક્ષક માટે કે જે ફક્ત શિક્ષણમાં રોકાયેલા હોય ત્યારે મૂળ પગાર પ્રોવીડન્ટ ફંડના હેતુ માટે મૂળ પગારનો અડધો રહેશે કે જે શિક્ષક મેળવવા હક્દાર હોય અને તે પૂર્ણ સમયના શિક્ષક તેજ હોદ્દા ઉપર હોય તેમની નિયુક્તીના સમયથી પાર્ટ ટાઇમ શિક્ષક તરીકે. |
| | | બી | સંચાલક સંસ્થાનો ફંડમાં ફાળો સભ્યના માસિક ફાળા જેટલો રહેશે અને દરેક માસના અંતે સભ્યના હિસાબમાં જમા કરાવવો પડશે. |
| | | સી | જ્યારે શિક્ષક સંચાલકની નોકરી માં કામ કરતો બંધ થાય ત્યારે ફંડમાં તેમના ખાતે જમાં હોય તે રકમ તેમને ચુકવવાની રહેશે આમ છતાં સંચાલક સંસ્થાનો તેમના ખાતે જમાં થયેલો ફાળો તથા તેના ઉપરનું વ્યાજ મેળવવાનો તેમને અધિકાર રહેશે નહીં જો,<br>૧। કાયમી શિક્ષક તરીકે તેમણે ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી લાગલગાટ સમયગાળાની સંચાલક સંસ્થાની નોકરી કરી નહીં હોય.<br>અથવા<br>૨। તેમને આ અધ્યાદેશની કલમ ૯ હેઠળ નોકરીમાંથી દૂર કરવામાં આવેલ હોય |
| | ૧૮ | **છૂટા કરાયાનું પ્રમાણપત્ર :**<br>તમામ કેસોમાં સંસ્થાના સંચાલક શિક્ષકને છૂટા થાયનું પ્રમાણપત્ર આપશે. છૂટા કર્યા અંગેના પ્રમાણપત્ર આપવા અંગેની તકરારના કિસ્સામાં કુલ્પતિશ્રીનો નિર્ણય છેવટનો ગણાંશે. | |
| | ૧૯ | **જગ્યાઓ માટેની અરજી :**<br>સંસ્થાનામાના શિક્ષકો જ્યારે બીજી જગ્યા માટે બહાર અરજી કરે ત્યારે તેમણે તેમની અરજીઓ તેમની કોલેજ અથવા સંસ્થાના ના વડા થકી અનિવાર્ય રીતે મોકલવાની રહેશે.તેઓ અરજીની નકલ અગાઉથી મોકલવા હક્દાર રહેશે. અને જેની મૂળ અરજી કે જ્યાં તેઓ કાર્ય કરતા હોય તેના આચાર્ય અથવા માન્ય સંસ્થાના વડા થકી મોકલવાની રહેશે.<br><br>પોતાના હાથ નીચે કાર્ય કરતા કોઇપણ શિક્ષકની અરજી | |

| | | |
|---|---|---|
| | | મોકલવાનું આચાર્યને માટે બંધનકર્તા રહેશે.આમ છતાં કાયમી શિક્ષકના કેસમાં કોઇ એક વર્ષમાં ચારથી વધારે આવી અરજીઓ મોકલાશે નહીં. |
| | ૨૦ | **નોકરીની શરતો અંગેની તકરારો :**<br>સંચાલક સંસ્થા અને શિક્ષક વચ્ચે નોકરીની શરતોના અર્થઘટન અંગેની કોઇપણ તકરાર સંચાલક સંસ્થા અથવા શિક્ષકની વિનંતી થી કુલપતીશ્રીને એમના નિર્ણય માટે સૌંપવામાં આવશે અને એમનો નિર્ણય છેવટનો ગણાશે. |
| | ૨૧ | **ખાનગી ટ્યુશન ઉપર પ્રતિબંધ :**<br>એ. આ યુનિવર્સિટી દ્વારા માન્ય કોઇપણ શિક્ષક કોઇ સંસ્થામાં નોકરી કરતા (ખાતા અથવા કોલેજ અથવા માન્ય સંસ્થા)ખાનગી ટ્યુશન સવેતન કે અવેતન રાખી શકશે નહીં. ખાનગી ટ્યુશનમાં માર્ગદર્શન,તાલીમ અને અથવા કોઇ શાળા, બોર્ડ, યુનિવર્સિટી પરીક્ષાની તૈયારી માટે કોઇ વિદ્યાર્થીને તેમની પોતાની સંસ્થામાં અથવા અન્ય કોઇ કોલેજમાં અથવા માધ્યમિક શાળામાં અથવા ઉચ્ચ માધ્યમિક શાળામાં અથવા યુનિવર્સિટી ખાતામાં અથવા કોઇ અનુસ્નાતાક કેન્દ્રમાં આપવામાં અનુશિક્ષણ સામેલ છે.<br><br>બી. વખત બે વખત વિદ્યાર્થીને આપવામાં આવતુ તાત્કાલીક માર્ગદર્શનને ખાનગી ટ્યુશન તરીકે આ અધ્યાદેશના હેતુઓ માટે ગણવામાં આવશે નહીં.<br>સી. શિક્ષક કે જે તેના નજદીકના સંબંધીને સૂચના આપતા હોય તેને ખાનગી ટ્યુશન તરીકે અર્થ ઘટાવવામાં આવશે નહીં. સંબંધીઓની વ્યાખ્યા નીચે મુજબ છે<br><br>૧। પત્ની, પતિ, પુત્ર , પુત્રી, પૌત્ર, પૌત્રી, ભાઇ, બહેન, પિતા, માતા, જમાઇ, નણંદ, ભત્રીજા, ભત્રીજી અને આશ્રીત, સાવકા સંબંધ સિવાય કે પિતા, ભાઇ અને બહેનનો ઉપરોક્ત વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવેલ નથી.<br>૨। જો કોઇ શિક્ષક ખાનગી ટ્યુશનમાં જોડાયેલ માલમ પડે તો તેને જાણી જોઇને આ અધ્યાદેશનો ભંગ કરેલ છે તેમ |

| | | | |
|---|---|---|---|
| | | | ગણવામાં આવશે જેને ગેરવર્તણુંક માટે ગુનેગાર ગણાશે. |
| | | ૩। | જ્યારે કુલપતિ અથવા તેમની ગેરહાજરીમાં ઉપકુલપતિ, જે કોઇ પણ, પાસે કોઇ પ્રથમદર્શનીય પુરાવો હોય કે શિક્ષક ટ્યુશન આપે છે ત્યારે તેમણે તે બાબતને સિન્ડિકેટ સમક્ષ મૂકવાની રહેશે કે જે જો જરુરી લાગે તો તેમના સભ્યોમાંથી તપાસ કરવા અને સિન્ડિકેટને અહેવાલ આપવા સમિતિ નિયુક્ત કરશે. સિન્ડિકેટ આ અહેવાલને ધ્યાનમાં લેશે અને શિક્ષક દ્વારા કરવામાં આવેલ ગેરવર્તણૂંક થયાથી સંતોષ થાય તો તેને શિક્ષક તરીકે અમાન્ય કરશે અથવા અન્ય સજા કરશે કે જે તેમને યોગ્ય લાગે. |
| | | ૪। | આ અધ્યાદેશમાં જણાવવામાં આવેલ હોય તેમ છતાં, સંસ્થા (ખાતા અથવા કોલેજ અથવા માન્ય સંસ્થા) કે જે યુનિવર્સિટી દ્વારા મંજૂર અભ્યાસક્રમો ચલાવતા હોય તેમણે વિશિષ્ટ સૂચના વર્ગોનું આયોજન વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન આપવા કરશે કે જેઓ તેમની સંસ્થામાં ભરતી થયેલ હોય અને એક અથવા વધારે વિષયમાં નબળા હોય. આ વર્ગો કોલેજના પ્રાંગણમાં ચલાવવામાં આવશે અથવા સામાન્ય કોલેજના કલાકો બાદ ચલાવવામાં આવશે. આવી સૂચના આપવા માટે વ્યાજબી ફી ચાર્જ કરવામાં આવશે. સંસ્થાએ અગાઉથી યુનિવર્સિટીની પરવાનગી યોગ્ય અરજી કરીને કરવાની રહેશે જેમાં નીચેની વિગતો સ્પષ્ટ કરવાની રહેશે. |
| | | એ. | વિષય કે જેને માટે આવી વિશિષ્ટ સૂચના આપવાની છે. |
| | | બી. | વિદ્યાર્થીઓની સંખ્યા કે જે આવી વિશિષ્ટ સૂચના લેવા માંગે છે. |
| | | સી. | ફીઝની રકમ કે જે લાગુ પાડવામાં આવે અને શિક્ષકને આપવામાં આવતુ મહેનતાણુ. |
| | | ડી. | સંસ્થાના સ્ટાફના સભ્યોના નામ કે જે આવા વિશિષ્ટ સૂચના વર્ગોમાં ભાગ લેશે. |
| | | ૫। | આવા અનુશિક્ષણના પ્રોગ્રામ યોજતી વખતે સંસ્થાએ વધુ ખાતરી કરવાની છે કે જે વિદ્યાર્થીઓ સમાજના નબળા વર્ગમાંથી આવે છે તેમને આ વિશિષ્ટ લાભથી ફીના સ્તરને કારણે વંચીત ન રહે. આ હેતુ માટે લાક્ષણિક ફી લાગુ કરી શકાશે. |

| | | |
|---|---|---|
| | ૨૨ | **ગ્રેજ્યુઇટી** ઃ<br>૧। કોઇ કાયમી શિક્ષક ગ્રેજ્યુટી મેળવવા માટે હક્દાર રહેશે નહી ં જ્યાં સુધી તેમના દ્વારા સતત ૭ વર્ષથી ઓછી નોકરી સંસ્થામાં રાજ્યની કોઇ યુનિવર્સિટી હેઠળ કરેલ ન હોય કે જે રાજ્ય અથવા કેન્દ્ર સરકારના કાયદા દ્વારા સ્થાપવામાં આવેલ હોય.<br>૨। કોઇપણ કાયમી શિક્ષક માત્ર નીચેના કિસ્સાઓમાં જ સંચાલક સંસ્થા પાસેથી ગ્રેજ્યુટી મેળવવાને હક્દાર રહેશે.<br>(૧) નિવૃત્ત વય પ્રાપ્ત થતા નિવૃત્ત થાય ત્યારે<br>(૨) કોલેજ સંસ્થાની નોકરીમાં હોય ત્યારે મૃત્યુ પામે. આ ગ્રેજ્યુટીની રકમ તેમની નિયુક્ત વ્યક્તિઓને ચુકવવામાં આવશે અને જો કોઇ નિયુક્ત વ્યક્તિ ન હોય તો તેના કાયદેસરના વારસોને મળશે.<br>(૩) કાયમી અશક્ત બનવાથી કે જે શારીરિક ઇજા અથવા માનસિક અક્ષમતાને કારણે નોકરીમાંથી ફરજીયાત નિવૃત્તિ<br>.<br>(૪) આ અધ્યાદેશના ક્લોઝ ૭ હેઠળ કોલેજ અથવા સંસ્થાનીભ નોકરીમાં રાજીનામુ અથવા નોકરીમાંથી છુટા થવાને કારણે નોકરી કરવાનું બંધ થાય.<br>૩। ગ્રેજ્યુટીની રકમ માસીક વેતનના આધારે ગણવામાં આવશે જેમાં મોંઘવારી ભથ્થા અને અથવા વધારાના ભથ્થા અને વચગાળાની રાહત સામેલ છે કે જે ગુજરાત સરકાર દ્વારા સ્વીકાર્ય વેતન તરીકે તેના કર્મચારીઓ વખતોવખતના પેન્શન નક્કી કરવા વેતન તરીકે સ્વીકાર્ય રાખવામાં આવેલ છે. આવા માસિક સરેરાશ વેતન એટલે નિવૃત્તિના દિવસ, અવસાન, અશક્તિપ્રાપ્તી અથવા રાજીનામુ જે લાગુ પડતુ હોય તેના પુરોગામી બાર માસ દરમિયાન મેળવેલો પાયાનો પગાર. ઉપરોક્ત સુધારો તા.૦૧.૦૪.૧૯૭૭ થી અમલમાં આવેલ છે.<br>૪। ગ્રેજ્યુટીની રકમ નીચે દર્શાવેલા ધોરણે આપવામાં આવશે.<br>૧. સાત વર્ષની નોકરી પૂરી થતાં દરેક પૂરા વર્ષની નોકરી માટે મહિનાના પાયના પગારના એક દ્વિવીતીયાંશ દરે. |

| | | |
|---|---|---|
| | | ૨. બાર વર્ષની નોકરી પૂરી થતાં દરેક પૂરા વર્ષની નોકરી માટે મહિનાના પાયાના પગારના એક દ્વિવીતીયાંશ દરે.<br>૩. ૧૫ વર્ષની નોકરી પૂર્ણ થતા દરેકપૂરા વર્ષની નોકરી માટે એક માસના પાયાના પગારના દરે.<br>૫। ગ્રેજ્યુટી પેટા કલોઝ ૫ સુસંગત ભાગ ઃ<br>શિક્ષકને ચુકવવાપાત્ર ગ્રેજ્યુટીની રકમ મહત્તમ મર્યાદાને આધીન કે જે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત તેમના કર્મચારીઓને ગ્રેજ્યુટી ચુકવવા માટે નિયત કરવામાં આવેલ છે તે મુજબ રહેશે. મહત્તમ મર્યાદાની ઉપરના રીવીઝનનો પૂર્ણ લાભ શિક્ષકોને ચુકવવાપાત્ર ગ્રેજ્યુટી માટે તે દિવસથી આપવાનો રહેશે કે જે દિવસે સદર રિવિઝન અમલમાં આવેલ હોય . તે તમામ શિક્ષકોને અસંબધ્ધ આપવાનો રહ્હેશે પછી ભલે તેમણે પેન્શન અથવા સી પી એફ યોજનાનો વિકલ્પ લીધો હોય કે નહીં.<br>આ સુધારો જે તારીખે પેન્શન યોજના કોલેજ અને યુનિવર્સિટીના કર્મચારીઓ માટે અમલમાં આવી ત્યારથી અમલમાં આવ્યો.<br>૬। ઉપર જણાવેલ જોગવાઇ હોવા છતાં, કલોઝ ૩ માં ઉપર જણાવ્યા મુજબ દરેક પૂરા વર્ષની નોકરી માટે એક માસના પાયના પગારના દરે મહત્તમ મર્યાદાને આધીન કે જે રાજ્ય સરકાર દ્વારા તેમના કર્મચારીઓ માટે વખતો વખત નિયત કરવામાં આવેલ હોય તે ચુકવવામાં આવશે જો તે,<br>એ. નોકરી માં હોય અને મૃત્યુ પામે.<br>બી. પોતાની ફરજો બજાવાવા માટે પ્રમાણિત કરાયેલ શારિરિક અથવા માનસીક કમજોરીને કારણે અસકત બને.<br>૭। આ અધ્યાદેશના કલોઝ ૯ હેઠળ નોકરીમાંથી છુટા કરાયેલા શિક્ષકને ગ્રેચ્યુટી આપવામાં આવશે નહીં.<br>કલોઝ ૨૨ માં કોઇપણ મુદત ગ્રેજ્યુટીની રકમ મેળવવા નિયત કરવામાં આવેલ હોય તેને પૂર્ણ થયેલો માનવામાં આવશે તેમ છતાં પણ કે નિયત મુદત થોડા દિવસથી ઓછી થતી હોય જે ફકત એ કારણસર બનેલ હોય કે કોઇ ફેરફાર સત્રની શરુઆત અથવા પુર્ણતા અથવા સત્ર કે જે અધ્યાદેશ |

| | | | |
|---|---|---|---|
| | | | ૫૬ માં કરવામાં આવેલ સુધારા અથવા સિન્ડિકેટના તે બાબતના અન્ય ઠરાવને કારણે પૂર્ણ થયેલો માનવામાં આવશે. આ સમજૂતી તે દિવસથી અમલી માનવામાં આવશે જે દિવસે ગ્રેજ્યુઇટીના નિયમો અમલમાં આવ્યા એટલે કે તા. ૦૧.૦૩.૧૯૭૨ થી. |
| | ૨૩ | | **શૈક્ષણિક લાભો :**<br>સંસ્થાના સંચાલક સ્વૈચ્છિક મફત શિક્ષણ પ્રથમ ડીગ્રી કક્ષા સુધી કોઇ સંસ્થાના કાયમી શિક્ષક ના મહત્તમ ૩ બાળકોને કોઇ સંસ્થામાં સંચાલક દ્વારા કે જેની સંસ્થામાં શિક્ષક નોકરી કરતા હોય તેને આપશે. |
| | ૨૪ | | **રજાના નિયમો :**<br>કોઇ રજા હક તરીકે માંગી શકાશે નહી. |
| | | ૧ | કાયમી શિક્ષક માટે સ્વીકાર્ય રજાઓ :<br>કાયમી શિક્ષકોને નીચે મુજબની રજાઓ સ્વીકાર્ય રહેશે.<br>૧। ફરજ તરીકે ગણેલી રાજા એટલે કે કેઝ્યુઅલ રજા, સ્પેશીયલ કેઝ્યુઅલ રજા અને ફરજ રજા.<br>૨। ફરજથી મેળવેલ રજા એટલેકે કમાયેલ રજા, અડધા પગાર રજા અને પરિવર્તિત રજા.<br>૩। ફરજથી ન મેળવેલ રજા એટલે કે અસાધારણ રજા અને બાકી નહી તે રજા<br>૪। રજા કે જે રજાના ખાતામાં ઉધારેલ ન હોય.<br>એ. શૈક્ષણિક રજા એટલે કે અભ્યાસ રજા અથવા શૈક્ષણિક રજા અને વિરામ રજાઓ.<br>બી. આરોગ્યના કારણે રજા એટલે કે માતત્વ રજા<br><br>**ક્વોરન્ટાઇન રજા :**<br>અપવાદ રુપ કિસ્સામાં સિન્ડીકેટ તજા કારણો નોંધીને આપશે. અન્ય પ્રકારની રજાઓ એવી શરતોને આધીન આપવામાં આવશે કે જે લાગુ પાડવા યોગ્ય હોય.<br><br>**૨. કેઝ્યુલ રજા :**<br>૧. શિક્ષકને કુલ કેઝ્યુલ રજા શૈક્ષણિક વર્ષમા ૮ થી વધારે આપવામાં આવશે નહી . |

| | | | |
|---|---|---|---|
| | | | ૨. કેઝ્યુલ રજાને અન્ય પ્રકારની રજાઓ સાથે જોડી શકાશે નહીં સિવાય કે તે વિશિષ્ટ કેઝ્યુલ રજા હોય .તેને રજાઓ સાથે જોડી શકાશે જેમાં રવિવાર સામેલ છે. રજાઓ અથવા રવીવાર કેઝ્યુલ રજાના મુદત માં આવતી હોય તેને કેઝ્યુલ રજા તરીકે ગણવાની રહેશે નહી. ।<br><br>૩. **સ્પેશીયલ કેઝ્યુલ રજા ઃ**<br>૧। શિક્ષકને સ્પે .કેઝ્યુઅલ રજા શૈક્ષણિક વર્ષમાં ૧૦ કરતા વધુ આપવામાં આવશે નહી.<br>એ. યુનિવર્સિટીની પરીક્ષા ,જાહેર સેવા કમિશન ,પરીક્ષા બોર્ડ અથવા અન્ય એવી સંસ્થાઓ અથવા બોડીઓ અને<br>બી. શૈક્ષણિક સંસ્થાને તપાસવા કે જે સ્ટેચ્યુટરી બોર્ડ સાથે જોડાયેલ હોય વિગેરે<br>નોંધઃ ૧. ૧૦ દિવસની સ્વીકાર્ય રજા ગણવા ,ખરેખર મુસાફરીનો દિવસ ,જો કોઇ હોય, જ્યાંથી અને જ્યાં સુધીના સ્થળે જેમાં પ્રવૃત્તિઓ કે જે ઉપર સ્પષ્ટ કરવામાં આવેલ છે તે બાકાત રાખવાની છે.<br>૨. વધુમાં, સ્પે .કેઝ્યુલ રજા નીચે જણાંવ્યા મુજબની પણ આપી શકાશે.<br>એ. કુટુંબ કલ્યાણ પ્રોગ્રામ હેઠળ નસબંધી ઓપરેશન કરાવવા (વેસેટોમી અથવા સાલપીંગો ટોમી) આ કેસમાં રજા ૬ કામકાજના દિવસ સુધી નિયત્રિંત કરવામાં આવેલ છે. અને<br>બી. સ્ત્રી શિક્ષક કે જેના દ્વારા બિનપ્રસવ ન સંબંધી કારાવવામાં આવેલ હોય .આવા કેસમાં રજા ૧૪ દિવસ સુધી નિયંત્રિત કરવામાં આવેલ છે.<br>૩. સ્પે.કેઝ્યુલ રજાઓ ભેગી કરવામાં આવશે નહીં તેમ જ તેને અન્ય પ્રકારની રજા સાથે જોડવામાં આવશે નહીં સિવાય કે કેઝ્યુલ રજા. તેને અન્ય પ્રકારની રજા સાથે જોડવામાં આવશે સિવાય કે કેઝ્યુલ રજા તેને રજાઓ અથવા વેકેશન સાથે આપવામાં આવશે . |

| | | | |
|---|---|---|---|
| | | | ૪. **ફરજ રજા ઃ**<br>૧। ફરજ રજા ત્યારે આપવામાં આવશે જ્યારે,<br>એ. યુનિવર્સિટી તરફે કોન્ફરન્સ, કોન્ગેસીસ, ચર્ચા પરિષદ અને સેમીનારોમાં હાજર રહેવાનુ હોય અથવ યુનિવર્સિટીની પરવાનગીથી.<br>બી. એવી સંસ્થા અને યુનિવર્સિટીના લેક્ચર માટે આમંત્રિત કરવા માટે કે જે યુનિવર્સિટીદ્વારા મેળવવામાં આવેલ હોય અને કુલપતિશ્રી દ્વારા સ્વીકારવામાં આવેલ હોય.<br>સી. અન્ય ભારતીય અથવા ફોરેન યુનિવર્સિટીમાં કાર્ય કરતા હોય, અન્ય એજન્સી, સંસ્થા અથવા સંગઠન જ્યારે યુનિવર્સિટીદ્વારા પ્રતિનિયુક્ત કરવામાં આવેલ હોય.<br>ડી. ભારત સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ સમિતી ઉપર કાર્ય કરવા અથવા ડેલીગેશનમાં ભાગ લેવા રાજ્ય સરકાર, યુનીવર્સીટી ગ્રાન્ટ કમીશન, સીસ્ટર યુનીવર્સીટી અથવા અન્ય શૈક્ષણિક સંસ્થા.<br>ઇ. યુનીવર્સીટી માટે અન્ય ફરજ બજાવવા.<br>૨। રજાનો ગાળો એવો હોવો જોઇએ જે મંજૂર કરનાર સત્તાધીશ દ્વારા દરેક પ્રસંગે જુરી ધ્યાન ઉપર લેવામાં આવશે.<br>૩। રજા પૂર્ણ વેતનથી આપી શકાશે જોકે શિક્ષક દ્વારા અધ્યેતાવૃતી અથવા માનવેતન અથવા અન્ય કોઇ નાંણાકીય સહાય કે જે સામાન્ય ખર્ચા ની જુરીયાત કરતા ઉપ રહોય તેમની ફરજ રજા ઘટાડેલા વેતને અને ભ્થ્થાએ મંજૂર કરી શકાશે અને<br>૪। ફરજ રજાને પ્રાપ્ત કરેલી રજાઓ સાથે, અડધા વેતન રજા અથવા અસાધર રજા સાથે જોડી શકાશે.<br><br>૫. **પ્રાપ્ત રજા ઃ**<br>૧. પ્રાપ્ત રજા કે જે શિક્ષકને સ્વીકાર્ય હોય તેને<br>એ. ૧/૩૦ ખરેખરી નોકરી વેકેશન સાથે |

| | | | |
|---|---|---|---|
| | | | બી. ૧/૩ મુદતની જો કોઇ હોય કે જે દરમ્યાન તેમને ફરજ વેકેશન દરમ્યાન બજાવવની જરુરી હોય.<br>નોંધ ઃ ખરેખરી નોકરીની ગણતરીના હેતુ માટે તમામ રજાના સમય સિવાય કે કેઝ્યઅલ/સ્પેશીયલ કેઝ્યુલ અને ફરજ રજા ને બાકાત રાખવાની રહેશે.<br><br>૨. શિક્ષકની ક્રેડીટથી પ્રાપ્ત થયેલ રજા ૩૦૦ દિવસ કરતા ઉપર ભેગી કરી શકાશે નહી. મહત્તમ પ્રાપ્ત રજા કે જે એક સાથે મંજૂર કરવામાં આવે તે ૬૦ દિવસ કરતા વધારે રહેશે નહી. પ્રાપ્ત રજા કે જે ૬૦ દિવસ કરતા વધુ હોય તેને ઉચ્ચ અભ્યાસ માટે મંજૂર કરાશે અથવા તાલીમ અથવા તબીબી પ્રમાણપત્ર સાથે રજા અથવા જ્યારે તમામ રજા અથવા તેનો ભાગ ભારત બહાર પસાર કરવામાં આવેલ હોય.<br>નોંધ ૧ ઃ જ્યારે શિક્ષક દ્વારા વેકેશન સાથે પ્રાપ્ત રજા ભેગી કરવામાં આવે, તો વેકેશનનો સમયગાળો રજા તરીકે ગણવામાં આવશે મહત્તમ રજાની ગણતરી માટે સરેરાશ ચુકવણી ઉપર કે જે અમુક રજાના સમયમાં સામેલ કરી શકાશે.<br>નોંધ ૨ ઃ એવા કેસમાં કે જ્યારે રજાનો ભાગ ભારત બહાર પસાર કરવામાં આવેલ હોય અને ૧૨૦ દિવસ કરતા વધારે રજા આપવામાં આવે તે તે શરતને આધીન કે જે રજા ભારતમાં પસાર કરવામાં આવેલ તે સરેરાશ ૧૨૦ દિવસ કરતા વધુ રહેશે નહી.<br>નોંધ ૩ ઃ પ્રાપ્ત રજાની રોકડી શિક્ષણ સ્ટાફના બિનવેકેશન સભ્યોને મંજૂર રકવાની રહેશે કે જે કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓને લાગુ પડે છે<br><br>૬. **અડધા પગાર રજા ઃ**<br>કાયમી શિક્ષકને અડધા પગારે રજા જે ૨૦ દિવસની દરેક પૂર્ણ કરેલ નોકરીના વર્ષની ગ્રાહ્ય રાખી શકાશે. આવી રજા નોંધાયેલા તબીબના તબીબી પ્રમાણપત્રના આધારે ખાનગી કામો અથવા |

શૈક્ષણિક હેતુ માટે આપી શકાશે.

નોંધ ઃ પુર્ણ વર્ષની નોકરી એટલે યુનિવર્સિટી હેઠળ સતત નોકરી વિશિષ્ટ સમયગાળા માટે અને જેમાં ફરજ પર ગેરહાજરીનો સમય તેમજ રજાઓ તેમજ અસાધારણ રજાઓ સામેલ છે

૭. **પરિવર્તિત રજાઓ ઃ**

**પરિવર્તિત** રજાઓ અડધા પગાર રજા કરતા અડધી રકમથી વધુ ન હોય તેને નોંધાયેલા તબીબ ના તબીબી પ્રમાણપત્રના આધારે કાયમી શિક્ષકને નીચેની શરતોને આધીન આપી શકાશે.

૧. તમામ નોકરી દરમ્યાન પતિવર્તિત રજાઓ મહત્તમ ૨૪૦ દિવસ મર્યાદિત રહેશે.

૨. જ્યારે પરિવર્તિત રજાઓ આપવામાં આવે આવી રજાની બે ગણી રકમને અડધા પગાર રજા કે જે બાકી હોય તેની સામે ઉધારવામાં આવશે અને

૩. પ્રાપ્ત રજાઓનો કુલ સમયગાળો અને પરિવર્તિત રજા કે જે ને નિમિત્ત તરીકે લેવામાં આવે તે એક સાથે ૨૪૦ દિવસ કરતા વધાર હોવી જોઇએ નહીં જોકે કોઇ પરવિર્તિત રજા આ નિયમો હેઠળ આપી શકાશે નહીં જ્યાં સુધી સક્ષમ સત્તાધીશ કે જે રજા મંજૂર કરતા હોય તેને માનવાને કારણ હોય કે શિક્ષક તેના અંત થયે ફરજ ઉપર હાજર થશે.

૮. **અસાધારણ રજા ઃ**

૧. કાયમી શિક્ષકને અસાધરણ રજા ત્યારે આપી શકાશે જ્યારે,

એ. જ્યારે કોઇ અન્ય રજા ગ્રાહ્ય ન રખાય અથવા

બી. કોઇ અન્ય રજા ગ્રાહ્ય ન રખાય અને શિક્ષક લેખીતમાં અસાધરણ રજા માટે અરજી કરે.

| | | | |
|---|---|---|---|
| | | | ૨ અસાધારણ રજા હંમેશા પગાર અને ભથ્થા વગર રહેશે. ઇજાફા માટે અસાધારણ રજા નીચેના કેસો સિવાય ગણવાની રહેશે નહીં.<br><br>એ. તબીબી પ્રમાણપત્રોના આધારે લેવામાં આવેલ રજાઓ.<br>બી. કેસો કે જેમાં કુલપતિ અને આચાર્યને સંતોષ થાય કે શિક્ષક દ્વારા રજા નિયંત્રણ બહારના કારણસર લેવામાં આવેલ છે જેવા કે કુદરતી આફત/હુલ્લડ જોકે શિક્ષક પાસે અન્ય કોઇ પ્રકારની રજા જમા ન હોય.<br>સી. ઉચ્ચ અભ્યાસ માટે લેવામાં આવેલ રજા અને<br>ડી. શિક્ષણની પોસ્ટ માટે અથવા સંશોધન વૃત્તી અથવા સંશોધન સાથે શિક્ષણની પોસ્ટ અથવા અગત્યના ટેકનીકલ અથવા શૈક્ષણિક કામ માટે આપવામાં આવેલ આમંત્રણ સ્વીકારવા માટે રજા આપવામાં આવેલ હોય.<br>૩ અસાધારણ રજાનો અન્ય રજાસાથે જોડી શકાશે સિવાય કે કેઝ્યુલ રજા અને સ્પેશીયલ કેઝ્યુલ રજા જોકે રજા દરમ્યાન ફરજ ઉપર સતત ગેરહાજરીનો કુલ સમય જેમાં વેકેશનનો સમય સામેલ છે જ્યારે આવા વેકેશન રજા સાથે સંયોગમાં લેવામાં આવે જે ૩ વર્ષ કરતા વધારે રહેશે નહીં સિવાય કે કેસો કે જ્યાં રજા તબીબી પ્રમાણપત્રના આધારે લેવામાં આવેલ હોય. ફરજ પર ગેરહાજર નો સમય કોઇપણ કેસમાં ૫ વર્ષ કરતા વધુ વ્યકિતની સંપૂર્ણ કામકાજના જીવન દરમ્યાન રહેશે નહીં.<br>૪ સત્તાધીશ કે જેમને રજા આપવાની સત્તા છે તે રજા વગર ગેરહાજરીનો સમય પાશ્ર્ચાત્ય રીતે રજામાં અથવા અસાધારણ રજામાં પરવિર્તિત કરશે |
| | | ૯ | **રજા બાકી નથી ઃ**<br>૧. કાયમી શિક્ષકને કુલપતિ/આચાર્યની મુનસફીથી રજા |

| | | | |
|---|---|---|---|
| | | | બાકી નથી તે આપવામાં આવશે જે ૩૬૦ દિવસ કરતાં વધુ મુદત માટે રહેશે નહીં તમામ નો કરીની મુદત દરમ્યાન જેમાંથી એક સાથે ૯૦ દિવસ અને ૧૮૦ દિવસ તમામ કે જે અન્ય રીતે તબીબી પ્રમાણપત્રના આધારે આવી રજાઓ તેના દ્વારા અડધા પગાર રજા કે જે પ્રાપ્ત કરવામાં આવેલ હોય તે સામે ઉધારવામાં આવશે.<br>૨. ન બાકી રજા જ્યાં સુધી કુલપતી /આચાર્યને સંતોષ થાય નહીં કે જ્યાં સુધી વ્યાજબી રીતે આગાહી કરવામાં આવે કે શિક્ષક ફરજ ઉપર રજા પુર્ણ થયે પરત હાજર થશે અને આપવામાં આવેલ રજા પ્રાપ્ત કરશે.<br>૩. જે શિક્ષકને ન બાકી રજા આપવામાં આવે તેને રાજીનામુ આપવાની પરવાનગી આપવામાં આવશે નહીં જ્યાં સુધી તેની રજાના ખાતામાં ડેબીટ બેલેન્સ સક્રીય નોકરી દ્વારા સાફ કરવામાં ન આવે અથવા તેના દ્વારા પગાર અને ભથ્થા તરીકે ચુકવવામાં આવેલ રકમ તે સમય માટે કે જે તેણે પ્રાપ્ત કરેલ ન હોય તે પરત કરવામાં આવે એવા કેસમાં જ્યાં નિવૃત્તિ ટાળી શકાય તેમને હોય કે જે બિમારી /શિક્ષક તરીકે વધુ સેવા માટે અશક્તિમાન/રજાના પગારનું રીફંડ તે સમય માટે જે પ્રાપ્ત કરવાનો બાકી છે તેને એક્ઝીક્યુટીવ કાઉન્સીલ દ્વારા છોડી દેવામાં આવે.<br>જો કે એક્ઝીક્યુટીવ કાઉન્સીલ અન્ય અપવાદમાં તે કારણો માટે છોડી દેવામાં આવે રજાના પગારનું રીફંડ રજાના સમય માટે કે જે પ્રાપ્ત કરવાનું હોય .કે જે નોંધવામાં આવે. |
| | | ૧૦ | **અભ્યાસ રજા :**<br>૧. સતત ૩ વર્ષ સુધી કરવામાં આવેલ નોકરી બાદ અભ્યાસ રજા વિશિષ્ટ પ્રકારના અભ્યાસ માટે અથવા સંશોધન કેજ પ્રત્યક્ષ રીતે તેના કામ સાથે યુનિવર્સિટીમાં સંબંધીત હોય અથવા યુનિવર્સિટી સંસ્થાનો અને ભણતરની પધ્ધતીનો જુદાજુદા પાસાઓનો વિશિષ્ટ અભ્યાસ માટે આપવામાં |

| | | | |
|---|---|---|---|
| | | | આવશે .અભ્યાસ રજાનો ચુવાયેલો સમય ૩ વર્ષનો રહેશે. પરંતુ ૨ વર્ષ પ્રથમ ઉદાહરણ તરીકે આપવામાં આવશે જેમાં એક વર્ષ વધારી શકાશે જો તેમાં પૂરતી પ્રગતિ સંશોધન માર્ગદર્શક દ્વારા જણાંવવામાં આવે .એ કાળજી રાખવાની રહેશેકે જે શિક્ષકોને અભ્યાસ રજા આપવામાં આવેલ હોય તેની સંખ્યા તે નિયત શિક્ષક કરતા વધુ કોઇ ખાતામાં ન હોય જોકે એકઝીકયુટીવ કાઉન્સીલ /સિન્ડિકેટ ખાસ સંજોગોમાં ૫ વર્ષની સતત સેવાની શરત છોડી શકે છે.<br><br>સમજૂતી : સેવાની લંબાઇ ગણવા માટે જે સમય દરમ્યાન વ્યકિત અજમાયશી ઉપર હતો અથવા સંશોધન સહાયક તરીકે રોકવામાં આવેલ હોય તેને ગણતરી કરવામાં આવશે જો,<br>એ. અરજીની તારીખે વ્યકિત શિક્ષક છે અને<br>બી. સેવામાં કોઇ તૂટ નથી.<br>૨. એકઝીકયુટીવ કાઉન્સીલ/સિન્ડિકેટ દ્વારા અભ્યાસ રજા સંબંધિત ખાતાના વડાની ભલામણથી આપી શકાશે. આ રજા ૩ વર્ષ કરતા વધુ સમય માટે એક સાથે આપી શકાશે નહીં, સિવાય કે દરેક અપવાદ કેસમાં એકઝીકયુટીવ કાઉન્સીલ, સિન્ડિકેટ ને સંતોષ થાય કે આવો વધારો શૈક્ષણિક કારણસર અનિવાર્ય છે અને યુનિવર્સિટીના હિતમાં જરૂરી છે.<br><br>૩. અભ્યાસ રજા એવા શિક્ષકને આપવામાં નહીં આવે કે જે તે તારીખથી ૫ વર્ષની અંદર નિવૃત્ત થવાના હોય કે જે તારીખે તે અભ્યાસ રજાના પુર્ણ થયા બાદ ફરજ ઉપર પરત આવે.<br>૪. અભ્યાસ રજા ૨ કરતા વધુ કોઇ એકની કારકીર્દી - દરમ્યાન આપવામાં આવશે નહી. જોકે મહત્તમ અભ્યાસ રજા તમામ સર્વિસ દરમ્યાન ગ્રાહ્ય રાખવામાં આવે તે ૫ વર્ષ કરતા વધારે હોવી જોઇએ નહી.<br>૫. કોઇ શિક્ષક કે જેને અભ્યાસ રજા આપવામાં આવે તેને અભ્યાસ ક્રમ અથવા સંશોધન કાર્યક્રમમાં નોંધપાત્ર રીતે ફેરફાર કરવા એકઝીકયુટીવ |

| | | | |
|---|---|---|---|
| | | | કાઉન્સીલ/સિન્ડિકેટની પરવાનગી વગર પરવાનગી આપવામાં આવશે નહીં જ્યારે અભ્યાસક્રમ માટે જે રજા મંજૂર કરવામાં આવેલ હોય તે અલ્પ હોય. શિક્ષકે અભ્યાસક્રમ પુર્ણ થયે ફરજ પર હાજર થવાનુ રહેશે. જ્યાં સુધી એક્ઝીક્યુટીવ કાઉન્સીલ / સિન્ડિકેટની અગાઉથી મંજૂરી અલ્પ સમયને સંપૂર્ણ તરીકે જેમ સામાન્ય રજા મેળવવામાં આવે તેમ ગણવામાં આવે.<br>૬. પેટા ક્લોઝ ૭ અને ૮ ને આધીન અભ્યાસ રજા પૂર્ણ પગારે બે વર્ષ સુધી આપી શકાશે જેમાં એક વર્ષનો વધારો યુનિવર્સિટીની મુનસફીએ કરી શકાશે.<br>૭. શિષ્યવૃત્તિ/ સંશોધન વૃત્તી અને અન્ય નાણાંકીય સહાય ની રકમ કે જે શિક્ષકને/ આપવામાં આવેલ અભ્યાસ રજા કે જે આપવામાં આવેલ હોય તેને પગાર અને ભથ્થા સાથે આપવામાં આવેલ અભ્યાસ રજામાં સ્થગિત કરવાના નથી પરંતુ શિષ્યવૃત્તિમાં વિગેરે જે મેળવવામાં આવે તેને પગાર અને ભથ્થા નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે કે જેના ઉપર અભ્યાસ રજા આપવામાં આવેલ હોય. ફોરેન શિષ્યવત્તિ/ સંશોધનવૃત્તિ ને ફકત પગાર સામે ઓફસેટ કરવાના છે જો સંશોધનવૃત્તિા વિશિષ્ટ રકમ કરતા ઉપર હોય. જે વખતો વખત દેશમાં કુટુંબના ખર્ચાના આધારે નક્કી કરવામાં આવશે ભારતીય સંશોધનવૃત્તીના કેસમાં કેજ્યાં અભ્યાસ કરવામાં આવે છે. જે શિક્ષકના પગાર કરતા વધુ હોય તો પગાર જપ્ત થશે.<br>૮. ત્રણ વર્ષ કરતા વધુ સમયમાટે ફરજ પરથી ગેરહાજર મહત્તમ મુદતને આધીન અભ્યાસ રજાને પ્રાપ્ત રજા /અડધા પગાર રજા/અસાધારણ રજા અથવા વેકેશન સાથે જોડવામાં આવશે /તેમ છતાં પણ પ્રાપ્ત રજાકે જેશિક્ષક પાસે જમા હોય તેને શિક્ષકની મુનસફીએ પ્રાપ્ત કરવામાં આવશે. શિક્ષક કે જેને ઉચ્ચ પોસ્ટ માટે અભ્યાસ રજા દરમ્યાન પસંદ કરવામાં આવેલ હોય તેમને તે દરજ્જામાં મૂકવામાં આવશે અને ઉચો પગાર મેળવશે જ્યારે તેમના દ્વારા તે પોસ્ટ |

| | | | |
|---|---|---|---|
| | | | જોઇન કરવામાં આવશે.<br>૯. શિક્ષક કે જેને અભ્યાસ રજા આપવામાં આવેલ હોય તેમના પરત ફર્યેથી અને યુનિવર્સિટીની સેવાઓ ફરીથી હાજર થયેથી તેમને વાર્ષિક ઇજાફોના લાભ મળવાપાત્ર રહેશે કે જે તેમને સમય દરમ્યાન મેળવેલ હોત જો તેમના દ્વારા અભ્યાસ રજા લેવામાં આવેલ ન હતે. કોઇપણ શિક્ષક ઇજાફાનું બાકી મેળવવા હકદાર રહેશે નહીં.<br>૧૦. અભ્યાસ પેન્શન, અંશદાયી પ્રોવીડન્ટ ફંડ ની ગણતરી માટે સર્વિસ તરીકે ગણવાના રહેશે જોકે શિક્ષક દ્વારા અભ્યાસ રજા પૂર્ણ થયે યુનિવર્સિટી માં જોડાવામાં આવે.<br>૧૧. શિક્ષકને આપવામાં આવેલ અભ્યાસ રજા રદ કરવા પાત્ર રહેશે જો તેને મંજૂર થયા બાદ ૧૨ માસ સુધી વાપરવામાં નહીં આવશે. જોકે અભ્યાસ રજા કે જે આપવામાં આવેલ છે તે રદ થાય તો શિક્ષક ફરીથી એવી રજા માટે અરજી કરી શકશે.<br>૧૨. શિક્ષક કે જે અભ્યાસ રજા પ્રાપ્ત કરે છે તેમણે બાંહેધરી આપવાની રહેશે કે તે યુનિવર્સિટીમાં સતત ૩ વર્ષ સુધી સેવા આપશે અને તે ત્રણ વર્ષની ગણતરી અભ્યાસ રજા પુર્ણ થયા બાદ તેમના દ્વારા ફરજ ઉપર હાજર થયાની તારીખ થી ગણવામાં આવશે.<br>૧૩. રજા મંજૂર થયા બાદ શિક્ષકે રજા પ્રાપ્ત કરતા પહેલા યુનિવર્સિટી ની તરફેણમાં એક બોન્ડ કરી આપવાનું રહેશે જેમાં તેમણે ક્લોઝ ૧૩ અને ૧૪ માં જણાંવવામાં આવેલ શરતોનું પાલન કરવાનું રહેશે અને સ્થાવર મિલકતની સિક્યુરીટી ખજાનચી/નાંણા અધિકારીને સંતોષ થાય તે રીતે અથવા વફાદારી બોન્ડ વીમા કંપનીનું અથવા શીડયુલ્ડ બેંકની ગેરેન્ટી અથવા બે કાયમી શિક્ષકની સિક્યુરિતી તે રકમ માટે કે જે યુનિવર્સિટી ને રીફંડને પાત્ર ક્લોઝ ૧૪ ઉપર મુજબ હોય.<br>૧૪. શિક્ષકે કુલસચિવને તેના અભ્યાસનો ૬ માસનો અહેવાલ તેમના સુપરવાઇઝર અથવા ખાતાના વડા |

| | | | |
|---|---|---|---|
| | | | થકી આપવાનો રહેશે .આ અહેવાલ કુલસચિવને દરેક અભ્યાસ રજાના ૬ માસના અંતે એક માસની અંદર આપવાનો રહેશે .જો અહેવાલ કુલસચીવને નિયત સમયમાં નહી ં મલશે તો રજાના પગારની ચુકવણી સ્થગિત કરવામાં આવશે જ્યાં સુધી આવો અહેવાલ તેમના દ્વારા મેળવવામાં નહીં આવે. |
| | | ૧૧ | **<u>વિરામ રજાઓ/શૈક્ષણિક રજાઓ ઃ</u>**<br>૧। યુનિવર્સિટીના પુર્ણ સમયના કાયમી શિક્ષકો કે જેમણે ૭ વર્ષની નોકરી લેક્ચરર પસંદગી ગ્રેડ / વાંચક ઓફ પ્રાધ્યાપક તરીકે પૂર્ણ કરી હોય તેમને વિરામ રજાઓ અભ્યાસ અથવા સંશોધન અથવા અન્ય શૈક્ષણિક વ્યવસાય વેતન તેમનું પ્રાવીણ્ય વધારવાના ઉદ્દેશથી અને યુનિવર્સિટીને ઉપયોગી થાય અને ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા માટે આપી શકાશે .<br>૨। આ રજાનો સમય ૧ વર્ષ કરતા વધારે એક સમયે રહેશે નહીં અને શિક્ષકની આખી કારકીર્દી દરમ્યાન ૨ વર્ષનો રહેશે નહીં.<br>૩। જે શિક્ષક દ્વારા અભ્યાસ રજા લેવામાં આવેલ હોય તેમને વિરામ રજાઓ મળવાપાત્ર રહેશે ન જહીં જોકે વિરામ રજાઓ ત્યાં સુધી આપવામાં નહીં આવે જ્યાં સુધી ૫ વર્ષ નો સમય અગાઉની અભ્યાસ રજા જે શિક્ષક દ્વારા લેવામાં આવેલ હોય તે અથવા અન્ય પ્રકારની તાલીમ કાર્યક્રમ પુર્ણ થયા બાદ આપવામાં નહીં આવે.<br>૪। વિરામ રજાના સમય દરમ્યાન શિક્ષકને પૂર્ણ વેતન અને ભથ્થા નિયત શરતોના પાલનકર્યાને આધીન જે દર તેમને લાગુ પડતા હોય વિરામ રજા માટે આગળ વધતા પહેલા તે દરે ચુકવવામાં આવશે.<br>૫। જે શિક્ષક વિરામ રજા ઉપર હોય તેમણે તે રજાના સમય દરમ્યાન કોઇ નિયમિત નિયુક્તિ ભારતમાં અન્ય સંસ્થા હેઠળ અથવા પરદેશમાં લેવાની રહેશે નહીં.તેમને સંશોધનવૃત્તિ અથવા સંશોધન શિષ્યવૃત્તિ અથવા એડહોક શિક્ષણ અને સંશોધન એસાઇનમેન્ટ માનદવેતન સાથે અથવા અન્ય |

પ્રકારની સહાય કે જે નિયમિત રોજગાર કરતા અન્ય એડવાન્સ્ડ અભ્યાસક્રમવાળી સંસ્થામાં સ્વીકારવા માટે મંજૂરી છે જોકે આવા કેસોમાં એક્ઝીક્યુટીવ કાઉન્સીલ /સીન્ડીકેટ ને જો તેઓ ઇચ્છે વિરામ રજા ઘટાડેલા વેતને અને ભથ્થાએ મંજૂર કરશે

૬। વિરામ રજાના સમય દરમ્યાન શિક્ષકને તેમની નિયત તારીખે ઇજાફો મેળવવાની મંજૂરી રહેશે .રજાના સમયને સેવા તરીકે પેન્શન ,પોવીડન્ટ ફંડના હેતુ માટે પણ ગણવામાં આવશે જોકે તે આપેલ છેકે શિક્ષક દ્વારા તેમની રજા પુર્ણ થયે યુનિવર્સિટી ફરીથી જોડવામાં આવે.

સમજૂતી ૧ ઃ વિરામ રજા  દરમ્યાન કાર્યક્રમ કે જેને અનુસરવાનો છે તેને યુનિવર્સિટીમાં  મંજુરી માટે રજુ કરવાનો રહેશે સાથે

સમજૂતી ૨ ઃ રજા ઉપરથી પરત આવ્યા બાદ શિક્ષકે યુનિવર્સિટીને અભ્યાસનો પ્રકાર ,સંશોધન અથવા અન્ય કામ રજાના સમય દરમ્યાન કરવામાં આવેલ હોય તેનો અહેવાલ રજુ કરવાનો રહેશે.

<u>પ્રસૂતિની રજા ઃ</u> ૧૫

૧। પ્રસૂતિની રજા સંપૂર્ણ વેતને સ્ત્રી શિક્ષકને ૧૮૦ દિવસ કરતા વધુ નહી તે સમય માટે આપવામાં આવશે કે જે આખી કારકીર્દી દરમ્યાન બે વખત લેવાની રહેશે . પ્રસૂતિની રજા કસુવાવડના કેસમાં પણ આપવામાં આવશે જેમાં ગર્ભપાત સામેલ છે  તે શરતોને આધીન કે આ  બાબતે કુલ રજાઓ સ્ત્રી શિક્ષકને તેણીની કારકીર્દી - દરમ્યાન જે આપવામાં આવેલ હોય તે ૪૫ દિવસ કરતા વધુ નથી અને રજાની અરજી સાથે તબીબી  પ્રમાણપત્ર સમર્થન માટે રાખવાનું રહેશે.

૨। પ્રસૂતિની રજા પ્રાપ્ત રજાઓ ,અડધા પગાર રજા અથવા અસાધારણ રજાઓ સાથે જોડી શકાશે પરંતુ કોઇપણ રજા પ્રસૂતિની રજા સાથે અરજ કરવામાં આવેલ હોય તેને તબીબી પ્રમાણપત્ર સમર્થન સાથે

| | | | |
|---|---|---|---|
| | | | જોડવામાં આવેલ હશે તો આપવામાં આવશે.<br><br>**<u>પિતૃત્વ રજા :</u>**<br>૧૫ દિવસની પિતૃત્વ રજા પુરુષ શિક્ષકને તેમની પત્નીના પ્રદાન કરતી વખતે આપવામાં આવશે જોકે તેની મર્યાદા બે બાળક સુધીની છે<br><br>**<u>દતક લેવાની રજા :</u>**<br>દતક લેવાની રજા રાજ્ય સરકારના નિયમ મુજબ આપી શકાશે<br><br>**<u>ફરજ રજા :</u>**<br>ફરજ રજા ત્યારે પણ આપી શકાશે જ્યારે કોઇ યુજીસી, ડીએસટી વિગેરેની મીટીંગ હોય.જ્યારે શિક્ષકને તેમની કુશળતા શૈક્ષણિક બોડીઓ સરકાર અથવા એનજીઓ સાથે શેર કરવા આમંત્રિત કરવામાં આવેલ હોય. |
| | ૨૫ | **અન્ય લાભો :** | |
| | | એ | મેડીકલ અને એલ.ટી.સી :<br>તબીબી સહાય લાભો વળતર તા. ૧.૩.૧૯૮૦ થી અને રજા મુસાફરી છૂટ તા ૧.૧.૧૯૮૦ ની અસરથી તમામ કર્મ ચારીઓ માટે ઉપલબ્ધ રહેશે અને તે સરકારી કર્મ ચારીઓને માટે વખતોવખત ગ્રાહ્ય રાખવામાં આવેલ હોય તે દરે આપવામાં આવશે<br>નોંધ : પ્રથમ બ્લોક રજા મુસાફરી છૂટનો ૧૯૮૦-૮૧ થી શરુ છે |
| | | બી | **આચાર્ય માટે રજા રોકડ કરવા માટેની જોગવાઇ :**<br>૧। આચાર્યને તેમની બાકી હક રજા કોઇપણ ભાગ માટે કે જે તેમની પાસે જમા હોય તેને તમના વિકલ્પે સોંપણી કરવાની મંજૂરી રહેશે કે જે લઘુત્તમ ૧૫ રજાને આધીન અને મહત્તમ ૩૦ રજાને આધીન રહેશે.<br>૨। આચાર્યને રજાનો પગાર અને મોંઘવારી ભથ્થા જે રજા સોંપણી કરવામાં આવેલ હોય તેને આ નિયમ હેઠળ આપવામાં આવશે |

| | | | |
|---|---|---|---|
| | | | સમજુતી ઃ સોંપેલી રજાના પગાર અને ભથ્થાની ગણતરીના હેતુ માટે કોઇપણ માસના દિવસની સંખ્યાને ૩૦ દિવસની ગણવાની રહેશે.<br>૩। હક રજાની  છૂટની રોકડ કરવાનું દરેક બ્લોકના બે કેલેન્ડર વર્ષ ૧૯૭૯માં એક વખત મંજૂર કરવામાં આવશે.<br>૪। સોંપણી કરેલ રજાના પગાર અને ભથ્થા કર્મ ચારીઓને જે માસ માટે ચુકવવામાં આવે કે જે દરમ્યાન રજા સોંપવામાં આવેલ હોય તે પ્રમાણમાં રહેશે.<br>૫। રજાનો પગાર અને ભથ્થા સોંપણી કરેલ સમય દરમ્યાનની ચુકવણી વિનંતી કર્યા બાદ પૂર્ણતમ્ તરત કરવામાં આવશે. તેમાંથી પ્રોવીડન્ટ ફંડ, ઘરભાડુ અને સંસ્થા પાસેથી લીધેલા એડવાન્સની ફરી ચુકવણી કપાતને પાત્ર રહેશે નહીં.<br>૬। આ નિયમ હેઠળ હકરજાના દિવસોની સંખ્યા કે જે સોંપવામાં આવેલ હોય તેને આચાર્યના રજાના ખાતામાંથી  જે દિવસે આવી વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવેલ હોય તે દિવસે કપાત કરવામાં આવશે.<br>૭। આચાર્યના કેસમાં જે રજાઓની સોંપણી કરવામાં આવેલ હોય તેમના  રજાના ખાતામાં તેને ઉધારવામાં  થયેલ ભુલની ચોકીદારી માટે સોંપણી કરેલ રજાની વિગતો તેમની સેવાની બુકમાં અને રજા ખાતામાં નોંધવામાં આવશે જ્યારે રજાનો પગાર આપવામાં આવશે તે બાબતનું પ્રમાણપત્ર કે જરૂરી નોંધ સેવા બુક માં અને તેમના રજા ખાતામાં કરવામાં આવેલ છે તેને વિતરણ અધિકારીએ બિલમાં આપવાની રહેશે કે જેમાં સોંપેલી રજાનો પગાર આપવામાં આવેલ હોય.<br>૮। આ નિયમની જોગવાઇ ફક્ત આચાર્યને લાગુ પડશે કે જેઓ હક રજા  નિયમો ૧ અને ૫ ઉપર મુજબ મેળવવાપાત્ર છે.<br>૯। સત્તાધીશો કે જેમને હક રજા મંજૂર કરવાની સત્તા છે |

| | | | |
|---|---|---|---|
| | | | તે હક રજાની સોંપણી નો સ્વીકાર કરવા સક્ષમ છે |
| | ૨૬ | **<u>સુપર એન્યુએશનના લાભો :</u>** | |
| | | **પેન્શન :**<br>જીપીએફ, સીપીએફ વિગેરે ઉપરાંત પેંશન જેમાં કુટુંબનું પેન્શન સામેલ છે જે શિક્ષકને તેમની નિવૃત્તિ/સ્વેચ્છીક નિવૃત્તિ/અવસાન અથવા અન્ય રીતે તેમને સેવામાંથી આ અધ્યાદેશના કલોઝ ૮ (અ) અથવા ૮ (બી) હેઠળ છુટા કરવામાં આવે નિયત કરેલા નિયમો મુજબ જે પરિવર્તીત કરવામાં આવેલ હોય અને રાજ્ય સરકારના કર્મચારીઓને વખતો વખત એકાઉન્ટીંગ હોય તે ચુકવવામાં આવશે આ કલોઝની અસર પાશ્ર્ચાત્યરુપે તા.૧ ૧ .૧૯૭૩થી રહેશે સેવામાં લાભ મહત્તમ ૩ વર્ષ સુધી શિક્ષકને આપવામાં આવશે જેમની પાસે દાખલ થતી વખતે પી.એચ્ડી ડીગ્રી હોય કે જેથી તેમને સંપૂર્ણ નિવૃતી લાભો કે જે ૩૩ વર્ષની નોકરી બાદ ઉપલબ્ધ હોય કે જે સુપરએન્યુએશનની વયને આધીન છે<br>**એનકેશમેન્ટ :**<br>શિક્ષક તેમની નિવૃત્તિ/સ્વેચ્છિક નિવૃત્તિ/અવસાન અથવા અન્ય રીતે તેમને સેવામાંથી આ અધ્યાદેશના કલોઝ ૮ (અ) અથવા ૮ (બી) હેઠળ છૂટા કરવામાં આવે જે મહત્તમ મર્યાદા કે જે રાજ્ય સરકાર દ્વારા તેમના કર્મચારીઓ માટે વખતોવખત નિયત, પરિવર્તિત અને સ્વીકારવામાં આવેલ હોય તે મેળવવાપાત્ર રહેશે. આ કલોઝની અસર પાશ્ર્ચાત્ય રુપે તા.૦૧.૦૧.૧૯૯૦ થી રહેશે. | |
| | ૨૭ | **<u>આચારસંહિતા :</u>**<br>જ્યારે શિક્ષક તેમની જવાબદારીઓ માટે સભાન હોય અને તેમનામાં વિશ્ર્વાસ મુકવામાં આવેલ હોય કે યુવાનોના ચરિત્રનો ઘડી શકે અને જ્ઞાનમાં વધારો કરી શકે, બૌધ્ધિક સ્વતંત્રતા અને સામાજીક વિકાસ ની આશા રાખવામાં આવે તે જાણવા કે તે નૈતિક આગેવાનીનો કીરદાર નિભાવી શકે કે જે દૃષ્ટી કરતા વધુ ઉદાહરણથી સમર્પિતતાના જોશથી, નૈતીક અખંડિતતા અને વિચારોમાં પવિત્રતા, શબ્દો અને કાર્યોમાં હવે જેથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજ અથવા સંસ્થામાં શિક્ષકને ખાનગી અને જાહેર બન્ને રીતે સાચી અને વિશ્ર્વસનીય રીતે અવલોકવામાં આવે છે | |

| | | |
|---|---|---|
| | ૧ | **<u>અખંડિતતાની જાળવણી અને ફરજમાં સમર્પીતતા :</u>**<br>એ. દરેક શિક્ષક તમામ સમયે સંપુર્ણ અખંડિતતા અને ફરજમાં સમર્પિતતા જાળવવાની રહેશે.<br>બી. દરેક શિક્ષક તેમના સાથી શિક્ષક અને વિદ્યાર્થીઓ માટે તેમના જીવન અને દેખાવથી એક ઉદાહરણ બનાવવાનું રહેશે.<br>સી. દરેક શિક્ષકે દરેક સમયે તેમનો વ્યવહાર હુકમ મુજબ કે જે યુનિવર્સિટીમાં અમલમાં હોય તે રાખવાનો રહેશે.<br>ડી. કોઇપણ શિક્ષકે કોઇપણ વિદ્યાર્થીમાં તફાવત તેમની જાત, રંગ, ધર્મ,જાતી, અથવા ભાષા માટે કરવાની રહેશે નહીં તેમણે તેમના સાથી અને વિદ્યાર્થીઓમાંથી આવી વૃતી ને નિરાશ કરવાની રહેશે.<br>ઇ. દરેક શિક્ષકે તેમના કામમાં કાર્યદક્ષ રહેવાનું રહેશે અને તેમનો સમય યુનિવર્સિટીની સેવામાં અથવા સંસ્થાની સેવામાં જે કેસ હોય તેમાં આપવાનો રહેશે અને કેળવણીના કારણસર અને સંપૂર્ણ સહકાર તમામ શૈક્ષણીક કાર્યક્રમ અને અન્ય પ્રવૃત્તિઓ કે જે વિદ્યાર્થીના કલ્યાણ માટે આચારવામાં આવે તેમાં આપવાનો રહેશે. |
| | ૨ | **<u>ચૂંટણી અને રાજકારણમાં ભાગ લેવા માટે :</u>**<br>એ. કોઇપણ શિક્ષક કુલપતિશ્રી ને અથવા સંસ્થના સંચાલકને અગાઉથી જાણ કર્યા વગર ચુંટણીમાં ઊભા રહી શકશે નહીં અથવા કોઇ સ્થાનિક બોડી રાજ્ય ધારાસભા અથવા લોકસભાની નિયુકિત સ્વીકારી શકશે નહીં તેમજ અન્ય રીતે તેમના નીચેના વિદ્યાર્થીઓને તેમની ઇચ્છા વિરુધ્ધ તેમની ચૂટણી પ્રચાર માટે કહી શકશે નહીં<br>બી. શિક્ષકે ચૂટણી માંગતા પહેલા અથવા નોમીનેશન સ્વીકારતા પહેલા ઉપર જણાંવ્યા મુજબ સંસ્થાને અથવા યુનિવર્સિટીને બાંયધરી આપવાની છેકે તેમના ચુંટાવાથી અથવા નોમીનેટ થવાથી સંસ્થા અથવા યુનિવર્સિટી દ્વારા જો જરુરી હોય તો તે પગાર સાથે અથવા વગર પગારે રજા ઉપર રહે કે જે તેમને નિયમો હેઠળ ગ્રાહ્ય હોય તે સમય માટે કે જે સમય માટે તે સ્થાનિક બોડી ધારાસભા અથવા લોકસભાના સભ્ય હોય. |

| | | |
|---|---|---|
| | | સી. સંસ્થા અથવા યુનિવર્સિટી શિક્ષકને ડાયરેક્ટ કરશે કે જેઓ ચૂંટવામાં આવેલ હોય અથવા કોઇ સ્થાનિક બોડી ધારાસભા અથવા લોકસભામાં નોમીનેટ થયેલ હોય તે આખી અથવા તે સમયના ભાગ માટે કે જે પેટા નિયમ ૩ માં સંબોધવામાં આવેલ છે તે રજા માટે અરજીકરે અને શિક્ષકે તેનુ પાલન કરવાનું રહેશે.<br>જોકે, આવી કોઇ રજા શિક્ષકને આપવાથી કે જે સ્થાનિક બોડી ધારાસભા અથવા લોકસભામાં નોમીનેટ થયેલ હોય તેનથી તેમના બઢતીના,ઇજાફાના અને અન્ય લાભો જો કોઇ હોય કે જેને માટે તે હકદાર હોય અને તે રજા માટે અરજી કરેલ ન હોય. |
| | ૩ | **<u>ગેરકાયદેસર માહીતી અથવા સંચાર :</u>**<br>સંસ્થા અથવા યુનિવર્સિટીના સામાન્ય અથવા વિશિષ્ટ હુકમ સિવાય કોઇ શિક્ષક તેમને સોંપવામાં આવેલ ફરજ સારા વિશ્ર્વાસે નિભાવવા પ્રત્યક્ષ રીતે કોઇ સરકારી દસ્તાવેજ અથવા અન્ય માહિતી જે કાંઇપણ હોય તે અન્ય શિક્ષકને અથવા અન્ય વ્યકિતને કે જેમને તેને કહેવાની સત્તા નથી તેમને કહી શકશે નહીં |
| | ૪ | <u>ગેરવર્તણૂંક :</u><br>નીચેની ખામીઓને શિક્ષક તરફે ગેરવર્તણૂંક કરવામાં આવેલ છે તેમ ગણવામાં આવશે.<br>એ. શૈક્ષણિક ફરજ નિભાવવામાં નિષ્ફળતા જેવી કે લેકચરની તૈયારી, પ્રદર્શન, આકારણી, માર્ગદર્શન, દોષરોપણ અને અન્ય તમામ કાર્યો કે જે પરીક્ષા સાથે જોડાયેલ હોય.<br>બી. વિદ્યાર્થીની આકારણીમાં ઇરાદાપૂર્વક સંપુર્ણ ભેદભાવ,વધારે માર્ક આપવા, ઓછા માર્ક આપવા અથવા કોઇ કારણસર પીડીત બનાવવાનો પ્રયત્ન<br>સી. વિદ્યાર્થીને અન્ય વિદ્યાર્થી, સાથી અથવા વહીવટ વિરુધ્ધ ઉશ્કેરવું.આમાં શિક્ષકનો હક સિધ્ધાંતો ઉપર તેમનો મત સેમીનાર્સ અથવા અન્ય સ્થળે કે જ્યાં વિદ્યાર્થીઓ હાજર હોય તે દર્શાવવામાં દખલગીરી કરશે નહીં |

| | | |
|---|---|---|
| | | ડી. જાત, રંગ, ધર્મ, પંથ ના પ્રશ્નો તેમના સંસ્થા,સાથી સાથે સંબંધ માટે ઉઠાવવા અને ઉપરોક્તને ધ્યાનમાં લઇ તેમા સંભવિત સુધારો કરવો.<br><br>ઇ. યોગ્ય વહીવટી અને શૈક્ષણિક બોડી અને અથવા યુનિવર્સિટીના કાર્યકર્તાના નિર્ણયોનો અમલ કરવા માટે ઇન્કાર કરવો. આનાથી તેમનો મત તેમની નિતિઓ અને નિર્ણયો ઉપર જતાવવાનો અવરોધાતો નથી. |
| | ૫ | **<u>ટયુશન,વેપાર,વ્યવસાય,અન્ય રોજગાર :</u>**<br>કોઇપણ શિક્ષક પોતાને ખાનગી ટયુશન કે જેને અધ્યાદેશ ૬૯ એ ૨૧ માં વ્યાખ્યિત કરવામાં આવેલ છે તે મુજબ રોકી શકશે નહી. કોઇપણ શિક્ષક પોતાને વેપાર,વ્યવસાય,અન્ય રોજગાર માં રોકી શકશે નહી. |
| | ૬ | **<u>ઉધાર માંગણી :</u>**<br>કોઇપણ શિક્ષકે તેમના ગૌણ વિદ્યાર્થી પાસેથી ઉછીના નાંણા માંગવાના રહેશે નહીં. |
| | ૭ | **<u>બિનસત્તાવાર પ્રચાર અથવા અન્ય બહારના પ્રભાવ :</u>**<br>કોઇપણ શિક્ષક કોઇ બહારના પ્રભાવને લાવશે નહીં કે લાવવાનો પ્રયત્ન તેમની સેવાઓ બાબતે કોઇ સવાલ ધારણ કરવા માટે કરશે નહીં. |
| | ૮ | **<u>ગેરકાયદેસર સંચાર અથવા માહિતી :</u>**<br>કોઇપણ શિક્ષકે અન્ય શિક્ષક અથવા યુનિવર્સિટીના અથવા સંસ્થાના વિદ્યાર્થી સાથે કોઇ ખાસ વ્યવસ્થામાં દાખલ થવાનું રહેશે નહીં કે જેથી કોઇપણ પ્રકારના લાભ કોઇએકને અથવા બન્નેને ગેરકાયદેસર રીતે અથવા કોઇ નિયમની જોગવાઇ વિરુધ્ધ કે જે તે સમયે અમલમાં હોય તે થાય. |
| | ૯ | **<u>સવલતોનો અયોગ્ય ઉપયોગ :</u>**<br>કોઇપણ શિક્ષકે તેમને યુનિવર્સિટી અથવા સંસ્થા દ્વારા આપવામાં આવેલ સવલતોનો તેમની ફરજ અદા કરવા માટે દૂર ઉપયોગ કરવાનો રહેશે નહી . |
| ૨૮ | **આચાર્ય /નિયામકની સત્તા અને ફરજો** | |

| | | |
|---|---|---|
| | આચાર્ય /નિયામક કોલેજ,માન્ય સંસ્થા,મંજૂર સંસ્થાના વડા રહેશે અને તેમને નીચેની સત્તાઓ રહેશે. | |
| | ૧ | કોલેજ,માન્ય સંસ્થા,મંજૂર સંસ્થામાં સ્ટાફના સભ્યોના કાર્યો નકકી અને નિયત કરવા. |
| | ૨ | કોલેજ,માન્ય સંસ્થા,મંજૂર સંસ્થાના અસરકારક કામ માટે યોગ્ય પગલા લેવા. |
| | ૩ | કોલેજ,માન્ય સંસ્થા,મંજૂર સંસ્થાના સ્ટાફને નિયંત્રણમાં રાખવા અને આચાર અને શિક્ષાત્મક નિયમોના સુમેળાપમાં શિસ્તનો અમલ કરવો. |
| | **આચાર્ય /નિયામકની ફરજો નીચેમુજબ રહેશે :** | |
| | ૧ | કોમન સીલ,તમામ રેકર્ડસ,સ્ટાફ સભ્યના સર્વિસ ચોપડાઓ જેમાં તેમની પોતાની સર્વિસ ચોપડી સામેલ છે, પુસ્તકાલય ઇમારત અને એવી અન્ય કોલેજ,માન્ય સંસ્થા,મંજૂર સંસ્થાની મિલકતોના કબજેદાર છે. |
| | ૨ | પરીક્ષાઓના આચરણનું નિરીક્ષણ કરશે |
| | ૩ | હિસાબના ચોપડાની જાળવણી કરશે અને તેને લાયક હિસાબનીશ પાસે ઓડીટ કરાવશે. |
| | ૪ | સ્ટાફના સભ્યોના સેવાના ચોપડા જાળવશે જેમાં તેમની પોતાની સર્વિસ ચોપડી સામેલ છે અને તેમાં જરૂરી નોંધો કરશે |
| | ૫ | યુનિવર્સિટી અને સરકારમાં હિસાબના ચોપડા,સેવા ચોપડા અને અન્ય રેકર્ડસ જ્યારે જ્યારે માંગવામાં આવે ત્યારે રજૂ કરશે |
| | ૬ | સ્ટાફના માસિક ચુકવણા બિલ તૈયાર કરશે અને તેને સરકારમાં રજૂ કરશે અને સેલ્ફ ફાયનાન્સ કોલેજ,સંસ્થાના કેસમાં સંચાલકને સ્ટાફના માસીક પગાર માટે રજૂ કરશે. |
| | ૭ | વિદ્યાર્થીની શિષ્યવૃતી માટે સરકાર પ્રસ્તાવ મોકલશે |
| | ૮ | કોલેજ,સંસ્થાના ઓફિસના પત્ર વ્યવહારો રાજ્ય અને કેન્દ્ર સરકાર ,યુજીસી,યુનિવર્સિટી વિગેરે સાથે કરશે. |

| | | |
|---|---|---|
| | ૯ | જો જુરી હોય તો એડહોક બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરશે અને તેમનો પગાર વિદ્યાર્થીની ફીની આવકમાંથી કરશે જે યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ હોય. |
| | ૧૦ | એવી અન્ય ફરજો કે જે વખતો વખત યુનિવર્સિટી અને સરકાર દ્વારા નિયત કરવામાં આવે તે નિભાવશે |
| અ.૬૯ બી | **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોના વહીવટી કર્મચારીની સેવાઓની શરતો ઃ** | |
| | ૧ | સંલગ્ન કોલેજોમાં વહીવટી સ્ટાફ કે જે નિયુકત કરવામાં આવે તેની શરતો આ અધ્યાદેશ મુજબ રહેશે,જોકે આ અધ્યાદેશ ની જોગવાઇ તે કોલેજ અથવા સંસ્થાને લાગુ પડશે નહીં કે જેનું સંચાલન સંપૂર્ણપણે કેન્દ્ર અને અથવા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતુ હોય અને તેમના દ્વારા તમામ સેવાના નિયમો સાથે તમામ અનુલાભ અને લાભો રાજ્ય અથવા કેન્દ્ર સરકાર ના નિયમો મુજબ અપનાવવામાં આવેલ હોય.કોઇ કોલેજની સેવાના નિયમોની કોઇ શરતો અત્રે કરવામા આવેલ જોગવાઇ સાથે સુસંગ્ગત ન હોય તે કર્મચારી વિરુધ્ધ રદબાતલ ઠરશે જેટલા પ્રમાણમાં તે વિસંગત હોય. |
| | ૨ | આ અધ્યાદેશના હેતુ માટે,જ્યાં સુધી વિષય અથવા સંદર્ભ માટે જુરી હોય અન્યથા અહિયા દ...।। લ જુદજુદા શબ્દો કે જે વાપરવામાં આવેલ છે તેનો અથે નીચે મુજબ રહેશે.<br>૧. યુનિવર્સિટી એટલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કે જેની સ્થાપના વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એકટ , ૧૯૬૫ હેઠળ કરવામાં આવેલ છે.<br>૨. કોલેજ એટલે કોલેજ કે જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી સાથે સંલગ્ન હોય અને તેને રાજ્ય અથવા કેન્દ્ર સરકાર સિવાય અન્ય સંસ્થા દ્વારા ચલાવવામાં અને જાળવવામાં આવે.<br>૩. કર્મચારી એટલે સંલગ્ન કોલેજનો વહીવટી કર્મચારી.<br>૪. ડયુટી એટલે અજમાયશી સેવાઓ જોકે આવી સેવાઓ કાયમી સેવાઓને અનુસરશે<br>૫. મેનેજીંગ બોડી એટલે એવી બોડી કે જે કોલેજનું સંચાલન કરતી હોય<br>૬. પે એટલે કર્મચારી દ્વારા માસિક રકમ કે જે ઉપાડવામાં |

| | | |
|---|---|---|
| | | આવતી હોય અથવા કોઇ સમયે મૂળ પગાર તરીકે અથવા સત્તાધીશ રીતે અને જેમાં વિશિષ્ટ અને ખાનગી પગાર સામેલ છે.<br>૭. મૂળપગાર એટલે વિશિષ્ટ અને ખાનગી પગાર કરતા અન્ય કે જે કર્મચારી જે હોદ્દા ઉપર મૂળ નિયુક્ત કરવામાં આવેલ હોય મેળવવા હકદાર હોય.<br>૮. કામચલાઉ પગાર એટલે કર્મચારી દ્વારા જે પોસ્ટ ગેરહાજર કર્મચારી કે જે તે હોદદા ઉપર મૂળ નિયુક્ત કરવામાં આવેલ હોય તેની જગ્યાએ ધારણ કરવામાં આવે તે હોદદાનો પગાર.<br>૯. વિશિષ્ટ પગાર એટલે કર્મચારીઓનો વધારાનો પગાર કે જે,<br>એ. વિશિષ્ટ પ્રકારની ફરજ માટે આપવામાં આવે અથવા<br>બી. વિશિષ્ટ વધારાની ફરજ અથવા જવાબદારીને ધ્યાનમાં રાખી ચુકવવામાં આવે.<br>૧૦. ખાનગી પગાર એટલે વધારાનો પગાર કે જે,<br>એ. કર્મચારીને મૂળ પગારની નુકશાનીમાં કાયમી પોસ્ટ માટે પગારમાં થયેલ ફેરફાર અથવા મૂળપગારમાં થયેલ ઘટાડા, અન્ય રીતે શિક્ષાત્મક પગલા તરીકે ચુકવવામાં આવે<br>અથવા<br>બી. અસાધારણ સંજોગોમાં અન્ય ખાનગી વિવેચનથી ચુકવવામાં આવે.<br>૧૧. કાયમી પોસ્ટ એટલે પોસ્ટ કે જેનો નિશ્ચિીત પગાર હોય કે જેને કોઇ સમય મર્યાદા વગર મંજૂર કરવામાં આવે.<br>૧૨. હંગામી પોસ્ટ એટલે પોસ્ટ કે જેનો નિશ્ચિીત પગાર હોય કે જેને મર્યાદીત સમય માટે મંજૂર કરવામાં આવે અથવા અનિશ્ચિત સમય માટે પરંતુ કાયમી આધારે નહી.<br>૧૩. અજમાયશી એટલે કોલેજના કર્મચારી કે જેમને અજમાયશ આધારે મૂળ વિરુધ્ધ નિયુક્ત કરવામાં આવે અથવા હંગામી ખાલી જગ્યા માટે નિયુક્ત કરવામાં આવે. |
| | 3 | <u>નિમણૂંક પત્ર</u> ઃ<br>દરેક કોલેજ, સંચાલક સંસ્થા માટે પ્રત્યેક પુર્ણ વહીવટી કર્મ ચારીને લેખિત નિમણૂંક પત્ર આપવાનું આવશ્યક રહેશે જેમાં હોદદો , પગાર ધોરણ , ભથ્થાઓ સહિત પાયાનો પગાર , |

| | | |
|---|---|---|
| | | નિમણુંકનો પ્રકાર એટલે કે અજમાયશી, હંગામી અથવા કાયમી અનિવાર્ય રીતે જણાંવવાનું જુરી લેખાશે જે નિમણુંક હંગામી હોય પણ ચૌકક્સ સમય માટે કરવામાં આવેલ ન હોય તે નિમણુંકની તારીખથી તેને અજમાયશી તરીકે ગણી લેવામાં આવશે<br><br>સંચાલક સંસ્થાએ દરેક બિનશિક્ષક કર્મચારીને તેમના નિમણૂંકપત્ર સાથે નોકરીની શરતોના નિયમોની નકલ અનિવાર્ય રીતે આપવી પડશે . સંબંધિત કર્મચારીએ પત્રમાં સૂચવેલા સમયગાળા દરમિયાન યોગ્ય રીતે સહી કરેલો સ્વીકૃતિપત્ર કોલેજ, સંસ્થાને આપવાનો રહેશે . અને નોકરીના નિયમોની નકલ મળયાની પહોંચ આપવાની રહેશે.<br><br>કર્મચારી કે જે નિમણૂંક સ્વીકારે તેમણે કોલેજમાં નિમણૂંક પત્રમાં લખેલી તારીખે જોડાવાનુ રહેશે જો તે વ્યાજબી કારણ સિવાય તેમ કરવામાં નિષ્ફળ જાય અને આ હકીકત કોલેજ, સંચાલક દ્વારા યુનિવર્સિટીને જણાંવવામાં આવે તો કુલસચિવ યોગ્ય તપાસ બાદ તેમનુ નામ આ યુનિવર્સિટી સાથે તમામ સંલગ્ન કોલેજો અને સંસ્થાઓને જાહેર કરશે |
| | ૪ | **<u>અજમાયશી સમય :</u>**<br>૧. કોઇપણ કોલેજ અથવા માન્ય સંસ્થામાં પૂર્ણ સમય અથવા પાર્ટ સમય માટે નિમાયેલા કર્મચારી તે કાયમ થાય તે પહેલા બે વર્ષથી વધારે અજમાયશી સમય ઉપર રાખી શકાશ`નહીં . તેમનો અજમાયશી સમય પુરો થાય તેના ઓછામા ઓછા એક માસ પહેલા તેમને કાયમ કર્યા અંગેનો પત્ર આપવાનો રહેશે.<br>કોઇ સંજોગોમાં કોલેજ અથવા સંચાલક સંસ્થા દ્વારા આવો કાયમ કર્યાનો પત્ર આપવામાં નહીં આવે તો તેમને નોકરીમાં કાયમ થઇ ગયેલા ગણવામાં આવશે.<br>૨. પ્રત્યેક કર્મચારી અજમાયશી સમયગાળા દરમિયાન ઇજાફો મેળવવાને હકદાર રહેશે. |
| | ૫ | **<u>પગાર ધોરણ :</u>**<br>જુદાજુદા સંવર્ગના કર્મચારીઓના કોલેજની સેવામાં પગાર ધોરણ એપેન્ડીક્સ એ માં દર્શાવ્યા મુજબ રહેશે અને આપોઆપ રાજ્ય |

| | | |
|---|---|---|
| | | સરકાર દ્વારા વખતો વખત પગાર ધોરણમાં કરવામાં આવેલ શિવીઝન સાથે રિવાઇઝ્ડ થશે<br><br>વધુમાં એપેન્ડીક્ષ એ માં દર્શાવવામાં આવેલ પગાર ઉપર કર્મ ચારીઓને મોંઘવારી ભથ્થા, ઘરભાડા ભથ્થા અને સ્થાનીક વળતર ભથ્થા કે જે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત તેમના કર્મચારીઓ માટે જે દરે ગ્રાહ્ય રાખવામાં આવેલ હોય તે દરે આપવામાં આવશે<br>**<u>ઇજાફાની તારીખ</u>** :<br>કર્મચારી માટે ઇજાફાની તારીખ જેતે માસની નિમણૂંકની પ્રથમ તારીખ એક વર્ષ પૂર્ણ થયા બાદની છે જો તેમને બઢતી આપવામાં આવે તો નવી પોસ્ટ માટે ઇજાફો નિમણુંકની તારીખના માસની પ્રથમ તારીખ એક વર્ષ પૂર્ણ થયા બાદની છે |
| | ૬ | **<u>મહેકમ અને લઘુત્તમ યોગ્યતા</u>** :<br>૧. કોલેજ ઓફીસ, પ્રયોગશાળા, ગ્રંથાલય અને કોલેજના અન્ય કાર્યો માટે સ્ટાફની લઘુતમ મહેકમ એપેન્ડીક્ષ બી૧, સી ૧ અને ડી ૧ મુજબ તા.૦૧.૦૪.૧૯૭૭ થી અનુક્રમે રહેશે. ( એપેન્ડીક્ષ બી ૧, સી ૧ અને ડી ૧).<br>૨. જુદાજુદા સંવર્ગ માટે લઘુત્તમ યોગ્યતા એપેન્ડીક્ષ ઇ મુજબ રહેશે જો કર્મચારીની નિમણૂંક આ અધ્યાદેશની જોગવાઇ અમલમાં આવ્યા પહેલા કરવામા આવેલ ન હોય તેમને તેમની યોગ્યતામાં કોઇ ઘટના કારણે છૂટતા કરવામાં આવશે. એક જ સંચાલક હેઠળ કોલેજ કે કોલેજોની આવી ખાલી જગ્યા માટે તમામ કોલેજના કર્મચારીઓ એક પુલ બનાવશે અને વરીષ્ઠ કર્મચારી ને ઉચ્ચ ખાલી પોસ્ટ માટે બઢતી આપવામાં આવશે.<br>જો વરીષ્ઠ કર્મચારી બઢતી માટે ઇચ્છા ધરાવતા ન હોય તો તેમના પછીના વરીષ્ઠ કર્મચારીને બઢતી આપવામાં આવશે . જે કર્મચારી દ્વારા લેખિતમાં આવી ઓફર માટે ના પાડવામાં આવશે તો તેમના તે પોસ્ટ માટેના હક તે ફેરા માટે ગુમાવશે .(એપેન્ડીક્ષ ઇ ૧)<br>૩. જુનીયર કારકૂન માટે અને જુનીયર ક્લાર્ક કમ ટાઇપીસ્ટ માટે બઢતી વર્ગ ૪ ના હયાત સ્ટાફના સભ્યોમાંથી બઢતીના નિયમ મુજબ પ્રત્યક્ષ રીતે કે જે યુનિવર્સિટી દ્વારા |

| | | |
|---|---|---|
| | | ઘડવામાં આવેલ હોય જોકે તે લઘુત્તમ યોગ્યતા કે જે એપેન્ડીક્ષ ઇ ૧ માં નિયત કરવામાં આવેલ છે તે ધરાવતા હોય અને જુનીયર કલાર્ક કમ ટાઇપીસ્ટની પોસ્ટ માટે ગુણ અને કાર્યદક્ષતા પૂરવાર કરે. |
| | ૭ | <u>કર્મચારી દ્વારા રાજીનામુ</u> ઃ<br>૧. જો કર્મચારી કોલેજની હંગામી સેવા હોય અથવા અજમાયશી ધોરણે નિમાયો હોય તો તે એક માસની નોટીસ આપીને અને જો કાયમી થયો હોય તો ત્રણ માસની નોટીસ આપીને કોલેજની નોકરી માંથી રાજીનામુ આપી શકે છે<br>૨. જો નોટીસ આવશ્યક સમય કરતા ઓછા સમયની હોય તો સંચાલક સંસ્થાને તે નોટીસ આપી નથી એકમ કહેવાનો અથવા તે નોટીશ કાયદેસર નથી એમ કહેવાનો અથવા તો આવશ્યક સમયથી જેટલા સમયગાળા સુધી એ નોટીશ ઓછી હોય તેટલા સમયગાળા પૂરતો કર્મચારી પાસેથી પગાર અને ભથ્થા લઇને એટલી ઉણપ માફ કરવાનો વિકલ્પ રહેશે. સંચાલક સંસ્થા આ વિકલ્પ કર્મચારી તરફથી નોટીશ મળયાના ૧૦ દિવસમાં અમલ કરશે. જો સંચાલક દ્વારા આ વિકલ્પનો અમલ નિર્દિષ્ટ સમયગાળા દરમ્યાન કરવામાં નહીં આવે તો એ નોટીશના સમયગાળામાં રહેલી ઉણપ સંચાલક સંસ્થાએ માફ કરી દીધી છે એમ ગણી લેવામાં આવશે અને સંચાલક સંશ્થાને ઉપર જણાંવેલી રકમ માંગવાનો અધિકાર રહેશે. |
| | ૮ | **રદ કરવામાં આવલ છ** |
| | ૯ | **નોકરી માંથી દૂર કરવા અંગે ઃ** |
| | ૧ | કોઇપણ કર્મચારીને નીચે દર્શાવેલા એક અથવા વધારે કારણો સિવાય અને નીચે પ્રમાણેનિયત કરેલ પધ્ધતી ને અનુસર્યા સિવાય નોકરી માંથી દૂર કરી શકાશે નહીં<br>૧. ગેરવર્તણૂંક અથવા ફરજ પ્રત્યે બેદરકારી<br>૨. બિનકાર્યક્ષમતા<br>૩. નૈતિક દૂરાચાર<br>૪. ખાનગી ટયુશન/વેપાર્ વ્યવસાયમાં રોકાણ.<br>૫. યુનિવર્સિટી અને કોલેજની પરીક્ષામાં અયોગ્ય વેપાર પ્રથાનો |

| | | |
|---|---|---|
| | | ઉપયોગ |
| | ૨ | સંચાલન દ્વારા સંબંધિત કર્મચારીને (જેમાં વડા,આચાર્ય,નિયામક સામેલ છે )ચાર્જશીટની જાણ કરવામાં આવશે સાથે આરોપનામાનું નિવેદન,એ માટે સામેલ કરવામાં આવેલ તમામ દસ્તાવેજોની નકલોવાળી ચાર્જશીટની નકલ દવારા જાણ કરવામાં આવશે. એના પર લાગેલા આરોપો આરોપનામાનું નિવેદન આધારીત છે અને સાથે દસ્તાવેજોની નકલો કે જે આવા આરોપ તેના સમર્થનમાં આધારીત હોય અને ઘડવામાં આવેલ હોય. |
| | ૩ | કર્મચારીને આરોપનામુ પહોંચ્યાની તારીખથી તે પોતાના બચાવમાં લેખિત રજૂઆત કરવામાંગે છે કે નહીં અને રુબરુ માં પોતાને સાંભળવાની ઇચ્છા રાખે છે કે નહીં તે માટે એક પખવાડીયાથી ઓછો નહીં એટલો સમય આપવો પડશે.આવા લેખીત નિવેદન કે જે સંબંધિત કર્મચારી દ્વારા રજુ કરવામાં આવે તેને ધ્યાનમાં લીધા બાદ,જો સંચાલન એ નિર્ણય ઉપર આવે કે કર્મચારી દ્વારા આપવામાં આવેલ સ્પષ્ટતા સંતોષકારક છે અને તેનું લેખીત નિવેદન સંચાલનને સ્વીકાર્ય છે તો સંબંધિત કર્મ ચારીને આપવામાં આવેલ આરોપનામુ સંચાલન દ્વારા પરત લેવામાં આવશે. |
| | ૪ | આવા લેખીત નિવેદન કે જે સંબંધિત કર્મચારી દ્વારા રજૂ કરવામાં આવે તેને ધ્યાનમાં લીધા બાદ,જો સંચાલન એ નિર્ણય ઉપર આવે કે કર્મચારી દ્વારા આપવામાં આવેલ સ્પષ્ટતા બિનસંતોષકારક છે અને તેનું લેખિત નિવેદન સંચાલનને સ્વીકાર્ય નથી અથવા તેના દ્વારા લેખિત નિવેદન સંચાલન દ્વારા મંજૂર કરવામાં આવેલ સમયમર્યાદામાં રજૂ કરવામાં ન આવે અને સંચાલન સદર કર્મચારી વિરુધ્ધ તપાસ કરવાનું ઠરાવે તો સંચાલન દ્વારા નિયુકત કરવામાં આવેલ સેનેટના સભ્ય દ્વારા તપાસ કરવામાં આવશે.તપાસ કરનાર અધિકારી સંચાલકનો સભ્ય ન હોવો જોઇએ અથવા તે કોઇપણ રીતે સંચાલક સાથે જોડાયેલ ન |

| | | |
|---|---|---|
| | | હોવો જોઇએ અને તે શિક્ષકના હોદ્દાથી નીચે હોવો જોઇએ નહી . |
| | ૫ | સંચાલકના મતે આરોપ અથવા આરોપો એવા પ્રકારના હોય કે આ કર્મચારીની હાજરી અને યુનિવર્સિટી વિભાગ/કોલેજ/સંસ્થા તે તપાસની કામગીરીમાં બાધ કરશે તો સંચાલક તેને સસ્પેંશન હેઠળ તપાસ પડતર હોય ત્યારથી આખરી હુકમ કરવામાં આવે ત્યાં સુધી રાખશે જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિની અગાઉથી પરવાનગી સાથે કરવામાં આવશે પરવાનગી માંગતી અરજી અને આવા સૂચિત સસ્પેન્શનની હકીકતો તેના મુદ્દાઓ સાથે સંચાલક દ્વારા કુલપતિને રજુ કરવામાં આવશે સદર અરજી ઉપર નિર્ણય કુલપતિ દ્વારા સંચાલકને જણાંવવામાં આવશે અને સંબંધિત કર્મચારી આવી અરજી કુલપતિને મળયાના ૧૫ દિવસના સમયની અંદર સસ્પેન્ડ કરવામાં આવશે આવા સૂચિત સસ્પેંશનની પરવાનગી કર્મચારી વિરુધ્ધ આપવામાં આવશે નહીં જ્યાં સુધી આવા કર્મચારીને સાંભળવાની યોગ્ય તક આપવામાં ન આવે. જ્યારે કુલપતિ તેમનો નિર્ણય અરજી મલ્યાની તારીખથી ૧૫ દિવસના સમયમાં જણાંવવામાં નિષ્ફળ જાય તો આવા સૂચિત સસ્પેંશનના પગલાની અરજી કુલપતિ દ્વારા રદ કરવામાં આવેલ છે તેમગણવામાં આવશે/જો કુલપતિ દ્વારા સસ્પેંશનની પરવાનગી મંજૂર કરવામાં આવે તો સંચાલક સંબંધિત કોલેજ/સંસ્થાના કર્મચારી ને સસપેન્ડ કરવાનો હુકમ પસાર કરશે કે જે તેની વિરુધ્ધની તપાસ પડતર હોય ત્યારે કરવામાં આવશે |
| | ૬ | આ સ્થગિતતા સમયગાળા દરમ્યાન કર્મચારી એને મળતા છેલ્લા પગારના અડધા પગારના દરે નિભાવભથ્થુ મેળવવાને હક્દાર રહેશે .નિભાવ ભથ્થાની રકમ બરાબરના પગાર ઉપર મળી શકે બીજા ભથ્થા પણ તેને ચુકવવાના રહેશે. |
| | ૭ | તપાસ અધીકારી યોગ્ય ત્વરાથી તપાસ કરશે અને કર્મચારી તરફથી લેખિત અહેવાલ મળયાની તારીખથી ત્રણ મહીનાના |

| | | |
|---|---|---|
| | | સમયગાળાની અંદર અથવા તો સંચાલક સંસ્થા જેટલો વધારે સમય આપે તો સમયગાળા દરમિયાન પોતાનો અહેવાલ સંચાલક સંસ્થાને આપશે પરંતુ આ સમયમર્યાદા ત્રણમાસ કરતા વધુ વધારવામાં આવશે નહી . |
| | ૮ | આ તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર કરવામાં આવશે. |
| | ૯ | સંચાલક તપાસના પ્રકરણમાં રજૂઆત કરનાર અધિકારીની નિમણૂંક કરશે .રજુઆત કરનાર અધિકારી તપાસમાં એક કારકુનની મદદ લઇ શકશે સંબધિત કર્મચારી એક વ્યકિતની નિમણુંક “ મિત્ર મદદનીશ “ તરીકે પોતાના કેસની રજુઆત કરવા કરી શકશે કેજે સંબંધિત કર્મચારીનો બચાવ રજુ કરી શકે અને તમામ કાર્ય સંબંધિત કર્મચારી તરફે તપાસમાં કરશે કોઇપણ પક્ષકાર વકીલ દ્વારા રજુઆત કરી શકશે નહીં પરંતુ જ્યારે જટિલ હકીકતોનો પ્રશ્ન સંડોવાયેલ હોય ત્યારે કુલપતિ સંબંધિત કર્મચારીને વકીલ થકી રજુઆત કરવા પરવાનગી આપશે તપાસ કરનાર અધિકારીને એક કારકુન/કોમ્પ્યુટર ઓપરેટર/સ્ટેનોગ્રાફર અને એક પટાવાળાની મદદ આપી શકાશે ઉપરોક્ત વ્યકિતઓ સિવાય/કોઇ અનઅધિકૃત વ્યકિતને સદર તપાસમાં હાજર રહેવાની પરવાનગી આપવામાં આવશે નહીં. |
| | ૧૦ | આ તપાસ સમયે સંચાલક સંસ્થા સંબંધિત કર્મચારી વિરુધ્ધ ઘડેલા આક્ષેપોના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજૂ કરી શકશે. એ સંજોગોમાં દસ્તાવેજોની નકલો પુરાવાઓ નોંધવાની શુરુઆત થાય તે પહેલા સંબંધિત કર્મચારીને આપવામાં આવશે. |
| | ૧૧ | તપાસ વખતે સંચાલક સંસ્થા મૌખિક પુરાવા રજૂ કરી શકશે અને સાક્ષીઓને બોલાવી શકશે. કર્મચારીને સાક્ષીઓની ઉલટ તપાસ તેમના પ્રતિનિધી મિત્ર મદદનીશ અથવા તેમના વકીલ થકી કરવાનો હક રહેશે .જો તેમની નિયુક્તિ કુલપતિ દ્વારા પરવાનગી આપ્યેથી કરવામાં આવેલ હોય. |
| | ૧૨ | તપાસ વખતે/સંચાલકના પુરાવા બાદ કર્મચારીને તે ઇચ્છતા હોય |

| | | |
|---|---|---|
| | | તો દસ્તાવેજી પુરાવા રજૂ કરવાનો હક રહેશે. જો તેમના દ્વારા તપાસ કરનાર અધિકારીને દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવે તો સદર દસ્તાવેજોની નકલો સંચાલકની રજુઆત કરનાર અધિકારીને આપવાની રહેશે.તપાસ વખતે કર્મચારીને સાક્ષી બોલાવવાનો હક રહેશે અને મૌખિક પુરાવો લઇ શકશે.સંચાલકના રજૂઆત કરનાર અધિકારીને તેમની ઉલટતપાસ કરવાનો હક રહેશે. |
| | ૧૩ | તપાસ વખતે પક્ષકારોના પુરાવા પૂર્ણ થયાબાદ બન્ને પક્ષકારો લેખિત અને મૌખિક દલીલો રજુ કરવા હકદાર રહેશે. |
| | ૧૪ | તપાસ સમયે દરેક સુનવણીના દિવસે રોજકામની નોંધ કરવામાં આવશે અને તેને તપાસકરનાર અધીકારી દ્વારા સહી કરવામાં આવશે અને બન્ને પક્ષકારો દ્વારા તેમાં કાઉન્ટર સહી કરવામાં આવશે. પક્ષકારો દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મૌખિક વાંધાઓ ને રોજકામમાં નોંધવામાં આવશે અને તમામ લેખિત અરજીઓ અને લેખિત વાંધાઓ કે જે પક્ષકારો દ્વારા રજૂ કરવામાં આવ્યા હોય અને તેના ઉપર તપાસ કરનાર અધિકારીનો નિર્ણ યને રોજ કામમાં નોંધવામાં આવશે અને તે તપાસના રેકોર્ડ નો એક ભાગ ગણાશે.અરજીઓની નકલો અને લેખિત વાંધાઓ અને અન્ય કોઇ દસ્તાવેજ કે જે તપાસણી અધિકારી ને રજુ કરવામાં આવે તે અન્ય પક્ષકારને આપવાના રહેશે.અને દરેક દિવસે સુનાવણીના અંતે રોજ કામની નકલ સાથે સદર દિવસે સાક્ષીઓના નોંધવામાં આવેલા નિવેદનોની નકલો બન્ને પક્ષકારોને આપવામાં આવશે. |
| | ૧૫ | તપાસના અંતે,તપાસણી અધિકારી સંચાલકને અહેવાલ રજૂ કરશે અને તે કર્મચારીને પણ આપવામાં આવશે. |
| | ૧૬ | તપાસ અધિકારીએ તૈયાર કરેલા અહેવાલ અને તારણો જે નોંધવામાં આવેલ હોય તેને ધ્યાનમાં લઇને, જો સંચાલક સંસ્થા નિર્ણય ઉપર આવે કે આક્ષેપો પુરવાર થયેલ નથી અથવા તે કર્મ ચારીને સેવા માંથી દૂર કરવાની જરૂર નથી,તો સ્થગિતતાનો કોઇ |

| | | |
|---|---|---|
| | | હુકમ થયો હોયતો તે રદ થયપેલો ગણાંશે અને શિક્ષકને કોલેજમાં ફરજ ઉપર હાજર થવાનું કહેવામાં આવશે  અને ભથ્થાઓ સહિતનોપૂરો પગાર જે એને સ્થગિત કરવામાં ન આવ્યા હોત તો મળતો હોત તે પગારની અને એને નિભાવ ભથ્થા તરીકે ચૂકવવામાં આવેલા પગારની  અને ભથ્થાની રકમ વચ્ચેનો તફાવત ચૂકવવામાં આવશે. |
| | ૧૭ | તપાસ અધિકારીએ તૈયાર કરેલા અહેવાલ અને  તારણો જે નોંધવામાં આવેલ હોય તેને ધ્યાનમાં લઇને, જો સંચાલક સંસ્થા કામચલાઉ નિર્ણય ઉપર આવે કે સંબંધિત કર્મચારી ને નોકરીમાંથી દૂર કરવો જોઇએ તો સંચાલક સંસ્થા સંબંધિત શિક્ષકને ઉપોર્યુકત અહેવાલની નકલ આપશે અને તેને નોકરીમાંથી દૂર કરવાના ઇરાદા અંગે ૧૫ દિવસથી વધારે નહીં એટલા સમયગાળા દરમ્યાન અથવા સંચાલક સંસ્થા પરવાનગી આપે એટલા વધારેના સમયગાળા દરમ્યાન જવાબ આપવાનું જણાવતી કારણદર્શક નોટીસ આપશે. |
| | ૧૮ | ઉપરની નોટીસના જવાબમાં સંબંધિત કર્મચારીએ કરેલી રજૂઆત સંચાલક સંસ્થાએ વિચારણામાં લેવી પડશે અને જો કર્મચારી દ્વારા જવાબ સુપ્રત કરવાની છેલ્લી તારીખ સુધીમાં અથવા સંચાલક સંસ્થાએ આપેલા વધારાના સમયગાળા દરમ્યાન કોઇ રજૂઆત સુપ્રત ન થાય તો સંબધિત સંચાલક સંસ્થા તપાસ અધિકારીનો અહેવાલ વિચારવાની કાર્યવાહી કરશે.અહેવાલ અને રજૂઆત જો કર્મચારી દ્વારા રજૂ કરવામાં આવે તેને  ધ્યાનમાં લઇને જો સંચાલક એ આખરી નિર્ણય ઉપર આવે કે સંબધિત કર્મચારીને ડીસમીસ કરવા જોઇએ અથવા દૂર કરવા જોઇએ અથવા તેની સેવાના હોદ્દા ઉપરથી નીચે ઉતારવા જોઇએ અથવા દૂર કરવામાં આવે,તો સંચાલકે સંબંધિત કર્મચારી વિરુધ્ધના સૂચીત પગલાનો પ્રસ્તાવ કુલપતિને તેમની મંજૂરી અથવા નામંજુરી માટે સદર રજુઆત સંબધિત કર્મચારી દ્વારા રજુ કરવામાં આવ્યાના ૧૪ |

| | | |
|---|---|---|
| | | દિવસમાં રજુ કરશે. |
| | ૧૯ | કુલપતિ શક્ય હોય ત્યાં સુધી ત્વરીત, ત્યારબાદ તે બાબતે એ રીતે તપાસ કરશે જે તેમને યોગ્ય લાગશે. કુલપતિએ સંબંધિત કર્મ ચારીને હુકમ કરતા પહેલા સંભળવાના રહેશે. કુલપતિ દ્વારા લેખિતમાં પ્રસ્તાવની મંજૂરી અથવા નામંજૂરી નિયત ૪૫ દિવસના સમયમાં આ પ્રસ્તાવ મળયેથી સંચાલકને સૂચિત પગલાની જાણ કરવાની રહેશે. |
| | ૨૦ | જો કુલપતિ દ્વારા પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવે, તો સંબંધિત કર્મ ચારી સેવામાં ચાલુ રહેશે. જો કુલપતિ દ્વારા સૂચિત પગલાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવે તો સંચાલક પ્રસ્તાવ મુજબ હુકમ કરશે અને જો કુલપતિ દ્વારા પ્રસ્તાવની મંજૂરી અથવા નામંજૂરી ૪૫ દિવસના નિયત સમયમાં જણાવવામાં ન આવે તો પ્રસ્તાવ ને કુલપતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે તે મ માનવામાં આવશે અને તેઓ દ્વારા કરવામાં આવેલ પ્રસ્તાવ મુજબ હુકમ કરવામાં આવશે |
| | ૨૧ | કુલપતિ, સિન્ડીકેટ અને સંચાલકના નિર્ણયથી નારાજ થઇ કર્મ ચારી સેવા પંચમાં અપીલ દાખલ કરી શકશે અથવા તેને હાઇકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં પડકારી શકશે |
| | ૧૦<br>૧ | <u>પ્રોવિડન્ટ ફંડ ઃ</u><br>સંસ્થામાં કાર્ય કરતા શૈક્ષણિક સ્ટાફના સભ્યો કે જેઓ નોકરીમાં કાયમ હોય તેમને વર્ધિત પ્રોવીડન્ટ ફંડની યોજનાનો લાભ અથવા જીપીએફનો લાભ મળવો જોઇએ. સંચાલક સંસ્થા આ ફંડ અંગેની યોજના ઘડશે જેમાં વખતો વખત કરવામાં આવેલ સુધારા ૧૯૨૫ ના પ્રોવીડન્ટ ફંડ કાયદાની લઘુત્તમ આવશ્યકતાઓની જોગવાઇ સમાવિષ્ટ રહેશે. સંચાલક સંસ્થાને આ યોજના પ્રત્યક્ષ રીતે સરકાર પાસેથી મેળવશે અને સરકારની મંજૂરી ની જાણ યુનિવર્સિટીને કરશે. |
| | એ | દરેક શિક્ષકે પ્રોવીડન્ટ ફંડના સભ્ય બનવાનું રહેશે. ભરવાનો ફાળો મહિનાના મૂળ પગારના એક બારાંશ એક સરખા દરે રહેશે |
| | બી | કોલેજના પૂર્ણ સમયના કોઇ અન્ય કર્મચારી જે પ્રથમ હંગામી રીતે નિયુકત કરવામાં આવેલ હોય અને પાછળથી તે જ નિયુક્તિમાં |

| | | |
|---|---|---|
| | | કાયમી કરવામાં આવેલ હોય ,કોલેજ સંચાલકના ઠરાવથી કોલેજના પ્રોવીડન્ટ ફંડના લાભોમાં તેમની હંગામી નિયુકિતની તારીખથી સ્વીકારી શકાશે જોકે હંગામી નોકરીના અંત અને કાયમી નિયુકિતની શરુઆત વચ્ચે વિરામ રાખવાનો રહેશે તે અનુલક્ષીને કે નિયુકિત અજમાયશી અથવા અન્ય રીતે આપવામાં આવેલ હોય.<br>વહીવટી સ્ટાફના કોલેજના કર્મચારી કે જેમણે પેન્શન યોજનાનો વિકલ્પ પસંદ કરેલ હોય અથવા જેઓ આપોઆપ પેન્શન યોજનાથી શાસિત હોય જેમાં કુટુંબ પેન્શન ,ગ્રેચ્યુટી અને સામાન્ય પ્રોવીડન્ટ ફંડ સામેલ છે જે ગુજરાત રાજ્યસરકારના નિયમો મુજબ તેમના દરેક કર્મચારીઓને વખતોવખત લાગુ પાડવામાં આવે છે |
| | ૨ | **<u>ફંડમાં ફાળો ઃ</u>**<br>ફંડમાં ફાળો સરખા દરે એટલે કે સબસ્ક્રાઇબરના પગારના એક બારાંશ દરે રહેશે. કોલેજના કર્મચારીના કેસમાં કે જે વિશિષ્ટ કરાર હેઠળ  નિયુકત કરવામાં આવેલ હોય તેના દરો કરારમાં આપવાના રહેશે અને તે ૬ અને ૧/૪ ટકા પગાર કરતા વધારે રહેશે નહીં આવા ફાળા કર્મચારીના માસીક પગારમાંથી કાપવામાં આવશે અને તે કપાયેલી રકમ કોલેજના પ્રોવીડન્ટ ફંડને કર્મચારીના ખાતામાં જમા કરાવવામાં આવશે જે કર્મચારી કોઇપણ પ્રકારની રજા ઉપર હોય તે સંચાલકની પરવાનગીથી તેનું પ્રોવીડન્ટ ફંડનુંકપાત રદ કરાવી શકશે અથવા એવા દરે ચુકવશે કે જે સમાન દર કરતા વધુ ન હોય કે જે કોલજ સંચાલક દ્વારા નકકી કરવામાં આવેલ હોય. |
| | 3 | સંચાલક સંસ્થાનો ફંડમાં ફાળો સભ્યના માસીક ફાળા જેટલો રહેશે અને દરેક માસના અંતે સભ્યના હિસાબમાં જમા કરાવવો પડશે. |
| | | **<u>ફંડમાંથી કપાત ઃ</u>** |
| | ૪ | કર્મચારીના ખાતે જમાં ફાળો  જ્યારે હોય અને જેને કોલેજની સેવામાંથી ગેરવર્તણૂંક માટે ડીસમીસ કરવામાં આવે જે ચુકવવાપાત્ર હોય, ત્યારે કોલેજ સંચાલક ડાયરેકટ કરી શકશે કે કોલેજના ફાળાના તમામ અથવા તેનો ભાગ અને તેના ઉપરનું વ્યાજ ને કર્મચારીના ખાતે જમાં રકમમાંથી બાદ કરવામાં આવશે અને તેને`કોલેજને ચુકવવામાં આવશે. |
| | ૫ | કર્મચારીના ખાતે જમા ફાળો જ્યારે હોય અને જેને કોલેજ સંચાલકને ચુકવવાપાત્ર હોય તે ડાયરેકટ કરશેકે જે રકમ જવાબદારી તરીકે બાકી હોય કે જે કર્મચારી દ્વારા કોલેજ ઉપર  કરવામાં આવેલ હોય તે |

| | | |
|---|---|---|
| | | કોલેજ દ્વારા આવતા ફાળા જેટલી વ્યાજ સાથે હોય તેને કર્મચારીના ખાતે જમા રકમમાંથી બાદ કરવામાં આવશે અને તેને કોલેજને ચુકવવામાં આવશે. |
| | ૬ | કર્મચારીના ખાતે જમાં ફાળો જ્યારે હોય અને જેણે કોલેજની સેવામાંથી રાજીનામુ આપેલ હોય ઓછામાં ઓછા ૫ વર્ષ સુધી લાગલગાટ સમયગાળાની સંચાલક સંસ્થાની નોકરી કરી નહીં હોય ત્યારે કોલેજ સંચાલક ડાયરેકટ કરશે કે કોલેજનો તમામ અથવા તેના ભાગનો ફાળો અને તેના ઉપરનું વ્યાજ તેને કર્મચારીના ખાતે જમાં રકમમાંથી બાદ કરવામાં આવશે અને તેને કોલેજને ચુકવવામાં આવશે. |
| | | **<u>ફંડમાંથી ચુકવણી ઃ</u>** |
| | ૭ | કલોઝ ૪ અને ૬ હેઠળ કપાતને આધીન જે રકમ કર્મચારીના ખાતામાં જમા હોય તે ચુકવવાપાત્ર રહેશે.<br>એ. સેવા છોડતા પહેલા તેમનુ અવસાન થાય અથવા<br>બી. કર્મચારી કોલેજની સેવામાંથી બંધ થાય |
| | ૮ | કર્મચારીનુ ખાતુ બંધ કરવામાં આવશે<br>એ. તેમના અવસાનના બીજા દિવસે અથવા<br>બી. કર્મચારી કોલેજની સેવામાંથી બંધ થાય તે દિવસથી<br>કોઇ ફાળો અથવા વ્યાજ કોઇ સમય માટે તે તારીખ બાદ કે જે દિવસે ખાતુ બંધ કરવામાં આવેલ હોય તે જમા કરવામાં આવશે નહીં. |
| | | **<u>કર્મચારીને લોન ઃ</u>** |
| | ૯ | કર્મચારીના ફંડ ખાતે જમા હોય તે રકમમાંથી અગ્રીમ નાણાં સંચાલકના અધ્યક્ષની મુનસફીએ નીચેની શરતોને આધીન આપવામાં આવશે.<br>એ ઃ કોઇ અગ્રીમ રકમ ત્યાં સુધી આપવામાં આવશે નહીં જ્યાં સુધી સંચાલકના અધ્યક્ષને સંતોષ થાય કે અરજદારની આર્થિક સ્થિતિ પુરવાર થતી હોય અને તેનો ઉપયોગ નીચેના ઉદ્દેશો માટે કરવાનો છે<br>એ. અરજદારની અથવા કોઇ વ્યકિત તેમના ઉપર આધારિત હોય તેમની લાંબી અથવા ગંભીર બિમારીના ખર્ચાની ચુકવણી. |

| | | |
|---|---|---|
| | | બી. અરજદારની અથવા કોઇ વ્યક્તિ તેમના ઉપર આધારિત હોય તેમના આરોગ્યના કારણે સમુદ્રપાર ચુકવણી માટે<br>સી. અરજદાર અથવા કોઇ વ્યક્તિ તેમના ઉપર આધારિત હોય તેમના ભણતરના ખર્ચા ને પહોંચી વળવા<br>ડી. જવાબદારી ખર્ચાઓની ચુકવણી અરજદારના પગારના સ્ટેટસના પ્રમાણમાં કે જે રીવાજ મુજબ અરજદારે લગ્ન, અવસાન ક્રીયાકર્મ અથવા અન્ય એવા સામાજીક કાર્ય ક્રમો માટે કરવાની હોય.<br>ઇ. પાંચ વર્ષમાં મકાનના બાંધકામ, ઘર માટે જમીન અથવા મોટી મરમ્મત ઘરમાં કરવા માટે.<br>એફ. પોતાના વપરાશ માટે સાધન ખરીદવા |
| | | બી. અગ્રીમ રકમ સિવાય કે વિશિષ્ટ કારણ વગર ૬ માસના ૫ પગારથી વધારે રહેશે નહીં અને કોઇપણ કેસમાં તે સબસ્ક્રીપ્શન અને તેના ઉપરનું વ્યાજ કે જે કર્મચારીના ખાતામાં જમા હોય તેના કરતા વધવી જોઇએ નહીં<br>નોંધ : આ નિયમના હેતુ માટે પગારમાં મોંઘવારી ભથ્થા સામેલ નથી. |
| | | સી. અગ્રીમ રકમ સિવાય કે વિશિષ્ટ કારણવગર જ્યાં સુધી તમામ આગળની અગ્રીમ રકમ વ્યાજ સાથે ચુકવાઇ જાય નહીં ત્યાં સુધી ત્રણ માસ સુધી આપવામાં આવશે નહીં |
| | | ડી. અગ્રીમ રકમની વસુલાત કર્મચારીપાસેથી એવા નંબરના સરખા માસિક હપ્તાથી કરવામાં આવશે જે મંજૂર કરનાર સત્તાધીશ દ્વારા જણાવવમાં આવશે પરંતુ આવા હપ્તાની સંખ્યા એકંદર ૨૪ કરતા વધારે રહેશે નહી.કર્મચારી પોતાના વિકલ્પે નાની સંખ્યાના હપ્તાથી ચુકવણી કરી શકશે |
| | | ઇ. વસૂલી અગ્રીમ રકમ લેવામાં આવેલ હોય તેના બીજા માસથી કરવામાં આવશે (જે કર્મચારી સ્થગિત થયેલ હોય તેની વસુલી કરવામાં આવશે નહીં) |
| | | એફ. આખરી ઉપાડ નીચેની શરતો હેઠળ મંજૂર કરવામાં આવશે<br>(એ) કર્મચારીની ૨૦ વર્ષની નોકરી પૂર્ણ કર્યા બાદ અથવા નિવૃત્તિની તારીખથી ૧૦ વર્ષની અંદર જે વહેલું હોય તે નીચેના એક અથવા વધુ હેતુઓ માટે ,<br>૧. કર્મચારીના પુત્ર કે પુત્રીના લગ્નના ખર્ચાને પહોંચી વળવા.<br>૨. તેમના રહેઠાણ માટે યોગ્ય ઘર કે જેમાં સ્થળ કોસ્ટ સામેલ છે અથવા ફરી બાંધકામ અથવા ઘરમાં ફેરફાર અથવા વધારા કે |

| | | |
|---|---|---|
| | | જે કર્મચારી પોતાની માલિકીનું હોય.<br>૩. કર્મચારી દ્વારા મીનીસ્ટ્રી અફ વર્કસ/હાઉસીંગ અને સપ્લાયની યોજના હેઠળ અગ્રીમ રકમ ઘરના હેતુ માટે લેવામાં આવેલ હોય તે આખરી ઉપાડ ને પાત્ર રહેશે અને તેમજ કોઇ લોનની ચુકવણી કે જે ઉપરોક્ત યોજના હેઠળ લેવામાં આવેલ હોય.<br><br>(બી) એક જ વખતે કર્મચારી દ્વારા કોઇ રકમનો ઉપાડ ઉપરોક્ત હેતુઓ માટે કરવામાં આવે તે સામાન્ય રીતે તેમના ખાતામાં જમા હોય તે રકમના અડધી રકમથી વધારે રહેશે નહીં અથવા ૧૨ માસનો પગાર જે ઓછો હોય તે.મંજૂર કરનાર સત્તાધીશ જોકે સદર મર્યાદા કરતા વધારે રકમ મંજૂર કરી શકશે કે જે તેમના ખાતાની જમા રકમના બાકીના ૩/૪ રકમ તેમના ફંડમાં જમા હોય જે જેતે ઉદ્દેશ માટે ઉપાડ કરવામાં આવેલ હોય,કર્મચારીનો હોદદો અને તેમના ખાતામાં જમા રકમ હોય તે.<br><br>(સી) કર્મચારી કે જેમને ફંડમાંથી રકમ ઉપાડવા પરવાનગી આપવામાં આવેલ હોય તેમણે મંજૂર કરનાર સત્તાધીશને યોગ્ય સમયમાં સંતોષ આપવાનો રહેશે કે જે સત્તાધીશ દ્વારા નિયત કરવામાં આવેલ હોય કે નાંણાનો ઉપયોગ જે કારણ માટે ઉપાડ કરવામાં આવેલ છે તે માટે જ વાપરવામાં આવેલ છે. |
| | | <u>ઉપાડ અને જાહેરાત ઃ</u> |
| | ૧૦ | દરેક કર્મચારી ફંડમાં જોડાયેથી નમૂના એમાં  કે જે નીચે આપવામાં આવેલ છે તેમનું નોમીનેશન આપવાનું રહેશે જેમાં તેઓની ઇચ્છા તેમની રકમ ફંડમાં જમા કરાવવાની છે જેને તેમના અવસાન બાદ નિકાલ કરવામાં આવે જો તેમને કુટુંબ હોય અથવા કોઇ સમયે ફંડમાં જોડાયા બાદ કુટુંબ સંપાદન કરે તેમને વ્યકિતના નોમીનેશન માંથી અવરોધવામાં આવશે કે જે તેમાનો સભ્ય ન હોય.આવા નોમીનેશન કોઇ સમયે કર્મચારી દ્વારા રદ કરવામાં  આવે અને અથવા નવા નોમીનેશનથી બદલવામાં આવશે. નોમીનેશ ફક્ત ત્યારે જ અમલમાં આવશે જયારે તે કોલેજ દ્વારા મેળવવામાં આવશે. |
| | | <u>નમૂનો એ</u><br>હું આથી જાહેર કરું છું કે મારા અવસાન બાદ મારા પ્રોવીડન્ટ ફંડની જમા રકમ નીચેના વ્યકિતઓને તેમના નામ સામે જણાવ્યા મુજબ વહેંચવાની  છે |

<table>
<tr><td></td><td></td><td>નોમીનીના નામ અને સરનામા<br>૧</td><td>કર્મચારી સાથે સંબંધ<br>૨</td><td>પૂખ્ત અથવા સગીર,જો સગીર હોય તો વય જણાવો<br>૩</td><td>પ્રેવીડન્ટ ફંડના હિસ્સાની રકમ<br>૪</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td colspan="4">સ્થળ ઃ<br>તારીખ ઃ<br><br>બે સાક્ષીની સહી ઃ કર્મચારીની સહી ઃ<br><br>નોંધઃ આ નિયમ હેઠળ કર્મચારીના કુટુંબના સભ્યને ચુકવવામાં આવતી કોઇ રકમ પ્રોવીડન્ટ ફંડસ એકટ,૧૯૨૫ ની કલમ ૩ ની પેટા કલમ ૨ હેઠળ એવા સભ્યને પ્રાપ્ત થશે.</td></tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૧ | નોકરી છોડવા પહેલા કર્મચારીના અવસાન કપાતને આધીન ઃ | | |
| | | એ | જ્યારે કર્મચારી દ્વારા કુટુમ્બને છોડવામાં આવે ઃ | |
| | | | એ | કર્મચારી દ્વારા જો નોમીનેશન તેમના કુટુંબના સભ્ય અથવા સભ્યોની તરફેણમાં કરવામાં આવેલ હોય ,તે અસ્તત્વિમાં હોય તો જે રકમ ફંડમાં જમા હોય કે જેને માટે નોમીનેશન કરવામા આવેલ હોય અથવા તેનો ભાગ કે જેની સાથે નોમીનેશન સંકળાયેલ હોય તે તેમના નોમીની અથવા નોમીનીઓને ચુકવવાપાત્ર રહેશે કે જે નોમીનેશનમાં દર્શાવવામાં આવેલ હોય. |
| | | | બી | જો આવા નોમીનેશન કુટુંબના સભ્યોની તરફેણમાં કર્મચારીના અસ્તિત્વમાં ન હોય અથવા જો આવા નોમીનેશન તેમના ફંડમાં જમા રકમના ફકત ભાગની રકમ માટે તો આખી રકમ અથવા તેનો ભાગ કે જેને માટે નોમીનેશનથી જે કેસ હોય તે ,તેમ છતાંપણકે કોઇ નોમીનેશન કોઇ વ્યકિત અથવા વ્યકિતઓની તરફેણમાં કુટુંબના સભ્યો કરતા અન્ય તે તેમના કુટુંબના સભ્યને સરખા હિસ્સે ચુકવવાપાત્ર રહેશે. |
| | | બી | જ્યારે કર્મચારી કોઇ કુટુંબ છોડી ન જાય, જો નોમીનેશન કે જે તેમના દ્વારા કોઇ વ્યકિત અથવા વ્યકિતઓની તરફેણમાં કરવામાં આવેલ હોય તે અસ્તિત્વમાં હોય તો તેમના ફંડની જમા રકમ અથવા તેનો ભાગ કે જેને નોમીનેશન સાથે લગતુ વળગતુ હોય તે તેમના નોમીનીને નોમીનેશનમાં સ્પષ્ટ કયા - મુજબ ચુકવવાપાત્ર રહેશે.<br>નોંધ ૧ ઃ જ્યારે નોમીની કર્મચારી પર નિર્ભર હોય કે જે પ્રોવીડન્ટ ફંડ એકટ, ૧૯૨૫ ની કલમ ૨ કલોઝ સી માં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા મુજબ હોય ત્યારે આવા નોમીનીને એકટ ની કલમ ૩ પેટા કલમ ૨ હેઠળ પ્રાપ્ત થશે<br><br>નોંધ ૨ ઃ જ્યારે કર્મચારી દ્વારા કોઇ કુટુંબ છોડી જવામાં ન આવે અને તેમના દ્વારા કોઇ નોમીનેશન કલમ ૧૦ ની જોગવાઇ મુજબ કરવામાં આવેલ ન હોય અસ્તિત્વમાં હોય અથવા આવા નોમીનેશન તેમના ફંડ માંજમા રકમના ભાગ પુરતા હોય ત્યારે પ્રોવીડન્ટ ફંડ એકટ, ૧૯૨૫ ની કલમ ૪ ના કલોઝ બી અને કલોઝ સી ના પેટા કલોઝ ૨ પેટા કલમ ૧ | |

| | | |
|---|---|---|
| | | તમામ રકમ અથવા તેના ભાગને લાગુ પડશે કે જેને નોમીનેશન લાગુ પડતુ નથી. |
| | ૧૨ | નીચેના વ્યક્તિઓને કર્મચારીના કુટુંબ તરીકે નિમવા ઠરાવવાના રહેશે એટલે કે તેમના પત્ની અથવા પત્નીઓ અને બાળકો અને વિધવા અથવા વિધવાઓ અને બાળકો મરહુમ પુત્રના અને પતિ જો કર્મચારી પરણીત સ્ત્રી હોય. |
| | ૧૩ | દરેક કર્મચારીને આ નિયમો બંધનકર્તા રહેશે અને તેમણે નમૂનો બી કે જે કલોઝ ૧૪ બાદ આપવામાં આવેલ છે તે સહી કરવાનું રહેશે . |
| | ૧૪ | કોલેજે વખતોવખત આવા જનરલ અથવા વિશિષ્ટ માર્ગદર્શનો કે જે સંબધિત નિયમો સાથે સુસંગતહોય આપવાના રહેશે.<br>એ. ફંડના વ્યવસાયનો આચાર<br>બી. ફંડ સંબંધિત કોઇ બાબત અથવા તેનું સંચાલન અથવા રોકાણ અથવા કર્મચારીના હકો કે જે અહીં સ્પષ્ટ કરવામાં આવેલ ન હોય<br>અથવા<br>કોઇ નિયમોમાં ફેરફાર અથવા તેને રદ કરવા કે જે તેમના દ્વારા બનાવવામાં આવેલ હોય. |
| | | **નમૂનો બી**<br>**કરારનો નમૂનો**<br>હું આથી જહેર કરું છું કે મારા દ્વારા કોલેજના પ્રોવીડન્ટ ફંડના નિયમો વાંચવામાં આવેલ છે અને હું તેનાથી બંધાવા સહમત છુ.<br>સંપૂર્ણ નામ તારીખ :<br>નિયુક્તિની તારીખ :<br>નિયુક્તિનો પ્રકાર :<br>માણસ દીઠ પગાર : રુ. :<br>સહી :<br>સાક્ષી : નામ : સરનામુ : વ્યવસાય :<br>સાક્ષી : નામ : સરનામુ : વ્યવસાય : |
| | | **કર્મચારીના પ્રોવીડન્ટ ફંડની વ્યવસ્થા :** |

| | | |
|---|---|---|
| | ૧૫ | ફંડમાં જમા કરવાની હાથ ઉપરની રકમ રાજ્ય સરકારના વખતો વખતના માર્ગદર્શન મુજબ જમા કરાવવાની રહેશે. |
| | ૧૬ | કોલેજ દ્વારા યોગ્ય હિસાબો ફંડ માટે જાળવવાના રહેશે કે જે જે તે સમય માટેની દરેક કર્મચારીની રકમ દર્શાવતા હોય અને સામાન્ય ફંડની સ્થિતિ દર્શાવતા હોય એવા નમૂનામાં કે જે વખતો વખત નિયત કરવામાં આવે. |
| | ૧૭ | દરેક કર્મચારીને તેમના ખાતામાં જમા રકમ ઉપર પ્રાપ્ત વ્યાજ સરકારના નિર્ણય મુજબ વખતોવખત આપવામાં આવશે. |
| | ૧૮ | રોકાણ કરવામાં આવેલ રકમ ઉપર તેમજ કર્મચારીને આપવામાં આવેલ લોન ઉપર વર્ષ દરમ્યાન જે વ્યાજ પ્રાપ્ત થાય તેને કર્મચારીઓને દર વર્ષે વિતરણ તે દરે વિતરણ કરવામાં આવશે જે કોલેજ સંચાલક દ્વારા નકકી કરવામાં આવેલ હોય. કોલેજ સંચાલક વ્યાજ આવક કોલેજ દ્વારા ફંડના પ્રચાલન માટે કરવામાં આવેલ ખર્ચા બાદ કરી શકશે.. |
| | ૧૯ | પગાર એટલે મૂળ પગાર અને ફકત કાર્યવાહક પગાર. |
| | ૨૦ | કોઈપણ જમાકર્તા દ્વારા એવા વ્યાજ સાથે રકમ ઉપાડવામાં આવે કે જે તે રકમનો ઉપાડ તેના દ્વારા કરવામાં ન આવેલ હોય અને મેળવવામાં આવેલ હોય તેની વસુલાત એવા માસિક હપ્તાની સંખ્યામાં કરવામાં આવશે જે ૨૪ કરતા વધુ ન હોય કે જે કોલેજના અધ્યક્ષ દ્વારા નિયત કરવામાં આવેલ હોય અને તેને તેમના પગારમાંથી કાપીને વસુલ કરવામાં આવશે. આવા પ્રથમ કપાત પ્રથમ પગારની સંપુર્ણ ચુકવણી થયા બાદ જમા કર્તા દ્વારા ચુકવવાની રકમનો ઉપાડ કરવામાં આવેલ હોય. આવા હપ્તાની રકમ રાઉન્ડ નંબરમાં નિયત રાખવામાં આવશે અને છેલ્લો હપ્તામાં બાકીની તમામ રકમ વસુલ કરવામાં આવશે. પરંતુ કર્મચારી પોતાના વિકલ્પે વધારાની રકમની ચુકવણી હપ્તાની રકમની ઉપર કરી શકશે જો કે વ્યાજની વસુલાત વધુ બે હપ્તામાં કરી શકાશે. |
| | ૧૧ | <u>ગ્રેજ્યુટીના નિયમોઃ</u><br>કોલેજ કે કોલેજો કે જે એક જ સંચાલક દ્વારા ચલાવવામાં આવતી હોય તેના કર્મચારીઓને ગ્રેજ્યુટી નિયમ મુજબ ચુકવવામાં આવશે. |
| | | ૧ — કર્મચારી કે જેમને ગેરવર્તણૂંકના કારણે સર્વિસમાંથી ડીસમીસ કરવામાં આવેલ હોય તેમને કોઇ ગ્રેજ્યુટી ચુકવવામાં આવશે નહી. |

| | | | |
|---|---|---|---|
| | | ૨ | ગ્રેજ્યુટી અવસાન, નિવૃત્તિ, શારીરિક અને માનસિક કાયમી અશક્તતા સેવાના સમય દરમ્યાન,રાજીનામુ અથવા સર્વિસમાંથી છૂટા કરવામાં આવે ત્યારે ચુકવવામાં આવશે જે માસિક મૂળ પગારના એક દ્વિવીતીયાંશ દરે જેમાં તમામ ભથ્થા બકાત રહેશે દરેક પૂર્ણ વર્ષની સેવાઓ માટે ૧૫ વર્ષની સર્વિસ પૂર્ણ થયેથી ચુકવવામાં આવશે. ગ્રેજ્યુટીની કુલ રકમ મહત્તમ ૨૦ માસના પગાર જેટલી અથવા રુ.30000/-જે ઓછા હોય તે રહેશે. |
| | | ૩ | ગ્રેજ્યુટીના હેતુ માટે ક્લોઝ ૨ ઉપર મુજબ પગાર એટલે સરેરાશ પાયાનો પગાર કે જે કર્મચારી દ્વારા ૧૨ માસના સમય દરમ્યાન સક્રીય સર્વિસ માટે મેળવવામાં આવે તુરંત પૂર્વવર્તી અવસાન, નિવૃત્તિ, રાજીનામા અથવા સેવાનો અંત જે કેસ હોય તે અને મોંઘવારી ભથ્થા અને અથવા વધારાના મોંઘવારી ભથ્થા કે જેને ગુજરાત સરકાર દ્વારા પગાર તરીકે તેમના કર્મચારીના પેંશન નક્કી કરવા વખતોવખત ગ્રાહ્ય રાખવામાં આવેલ હોય.<br><br>ઉપરોક્ત નવો ક્લોઝનો અમલ તા.૦૧ .૦૪.૧૯૭૭ થી પાશ્ર્ચાત્ય અસરથી કરવાનો રહેશે. સંચાલકે એક યોજના ઘડવાની રહેશે કે જે લઘુત્તમ જુરરીયાત આપશે કે જે પ્રોવીડન્ટ ફંડ એક્ટ, ૧૯૨૫ માં વખતોવખત સુધારેલમાં આપવામાં આવેલ છે સંચાલકે આવી યોજના સરકાર પાસે પ્રત્યક્ષ રીતે મંજૂર કરાવવાની રહેશે અને સરકારની મંજૂરીની જાણ યુનીવર્સિટીને કરવાની રહેશે. |
| | | એ | દરેક શિક્ષકે પ્રોવીડન્ટ ફંડના સભ્ય બનવાનું રહેશે.ભરવાનો ફાળો મહિનાના મૂળ પગારના એક બારાંશ એક સરખા દરે રહેશે |
| | | બી | કોલેજના પૂર્ણ સમયના કોઇ અન્ય કર્મચારી જે પ્રથમ હંગામી રીતે નિયુક્ત કરવામાં આવેલ હોય અને પાછળથી તે જ નિયુક્તિમાં કાયમી કરવામાં આવેલ હોય,કોલેજ સંચાલકના ઠરાવથી કોલેજના પ્રોવીડન્ટ ફંડના લાભોમાં તેમની હંગામી નિયુક્તિની તારીખથી સ્વીકારી શકાશે જોકે હંગામી નોકરીના અંત અને કાયમી નિયુક્તિની શરુઆત વચ્ચે વિરામ રાખવાનો રહેશે તે અનુલક્ષીને કે નિયુક્તિ અજમાયશી અથવા અન્ય રીતે આપવામાં આવેલ હોય. |
| | ૧૨ | **<u>રજાઓ અને હક રજાઓ ઃ</u>** | |
| | | ૧. | દરેક વહીવટી કર્મચારીને એક રજા અને એક બીજા દિવસની અડધા કામકાજના દિવસની એક અઠવાડીયામાં આપવામાં આવશે. તેઓને અન્ય જાહેર રજાઓ કે જે કોલેજના સંચાલક |

| | | |
|---|---|---|
| | | દ્વારા નક્કી કરવામાં આવેલ હોય તે આપી શકાશે કોલેજના આચાર્ય ને વહીવટી કર્મચારીને રજાના દિવસે ફરજ ઉપર બોલાવવાની સત્તા રહેશે અથવા તેના કર્મચારીને આખોદિવસ અથવા અડધો દિવસ કામકાજ કરવા બોલાવવાની સત્તા રહેશે.<br>૨. કોઇ રજા હક તરીકે માંગી શકાશે નહી પરંતુ તે નોકરીની અસ્થિરતા પ્રમાણે આપવામાં આવશે<br>૩. સંલગ્ન કોલેજના આચાર્ય કોલેજના વહીવટી સ્ટાફના સભ્યોની રજા મંજૂર કરશે |
| | ૧ | **કેઝ્યુલ રજા ઃ**<br>૧. દરેક સંલગ્ન કોલેજના અથવા માન્ય સંસ્થાના હંગામી કાયમી કર્મચારીને ૧૫ દિવસની કેઝ્યુલ રજાઓ વર્ષ દરમ્યાન એક સાથે લઘુત્તમ ૮ ને આધીન આપવામાં આવશે.<br>૨. રવિવાર અથવા અઠવાડીક રજાને બદલે જો કોઇ જાહેર રજાને કેઝ્યુલ રજા સાથે વાપરવા યા તો આગળથી નક્કી કરીને અથવા પરપ્રત્યયી અથવા બન્ને કોઇ રવિવાર અથવા અઠવાડીક રજાને બદલે અથવા જાહેર રજા કે જે કેઝ્યુલ રજાના સમયમાં આવતી હોય તેને કેઝ્યુલ રજા તરીકે ગણવામાં આવશે નહી.<br>૩. નવા કર્મચારીને આવી રજા તેમની વર્ષ દરમ્યાન નિમણૂંકથી તેમ છતાં પણ કે તે તેમના દ્વારા ખરેખર તેઓ રજા ઉપર જાય ત્યારે પ્રાપ્ત કરવામાં આવેલ ન હોય. જો તેઓ સંપૂર્ણ નિમણૂંક નો સમય પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, પ્રમાણસર કપાત તેમના પગારમાંથી તેમના છેલ્લા ચુકવણીના સમયે કરવામાં આવશે.<br>૪. કર્મચારી આવી રજા વાપરે તેઓ સંપૂર્ણ પગાર સાથે કામ અને મુસાફરી ભથ્થા જો કોઇ હોય આવી રજાના સમય દરમ્યાન હકપાત્ર રહેશે. |
| | | **વિશિષ્ટ કેઝ્યુલ રજાઃ**<br>૧. વધુમાં વિશિષ્ટ કેઝ્યુલ રજા નીચે જણાવ્યા પ્રમાણમાં પણ આપી શકાશે.<br>એ. કુટુંબ નિયોજન કાર્યક્રમ હેઠળ કરવામાં આવતા સ્ટરીલાઇઝેશન ઓપરેશન વેસેતોમી અથવા સેલપીજેક્ટોમી. આવા કેસમાં રજા બે કામકાજના દિવસ સુધી મર્યાદિત છે<br>બી. સ્ત્રી કર્મચારીને કે જેઓ બિન ગરીબ નસબંધી રજાના કેસમાં ૧૪ દિવસની રજા નિયંત્રીત છે. |

| | | |
|---|---|---|
| | | નોંધ ઃ વિશિષ્ટ કેઝ્યુલ રજાઓ ભેગી કરી શકાશે નહીં તેમજ તેને અન્ય પ્રકારની રજાઓ સાથે જોડી શકાશે નહીં સિવાય કે કેઝ્યુલ રજા. તેને રજાઓ અથવા વેકેશન મેળમાં આપી શકાશે .<br><br>ઉપરોક્ત નવી જોગવાઇ સિન્ડિકેટ દ્વારા તેમની તા. ૧૦. ૬ ૧૯૮૧ ની મીટીંગમાં ઉમેરવામાં આવેલ છે |
| | ૨ | <u>પ્રાપ્ત રજા ઃ</u><br>૧. સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થાના દરેક કાયમી કર્મચારીને એક માસની પ્રાપ્ત રજાઓ દરેક ૧૧ માસની સક્રીય સેવાઓ માટે અથવા ૧૧દિવસની સક્રીય સેવામાં એક દિવસ માટે રજાના હક્દાર રહેશે.<br>૨. આવી રજા દરમ્યાન કર્મચારી પૂર્ણ પગાર માટે હક્દાર રહેશે.<br>૩. કર્મચારી પ્રાપ્ત રજા તે સમય માટે મેળવવા હક્દાર રહેશે નહીં જે સમય દરમ્યાન તેમણે પ્રાપ્ત રજાઓ વાપરેલ હોય.<br>૪. પ્રાપ્ત રજાને સીક રજા સાથે જો શકાશે જો કોઇ હોયતો.<br>૫. પ્રાપ્ત રજાને ૧૮૦ દિવસ સુધી ભેગી કરી શકાશે.<br>૬. પ્રાપ્ત રજા અજમાયશી કર્મચારીને માટે અથવા હંગામી કર્મચારીઓ માટે ૧૨૦ સેકન્ડનો પીરીયડ ફરજ ઉપર એવા સમય માટે લેવામાં આવે તે ગ્રાહ્ય રહેશે. પરંતુ કર્મચારીઓ કે જેઓ અજમાયશી છે તેઓ જ્યારે કાયમી થાય ત્યારે તેમને વધારાની ૧૨૦ સેકન્ડના પીરીયડ કે જે ફરજ ઉપર પસાર કરવામાં આવે તેમના અજમાયશી સમય દરમ્યાન તેમના રજાના ખાતામાં જમાને પાત્ર રહેશે.<br>૭. પ્રાપ્ત રજા ઉપર જે સમય પસાર કરવામાં આવેલ હોય તેને ઇજાફા માટે ગણવાનો રહેશે.<br>નોંધ ઃ ચુક્વણામાં તમામ ભથ્થાઓ સામેલ છે સિવાય કે કામ અને મુસાફરી ભથ્થા. |
| | 3 | <u>સીક રજા, માંદગી રજા ઃ</u><br>૧. સીક રજા સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થાના કાયમી કર્મચારીને ૧૫ દિવસના દરે પૂર્ણ પગાર સાથે અને ૩૦ દિવસ અડધા પાગારે એક વર્ષની સક્રીય સેવાઓ માટે આપવાની રહેશે જો કે નોંધાયેલા તબીબનું તબીબી પ્રમાણપત્ર રજુ |

| | | |
|---|---|---|
| | | કરવાનું છે<br>૨. આ રજા ભેગી કરી શકાશે પરંતુ કોઇપણ કર્મચારી એક સાથે ૧૨ માસ કરતા વધુ સીક રજાઓ મેળવવા હકદાર રહેશે નહીં<br>૩. આ રજાઓ ને પ્રાપ્ત રજાઓ સાથે જોડી શકાશે.<br>૪. જે વ્યકિત તબીબી કારણસર માંદગી રજા ઉપરથી પરત ફરે તેમણે નોંધાયેલા પ્રેકટીસ કરતા તબીબનું શારીરિક યોગ્યતા પ્રમાણપત્ર તેમની ફરજ ઉપર હાજર થતા પહેલા રજુ કરવાનું રહેશે.<br>૫. માંદગી રજા ઉપર જે સમય પસાર કરવામાં આવેલ હોય તેને ઇજાફા માટે ગણવાનો રહેશે.<br>નોંધ : ચુકવણામાં તમામ ભથ્થાઓ સામેલ છે સિવાય કે કામ અને મુસાફરી ભથ્થા. |
| | ૪ | <u>અસાધારણ રજા :</u><br>અસાધારણ રજા સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થાના કર્મચારીને તેમની આવી રજા માટે લેખિતમાં અરજી આપ્યેથી આપી શકાશે.<br>એ. જ્યારે કોઇ અન્ય રજા ગ્રાહય ન રખાય અથવા<br>બી. કોઇ અન્ય રજા ગ્રાહય ન રખાય અને શિક્ષક લેખિતમાં અસાધરણ રજા માટે અરજી કરે.<br>૨. કાયમી કર્મચારી સિવાયના કેસમાં અસાધરણ રજાનો સમય એક વખત માટે ૩ માસથી વધારે રહેશે નહી.<br>૩. સતાધીશ કે જેમને રજા આપવાની સત્તા છે તેમણે પાશ્ચાત્ય રીતે ગેરહાજરીનો રજા વગરનો સમય અસાધારણ રજામાં ગણી શકાશે.<br>૪. કર્મચારી કે જે અસાધરણ રજા ઉપર જતાં હોય તેઓ રજાને પગાર અથવા ભથ્થા માટે હકદાર રહેશે નહીં |
| | ૬ | <u>માતૃત્વ રજા :</u><br>કાયમી સ્ત્રી કર્મચારી કે જેમણે ૨ વર્ષ કરતા વધુ સળંગ સેવાઓ આપેલ હોય તેઓ પૂર્ણ પગારે માતૃત્વ રજા ભથ્થા સાથે જે તારીખથી રજા શુરુ કરવામાં આવેલ હોય ત્યારથી ૩ માસના સમય માટે હકદાર રહેશે.<br>કાયમી સ્ત્રી કર્મચારી માતૃત્વ રજા માટે દર બે વર્ષે એક થી વધુ વખત અને બે કરતાં વધુ નહીં તેમની તમામ સેવાઓ દરમ્યાન મેળવવા હકદાર રહેશે નહીં આવી રજાઓ સ્ત્રી કર્મચારીને આપવામાં |

| | | |
|---|---|---|
| | | આવશે નહીં જેમને બે હયાત બાળકો હોય.સિવાય કે એવા કેસો કે જે ઉપર જણાવવામાં આવેલ છે કોઇ માતૃત્વ રજા ગ્રાહય રાખી શકાશે નહીં<br>નોંધ :આ ક્લોઝ હેઠળ કસુવાવડના કેસમાં રજા ગ્રાહય રાખી શકાશે |
| | ૭ | <u>ફરજ રજા :</u><br>કોલેજ અથવા સંસ્થા દ્વારા ફરજ રજા તેમના જે તે કર્મચારીઓને કે જેઓ તેમના એસોસીએશન /યુનીયન ના ઓફીસ ધારક છે કે જે સત્તાધીશો સમક્ષ કેસ રજુ કરવા માટે આપવામાં આવે છે<br>કર્મચારીને ફરજ રજા તેમની ફરજ કોલેજ અને યુનિવર્સિટીમાં બજાવવા માટે મળશે |
| | ૮ | <u>શરણાગત રજા :</u><br>૧. કર્મચારી કે જેમની પાસે પ્રાપ્ત રજાની બાકી રજા બે વર્ષના સમય દરમ્યાન કે જે ૩૦ દિવસ કરતા ઓછા પ્રમાણમાં ન હોય તે તેમના વિકલ્પે આવી રજા સમર્પણ કરી શકશે જો તે તેમ કરવા ઇચ્છતા હોય કે જે કેસમાં તેઓ તેમના પાયાનો પુર્ણપગાર, મોંઘવારી ભથ્થા અને સ્થાનિક વળતર ભથ્થા ફક્ત નિયમ મુજબ મેળવવાપાત્ર રહેશે.<br>૨. જો કે,સરકાર દ્વારા વખતોવખત સમપર્ણ રજા માટે સુધારા કરવામાં આવે છે જે સંચાલક ને બંધનકર્તા રહેશે |
| | ૧૩ | <u>સેવાની શરતો:</u><br>૧. કોઇપણ કર્મચારી સંલગ્ન કોલેજમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઇ વ્યાપાર,વ્યવસાયમાં કે અન્ય રોજગારમાં રોકાયેલો રહેશે નહીં જોકે સંલગ્ન કોલેજ અથવા માન્ય સંસ્થાના કર્મચારી સામાજીક કે સખાવતી પ્રકારનું માનદ કામ અથવા પ્રસંગોપાત સાહિત્યિક,કલા અથવા વૈજ્ઞાનીક સખાવત પ્રકારનુ અથવા પ્રસંગીક સાહિત્યિક,કલા અથવા વૈજ્ઞાનીક પ્રકારનું તે શરતોને આધીન કે તેમની આ ઓફીશીયલ ફરજોને અસર થાય નહીં પરંતુ સંચાલક દ્વારા જો ડાયરેક્શન આપવામાં આવે તો તેમણે આવા કામ બંધ કરવાના રહેશે.<br>૨. સંલગ્ન કોલેજના કોઇ કર્મચારીએ સંચાલકની અગાઉથી મંજૂરી લખાણ,ભાષાંતર,બુકના સંપાદન,ઓલ ઇંડીયા રેડીયો |

| | | |
|---|---|---|
| | | ના કાર્યક્રમમાં ભાગ લેવા અને તે માટે મહેનતાણું સ્વીકારવા લેવાની રહેશે નહીં પરંતુ તેમણે આ બાબતની માહિતિ સંચાલક દ્વારા જ્યારે માંગવામાં આવે ત્યારે આપવાની રહેશે.<br>૩. સંલગ્ન કોલેજના કોઇ કર્મચારીએ જ્યાં સુધી સંચાલક દ્વારા સામાન્ય અથવા વિશિષ્ટ રીતે લેખિતમાં અથવા તેમના તરફે આચાર્ય દ્વારા અન્ય કર્મચારીને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંચાર કરવામાં આવેલ ન હોય અથવા બિન અધીકારી વ્યકિત અથવા પ્રેસને કોઇ દસ્તાવેજ અથવા માહીતી કે જે તેમના કબ્જામાં તેમની ફરજ દરમ્યાન આવેલ હોય અથવા તે તેયાર કરવામાં આવેલ હોય અથવા મેળવવામાં આવેલ હોય તે ફરજ દરમ્યાન તો અધિકૃત સાધન પાસેથી અથવા અન્ય રીતે જણાવવાની રહેશે નહીં<br>૪. સંલગ્ન કોલેજના કોઇ કર્મચારીએ કોઇ હકીકતનું નિવેદન અથવા માહીતી કે જે કોલેજના સત્તાધીશને શરમજનક સ્થિતિ માં મૂકે તે પ્રકાશિત કરવાની કે કરાવવાની રહેશે નહી.<br>૫. સંલગ્ન કોલેજના કોઇ કર્મચારીએ કોઇ રાજકીય પક્ષના અથવા સંસ્થાના સભ્ય બનવાનું રહેશે નહીં કે જેને સરકાર દ્વારા અબંધારણીય અથવા ગેરકાયદેસર ઠરાવવામાં આવેલ હોય .<br>૬. કર્મચારીની ફરજીયાત નિવૃત્તિની તારીખ સંલગ્ન કોલેજમાં અથવા માન્ય સંસ્થામાં તે રહેશે કે જે તારીખે તેમણે ૬૦ વર્ષ પૂર્ણ કર્યા હોય.<br>૭. તબીબી અને મુસાફરી રજા વિગેરેના લાભોઃ<br>તબીબી અને મુસાફરી રજાના લાભો કોલેજના કર્મચારીઓને રાજ્ય સરકાર દ્વારા વખતોવખત બનાવવામાં આવેલ નિયમો મુજબ ચુકવવામાં આવશે ઠરાવ નં BMS/1179-A-5535-G date 05 .03.1980)<br>જો કોઇ કર્મચારીને ફરજ ઉપર શારીરિક ઇજા અકસ્માતને લીધે થાય કે જે તેમના દ્વારા વ્યાજબી સારવાર વગર ટાળી શકાય નહીં તેમને આવી ઇજા માટે પુર્ણ રીતે વળતર આપવામાં આવશે તેમજ તે સમય દરમ્યાન તેમની ફરજ ઉપરની ગેરહાજરીને વિશિષ્ટ ફરજ રજા પુર્ણ પગાર સાથે ગણવામાં આવશે જ્યાં સુધી તે તબીબી રીતે ફરજ ઉપર હાજર થવા સક્ષમ ન હોય. |
| | ૧૪ | કોલેજને સંચાલિત કરતી એજન્સી માટે કામ કરવાના નિયંત્રણ : કોલેજના વહીવટી સ્ટાફની સેવાઓનો ઉપયોગ એજન્સીના કામ માટે |

| | | |
|---|---|---|
| | | કરવાનો રહેશે નહીં કે જે કોલેજને સંચાલિત કરતી હોય. (ઉપરોક્ત  ક્લોઝ ૧૪ સિન્ડિકેટ દ્વારા નવો ઉમેરવામાં આવેલ છે. તેમની તા. ૧૦.૦૬.૧૯૮૧ ની મીટીંગમાં ) |

# એપેન્ડીક્ષ એ

વહીવટી કર્મચારીના જુદાજુદા વર્ગ માટે સંલગ્ન કોલેજમાં પગારના ધોરણ

| હોદ્દો | | સુધારેલા પગારના ધોરણ |
|---|---|---|
| ૧ | ઓફીસ અધિક્ષક | રુ.૫૦૦-૨૫-૬૫૦-ઇબી-૨૫-૭૫ કયુ-૩કયુ-૯૦૦ |
| ૨ | હેડ કલાર્ક | રુ.૪૨૫-૧૫-૫૦૦-ઇબી-૧૫-૫૬૦-૨કયુ-૬૦૦-ઇબી-૨૦- ૭૦૦ |
| ૩ | ગ્રંથાધ્યક્ષ | રુ.૫૦૦-૨૫-૭૫૦-ઇબી-૩૦-૯૦૦ |
| ૪ | હિસાબનીશ | રુ.૪૨૫-૧૫-૫૦૦-ઇબી-૧૫-૫૬૦-૨કયુ-૬૦૦-ઇબી-૨૦- ૭૦૦ |
| ૫ | સીનીયર કલાર્ક | રુ.૩૩૦-૧૦-૩૮૦-ઇબી-ઇબી-૧૨-૪૪૦-ઇબી-૧૫-૫૬૦ |
| ૬ | એકાઉન્ટ કલાર્ક | રુ.૩૩૦-૧૦-૩૮૦-ઇબી-૧૨-૪૪૦-ઇબી-૧૫-૫૬૦ |
| ૭ | સ્ટોર કીપર | રુ.૩૩૦-૧૦-૩૮૦-ઇબી-૧૨-૪૪૦-ઇબી-૧૫-૫૬૦ |
| ૮ | સીનીયર ટાઇપીસ્ટ | રુ.૨૬૦-૬-૩૦૮-ઇબી-૬-૩૨૬-૮-૩૫૦-ઇબી-૮-૩૯૦-૧૦-૪૦૦ વિશિષ્ટ પગાર સરકાર દ્વારા નિયત કરેલા દરે આપવાનો રહેશે |
| ૯ | કેશીયર | રુ.૨૬૦-૬-૩૦૮-ઇબી-૬-૩૨૬-૮-૩૫૦-ઇબી-૮-૩૯૦-૧૦-૪૦૦ વિશિષ્ટ પગાર આપવાનો રહેશે |
| ૧૦ | લાઇબ્રેરી કલાર્ક | રુ.૨૬૦-૬-૩૦૮-ઇબી-૬-૩૨૬-૮-૩૫૦-ઇબી-૮-૩૯૦-૧૦-૪૦૦ |
| ૧૧ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૧. રુ.૨૬૦-૮-૩૦૮-ઇબી-૮-૩૪૦-૩૯૦-ઇબી-૧૦-૪૩૦ એસ.એસ.સી.અને ઉચ્ચ યોગ્યતા માટે<br>૨. રુ.૨૬૦-૬-૩૦૮-ઇબી-૬-૩૨૬-૮-૩૫૦ અન્યો માટે |
| ૧૨ | જુનીયર કલાર્ક | રુ.૨૬૦-૬-૩૦૮-ઇબી-૬-૩૨૬-૮-૩૫૦-ઇબી-૮-૩૯૦-૧૦-૪૦૦ |
| ૧૩ | ઇલેક્ટ્રીશીયન વાયરમેન | રુ.૨૬૦-૬-૩૦૮-ઇબી-૬-૩૨૬-૮-૩૫૦ |
| ૧૪ | ગેસ મીકેનીક | રુ.૩૫૦-૧૨-૪૧-૦ -ઇબી-૧૨-૪૭૦-ઇબી -૧૫-૫૬કયુ |
| ૧૫ | પ્લમ્બર | રુ.૨૬૦-૬-૩૦૮-ઇબી-૬-૩૨૬-૮-૩૫૦-ઇબી-૮-૩૯૦-૧૦-૪૦૦ |
| ૧૬ | હેડ પ્યુન | રુ.૨૦૦-૩-૨૦૬-૪-૨૫૦ |
| ૧૭ | પ્યુન | રુ.૧૯૬-૩-૨૩૨ |
| ૧૮ | લાઇબ્રેરીએટેન્ડન્ટ, માળી, ચોકીદાર, નકલ મશીન મેન | |

નોંધ ઃક્રમ નં.૧૬ થી ૧૮ ને વોશીંગ ભથ્થા સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ દરે આપવામાં આવશે( વિશિષ્ટ પગાર સરકાર દ્વારા નિયત કરેલા દરે આપવાનો રહેશે )

# <u>એપેન્ડીક્ષ બી</u>

| | તાલીમના કુલ પરેડના ૭૫ ટકા પરેડમાં હાજરી આપ્યા બાબતનું અથવા લઘુત્તમ ૧૨૦ કલાક અથવા ખરેખર સેવાઓ એએસએસ હેઠળ અથવા સંતોષકારક રીતે એનએસઓ દ્વારા નિયત કરવામાં આવ્યા મુજબ રમતગમતમાં ભાગ દરેક વર્ષમાં લેવામાં આવેલ છે જે લાગુ પડતુ હોય તે, જો કે કોલેજના આચાર્ય એનસીસી પરેડમાંની અથવા શારીરિક શિક્ષણ તાલીમના કલાકોમાની અથવા એનએસએસ અથવા એનએસઓ જે લાગુ પડતુ હોય તે ખૂટતી પરેડની અથવા શારીરિક શિક્ષણ તાલીમના કલાકના ૧૫ ટકા સુધીની ગેરહાજરી આરોગ્યને કારણે અથવા અન્ય અસલી કારણસર માફ કરી શકશે આમ છતાં જેઓ નેશનલ કેડેટ કોર્સમાં સ્વેચ્છાએ જોડાય તેઓ પરેડની હાજરી તેમજ કેમ્પ અનેઅન્ય પ્રવૃત્તિઓના હેતુમાટે નેશનલ કેડેટ કોરના અધિનિયમમાંની જોગવાઇઓ તથા તે હેઠળ કરવામાં આવેલા નિયમોથી તમામ હેતુઓ માટે જેમાં પરેડની હાજરી તેમજ કેમ્પસ અને અન્ય પ્રવૃત્તિઓ સામેલ છે તેનાથી નિયંત્રિત થશે.<br><br>૩। ઉપર ૧ અને ૨ માં જે કહેવાયું હોય તેમ છતાં જો ઉમેદવાર, નેશનલ સર્વિસ કોરમાં જોડાય અથવા એનએસઓ ની યોજનામાં એની કોલેજમાં જ્યારે દાખલ થાય ત્યારે જોડાય અને યુનિવર્સિટી વખતો વખત યોજના માટે નક્કી કરેલ આવશ્યકતાઓ આચાર્યને સંતોષ થાય એ રીતે પૂર્ણ કરે તો અથવા<br><br>એ. તે એનસીસી અને અથવા શારીરિક તાલીમમાં જોડાવાને તબીબી દ્રષ્ટીએ લાયક નથી એવું સિવીલ સર્જનનું પ્રમાણપત્ર રજુ કરે અથવા એમબીબીએસની પદવી ધરાવનાર ડોક્ટરનું પ્રમાણપત્ર રજુ કરે અથવા<br><br>બી. જો કોલેજથી અથવા એનસીસી પરેડના નજીકમાં નજીક સ્થળથી તેમનુ નિવાસસ્થાન ૮ કી.મી. કરતા વધારે દૂર આવેલું હોય તો તેની કોલેજના આચાર્ય તેમને એનસીસી તાલીમ અથવા શારીરિક શિક્ષણ તાલીમમાંથી મુકિત આપશે. |

| **સી પરીણામો, માફી અને પ્રમાણપત્રો** | |
|---|---|
| અ ૧૪૬ | પરીક્ષા સમાપન બાદ સીન્ડીકેટ શકય હોય તેટલું વહેલું પરીક્ષામાં પાસ થવા માટે નિયત થયેલા સંબંધિત નિયમોમાં સૂચવાયેલી પધ્ધતિ પ્રમાણે સફળ ઉમેદવારોની યાદી પ્રગટ કરશે બીજી રીતે જણાવાયુ હોય તે સિવાયના નામો દરેક કેન્દ્ર હેઠળ વિદ્યાર્થીએ લીધેલા વિષયો પ્રમાણે કક્કાવારીના ક્રમમાં ગોઠવવામાં આવશે. |

| | | | | |
|---|---|---|---|---|
| અ ૧૪૭ | જ્યારે પરીક્ષા મહાનિબંધ દ્વારા લેવામાં આવતી હોય ત્યારે સફળ ઉમેદવારોની યાદી માત્ર કક્કાવારી પ્રમાણે પ્રગટ કરાશે | | | |
| અ ૧૪૮ | કોઇ ઉમેદવારના ગુણનો સરવાળો પ્રથમ અથવા બીજા અથવા વિશેષ યોગ્યતા માટે આવશ્યક સરવાળામાંથી ૧ અથવા ૨ અથવા ૩ ગુણ જેટલો ઓછો હોય તો તેને જેટલા ગુણથી સરવાળો ઓછો હોય એટલા જરૂરી ગુણ આપવામાં આવશે અને તે પ્રથમ અથવા બીજા વર્ગમાં અથવા વિશેષ યોગ્યતા સાથે જે લાગુ પડતુ હોય તે પાસ કર્યાનું જાહેર કરવામાં આવશે,<br>આમ છતાં વધુમાં ઉમેદવારના કેસમાં કે જેમણે રાષ્ટ્રીય પુખ્ત શિક્ષણ તાલીમમાં શૈક્ષણિક વર્ષ દરમ્યાન કે જેમાં તે યુનિવર્સિટીની પરીક્ષામાં હાજર થયા હોય અને તેનું પ્રમાણપત્ર રજુ કરે, તો વધારાના ગુણ મહત્તમ ૩ ને આધીન આપવામાં આવશે જો તેમના ગુણનો સરવાળો જરૂરી ગુણના સરવાળા કરતા બીજો વર્ગ મેળવવા માટે ઓછો હોય. આવા વધારાના ગુણ પ્રથમ વર્ગ, વિશેષ યોગ્યતા માટે આપવામાં આવશે નહીં<br>આમ છતાં, જોકે જ્યારે યુનિવર્સિટી પરીક્ષામાં ઉમેદવારને ચોક્કસ ટકાવારી ગુણ મેળવવા જરૂરી હોય અલગથી બહારના મૂલ્યાંકન માટે અને બધા વિષયનો કુલ સરવાળો અથવા બહારના અને અને આંતરીક મૂલ્યાંકન કે જે અળાગથી કરવામાં આવે જરુરી ૧, ૨ અને ૩ ગુણ કે જેનાથી તેનો સરવાળો ઓછો થતો હોય તેને દરેક આવા સરવાળામાં હમેશા તે જોગવાઇને આધીન ઉમેરવામાં આવશે કે કુલ ગુણ સંખ્યા કે જે બન્ને સરવાળામાં ઉમેરવામાં આવે તે ૩ કરતા વધારે હોવી જોઇશે નહીં. આવા ઉમેદવારને પણ પ્રથમ, બીજા અથવા વિશેષ યોગ્યતા સાથે પાસ થયેલા જાહેર કરવાના રહેશે જે લાગુ પડતુ હોય તે. | | | |
| અ ૧૪૯<br>૧ | પ્રવેશ પરીક્ષા સિવાયની યુનિવર્સિટી પરીક્ષામાં જ્યારે ઇજનેરી વિદ્યાશાખામાં લેવાતી વિભાગીય પરીક્ષાઓ સહીત ઉમેદવાર કોઇ એક સદરમાં, પેટા સદર અથવા સંયુક્ત સદરમાં નાપાસ થાય અથવા કુલ સરવાળામાં ફક્ત, તે તે સદરમાં એની નિષ્ફળતા નીચે જણાંવ્યા પ્રમાણે માફ કરવામાં આવશે. | | | |
| | જ્યાં પાસ થવા માટેનું સદર નીચે પ્રમાણેના માર્કનું બનેલું હોય | મહત્તમ માર્કસ માફી માટે એનસીસી કેડેટ સિવાયના ઉમેદવારોના કિસ્સામાં અથવા ઉમેદવાર કે જેમણે ભાગ લીધોહોય | મહત્તમ માર્કસ માફી માટે જો ઉમેદવાર એનસીસી કેડેટ હોય અથવા તેમને વિશિષ્ટ એવોર્ડ અથવા રોકડ ઇનામ મળેલ હોય | મહત્તમ માર્કસ જો તેણે રાષ્ટ્રીય પુખ્ત તાલીમમાં ભાગ શૈક્ષણિક વર્ષ દરમ્યાન લીધેલ હોય |
| | નેશનલ એડલ્ટ શિક્ષણ તાલીમ | બેસ્ટ ઇનામ માતે | કે જેમાં તે ઉત્તમ એનએસએસ કેડેટ | પરીક્ષા અને તેનું પ્રમાણપત્ર રજુ કરે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તરીકે અથવા વિશિષ્ટ ગુણ પ્રમાણપત્ર યુનીવર્સીટી સ્તરે મેળવેલ હોય શૈક્ષણિક વર્ષ દરમ્યાન કે જેમાં તેમણે પરીક્ષા આપેલ હોય. | |

| | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| | ૧.૧૦૦ કરતા ઓછા<br>૨.૧૦૦માર્કસ<br>૩.૧૦૦માર્કસ કરતા વધારે પરંતુ ૨૦૦ માર્કસ કરતા વધુ નહી.<br>૪.૨૦૦માર્કસ કરતા વધુ | ૨<br>૩<br>૪<br><br>૨ ટકા મહત્તમ ૧૦ માર્કસને આધીન | ૪.૪<br>૫<br>૬<br><br>૩ ટકા મહત્તમ ૧૨ માર્કસને આધીન | ૫<br>૬<br>૭<br><br>૩ ટકા મહત્તમ ૧૩ માર્કસને આધીન |
| નોંધ ઃ | એ. આ લાભ જે નિયમિત હાજરી આપનાર ન હોય તે વિદ્યાર્થીઓને પ્રાપ્ય કરવામાં આવશે નહીં તેઓ સંબંધિત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ કરતી વખતે એનસીસી કેડેટ તરીકે નોંધાયા હોય તો પણ.<br>બી. તેવા ઉમેદવાર કે જે એનસીસી કેડેટમાં નોંધાયેલા હોય અને તેમણે નેશનલ એડલ્ટ એજ્યુકેશન પ્રોગ્રામમાં ભાગ લીધેલ હોય તેઓને ઉપર કોલમ ૪ માં જણાંવ્યા મુજબ મહત્તમ માફીને પાત્ર રહેશે. | | | |
| ૨ | આ અધ્યાદેશ હેઠળ જે વિદ્યાર્થીની નિષ્ફળતા માફ કરવામાં આવી હોય તેબીજા સફળ વિદ્યાર્થીઓની માફક વર્ગ મેળવવાને માટે લાયક ગણાશે નહીં.આમ છતાં વિદ્યાર્થીને અપાયેલ માફી માર્કને વર્ગ મેળવવાની યેગ્યતાના હેતુ માટે ગણવામાં આવશે નહીં આમ છતાં કોઇપણ પરીક્ષામાં જુદાજુદા વિયયોમાં પાસ થવાનું ધોરણ ૫૦ટકા અથવા તેથી વધારે હોય તો ઉપર નિર્દેશલી માફી સુધીના ગુણ પાસ થવા માટેના બે કરતા વધારે નહીં હોય તો તેટલા સદર માટે આપવામાં આવશે દરેક સદર તે વિષય અથવા વિષયોમાં પાસ થવાના અથવા મુકિત મેળવવાના હેતુ માતે જુદા વિશય હેઠળનું હોવું જોઇએ અને આમ છતાં ઇજનેરી વિદ્યાશાખામાં જેમાં એન્જીનીયરીંગ સામેલ છે એવી પરીક્ષાઓમાં જો ઉમેદવાર બે સદરો કરતા વધારે સદરોમાં નાપાસ ન થતો હોય તો એને ઉપર કરેલી જોગવાઇ અનુસાર માફી આપવામાં આવશે. | | | |
| અ ૧૫૦ | જ્યારે ઉમેદવાર પ્રવેશ પરીક્ષા સિવાયની યુનિવર્સિટી પરીક્ષામાં જેમાં સત્ર પરીક્ષા સત્ર સીસ્ટમ હેઠળ સામેલ છે પાસ થવા માટેના એકજ સદરમાં નાપાસ થતો હોય તો પણ પાસ થવા માટેના તે સદરમાં એની નિષ્ફળતા નીચેના ધોરણે માફ કરવામાં આવશે.<br>૧। ઉમેદવારે પાસ થવા માટે આવશ્યક લઘુત્તમ કુલ સરવાળા કરતા મેળવેલા વધારાના પ્રત્યેક એક ટકા માટે એક ગુણ વધારેમાં વધારે ૧૦ ગુણની ઇયત્તાને આધીન રહી ઉમેદવારે નાપાસ થતો હોય તે સદરમાં કૃપાગુણ તરીકે ઉમેરવામાં આવશે | | | |

| | |
|---|---|
| | આમ છતાં , <br>૧. ઉપર કરેલી જોગવાઇ હેઠળ પ્રાપ્ય કૃપાગુણો ઉપરાંતના વધારાના બે ગુણ સુધી ઉમેદવારને આપી શકાશે જો તે એનસીસી કેડેટમાં નોંધાયેલ હોય અથવા તેના દ્વારા આંતરયુનિવર્સિટી રમતગમતમાં ભાગ લેવામાં આવેલ હોય અથવા રાજ્યને નેશનલ લેવલ સ્પોર્ટસમાં પ્રતિનિધિત્વ કરેલ હોય. <br>૨. વધારાના ૩ માર્ક સુધી કૃપાગુણ ઉમેદવારને આપી શકાશે <br>૩. ઉપરોક્ત તમામ તે ઉમેદવાર માટે ઉપલબ્ધ છે જો તેમણે સક્રીય ભાગ નેશનલ એડલ્ટ એજ્યુકેશન પ્રોગ્રામમાં અભ્યાસક્રમ કરતી વખતે તે પરીક્ષા માટે અને તે બાબતનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ હોય. <br>નોંધ : ઉપર ૧ અને ૨ મુજબ વધારાના કૃપા ગુણનો લાભ નિયમિત હાજરી પુરાવી ન બેઠેલા હોય એવા વિદ્યાર્થીઓને આપવામાં આવશે નહીં જો તેઓ આ પરીક્ષા માટેનો અભ્યાસ કરતી વખતે એનસીસી કેડેટ તરીકે નોંધાયા ન હોય તો પણ અથવા તેમના દ્વારા આંતરયુનિવર્સિટી રમતગમતમા ભાગ લેવામાં આવેલ હોય અથવા રાજ્યને નેશનલ લેવલ સ્પેર્ટસમાં પ્રતિનિધીત્વ કરેલ હોય. <br>૧। ઉમેદવાર કે જેને એનસીસી કેડેટમાં નોંધાયેલ હોય અથવા તેના દ્વારા આંતરયુનિવર્સિટી રમતગમતમાં ભાગ લેવામાં આવેલ હોય અથવા રાજ્યને નેશનલ લેવલ સ્પોર્ટસમાં પ્રતિનિધીત્વ કરેલ હોય અને નેશનલ એડલ્ટ એજ્યુકેશન પ્રોગ્રામમાં ભાગ લીધેલ હોય તેઓ વધારાની માફી ઉપર ૨ મુજબ મેળવવા હક્દાર રહેશે. <br>૨। વધારાના ગુણનો આ રીતે લાભ મેળવનાર ઉમેદવાર ઇનામો અથવા યુનિવર્સિટી શિષ્યવૃત્તી મેળવવાને હક્દાર રહેશે નહી. <br>૩। આ રીતે ઉમેરાએલા વધારાના ગુણ કુલ સરવાળા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં <br>૪। આ અદયાદેશ હેઠળ પાસ થતો વિદ્યાર્થી જો વધારાના ગુણ મેળવે તે પહેલાનો એનો સરવાળો એને વર્ગ મેળવવા માટે હક્દાર બનાવતો ન હોય તો વર્ગ માટે એ યોગ્ય ગણાશે. <br>૫। આ અધ્યાદેશના હેતુ માટે ૧/૨ ટકા અથવા તેનાથી વધારાનો અપૂર્ણાંક એક તરીકે ગણી લેવામાં આવશે. |
| અ.૧૫૧ | યુનિવર્સિટીની કોઇ પરીક્ષામાં ઇજનેરી અને ટેકનોલોજી વિદ્યાશાખામાં જેમાં સેમીસ્ટર પરીક્ષા સામેલ છે કોઇ ઉમેદવાર એક સદરમાં પાસ થવા માટે આવશ્યક લઘુત્તમ ગુણના ૫૦ટકા થી ઓછા નહીં હોય એટલા ગુણ મેળવી નાપાસ થાય અને છતાં તે ઉમેદવારે બધા પ્રશ્નપત્રોની સાથે ગણતરી કરતા |

| | |
|---|---|
| | મેળવેલા કુલગુણ પાસ થવા માટે આવશ્યક લઘુત્તમ કુલ ગુણથી બધા પ્રશ્નપત્રોના પ્રાપ્ય ગુણના ૧૦ટકા જેટલા વધતા હોય તો તેમની નિષ્ફળતા તે સદરમાં પાસ થવા માટે નીચેના આધારે માફ કરવાની રહેશે. <br> દરેક ૧ ટકા માર્ક માટે કુલ સરવાળામાં કે જે ઉમેદવાર દ્વારા મેળવવામાં આવેલ હોય કે જે મહત્તમ પાસ થવા માટે જરૂરી હોય તે કરતા વધારે હોય, એક માર્ક મહત્તમ ૧૫ માર્કને આધીન વધારે તરીકે એક સદરમાં પાસ થવા માટે ઉમેરવામાં આવશે કે જેમા ઉમેદવાર નાપાસ થયેલ હોય. <br> એ. અધ્યાદેશ ૧૪૯, ૧૫૦ અને ૧૫૧ ના હેતુ માટે જ્યારે ઉમેદવાર એક જ વિષયમાં નાપાસ થાય કે જેના બે સદર પાસ થવા માટે હોય જેમાનો એક અન્યમાં સામેલ હોય, તો માફી દરેક બે સદર માટે ઉપલબ્ધ રહેશે અને માર્કસ કે જે માફી માટે ઉપલબ્ધ રહેશે તેની ગણતરી મોટા સદરના કુલ ગુણોના આધારે અથવા ઉમેદવાર દ્વારા મેળવવામાં આવેલ કુલ સરવાળાના આધારે કરવાની રહેશ જે લાગુ પડતુ હોય તે. <br> જ્યારે અધિનિયમ, પરીક્ષામાં પાસ થવાના ધોરણ નિયત કરતા હોય, ઉમેદવારે પરીક્ષામાં પાસ થવા માટે લઘુત્તમ ગુણો થીઅરી અને પ્રેક્ટીકલમાં વિશિષ્ટ રીતે મેળવવાના રહેશે અને આવી દરેક એક વિષયમાંની થીઅરી અને પ્રેક્ટીકલ પરીક્ષા વિશિષ્ટ વિષય તરીકે આ અધ્યાદેશના હેતુ માટે ગણવામાં આવશે. |
| અ.૧૫૨ | જ્યારે ઉમેદવાર એક વિષયમાં નાપાસ થતો હોય અને માત્ર બીજા એક વિષયમાં ૩ ગુણથી વધારે નહીં હોય એટલા ગુણની ઉણપને કારણે મુક્તિ મેળવવામાં નિષ્ફળ જાય તો એના ગુણ ૧ અથવા ૨ અથવા ૩ જે લાગુ પડતુ હોય તે રીતે વધારવામાં આવશે જેથી એ વિષયમાં એને મુક્તિ મળતા સંબંધિત અધ્યાદેશો હેઠળ છૂટ હોય ત્યાં ઉપલી પરીક્ષા માટે સત્રો રાખવાનો લાભ એને મળી શકે. |
| અ .૧૫૩ | તદર્થ નિયત થયેલા નિયમો હેઠળ સંબંધિત પરીક્ષાના કોઇ સદરમાં ગુણની ઉણપ હોય તેવો કોઇ પણ વિદ્યાર્થી યુનિવર્સિટીની કોઇ પરીક્ષામાં સફળ થનાર ઉમેદવારોને અપાતી શિષ્યવૃત્તિઓ, ચંદ્રકો અથવા ઇનામો માટે લાયક ગણાશે નહી. |
| અ.૧૫૪ | પરીક્ષા પાસ કરવામાં મળેલી નિષ્ફળતા ઉમેદવારોને નવી અરજી મોકલે તો અને નવી ફી આપે તો ત્યારપછી ના પ્રસંગે ઉપસ્થિત થવા માટે ગેરલાયક ઠેરવશે નહી. |
| અ .૧૫૫ | પરીક્ષા પાસ કરનાર તમામને એક પ્રમાણપત્ર આપવામાં આવશે. |

| | |
|---|---|
| અ.૧૫૬ | કોઇપણ કિસ્સામાં જ્યાં એમ જણાંય કે કોઇ પરીક્ષાનું પરીણામ ભૂલ, ગેરવર્તણૂંક, કપટ અયોગ્ય વહીવટ અથવા કોઇપણ પ્રકારની અન્ય બાબતથી અસરગ્રસ્ત હોય તો સિન્ડીકેટને આ પરીણામ સાચી પરિસ્થિતીને અનુરૂપ હોય એવી રીતે સુધારવાનો અને તે માટે સીન્ડીકેટને તેની વિવેકબુધ્ધિ જુરૂરી લાગે તે પ્રમાણે જાહેરાત કરવાનો અધિકાર રહેશે. આમ છતાં યુનિવર્સિટીએ અધ્યાદેશ ૧૪૨ અને ૧૫૭ ને આધીન કોઇપણ પરિણામ પ્રગટ થયાની તારીખ પછી ૬ માસનો સમય વિતી ગયા બાદ રદ કે તેમા સુધાર થઇ શકશે નહી ઉપર જણાવેલ હકીકત હોવા છતાં યુનિવર્સિટીની કોઇપણ પરીક્ષામાં બેઠેલા કોઇપણ ઉમેદવારનું પરીણામ એની હકીકત બાબત અધ્યાદેશ ૧૪૨ અને ૧૫૭ હેઠળ પડતી હોય તે સિવાય તેના પરિણામની જાહેરાત થયા પછીના બે માસ પછી તેને નુકશાન કરે એ રીતે સુધારી શકાશે નહીં |
| અ ૧૫૭ | કોઇપણ કિસ્સામાં જ્યાં કોઇ પરીક્ષાનું પરિણામ નક્કી થયું હોય અને તે પ્રગટ થયા પછી માલૂમ પડે કે આ પરિણામ ગેરવર્તણૂંક, કપટ અથવા બીજા કોઇ અયોગ્ય વહીવટની તેના ઉપર અસર થઇ છે જેને કારણે વિદ્યાર્થીને લાભ થયો છે અને સીન્ડીકેટના અભિપ્રાય પ્રમાણે આ પરીક્ષાર્થી આ ગેરવર્તણૂંક, કપટ અથવા બીજા કોઇ અયોગ્ય વહીવટમાં પક્ષકાર બન્યો છે અથવા તેની સાથે સંકળાયેલ છે તો સિન્ડીકેટ કોઇપણ સમયે તેમને પ્રમાણપત્ર ગયું હોય અથવા ઇનામ કે શિષ્યવૃતી અપાઇ ગઇ હોય છતા આવા પરીક્ષાર્થીનું પરિણામ સુધારવાની અથવા રદ કરવાની અથવા આવી ગેરવર્તણૂંક માટે સજા કરવાની તેમને કોઇપણ યુનિવર્સિટી કે કોલેજની યુનિવર્સિટી અભ્યાસક્રમની પરીક્ષામાંથી દૂર કરવાની અથવા પદવીદાન સમારંભમાંથી ડીગ્રી આપવાના હેતુ માટે યા તો કાયમ માટે અથવા વિશિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીની સ્કોલરશીપમાંથી વંચિત રાખવાની કે જે તેમને ઠરાવવામાં આવેલ હોય અથવા કોઇ યુનિવર્સિટીનો એવોર્ડ, ઇનામ અથવા ચંદ્રક રદ કરાવવાની અથવા ઉપરોક્ત બે અથવા વધારે રીતે અને એવી જાહેરાત કે જે સિન્ડીકેટ ને તે બાબતમાં જે ધ્યાનમાં લેવાનું જુરુરી લાગે તે કરશે. |
| અ ૧૫૮ | કોઇપણ પરીક્ષામાં પાસ થવા માટેના દરેક સદરમાં ઉમેદવારે મેળવેલા ગુણનું પત્રક મેળવવાની ફી રુ.૨૧/- રહેશે. સંલગ્ન કોલેજના આચાર્ય અથવા માન્ય સંસ્થાના વડા અથવા યુનિવર્સિટી વિભાગના વડા કોઇપણ યુનિવર્સિટી પરીક્ષા માટે મોકલાયેલી વિદ્યાર્થી દીઠ પરીક્ષાની ફીની સાથે ગુણપત્રકની પહેલી નકલ મેળવવા માટે રુ.૨/- ની ફી એકઠી કરશે અને કુલસચિવશ્રીને ઉમેદવારની યાદી સાથે મોકલશે. કુલસચિવશ્રી વિદ્યાર્થી જે પરીક્ષામાં બેઠો હોય તે દરેક વિદ્યાર્થી |

| | |
|---|---|
| | દ્વારા મેળવેલા ગુણપત્રકની પહેલી નકલ તૈયાર કરાવવાની વ્યવસ્થા કરશે. અને પરિણામની જાહેરાતના દસ દિવસની અંદર સંબંધિત સંસ્થાના વડાને મોકલી આપશે. ગુણપત્રક માટેની ફી પરીક્ષા માટેનો પ્રવેશ રદ થયો હોય તે સિવાય કોઇપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી.<br>ઉમેદવારોને ગુણપત્રકની બીજી અને પછીની નકલો રુ. ૨/- ની ફી આપીને મેળવવાવો હક રહેશે. ગુણપત્રકની આવી વધારાની નકલો સંબંધિત પરીક્ષાના પરીણામની જાહેરાતની તારીખ ના દસ દિવસના સમયની મુદત પૂર્ણ થાય તે પહેલા આપવામાં આવશે નહીં<br>વ્યક્તિગત પ્રશ્નપત્રમાં ઉમેદવારે મેળવેલા ગુણ પરીક્ષા દીઠ રુ.૫૧/-ની ફી ચુકવવામાં આવતા, અરજી અને તે માટેની ફી મળે તેના એક અઠવાડિયામાં ઉમેદવારને સીધા મોકલી આપવામાં આવશે .પ્રશ્નપત્રદીઠ મેળવેલા ગુણ પરિણામોની જાહેરાતની તારીખના છ મહીનાના સમયગાળા દરમિયાન જ આપવામાં આવશે.<br>પાસ થવા માટેના જુદાજુદા સદરોમાં ઉમેદવારોએ મેળવેલા ગુણોની હકીકત જે સંસ્થામાંથી ઉમેદવારો બેઠા હોય તે સંસ્થાઓના વડાઓને ઉમેદવારો પાસે છે કે નહીં તેથી નિરપેક્ષ રીતે કોઇપણ ફી લીધા વિના મોકલી આપવામાં આવશે. આ માહીતી સંસ્થાઓના વડાઓને તેમની જાણ માટે અને શિષ્યવૃતીઓ, ઇનામો અથવા ધર્માદા સંસ્થાઓમાંથી મદદ પ્રાપ્ત કરવા માટે સંસ્થાઓ કે વ્યક્તિઓને જાણ કરવાના હેતુથી મોકલવામાં આવશે આ માહીતીના આધારે ગુણોની પ્રમાણિત નકલ આપી શકાશે નહી. |
| અ ૧૫૯ | ૧। સંલગ્ન કોલેજમાં આંતરીક મૂલ્યાંકન માટેના જુદાજુદા વિષયોમાં ઉમેદવારે મેળવેલા ગુણોનું પત્રક યોગ્ય રીતે પ્રમાણીત કરી આચાર્ય જ્યારે ઉમેદવાર બીજી કોલેજમાં બીજા સત્રમાં અથવા પછીના સત્રમાં દાખલ થાય ત્યારે તે કોલેજને તબદીલીના પ્રમાણપત્ર સાથે મોકલી આપશે.<br>૨। જો કોઇ ઉમેદવાર કોઇ યુનિવર્સિટી પરીક્ષામાં નિયમિત હાજરી પુરાવ્યા વગર બેસે તો તેમણે છેલ્લી પુરોગામી પરીક્ષામાં જુદાજુદા વિષયોમાં આંતરીક મૂલ્યાંકનમાં મેળવેલા ગુણો બીજી પરીક્ષા વખતે સંબધિત વિષયોમાં દર્શાવવામાં આવશે.<br>૩। જો કોઇ ઉમેદવાર કોઇ પરીક્ષામાં નાપાસ થઇને કોલેજમાં દાખલ થાય તો તે નિયમિત હાજરી પુરાવ્યા સિવાયના વિદ્યાર્થી તરીકેનું એનું સ્થાન ગુમાવશે અને એને નવા વિદ્યાર્થી તરીકે ગણવામાં આવશે. આવા ઉમેદવારે કોઇપણ આંતરીક મૂલ્યાંકનમાં મેળવેલા બધા વિષયોના ગુણ રદ થયેલા ગણવામાં આવસે. આમ છતાં જે વિષય કે વિષયોમાં એ માટેના સંબંધિત નિયમો હેઠળ એને મુક્તિ આપવામાં આવી હોય તે |

| | |
|---|---|
| | વિષયોમાં એના ગુણ ઉપર ૨ ની જોગવાઇ પ્રમાણે આગળ ખેંચવામાં આવશે. |
| અ ૧૬૦ | કોઇપણ યુનિવર્સિટી પરીક્ષાના કોઇ સદર અથવા સદરોમાંના ઉમેદવારના ઉત્તરો તપાસાયા છે કે નહીં તે અને ગુણ આપાયા છે કે નહીં તે અંગેની હકીકત ઉમેદવારને ઉપર્યુક્ત પરીક્ષાના પરિણામની જાહેરાતના છ અઠવાડીયાના સમયગાળાની અંદર અને સંસ્થાના વડા મારફત દરેક સદર દીઠ રુ ૧૦ ની ફી સહિતની અરજી કરતા મોકલવામાં આવશે. આ ફી કોઇ ચોકકસ સદરમાના ઉમેદવારના ઉત્તરો તપાસાયા છે કે નહીં તેની ચકાસણી માટે જ છે અને ઉત્તરોના પુર્નમૂલ્યાંકન માટે નથી. પ્રશ્નપત્રના વ્યકિતગત પ્રશ્નોમાં અથવા તેના વિભાગોમાં ઉમેદવારે મેળવેલા ગુણ કોઇપણ સંજોગોમાં જણાવી શકાશે નહીં એ નિયમ ગુણની ચકાસણી માટેની અરજીની બાબતમાં પણ લાગુ પડશે<br><br>આ કલોઝ હેઠળ કરવામાં આવેલી ચકાસણીના પરિણામે જો એવું માલૂમ પડે કે પરીક્ષણમાં કાંઇ તપાસવાનું બાકી રહી ગયું છે અથવા કોઇ ઉત્તર અથવા ઉત્તરોના ગુણ મૂકવાના રહી ગયા છે અથવા ગુણના સરવાળામાં ભૂલ થઇ છે તો ચકાસણી માટેની ફી અરજદારને પરત કરવામાં આવશે. |
| અ ૧૬૧ | આ યુનિવર્સિટીએ લીધેલી પરીક્ષામાં ઉમેદવાર પાસ થયો છે એ જાતની સાબિતી આપતા પ્રમાણપત્રની નકલ રુ. ૫/- આપતા ઉમેદવારને આપવામાં આવશે. |
| અ ૧૬૨ | કોઇપણ અધ્યાદેશમાં જોગવાઇ નહીં હોય એવા પ્રમાણપત્રની ફી રુા. ૫/- રહેશે અને કોઇપણ દસ્તાવેજ ઉપર શેરો મારવા માટે દસ્તાવેજ દીઠ રુા. ૧/- ની ફી લેવામાં આવશે. |
| **ડી મુકિત** | |
| અ ૧૬૩ | અહીં બીજી રીતે કરેલી જોગવાઇ સિવાયના સંજોગોમાં કોઇ ઉમેદવાર એક વિષય અથવા વિષયોમાં યુનિવર્સિટી પરીક્ષા પાસ કરે જેમાં બીજી પરીક્ષા માટે એક જ સરખા પ્રશ્નપત્રો (પ્રાયોગીક કસોટીઓ) નિયત કરવામાં આવ્યા હોય તો તેની ઇચ્છાથી બીજી પરીક્ષામાં આવા વિષય કે વિષયો માંથી મુકિત મેળવવાને હકદાર રહેશે જો મૂળ પરીક્ષામાં તેમના દ્વારા પ્રાપ્ત કરેલા ધોરણ બીજી પરીક્ષા માટેના આવશ્યક ધોરણ કરતા નીચું ન હોય તો આવી રીતે મુકિત મેળવનાર ઉમેદવાર વર્ગો માટે અથવા યુનિવર્સિટી ના પ્રદાનો માટે પાત્ર ગણાશે નહી. ઉમેદવાર કે જેમના દ્વારા માફીનો લાભ મેળવ્યા બાદ પરીક્ષા પાસ કરવામાં આવેલ હોય તેમને વ્યકિતગત વિષયોમાં લઘુત્તમ ટકાએ ગુણો મેળવેલા છે જે |

| | |
|---|---|
| | આવા વિષયમાં પાસ થવા માટે જરુરી છે.<br><br>ઉપર જણાવ્યા મુજબ મુક્તિનો લાભ એ ઉમેદવાર માટે પણ ઉપલબ્ધ રહેશે કે જેઓ પરીક્ષામાં નિષ્ફળ ગયેલ હોય પરંતુ વિષયોમાં પાસ થયેલ હોય કે જેના આધારે મુક્તિ માટે દાવો સરખા પેપરોમાં બીજી પરીક્ષામાં કરવામાં આવેલ હોય. |
| અ ૧૬૪ | જ્યારે કોઇ પરીક્ષામાં એક અથવા વધારે વિષયોમાં મુક્તિ મેળવનાર વિદ્યાર્થી તે પરીક્ષામાં ફરીવાર બેસે ત્યારે તે આ મુક્તિનો લાભ મેળવવા ઇચ્છે છે તે અંગેનો નિર્ણય એકવાર હંમેશા માટે કરી લેવાનો રહેશે જો તે આખી પરીક્ષામાં બેસવા માટે પસંદગી કરે તો જુની પરીક્ષાના લાભો મેળવવાને એ હક્કદાર રહેશે નહીં. પરંતુ આખી પરીક્ષામાં બેસતા તેને એક અથવા વધારે વિષયોમાં ફરી મુક્તિ મળે અને આમ મળેલી તાજી મુક્તિ ઉપરની જોગવાઇને ફરીથી આધીન રહેશે. જો એ મુક્તિનો લાભ લેવાનું પસંદ કરે તો એને બાકીના વિષયોમાં એક સાથે બેસવું પડશે. બાકી રહેલા એક અથવા વધારે વિષયો જેમાં એ બેસે તેમાં એને વધારાની બીજી મુક્તિ મેળવવાનો અવકાશ રહેશે. |
| અ ૧૬૫ | ૧। સંબંધિત પરીક્ષામાં સંબંધિત નિયમો હેઠળ ઉમેદવારને ઉપલી પરીક્ષા માટે સત્રો રાખવાની જ્યારે છૂટ આપવામાં આવી હોય ત્યારે એને ઉપલી પરીક્ષા માટે ઉમેદવાર તરીકે નોંધવાની મંજુરી આપવામાં આવશે નહી (૧) જ્યાં સુધી એ આગળ પાસ કરેલી નીચલી પરીક્ષાના બાકીના રહેલા એક વિષયમાં અથવા બાકી રહેલા વિષયોમાંના પ્રત્યેકમાં પાસ થાય અથવા(૨) ઉપલી પરીક્ષાના બાકી રહેલા વિષય અથવા વિષયો જે લાગુ પડતુ હોય તે માટે પણ એ પોતાને નોંધાવે. જો આવા ઉમેદવાર તેમની નોંધણી ઉપલી પરીક્ષા માટે તેજ પરીક્ષાની સત્રિનમાં કરાવવામાં નિષ્ફળ જાય ત્યારે તેમનું નીચલી પરીક્ષાના પ્રવેશ માટેનું અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે એ હકીકત હોવા છતાં પણ કે છેલ્લી તારીખ નીચલી પરીક્ષાના અરજી ફોર્મ સ્વીકારવાની જે નિયત કરવામાં આવેલ હોય તે પુર્ણ થઇ ગયેલ હોય.<br>૨। પાછળ જણાવેલી બાબતમાં ઉમેદવાર કોઇપણ સંજોગોમાં ઉપલી પરીક્ષામાં પાસ થયેલો જાહેર થશે નહીં અથવા બીજી ઉપલી પરીક્ષા જેને માટે સંબંધિત નિયમો હેઠળ સત્રો ભરવાની છૂટ આપવાની જોગવાઇ હોય તે પરીક્ષા માટે સત્રો ભરવાને પાત્ર જાહેર થશે નહીં જ્યાં સુધી એ નીચલી પરીક્ષાના ઉપર જણાવેલા બાકીના વિષય, વિષયો જે લાગુ પડતુ હોય તે પાસ કરે. અને નીચલી પરીક્ષાનું એનુ પરિણામના બાકી રહેલા વિષયો પાસ નહીં કરવાની પરિસ્થિતિમાં ઉપલી પરીક્ષાનું એવું પરીણામ મોકૂફ |

| | |
|---|---|
| | રાખવામાં આવશે. નીચલી પરીક્ષાના બાકી રહેલા વિષય અથવા વિષયો જે લાગુ પડતુ હોય તે પાસ કરવા માટે બાકી રહેલા વિષય કે વિષયોમાં ઉમેદવારને દરેક સદરમાં પાસ થવા માટે તેમજ આવા સદરોમાં સરવાળામાં ,જો આ સરવાળા પાસ થવા માટેનું સદર હોય તો પાસ થવા માટે નિયત કરવામાં આવેલા લઘુત્તમ ગુણ મેળવવાના રહેશે.<br>૩। જો ઉમેદવાર ઉપલી પરીક્ષાના એના મોકૂફ રાખવામાં આવેલા પરિણામની તારીખથી બે વર્ષના સમયગાળા દરમિયાન નીચલી પરીક્ષાના બાકી રહેલા વિષય કે વિષયો પાસ કરવામાં નિષ્ફળ જાય તો ઉપલી પરીક્ષામાં એને મળેલા ગુણ માંથી ઉપસ્થિત થતો લાભ રદ કરવામાં આવસે. આમ છતાં ઉપલી પરીક્ષા માટે રાખેલા સત્રોએ પરીક્ષામાં ફરી વાર બેસવા માટે એને પ્રાપ્ય કરવામાં આવશે.<br>૪। અહીં ઉપર જે કાંઇ કહેવાયુ હોવા છતાં ઉપર (૨) હેઠળ જે ઉમેદવારનું પરિણામ મોકૂફ રાખવાનું જાહેર કરાયું હોય તેવા ઉમેદવારની બાબતમાં જો તે કોઇપણ વિદ્યાશાખાની ડીગ્રી પરીક્ષાની તરતની પૂર્વ પરીક્ષાના બાકી રહેલા વિષય કે વિષયો જે લાગુ પડતુ હોય તે પાસ કરવા માટે સંબંધિત વિદ્યાશાખાની ડીગ્રી પરીક્ષાનું પરીણામ મોકુફ રખાયુ હોય તો તેની તારીખથી કોઇ સમયમર્યાદા અમલી બનાવવામાં આવશે નહીં . આવા કિસ્સામાં વિષય કે વિષયો ઉમેદવાર પાસ કરતા ડિગ્રી પરીક્ષાનું એવું પરીણામ જાહેર કરવામાં આવશે.<br><br>નોંધ ઃ કોઇપણ વિદ્યાશાખામાં ડીગ્રી પરીક્ષાની તરતની પૂર્વ પરીક્ષા એટલે તે વિદ્યાશાખામાં ડીગ્રી પરીક્ષાની પુરોગામી પરીક્ષા. ટેકનોલોજી વિધાશાખામાં ઇજનેરી સામેલ તેનો અર્થ ચોથા વર્યની બન્ને સેશન્સની પરીક્ષા. |
| **૯ નિયમિત હાજરી પૂરાવ્યા સિવાયના વિદ્યાર્થીઓ** | |
| અ ૧૯૬ | ૧। જુરી લઘુત્તમ હાજરી સહિત કોઇ વિદ્યાર્થી કોલેજમાં નિયત કરેલા અભ્યાસક્રમની બધી આવશ્યકતાઓ પૂરી કરે અને પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર છે એમ તે કોલેજના આચાર્યને પ્રમાણિત કરે તો તે વિદ્યાર્થી તે પરીક્ષા માટે નિયમિત હાજરી પુરાવ્યા સિવાયના વિદ્યાર્થી તરીકે આળખાશે જો તે એ રીતે પ્રમાણિત થયા પછી,<br>(૧) તે પરીક્ષામાં બેસે નહીં અથવા બેઠો હોય અને પરીક્ષામાં નાપાસ થાય અને<br>(૨) તે જ અભ્યાસક્રમ માટે કોલેજમાં દાખલ થયો હોય નહીં<br><br>૨। નિયમિત હાજરી પૂરાવ્યા સિવાયના વિદ્યાર્થીઓ ઉપરના કલોઝ ૧ હેઠળ જે |

<table>
<tr><td></td><td>કોલેજના આચાર્યે તેમને પ્રમાણિત કર્યા હોય તે કોલેજની મારફતે પછીના પ્રસંગે તે પરીક્ષા માટે પ્રવેશ મેળવવાની અરજી નવા સત્રો ભરવાની આવશ્યકતા વિના મોકલવાને હકદાર રહેશે ,જો તે બીજી કોલેજમાં જોડાયેલ નહીં હોય તો (તેજ અથવા અન્ય અભ્યાસક્રમ માટે )<br>એવા કિસ્સામાં જ્યાં ઉપલા ખંડ હેઠળ કોલેજ જેના આચાર્યે આ વિદ્યાર્થીને પ્રમાણિત કર્યો હોય તે યુનિવર્સિટી સાથે તે પરીક્ષા માટેના અભ્યાસક્રમો માટે સંલગ્ન રહી ન હોય તો વિદ્યાર્થીએ યુનિવર્સિટીને સીધી અરજી મોકલવાની રહેશે.<br><br>૩। વિદ્યાર્થી કે જેમણે તે પરીક્ષા માટેના અભ્યાસક્રમો માટે કોલેજમાં દાખલ થઇને નિયમિત હાજરી પૂરાવ્યા સિવાયના વિદ્યાર્થી તરીકે પોતાનું સ્થાન ગુમાવ્યું હોય તે વિદ્યાર્થી તે કોલેજના આચાર્ય મારફત પોતાની અરજી મોકલાવી શકશે.જો ઉમેદવારની વર્તણૂંક અને અભ્યાસથી તેને સંતોષ થયો હોય તો અને અધ્યાદેશ ૬૦ હેઠળ વ્યાખ્યાત કરવામાં આવ્યા પ્રમાણેના ઉમેદવારે સત્રો ભર્યા ન હોય છતાં.<br><br>૪। નિયમિત હાજરી પૂરાવ્યા સિવાયના વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવાને પાત્ર હોય તે પરીક્ષા સિવાયની બીજી પરીક્ષા માટેના અભ્યાસક્રમો માટે કોલેજમાં દાખલ થાય તો તેમણે તે કોલેજના આચાર્ય મારફત તે કોલેજમાં પરીક્ષા માટે સત્રો ભર્યા છે તે પરીક્ષા માટે અથવા નિયમિત હાજરી પુરાવ્યા સિવાયના વિદ્યાર્થી તરીકે જે પરીક્ષા માટે એ બેસવાને હકદાર છે તે પરીક્ષા માટે ઇચ્છા દર્શાવતી પ્રવેશ માટેની અરજી મોકલવાની રહેશે.પાછલી બાબતમાં આચાર્યે જે કોલેજમાં તેમને પ્રથમ પ્રસંગે હાજરી પુરાવી હોય તે કોલેજના તબદીલીના પ્રમાણપત્રને આધારે એવી હાજરી પ્રમાણીત કરશે અને ઉમેદવારની વર્તણૂંક પણ પ્રમાણિત કરશે.<br><br>૫। ઉપર કલોઝ ૩ અને ૪ માં જણાવવામાં આવેલ હોવા છતાં ચૌકકસ પરીક્ષા માટેના હાજરી પુરાવ્યા સિવાયના વિદ્યાર્થીને માટે ખાસ જાહેરાત દ્વારા નવા સત્રો ભરવા આવશ્યકતા ફરમાવવામાં આવશે જો યુનિવર્સિટીના અધિકાર મંડળોના અભિપ્રાયે એવું લાગે કે તે પરીક્ષા માટેનો અભ્યાસક્રમ ભૌતીક રીતે બદલાયો છે.</td></tr>
<tr><td colspan="2"><u>એફ શિષ્યવૃત્તિ ,ઇનામો અને ચંદ્રકોનું પ્રદાન</u></td></tr>
<tr><td>અ ૧૬૭</td><td>કોઇપણ ઉમેદવાર ફેલોશીપ,ઇનામ,ચંદ્રક અથવા બીજા પ્રદાન માટે પોતાને</td></tr>
</table>

| | |
|---|---|
| | પરીક્ષા માટે રજુ કરે  કે જેની સાથે ઇનામ  સંકળાયેલ હોય તે માટે લાયક ગણાશે સિવાય કે એવા ઉમેદવારો માટે કે જેઓને આંતરીક કે બહારની પરીક્ષામાં કોઇપણ પ્રકારની ગેરવર્તણૂંક અથવા ગેરરીતિ માટે સજા થયેલ હોય. |
| | |

## યુનિવર્સિટીના બિનશૈક્ષણિક સ્ટાફ માટે સંયુક્ત પરામર્શન સમિતિ

| | |
|---|---|
| અ ૧૬૮ | ૧। યુનિવર્સિટીના વહીવટી સ્ટાફ માટે સંયુક્ત પરામર્શન સમિતિ રહેશે જેની રચના અત્રે જણાવેલા હેતુઓ અને રીત મુજબ કરવામાં આવશે જેને હવે પછી સમિતિ તરીકે સંબોધવામાં આવેલ છે.<br><br>૨। સમિતિના ઉદ્દેશો નીચે મુજબ રહેશે :<br>એ. યુનિવર્સિટીના કર્મચારીઓ વચ્ચે યુનિવર્સિટીની કાર્યસેવામાં સહકાર/એકરુપતા અને કાર્યદક્ષતાનું નીરુપણ કરવું અને તેમને બઢતી આપવી<br>બી. યુનિવર્સિટી વચ્ચે નિયોક્તા અને કર્માચારીના સંબંધો સરળ કરવા .<br>સી. યુનિવર્સિટીના કર્મચારીઓ વચ્ચે કલ્યાણ અને સમૃધ્દિને બઢાવો આપવા.<br><br>૩। તેમાં નીચેના સભ્યો સમાવીષ્ટ રહેશે :<br>એ. કુલપતિ કે જે અધયક્ષ રહેશે.<br>બી. ઉપકુલપતિશ્રી<br>સી. યુનિવર્સિટીના કુલસચિવ<br>ડી. સિન્ડીકેટ દ્વારા તેમના સભ્યોમાંથી નિયુક્ત કરવામાં આવેલા બે સભ્યો એક વર્ષની મુદત માટે.<br>ઇ. સેનેટના બે સભ્યો કે જે સીન્ડીકેટના સભ્યો ન હોય એક વર્ષની મુદત માટે.<br>એફ. યુનિવર્સિટી વિભાગના વડામાંથી બે સભ્યો કે જેમને કુલપતિશ્રી દ્વારા એક વર્ષ માટે નિયુક્ત કરવામાં આવેલ  હોય.<br>જી. યુનિવર્સિટીના વહીવટી સ્ટાફમાંથી  ૬ સભ્યો કે જેમને માન્ય યુનિયનના વહીવટી સ્ટાફની જનરલ બોડી દ્વારા એક વર્ષ માટે નિયુક્ત કરવામાં આવેલ હોય<br><br>૪। સમિતિના કાર્યક્ષેત્રમાં સેવા અને કામની બાબતોની શરતો/કર્મચારીઓનું કલ્યાણ અને કાર્યદક્ષતામાં સુધાર અને કામના ધોરણોનો સમાવેશ થશે. જોકે બઢતી અને શિસ્તતા બાબતે પરામર્શન સામાન્ય સિધ્ધાંતોની બાબત |

| | | |
|---|---|---|
| | | સુધી મર્યાદિત રહેશે .જોકે વધુમાં સમિતિ દ્વારા વ્યક્તિગત કેસો ધ્યાનમાં લેવામાં આવશે નહી. |
| | ૫। | એ. સમિતિ મીટીંગ માટે એક કન્વીનરની નિમણૂંક કરશે અને તેઓ સમિતિના સચીવ તરીકે કાર્ય કરશે.<br>બી. સમિતિના સચીવ ૭ દિવસની નોટીશ સમિતિની મીટીંગ માટે સભ્યોને આપશે. |
| | ૬। | એ. સમિતિના ૬ સભ્યોની હાજરીથી ક્વોરમ થયેલુ ગણાશે.<br>બી. કુલપતિશ્રી અથવા તેમની ગેરહાજરીમાં ઉપ કુલપતિશ્રી સમિતિનું અધ્યક્ષ સ્થાન લેશે કુલપતિ અને ઉપકુલપતિની ગેરહાજરીમાં મીટીંગના અધ્યક્ષ સભામાં હાજર રહેલા સભ્યોમાંથી ચૂંટવામાં આવશે.<br>સી. સમિતિ વર્ષમાં ચાર વખત મળશે. |
| | ૭। | સમિતિ દ્વારા કરવામાં આવેલ નિર્ણય/ભલામણોનો અમલ સીન્ડીકેટ દ્વારા આપવામાં આવેલ મંજૂરી બાદ કરવામાં આવશે. |
| | ૮। | આ અધ્યાદેશમાં નહી સમાયેલ હોવા છતાં યુનિવર્સિટીના કોઇ કર્મચારીને યુનિવર્સટીમાં તેમની કોઇ બાબત સંબંધિત કોઇ વ્યક્તિગત રજુઆત કરતા અટકાવી શકાશે નહી . |
| **યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફ માટે સંયુક્ત પરામર્શન સમિતિ** | | |
| અ ૧૬૮ એ | ૧। | યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફ માટે સંયુક્ત પરામર્શન સમિતિ રહેશે જેની રચના અત્રે જણાવેલા હેતુઓ અને રીત મુજબ કરવામાં આવશે જેને હવે પછી સમિતિ તરીકે સંબોધવામાં આવેલ છે. |
| | ૨। | સમિતિના ઉદ્દેશો નીચે મુજબ રહેશે ઃ<br>એ. યુનિવર્સિટીના શિક્ષકો વચ્ચે યુનિવર્સિટીની કાર્યસેવામાં સહકાર, એકરુપતા અને કાર્યદક્ષતાનું નિરુપણ કરવું અને તેમને બઢતી આપવી<br>બી. યુનિવર્સિટી વચ્ચે નિયોક્તા અને શિક્ષક કર્માચારીના સંબંધો સરળ કરવા .<br>સી. યુનિવર્સિટીના શિક્ષક વચ્ચે કલ્યાણ અને સમૃધ્ધીને બઢાવો આપવા.<br>ડી. અનુસ્નાતક વિભાગ/સેલ વિગેરેમાં કુશળ કામને બઢાવો આપવા . |

| | |
|---|---|
| | ૩। તેમાં નીચેના સભ્યો સમાવિષ્ટ રહેશે ઃ<br>એ. કુલપતિ જે અધયક્ષ રહેશે.<br>બી. ઉપકુલપતિશ્રી<br>સી. કુલસચિવ સભ્ય સચીવ<br>ડી. સિન્ડીકેટ દ્વારા તેમના સભ્યોમાંથી નિયુકત કરવામાં આવેલા બે સભ્યો ત્રણ વર્ષની મુદત માટે.<br>ઇ. સેનેટના બે સભ્યો કે જે સીન્ડીકેટના સભ્યો ન હોય એક વર્ષની મુદત માટે.<br>એફ. યુનિવર્સિટી શિક્ષણ વિભાગના વડામાંથી બે સભ્યો કે જેમને કુલપતિશ્રી દ્વારા ત્રણ વર્ષ માટે નિયુકત કરવામાં આવેલ હોય.<br>જી. યુનિવર્સિટીના શિક્ષક સ્ટાફમાંથી ૬ સભ્યો કે જેમને માન્ય યુનીયનના શિક્ષક સ્ટાફની જનરલ બોડી દ્વારા બે વર્ષ માટે નિયુકત કરવામાં આવેલ હોય.<br><br>૪। સમિતિના કાર્યક્ષેત્રમાં સેવા અને કામની બાબતોની શરતો , કર્મચારીઓનું કલ્યાણ અને કાર્યદક્ષતામાં સુધાર અને શિક્ષણ સંશોધન પરામર્શન અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ યુનિવર્સિટી વિભાગ, સેલ વિગેરેનો સમાવેશ થશે. જો કે બઢતી અને શિસ્તતા બાબતે પરામર્શન સામાન્ય સિધ્ધાંતોની બાબત સુધી મર્યાદીત રહેશે. જો કે વધુમાં સમિતિ દ્વારા વ્યકિતગત કેસો ધ્યાનમાં લેવામાં આવશે નહી.<br>૫। સમિતીના સચીવ ૭ દિવસની નોટીસ સમિતિની મિટીંગ માટે સભ્યોને આપશે.<br>૬। એ. સમિતિના ૬ સભ્યોની હાજરીથી ક્વોરમ થયેલું ગણાશે.<br>બી. કુલપતિશ્રી અથવા તેમની ગેરહાજરીમાં ઉપ કુલપતિશ્રી સમિતિનું અધ્યક્ષ સ્થાન લેશે કુલપતિ અને ઉપકુલપતિની ગેરહાજરીમાં મિટીંગના અધ્યક્ષ સભામાં હાજર રહેલા સભ્યોમાંથી ચુટવામાં આવશે.<br>સી. સમિતિ વર્ષમાં ચાર વખત મલશે.<br>૭। સમિતિ દ્વારા કરવામાં આવેલ નિર્ણય, ભલામણોનો અમલ સિન્ડીકેટ દ્વારા આપવામાં આવેલ મંજૂરી બાદ કરવામાં આવશે.<br>૮। આ અધ્યાદેશમાં નહીં સમાયેલ હોવા છતાં યુનિવર્સિટીના કોઇ કર્મચારીને યુનિવર્સિટીમાં તેમની કોઇ બાબત સંબંધિત કોઇ વ્યકિતગત રજુઆત કરતા અટકાવી શકાશે નહી. |
| | |

## આયોજન અને મૂલ્યાંકન મંડળ

| | |
|---|---|
| અ ૧૬૯ | સંચાલન સમિતિ સ્વયં નાણા કાર્યક્રમ માટે કે જે સંલગ્ન કોલેજો સંસ્થા અથવા સ્વયં નાણા કોલેજો માટે.<br><br>સ્વયં નાણા કાર્યક્રમ માટે એક સંચાલન સમિતિ કોઇપણ શિસ્તમાં સંલગ્ન કોલેજ સંશથા માટે અથવા સ્વયંનાણા સંલગ્ન કોલેજો માં નીચેના બંધારણ સાથે રહેશે.<br>૧। સોસાયટી ટ્રસ્ટ દ્વારા નિયુકત કરેલા અધ્યક્ષ<br>૨। અને ૩. કુલપતિશ્રીના નોમીની<br>૪। કુલપતીશ્રી દ્વારા નિયુક્ત કરેલા એક નિષ્ણાંત<br>૫। સોસાયટી, ટ્રસ્ટ દ્વારા નિયુકત કરેલા એક નિષ્ણાંત<br>૬। આચાર્ય સભ્ય સચિવ<br>સંચાલન સમિતિ તમામ વહીવટી, શૈક્ષણીક અને નામ્નાકીય નિર્ણયો સ્વયં નાણા કાર્યક્રમો ચલાવવા માટે લેશે અને તે સ્વયંનાંણા અભ્યાસક્રમ, કોલેજો, સંસ્થાના સંચાલન માટે જ્વાબદાર રહેશે જે યુનિવર્સિટી દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ નિયમો, અધિનિયમો મુજબ રહેશે. સંચાલન સમિતિ દ્વારા લેવામાં આવેલ નિર્ણય સોસાયટી,ટ્રસ્ટ માટે આખરી અને બંધનકર્તા રહેશે. |
| **<u>મંડળનું સભ્યપદ</u>** | |
| અ ૧૭૦ | ૧। મંડળના સભ્ય ૩ વર્ષ સુધી ઓફીસમાં રહેશે અને ૩ વર્ષની મુદત ફકત એક વધુ ૩ વર્ષનીમુદત માટે વધારી શકાશે.<br>૨। સભ્યની ઓફીસ અવસાન, રાજીનામું અથવા તેમના ૬૫ વર્ષની વય પૂર્ણ થવાથી ખાલી પડશે. |

| | |
|---|---|
| **<u>સભાની કાર્યવાહી</u>** | |
| અ ૧૭૧ | કુલસચિવ દ્વારા સભ્યોને ૭ દિવસની નોટીશ આયોજન અને મૂલ્યાંકન મંડળની સભા માટે આપવાની રહેશે. |
| અ ૧૭૨ | મંડળ સામાન્ય રીતે બે વખત શૈક્ષણિક વર્ષ દરમ્યાન મળશે અથવા અન્ય સમયે જ્યારે કુલપતિશ્રી દ્વારા રાખવામાં આવે અથવા તેમની ગેરહાજરીમાં ઉપકુલપતિશ્રી અથવા બન્નેની ગેરહાજરીમાં મંડળના વિદ્યાશાખાના ઉચ્ચવડા દ્વારા મળશે. |
| અ ૧૭૩ | મંડળની મુદત ૩ વર્ષની રહેશે જોકે વ્યક્તિ મંડળના સભ્ય તરીકે ત્યારે દૂર થશે જ્યારે તેઓ શિક્ષક/વડા તરીકે કાર્ય કરતા બંધ થાય અથવા તેમના દ્વારા સતત મંડળની ચાર સભામાં ગેરહાજરીથી તે સભ્યપદેથી દૂર થશે.<br>મંડળની મુદત દરમ્યાન અવસાન/રાજીનામા અથવા અન્ય રીતે કોઇપણ ખાલી પડેલી જગ્યા અધ્યાદેશ ૧૬૯ ની જોગવાઇ મુજબ ભરી શકાશે. |
| અ ૧૭૪ | મંડળની સભામાં કુલપતિશ્રી અથવા તેમની ગેરહાજરીમાં ઉપકુલપતિશ્રી સભાનું સ્થાન લેશે. કુલપતિશ્રી અને ઉપકુલપતિશ્રીની ગેરહાજરીમાં સભા તેમના પોતાના અધ્યક્ષ તેમના વ્યવહારો માટે ચુટશે. |
| અ ૧૭૫ | મંડળની સભાનું ક્વોરમ ૭ સભ્યોની હાજરીથી થયેલું ગણાશે જો સભાની શરુઆતમાં ક્વોરમ ન થાય તેમજ નિયત સમયના અડધા કલાક બાદ પણ ન થાય તો સભા તુરંત એવી તારીખે મોકૂફ રાખવામાં આવશે કે જે અધ્યક્ષ દ્વારા નક્કી કરવામાં આવશે. જે સભા ક્વોરમના અભાવે મુલતવી રહેલ હોય તેને માટે ક્વોરમની જરુરીયાત રહેશે નહી. |
| અ ૧૭૬ | મંડળની સભાના તમામ મુદદાઓ હાજર સભ્યોની બહુમતીથી નક્કી કરવામાં આવશે અધ્યક્ષનો પોતાનો મત રહેશે અને સરખા મતોના કેસમાં અધ્યક્ષ પોતાનો વધારાનો મત આપી શકશે. |
| **<u>સત્તાઓ અને ફરજો</u>** | |
| અ ૧૭૭ | શિક્ષણ અને સંશોધનના ધોરણો ઊંચા લાવવા પ્રશ્નો ચકાસવા અને તેના પગલા માટે સૂચન કરવુ, આંતરશિસ્ત કાર્યક્રમને મજબૂત બનાવવા અને આંતરવિભાગીય સહકાર, આંતરયુનિવર્સિટી અને યુનિવર્સિટી, ઉદ્યોગ, કૃષિ, જ્ઞાતિ ક્રિયા પ્રક્રિયાના જોડાણ ઉભા કરવા અને વિશિષ્ટ યોજના વિકસાવવી. કેમ્પસમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને કોર્પોરેટ જીવનમાં સુધારા અને યોજના અને વિચારોનો વિકાસ કરવો. |
| અ ૧૭૮ | યુનિવર્સિટી વિકાસની યોજના બન્ને ટુંકા સત્ર અને લાંબા સત્રની, યુનિવર્સિટીના ઉદ્દેશો ધ્યાનમાં રાખી કે જે કાયદામાં ઉલ્લેખવામાં આવેલ છે |

| | |
|---|---|
| | અને રાષ્ટ્રીયનીતિને ધ્યાનમાં રાખી તૈયાર કરવી. |
| અ ૧૭૯ | યુનિવર્સિટી ગ્રાન્ટ આયોગ દ્વારા અને અન્ય એજન્સીઓ દ્વારા મંજૂર રકવામાં આવેલ યોજનાઓના અમલને નિયમિત મોનીટર કરવી અને તેના યોગ્ય અમલ માટેની પધ્ધતિ સૂચવવી. |
| અ ૧૮૦ | શૈક્ષણિક કાઉન્સીલ અને સિન્ડીકેટ કોઇપણ મુદ્દા ઉપર મંડળની સલાહ લઇ શકશે. |
| અ ૧૮૧ | મંડળની ભલામણ શૈક્ષણિક કાઉન્સીલ તેમજ સિન્ડીકેટ સમક્ષ મૂકવામાં આવશે. |
| અ ૧૮૨ | તકેદારી ટુકડી (સ્કવોડ) |
| અ | સ્થાનિક પરીક્ષા સમિતિ ઃ<br>૧। દરેક પરીક્ષા કેન્દ્રમાં એક સ્થાનિક પરીક્ષા સમિતિ તેના માટે રાખવાની રહેશે અને તેની નિમણૂંક અગાઉથી કોલેજના આચાર્ય દ્વારા કોલેજના કેસમાં અને ઉપકુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટી વિભાગોમાં કરવામાં આવશે<br>૨। કોલેજની સ્થાનિક પરીક્ષા સમિતિ માટે ૧ કોલેજના આચાર્ય ભૂતપૂર્વ અધ્યક્ષ, હોદદેદાર વિદ્યાશાખા ૧ પરીક્ષાના અધિક્ષક સભ્ય સચિવ અને અધ્યક્ષ આચાર્યની ગેરહાજરીમાં ૨ બહારના પરીક્ષાના અધિક્ષક જો નિમણૂંક કરવામાં આવેલ હોય ૪ ખાતાના વડા, એક સંબંધિત પેપરના વિદ્યાશાખા પ્રતિનિધી સમાવીષ્ટ રહેશે. યુનિવર્સિટી વિભાગના સ્તરે એલઇસીમાં ૧ પરીક્ષાના અધિક્ષક ૨ ખાતના વડા , સંબંધીત પેપરના વિદ્યાશાખા પ્રતિનિધી સમાવિષ્ટ રહેશે.<br>૩। પરીક્ષાના અધિક્ષક સ્થાનિક પરીક્ષાના સમિતિના સંયોજક છે<br>૪। બ્લોક સુપરવાઇઝર અથવા સ્કવોડના સભ્ય દ્વારા કરવામાં આવેલ ફરીયાદ સંબંધિત પરીક્ષાના અધિક્ષકને સંબોધીને કરવામાં આવેલ હોય અને તેમના દ્વારા સ્વીકારવામાં આવેલ હોય જેને તુરંત એલઇસીને મોકલવામાં આવશે જેને સ્થળ ઉપર જ ધ્યાનમાં લેવામાં આવશે. જો એલઇસીને પરીક્ષાર્થી વિરુધ્ધ કરવામાં આવેલ ફરીયાદ કાયદેસર લાગે તો ફરીયાદને પરીક્ષાના નિયંત્રકને મોકલવામાં આવશે. જો એલઇસીને ફરીયાદ ગેરકાયદેસર લાગે તો તે તેને પુરાવા નાબૂદ કરવા, સંજોગો બાબતે સ્પષ્ટતા સાથે પરીક્ષાના નિયંત્રકને મોકલવામાં આવશે.<br>૫। કોઇપણ બાબતમાં એલઇસીનો નિર્ણય પરીક્ષા સંબંધે સંમતિપૂર્ણ છે. જો એલઇસીનો નિર્ણય સંમતિપૂર્ણ ન હોય તો વિદ્યાર્થી વિરુધ્ધ કરવામાં |

| | |
|---|---|
| | આવેલ ફરીયાદને રદબાતલ ગણવાની રહેશે. અને પરીક્ષાના નિયંત્રકને ઉપર પેરા ૪ માં દર્શાવ્યા મુજબ સ્પષ્ટતા સાથે મોકલવાની રહેશે |

બી તકેદારી ટૂકડી સ્ક્વોડ :

૧। ત્રણ સભ્યો કરતા ઓછા નહીં તેવી તકેદારી ટુકડી કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટી પરીક્ષાના કેન્દ્રોની મુલાકાત લેવા નિમણૂંક કરવામાં આવશે.

એ. તકેદારી કરવા કે યુનિવર્સિટીની પરીક્ષા નિયત ધોરણ મુજબ લેવામાં આવે છે.

બી. તે અવલોકવા કે વરિષ્ટ સુપરવાઇઝર અને બ્લોક સુપરવાઇઝાર દ્વારા યુનિવર્સિટ પરીક્ષાની સૂચનાઓ સવાધાનીપૂર્વક અનુસરવામાં આવે છે

સી. યુનિવર્સિટ પરીક્ષા વખતે વિદ્યાર્થીઓને તપાસવા કે જે ગેરરીતીઓ આચરતા હોય અને આવા કેસો પરીક્ષાના સંબંધિત અધિક્ષકને જાણ કરવાના રહેશે.

૨। તકેદારી ટુકડીને કોઇપણ પરીક્ષા કેન્દ્રની મુલાકાત લેવાની સત્તા છે જેમાં અગાઉથી  જાણ કરવાની નથી અને  પરીક્ષા કેન્દ્રના હવાલા ધારણ કરનારની ક્ચેરીમા રેકોર્ડ તપાસવા અને અન્ય સામગ્રી પરીક્ષા સંબંધિત તપાસવા દાખલ થઇ શક શે તેઓ કોઇપણ પરીક્ષા બ્લોકમાં ઉમેદવારની ઓળખ, ફીની રસીદ, હોલ ટીકીટ વિગેરે  તપાસવા દાખલ થઇ શકે છે ઉમેદવારની વિશ્ર્વસનીયતાની ચૌકક્સાઇ કરવા . તકેદારી ટુકડીને યુનિવર્સિટ પરીક્ષામાં ગેરરીતીના ઉપયોગ અને અન્યાયી સાધનનો ઉપયોગને શોધવાની સત્તા રહેશે.

૩। કુલપતિશ્રીએ શિક્ષકોની તકેદારી ટુકડીની નિમણૂંક કરવાની રહેશે  જેમાં વરીષ્ટ  સભ્ય તેના અધ્યક્ષ રહેશે. કુલપતિશ્રી દ્વારા સ્ત્રી ટુકડી સ્ત્રી શિક્ષકોની તેના વરીષ્ટ સભ્ય અધિક્ષક સાથે પણ નિમણૂંક કરવાના રહેશે.

૪। તકેદારી ટુકડીના અધ્યક્ષે તેમની અચાનક મુલાકાતનો અહેવાલ પરીક્ષાના અધિક્ષકને આપવાનો રહેશે. તકેદારી તુકડી દ્વારા યોગ્ય રીતે પરીક્ષા લેવા માટેના સૂચનો જો જુરૂરી હોયતો આપશે.

૫। કોલેજના આચાર્ય, માન્ય સંસ્થાના નિર્દેશક, યુનિવર્સિટીના વડા કે જ્યાં પરીક્ષાનું કેન્દ્ર આવેલ હોય તેઓ વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ ગેરવ્યાજબી સાધનોના ઉપયોગ માટે જવાબદાર રહેશે તેમણે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા ગેરવ્યાજબી  સાધનોના ઉપયોગ માટે કડક તકેદારી ની ખાતરી કરવાની રહેશે. એલઇસી દ્વારા આવા કેસો પરીક્ષાના નિયંત્રકને તેમજ કાયદાનો અમલ કરનાર સત્તાધીશને જો જુરૂરી હોયતો જાણ કરવાની રહેશે.

૬। યુનિવર્સિટી દ્વારા સ્ક્વોડના સભ્યોને ફરજ ઉપર હાજર તરીકે ગણવામાં

| | |
|---|---|
| | આવશે. |
| | |
| અ ૧૮૩૯ | **વિદ્યાર્થી દ્વારા ગેરવ્યાજબી સાધનોનો પરીક્ષામાં ઉપયોગ તેમજ સજા** |
| ૧ એ | એલઇસી થકી કોઇ વિદ્યાર્થી દ્વારા ગેરવ્યાજબી સાધનોનો યુનિવર્સિટી પરીક્ષામાં ઉપયોગનો અહેવાલ મળયેથી જેમાં યુનિવર્સિટી સત્તાધીશ દ્વારા જારી કરવામાં આવેલ કોઇપણ નિયમ યોગ્ય રીતે પરીક્ષા લેવા માટેનાનો ભંગ સામેલ છે ત્યારે સિન્ડીકેટને સત્તા છે કે કોઇપણ સમયે તપાસ ચલુ કરે અને એવા વિદ્યાથીને સજા કરે જો તે સીન્ડીકેટ દ્વારા ગુનેગાર માલૂમ પડે. |
| બી | જો કોઇ પેપર સેટર, પરીક્ષક, સમધારણકર્તા, રેફરી, શિક્ષક અથવા અન્ય કોઇ વ્યકિત કે જે યુનિવર્સિટી દ્વારા અથવા કોલેજ અથવા માન્ય સંસ્થા દ્વારા લેવામાં આવતી પરીક્ષા જેમા યુનિવર્સિટી સત્તાધીશ દ્વારા યોગ્ય રીતે પરીક્ષા લેવા માટેના જારી કરવામાં આવેલ કોઇપણ નિયમનો ભંગ સામેલ છે તેમના દ્વારા કરવામાં આવેલ ગેરરીતિ અથવા ચૂક કરવામાં આવેલ હોવાનો અહેવાલ મળેતો સિન્ડીકેટને કોઇપણ સમયે તપાસ કરવાની અને સજા કરવાની સત્તા રહેશે જો સિન્ડીકેટ દ્વારા તે એવી ગેરરીતિ અથવા ચૂક આચરવા બાબતે ગુનેગાર સાબિત થશે અને તેવા પેપર સેટર, પરીક્ષક, સમધારણકર્તા, રેફરી, શિક્ષક અથવા અન્ય કોઇ વ્યકિત કે જે યુનિવર્સિટી દ્વારા અથવા કોલેજ અથવા માન્ય સંસ્થા દ્વારા લેવામાં આવતી પરીક્ષા સાથે કોઇ પરીક્ષાના કામથી અથવા કાયમી અથવા વિશિષ્ટ સમય માટે સંકળાયેલા હોય અથવા તેમના કેસને સંબંધિત સત્તાધીશને એવા શિસ્તના પગલા ભરવા માટે સંબોધશે કે જે નિયમ મુજબ યોગ્ય લાગે અથવા કોઇપણ બે અથવા વધારે ઉપર જણાવેલી પધ્ધતિથી. |
| ૨ | સક્ષમ સત્તાધિશ :<br>૧। જે વિદ્યાર્થી યુનિવર્સિટીની પરીક્ષામાં અથવા યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી આંતરીક પરીક્ષાઓમાં ગેરવ્યાજબી સાધનનો ઉપયોગ કરે, કરવાનો પ્રયત્ન કરે,મદદ કરે,ગુનામાં સહાય કરે અથવા તેને તેમ કરવા ઉશ્કેરે અને ગુનેગાર સાબીત થાય તો યુનિવર્સિટીની સિન્ડીકેટ યોગ્ય શિસ્તના પગલા ભરવા માટે સક્ષમ સત્તાધીશ રહેશે<br>૨। જે વિદ્યાર્થી દ્વારા અથવા સંસ્થા દ્વારા યુનિવર્સિટી તરફે લેવામાં આવતી પરીક્ષાઓમાં ગેરવ્યાજબી સાધનનો ઉપયોગ કરે, કરવાનો પ્રયત્ન કરે, મદદ કરે,ગુનામાં સહાય કરે અથવા તેને તેમ કરવા ઉશ્કેરે અને ગુનેગાર સાબિત થાય તો સ્થાનિક પરીક્ષા સમિતિ યોગ્ય શિસ્તાના પગલા ભરવા માટે સક્ષમ સત્તાધીશ રહેશે. |

| | |
|---|---|
| 3 | **વ્યાખ્યાઓ ઃ જ્યાં સુધી સંદર્ભ અન્ય રીતે જરૂરી હોય ઃ**<br>એ. વિદ્યાર્થી એટલે અને તેમાં એક વ્યક્તિ સામેલ છે કે જેને યુનિવર્સિટી, કોલેજ, સંસ્થા દ્વારા નોંધવામાં આવેલ હોય સૂચનાઓ કોઇપણ ડીગ્રી, ડીપ્લોમા અથવા પ્રમાણપત્ર કે જે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે તે મેળવવા માટે. તેમાં અક્ષ વિદ્યાર્થી અને વિદ્યાર્થી કે જે ઉમેદવાર તરીકે કોઇ ડીગ્રી/ડીપ્લોમા અથવા પરીક્ષા પ્રમાણપત્ર માટે નોંધાયેલ હોય તે સામેલ છે<br>બી. ગેરવ્યાજબી સાધનો ઃ માં નીચેના એક અથવા વધુ કરવામાં આવેલ કૃત્ય અથવા ચૂકનું કૃત્ય કે જે વિદ્યાર્થી દ્વારા પરીક્ષા સમય દરમ્યાન આચરવામાં આવેલ હોય.<br>૧। ગેરવ્યાજબી સાધનનો કબ્જો એટલે સામગ્રી અને અથવા તેમાની નકલ.<br>૨। ગેરકાયદેસર લખાણની સામગ્રી અથવા તેનો કોઇ અન્ય ઉપયોગ.<br>૩। નિરીક્ષક અથવા વ્યક્તિ વિરુધ્ધ ફરજ ઉપર અશ્લીલ ભાષાનો ઉપયોગ અથવા ધમકી અથવા હિંસાનો ઉપયોગ જ્યારે પરીક્ષા લેવામાં આવતી હોય અથવા વ્યક્તિ કે જે તેને હેન્ડલ કરતી હોય અથવા પરીક્ષા હોલ સુપરવાઇઝરની પરવાનગી વગર છોડી જવું અથવા કોઇપણ રીતે પરીક્ષાની કાર્યવાહીમાં ખલેલ કરવી.<br>૪। ગેરકાયદેસર રીતે અન્ય પરીક્ષાર્થી ઓ સાથે સંચાર અથવા અન્ય કોઇ સાથે પરીક્ષા હોલમાં અથવા બહાર.<br>૫। પરસ્પર અથવા સમુહમાં નકલ કરવી<br>૬। કોરી અથવા લખેલી જવાબ બુકને નકલની સામગ્રી તરીકે બહાર લઇ જવી અથવા અંદર લાવવી.<br>૭। કોરી અથવા લખેલી જવાબ બુકની દાણચોરી અને જુનીયર નિરીક્ષકની સહી ની નકલ કરવી.<br>૮। યુનિવર્સિટી/કોલેજ/સંસ્થાના સીલ અથવા જવાબ બુકો અથવા ઓફીસ સ્ટેશનરી કે જે પરીક્ષામાં વાપરવામાં આવે તેમાં દરમ્યાનગી અથવા બનાવટી બનાવવા.<br>૯। જવાબ બુકમાં ચલણી નોટો મૂકવી અથવા યુનિવર્સિટી, કોલેજ, સંસ્થાના વ્યક્તિને લાંચ આપવાનો પ્રયત્ન.<br>૧૦। યુનિવર્સિટી, કોલેજ/સંસ્થાની પરીક્ષામાં નામ ધારણ કરવું.<br>૧૧। લખવામાં આવેલ જવાબમાં જાણી જોઇને ઓળખ જાહેર કરવી અથવા યુનિવર્સિટી, કોલેજ, સંસ્થાની પરીક્ષામાં જવાબ બુકના અન્ય કોઇ ભાગમાં વિદ્યાર્થી દ્વારા જાણી જોઇને ઓળખ જાહેર કરવી.<br>૧૨। અથવા એવા સરખા કૃત્યો કરવામાં આવે અથવા તેમાં થયેલ ચૂક કે જેને ગેરવ્યાજબી સાધન તરીકે સક્ષમ સત્તાધીશ દ્વારા ગંભીર રીતે ધ્યાનમાં |

| | |
|---|---|
| | લેવામાં આવે.<br><br>**સી.** પરીક્ષા સંબંધી ગેરવ્યાજબી સાધનો એટલે અને તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એવા કોઇ કૃત્ય કરવા અથવા તે કરવા માટે પ્રયત્ન કરવો અથવા કોઇ કૃત્ય કરવા ધમકી આપવી અથવા દબાણ કરવું , અનુચીત પ્રભાવ અથવા છેતરપીંડી અથવા ગેરરીતી તેમના માટે અથવા અન્ય વ્યકિત માટે ખોટો લાભ મેળવવા માટે અથવા ખોટુ નુકશાન અન્ય વ્યકિતને કરવા માં આવે તે.<br>ડી. ગેરવ્યાજબી સામગ્રી એટલે કોઇ સામગ્રી તે પરીક્ષાના વિષય સાથે જોડાયેલ, છપાયેલી,ટાઇપ કરેલી અથબા હાથે લખેલી અથવા અન્ય રીતે જે કોઇપણ હોય તે વ્યકિત ઉપર અથવા કપડા ઉપર અથવા વિદ્યાર્થીના શરીર ઉપર અથવા લાકડા ઉપર અથવા અન્ય સામગ્રી કોઇપણ રીતે અથવા ચાર્ટના નમૂનામાં ,આકૃતિ ,નકશો અથવા ડ્રોઇંગ અથવા ઇલેક્ટ્રોનીક સહાય વિગેરે કે જે પરીક્ષા હોલમાં લાવવાની પરવાનગી ન હોય.જો કે મોબાઇલ ફોન પરીક્ષા હોલમાં લાવવાની પરવાનગી નથી અને તે પરીક્ષાર્થી પાસેથી મળી આવે અને જો તેના દુરઉપયોગનો પુરાવો મળી આવે નહીં તો તે ગુનો બનતો નથી. જો કે આ મોબાઇલ ફોન બ્લોક નિરીક્ષક, સ્કવોડ ના સભ્ય દ્વારા તુરંત લઇ લેવામાં આવશે.<br>ઇ. વિદ્યાર્થી દ્વારા ગેરવ્યાજબી સામગ્રીનો કબ્જો એટલે ગેરકાયેદસર સામગ્રી તે વ્યકિત પાસે હોય અથવા તેના ટેબલ અથવા ખુરશી ઉપર અથવા એવી કોઇ જગ્યાએ કે જે કોઇપણ સમયે જ્યારે પરીક્ષા શરુ થાય અને જ્યાં સુધી તે પુર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા કેન્દ્રમાં તેની પહોંચમાં હોય અને તેના પર્યાવરણ અથવા સ્થળ ઉપર હોય.<br>**એફ.** વિદ્યાર્થીના કબ્જામા મળી આવે એટલે વિદ્યાર્થી કે જેનો લેખિત અહેવાલ કે તેઓ પાસે ગેરવ્યાજબી સાધન સામગ્રી બ્લોક નિરીક્ષક, વીજીલન્સ સ્કવોડના સભ્ય અથવા અન્ય કોઇ વ્યકિત કે જેમને આ હેતુ માટે સત્તા આપવામાં આવેલ હોય તેમના દ્વારા શોધવામાં આવે તેમ છતાં પણ કે ગેરવ્યાજબી સાધન સામગ્રી પુરાવા તરીકે રજુ કરવામાં આવેલ ન હોય કારણકે તે એ રીતે રીપોર્ટ કરવામાં આવે કે તે ગળી જવામાં આવેલ છે અથવા તેનો નાશ કરવામાં આવેલ છે અથવા ખેંચી લેવામાં આવેલ હોય અથવા અન્ય રીતે લઇ લેવામાં આવે અથવા વિદ્યાર્થી દ્વારા તેને બગાડી નાંખવામાં આવે અથવા અન્ય કોઇ વ્યકિત દ્વારા કે જે તેમના તરફે કાર્ય કરતા હોય તે એવા પ્રમાણમાં કે જે અવાચ્ય બની જાય જો કે આ બાબતનો અહેવાલ સ્થાનિક પરીક્ષા સમિતિ દ્વારા પરીક્ષાના નિયંત્રકને આપવામાં આવે. |

| | |
|---|---|
| | **જી**. પરીક્ષાના વિષય સંબધિત સામગ્રી એટલે અને તેમાં સામેલ છે,જો સામગ્રી પુરાવા તરીકે રજુ કરવામાં આવે, કોઇપણ સામગ્રીને પરીક્ષાના વિષય સંબંધિત સામગ્રી તરીકે સક્ષમ વ્યકિત દ્વારા પ્રમાણિત કરવામાં આવે અને જો સામગ્રી પુરાવા તરીકે રજુ કરવામાં ન આવે અથવા તે કોઇપણ કારણસર કે જે કલોઝ (એફ) માં ઉપર સંબોધવામાં આવેલ છે તેને લીધે અવાચ્ય બની જાય ત્યારે અનુમાન એ કરવાનું રહેશે કે સામગ્રી પરીક્ષાના વિષય સંબધિત નથી. |
| | **એચ**. પરીક્ષાના અધિક્ષક એટલે સંબંધિત કોલેજના આચાર્ય અથવા યુનિવર્સિટી વિભાગના વડા અથવા સંબંધિત માન્ય સંસ્થા કે જ્યાં સંબધિત પરીક્ષા લેવામાં આવે અને અન્ય કોઇ વ્યકિત કે જેમને તેમના દ્વારા સત્તા આપવામાં આવેલ હોય અથવા વ્યકિત કે જેમને પરીક્ષાનો ચાર્જ યુનિવર્સિટીની અગાઉથી મંજૂરી લઇને આપવામાં આવેલ હોય. |
| ૪ | પરીક્ષા દરમ્યાન, પરીક્ષાર્થી અને અન્ય વિદ્યાર્થીઓ પરીક્ષા નિરીક્ષકના ત્વરીત શિસ્ત નિયંત્રણ હેઠળ રહેશે. |
| ૫ | પરીક્ષા કેન્દ્રના પરીક્ષા નિરીક્ષકે ગેરવ્યાજબી સાધનના કેસમાં નીચે મુજબની કાર્યવાહી અનુસરવાની રહેશે.<br>૧। વિદ્યાર્થીને પરીક્ષાના નિરીક્ષકને શરણે જવા માટે બોલાવવાના રહેશે, ગેરવ્યાજબી સાધન સામગ્રી તેમના કબ્જામાં જો કોઇ અથવા તેમની જવાબપત્રમાં હોય<br>૨। સંબંધિત વિદ્યાર્થીની સહી જે તે સામગ્રી ઉપર અને તેની સાથેની યાદી ઉપર મેળવવાની રહેશે સંબંધીત બ્લોક નિરીક્ષક અને પરીક્ષાના અધિક્ષકે પણ તમામ સુસંગત સામગ્રી અને દસ્તાવેજો ઉપર સહી કરવાની રહેશે.<br>૩। વિદ્યાર્થીનું નિવેદન અને તેમની બાંહેધરી નિયત નમૂનામાં અને સંબંધીત બ્લોક નિરીક્ષકનું નિવેદન લેખિતમાં પરીક્ષાના અધિક્ષક દ્વારા નોંધવામાં આવશે.જો વિદ્યાર્થી દ્વારા નિવેદન આપવા માટે અથવા બાંયધરી માટે ઇન્કાર કરવામાં આવે તો સંબંધીત બ્લોક નિરીક્ષક અને પરીક્ષાના અધિક્ષક તે મુજબ નોંધ તેમની સહી હેઠળ કરશે અને આ તમામ સ્થાનિક પરીક્ષા સમિતિને રજુકરવાનું રહેશે.<br>૪। તમામ સામગ્રી અને સામગ્રીની યાદી કે જે પેટા કલોઝ ૧ માં દર્શાવવામાં આવેલ છે અને વિદ્યાર્થીનું નિવેદન બાંહેધરી સાથે અને જુનીયર નિરીક્ષકનું કે જે કલોઝ નં.૨ અને ૩ માં દર્શાવવામાં આવેલ છે |

| | |
|---|---|
| | અને જવાબપત્ર સ્થાનીક પરીક્ષા સમિતિને, પરીક્ષાના નિયંત્રકના અહેવાલ સાથે અલગ અને ખાનગી સીલબંધ કવરમાં "શંકાસ્પદ ગેરવ્યાજબી સાધન કેસ" એ નિશાની સાથે મોકલવામાં આવશે.<br>૫। મૌખિક પ્રકારના ગેરવ્યાજબી સાધનના કેસમાં બ્લોક નિરીક્ષક, સંબધિત સ્કવોડ સભ્ય લેખિતમાં હકીકતો નોંધશે અને સ્થાનિક પરીક્ષા સમિતિને તેની જાણ કરશે<br>૬। |
| ૬ | **<u>આકારણી દરમ્યાન પરીક્ષક દ્વારા અનુસરવામાં આવતી કાર્યવાહી :</u>**<br>જવાબ પત્રની આકારણી સમયે પરીક્ષકને શંકા જાય કે એવો પ્રથમ દર્શનીય પુરાવો છે કે વિદ્યાર્થી કે જેની જવાબપત્ર પરીક્ષક દ્વારા આકારણી કરવામાં આવે છે તેમના દ્વારા ગેરવ્યાજબી સાધનો ઉપયોગ પરીક્ષામાં કરવામાં આવેલ છે તો પરીક્ષકે તેમનો અહેવાલ પરીક્ષાના નિયંત્રકને, આચાર્યને સંસ્થાના વડાને જે કેસ હોય તે તેમના મંતવ્ય સાથે અલગ ખાનગી સીલ્ડ કવરમાં "શંકાસ્પદ ગેરવ્યાજબી સાધન કેસ" નિશાની સાથે મોકલવાનો રહેશે. |
| ૭ | સંબધિત વિદ્યાર્થી કે જે આવા કેસો સાથે સંકળાયેલા છે તેમની પરીક્ષાનું પરિણામ જ્યાંસુધી સક્ષમ સત્તાધીશ દ્વારા આખરી નિર્ણય તે બાબતમાં લેવામાં આવે ત્યાં સુધી અનામત રાખવામાં આવશે અને સંબંધિત વિદ્યાર્થી અને કોલેજ સંસ્થા કે જેમની સાથે તે સંકળાયેલા હોય તેમને તે મુજબ જાણ કરવાની રહેશે. |
| ૮ | <u>વાજબી આકારણી અને પરામર્શ ટીમ (**FACT**)</u><br>૧। પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનના વપરાશની તપાસના હેતુ માતે કે જે યુનિવર્સિટી દ્વારા વ્યાજબી આકારણી અને પરામર્શ ટીમની રચના એક શૈક્ષણિક વર્ષ માટે કરવામાં આવશે.<br>૨। વાજબી આકારણી અને પરામર્શ ટીમ (FACT)<br>૧. ઉપકુલપતિશ્રી (ભૂતપૂર્વ અધ્યક્ષ તરીકે)<br>૨. યુનિવર્સિટીના કુલસચિવ (ભૂતપૂર્વ સભ્ય સચીવ તરીકે)<br>૩. યુનિવર્સિટી વિદ્યાશાખાના વરીષ્ટ વડા<br>૪. સિન્ડીકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ બે સિન્ડીકેટના સભ્યો<br>૫. શૈક્ષણિક કાઉન્સીલના એક સભ્ય કે જેમને સિન્ડીકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ હોય.<br>૬. સેનેટના બે સભ્યો કે જે સીન્ડીકેટના સભ્ય અથવા શૈક્ષણિક કાઉન્સીલના સભ્ય ન હોય જેમને સીન્ડીકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવે.<br>૭. સંલગ્ન કોલેજના બે આચાર્ય જેમને સીન્ડીકેટ દ્વારા નિયુક્ત |

| | |
|---|---|
| | કરવામાં આવે.<br>૮. સિન્ડીકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ યુનિવર્સિટી વિભાગના એક વડા.<br>૯. સિન્ડીકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ બે કોલેજ , યુનિવર્સિટીના શિક્ષકો<br>૧૦. સિન્ડીકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ એક ન્યૂનતમ નિવૃત્ત સેશન્સ અને ડીસ્ટ્રીકટ જજ અથવા સીનીયર એડવોકેટ.<br>૧૧. સીન્ડીકેટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ એક ન્યુનતમ પ્રખ્યાત સામાજીક કાર્યકર.<br>૧૨. ઉપરોક્ત દર્શાવેલ કોઇપણ ૩ સભ્ય ન્યુનતમ સ્ત્રી હોવા જોઇએ.<br><br>૩। તપાસના હેતુ માટે ગેરવ્યાજબી સાધન કોલેજ સંસ્થાની આંતરીક પરીક્ષામાં વિદ્યાર્થી દ્વારા ઉપયોગ કરવામાં આવે ત્યારે કોલેજ આકારણી સમિતી (CAC) કે જે કોલેજ સંસ્થા દ્વારા નિમણુંક કરવામાં આવેલ હોય તેમા ૧ .કોલેજના આચાર્ય (ભૂતપૂર્વ અધ્યક્ષ તરીકે) ૨.કોલેજના વિદ્યાશાખાના વરીષ્ઠ વડા ૩.વિભાગીય વડા,જે તે પેપર વિદ્યાશાખા. વિભાગીય આકારણી સમિતીમાં યુનિવર્સિટી વિભાગના સ્તરે નીચેનાઓ સમાવીશ રહેશે ૧. યુનિવર્સિટી વિભાગના વડા (ભૂતપૂર્વ અધ્યક્ષ તરીકે) ૨ વિભાગના વિદ્યાશાખાના વરીષ્ઠ વડા કરતા અન્ય. |
| ૯ | **<u>વાજબી આકારણી અને પરામર્શ ટીમ (FACT) ની કાર્યવાહી નીચે મુજબ રહેશેઃ</u>**<br>૧। યુનિવર્સિટી પરીક્ષાના નિયંત્રક, કોલેજ ના આચાર્ય અથવા માન્ય સંસ્થાના વડા અથવા તેમના દ્વારા સત્તા આપવામાં આવેલ અધિકારી-જે કેસ હોય તે-એ સંબધિત વિદ્યાર્થીને લેખિતમા તેમના દ્વારા કહેવાતા ગેરવ્યાજબી સાધનના કૃત્યની જાણ કરવાની રહેશે અને તેમને પૂછવાનું રહેશે કે શા માટે તેમની વિરુધ્ધ લગાવવામાં આવેલ આક્ષેપ ને પુરવાર થયેલ છે તેમ ઠરાવવામાં ન આવે અને સજા જે નિયત કરવામાં આવેલ છે તે જે તે ગેરરીતી માટે લાગુ પાડવામાં ન આવે ?<br>૨। વિદ્યાર્થી (FACT) સમક્ષ મીટીંગ માટેના દિવસ,તારીખ અને સમયે કે જે નિયત કરવામાં આવેલ હોય તેમાં તેમને આપવામાં આવેલ કારણદર્શક નોટીસના લેખીત જવાબ, સ્પષ્ટતા સાથે હાજર થશે. વિદ્યાર્થીએ જાતે જ તેમનો કેસ (FACT) સમક્ષ રજુરકવાનો રહેશે.<br>૩। દસ્તાવેજો કે જે ધ્યાનમાં લેવામાં આવેલ છે અથવા જેના ઉપર વિદ્યાર્થી |

| | |
|---|---|
| | વિરુધ્ધ આરોપ પુરવાર કરવા માટે આધાર રાખવામાં આવેલ છે તેમને (FACT) દ્વારા બતાવવામાં આવશે જો વિદ્યાર્થી સમિતિ સમક્ષ જાતે હાજર રહેશે. પુરાવો જો કોઇ હોય તેને સંબંધિત વિદ્યાર્થીની હાજરીમાં નોંધવામાં આવશે.<br>૪। વિદ્યાર્થીને તેમના બચાવ માટે યોગ્ય તક જેમાં મૌખિક સુનાવણી સામેલ છે તે (FACT) સમક્ષ આપવામાં આવશે. વિદ્યાર્થી દ્વારા કારણદર્શક નોટીસ માટે આપવામાં આવેલ જ્વાબ/સ્પષ્ટતા (FACT) દ્વારા કેસમાં આખરી ભલામણ કરતા પહેલા ધ્યાનમાં લેવામાં આવશે.<br>૫। (FACT) એ ઉપરોક્ત કાર્યવાહી કુદરતી ન્યાયના સિધ્ધાંતની ભાવનામાં અનુસરવાની રહેશે.<br>૬। કારણદર્શક નોટીસ બજાવ્યા બાદ જો સંડોવાયેલ વિદ્યાર્થી (FACT) સમક્ષ મીટીંગ માટેના દિવસ/તારીખ અને સમયે કે જે નિયત કરવામાં આવેલ હોય તેમાં હાજર રહેવામાં નિષ્ફળ જાય/તો વિદ્યાર્થીને વધુ તક તેમના બચાવ માટે (FACT) સમક્ષ હાજર રહેવા માટે આપી શકાશે. બે તકો આપ્યા બાદ પણ સંબંધિત વિદ્યાર્થી (FACT) સમક્ષ હાજર રહેવામાં નિષ્ફળ જાય તો (FACT) તેમની ગેરહાજરીમાં ઉપલબ્ધ પુરાવા/ દસ્તાવેજોના આધારે નિર્ણય લઇ શકશે જે સંબંધિત વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.<br>૭। (FACT) દ્વારા તેમનો અહેવાલ સીન્ડીકેટને તેમની સજા બાબતે ભલામણો સાથે નિયમો મુજબ મોકલવાનો રહેશે. સીન્ડીકેટને (FACT) દ્વારા કરવામાં આવેલ ભલામણોનો સ્વીકાર/ફેરફાર અથવા રદ કરવાની સત્તા રહેશે. |
| ૧૦ | **<u>સજા :</u>**<br>ગુનાની દ્રષ્ટીએ સજાનો પ્રકાર અને પ્રમાણ (FACT) દ્વારા નીચે દર્શાવેલા ટેબલના સંદર્ભની વિગતે નક્કી કરવાની રહેશે.<br><br>પરીક્ષાર્થી કે જેમણે ગેરવ્યાજબી સાધનનો ઉપયોગ યુનિવર્સિટીની જુદીજુદી પરીક્ષાઓમાં કરવા બાબતે સુધારક પગલાનું વર્ણન |

| ક્રમ | ગેરવ્યાજબી સાધનનો પ્રકાર | સુધારક પગલા |
|---|---|---|
| | **ગૌણ પ્રકારના ગેરવ્યાજબી સાધનો** | |
| ૧ | પરીક્ષાર્થી કે જે નીચેના બિનપરવાનગીદાયક સામગ્રી અથવા સાધન સાથે પરીક્ષામાં પકડાય પરંતુ તેમના દ્વારા તેની વિગતોની નકલ તેમની | પરીક્ષાર્થી કે જે આવા પ્રકારની ગેરવ્યાજબી સાધન માં સંડોવાયેલ હોય તેમને ઝીરો ગુણ સંબંધિત વિષયમાં આપવામાં આવશે અને રુ. ૫૦૦/- દંડ તરીકે જમા લેવામાં આવશે. જો પરીક્ષાર્થી |

| | | |
|---|---|---|
| | જ્વાબ પત્રીકામાં કરવામાં આવેલ ન હોય ઃ પેપર્સ,સાધન કે જે પ્રશ્નપત્રને સંબધિત ,હાથથી લખેલી નોંધ,ચોપડીમાના પાના અથવા ફોટા ,હાથરુમાલ ઉપર કાંઇપણ લખવામાં આવેલ હોય અથવા તેમના કપડા ઉપર ,ફુટપટ્ટી ઉપર લખવામાં આવેલ નોંધ અથવા સ્લાઇડનિયમ વિગેરે | ગેરવ્યાજબી સાધન માટે ગુનેગાર સાબીત થાય તો ડીપોઝીટ પરત કરી શકાશે નહી |
| ૨ | પરીક્ષાર્થી કે જેમના દ્વારા પરીક્ષા હોલની દિવાલો અથવા બેન્ચીસનો ઉપયોગ વિગતો અંકીત કરીને કે જે પરીક્ષાને સમર્થન આપતા હોય પરંતુ તેમના દ્વારા તેમાંથી નકલ કરવામાં આવેલ ન હોય. | |
| ૩ | પરીક્ષાર્થી કે જેમના દ્વારા પરીક્ષાના નિયમોનો ભંગ પરીક્ષાના નિરીક્ષકને અથવા સંયોજક સાથે ગેરવર્તણૂંક , અપમાનીત અને ધમકી આપીને કરવામાં આવેલ હોય | |
| ૪ | પરીક્ષાર્થી કે જે નીચેના બિનપરવાનગીદાયક સામગ્રી અથવા સાધન સાથે પરીક્ષામાં પકડાય પરંતુ તેમના દ્વારા તેની વિગતોની નકલ તેમની જ્વાબપત્રીકામાં કરવામાં આવેલ ન હોય ઃ પેપર્સ,સાધન કે જે પ્રશ્નપત્રને સંબંધિત ,હાથથી લખેલી નોંધ,ચોપડીમાના પાના અથવા ફોટા ,હાથરુમાલ ઉપર કાંઇપણ લખવામાં આવેલ હોય અથવા તેમના કપડા ઉપર ,ફુટપટ્ટી ઉપર લખવામાં આવેલ નોંધ અથવા સ્લાઇડ નિયમ વિગેરે. | પરીક્ષાર્થી કે જે આવા પ્રકારની ગેરવ્યાજબી સાધન માં સંડોવાયેલ હોય તેમને ઝીરો ગુણ સંબંધિત વિષયમાં આપવામાં આવશે અને રુ. ૫૦૦/- દંડ તરીકે જમા લેવામાં આવશે . જો પરીક્ષાર્થી ગેરવ્યાજબી સાધન માટે ગુનેગાર સાબિત થાય તો ડીપોઝીટ પરત કરી શકાશે નહી |
| ૫ | પરીક્ષાર્થી કે જેમના દ્વારા પરીક્ષા હોલની દિવાલો અથવા બેન્ચીસનો ઉપયોગ વિગતો અંકીત કરીને કે જે પરીક્ષાને સમર્થન આપતા હોય પરંતુ તેમના દ્વારા તેમાંથી નકલ કરવામાં આવેલ ન હોય. | |
| ૬ | પરીક્ષાર્થી કે જે અન્ય પરીક્ષાર્થીની જ્વાબ પત્રીકામાંથી નકલ કરતા પકડાય. | |
| ૭ | પરીક્ષાર્થી કે જે અન્ય પરીક્ષાર્થીને તેમની જ્વાબ પત્રીકામાંથી નકલ કરવામાં મદદ કરે. | |
| ૮ | પરીક્ષાર્થી કે જે અન્ય પરીક્ષાર્થીને તેમની | |

| | | |
|---|---|---|
| | જવાબપત્રીકામાંથી નકલ કરવામાં પરવાનગી આપે છે | |
| ૯ | પરીક્ષાર્થી કે જે પોતાની જવાબપત્રીકા અથવા પ્રશ્નપત્ર લખેલા જવાબ સાથે બદલતા પકડાય. | પરીક્ષાર્થી કે જે આવા પ્રકારની ગેરવ્યાજબી સાધન માં સંડોવાયેલ હોય તેમને ઝીરો ગુણ સંબંધિત વિષયમાં આપવામાં આવશે અને રૂ. ૫૦૦/- દંડ તરીકે જમા લેવામાં આવશે . જો પરીક્ષાર્થી ગેરવ્યાજબી સાધન માટે ગુનેગાર સાબિત થાય તો ડીપોઝીટ પરત કરી શકાશે નહી |
| ૧૦ | પરીક્ષાર્થી કે જેમના ઉપર નકલ કરવાનો આરોપ નિરીક્ષકના અહેવાલમાં કરવામાં આવેલ હોય. | |
| ૧૧ | પરીક્ષાર્થી કે જે પરીક્ષા કેન્દ્ર/પરીક્ષા હોલમાં સમુહમાં નકલ કરવા માટે ગુનેગાર માલમ પડે. | |
| ૧૨ | નિરીક્ષક કે જે પરીક્ષા કેન્દ્ર/પરીક્ષા હોલમાં સમુહમાં નકલ કરાવવામાં અથવા અન્ય ગેરવ્યાજબી સાધન વપરાવતા માલમ પડે. | ગુનાની ગંભીરતાના આધારે (FACT) દ્વારા સીન્ડીકેટને સજાની ભલામણ કરવામાં આવશે. |
| ૧૩ | પરીક્ષાર્થી કે જે પરીક્ષા હોલની બહારના સ્ત્રોત તરફથી જવાબપત્રીકા સાથે પકડાય. | પરીક્ષાર્થીનુ પરિણામ કે જે આવા પ્રકારની ગેરવ્યાજબી સાધનનો ઉપયોગ કરવામાં સંકળાયેલ હોય તેને રદ કરવામાં આવશે અને રૂ. ૧૦૦૦/- દંડ તરીકે જમા લેવામાં આવશે . જો પરીક્ષાર્થી ગેરવ્યાજબી સાધન માટે ગુનેગાર સાબીત થાય તો ડીપોઝીટ પરત કરી શકાશે નહી |
| ૧૪ | પરીક્ષાર્થી કે જે મુખ્ય જવાબપત્રીકા અથવા પુરવણી જવાબ પત્રીકા પરીક્ષા હોલની બહાર લઇ જવાનો પ્રયત્ન કરે. | |
| ૧૫ | પરીક્ષાર્થી કે જે તેમની જવાબપત્રીકા જે તે નિરીક્ષકને આપે નહીં અને તેને બહાર લઇ જાય. | |
| ૧૬ | પરીક્ષાર્થી કે જેમના દ્વારા પરીક્ષાનું સમર્થન કરતી સામગ્રી અન્ય પરીક્ષાર્થી પાસેથી ઝુટી લેવામાં આવે. | |
| ૧૭ | પરીક્ષાર્થી કે જે નિશાની ભાષાથી હાવભાવથી અથવા મૌખિક રીતે અન્ય પરીક્ષાર્થી સાથે નિરીક્ષક દ્વારા ચેતવણી આપવા છતાં શેર કરવામાં આવે. | પરીક્ષાર્થી કે જે આવા પ્રકારની ગેરવ્યાજબી સાધન માં સંડોવાયેલ હોય તેમને ઝીરો ગુણ સંબંધિત વિષયમાં આપવામાં આવશે અને રૂ. ૫૦૦/- દંડ તરીકે જમા લેવામાં આવશે . જો પરીક્ષાર્થી ગેરવ્યાજબી સાધન માટે ગુનેગાર સાબીત થાય તો ડીપોઝીટ પરત કરી શકાશે નહી |
| ૧૮ | અસલ પરીક્ષાર્થી કે જેમને માટે બનાવટી પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા લેવામાં આવે. | નોંધાયેલા પરીક્ષાર્થીનું પરિણામ રદ કરવામાં આવશે અને તેમના અન્ય કોલેજમાં પ્રવેશ લેવા ઉપર અથવા ૩ વર્ષના ગલ દરમ્યાન કોઇ પરીક્ષા લેવા માટે અથવા છ સત્રો માટે પ્રતિબંધ લાદવામાં આવશે |
| ૧૯ | બનાવટી પરીક્ષાર્થી કે જે પરીક્ષા હોલ માંથી મળી આવે અસલ પરીક્ષાર્થી તરફે, જો બનાવટી પરીક્ષાર્થી એક જ યુનીવર્સી ટીમાંથી હોય અને અન્ય યુનિવર્સિટી | બનાવટી પરીક્ષાર્થીનું પરિણામ રદ કરવામાં આવશે અને તેમના અન્ય કોલેજમાં પ્રવેશ લેવા ઉપર અથવા ૩ વર્ષના ગલ દરમ્યાન કોઇ પરીક્ષા લેવા માટે અથવા છ સત્રો માટે પ્રતિબંધ લાદવામાં |

| | | |
|---|---|---|
| | પરીક્ષામાંથી પણ હાજર થયેલા હોય અને જો આરોપ પુરવાર થયેલ હોય | આવશે. |
| ૨૦ | બનાવટી પરીક્ષાર્થી કે જે પરીક્ષા હોલ માંથી મળી આવે અસલ પરીક્ષાર્થી તરફે, જો આવા બનાવટી પરીક્ષાર્થી આ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલ હોય | તેમની વિરુધ્ધ કેસ ફાઇલ કરવાનો રહેશે અને તેવા બનાવટી પરીક્ષાર્થીની ડીગ્રી રદ કરવા માટે ભલામણ કરવાની રહેશે. |
| ૨૧ | બનાવટી પરીક્ષાર્થી કે જે પરીક્ષા હોલ માંથી મળી આવે અસલ પરીક્ષાર્થી તરફે, જો આવા બનાવટી પરીક્ષાર્થી અન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલ હોય. | તેમની વિરુધ્ધ કેસ ફાઇલ કરવાનો રહેશે અને તેવા બનાવટી પરીક્ષાર્થીની ડીગ્રી રદ કરવા માટે સંબંધિત યુનિવર્સિટીને ભલામણ કરવાની રહેશે. |
| ૨૨ | બનાવટી પરીક્ષાર્થી કે જે પરીક્ષા હોલ માંથી અસલ પરીક્ષાર્થી તરફે મળી આવે, જો બનાવટી પરીક્ષાર્થી અન્ય યુનિવર્સિટી માંથી હોય અને યુનિવર્સિટીની પરીક્ષા માટે અન્ય યુનિવર્સિટીમાં હાજર પણ થયેલ હોય અને આરોપ પુરવાર થયેલ હોય. | તેમની વિરુધ્ધ કેસ ફાઇલ કરવાનો રહેશે અને તેવા બનાવટી પરીક્ષાર્થીની ડીગ્રી રદ કરવા માટે સંબંધિત યુનિવર્સિટીને ભલામણ કરવાની રહેશે |
| ૨૩ | પરીક્ષા કેન્દ્રમાં ગેરવર્તણૂંક એટલે કે શારીરિક અથવા મોઢેથી બોલીને હિંસા કરવામાં આવે અને જીવલેણ હથિયાર સાથે રાખવામાં આવે. | યુનિવર્સિટીએ પરક્ષિાર્થીનું પરિણામ રદ કરવાનુ રહેશે અને તેમની વિરુધ્ધ કેસ દાખલ કરવાનો રહેશે અને તેમને કાયમી તમામ પરીક્ષા ઉપર પ્રતિબંધ લાદવામાં આવશે. |
| ૨૪ | પરીક્ષાર્થી કે જે જ્વાબપત્રીકામાં બ્લ્યુ કલરની શાહી સિવાય અન્ય કલરની શાહીથી લખે . | પરીક્ષાર્થી ગુપ્તતાના નિયમના ભંગ માટે ગુનેગાર ઠરશે અને તેમનું પરિણામ રદ કરવામાં આવશે. |
| ૨૫ | પરીક્ષાર્થી કે જે જ્વાબપત્રીકામાં તેમને પાસ કરવા માટે લેખિતમાં વિનંતી કરે અથવા જ્વાબપત્રકમાં ચલણી નોટ રાખીને પરીક્ષકને લાંચ આપવાની કોશીશ કરે. | પરીક્ષાર્થી કે જે આવા પ્રકારની ગેરવ્યાજબી સાધન માં સંડોવાયેલ હોય તેમને ઝીરો ગુણ સંબંધિત વિષયમાં આપવામાં આવશે અને રુ.૫૦૦/- દંડ તરીકે જમા લેવામાં આવશે . જો પરીક્ષાર્થી ગેરવ્યાજબી સાધન માટે ગુનેગાર સાબીત થાય તો ડીપોઝીટ પરત કરી શકાશે નહી |
| ૨૬ | પરીક્ષાર્થી કે જે જ્વાબપત્રીકા પરીક્ષાના નિરીક્ષકને પરત આપે નહીં અને પરીક્ષા હોલ છોડી ને જતા રહે અથવા જ્વાબપત્રીકા ફાડી નાંખે . | સદર પરીક્ષાર્થીનુ પરીણામ રદ કરવામાં આવશે અને પરીક્ષાર્થીને ૨ સત્ર માટે અથવા ૧ વર્ષ માટે કોલેજ અથવા યુનિવર્સિટીમાં કોઇ પરીક્ષા આપવા માટે પ્રતિબંધ મૂકવામાં આવશે .પરીક્ષાર્થીએ રુ. ૨૦૦૦/-ડીપોઝીટ જમાં કરાવવાના રહેશે અને જો પરીક્ષાર્થી ગુનેગાર સાબીત થાય તો ડીપોઝીટ પરત કરવામાં આવશે નહીં. |
| ૨૭ | તે બાબતોમાં કે જ્યાં પરીક્ષાર્થીના વાલી , માતાપિતા અથવા પ્રતિનિધીઓ અથવા અન્ય વ્યક્તિ પરીક્ષકને અપમાનજનક પત્ર લખે અને તેમને પરીક્ષાર્થીને પાસ કરવા દબાણ કરે. | સદર પરીક્ષાર્થીનું પરિણામ રદ કરવામાં આવશે અને પરીક્ષાર્થીને ૨ સત્ર માટે અથવા ૧ વર્ષ માટે કોલેજ અથવા યુનિવર્સિટીમાં કોઇ પરીક્ષા આપવા માટે પ્રતિબંધ મૂકવામાં આવશે .પરીક્ષાર્થીએ રુ. ૧૦૦૦/-ડીપોઝીટ જમાં કરાવવાના રહેશે અને જો |

| | | |
|---|---|---|
| | | પરીક્ષાર્થી ગુનેગાર સાબિત થાય તો ડીપોઝીટ પરત કરવામાં આવશે નહીં. |
| ૨૮ | તે બાબતોમાં કે જ્યાં પરીક્ષાના નિરીક્ષક અથવા અન્ય કોઇ વ્યક્તિરીપોર્ટ કરે કે પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હોલ ઘણા લાંબા સમયથી છોડી દેવામાં આવેલ અને ગેરકાયદેસર વ્યક્તિને મળીને જવાબ લખવામાં આવેલ હોય. | સદર પરીક્ષાર્થીનું પરીણામ રદ કરવામાં આવશે અને પરીક્ષાર્થીને ૨ સત્ર માટે અથવા ૧ વર્ષ માટે કોલેજ અથવા યુનિવર્સિટીમાં કોઇ પરીક્ષા આપવા માટે પ્રતિબંધ મૂકવામાં આવશે. પરીક્ષાર્થીએ રુ. ૧૦૦૦/-ડીપોઝીટ જમાં કરાવવાના રહેશે અને જો પરીક્ષાર્થી ગુનેગાર સાબીત થાય તો ડીપોઝીટ પરત કરવામાં આવશે નહીં. |
| ૨૯ | તે બાબતોમાં કે જ્યાં પરીક્ષાના નિરીક્ષકને મોબાઇલ ફોન અથવા અન્ય કોઇ ઇલેક્ટ્રોનીક સાધન પરિક્ષાર્થીના ખીસામાંથી અથવા તેમની સીટની બાજુમાંથી મળે. | પરીક્ષાર્થી કે જે આવા પ્રકારની ગેરવ્યાજબી સાધન માં સંડોવાયેલ હોય તેમને ઝીરો ગુણ સંબંધીત વિષયમાં આપવામાં આવશે અને રૂા.૫૦૦/- દંડ તરીકે જમા લેવામાં આવશે. જો પરીક્ષાર્થી ગેરવ્યાજબી સાધન માટે ગુનેગાર સાબીત થાય તો ડીપોઝીટ પરત કરી શકાશે નહી |
| ૩૦ | પરીક્ષાર્થી કે જેમના દ્વારા પરીક્ષાના બારકોડ સાથે ચેડા કરવામાં આવેલ હોય. | પરીક્ષાર્થી કે જે આવા પ્રકારની ગેરવ્યાજબી સાધન માં સંડોવાયેલ હોય તેમને ઝીરો ગુણ સંબંધિત વિષયમાં આપવામાં આવશે અને રૂા.૫૦૦/- દંડ તરીકે જમા લેવામાં આવશે. જો પરીક્ષાર્થી ગેરવ્યાજબી સાધન માટે ગુનેગાર સાબીત થાય તો ડીપોઝીટ પરત કરી શકાશે નહી |
| ૩૧ | પરીક્ષાર્થી કે જે ઇરાદાપૂર્વક ખાનગી ઓળખ નિશાની કરે અને પરીણામ જાહેર થયા બાદ પકડાય જાય. | પરીક્ષાર્થી કે જે આવા પ્રકારની ગેરવ્યાજબી સાધન માં સંડોવાયેલ હોય તેમને ઝીરો ગુણ સંબંધિત વિષયમાં આપવામાં આવશે અને તેમને ૧ સત્ર અથવા ૧ સેમીસ્ટર માટે કોલેજ યુનિવર્સિટીમાં પરીક્ષા આપવા માટે પ્રતિબંધીત કરવામાં આવશે. વધુમાં પરીક્ષાર્થી પાસેથી રુ.૫૦૦/- દંડ તરીકે જમા લેવામાં આવશે. જો પરીક્ષાર્થી ગેરવ્યાજબી સાધન માટે ગુનેગાર સાબીત થાય તો ડીપોઝીટ પરત કરી શકાશે નહી |
| ૩૨ | પરીક્ષાના પેપરો લીક કરવા માટે કાવતરુ ઘડવાની બાબતમાં અથવા યુનિવર્સિટી પરીક્ષા સંચાલનમાં અતિક્રમણ કરવા બાબત. | ૧. જો પરીક્ષાર્થીને ડીગ્રી આપવામાં આવેલ હોય તો તે પરત લેવામાં આવશે.<br>૨. ચાલુ પરીક્ષાર્થીને કાયમ માટે અથવા ૫ વર્ષના સમય માટે પ્રતિબંધિત કરવામાં આવશે.<br>ઉપરોક્ત ૧ અથવા ૨ ના કોઇપણ સુધારાવાદી પગલાં લેતાં પહેલાં આ ગેરવ્યાજબી સાધનની ગંભીરતાને ધ્યાનમાં લેવામાં આવશે. |
| ૩૩ | પરીક્ષાર્થી કે જે એક વખત ગેરવ્યાજબી સાધન વાપરવામાં ગુનેગાર ઠરેલા હોય અને ફરીથી તેમની ગેરવર્તણૂંકને કારણે ૩ વર્ષ દરમ્યાન પકડાય. | સદર પરક્ષિાર્થીનુ પરીણામ રદ કરવામાં આવશે અને પરીક્ષાર્થીને ૩ વર્ષ માટે કોલેજ અથવા યુનિવર્સિટીમાં કોઇ પરીક્ષા આપવા માટે પ્રતિબંધ મૂકવામાં આવશે અને યુનિવર્સિટીએ તે ખાતરી |

| | | |
|---|---|---|
| | | કરવાની રહેશે કે પરીક્ષાર્થીને અન્ય બીજી કોઇ ડીગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મળશે નહીં કે જે અન્ય કોઇ યુનિવર્સિટી દ્વારા ઓફર કરવામાં આવેલ હોય. |
| ૩૪ | અન્ય ગેરવ્યાજબી સાધનો માટે અથવા અન્ય ઉપરોક્ત સિવાયના ગુનાઓ માટે | FACT સીન્ડીકેટને પેનલ્ટી માટે ભલામણ કરશે. |
| | | |

| | |
|---|---|
| અ ૧૮૪[૧૦] | **પરીક્ષાના કામમાં શિક્ષક દ્વારા કરવામાં આવેલ ભૂલ ઃ**<br>ગેરવર્તણૂંકન ાવપરાશ બાબતે અહેવાલ મળયેથી અથવા કોઇ પેપર સેટર, પરક્ષિક, મોડરેતર, રેફરી, શિક્ષક અથવા અન્ય કોઇ વ્યકિત કે જે યુનિવર્સિટી અથવા કોલેજો અથવા માન્ય સંસ્થાઓ દ્વારા લેવામાં આવતી પરીક્ષા સાથે સંકળાયેલા હોય જેમાં પરીક્ષાના યોગ્ય શેતે લેવા માટેના નિયમોના ભંગ સામેલ છે, તો સિન્ડીકેટને કોઇપણ સમયે તપાસ કરવા માટે અને જો તે ગુનેગાર સાબિત થાય તો આવી ગેરરીતિ અથવા ભૂલ માટે સજા કરવા માટેની સત્તા છે અને તે પેપર સેટર,પરીક્ષક,મોડરેટર,રેફરી,શિક્ષકને  અથવા અન્ય સંબધિત કોઇ વ્યકિતને કે જે  પરીક્ષા સાથે સંકળાયેલા હોય તેમને કોઇ પરીક્ષાના કામમાંથી કાયમી અથવા વિશિષ્ટ સમય માટે ગેરલાયક જાહેર કરીને અથવા તેમનો કેસ સંબંધિત સત્તાધીશને સંબોધીને એવા શિસ્તના પગલા નિયમ મુજબ  ભરવા કે જે તેમને યોગ્ય લાગે અથવા ઉપર જણાવેલા  કોઇપણ બે અથવા વધારે રીતે. |
| અ ૧૮૫[૧૧] | યુનિવર્સિટી અને કોલેજોમાં શિક્ષકની અને શૈક્ષણીક સ્ટાફ નિમણૂંક માટે લઘુત્તમ લાયકાત યુજીસીના અધિનીયમના અનુસંધાનમાં અને ઉચ્ચ શિક્ષણના ધોરણોની જાળવણીના પગલા ભારતના ગેજેટમાં તા. ૧૮.૭ ૨૦૧૮ ના રોજ પ્રકાશિત કરવામાં આવેલ છે જોકે તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાયદો,૧૯૬૫ સાથે વિસંગત નથી, અધ્યાદેશ ૧૬૫ ની પુર્ણ સમયના શિક્ષકની સેવા અથવા તેમના અન્ય સ્ટાફના સભ્યો અને તેમની સંલગ્ન કોલેજોની શાસકીય શરતો અને બોલીઓ નીચે મુજબ  રહેશે.<br>વધુમાં, હાલના હયાત અધ્યાદેશમાં કોઇ વિગત અથવા મુદદો અને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના કાયદાઓ કે જે પ્રતિબિંબિત થતા નથી અથવા તેમને સંબોધવામાં આવેલ નથી યુનિવર્સિટી અને કોલેજોમાં શિક્ષકની અને શૈક્ષણિક સ્ટાફ નિમણૂંક માટે લઘુત્તમ લાયકાત યુજીસીના અધિનીયમમાં અને ઉચ્ચ શિક્ષણના ધોરણો ની જાળવણીના પગલા ભારતના ગેજેટમાં તા. ૧૮.૭ ૨૦૧૮ ના રોજ પ્રકાશિત કરવામાં આવેલ છે તેને અમલ વધુ ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે. |
| ૧.૦ | **વ્યાપ ઃ**<br>આ અધિનિયમો યુનિવર્સિટી અને કોલેજોમાં શિક્ષકની અને શૈક્ષણિક સ્ટાફ નિમણૂંક માટે લઘુત્તમ લાયકાત માટે અને  ગ્રંથાધ્યક્ષ, શારીરિક શિક્ષણના નિયામક અને  રમતગમત માટે ઉચ્ચ શિક્ષણના ધોરણો જાળવવા અને |

| | |
|---|---|
| | પગારના ધોરણમાં સુધારો કરવા બહાર પાડવામાં આવેલ છે. |
| ૧.૧ | શૈક્ષણિક હોદદા માટે પ્રત્યક્ષ ભરતીના હેતુ માટે યુનિવર્સિટી અને કોલેજ શિક્ષણ, અન્ય બાબતો સાથે આરોગ્ય/દવા/વિશિષ્ટ શિક્ષણ/કૃષી, પશુચિકિત્સા અને તેના જેવા સરખા ક્ષેત્રો, ટેકનીકલ શિક્ષણ/શિક્ષક શિક્ષણ, ધોરણો સત્તાધીશો પાર્લામેન્ટના સંબંધિત કાયદા થકી બંધારણના આર્ટીકલ ૨૪૬ હેઠળ સંસ્થામાં ઉચ્ચ શિક્ષણ અથવા સંશોધન અને વૈજ્ઞાનીક અને ટેકનીકલ સંશ્થાઓમાં ધોરણો નકકી કરવા અને સહકારના હેતુ માટે બનાવવામાં આવેલ છે જે અમલમાં રહેશે.<br>૧\| જોકે આવા કોઇ ધોરણો કોઇ નિયમનકારી સત્તાધીશ /યુજીસી અધિનિયમો દ્વારા બનાવવામાં આવેલ ન હોય તે તેટલા સમય સુધી લાગુ પડશે જ્યાં સુધી કોઇ ધોરણો યોગ્ય નિયમનકારી સત્તાધીશ દ્વારા નિયત કરવામાં આવે.<br>૨\| વધુમાં જોકે, શિસ્ત સંબંધીત મદદનિશ પ્રાધ્યાપક અને સરખા હોદદાની નિમણૂંક કે જેમાં રાષ્ટ્રીય યોગ્યતા પરીક્ષણ (NET )કે જે યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન દ્વારા અથવા કાઉન્સીલ ઓફ સાયન્ટીફીક અને ઇન્ડસ્ટ્રીઅલ રીસર્ચ જ`કેસ હોય તે દ્વારા લેવામાં આવે અથવા રાજ્ય કક્ષા યોગ્યતા પરીક્ષણ(SLET) અથવા રાજ્ય યોગ્યતા પરીક્ષણ (SET)કે જે તે બોડી દ્વારા લેવામાં આવે જેને યુજીસી દ્વારા માન્યતા પ્રાપ્ત થઇ હોય . |
| ૧.૨ | દરેક યુનિવર્સિટી અથવા સંસ્થા કાયદામાં યુનિવર્સિટી છે, જે કેસ હોય તે, બનતી ત્વરાએ પરંતુ આ નિયમો અમલમાં આવ્યાના ૬ માસની અંદર કાયદામાં, અધ્યાદેશમાં, અથવા અન્ય કાયદાકીય જોગવાઇઓ કે જે તેને શાસકીય હોય તેના સુધાર માટે અસરકારક પગલા લેશેકે જેથી તેને આ નિયમો મુજબ અનુરૂપ બનાવી શકાય. |
| ૨.૦ | **પગાર , પગાર નિયત કરવાનું અને સુપરએન્યુએશનની ઉંમર :**<br>ભારત સરકાર દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ પગારના ધોરણ યુનિવર્સિટી દ્વારા સ્વીકારાશે.<br>ગ્રાન્ટસ (અનુદાન) કમીશન |
| ૨.૧ | ખાલી જગ્યાની ઉપલબ્ધી અને યોગ્યતા/શિક્ષકો જેવા કે ફકત મદદનિશ પ્રાધ્યાપક, સહાયક પ્રાધ્યાપક, પ્રાધ્યાપક અને વરીષ્ટ પ્રાધ્યાપકને ફરીથી કરાર ઉપર સુપરએન્યુએશની વય સિવાય નિમણૂંક ૭૦ વર્ષ સુધી આપી શકશે કે જે |

| | |
|---|---|
| | સંબંધીત યુનિવર્સિટી, કોલેજ અને સંસ્થાને લાગુ પડતુ હોય,<br><br>જોકે વધુમાં આવી તમામ ફરી નિમણૂંકો યુજીસી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ સખત અમલ કરવામાં આવશે |
| ૨.૨ | પગારમાં થયેલ સુધારાનો અમલ તા. ૧.૧.૨૦૧૬થી કરવાનો રહેશે. |
| ૩.૦ | નિયુક્તિ અને લાયકાત ઃ |
| ૩.૧ | યુનિવર્સિટી, કોલેજ અને સંસ્થામાં મદદનિશ પ્રાધ્યાપક, સહાયક પ્રાધ્યાપક, પ્રાધ્યાપક અને વરીષ્ઠ પ્રાધ્યાપકની પોસ્ટ માટે પ્રત્યક્ષ નિમણૂંક ગુણ આધારે ઓલ ઈંડીયા જાહેરાત થકી યોગ્ય રીતે આ અધિનિયમની જોગવાઈ હેઠળ નિમવામાં આવેલ પસંદગી સમિતિની પસંદગીને અનુસરીને કરવાની રહેશે આ જોગવાઇઓ અધ્યાદેશમાં, કાયદામાં સંબંધીત યુનિવર્સિટી દ્વારા સમાવિષ્ટ કરવામાં આવશે આવી સમિતિની રચના આ અધિનિયમમાં નિર્દિષ્ટ કરવાની રહેશે. |
| ૩.૨ | મદદનિશ પ્રાધ્યાપક, સહાયક પ્રાધ્યાપક, પ્રાધ્યાપક. વરીષ્ઠ પ્રાધ્યાપક, આચાર્ય, સહાયક ગ્રંથાધ્યક્ષ,ઉપ ગ્રંથાધ્યક્ષ, સહાયક નિયામક શારીરીક શિક્ષણ અને રમતગમત અને શારીરિક શિક્ષણ અને રમતગમત નિયામકની પોસ્ટ માટે લઘુત્તમ લાયકાત યુજીસી દ્વારા આ અધિનિયમામાં નિર્દિષ્ટ કરવામાં આવશે |
| ૩.૩<br>૧ | નેટ અથવા માન્યતા ટેસ્ટ રાજ્ય સ્તરે પાત્રતા ટેસ્ટ SLET/SET ની લઘુત્તમ પાત્રતા મદદનિશ પ્રાધ્યાપક ની નિમણૂંક માટે અને સરખા હોદ્દા માટે આ અધિનિયમમાં જ્યાં પણ આપવામાં આવેલ હોય તેમની લઘુત્તમ પાત્રતા રહેશે. વધુમાં યુનિવર્સિટીઓ, કોલેજો,સંસ્થાઓ ફક્ત જેતે રાજ્યો માટે SLET/SET ની કાયદેસર લઘુત્તમ પાત્રતા પ્રત્યક્ષ નિમણૂંક માટે રહેશે.<br><br>જોકે, ઉમેદાવારો કે જેમને પી.એચ.ડી. ડીગ્રી યુનિવર્સિટી અનુદાન આયોગ (એમ.ફીલ, પીએચ.ડી.ડીગ્રી આપવા માટેના લઘુત્તમ ધોરણો અને પધ્ધતી) રેગ્યુલેશન ૨૦૦૯ મુજબ આપવામાં આવેલ હોય અથવા યુનિવર્સિટી અનુદાન આયોગ(એમ.ફીલ,પી.એચ.ડી.ડીગ્રી આપવા માટેના લઘુત્તમ ધોરણો અને પધ્ધતી) રેગ્યુલેશન ૨૦૧૬ મુજબ અને તેમા વખતોવખત પછીથી કરવામાં આવેલ સુધારાઓ ,જે કેસ હોય તે, તેને NET/SLETY/SET ની લઘુત્તમ |

| | |
|---|---|
| | પાત્રતાની જુરીયાત શરતમાંથી મદદનિશ પ્રાધ્યાપક અથવા તેમની સરખા હોદદા માટે કોઇ યુનિવર્સિટી/કોલેજ અથવા સંસ્થામાં મુકિત આપવાની રહેશે.<br><br>વધુમાં, જોકે, એમ.ફીલ, પી.એચ.ડી. કાર્યક્રમ માટે નોંધવામાં આવેલા ઉમેદવારો જુલાઇ ૧૧, ૨૦૦૯ પહેલાનાને ડીગ્રી આપવા માટે, પછીના સંસ્થાના હયાત અધ્યાદેશો, બાયલોઝ, અધિનિયમોની જોગવાઇઓથી શાસીત રહેશે કે જે ડીગ્રી આપતા હોય. આવા તમામ પી.એચ.ડી. ઉમેદાવારોને મદદનિશ પ્રાધ્યાપક અથવા સરખા હોદદા માટે યુનીવર્સીટી, કોલેજ અથવા સંસ્થામાં નિમણૂંક માટેની NET/SLETY/SET ની જુરીયાતમાંથી નીચેની શરતોના પાલનને આધીન મુકિત આપવાની રહેશે.<br>એ. ઉમેદવારની પી.એચ.ડી.ડીગ્રી ફક્ત નિયમિત ઢબમાં આપવામાં આવેલ હોવી જોઇએ.<br>બી. પી.એચ.ડી.મહાનિબંધ ઓછામાં ઓછા ૨ બહારના પરીક્ષક દ્વારા આપવામાં આવેલ હોવા જોઇએ.<br>સી. ઉમેદવારની પી.એચ.ડી. ઓપન વાઇવાવોસ લેવામાં આવેલ હોવી જોઇએ.<br>ડી. ઉમેદવાર દ્વારા બે સંશોધન પેપરો તેમના પી.એચ.ડી. કામમાંથી પ્રકાશિત કરેલા હોવા જોઇએ જેમાથી ઓછામા ઓછુ એક સંદર્ભિત જરનલમાં હોવુંજોઇએ.<br>ઇ. ઉમેદવાર દ્વારા ઓછામાં ઓછા બે પેપરો કે જે પીએચડી.કામના આધારે યુજીસી ,આઇસીએસએસઆર ,સીએસઆઇઆર અથવા તેવી સરખી એજન્સી ના સેમીનાર કે કોન્ફરન્સમાં રજુ કરેલા હોવા જોઇએ.<br>આ શરતોના પાલનને કુલસચિવ દ્વારા અથવા સંબંધીત યુનિવર્સિટીના વડા(શૈક્ષણિક બાબતો) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોવા જોઇએ. |
| ૨ | એવા શિસ્તમાં NET/SLET/SET ની ટેસ્ટ પાસ કરવાની જુરીયાત ઉમેદવાર માટે નથી કે જેને માટે NET/SLET/SET ની ટેસ્ટ લેવામાં આવતી ન હોય. |
| ૩.૪ | લઘુત્તમ ૫૫ ટકા ગુણ અથવા સરખા ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યારે પણ ગ્રેડ વ્યવસ્થા ને અનુસરવામાં આવે માસ્ટર સ્તરે જે શિક્ષકો અને અન્ય સરખા સંવર્ગ માટે જુરી લાયકાત રહેશે. |
| ૧ | સ્નાતક તેમજ માસ્ટર્સ સ્તરે ૫ ટકાની રાહત ઉમેદવારો કે જે અનુસુચીત જાતી અથવા અનુસુચીત જનજાતી અન્ય પછાત વર્ગો ઓબીસી ,નોનક્રીમીલેયર અલગથી સક્ષમ (એ)અંધ અને ઓછી દ્રષ્ટી (બી) બહેરા અને ઓછુ સાંભળતા (સી)હલનચલનમાં ખામી જેમા મગજનો લકવો,રક્તપિત્ત સારો થઇ જવો, |

| | |
|---|---|
| | ઠીંગણાપણું, એસીડ એટેકગ્રસ્ત અને મસક્યુલર ડીસ્ટ્રોફી (ડી) ઓટીઝમ, બુધ્ધીગમ્ય ખામી, વિશિષ્ટ શીખવામાં ખામી અથવા માનસિક બિમારી (ઈ) એ થી ડી માંના વ્યક્તિઓમાં બહુવિધ ખામીઓ જેમાં બહેરાપણું અને અંધતા સામેલ છે પાત્રતાના હેતુ માટે અને સારા શૈક્ષીણક રેકોર્ડની આકારણી પ્રત્યક્ષ નિમણુંક માટે. પાત્રતા માર્ક ૫૫ ટકા અથવા સરખા ગ્રેડ પોઈન્ટ સ્કેલમાં જ્યારેપણ ગ્રેડ વ્યવસ્થા ને અનુસરવામાં આવે અને ૫ટકાની રાહત કે જે ફક્ત લાયક ગુણોના આધારે જેમાં વધારાના માર્કની પધ્ધતિ સામેલ કર્યા વગર ઉપરોક્ત વર્ગોમાં અનુમતિપાત્ર છે. |
| ૩.૫ | ૫ ટકાની રાહત (૫૫ ટકાથી ૫૦ ટકાસુધીના માર્ક માટે) પી.એચ.ડી.ડીગ્રી ધારકો કે જેમણે તેમની માસ્ટર્સ ડીગ્રી ૧૯.૦૯.૧૯૯૧ પહેલા લેવામાં આવેલ હોય તેમને આપવામાં આવશે |
| ૩.૬ | સંબંધિત ગ્રેડ કે જેને ૫૫ ટકા સાથે સરખા ગણવામાં આવેલ હોય જ્યારેપણ ગ્રેડીંગ વ્યવસ્થા માન્ય યુનિવર્સિટી દ્વારા માસ્ટર્સ સ્તરે અનુસરવામાં આવે તેને પણ કાયદેસર ગણવામાં આવશે. |
| ૩.૭ | પ્રાધ્યાપકની પોસ્ટ માટેની નિમણૂંક અને બઢતી માટે પી.એચ.ડી.ની ડીગ્રી ફરજીયાત લાયકાત રહેશે. |
| ૩.૮ | સહાયક પ્રાધ્યાપકની પોસ્ટ માટેની નિમણૂંક અને બઢતી માટે પી.એચ.ડી.ની ડીગ્રી ફરજીયાત લાયકાત રહેશે. |
| ૩.૯ | મદદનિશ પ્રાધ્યાપક ની પોસ્ટ માટેની બઢતી માટે પી.એચ.ડી.ની ડીગ્રી યુનિવર્સિટીમાં ફરજીયાત લાયકાત રહેશે. (પસંદગી ગ્રેડ, શૈક્ષણીક સ્તર ૧૨) |
| ૩.૧૦ | મદદનિશ પ્રાધ્યાપક ની પોસ્ટ માટેની પ્રત્યક્ષ નિમણૂંક માટે પી.એચ.ડી.ની ડીગ્રી યુનિવર્સિટીઓમાં તા. ૧.૭ ૨૦૨૧ થી ફરજીયાત લાયકાત રહેશે. |
| ૩.૧૧ | ઉમેદવારો દ્વારા એમ.ફીલ અને અથવા પી.એચ.ડી.ની ડીગ્રી માટે લેવામાં આવેલ સમયને શિક્ષણ/સંશોધન અનુભવ તરીકે ધ્યાનમાં લેવામાં આવશે નહી કે જેને શિક્ષણ હોદ્દા માટેની નિમણૂંક માટે દાવો કરવામાં આવે છે વધુમાં સક્રીય સેવાનો સમય કે જે સંશોધન ડીગ્રી મેળવવા માટે પસાર કરવામાં આવેલ હોય સાથે શિક્ષણના એસાઈનમેન્ટો કોઈપણ પ્રકારની રજા લીધા વગર તેને શિક્ષણના અનુભવ તરીકે પ્રત્યક્ષ નિમણુંક/બઢતીના હેતુ માટે ગણવાના |

| | |
|---|---|
| | રહેશે નિયમિત વિદ્યાશાખા સભ્ય કુલવિદ્યાશાખાની મજબૂતાઇના ૨૦ ટકા સુધી જેમાં તબીબી વિદ્યાશાખા માતૃત્વ રજાઓ બાદ કરતાને જે તે સંસ્થાઓ દ્વારા પી.એચ.ડી.ડીગ્રીના અભ્યાસ માટે રજા લેવા મંજૂર કરવાના રહેશે. |
| ૩.૧૨ | **લાયકાત :**<br>કોઇપણ વ્યકિત યુનિવર્સિટી અને કોલેજના શિક્ષક,ગ્રંથાધ્યક્ષ અથવા શારીક શિક્ષણ અને રમતગમતના નિયામક તરીકે કોઇપણ યુનિવર્સિટીમાં અથવા કોઇ સંસ્થામાં જેમાં સંલગ્ન કોલેજો કે જેમને યુનિવર્સિટી અનુદાન આયોગ એક્ટ, ૧૯૫૬ ની કલમ ૨ ના કલોઝ  એફ હેઠળ માન્યતા પ્રાપ્ત હોય અથવા કોઇ સંસ્થા કે જે કાયદેસર યુનિવર્સિટી  હોય સદર કાયદાની કલમ ૩ હેઠળ જો આવી વ્યકિત યોગ્ય હોદ્દા માટેની લાયકાતની જરુરીયાત પરિપૂર્ણ કરે નહીં કે જે આ રેગ્યુલેશનના પરિશિષ્ટ ૧ માં આપવામાં આવેલ છે તેમની  નિમણૂંક કરવામાં આવશે નહીં. |
| ૪ | **પ્રત્યક્ષ નિમણૂંક :** |
| ૪.૧ | આર્ટસ, વાણિજ્ય, માનવતા, શિક્ષણ, કાનુન, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન, ભાષાઓ, ગ્રંથાલય વિજ્ઞાન, શારીરિક શિક્ષણ અને પત્રકારત્વ અને  માસ કોમ્યુનીકેશનના શિસ્ત માટે |
| ૧ | **મદદનિશ પ્રાધ્યાપકઃ**<br>પાત્રતા  એ અથવા બી |
| એ (૧) | માસ્ટર્સ ડીગ્રી ૫૫ ટકા માર્ક સાથે (અથવા જ્યારે પણ ગ્રેડીંગ વ્યવસ્થા માન્ય યુનિવર્સિટી દ્વારા માસ્ટર્સ સ્તરે અનુસરવામાં આવે) સંબંધિત,સંલગ્ન વિષયમાં ભારતીય યુનિવર્સિટીમાંથી અથવા સમાન ડીગ્રી માન્યતા પ્રાપ્ત ફોરેન યુનિવર્સિટી માંથી |
| (૨) | ઉપરોક્ત લાયકાતને આના સિવાય પરિપૂર્ણ કરીને, ઉમેદાવારે  યુજીસી અથવા સીએસઆઇઆર દ્વારા લેવામાં આવતી NET પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે અથવા એવી સમાન પરીક્ષા યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET અથવા જેમને પી.એચ.ડી.ની ડીગ્રી યુનીવર્સીટી અનુદાન આયોગ અધિનિયમ, ૨૦૦૯ મુજબ અથવા ૨૦૧૬ મુજબ અને તેમાં વખતોવખત કરવામાં આવેલા સુધારા મુજબ જેકેસ હોય તે તેમને NET /SLET/SET માંથી મુક્તિ આપી શકાશે.<br><br>જોકે, પી.એચ.ડી.કાર્યક્રમ માટે નોધવામાં આવેલા ઉમેદવારો જુલાઇ ૧૧, ૨૦૦૯ પહેલાનાને ડીગ્રી આપવા માટે, પછીના સંસ્થાના હયાત અધ્યાદેશો, |

| | |
|---|---|
| | બાયલોઝ, અધિનિયમોની જોગવાઇઓથી શાસિત રહેશે કે જે ડીગ્રી આપતા હોય. આવા તમામ પી.એચ.ડી. ઉમેદવારોને મદદનિશ પ્રાધ્યાપક અથવા સરખા હોદ્દા માટે યુનિવર્સિટી, કોલેજ અથવા સંસ્થામાં નિમણૂંક માટેની NET/SLETY/SET ની જરુરીયાતમાંથી નીચેની શરતોના પાલનને આધીન મુક્તિ આપવાની રહેશે.<br><br>એ. ઉમેદવારની પી.એચ.ડી.ડીગ્રી ફક્ત નિયમિત ઢબમાં આપવામાં આવેલ હોવી જોઇએ.<br>બી. પી.એચ.ડી.મહાનિબંધ ઓછામાં ઓછા ૨ બહારના પરીક્ષક દ્વારા આપવામાં આવેલ હોવા જોઇએ.<br>સી. ઉમેદવારની પી.એચ.ડી. ઓપન વાઇવાવોસ લેવામાં આવેલ હોવી જોઇએ.<br>ડી. ઉમેદવાર દ્વારા બે સંશોધન પેપરો તેમના પી.એચ.ડી. કામમાંથી પ્રકાશિત કરેલા હોવા જોઇએ જેમાંથી ઓછામા ઓછુ એક સંદર્ભીત જરનલમાં હોવુંજોઇએ.<br>ઇ. ઉમેદવાર દ્વારા ઓછામાં ઓછા બે પેપરો કે જે પી.એચ.ડી.કામના આધારે યુજીસી ,આઇસીએસએસઆર ,સીએસઆઇઆર અથવા તેવી સરખી એજન્સી ના સેમીનાર કેકોન્ફરન્સમાં રજુ કરેલા હોવા જોઇએ.<br>આ શરતોના પાલનને કુલસચિવ દ્વારા અથવા સંબંધીત યુનિવર્સિટીના વડા(શૈક્ષણિક બાબતો) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોવા જોઇએ.<br><br>નોંધ : એવા શિસ્તમાં NET/SLET/SET ની ટેસ્ટ પાસ કરવાની જરુરીયાત એવી માસ્ટર્સ કાર્યક્રમ શિસ્ત માટે નથી કે જેના માટે NET/SLET/SET ની ટેસ્ટ યુજીસી,સીએસઆઇઆર અથવા તેવી જ પરીક્ષાઓ યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET લેવામાં આવતી ન હોય.<br>અથવા |
| બી | પી.એચ.ડી.ની ડીગ્રી ફોરેન યુનિવર્સિટી, સંસ્થામાંથી ક્રમ સાથે ટોપ ૫૦૦ જગતની યુનિવર્સિટીઓ ની વચ્ચે મેળવવામાં આવેલ હોય કે જેમને નીચેના માંથી એક દ્વારા ક્રમ આપવામાં આવેલ હોય.(૧) કવેકરેલી સાયમોન્ડસ (ક્યુએસ)(૨)ધી તાઇમસ હાયર એજ્યુકેશન(ટીએચઇ)(૩)ધી એકેડેમીક રેન્કીંગ ઓફ વર્લ્ડ યુનિવર્સિટી ઓફ શાંઘહાઇ જીઓ ટોંગ યુનીવર્સીટી શાંગહાઇ(ARWU)<br><br>નોંધ : શૈક્ષણિક સ્કોર કે જે એપેન્ડીક્ષ ૨ ટેબલ ૩ એમાં યુનિવર્સિટીઓ માટે અને એપેન્ડીક્ષ ૨ ટેબલ ૩ બી કોલેજો માટે ને ઉમેદવારોની અલગ યાદીને |

| | |
|---|---|
| | ઇન્ટરવ્યુ માટે ફકત ધ્યાનમાં લેવામાં આવશે અને પસંદગી ફકત ઇન્ટરવ્યુમાં કરવામાં આવેલ પ્રદર્શનના આધારે કરવામાં આવશે. |
| ૨ | **સહાયક પ્રાધ્યાપક :**<br>પાત્રતા :<br>૧। સારો શૈક્ષણિક રેકર્ડ સાથે પી.એચ.ડી. ડીગ્રી સંબંધિત, સરખા, શિસ્તમાં<br>૨। માસ્ટર્સ ડીગ્રી સાથે ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ અથવા સમાન ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યાં પણ ગ્રેડીંગ વ્યવસ્થા ને અનુસરવામાં આવે.<br>૩। લઘુત્તમ ૮ વર્ષનો શૈક્ષણિક અનુભવ અને અથવા સંશોધન શૈક્ષણિક, સંશોધન હોદ્દામાં કે જે મદદનિશ પ્રાધ્યાપક સાથે સમાન યુનિવર્સિટી , કોલેજ અથવા માન્ય સંશોધન સંસ્થા/ઉદ્યોગ સાથે લઘુત્તમ ૭ પ્રકાશન પીઅર સમિક્ષા અથવા યુજીસી યાદી જરનલોમાં અને સંશોધનનો કુલ સ્કોર ૭૫ ટકા કે જે એપેન્ડીક્ષ ૨ ટેબલ ૨ માં આપવામાં આવેલ માપદંડ મુજબ. |
| ૩ | **પ્રાધ્યાપક :**<br>પાત્રતા એ અથવા બી |
| એ | ૧। શ્રેષ્ઠ વિદ્વાન જેની પાસે પી.એચ.ડી.ની ડીગ્રી સંબંધિત/સમાન શિસ્તમાં હોય અને ઉચ્ચ ગુણવત્તા વાળુકામ પ્રકાશીત કરેલ હોય, સંશોધનમાં સક્રીય રીતે સંકળાયેલા સાથે પ્રકાશિત કરેલ કામનો પુરાવો હોય અને લઘુત્તમ ૧૦ સંશોધન પ્રકાશન પીઅર સમીક્ષા અથવા યુજીસી યાદી જરનલોમાં અને સંશોધનનો કુલ સ્કોર ૧૨૦ ટકા કે જે એપેન્ડીક્ષ ૨ ટેબલ ૨ માં આપવામાં આવેલ માપદંડ મુજબ.<br>૨। લઘુત્તમ ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ યુનિવર્સિટી, કોલેજ માં મદદનિશ પ્રાધ્યાપક/સહાયક પ્રાધ્યાપક/પ્રાધ્યાપક અને અથવા સંશોધન અનુભવ સ્માન સ્તરે યુનિવર્સિટી/રાષ્ટ્રીય સંસ્થા સ્તરે સાથે સફળતાપૂર્વક તબીબી ઉમેદવારના માર્ગદર્શનનો પુરાવો.<br>અથવા |
| બી | ઉતકૃષ્ટ વ્યવસાયીક જેમની પાસે પી.એચ.ડી.ડીગ્રી સંબંધીત , સમાન, શિસ્તમાં કોઇ શૈક્ષણિક સંસ્થા માંથી કે જે ઉપર એ માં સામેલ ન હોય, ઉદ્યોગ કે જેમણે નૌંધપાત્ર ફાળો જ્ઞાનમાં સંબધિત/સમન શિસ્તમાં આપેલ હોય સાથે તેમને સમથર્નમાં ૧૦ વર્ષનો અનુભવનો દસ્તાવેજી પુરાવો. |
| ૪ | **યુનિવર્સિટીઓમાં વરીષ્ઠ પ્રાધ્યાપક :**<br>યુનિવર્સિટીમાં હયાત મંજૂર થયેલી પ્રાધ્યાપકોની મજબુતીના ૧૦ ટકા સુધીનાને વરીષ્ઠ પ્રાધ્યાપક તરીકે યુનિવર્સિટીમાં પ્રત્યક્ષ નિમણૂંકથી નિમવામાં આવશે. |

| | |
|---|---|
| | પાત્રતા ઃ<br>૧। શ્રેષ્ઠ વિદ્વાન સાથે ઉચ્ચ ગુણવત્તા સંશોધન પ્રકાશનોનો પીઅર સમીક્ષા અથવા યુજીસી ની જરનલોમાં સારો રેકર્ડ અને નોંધપાત્ર સંશોધન ફાળો શિસ્તમાં અને સંશોધન દેખરેખમાં રોકાયેલ હોય.<br>૨। લઘુત્તમ ૧૦ વર્ષનો શૈક્ષણીક/સંશોધન અનુભવ પ્રાધ્યાપક તરીકે અથવા યુનિવર્સિટી, કોલેજ અથવા રાષ્ટ્રીય સ્તરની સંસ્થામાં સમાન ગ્રેડ.<br>૩। પસ્દંગી શૈક્ષણિક સિદ્ધિ/તરફેણયુક્ત સમીક્ષા ત્રણ શ્રેષ્ઠ વિષયના નિષ્ણાત તરફથી કે જેઓ વરીષ્ઠ પ્રાધ્યાપકથી ઓછા ક્રમના ન હોય અથવા પ્રાધ્યાપક કે જેમને ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ હોય તેના આધારે કરવાની રહેશે.<br>૪। પસંદગી ૧૦ ઉત્તમ પ્રકાશન પીઅર સમિક્ષામાં અથવા યુજીસી યાદી જરનલોમાં અને પી.એચ.ડી. ડીગ્રી ઉપાધી ઓછામાં ઓછા ૨ ઉમેદવારોને તેમની દેખરેખ હેઠળ છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન આપવામાં આવેલ હોય અને પસંદગી સમિતિ સાથે ક્રિયા પ્રતિક્રિયા કે જેને યુજીસીના અધિનિયમ મુજબ નીમવામાં આવેલ હોય. |
| ૫ | **કોલેજના આચાર્ય અને પ્રાધ્યાપક (પ્રાધ્યાપકના ગ્રેડ)** |
| એ | પાત્રતા ઃ<br>૧। પી.એચ.ડી. ડીગ્રી<br>૨। પ્રાધ્યાપક/ મદદનિશ પ્રાધ્યાપક/સહયોગી પ્રાધ્યાપક સાથે કુલ સેવા /અનુભવ ઓછામાં ઓછે ૧૫ વર્ષ શૈક્ષણિક/સંશૌધનમાં યુનિવર્સિટી /કોલેજ અથવા અન્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં.<br>૩। લઘુત્તમ ૧૦ સંશોધન પ્રકાશન પીઅર સમીક્ષામાં અથવા યુજીસી યાદી જરનલોમાં .<br>૪। લઘુત્તમ ૧૧૦ સંશોધન સ્કોર એપેન્ડીક્ષ ૨ ટેબલ ૨ મુજબ. |
| બી | **મુદત** ઃ<br>૧। કોલેજના આચાર્યની નિમણૂંક ૫ વર્ષ ના સમય માટે કરવાની રહેશે જેને બીજા પાંચ વર્ષ માટે તેમના કામની આકારણીના આધારે સમિતિ દ્વારા વધારી શકાશે કે જેને યુનિવર્સિટી દ્વારા આ અધિનિયમો દ્વારા નિયુક્ત કરવામા આવેલ હોય.<br>૨। તેમની આચાર્ય તરીકેની મુદત પુર્ણ થયે પદાધારી ફરીથી તેમના પ્રાધ્યાપકના હોદ્દા સાથે વિશિષ્ટ સંસ્થામાં પ્રાધ્યાપકના ગ્રેડ સાથે જોડાશે. |
| ૬ | **ઉપઆચાર્ય** ઃ |

| | |
|---|---|
| | હયાત વરીષ્ટ વિદ્યાશાખાના સભ્ય ને ઉપઆચાર્ય તરીકે જ કોલેજની શાસકીય મંડળ દ્વારા આચાર્યની ભલામણથી ૨ વર્ષની મુદત માટે હોદદા ઉપર લઇ શકાશે જેમને વિશિષ્ટ પ્રવૃત્તિઓ તેમની હયાત જવાબદારીઓ ઉપરાંત સોંપી શકાશે. આચાર્યની ગેરહાજરી દરમ્યાન, કોઇ કારણસર, ઉપઆચાર્ય આચાર્યની સત્તાનો ઉપયોગ કરશે |
| ૪.૨ | <u>**સંગીત, કલાનું પ્રદર્શન, દ્રશ્યકળા, અને અન્ય પારંપારિક ભારતીય કળા નમૂનાઓ જેવી કે મર્તિ વિગેરે.**</u><br>**૧. મદદનિશ પ્રાધ્યાપક**<br>**પાત્રતા એ અથવા બી** |
| એ (૧) | માસ્ટર્સ ડીગ્રી ૫૫ ટકા માર્ક સાથે (અથવા જ્યારે પણ ગ્રેડીંગ વ્યવસ્થા માન્ય યુનીવર્સીટી દ્વારા માસ્ટર્સ સ્તરે અનુસરવામાં આવે) સંબંધિત, સંલ્ગ્ન વિષયમાં ભારતીય યુનીવર્સીટીમાંથી અથવા સમાન ડીગ્રી માન્યતા પ્રાપ્ત ફોરેન યુનીવર્સી ટી માંથી |
| (૨) | ઉપરોક્ત લાયકાતને આના સિવાય પરિપૂર્ણ કરીને, ઉમેદવારે યુજીસી અથવા સીએસઆઇઆર દ્વારા લેવામાં આવતી NET પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે અથવા એવી સમાન પરીક્ષા યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET અથવા જેમને એમ.ફીલ., પી.એચ.ડી.ની ડીગ્રી યુનિવર્સિટી અનુદાન આયોગ અધિનિયમ, ૨૦૦૯ મુજબ અથવા ૨૦૧૬ મુજબ અને તેમાં વખતોવખત કરવામાં આવેલા સુધારા મુજબ જે કેસ હોય તે.<br><br>જો કે, પી.એચ.ડી. કાર્યક્રમ માંટે નોધવામાં આવેલા ઉમેદવારો જુલાઇ ૧૧, ૨૦૦૯ પહેલાનાને ડીગ્રી આપવા માટે, પછીના સંશ્થાના હયાત અધ્યાદેશો, બાયલોઝ, અધિનિયમોની જોગવાઇઓથી શાસિત રહેશે કે જે ડીગ્રી આપતા હોય. આવા તમામ પી.એચ.ડી. ઉમેદાવારોને મદદનિશ પ્રાધ્યાપક અથવા સરખા હોદ્દા માટે યુનિવર્સિટી, કોલેજ અથવા સંસ્થામાં નિમણૂંક માટેની NET/SLETY/SET ની જરુરીયાતમાંથી નીચેની શરતોના પાલનને આધીન મુક્તિ આપવાની રહેશે.<br><br>એ. ઉમેદવારની પી.એચ.ડી.ડીગ્રી ફક્ત નિયમિત ઢબમાં આપવામાં આવેલ હોવી જોઇએ.<br>બી. પી.એચ.ડી. મહાનિબંધ ઓછામાં ઓછા ૨ બહારના પરીક્ષક દ્વારા આપવામાં આવેલ હોવા જોઇએ.<br>સી. ઉમેદવારની પી.એચ.ડી. ઓપન વાઇવાવોસ લેવામાં આવેલ હોવી જોઇએ. |

| | |
|---|---|
| | ડી. ઉમેદવાર દ્વારા બે સંશોધન પેપરો તેમના પી.અચ.ડી. કામ માંથી પ્રકાશિત કરેલા હોવા જોઇએ જેમાથી ઓછામાં ઓછુ એક સંદર્ભિત જરનલમાં હોવુંજોઇએ.<br>ઇ. ઉમેદવાર દ્વારા ઓછામાં ઓછા બે પેપરો કે જે પેઅચડી.કામના આધારે યુજીસી, આઇસીએસએસઆર, સીએસઆઇઆર અથવા તેવી સરખી એજન્સીના સેમીનાર કે કોન્ફરન્સમાં રજુ કરેલા હોવા જોઇએ.<br><br>નોધ ૧ ઃ આ શરતોના પાલનને કુલસચીવ દ્વારા અથવા સંબંધીત યુનિવર્સિટીના વડા(શૈક્ષણિક બાબતો) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોવા જોઇએ.<br><br>નોંધ ૨ ઃ એવા શિસ્તમાં NET/SLET/SET ની ટેસ્ટ પાસ કરવાની જુરીયાત એવી માસ્ટર્સ કાર્યક્રમ શિસ્ત માટે નથી કે જેના માટે NET/SLET/SET ની ટેસ્ટ યુજીસી,સીએસઆઇઆર અથવા તેવીજ પરીક્ષાઓ યુજીસી દ્વારામાન્ય જેવી કે SLET/SET લેવામાં આવતી ન હોય.<br><br>**<u>અથવા</u>** |
| બી | પારંપારીક અથવા વ્યવસાયિક કલાકાર સાથે સંબંધિત વિષયમાં ઉચ્ચ સરાહનીય વ્યવસાયીક સિધ્ધી જેમની પાસે સ્નાતક ડીગ્રી હોય, કે જેઓ,<br>૧। ખ્યાતનામ પારંપારીક કલાકાર પાસે અભ્યાસ કર્યો હોય<br>૨। એઆઇઆર, દૂરદર્શનના એ ગ્રેડના કલાકાર હોય<br>૩। સંબંધિત વિષયને તાર્કિક કારણો સાથે સમજાવવાની ક્ષમતા હોય<br>૪। જેમની પાસે સંબંધિત શિસ્તમાં દ્રષ્ટાંત સાથે સિધ્ધાંત સમજાવવાનું પુરતુ જ્ઞાન હોય. |
| ૨ | **<u>સહાયક પ્રાધ્યાપક ઃ પાત્રતા એ અથવા બી</u>** |
| એ | ૧। સારો શૈક્ષણિક રેકર્ડ સાથે ડોકટોરલ ડીગ્રી<br>૨। ઉચ્ચ વ્યવસાયિક ધોરણ મુજબ કાર્ય કરવાની ક્ષમતા.<br>૩। યુનિવર્સિટી અથવા કોલેજમા ૮ વર્ષનો શૈક્ષણિક અનુભવ અને અથવા યુનિવર્સિટી ,રાષ્ટ્રીય સ્તર સંસ્થામાં સંશોધન યુનિવર્સિટી કોલેજના મદદનિશ પ્રાધ્યાપક સાથે સમાન<br>૪। જ્ઞાનમાં નોંધપાત્ર ફાળો સંબંધિત વિષયમાં આપેલ હોય કે જે ગુણવત્તા સભર પ્રકાશનથી પુરવાર થયેલ હોય. |

| | અથવા |
|---|---|
| બી | પારંપારીક અથવા વ્યવસાયિક કલાકાર સાથે સંબધિત વિષયમાં ઉચ્ચ સરાહનીય વ્યવસાયિક સિધ્ધિ જેમની પાસે માસ્ટર્સ ડીગ્રી હોય, કે જેઓ,<br>૧ એઆઇઆર, દૂરદર્શનના એ ગ્રેડના કલાકાર હોય<br>૨ આઠ વર્ષનો વિશેષજ્ઞતા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સિધ્ધિ કાર્ય અનુભવ<br>૩ નવા અભ્યાસક્રમો ની ડીઝાઇનીંગનો અનુભવ<br>૪ રાષ્ટ્રીય સ્તરના પરિસંવાદ, પરિષદ અને સંગીતના જલસામાં ખ્યાતનામ સંસ્થામાં ભાગ લેવામાં આવેલ હોય.<br>૫ જેમની પાસે સંબંધિત શિસ્તમાં દૃષ્ટાંત સાથે સિધ્ધાંત સમજાવવાનું પૂરતું જ્ઞાન હોય અને તાર્કિક કારણો સાથે સમજાવવાની ક્ષમતા હોય |

| | |
|---|---|
| ૩ | **પ્રાધ્યાપક ઃપાત્રતા એ અથવા બી** |
| એ | ૧। શ્રેષ્ઠ વિદ્વાન જેની પાસે પી.ડોક્ટોરલ ડીગ્રી હોય<br>૨। સંશોધનમાં સક્રીય રીતે સંકળાયેલા સાથે પ્રકાશીત કરેલ કામનો પુરાવો હોય અને લઘુત્તમ ૬ સંશોધન પ્રકાશન પીઅર સમીક્ષા અથવા યુજીસી યાદી જરનલોમાં અને સંશોધનનો કુલ સ્કોર ૧૨૦ ટકા કે જે એપેન્ડીક્ષ ૨ ટેબલ ૨ માં આપવામાં આવેલ માપદંડ મુજબ હોય<br><br>**<u>અથવા</u>** |
| બી | પારંપારીક અથવા વ્યવસાયીક કલાકાર સાથે સંબંધિત વિષયમાં ઉચ્ચ સરાહનીય વ્યવસાયિક સિધ્ધી હોય,<br>૧। જેમની પાસે માસ્ટર્સ ડીગ્રી સંબંધિત વિષયમાં હોય<br>૨। એઆઇઆર અને દૂરદર્શનના એ ગ્રેડનાકલાકાર હોય<br>૩। દસ વર્ષનો વિશેષજ્ઞતા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સિધ્ધી કાર્ય અનુભવ<br>૪। નોંધપાત્ર ફાળો વિશેષજ્ઞતા સ્તરે અને સંશોધનમાં માર્ગદર્શન આપવાની ક્ષમતા<br>૫। રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય સ્તરના પરિસંવાદ/પરિષદ અને વર્કશોપ સંગીતના જલસામાં ભાગ લેવામાં આવેલ હોય અને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય એવોર્ડ મેળવેલા હોય<br>૬। તાર્કિક કારણો સાથે સંબંધિત વિષય સમજાવવાની ક્ષમતા હોય<br>૭। જેમની પાસે સંબધિત શિસ્તમાં દ્રષ્ટાંત સાથે સિધ્ધાંત સમજાવવાનું પૂરતું જ્ઞાન હોય |
| | |
| ૪.૩ | **નાટક શિસ્ત ઃ** |
| ૧ | **મદદનિશ પ્રાધ્યાપકઃ**<br>**પાત્રતા એ અથવા બી** |
| એ (૧) | માસ્ટર્સ ડીગ્રી ૫૫ ટકા માર્ક સાથે (અથવા જ્યારેપણ ગ્રેડીંગ વ્યવસ્થા માન્ય યુનિવર્સિટી દ્વારા માસ્ટર્સ સ્તરે અનુસરવામાં આવે)સંબંધિત/સંલગ્ન વિષયમાં ભારતીય યુનિવર્સિટી માંથી અથવા સમાન ડીગ્રી માન્યતા પ્રાપ્ત ફોરેન યુનિવર્સિટી માંથી |
| (૨) | ઉપરોક્ત લાયકાતને આના સિવાય પરિપૂર્ણ કરીને, ઉમેદાવારે યુજીસી અથવા સીએસઆઇઆર દ્વારા લેવામાં આવતી NET પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે અથવા એવી સમાન પરીક્ષા યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET અથવા જેમને પી.એચ.ડી.ની ડીગ્રી યુનિવર્સિટી અનુદાન આયોગ અધિનિયમ, ૨૦૦૯ મુજબ અથવા ૨૦૧૬ મુજબ અને તેમાં વખતોવખત કરવામાં આવેલા સુધારા |

| | |
|---|---|
| | મુજબ જે કેસ હોય તે તેમને NET /SLET/SET માંથી મુક્તિ આપી શકાશે. જો કે, પી.એચ.ડી. કાર્યક્રમ માટે નોધવામાં આવેલા ઉમેદવારો જુલાઇ ૧૧, ૨૦૦૯ પહેલાનાને ડીગ્રી આપવા માટે, પછીના સંસ્થાના હયાત અધ્યાદેશો, બાયલોઝ, અધિનિયમો જોગવાઇઓથી શાસિત રહેશે કે જે ડીગ્રી આપતા હોય. આવા તમામ પી.એચ.ડી. ઉમેદાવારોને મદદનિશ પ્રાધ્યાપક અથવા સરખા હોદદા માટે યુનિવર્સિટી ,કોલેજ અથવા સંસ્થામાં નિમણૂંક માટેની NET/SLETY/SET ની જરુરિયાતમાંથી નીચેની શરતોના પાલનને આધીન મુક્તિ આપવાની રહેશે.<br>એ. ઉમેદવારની પી.એચ.ડી..ડીગ્રી ફક્ત નિયમિત ઢબમાં આપવામાં આવેલ હોવી જોઇએ.<br>બી. પી.એચ.ડી..મહાનિબંધ ઓછામાં ઓછા ૨ બહારના પરીક્ષક દ્વારા આપવામાં આવેલ હોવા જોઇએ.<br>સી. ઉમેદવારની પી.એચ.ડી. ઓપન વાઇવાવોસ લેવામાં આવેલ હોવી જોઇએ.<br>ડી. ઉમેદવાર દ્વારા બે સંશોધન પેપરો તેમના પી.એચ.ડી. કામમાંથી પ્રકાશિત કરેલા હોવા જોઇએ જેમાંથી ઓછામા ઓછુ એક સંદર્ભિત જરનલમાં હોવુંજોઇએ.<br>ઇ. ઉમેદવાર દ્વારા ઓછામાં ઓછા બે પેપરો કે જે પીએચડી.કામના આધારે યુજીસી, આઇસીએસએસઆર, સીએસઆઇઆર અથવા તેવી સરખી એજન્સીના પરિસંવાદ કે પરિષદમાં રજુ કરેલા હોવા જોઇએ.<br>આ શરતોના પાલનને કુલસચિવ દ્વારા અથવા સંબંધિત યુનિવર્સિટીના વડા(શૈક્ષણિક બાબતો) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોવા જોઇએ.<br>નોંધ ઃ એવા શિસ્તમાં NET/SLET/SET ની ટેસ્ટ પાસ કરવાની જરુરીયાત એવી માસ્ટર્સ કાર્યક્રમ શિસ્ત માટે નથી કે જેના માટે NET/SLET/SET ની ટેસ્ટ યુજીસી,સીએસઆઇઆર અથવા તેવીજ પરીક્ષાઓ યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET લેવામાં આવતી ન હોય.<br>**અથવા** |
| બી | પારંપારિક અથવા વ્યવસાયીક કલાકાર સાથે સંબધિત વિષયમાં ઉચ્ચ સરાહનીય વ્યવસાયિક સિધ્ધિ જેમની પાસે હોય, કે જેઓ,<br>૧। વ્યવસાયિક કલાકાર સાથે ૩ વર્ષની સ્નાતક ડીગ્રી,અનુસ્નાતક ડીપ્લોમા સાથે ૫૫ ટકા ગુણ (અથવા જ્યારે પણ ગ્રેડીંગ વ્યવસ્થા માન્ય યુનિવર્સિટી દ્વારા માસ્ટર્સ સ્તરે અનુસરવામાં આવે) રાષ્ટીય નાટક શાળા માંથી અથવા અન્ય આવી સંસ્થા ભારત કે પરદેશમાં.<br>૨। પાંચ વર્ષનો પ્રદેશ, રાષ્ટ્રીય, આંતરાષ્ટ્રીય તબકકે નિયમિત વખાણાયેલ કાર્ય પુરાવાના સમર્થન સાથે અને |

| | |
|---|---|
| | ૩। તાર્કિક કારણો સાથે સંબંધિત વિષય સમજાવવાની ક્ષમતા હોય અને જેમની પાસે સંબંધિત શિસ્તમાં દ્રષ્ટાંત સાથે સિધ્ધાંત સમજાવવાનું પૂરતું જ્ઞાન હોય. |
| ૨ | **સહાયક પ્રાધ્યાપક ઃ પાત્રતા એ અથવા બી** |
| એ | ૧। સારો શૈક્ષણિક રેકર્ડ સાથે પી.એચ.ડી. ડીગ્રી સાથે ઉચ્ચ વ્યવસાયીક ધોરણ મુજબ કાર્ય કરવાની ક્ષમતા જેને નિષ્ણાંત સમિતિ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોય અને જેમની નિમણુંક સંબધિત યુનિવર્સિટી દ્વારા સદર હેતુ માટે કરવામાં આવેલ હોય.<br>૨। યુનિવર્સિટી અથવા કોલેજ મા ૮ વર્ષનો શૈક્ષણિક અનુંભવ અને અથવા યુનિવર્સિટી/રાષ્ટ્રીય સ્તર સંસ્થામાં સંશોધન યુનિવર્સિટી કોલેજના મદદનિશ પ્રાધ્યાપક સાથે સમાન<br>૩। જ્ઞાનમાં નોંધપાત્ર ફાળો સંબંધિત વિષયમાં આપેલ હોય કે જે ગુણવત્તા સભર પ્રકાશનથી પુરવાર થયેલ હોય.<br>અથવા |
| બી | પારંપારિક અથવા વ્યવસાયિક કલાકાર સાથે સંબધિત વિષયમાં ઉચ્ચ સરાહનીય વ્યવસાયિક સિધ્ધી જેમની પાસે માસ્ટર્સ ડીગ્રી હોય/કે જેઓ/<br>૧। એઆઇઆર/દૂરદર્શનના માન્ય કલાકાર હોય<br>૨। આંઠ વર્ષનો વિશેષજ્ઞતા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સિધ્ધી કાર્ય અનુભવ<br>૩। નવા અભ્યાસક્રમોની ડીઝાઇનીંગનો અનુભવ<br>૪। રાષ્ટ્રીય સ્તરના પરિસંવાદ/પરિષદ અને સંગીતના જલસામાં ખ્યાતનામ સંસ્થામાં ભાગ લેવામાં આવેલ હોય.<br>૫। જેમની પાસે સંબંધિત શિસ્તમાં દ્રષ્ટાંત સાથે સિધ્ધાંત સમજાવવાનું પુરતુ જ્ઞાન હોય અને તાર્કિક કારણો સાથે સમજાવવાની ક્ષમતા હોય. |
| 3 | **પ્રાધ્યાપક ઃ**<br>પત્રતા એ અથવા બી |
| એ | શ્રેષ્ઠ વિદ્વાન જેની પાસે પી.એચ.ડી.ની ડીગ્રી સંબંધિત/સમાન શિસ્તમાં હોય અને ઉચ્ચ ગુણવત્તા વાળુ કામ પ્રકાશિત કરેલ હોય/ સંશોધનમાં સક્રીય રીતે સંકળાયેલા સાથે પ્રકાશિત કરેલ કામનો પુરાવો હોય અને લઘુત્તમ ૧૦ સંશોધન પ્રકાશન પીઅર સમિક્ષા અથવા યુજીસી યાદી જરનલોમાં અને સંશોધનનો કુલ સ્કોર ૧૨૦ ટકા કે જે એપેન્ડીક્ષ ૨ ટેબલ ૨ માં આપવામાં આવેલ માપદંડ મુજબ.<br>અથવા |
| બી | પારંપારિક અથવા વ્યવસાયિક કલાકાર સાથે સંબંધિત વિષયમાં ઉચ્ચ સરાહનીય વ્યવસાયિક સિધ્ધિ જેમની પાસે માસ્ટર્સ ડીગ્રી હોય/કે જેઓ/<br>૧। જેતે વિષયમાં માસ્ટર્સ ડીગ્રી |

| | |
|---|---|
| | ૨। દસ વર્ષનો વિશેષજ્ઞતા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સિધ્ધિ કાર્ય અનુભવ<br>૩। વિશેષજ્ઞતામાં નોધપાત્ર ફાળો<br>૪। સંશોધન માર્ગદર્શન<br>૫। રાષ્ટ્રીય સ્તરના પરિસંવાદ,પરિષદ અને વર્કશોપમાં ભાગ લેવામાં આવેલ હોય અને રાષ્ટ્રીતા/આંતરરાષ્ટ્રીય એવોર્ડસ મેળવેલ હોય.<br>૬। જેમની પાસે તાર્કિક કારણો સાથે સમજાવવાની ક્ષમતા હોય.<br>૭। જેમની પાસે સંબંધિત શિસ્તમાં દ્રષ્ટાંત સાથે સિધ્ધાંત સમજાવવાનું પુરતુ જ્ઞાન હોય |
| ૪.૪ | <u>**યોગ શિસ્ત :**</u> |
| ૧ | મદદનિશ પ્રાધ્યાપકઃપાત્રતા એ અથવા બી |
| એ | સારો શૈક્ષણિક રેકર્ડ સાથે ઓછામાં ઓછા ૫૫ ટકા માર્ક (અથવા જ્યારેપણ ગ્રેડીંગ વ્યવસ્થા માન્ય યુનીવર્સીટી દ્વારા માસ્ટર્સ સ્તરે અનુસરવામાં આવે) માસ્ટર્સ ડીગ્રી યોગામાં અથવા અન્ય સંબંધિત વિષયમાં અથવા સમાન ડીગ્રી ભારતીય યુનિવર્સિટી માંથી અથવા ફોરેન યુનિવર્સિટીમાંથી |
| | ઉપરોક્ત લાયકાતને આના સિવાય પરિપૂર્ણ કરીને, ઉમેદાવારે યુજીસી અથવા સીએસઆઇઆર દ્વારા લેવામાં આવતી NET પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે અથવા એવી સમાન પરીક્ષા યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET અથવા જેમને પી.એચ.ડી.ની ડીગ્રી યુનીવર્સીટી અનુદાન આયોગ (એમ.ફીલ, પી.એચ.ડી. ડીગ્રી માટેના લઘુત્તમ ધોરણો અને કાર્યવાહી )અધિનિયમ, ૨૦૦૯ મુજબ અથવા ૨૦૧૬ મુજબ અને તેમાં વખતોવખત કરવામાં આવેલા સુધારા મુજબ જે કેસ હોય તે.<br>**અથવા** |
| બી | કોઇપણ શિસ્તમાં માસ્ટર્સ ડીગ્રી સાથે ઓછામાં ઓછા ૫૫ ટકા માર્ક (અથવા જ્યાર પણ ગ્રેડીંગ વ્યવસ્થા માન્ય યુનિવર્સિટી દ્વારા માસ્ટર્સ સ્તરે અનુસરવામાં આવે) માસ્ટર્સ ડીગ્રી યોગામાં અથવા યુનિવર્સિટી અનુદાન આયોગ (એમ.ફીલ, પી.એચ.ડી. ડીગ્રીમા તેના લઘુત્તમ ધોરણો અને કાર્યવાહી) અધિનિયમ, ૨૦૦૯ મુજબ અથવા ૨૦૧૬ મુજબ અને તેમાં વખતોવખત કરવામાં આવેલા સુધારા મુજબ જે કેસ હોય તે.<br><br>નોંધ : યોગાના નવા ઉભરતા ક્ષેત્રમાં શિક્ષકોની અછત ધ્યાનમાં રાખી આ વિકલ્પ આપવામાં આવેલ છે અને તે ફક્ત પાંચ વર્ષ માટે આ અધિનિયમો ના જાહેરાતની તારીખથી કાયદેસર રહેશે. |

| | |
|---|---|
| | |
| ૨ | **<u>સહાયક પ્રાધ્યાપક ઃ</u>**<br>પાત્રતા ઃ<br>૧ સારો શૈક્ષણિક રેકર્ડ સાથે પી.એચ.ડી. ડીગ્રી સંબંધિત, સરખા, શિસ્તમાં<br>૨ માસ્ટર્સ ડીગ્રી સાથે ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ અથવા સમાન ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યાં પણ ગ્રેડીંગ વ્યવસ્થાને અનુસરવામાં આવે.<br>૩ લઘુત્તમ ૮ વર્ષનો શૈક્ષણિક અનુભવ અને અથવા સંશોધન શૈક્ષણીક, સંશોધન હોદ્દામાં કે જે મદદનિશ પ્રાધ્યાપક સાથે સમાન યુનિવર્સિટી , કોલેજ અથવા માન્ય સંશોધન સંસ્થા, ઉદ્યોગ સાથે લઘુત્તમ ૭ પ્રકાશન પીઅર સમીક્ષા અથવા યુજીસી યાદી જરનલોમાં અને સંશોધનનો કુલ સ્કોર ૭૫ ટકા કે જે એપેન્ડીક્ષ ૨ ટેબલ ૨ માં આપવામાં આવેલ માપદંડ મુજબ. |
| ૩ | **<u>પ્રાધ્યાપક ઃ</u>**<br>પાત્રતા એ અથવા બી |
| એ | ૧ શ્રેષ્ઠ વિદ્વાન જેની પાસે પી.એચ.ડી.ની ડીગ્રી સંબંધિત, સમાન શિસ્તમાં હોય અને ઉચ્ચ ગુણવત્તા વાળુકામ પ્રકાશીત કરેલ હોય, સંશોધનમાં સક્રીય રીતે સંકળાયેલા સાથે પ્રકાશિત કરેલ કામનો પુરાવો હોય અને લઘુત્તમ ૧૦ સંશોધન પ્રકાશન પીઅર સમીક્ષા અથવા યુજીસી યાદી જરનલોમાં અને સંશોધનનો કુલ સ્કોર ૧૨૦ ટકા કે જે એપેન્ડીક્ષ ૨ ટેબલ ૨ માં આપવામાં આવેલ માપદંડ મુજબ.<br>૨ લઘુત્તમ ૧૦ વર્ષનો શૈક્ષણીક અનુભવ યુનિવર્સિટી, કોલેજમાં સહાયક અધ્યાપક, સહયોગી અધ્યાપક, અધ્યાપક અને અથવા સંશોધન અનુભવ સ્માન સ્તરે યુનિવર્સિટી, રાષ્ટ્રીય સંસ્થા સ્તરે સાથે સફળતાપૂર્વક તબીબી ઉમેદવારના માર્ગદર્શનનો પુરાવો.<br><br>**<u>અથવા</u>** |
| બી | ઉત્કૃષ્ટ વ્યવસાયિક સાથે સંબંધિત ક્ષેત્રમાં જમાવેલી ખ્યાતી જેમના દ્વારા સંબંધિત, સમાન શિસ્તમાં નોંધનીય ફાળો જ્ઞાનમાં આપેલ હોય સાથે તેમના સમથર્નમાં દસ્તાવેજી પુરાવો. |
| ૪.૫ | વ્યવસાયિક ઉપચાર શિક્ષકની નિમણૂંક માટે લાયકાત, અનુભવ અને અન્ય પાત્રતાની જરુરીયાત ઃ |
| ૧ | **<u>મદદનિશ પ્રાધ્યાપકઃ</u>** |

| | |
|---|---|
| | વ્યવસાયિક ઉપચારમાં સ્નાતક ડીગ્રી (B.O.T./B.Th.O./B.O.Th.) વ્યવસાયિક ઉપચારમાં માસ્ટર્સ (M.O.T./M.Th.O./M.O.Th.)સાથે ૫૫ ટકા માર્કસ સમાન ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યાં પણ ગ્રેડીંગ વ્યવસ્થા ને અનુસરવામાં આવે માન્ય યુનિવર્સિટી માંથી. |
| ૨ | <u>સહાયક પ્રાધ્યાપકઃ</u><br>૧। જરુરી ઃ વ્યવસાયિક ઉપચારમાં માસ્ટર્સ ડીગ્રી (M.O.T./ M.Th.O./M.O.Th.) સાથે આંઠ વર્ષનો અનુભવ મદદનિશ પ્રાધ્યાપક તરીકે.<br><br>૨। ઇચ્છનીય ઃ ઉચ્ચ લાયકાત જેમાં કોઇપણ વ્યવસાયીક ઉપચારમાં શિસ્તમાં પી.એચ.ડી.. ડીગ્રી સામેલ છે જેને યુજીસી દ્વારા માન્યતા આપવામાં આવેલ હોય અને ઉચ્ચ ધોરણના પ્રકાશિત કાર્યો પીઅર સમીક્ષામાં અથવા યુજીસી જરનલ યાદીમાં. |
| ૩ | <u>પ્રાધ્યાપક ઃ</u><br>૧। જરુરી ઃ વ્યવસાયિક ઉપચારમાં માસ્ટર્સ ડીગ્રી (M.O.T./ M.Th.O./ M.O.Th.) સાથે દસ વર્ષનો અનુભવ વ્યવસાયિક ઉપચારમાં<br>૨। ઇચ્છનીય ઃ ઉચ્ચ લાયકાત જેમાં કોઇપણ વ્યવસાયિક ઉપચારમાં શિસ્તમાં પી.એચ.ડી.. ડીગ્રી સામેલ છે જેને યુજીસી દ્વારા માન્યતા આપવામાં આવેલ હોય અને ઉચ્ચ ધોરણના પ્રકાશિત કાર્યો પીઅર સમીક્ષામાં અથવા યુજીસી જરનલ યાદીમાં. |
| ૪ | <u>આચાર્ય, નિયામક,વડા ઃ</u><br>જરુરી ઃ વ્યવસાયિક ઉપચારમાં માસ્ટર્સ ડીગ્રી (M.O.T./ M.Th.O./ M.O.Th./M.Sc.O.T.) સાથે પંદર વર્ષનો અનુભવ જેમાં પાંચ વર્ષનો અનુભવ પ્રાધ્યાપક તરીકે વ્યવસાયિક ઉપચારમાં સામેલ છે<br>નોંધ ઃ<br>૧. સંસ્થામાં વરીષ્ટ અધ્યાપક ને અઅચાર્ય,નિયામક,વડા તરીકેનો હોદ્દો આપવાનો રહેશે.<br>૨. ઇચ્છનીય ઃ ઉચ્ચ લાયકાત જેમાં કોઇપણ વ્યવસાયિક ઉપચારમાં શિસ્તમાં પી.એચ.ડી.. ડીગ્રી સામેલ છે જેને યુજીસી દ્વારા માન્યતા આપવામાં આવેલ હોય અને ઉચ્ચ ધોરણના પ્રકાશિત કાર્યો પીઅર સમિક્ષામાં અથવા યુજીસી જરનલ યાદીમાં. |

| | |
|---|---|
| ૪.૬ | ફીઝીયોથેરપી શિક્ષકો માટે લાયકાત/અનુભવ અને અન્ય પાત્રતાની જરૂરીયાત ઃ |
| ૧ | **મદદનિશ પ્રાધ્યાપકઃ**<br>ફીઝીયોથેરપીમાં સ્નાતક ડીગ્રી (B.P ./T./B.Th./P./B.P.Th.) ફીઝીયોથેરપીમાં માસ્ટર્સ (M.& P.Th./M.Th.P./M.Sc.P.T./M.P.T.)સાથે ૫૫ ટકા માર્કસ સમાન ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યાં પણ ગ્રેડીંગ વ્યવસ્થા ને અનુસરવામાં આવે માન્ય યુનિવર્સિટી માંથી. |
| ૨ | **સહાયક પ્રાધ્યાપકઃ**<br>૧ જરુરી ઃ ફીઝીયોથેરપીમા માસ્ટર્સ ડીગ્રી (M.& P.Th./M.Th.P./ M.Sc.P.T./M.P.T.) સાથે આંઠ વર્ષનો અનુભવ મદદનિશ પ્રાધ્યાપક તરીકે.<br>૨ ઇચ્છનીય ઃ ઉચ્ચ લાયકાત જેમાં કોઇપણ વ્યવસાયિક ઉપચારમાં શિસ્તમાં પી.એચ.ડી.. ડીગ્રી સામેલ છે જેને યુજીસી દ્વારા માન્યતા આપવામાં આવેલ હોય અને ઉચ્ચ ધોરણના પ્રકાશિત કાર્યો પીઅર સમીક્ષામાં અથવા યુજીસી જરનલ યાદીમાં. |
| ૩ | **પ્રાધ્યાપક ઃ**<br>૧। જરુરી ઃ ફીઝીયોથેરપીમાં માસ્ટર્સ ડીગ્રી (M.& P.Th. /M.Th.P. /M.Sc.P.T. /M.P.T.) સાથે દસ વર્ષનો અનુભવ મદદનિશ પ્રાધ્યાપક તરીકે.<br>૨। ઇચ્છનીય ઃ ઉચ્ચ લાયકાત જેમાં કોઇપણ વ્યવસાયિક ઉપચારમાં શિસ્તમાં પી.એચ.ડી.. ડીગ્રી સામેલ છે જેને યુજીસી દ્વારા માન્યતા આપવામાં આવેલ હોય<br>૩। અને ઉચ્ચ ધોરણના પ્રકાશિત કાર્યો પીઅર સમીક્ષામાં અથવા યુજીસી જરનલ યાદીમાં. |
| ૪ | **આચાર્ય, નિયામક, વડા ઃ**<br>જરુરી ઃ ફીઝીયોથેરપીમાં માસ્ટર્સ ડીગ્રી (M.O.T./M.Th.O./ M.O.Th./ M.Sc.O.T.) સાથે પંદર વર્ષનો અનુભવ જેમાં પાંચ વર્ષનો અનુભવ પ્રાધ્યાપક તરીકે ફીઝીયોથેરપીમાં સામેલ છે<br>નોંધ ઃ<br>૧. સંસ્થામાં વરીષ્ઠ પ્રાધ્યાપક ને આચાર્ય/નિયામક/વડા તરીકેનો હોદ્દો આપવાનો રહેશે.<br>૨. ઇચ્છનીય ઃ ઉચ્ચ લાયકાત જેમાં કોઇપણ વ્યવસાયિક ઉપચારમાં શિસ્તમાં પી.એચ.ડી.. ડીગ્રી સામેલછે જેને યુજીસી દ્વારા માન્યતા આપવામાં આવેલ હોય અને ઉચ્ચ ધોરણના પ્રકાશિત કાર્યો પીઅર |

| | |
|---|---|
| | સમીક્ષામાં અથવા યુજીસી જરનલ યાદીમાં. |
| ૪.૭ | યુનિવર્સિટી સહાયક ગ્રંથપાલ, કોલેજ ગ્રંથપાલ, યુનિવર્સિટી ઉપગ્રંથપાલ અને યુનિવર્સિટી ગ્રંથપાલની પ્રત્યક્ષ નિમણૂંક માટે લઘુત્તમ લાયકાત : |
| ૧ | ગ્રંથાલય વિજ્ઞાનમાં, માહિતી વિજ્ઞાન અથવા દસ્તાવેજી વિજ્ઞાનમાં માસ્ટર્સ ડીગ્રી અથવા સમાન વ્યવસાયિક ડીગ્રી સાથે ઓછામાં ઓછા ૫૫ ટકા માર્કસ સમાન ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યાં પણ ગ્રેડીંગ વ્યવસ્થા ને અનુસરવામાં આવે. |
| ૨ | સારો સુસંગત શૈક્ષણિક રેકર્ડ સાથે ગ્રંથાલય કોમ્પ્યુટરનું જ્ઞાન. |
| 3 | ઉપરોક્ત લાયકાતને આના સિવાય પરિપૂર્ણ કરીને, ઉમેદવારે યુજીસી અથવા સીએસઆઇઆર દ્વારા લેવામાં આવતી NET પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે અથવા એવી સમાન પરીક્ષા યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET અથવા જેમને પી.એચ.ડી.ની ડીગ્રી યુનિવર્સિટી અનુદાન આયોગ અધિનિયમ, ૨૦૦૯ મુજબ અથવા ૨૦૧૬ મુજબ અને તેમાં વખતોવખત કરવામાં આવેલા સુધારા મુજબ જે કેસ હોય તે તેમને NET /SLET/SET માંથી મુક્તિ આપી શકાશે.<br><br>જો કે, પી.એચ.ડી. કાર્યક્રમ માંટે નોધવામાં આવેલા ઉમેદવારો જુલાઇ ૧૧, ૨૦૦૯ પહેલાનાને ડીગ્રી આપવા માટે, પછી ના સંસ્થાના હયાત અધ્યાદેશો, બાયલોઝ, અધિનિયમો જી જોગવાઇઓથી શાસિત રહેશે કે જે ડીગ્રી આપતા હોય. આવા તમામ પી.એચ.ડી. ઉમેદવારોને મદદનિશ પ્રાધ્યાપક અથવા સરખા હોદ્દા માટે યુનિવર્સિટી, કોલેજ અથવા સંસ્થામાં નિમણૂંક માટેની NET/SLETY/SET ની જરૂરીયાતમાંથી નીચેની શરતોના પાલનને આધીન મુક્તિ આપવાની રહેશે.<br>એ. ઉમેદવારની પી.એચ.ડી. ડીગ્રી ફકત નિયમિત ઢબમાં આપવામાં આવેલ હોવી જોઇએ.<br>બી. પી.એચ.ડી. મહાનિબંધ ઓછામાં ઓછા ૨ બહારના પરીક્ષક દ્વારા આપવામાં આવેલ હોવા જોઇએ.<br>સી. ઉમેદવારની પી.એચ.ડી. ઓપન વાઇવાવોસ લેવામાં આવેલ હોવી જોઇએ.<br>ડી. ઉમેદવાર દ્વારા બે સંશોધન પેપરો તેમના પી.એચ.ડી. કામમાંથી પ્રકાશિત કરેલા હોવા જોઇએ જેમાંથી ઓછામાં ઓછુ એક સંદર્ભિત જરનલમાં હોવુંજોઇએ.<br>ઇ. ઉમેદવાર દ્વારા ઓછામાં ઓછા બે પેપરો કે જે પીએચડી.કામના આધારે |

| | |
|---|---|
| | યુજીસી ,આઇસીએસએસઆર ,સીએસઆઇઆર અથવા તેવી સરખી એજન્સીના પરિસંવાદ કે પરિષદમાં રજુ કરેલા હોવા જોઇએ.<br><br>આ શરતોના પાલનને કુલસચિવ દ્વારા અથવા સંબંધિત યુનિવર્સિટીના વડા(શૈક્ષણિક બાબતો) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોવા જોઇએ.<br><br>નોંધ ઃ એવા શિસ્તમાં NET/SLET/SET ની ટેસ્ટ પાસ કરવાની જરુરીયાત એવી માસ્ટર્સ કાર્યક્રમ શિસ્ત માટે નથી કે જેના માટે NET/SLET/SET ની ટેસ્ટ યુજીસી/સીએસઆઇઆર અથવા તેવીજ પરીક્ષાઓ યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET લેવામાં આવતી ન હોય. |
| ૨ | **યુનિવર્સિટી ઉપગ્રંથપાલ ઃ**<br>૧। ગ્રંથાલય વિજ્ઞાનમાં/માહિતીવિજ્ઞાન અથવા દસ્તાવેજી વિજ્ઞાનમાં માસ્ટર્સ ડીગ્રી અથવા સમાન વ્યવસાયિક ડીગ્રી સાથે ઓછામા ઓછા ૫૫ ટકા માર્કસ સમાન ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યાં પણ ગ્રેડીંગ વ્યવસ્થાને અનુસરવામાં આવે<br>૨। સહાયક યુનિવર્સિટી ગ્રંથપાલ/કોલેજ ગ્રંથપાલ તરીકે ૮ વર્ષનો અનુભવ.<br>૩। નવીન ગ્રંથાલય સેવાના પુરાવા જેમાં આઇસીટી સંકલન ગ્રંથાલયમા સામેલ.<br>૪। ગ્રંથાલય વિજ્ઞાન, માહીતી વિજ્ઞાન, દસ્તાવેજી વિજ્ઞાન, આર્ચીવ અને હસ્તપ્રત રાખવામાં અને ગ્રંથાલયના કોમ્પ્યુટરાઇજેશનમાં પી.એચ.ડી..ડીગ્રી. |
| ૩ | **યુનીવર્સીટી ગ્રંથપાલ ઃ**<br>૧। ગ્રંથાલય વિજ્ઞાનમાં/માહિતીવિજ્ઞાન અથવા દસ્તાવેજી વિજ્ઞાનમાં માસ્ટર્સ ડીગ્રી અથવા સમાન વ્યવસાયીક ડીગ્રી સાથે ઓછામાં ઓછા ૫૫ ટકા માર્કસ સમાન ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યાં પણ ગ્રેડીંગ વ્યવસ્થાને અનુસરવામાં આવે<br>૨। ગ્રંથપાલ ઓછામા ઓછો ૧૦ વર્ષનો અનુભવ યુનિવર્સિટી ગ્રંથાલયમાં કોઇ સ્તરે અથવા ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ મદદનિશ અથવા સહાયક પ્રાધ્યાપક તરીકે ગ્રંથાલય વિજ્ઞાનમાં અથવા ૧૦ વર્ષનો અનુભવ કોલેજ ગ્રંથપાલ તરીકે.<br>૩। નવીન ગ્રંથાલય સેવાના પુરાવા જેમાં આઇસીટી સંકલન ગ્રંથાલયમા સામેલ.<br>૪। ગ્રંથાલય વિજ્ઞાન ,માહીતી વિજ્ઞાન ,દસ્તાવેજી વિજ્ઞાન ,આર્ચીવ અને |

| | |
|---|---|
| | હસ્તપ્રત રાખવામાં પી.એચ.ડી. ડીગ્રી. |
| ૪.૮ | શારીરિક શિક્ષણ અને રમતગમતના સહાયક નિયામકો, શારીરીક શિક્ષણ અને રમતગમતના ઉપનિયામક અને શારીરિક શિક્ષણ અને રમતગમતના નિયામક (DPES) ઃ |
| ૧ | યુનિવર્સિટી શારીરિક શિક્ષણ અને રમતગમતના સહાયક નિયામકો અને કોલેજ શારીરિક શિક્ષણ અને રમતગમતના નિયામકો ઃ<br>પાત્રતા એ અથવા બી |
| એ | ૧। શારીરિક શિક્ષણ અને રમતગમત અથવા શારીરિક શિક્ષણ અને રમતગમત વિજ્ઞાનમાં માસ્ટર્સ ડીગ્રી અથવા સમાન વ્યવસાયિક ડીગ્રી સાથે ઓછામા ઓછા ૫૫ ટકા માર્કસ સમાન ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યાં પણ ગ્રેડીંગ વ્યવસ્થા ને અનુસરવામાં આવે<br>૨। યુનિવર્સિટી/કોલેજને આંતર યુનિવર્સિટી/આંતર કોલેજ હરીફાઇમાં પ્રતિનિધિત્વ કરેલાનો રેકર્ડ અથવા રાજ્ય અને અથવ રાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં કરેલ પ્રતિનિધિત્વનો રેકર્ડ.<br>૩। ઉપરોક્ત લાયકાતને આના સિવાય પરિપૂર્ણ કરીને, ઉમેદાવારે યુજીસી અથવા સીએસઆઇઆર દ્વારા લેવામાં આવતી NET પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે અથવા એવી સમાન પરીક્ષા યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET અથવા જેમને પી.એચ.ડી.ની ડીગ્રી યુનિવર્સિટી અનુદાન આયોગ (લઘુત્તમ ધોરણો અને કાર્યવાહી એમ.ફીલ, પી.એચ.ડી. ડીગ્રી ના એવોર્ડ માટે )અધિનિયમ, ૨૦૦૯ મુજબ અથવા ૨૦૧૬ મુજબ અને તેમાં વખતોવખત કરવામાં આવેલા સુધારા મુજબ જેકેસ હોય તે.<br>જોકે, પી.એચ.ડી. કાર્યક્રમ માંટે નોધવામાં આવેલા ઉમેદવારો જુલાઇ ૧૧, ૨૦૦૯ પહેલાનાને ડીગ્રી આપવા માટે, પછીના સંસ્થાના હયાત અધ્યાદેશો/બાય લોઝ/અધિનિયમો જોગવાઇઓથી શાસિત રહેશે કે જે ડીગ્રી આપતા હોય. આવા તમામ પી.એચ.ડી. ઉમેદાવારોને મદદનિશ પ્રાધ્યાપક અથવા સરખા હોદ્દા માટે યુનિવર્સિટી/કોલેજ અથવા સંસ્થામાં નિમણૂંક માટેની NET/SLETY/SET ની જરુરીયાતમાંથી નીચેની શરતોના પાલનને આધીન મુકિત આપવાની રહેશે.<br>એ. ઉમેદવારની પી.એચ.ડી. ડીગ્રી ફકત નિયમિત ઢબમાં આપવામાં આવેલ હોવી જોઇએ.<br>બી. પી.એચ.ડી. મહાનિબંધ ઓછામાં ઓછા ૨ બહારના પરીક્ષક દ્વારા |

| | |
|---|---|
| | આપવામાં આવેલ હોવા જોઇએ.<br>સી. ઉમેદવારની પી.એચ.ડી. ઓપન વાઇવા વોસ લેવામાં આવેલ હોવી જોઇએ.<br>ડી. ઉમેદવાર દ્વારા બે સંશોધન પેપરો તેમના પી.એચ.ડી. કામમાંથી પ્રકાશિત કરેલા હોવા જોઇએ જેમાંથી ઓછામાં ઓછુ એક સંદર્ભિત જરનલમાં હોવું જોઇએ.<br>ઇ. ઉમેદવાર દ્વારા ઓછામાં ઓછા બે પેપરો કે જે પીએચડી.કામના આધારે યુજીસી, આઇસીએસએસઆર, સીએસઆઇઆર અથવા તેવી સરખી એજન્સીના પરિસંવાદ કે પરિષદમાં રજુ કરેલા હોવા જોઇએ.<br><br>આ શરતોના પાલનને કુલસચિવ દ્વારા અથવા સંબંધિત યુનિવર્સિટીના વડા(શૈક્ષણિક બાબતો) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોવા જોઇએ.<br>૪। એવા શિસ્તમાં NET/SLET/SET ની ટેસ્ટ પાસ કરવાની જુરુરીયાત એવી માસ્ટર્સ કાર્યક્રમ શિસ્ત માટે નથી કે જેના માટે NET/SLET/SET ની ટેસ્ટ યુજીસી/સીએસઆઇઆર અથવા તેવીજ પરીક્ષાઓ યુજીસી દ્વારા માન્ય જેવી કે SLET/SET લેવામાં આવતી ન હોય.<br>૫। શારીરિક યોગ્યતા પરીક્ષા આ અધિનિયમ મુજબ લેવામાં આવે તે પાસ કરેલી હોવી જોઇએ.<br><br><u>અથવા</u> |
| બી | એશીયન રમતો અથવા કોમનવેલ્થ રમતોના ચંદ્રક વિજેતા જેમની પાસે ઓછામાં ઓછી અનુસ્નાતક સ્તરની ડીગ્રી હોય. |
| ૨ | શારીરિક શિક્ષણ અને રમતગમતના ઉપનિયામક ઃ<br>પત્રતા એ અથવા બી |
| એ | ૧। શારીરિક શિક્ષણ અથવા શારીરિક શિક્ષણ અને રમતગમત અથવા રમતગમત વિજ્ઞાન માં પી.એચ.ડી. ઉમેદવારો કે જે યુનિવર્સિટી વ્યવસ્થાની બહારના હોય,વધુમાં,તેમણે ૫૫ ટકા માર્કસ સંબધિત યુનિવર્સિટીના માસ્ટર્સ ડીગ્રી સ્તરે મેળવેલા હોવા જોઇશે (સમાન ગ્રેડ પોઇન્ટ સ્કેલમાં જ્યાં પણ ગ્રેડીંગ વ્યવસ્થાને અનુસરવામાં આવે)<br>૨। યુનિવર્સિટી સહાયક (DPES),કોલેજ (DPES) તરીકે ૮ વર્ષનો અનુભવ .<br>૩। હરીફાઇઓ અને કોચીંગ કેમ્પસ ઓછામાં ઓછા ૨ અઠવાડીયા દરમિયાન યોજવામાં આવેલાના પુરાવા.<br>૪। ટીમ, રમતવીરના સારા દેખાવના રાજ્ય, રાષ્ટ્રીય, આંતર યુનિવર્સિટી |

| | |
|---|---|
| | સંયુક્ત યુનિવર્સિટી હરીફાઇ માટે રજુ કરેલા પુરાવાઓ.<br>૫। આ અધિનિયમ મુજબ શારીરિક યોગ્યતા પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.<br>**અથવા** |
| બી | ઓલિમ્પિક રમતો ,વર્લ્ડકપ ,વર્લ્ડ ચેમ્પીયનશીપ ચંદ્રક વીજેતા જેમની પાસે ઓછામાં ઓછી અનુસ્નાતક સ્તરની ડીગ્રી હોય. |
| ૩ | શારીરિક શિક્ષણ અને રમતગમતના યુનિવર્સિટી નિયામક ઃ<br>૧। શારીરિક શિક્ષણ અથવા શારીરિક શિક્ષણ અને રમતગમત અથવા રમતગમત વિજ્ઞાન માં પી.એચડી .<br>૨। શારીરિક શિક્ષણ અને રમતગમતમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ યુનિવર્સિટી સહાયક અથવા ઉપ (DPES) તરીકે અથવા ૧૦ વર્ષ કોલેજ (DPES) તરીકે અથવા શારીરીક શિક્ષણ અને રમતગમત અથવા રમતગમતમાં શૈક્ષણિક ૧૦ વર્ષનો અનુભવ અથવા રમત વિજ્ઞાન માં મદદનિશ અથવા સહાયક પ્રાધ્યાપક તરીકે .<br>૩। હરીફાઇઓ અને કોચીંગ કેમ્પસ ઓછામાં ઓછા ૨ અઠવાડીયા દરમિયાન યોજવામાં આવેલાના પુરાવા.<br>૪। ટીમ ,રમતવીરના સારા દેખાવના રાજ્ય,રાષ્ટ્રીય,અયુનિવર્સિટી, સંયુક્ત યુનિવર્સિટી હરીફાઇ માટે રજુ કરેલા પુરાવાઓ. |

| | |
|---|---|
| ૪ | **<u>શારીરીક યોગ્યતા પરીક્ષાના ધોરણો</u> :**<br>એ. આ અધિનિયમની જોગવાઇઓને આધિન તમામ ઉમેદવારો કે જેમને શારીરિક યોગ્યતા પરીક્ષા આપવી જરૂરી હોય તેમણે આવી પરીક્ષા આપવા પહેલા તબીબી પ્રમાણપત્ર એ પ્રમાણિત કરતુ કે તે તબીબી રીતે યોગ્ય છે તે રજુ કરવાનું રહેશે.<br>બી. આવા પ્રમાણપત્ર રજુ થયેથી ઉમેદવારની શારીરિક યોગ્યતા પરીક્ષા નીચેના ધોરણો મુજબ લેવામાં આવશે. |

| | | | | |
|---|---|---|---|---|
| | **<u>પુરુષો માટેના ધોરણો</u>** | | | |
| | ૧૨ મીનીટ દોડ/ચાલવાની પરીક્ષા | | | |
| | ૩૦ વર્ષ સુધી | ૪૦ વર્ષ સુધી | ૪૫ વર્ષ સુધી | ૫૦ વર્ષ સુધી |
| | ૧૮૦૦ મીટર્સ | ૧૫૦૦ મીટર્સ | ૧૨૦૦ મીટર્સ | ૮૦૦ મીટર્સ |
| | **<u>મહિલા માટેના ધોરણો</u>** | | | |
| | ૮ મીનીટ દોડ/ચાલવાની પરીક્ષા | | | |
| | ૩૦ વર્ષ સુધી | ૪૦ વર્ષ સુધી | ૪૫ વર્ષ સુધી | ૫૦ વર્ષ સુધી |
| | ૧૦૦૦ મીટર્સ | ૮૦૦ મીટર્સ | ૬૦૦ મીટર્સ | ૪૦૦ મીટર્સ |
| | | | | |

| | |
|---|---|
| ૫ | **પસંદગી સમિતિનું બંધારણ અને પસંદગી કાર્યવાહી ઉપર માર્ગદર્શિકા :** |
| ૫.૧ | **પસંદગી સમિતિ ની રચના :** |
| ૧ | **યુનિવર્સિટીના મદદનિશ પ્રાધ્યાપકઃ** |
